णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।

ચાર ગતિનાં કારણો

બીજો ભાગ

શ્રી જૈન પ્રવચનના સને ૧૯૫૬ ના
વાર્ષિક ગ્રાહકો માટેનું ભેટ-પુસ્તક
છૂટક નકલનું મૂલ્ય-બે રૂપીઆ

પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન-વાચસ્પતિ
આચાર્યદેવ શ્રીમદ્
વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ
નાં પ્રવચનોનો સાર

પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન-
વાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્
વિજયરામચન્દ્રસૂરીશ્વરજી
મહારાજશ્રીનાં
પ્રભાવક પ્રવચનોના
સારને પ્રગટ કરતું
અને ૨૬ વર્ષો થયાં
પ્રગટ થતું
અઠવાડિક પત્ર

શ્રી જૈન પ્રવચન

★

આપ ગ્રાહક ન હો તો આજે જ
આપ ગ્રાહક બની જાવ.

★

વિગત માટે પૂછાવો :

શ્રી જૈન પ્રવચન કાર્યાલય
ઠે. શેઠ શ્રી મનસુખભાઈની પોળ સામે
કાલુપુર રોડ, અમદાવાદ.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।

ચાર ગતિનાં કારણો

[વિ. સં. ૨૦૦૬ ના ચતુર્માસ દરમ્યાનમાં પાલીતાણા મુકામે અપાએલાં પ્રવચનોમાંના કેટલાંક પ્રવચનોનું સંકલન કરીને તૈયાર કરાએલું ટૂંક સારભૂત અવતરણ]

બીજો ભાગ

શ્રી જૈન પ્રવચન અડવાડિકના
સને ૧૯૫૬ ના વાર્ષિક ગ્રાહકોને
માટેનું . . . . ભેટ પુસ્તક

: પ્રવચનકાર :

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વર્ગત આચાર્યદેવ
શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી**–પટપ્રભાકર પૂ. સિદ્ધાન્તમહોદધિ
આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર
પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન–વાચસ્પતિ, આચાર્યદેવ

શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક :
શ્રી જૈન પ્રવચન પ્રચારક સાર્વજનિક ધાર્મિક ટ્રસ્ટની વતી
મેનેજર–ચીમનલાલ નાથાલાલ શાહ
[સં. શ્રી જૈન પ્રવચન]

પ્રકાશન–સ્થલ :
શ્રી જૈન પ્રવચન કાર્યાલય
ઠે. શેઠ મનસુખભાઈની પોળ સામે, દવાખાનાને મેડે,
કાલુપુર રોડ – અમદાવાદ.

પુસ્તકાકારે પ્રથમાવૃત્તિ . . . . નકલ ૨૧૧૫
શ્રી વીર સં. ૨૪૮૨ વિક્રમ સં. ૨૦૧૨ સને ૧૯૫૫
છૂટક નકલનું મૂલ્ય. . . . બે રૂપીઆ

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ

પ્રકાશકનું પ્રાક્કથન

શ્રી જૈન પ્રવચન અઠવાડિકના અને ૧૯૫૫ના ગ્રાહકોને ભેટ આપવાને માટે, "ચાર ગતિનાં કારણો" નામના પુસ્તકનો પહેલો ભાગ પ્રગટ કરવામાં આવ્યો હતો. એ જ પુસ્તકનો આ બીજો ભાગ, શ્રી જૈન પ્રવચન અઠવાડિકના અને ૧૯૫૬ ના ગ્રાહકોને ભેટ આપવાને માટે પ્રગટ કરવામાં આવે છે. આ બીજા ભાગમાં, આ વિષય પૂરો થઈ જાય છે. પહેલા ભાગ કરતાં, આ બીજા ભાગમાં પૃષ્ઠસંખ્યા વધી જવા પામી છે; છતાં પણ, પહેલા ભાગની છૂટક નકલનું મૂલ્ય જેમ બે રૂપીઆ જ રાખવામાં આવ્યું હતું, તેમ આ બીજા ભાગની છૂટક નકલનું મૂલ્ય પણ બે જ રૂપીઆ રાખવામાં આવ્યું છે.

ચાર ગતિનાં કારણો અંગેનું વિવેચન, પહેલા ભાગમાં શરૂ થયું હતું : પણ, એક માત્ર નરકગતિનાં અમુક કારણોના વિવેચનનું જ સારભૂત અવતરણ, પહેલા ભાગમાં પ્રગટ થઈ શકયું હતું; જ્યારે, આ બીજા ભાગમાં તો ચારેય ગતિનાં કારણો અંગેનું વિવેચન પ્રગટ કરાયું છે.

આપણે માટે 'મરવાનું' એ જેટલું નિશ્ચિત છે, તેટલું જ નિશ્ચિત મરણ બાદ 'અન્યત્ર ઉત્પન્ન થવાનું' પણ છે. આથી, 'અહીંથી મર્યા બાદ આપણી ગતિ કયી થશે ?'– એવો વિચાર આવવો, એ તદ્દન સ્વાભાવિક છે. આપણે જેવા પ્રકારના આયુષ્યકર્મને બાંધ્યું હોય, તેને અનુસારે જ આપણને મરણ બાદની ગતિ પ્રાપ્ત થાય છે. આ કારણે,

દુર્ગતિનાં કારણોને જાણી લઈને, તેનાથી બચતા રહેવું અને સદ્ગતિનાં કારણોને જાણી લઈ ને, તે કારણોને નિકટના મોક્ષના આશયે રસપૂર્વક સેવવાં, એ આપણ સૌને માટે આવશ્યક છે. એમાં, આ બન્ને ય ભાગોનું વાચન અને મનન, ખૂબ જ ઉપકારક નીવડે એવું છે. એટલા માટે, આ બન્ને ય ભાગોને મનન પૂર્વક વાંચવા-વંચાવવાની ભલામણ કરવાનું મન, તદ્દન સ્વાભાવિક રીતિએ જ થઈ જાય છે.

"ચાર ગતિનાં કારણો" નામના પુસ્તકમાં પ્રગટ કરાએલાં અને પ્રગટ કરાતાં પ્રવચનોને અંગે, અમે, કેટલીક બીનાઓ પહેલા ભાગમાં પ્રગટ કરી હતી. અત્રે પણ, આ નીચે, તેનો ઉપયોગ કરવામાં આવે છે.

પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર-પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન-વાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા, કચ્છ-માંડવીમાં પોતાના શિષ્ય-પ્રશિષ્યાદિ મુનિવરોની સાથે વિ. સં. ૨૦૦૪ નું ચતુર્માસ કરીને, કચ્છ દેશનાં તીર્થોની યાત્રાએ નીકળ્યા હતા અને શ્રી ભદ્રેશ્વરજી તીર્થમાં, તેઓશ્રીની નિશ્રામાં, ચૈત્ર માસમાં, શ્રી અરિહંતાદિ નવ પદોનું વિધિપૂર્વક સામુદાયિક આરાધન થયું હતું. ત્યાર બાદ, ત્યાંથી ઉગ્ર વિહાર કરતે કરતે, સુરતના શ્રીસંઘની વિનંતિથી સુરત પધારીને, વિ. સં. ૨૦૦૫ નું ચતુર્માસ, તેઓશ્રીએ સુરતમાં જ કર્યું હતું.

વિ. સં. ૨૦૦૫ નું ચતુર્માસ સુરતમાં કરીને, મુંબઈમાં વસતા જૈન ભાઈઓની આગ્રહભરી વિનંતિને લક્ષ્યમાં લઈને

તેઓશ્રીએ, મુંબઈ તરફ વિહાર લંબાવવા ધાર્યો હતો; પરન્તુ સુરત જીલ્લાનાં જુદાં જુદાં ગામોના શ્રીસંઘોની આગ્રહભરી વિનંતિ હોવાથી, મુંબઈ તરફ વિહાર લંબાવતાં પૂર્વે, તેઓશ્રીએ સુરત જીલ્લાનાં ગામોમાં વિહાર કરવા માંડ્યો હતો અને નવસારી આવીને મુંબઈ તરફ વિહાર લંબાવવાની તેઓશ્રીની ભાવના હતી. તેઓશ્રી ચૈત્ર સુદીમાં નવસારી પધાર્યા અને નવસારીમાં પણ તેઓશ્રીની તારક નિશ્રામાં શ્રી અરિહન્તાદિ નવ પદેનું વિધિપૂર્વક સામુદાયિક આરાધન શરૂ થયું.

આ દરમ્યાનમાં, બન્યું એવું કે–એ સમયે, તેઓશ્રીના પૂ. ગુરૂદેવ–પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજા, પાલીતાણા મુકામે વિરાજતા હતા; અને ત્યાંથી પૂ. ગુરૂદેવશ્રીના પુણ્ય દેહને લગતા એવા સમાચાર આવવા પામ્યા, કે જેને લઈને તરત જ પૂ. આચાર્યદેવશ્રીએ મુંબઈ તરફ વિહાર લંબાવવાની પોતાની ભાવનાને મોકુફ રાખી દીધી અને પાલીતાણા પૂ. ગુરૂદેવશ્રીની સેવામાં પહોંચી જવાનો નિર્ણય કરી લીધો.

આ નિર્ણય મુજબ, ચૈત્રી ઓળી પૂર્ણ થતાંની સાથેજ, પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ પોતાનો વિહાર પાલીતાણા તરફ લંબાવ્યો અને જેઠ સુદી પાંચમના શુભ દિવસે તો તેઓશ્રી પોતાના પૂ ગુરૂદેવ–પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજની સેવામાં પહોંચી ગયા.

એ વખતે, શ્રી સિદ્ધગિરિજીની તળેટીએ આવેલી જૈન સોસાયટીમાંના શેઠ શ્રી નગીનદાસ કરમચંદ સંઘવીના 'રસિક-નિવૃત્તિ-નિવાસ' નામના બંગલામાં, પૂ. સિદ્ધાન્તમહોદધિ

આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા વિરાજતા હતા; આથી, પૂ. પ્રવચનકાર મહાત્માશ્રી પણ ત્યાં જ પધાર્યા અને એથી પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીનું તે દિવસનું પ્રવચન પણ, એ જ બંગલામાં થયું.

પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીના પહેલા દિવસના પ્રવચનને સાંભળવાને માટે એકત્રિત થઈ ગયેલાં ભાઈ-બેનોના વિશાલ સમુદાયને જોતાં, સૌને લાગ્યું કે-પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીના પ્રવચનને માટે તો, આ સ્થાન ઘણું જ નાનું પડશે. આથી, બીજા દિવસથી જ, ત્યાં નજદીકમાં આવેલા શેઠ શ્રી બકુભાઈ મણિલાલના બંગલાના વિશાલ હૉલમાં, પૂ પ્રવચનકાર મહાત્માશ્રીનું પ્રવચન ગોઠવવામાં આવ્યું.

પછી શરૂ થયું ચતુર્માસ. ગામ-ગામથી અને દેશ-દેશથી સંખ્યાબંધ ભાઈ-બેનો શ્રી સિદ્ધગિરિજીની અને સાથે સાથે બન્ને ય પૂ. આચાર્યદેવોની છાયામાં ચતુર્માસ કરવાને માટે આવી પહોંચ્યાં. એને લઈને, શેઠ શ્રી બકુભાઈ મણિલાલના બંગલાનો વિશાળ હૉલ પણ ઘણો નાનો પડવા લાગ્યો; અને પરમ પાવનકારી પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધના અત્રે સૌ સાથે કેમ કરી શકશે, એનો મોટો વિચાર થઈ પડયો. આગેવાન ગૃહસ્થો મળ્યા અને તેમણે શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના વંડામાં એક ઘણો વિશાલ અને ઘણો સુશોભિત મંડપ ખડો કરાવ્યો. શ્રાવણ વદી ત્રીજથી, એ નૂતન મંડપમાં, પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીનાં પ્રવચનો રોજ બપોરે થવા લાગ્યાં અને આ વ્યવસ્થા થતાં, શ્રોતાજનોની સંખ્યામાં પણ ઘણો મોટો ઉમેરો થવા પામ્યો.

એ દરમ્યાનમાં, પાલીતાણામાં શાસનરક્ષાનો એક ખાસ નોંધપાત્ર બનાવ બનવા પામ્યો હતો. સોનાગઢવાળા કાનજી-સ્વામિએ પાલીતાણા આવીને, પોતાના મતનો પ્રચાર કરવાની મોટી યોજના ઘડી કાઢી હતી; અને તે યોજનાને અનુસારે, કાનજીસ્વામી, પોતાના સંખ્યાબંધ ભક્તોની સાથે પાલીતાણા આવી પહોંચ્યા હતા. પાલીતાણામાં આવીને, તેમણે, પોતાના મતનાં પ્રચારક વ્યાખ્યાનો આદિનો એક મોટો કાર્યક્રમ પ્રગટ કર્યો. આથી, અનેક ભદ્રિક આત્માઓને કુમતમાં ફસાઈ પડતા બચાવી લેવાને માટે, પૂ. સિદ્ધાન્ત-મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાએ, કાનજીસ્વામી ઉપર એક પત્ર મોકલાવ્યો; અને, શ્રી જૈન સિદ્ધાન્તોના સંબંધમાં સ્પષ્ટ ખૂલાસાઓ કરવાને માટે, પોતાના પટ્ટધર–પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામ-ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ–ને પોતે મોકલશે, એવા ભાવનું લખાણ પણ તેમાં લખી મોકલાવ્યું. કાનજીસ્વામિએ, આ પત્રનો કશો જ જવાબ તો આપ્યો નહિ, પરન્તુ પાલી-તાણામાંના પોતાના વસવાટનો અને પોતાનાં વ્યાખ્યાનોનો જે કાર્યક્રમ પ્રગટ થઈ ચૂકયો હતો, તે સઘળા ય કાર્ય-ક્રમને રદ કરીને, એકાએક કાનજીસ્વામી સોનગઢ ચાલ્યા ગયા. આમ થવાથી, કાનજીસ્વામિને સ્પષ્ટ ખૂલાસાઓ કરવાને માટે 'પાલીતાણા' એ અનુકૂળ સ્થલ નથી–એમ લાગ્યું હોય અને 'સોનગઢ' એ અનુકૂલ સ્થલ છે–એમ લાગ્યું હોય, તો તે માટે જાતે સોનગઢ આવવાની તૈયારી દર્શાવતો પત્ર પણ, પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામ-

ચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ કાનજીસ્વામી ઉપર લખ્યો અને તે પત્ર રજીસ્ટર્ડ કરાવીને, સોનગઢ કાનજીસ્વામી ઉપર રવાના કરાવાયો. હવે તો કાનજીસ્વામિએ એ પત્ર જ લેવાની ટપાલીને ના કહી દીધી અને એથી "માલિકે લેવા ના પાડવાથી મોકલનારને પાછો"–એવા શેરા સાથે તે પત્ર, ટપાલખાતાએ પાલીતાણા પાછો મોકલી આપ્યો. આમ, પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીની પાલીતાણા મુકામે એ સનમ્રે હાજરી હોવાથી, કુમતના પ્રચારની કાનજીસ્વામિની મુરાદ બર આવી શકી નહિ અને તેમની આખી ય યોજના સર્વથા નિષ્ફલ નીવડી.

ઉપર જણાવેલા સંયોગોમાં, પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ, વિ. સં. ૨૦૦૬ નું ચતુર્માસ પાલીતાણામાં કર્યું હતું. એ વખતે, પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં જ પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીનાં ઘણાં–ખરાં રોજીન્દાં પ્રવચનો થયાં હતાં. પાલીતાણામાં થયેલાં એ પ્રવચનોમાંથી, કેટલાંક પ્રવચનોની નોંધ લેવામાં આવી હતી. એ નોંધને ટૂંકાવીને અને પરસ્પર મેળવીને એવી રીતિએ તૈયાર કરવામાં આવી, કે જેથી વાચકોને પ્રાયઃ સળંગ વાચન મળ્યા કરે. આમ છતાં પણ, કેટલીક રોજની ભૂમિકાની પણ અગત્યની વાતો રહી જવા પામે નહિ, એ માટે એ નોંધને કુલ છ વિભાગોમાં વહેંચી નાખવામાં આવી હતી. એ નોંધને આમ કુલ છ વિભાગોમાં વહેંચી જાણીને, શ્રી જૈન પ્રવચન અઠવાડિકમાં પ્રગટ કરી હતી. એ છ વિભાગો પૈકીના પહેલા ચાર વિભાગો, "ચાર

ગતિનાં કારણો'' પુસ્તકના પહેલા ભાગમાં પ્રગટ કરવામાં આવ્યા હતા; અને તે નોંધના બાકીના બે વિભાગો (૫ અને ૬) આ બીજા ભાગમાં પ્રગટ કરવામાં આવ્યા છે.

આ પ્રવચનોની નોંધને, શ્રી જૈન પ્રવચનમાં "કષાયો અને ઇન્દ્રિયોથી જીતાવું એ જ આત્માનો સંસાર છે!—અને—કષાયો અને ઇન્દ્રિયોથી મૂકાવું એ જ આત્માનો મોક્ષ છે!"—આવા મથાળાથી પ્રગટ કરવામાં આવી હતી; પરન્તુ આ વિવેચનમાં મુખ્ય વિષય તરીકે 'ચાર ગતિનાં કારણો' બની ગયેલ હોવાથી, એને પુસ્તકાકારે પ્રગટ કરતાં, 'ચાર ગતિનાં કારણો'—એ નામ આપવું વ્યાજબી ધાર્યું છે.

પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીનાં પ્રવચનોના કોઈ પણ સંગ્રહની ઉપયોગિતા અને ઉપકારકતા વિષે કાંઈ કહેવાની જરૂર જ હોતી નથી, કારણ કે—દરેક પ્રવચન જ નહિ, પરન્તુ દરેક પ્રવચનનું દરેક વાકય પણ, મહા ઉપયોગી અને મહા ઉપકારક છે, એવું દરેક આત્માર્થિને લાગ્યા વિના રહે જ નહિ, એવો પોતાનો અનુભવ પણ અનેકોએ પ્રગટ કરેલો છે. આથી, આ પુસ્તકની ઉપયોગિતા અને ઉપકારકતા વિષે પણ અમે કાંઈ જ આથી વધુ કહેવાને ઇચ્છતા નથી; અને જેમના હાથમાં આ પુસ્તક પહોંચે, તેમને આ પુસ્તકમાંના સંગ્રહનું વારંવાર વાચન અને મનન કરવાની જ એક માત્ર ભલી ભલામણ કરીએ છીએ.

પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન—વાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજનાં પરમ

પ્રભાવક અને પરમ ઉપકારક પ્રવચનોના સારનો પ્રચાર થાય, એવા આશયથી, જામનગરનિવાસી સ્વ૦ શેઠ શ્રી શાન્તિદાસ ઐતશીભાઇએ, રૂા. ૧૦૦૦૦ અંકે દશ હજાર રૂપીઆ દર વર્ષે એક ભેટ પુસ્તક છપાવવાને માટે શ્રી વીરશાસન કાર્યાલયને અર્પણ કરેલા; પરન્તુ શ્રી વીરશાસન કાર્યાલયના કાર્યવાહકોએ, સ્વ. શેઠ શ્રી શાન્તિદાસભાઈનો આશય બર આવે એ માટે, મજકુર આખી ય રકમ, શ્રી જૈન પ્રવચન કાર્યાલયને સુપ્રત કરી હતી. આથી, આ પુસ્તકના પ્રકાશન-સમયે, સ્વ. શેઠ શાન્તિદાસભાઈનો આભાર પ્રગટ કરવો અને સમ્યગ્જ્ઞાનના પ્રચારની એમની અમલી ધગશની અનુમોદના કરવી, એ આવશ્યક છે. આ સ્થલે, અમો, સ્વ. શેઠ શ્રી શાન્તિદાસભાઈનો સાનુમોદન આભાર માનીએ છીએ.

પ્રાન્તે–આ પુસ્તકના મુદ્રણમાં અમારા દૃષ્ટિદોષથી અગર તો છપાવતાં જે ભૂલો રહી જવાનો કે નવી ઉત્પન્ન થઈ જવાનો સંભવ છે તેથી, જે કાંઈ પણ અશુદ્ધિઓ રહી જવા પામી હોય, તે બદલ મિચ્છા મિ દુક્કડં દઈએ છીએ; તેમ જ, અમારા અનુપયોગાદિના કારણે જો આમાં કોઈ પણ ઉક્તિ પૂ. પ્રવચનકાર મહાત્માના આશયથી વિરૂદ્ધની આવી જવા પામી હોય અને તેથી કદાચ અનન્ત ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાથી વિરૂદ્ધની આવી જવા પામી હોય, તો તે બદલ પણ મિચ્છા મિ દુક્કડં દઈએ છીએ અને વાચકોને નમ્રભાવે વિનવીએ છીએ કે–જો એવી કોઈ ક્ષતિ તેમની દૃષ્ટિમાં આવે, તો તે તરફ અમારું ધ્યાન દોરવાની તેઓ કૃપા કરે.

: શીર્ષકાનુક્રમ :

શીર્ષક	પૃ. સં.
સાચા ભાવે 'નમો સિદ્ધાણં' એવું બોલનારની મોક્ષની ઇચ્છા જોરદાર હોય :	૧
'શાસ્ત્ર બોટું કહે નહિ અને મને જચતું નથી તો તેનું કારણ શું?'–એમ થાય ને?	૩
ધર્મક્રિયાઓમાં સંસારના ઉદ્વેગનો આશય છે?	૫
જ્ઞાનિઓની પહેલી વાત :	૬
અહીંથી જવાનું છે–એ નક્કી છે :	૭
ભાડવાત પણ સ્થિરતાથી રહેવાનું શોધે છે :	૮
મરણ આવવાનું ને તે ગમે ત્યાં ને ગમે ત્યારે, માટે એની તૈયારી કરી રાખી છે ને?	૧૦
ધર્મક્રિયાઓને અંગે નિશ્ચિન્ત છો?	૧૨
દુર્ગતિથી બચવા માટે હૃયે ધર્મ જોઈએ :	૧૪
જીવવાને ઇચ્છે તે શા માટે?	૧૫
ક્યાં ઉત્પન્ન થવું તે આપણા હાથની વાત :	૧૬
સુખના સ્થાનની ઇચ્છાનો હેતુ :	૧૮
હૃયે ખટક નહિ તો સમજ એ સમજ નથી :	૧૯
ચાર ગતિનાં કારણોનો વિચાર કેમ?	૨૦
ભાદરવાની અંધારી રાતે વીજળીના ઝબુકે દોરો પરોવનારના જેવી સાવધગીરી જોઈએ :	૨૨
આયુષ્યનો બંધ ક્યારે પડે?	૨૩
પરિણામોને સાચવવાનો પ્રયત્ન કરો :	૨૪
હૃયે ધર્મ તો રાખવો જ–એવું શીખ્યા?	૨૬
ઉદ્યમ ચાલુ છે પણ તે કેવા પ્રકારનો છે?	૨૬
પાપથી વિરામ પામવાની ભાવના :	૨૮

દેવ–ગુરૂ–ધર્મ હૈયે હોય તો : ૨૯
મહારાજા શ્રી કુમારપાલને હૈયે ધર્મ હતો : ૩૦
આ લોકમાં ને પરલોકમાં શું જોઈએ છે ? ૩૨
મહારંભ અને મહા પરિગ્રહવાળા તેમાંથી રસ કાઢી નાખે
અને બીજાઓ ઇચ્છાને દોદરી બનાવી દે : ... ૩૪
'જેને લીધે મને સલામ ભરે છે, તે મને દુર્ગતિમાં લઈ
જનાર છે'–એમ થાય છે ? ૩૬
મિથ્યાત્વને કાઢવું પડશે : ૩૭
મિથ્યાત્વ એ સઘળાં પાપોનો બાપ છે : ૩૮
મિથ્યાત્વની હાજરીમાં ગુણો અને સમ્યક્ત્વની હાજરીમાં દોષો
કેવા ફલને આપી શકે છે ? ૪૦
મુખ્યત્વે મિથ્યાત્વ જ આત્માને સંસારમાં રખડાવે છે : ... ૪૨
મિથ્યાત્વને તજવાનો ને સમ્યક્ત્વને પામવાનો પ્રયત્ન કેટલો ? ૪૩
સુદેવાદિને માનતો હોય તે છતાં પણ જો મોક્ષની રૂચિ ન
હોય તો સમ્યક્ત્વ નથી, એમ નક્કી થાય છે : ... ૪૫
મિથ્યાત્વના બે અને પાંચ પ્રકારો : ૪૭
મા રુષ અને મા તુષ એટલું પણ યાદ રહેતું નહિ, છતાં
પરિશ્રમથી સર્વજ્ઞપણું મેળવ્યું : ૪૯
અજ્ઞાન રહેવું ગમે–એ જ મિથ્યાત્વ છે : ૫૧
છોકરો તત્ત્વજ્ઞાન ન પામે તો કાળજું કંપે ? ૫૩
તમે ધર્મી હોત તો છોકરા આવા ન પાકત : ૫૪
ભણેલો પહેલાં પોતાને ઓળખે : ૫૫
કયા જીવોમાં મિથ્યાત્વના પાંચેય પ્રકારો સંભવે ? ... ૫૭
ભવ્યોને મિથ્યાત્વના પાંચેય પ્રકારો અને અભવ્યોને માત્ર
બે જ પ્રકારો સંભવે–તેનું કારણ શું ? ૫૯
જૈન કહેવાતો પણ જો પોતાના કુલાચારથી આગમપરીક્ષાને
બાધિત કરે તો તે મિથ્યાદૃષ્ટિ છે : ૬૩

ઓધ શ્રદ્ધા અને ગીતાર્થની નિશ્રામાં રહીને અભણ આત્માઓ
પણ તરી જાય : ૬૬
આભિગ્રહિક મિથ્યાત્વ : ૬૯
જૈનની શ્રદ્ધા કેવા પ્રકારની હોય ? ૭૦
તત્ત્વજ્ઞાન એ સમ્યક્ત્વની પ્રાપ્તિનું સાધન છે : ૭૨
પોતાનો ગુણ પણ પોતાને ગમે નહિ : ૭૪
વ્યાખ્યાનના શ્રોતાઓ : ૭૫
જીવતત્ત્વ અને અજીવતત્ત્વને કોઈએ પેદા કરેલ નથી પણ
તે અનાદિકાળથી છે : ૭૬
જીવ અને કર્મનો યોગ પણ અનાદિકાલથી છે : ... ૭૮
જીવ પણ નિત્ય અને અજીવ પણ નિત્ય : ૮૦
કર્મના યોગ-વિયોગ સંબંધી તત્ત્વો : ૮૧
પૂજા કરતાં વિચાર આવે : ૮૨
મણિ મળ્યો, પણ એકે અજ્ઞાનથી ગુમાવ્યો અને બીજાએ
લોભથી ગુમાવ્યો : ૮૪
દેવ-ગુરુ-ધર્મનો સંબંધ : ૮૯
સમજશે તો માનીશ અને શક્તિ હશે તો લઈશ : ... ૯૦
છોકરાંના પરલોકની ચિન્તા થાય છે ? ૯૨
તમે સમજ્યા હો તો સમજાવવાનો વિચાર થાય ને ? ... ૯૩
ભવિતવ્યતા સારી જ છે-એમ માનીને ચાલો : ૯૪
ધર્માધર્મનો ખ્યાલ તો ધર્મસ્થાનોમાં પણ જોઇએ અને
અધર્મસ્થાનોમાં પણ જોઈએ : ૯૫
અધર્મના પરિણામોથી બચો : ૯૭
ધર્મ કરનારમાં અતિ લોભ આદિ હોય, તો તેથી ધર્મક્રિયા-
ઓની લઘુતા થાય છે : ૯૮
અહીં મમતા મારે છે ને પરભવમાં પાપ છોડશે નહિ : ... ૧૦૧
સમ્યગ્દૃષ્ટિને પાપી ન કહેવાય : ૧૦૨

આગમની ઉપરવટ થઈને કુલાચારને ન વળગાય : ... ૧૦૩
જ્ઞાન અને ક્રિયાના યોગથી મુક્તિ થાય–એવું માનનારને એક
અંગની ઉણપ હોય તો તે ખટકે નહિ? ... ૧૦૫
સમજુ માણસ જેમ દેખીતો ખોટનો ય વહેપાર કરે, તેમ
સમ્યગ્દૃષ્ટિ આત્મા પાપેય કરે : ૧૦૮
ત્યાં જેવો રાગ છે તેવો રાગ અહીં નથી, માટે જ જાગૃતિ
ટકી શકતી નથી : ૧૧૦
પોતાનું પાપ પોતાને ભોગવવાનું છે : ૧૧૨
સંસાર ન મંડાયો હોત તો સારું થાત, એમ થાય છે? ... ૧૧૩
ઢાળ ઉપરથી માપ કાઢો : ૧૧૪
જૈન કુળના રૂઢ આચારો પણ એવા છે કે–બીજાઓને જૈનો
બહુ સુખી છે–એમ લાગે : ૧૧૫
પુણ્યથી મળ્યું છે, પણ કિંમત નથી : ૧૧૮
'મારું પુણ્ય'–એમ મોંઢે બોલાય છે, પણ એ વાત હૈયે
વસી જાય તો જ સદુપયોગ થાય : ૧૧૯
આશાતના કરનાર : ૧૨૧
અનાભિગ્રહિક મિથ્યાત્વ : ૧૨૨
આજની સર્વ–ધર્મ–સમભાવની વાતો : ૧૨૩
સર્વ નયો પોતપોતાને સ્થાને સાચા છે : ૧૨૫
સાપેક્ષ શાસ્ત્રવાક્યો : ૧૨૬
આભિનિવેશિક મિથ્યાત્વ : ૧૨૭
અનુપયોગથી ઊલટો અર્થ થઈ જાય તો ય મિથ્યાત્વથી બચી
શકાય તેમ છે : ૧૨૮
પ્રતિપાદનમાં પક્ષપાત નહિ : ૧૩૦
'મેં આમ કર્યું છે'–અગર 'મેં આમ કહ્યું છે' એમ
નહિ પણ શાસ્ત્ર શું કહે છે–એ વિચારો : ... ૧૩૨
ધર્મવાદ અને કુવાદ : ૧૩૪

પોટ્ટશાલ પરિવ્રાજક અને રોહગુપ્ત મુનિ વચ્ચેના વાદમાંથી
ઉપજેલાં અનિષ્ટો : ૧૩૫
વાદમાં વ્યાજબી પ્રકારનો આગ્રહ : ૧૪૧
પોતાના અર્થનું મમત્વ : ૧૫૬
અર્થભેદોના અંગે ઉભી થયેલી મુશ્કેલીઓને અંગેના કેટલાક
પ્રશ્નોત્તરો : ૧૫૮
સાંશયિક મિથ્યાત્વ કોને કહેવાય અને તેનાથી બચવાનો
ઉપાય કયો ? ૧૬૨
અનાભોગ મિથ્યાત્વ : ૧૬૭
અનન્તાનુબંધી કષાયો : ૧૬૮
કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યા : ૧૬૮
છ લેશ્યાઓ : ૧૬૯
લેશ્યાભેદને અંગે અભિપ્રાયભેદ : ૧૭૦
જાંબુ ખાવાના હેતુથી છ લેશ્યાવાળા જુદા જુદા માણસોએ
વ્યક્ત કરેલા જુદા જુદા અભિપ્રાયો : ૧૭૧
એવું જ બીજું છ ચોરોનું ઉદાહરણ : ૧૭૩
રોજ વિચાર કરો કે–આજે મેં કેવા કેવા વિચારો કર્યા અને
એથી કેવો કેવો કર્મબંધ થયો હશે ? ૧૭૫
જે ઉપદેશમાં પરંપરાએ પણ સાધુપણાની વાત ન હોય, તે
વસ્તુતઃ ધર્મોપદેશ જ નથી : ૧૭૭
દોષનો અણગમો છે ? ૧૮૦
ધન મેળવવાનો પ્રયત્ન એ પાપપ્રયત્ન છે–એવું ' પાંચમે
પરિગ્રહ ' બોલનારને તો લાગે ને ? ૧૮૨
અનૃત ભાષણ, એ પણ નરકનું કારણ બની શકે : ... ૧૮૪
વસુ રાજાનું ઉદાહરણ : ૧૮૬
એવો બચાવ કર્મસત્તાની પાસે નહિ ચાલે : ૨૦૬
પરદ્રવ્યનું હરણ પણ નરકનું કારણ બને : ૨૦૮

પંડિત ચોર : ૨૧૦
ધર્મ કરનારાઓને : ૨૨૧
વારંવાર મૈથુનસેવન અને અવશેન્દ્રિયતા : ૨૨૨
ઇચ્છા અને મહેનત : ૨૨૫
અનન્તાએ મેળવેલી સિદ્ધિ : ૨૨૬
મળેલો સુયોગ સફળ કેમ બને ? ૨૨૭
બીજી ઇચ્છાઓ ય ખોટી ને બીજી મહેનતેય ખોટી : ... ૨૨૮
સંસારમાં મજુરી જ કર્યા કરવાની છે અને મેળવેલું બધું મૂકીને ચાલ્યા જવાનું છે : ૨૩૦
આન્તર દશાનું અવલોકન કરવાની જરૂર : ૨૩૨
ચાર ગતિઓનાં કારણોના વિચારનો હેતુ : ૨૩૪
તિર્યંચગતિનાં કારણો : ૨૩૬
ઉન્માર્ગદેશના ને સન્માર્ગનો નાશ—આ બે પાપોથી સઘળાં ય પાપો હોઇ : ૨૩૬
ઉન્માર્ગદેશના અને સન્માર્ગનાશ—એ બે પાપોને તિર્યંચગતિનાં કારણો તરીકે શાથી ગણાવ્યાં છે ? ૨૩૮
આ બે પાપોથી બચવાને માટે હૈયાને કેળવો : ૨૪૨
જૈન કુળમાં જન્મેલાઓ આવું કરે ખરા ? ૨૪૩
રજ્જા સાધ્વી : ૨૪૫
સાચું સમજો અને બોલો તે સાચું બોલો, તો તમે આ બે પાપોથી બચી શકો : ૨૪૯
એકલો ધર્મ સાધુપણામાં જ : ૨૫૦
સંસારની કોઈ પ્રવૃત્તિમાં ધર્મ નહિ : ૨૫૨
ગૂઢચિત્તતા બે ય તિર્યંચગતિનો આશ્રવ : ૨૫૪
ને છૂટકે કરે છતાં ચઢીયાતું કરે : ૨૫૫
દેખાડે સરલતા ને છૂપાવે પાપ : ૨૫૬
ગંભીરતા એ જુદી ચીજ છે : ૨૫૬

બુદ્ધિનિધાન એવા પણ શ્રી અભયકુમારને વેશ્યાએ કેવા કપટથી ફસાવ્યા ? ૨૫૮
આર્ત્તધ્યાનના ચાર પ્રકારો–આર્ત્તધ્યાન એ પણ તિર્યંચ-ગતિનું કારણ છે : ૨૧૩
આર્ત્તધ્યાનનાં નિમિત્તોને પણ વિવેકથી મુક્તિના ધ્યાનનાં નિમિત્તો બનાવી શકાય : ૨૭૫
આર્ત્તધ્યાનમાં કેટલો સમય જાય છે? ૨૭૮
નિદાન બોધિને ય દુર્લભ બનાવે છે : ૨૭૯
સલ્યસહિતપણું : ૨૮૦
માયા : ૨૮૧
આરંભ અને પરિગ્રહ : ૨૮૨
વિભાવદશા માટે આરંભાદિ : ૨૮૩
આરંભ ને પરિગ્રહ સ્વભાવે ખરાબ છે–એમ લાગે તો મોટો પલટો આવે : ૨૮૪
સદુપયોગથી સદ્ગતિ સાધી શકાય : ૨૮૭
આરંભ–પરિગ્રહથી છૂટવાને ધર્મ કરે : ૨૮૮
સાવધ રહે તે ખરાબ પરિણામથી બચે : ૨૯૦
શીલવ્રતમાં સાતિચારપણું : ૨૯૨
અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર : ૨૯૩
અતિચારથી ય બચવા અતિક્રમથી બચવું : ૨૯૪
નીલ અને કાપોત લેશ્યા : ૨૯૫
આત્માના ગુણોને કષાયો પ્રગટવા દેતા નથી : ૨૯૫
સમ્યગ્દૃષ્ટિ આત્માઓ ય સાવધ રહે : ૨૯૭
મનુષ્યગતિના આયુષ્યના આશ્રવો : ૨૯૮
અલ્પારંભ અને અલ્પ પરિગ્રહ : ૨૯૯
વધુ જોઈએ જ નહિ–એવી વૃત્તિ છે? ૩૦૧
મળેલી મુડી સાચવવી હોય તો– ૩૦૨

જરૂર પૂરતી મુડી રાખી લઇને વધારેનો સદુપયોગ કરવાનું
મન છે? ૩૦૩
સંતોષનું સુખ અનુભવી શકાય : ૩૦૬
સાત ક્ષેત્રોમાં વાપરેલું ધન સાથે આવે : ૩૦૭
મનનો આદર ધર્મની અધિકતાવાળા તરફ : ૩૦૯
પૈસાવાળાઓ, આજે સરકાર તથા લોક તેમને કેવી નજરે
જુએ છે–તે વિચારે : ૩૧૧
કષ્ટ વખતેય કેવો જવાબ દે ? ૩૧૪
મનોવૃત્તિ એવી પલટાતી જાય છે કે–અલ્પારંભ અને અલ્પ
પરિગ્રહમાં આનંદ માનનારા ઘટે છે : ૩૧૬
માનસ આવું ઘડાય તો– ૩૧૮
માનસપરિવર્તનની આ કાળમાં વધુ જરૂર છે : ૩૧૯
બલ નથી પણ ડહાપણેય છે કે નહિ? ૩૨૦
સ્વાભાવિક નમ્રતા : ૩૨૨
વધુ ઘડાએલો વધુ નમ્ર હોય : ૩૨૬
આપણી વાતથી દુશ્મનને પણ છેતરાવાનો ડર રહે નહિ–એ
સ્વાભાવિક સરલતા છે : ૩૨૭
કાપોત અને પિત લેશ્યા : ૩૩૦
ધર્મધ્યાનાનુરાગિતા : ૩૩૦
અનુરાગ હોય તો દિનચર્યા જાણે નહિ એ બને ? ... ૩૩૧
શ્રાવકની દિનચર્યા : ૩૩૩
પ્રત્યાખ્યાની કષાયો : ૩૩૬
ચારિત્રમોહનીય કર્મને તોડવાનો ઉપાય : ૩૩૭
ગમ ખાતાં તો આવડે છે પણ આત્માના હિતનું લક્ષ્ય
કર્યાં છે? ૩૩૯

મધ્યમ પરિણામ : ૩૪૦
સંવિભાગવિધાયિત્વ : ૩૪૩
લોહી વધે તેમ ખાઈ શકે : ૩૪૪
મીઠા વિનાનું ભોજન : ૩૪૫
ખેડુતમાં ય સંવિભાગની ભાવના હતી : ૩૪૬
પૂજા માટે નવાં વસ્ત્ર વાપરતા અને જવલા ઘડાવતા : ... ૩૪૭
આર્ય દેશના રિવાજોમાં ય ગુણ : ૩૪૮
દેવ–ગુરૂનું પૂજન : ૩૫૦
પૂર્વાલાપ અને પ્રિયાલાપ : ૩૫૧
સુખપ્રજ્ઞાપનીયતા : ૩૫૩
દુન્યવી વ્યવહારમાં મધ્યસ્થભાવ : ૩૫૫
દેવગતિના આયુષ્યના આશ્રવો : ૩૫૭
સરાગ સંયમ : ૩૫૮
જ્ઞાની ખામી છે ? ૩૫૯
સંયમની ઇચ્છા તો અવશ્ય જોઈએ : ૩૬૧
વિરતિ શા માટે : ૩૬૩
સંયમિને ય સાવધ રહેવું પડે ? ૩૬૪
શ્રી વીતરાગને અને નિર્ગ્રન્થોને સેવતાં પણ, સાધુપણું એ જ
પામવા જેવું છે–એમ થયું ? ૩૬૫
અહીં જેમ તમારૂં ઘડતર થયું તેમ તમે ઘરે સંબંધિઓ
આદિનું ઘડતર કરી શકો : ૩૬૮
સર્વવિરતિની ઇચ્છાવાળા દેશવિરતિધર કેટલા ? ૩૭૦
સમકિતમાં સર્વવિરતિની ઇચ્છા : ૩૭૨
સર્વવિરતિ, દેશવિરતિ અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ વૈમાનિકનું જ
આયુષ્ય બાંધે : ૩૭૪

સુદેવાદિને માને અને સંસારમાં લ્હેર છે એમેય માને? ... ૩૭૬
તમારો નિર્ણય તમે કરો: ૩૭૭
દીક્ષામાં અટકાયત: ૩૭૮
જૈન કુળમાં જન્મેલાને દેવલોકના આયુષ્યનાં ઉત્તમ કારણો સુલભ છે: ૩૮૦
ઘરમાં રહેવા છતાંય મહેનત વિરતિના પરિણામોને પ્રગટાવવાની કરવી જોઈએ: ૩૮૨
ભગવાનની પાસે લગ્નની વાત મૂકવી એમાંય ઇન્દ્રને જોખમ લાગતું: ૩૮૪
સમ્યગ્દૃષ્ટિને કેવા વિચારો આવે? ૩૮૬
સંતોષી અને અસંતોષીના સુખના અનુભવમાં જેમ ફેર, તેમ સમકિતી ને મિથ્યાદૃષ્ટિમાં ફેર: ૩૮૮
અકામ નિર્જરા: ૩૮૯
કલ્યાણમિત્રનો સંપર્ક: ૩૯૦
ધર્મશ્રવણશીલતા: ૩૯૨
પાત્રદાન: ૩૯૩
તપ તો નિર્જરાનું પરમ કારણ છે: ૩૯૪
શ્રદ્ધા: ૩૯૭
રત્નત્રયીની અવિરાધના: ૩૯૮
પદ્મ અને પીત લેશ્યા: ૩૯૮
કુમરણે મરવું: ૩૯૮
અવ્યક્ત સામાયિક: ૩૯૯
શુભાભિલાષા: ૪૦૦



શા સ ન મા ન્ય—સૂ રિ પુ રં દ ર—



"આચાર્ય શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ"

ચાર ગતિનાં કારણો

[બીજો ભાગ]

अयमात्मैव संसारः, कषायेन्द्रियनिर्जितः ।
तमेव तद्विजेतारं, मोक्षमाहुर्मनीषिणः ॥ १ ॥

[૫]

સાચા ભાવે 'નમો સિદ્ધાણં' એવું બોલનારની મોક્ષની ઇચ્છા જોરદાર હોય :

અનન્ત ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે–કષાયો અને ઇન્દ્રિયોથી જીતાએલો એવો આ આત્મા જ સંસાર છે અને એનો એ જ આત્મા જ્યારે કષાયો અને ઇન્દ્રિયોનો વિજેતા બને છે, ત્યારે તે પોતાના મોક્ષસ્વરૂપને પામે છે, એમ ભગવાન શ્રી અરિહન્તદેવો આદિએ ફરમાવ્યું છે. જે જે આત્માઓ મોક્ષસ્વરૂપને પામ્યા છે, તે બધા જ આત્માઓ, કષાયોના અને ઇન્દ્રિયોના વિજેતા બનીને જ મોક્ષપદને પામ્યા છે. અત્યાર સુધીમાં અનન્તા આત્માઓએ પોતાના મોક્ષસ્વરૂપને પ્રગટ કર્યું છે. આત્માનું પોતાનું તદ્દન શુદ્ધ સ્વરૂપ, એ મોક્ષસ્વરૂપ છે. કષાયોના અને ઇન્દ્રિયોના ઉપર વિજય મેળવ્યા વિના, કોઈ પણ આત્મા પોતાના મોક્ષસ્વરૂપને પ્રગટ

કરી શકતો નથી. જેણે પોતાના આત્માના મોક્ષપર્યાયને પ્રગટ કરવો હોય, તેણે કષાયોના અને ઈન્દ્રિયોના વિજેતા બનવું જ જોઈએ. કષાયોના અને ઈન્દ્રિયોના વિજેતા બનીને, જેઓએ પોતાના આત્માના મોક્ષપર્યાયને પ્રગટ કર્યો છે, તેઓ શ્રી સિદ્ધિસ્થાને વિરાજે છે; અને શ્રી સિદ્ધિસ્થાને વિરાજનારા સર્વ તારકોને આપણે રોજ 'નમો સિદ્ધાણં' પાઠ દ્વારા નમસ્કાર કરીએ છીએ. જેઓ રોજ અને તે પણ અનેક વાર શ્રી સિદ્ધ પરમાત્માને નમસ્કાર કરનારા હોય, તેઓને 'સંસાર શું છે અને મોક્ષ શું છે'–તે સમજાવવું પડે? કે તેઓ એને સમજેલા હોય? શ્રી સિદ્ધાત્માઓને રોજ ભાવથી નમસ્કાર કરનારાઓને, સંસારના સ્વરૂપ વિષે અને મોક્ષના સ્વરૂપ વિષે આછો પણ સાચો ખ્યાલ ન હોય, એ કેમ જ બને? માની લઈએ કે–જૈન કુળના યોગે જ આપણને શ્રી નવકાર મંત્રની પ્રાપ્તિ થઈ જવા પામી છે અને કુલાદિના સંસ્કારોથી જ આપણે શ્રી નવકાર મંત્રને ગણીએ છીએ; પરન્તુ શ્રી નવકાર મન્ત્ર દ્વારા કોને કોને નમસ્કાર કરાય છે, એ તો તમે જાણો છો ને? શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી સાધુ, એ પાંચ પરમેષ્ઠિઓને શ્રી નવકાર મંત્ર દ્વારા નમસ્કાર કરાય છે, એવું તો ભાગ્યે જ તમારામાંનો કોઈ નહિ જાણતો હોય ને? ત્યારે, શ્રી નવકાર મંત્રને ગણનારને કોઈ દિ' એમ ન થાય કે–'શ્રી અરિહંતાદિ કે જે તારકોને હું રોજ અનેક વાર નમસ્કાર કરું છું, તે તારકોમાં એવું તે શું છે, કે જેથી એ તારકોને રોજ નમસ્કાર કરવાને માટેની આ શ્રી નવકાર મંત્રમાં યોજના કરવામાં આવી છે?' 'નમો સિદ્ધાણં'–એમ બોલતાં,

'સિદ્ધો કેવા અને હું કેવો ?'–એવો વિચાર કદી પણ ન આવે ? શ્રી સિદ્ધો એટલે તે આત્માઓ, કે જે આત્માઓએ કષાયોના અને ઇન્દ્રિયોના વિજેતા બનીને પોતાના મોક્ષપર્યાયને પ્રગટ કર્યો, એમ થાય ને ? સંસાર શું અને મોક્ષ શું, એ જેને બરાબર સમજાયું હોય, તેનામાં પોતાના મોક્ષસ્વરૂપને પ્રગટ કરવાની ઇચ્છા જોરદાર હોય, એમાં શંકા ખરી ? શ્રી સિદ્ધોને નમસ્કાર કરતો જાય અને 'ક્યારે હું પણ એ તારકોના જેવો બનું'–એમ થાય ને ? સમજપૂર્વક શ્રી નવકાર મંત્રને ગણનાર તો, એમ જ કહે ને કે–'મારે મોક્ષ જોઈએ છે, માટે જ હું નવકાર મંત્રને ગણું છું !'? કોઈ કહેશે કે–'પણ મોક્ષ જોઈએ છે, એનું કારણ શું ?' તો એ કહે ને કે–'આ સંસારથી હું ઉદ્વિગ્ન બની ગયો છું !'? કોઈ કહેશે કે–'સંસારથી ઉદ્વિગ્ન બનવાનું કારણ શું ?' તો આ કહે કે–'સંસારના સુખમાં પણ કાંઈ સાર નથી; સંસારના સુખની ઇચ્છા પણ દુઃખનું કારણ છે !'

'શાસ્ત્ર ખોટું કહે નહિ અને મને જચતું નથી તો તેનું કારણ શું ?'–એમ થાય ને ?

પણ આ જાતિની સ્થિતિ 'નમો સિદ્ધાણં' બોલનારાઓમાંથી પણ ઓછા જીવોની છે. એ સ્થિતિને પેદા કરવાને માટે, પાયાથી વિચાર કરવો જરૂરી છે. રોજ ધર્મક્રિયા કરનારાઓમાં પણ ઘણા એવા છે, કે જેમને સંસાર ખરાબ સમજાયો નથી ! 'સંસાર ખરાબ છે'–એવું ઘણાઓને દુઃખ આવે ત્યારે તો લાગે છે; પણ 'સુખના કાળમાં પણ સંસાર ખરાબ છે'–એવું જેમને લાગતું હોય અને એથી જેઓ

'નમો સિદ્ધાણં' દ્વારા શ્રી સિદ્ધાત્માઓને નમસ્કાર કરવા દ્વારા પોતાની સિદ્ધ બનવાની અભિલાષાને પ્રબળ બનાવવાને ઇચ્છતા હોય, એવા તો બહુ થોડા છે. સંસાર અસાર છે, એવું અનન્તાનન્ત જ્ઞાનિઓ કહી ગયા છે; સર્વજ્ઞકથિત શાસ્ત્રોમાં પણ ઠામ ઠામ એ વાતેય લખાએલી જ પડી છે કે– સંસાર અસાર છે; ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા ધર્મના પ્રચારક મહાત્માઓ પણ હંમેશાં 'સંસાર અસાર છે'–એમ નિરૂપે છે; અને તમે પણ એ વાત અનેકાનેક વાર સાંભળી છે કે–'સંસાર અસાર છે.' 'સંસાર અસાર છે'–એવી વાત સાંભળતાં સાંભળતાં તો, તમારામાંના કેટલાકોની જીંદગી પૂરી થવા આવી ને? છતાં 'સંસાર અસાર છે'–એ વાત દિલમાં બેઠી ખરી? સંસાર પ્રત્યે ઉદ્વેગ જન્મ્યો ખરો? સંસારથી છૂટવાને માટે મોક્ષને મેળવવાની તાલાવેલી જાગી ખરી? જો ના, તો તમે 'સંસાર અસાર છે'–એ વાતમાં શું જોઈને હા પાડેલી? રોજ 'સંસાર અસાર છે' –એમ બોલાય અને તેમાં તમે પણ રોજ 'જી' કહીને હા પાડેલી, તો તમે તેમાં સમજેલા શું?

સા૦ શાસ્ત્ર સાચું જ કહે–એવી શ્રદ્ધા, એટલે એમાં હા પાડેલી.

શાસ્ત્ર સાચું જ કહે–આવી શ્રદ્ધાથી જે હા પાડે, તેને જો એ વાત પોતાના હૈયામાં જચે નહિ, તો તેથી શું થાય? 'શાસ્ત્ર સંસારને અસાર કહે છે અને મને સંસાર અસાર લાગતો નથી, તો તેનું કારણ શું? શાસ્ત્ર કદી પણ ખોટું કહે નહિ અને સંસાર અસાર છે એમ મારૂં હૈયું કબૂલ કરતું નથી, તો મારામાં કયી ખામી છે?'–એવો વિચાર તો આવે ને? 'શાસ્ત્ર જેને અસાર કહે, તેનો મને જો રસ

હોય, તો મારૂં થાય શું? માટે, મારે શાસ્ત્રની વાતને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ'–આવો કોઈ વિચાર તમે કરેલો કે નહિ? 'સંસાર અસાર છે'–એમ લાગ્યા વિના અને 'સંસાર અસાર છે, માટે મારે સંસારથી છૂટવું છે'–એવી વૃત્તિ પેદા થયા વિના, મોક્ષને પામેલા તારકો પ્રત્યે જેવો હૃદયનો બહુમાનભાવ જાગવો જોઈએ, તેવો બહુમાનભાવ હૃદયમાં જાગે જ શી રીતિએ?

ધર્મક્રિયાઓમાં સંસારના ઉદ્વેગનો આશય છે?

અત્યાર સુધી તો ગમે તેમ થયું, પણ હવે તો આપણે એ સ્થિતિ પેદા કરવી છે ને કે–સંસાર અસાર લાગે, એથી સંસાર તરફ ઉદ્વેગભાવ પ્રગટે અને એથી મોક્ષની તાલાવેલી જાગે? તમારામાં એ સ્થિતિને પેદા કરવાને માટે, પુરૂષાર્થ માત્ર અમારે જ કરવાનો કે તમારે પણ? તમે પુરૂષાર્થ કરો, તો જ તમારે માટેનો અમારો પુરૂષાર્થ સફલ નિવડે. તમે કેટલો ને શો પુરૂષાર્થ કરો છો?

સ૦ થોડી ઘણી ધર્મક્રિયાઓ કરીએ છીએ.

તમે જે ધર્મક્રિયાઓ કરો છો, તે સંસાર પ્રત્યે ઉદ્વિગ્નભાવ પ્રગટે અને મોક્ષની તાલાવેલી જાગે, એ માટે કરો છો? એટલું પણ હોય તો ય તે ઘણું સારૂં છે; પણ વસ્તુતઃ એમ નથી. ધર્મક્રિયાઓના આશયમાં 'સંસાર તો જોઈએ જ નહિ, જોઈએ તો મોક્ષ જ'–આવા ભાવને પેદા કરવાનો ભાવ પણ બહુ ઓછાઓમાં દેખાય છે. મોટે ભાગે, બહુ બહુ તો એ વિચાર ખરો કે–'સુખ જોઈએ છે અને દુઃખ નથી જોઈતું' પણ 'સંસાર નથી જોઈતો અને મોક્ષ જોઈએ

છે'–એવું ખરૂં ?

સ૦ સંસારનું સુખ તજવા જેવું લાગતું નથી.

ત્યારે જ્ઞાનિઓએ સંસારને અસાર કહ્યો, તેનો અર્થ એ કે–દુઃખ હોય ત્યારે આ સંસાર અસાર છે અને સુખ હોય તો સંસાર સાર રૂપ છે, એમ ? આપણે તો એવી સ્થિતિ પેદા કરવી જોઈએ કે–ગમે તેટલું સુખ હોય, તે છતાં પણ સંસાર તજવા જેવો જ લાગે. આપણને એમ થાય કે–મોક્ષને મેળવ્યા વિના, આ જીવને જંપીને બેસવાનું કોઈ સ્થાન જ નથી.

જ્ઞાનિઓની પહેલી વાત :

આપણે સુખ જોઈએ છે અને દુઃખ નથી જોઈતું, એ નક્કી વાત છે. જીવ માત્રને સુખ જ ગમે છે અને દુઃખ ગમતું નથી. જ્ઞાનિઓએ પુરૂષાર્થ પણ દુઃખથી છૂટવાને માટે અને સુખને સંપાદન કરવાને માટેનો જ ઉપદેશ્યો છે. જ્ઞાનિઓએ જે માર્ગને સેવવાનું કહ્યું છે, તે માર્ગને સેવવાનું જ્ઞાનિઓએ એ જ માટે કહ્યું છે કે–સુખના અર્થી અને દુઃખના દ્વેષી જીવો, દુઃખ માત્રથી મૂકાય અને એકલા સુખમાં જ સદા કાળને માટે ઝીલનારા બને. આવો માર્ગ જ્ઞાનિઓને ઉપદેશવો હતો, એ માટે જ જ્ઞાનિઓએ પહેલી વાત એ કરી કે–'સંસાર અસાર છે.' સંસાર બન્યો રહે અને દુઃખથી પરિપૂર્ણપણે છૂટાય તથા પરિપૂર્ણ સુખને ભોગવનારા બનાય –એ શકય જ નથી, એમ જ્ઞાનિઓએ જોયું; દુઃખનો સર્વથા અભાવ અને સુખનો સંપૂર્ણ ભોગવટો, મોક્ષ વિના શકય જ નથી; તેમ જ જીવ મોક્ષને પામે એટલે એને દુઃખનો કદી

પણ સંભવ નહિ, એવું પણ જ્ઞાનિઓએ જોયું; એથી પણ જ્ઞાનિઓએ સંસારને અસાર કહીને, સંસારથી છૂટવાના અને મોક્ષને પામવાના ઉપાયને દર્શાવ્યો. આવો ઉપાય સાંભળવાનું તો આપણને અહીં અનાયાસે જ મળી ગયું છે ને? સંસારથી ઉદ્વેગ જન્મ્યો હતો, એથી મોક્ષની ઇચ્છા જન્મી હતી અને મોક્ષને મેળવવાને માટેના ઉપાયની શોધમાં આપણે પડ્યા હતા, એવું કાંઇ આપણે માટે તો કહેવાય તેમ નથી ને? પણ, હવે જો આપણે પુરુષાર્થ નહિ કરીએ, તો આપણું થશે શું? આપણા પુણ્યે આપણને કેવો સુન્દર યોગ સાધી આપ્યો છે? છેક મોક્ષના ઉપાયની નિકટમાં લાવી મૂક્યા છે. હવે આપણે પુરુષાર્થ કરવાનો રહે છે. સંસાર અસાર લાગે અને મોક્ષને મેળવવાની તાલાવેલી જાગે, એટલે ઉપાય તો આપણા હાથમાં છે. મોક્ષના ઉપાયને સેવવાને માટે પણ પુરૂષાર્થ કરવો પડશે, પરન્તુ એ પુરૂષાર્થ, જ્યાં સુધી સંસાર અસાર નહિ લાગે ત્યાં સુધી, સાચા પ્રકારે થઈ શકશે નહિ.

અહીંથી જવાનું છે–એ નક્કી છે :

આપણે સુખ જોઈએ છે અને દુઃખ નથી જોઈતું, એ વાતમાં તો આપણે સુનિશ્ચિત છીએ. આપણે એ પણ જાણીએ છીએ કે–દુઃખને કાઢવાની અને સુખને મેળવવાની મહેનત પણ આપણે જ કરવી પડશે. જો ઇચ્છા માત્રથી દુઃખ જાય અને સુખ મળે–એવું બનતું હોત, ધાર્યું થતું હોત, તો સૌ સુખી હોત : કોઈ જ દુઃખી હોત નહિ : કારણ કે–કોઈને ય દુઃખ નથી જોઈતું અને સુખ સૌને જોઈએ છે. આ સંસારમાં સુખી કેટલા અને દુઃખી કેટલા? સંસારમાં સુખ ક્વચિત્

અને દુઃખ ઘણું. સંસારમાં ગમે તેટલું અને ગમે તેવું સુખ મળ્યું હોય, તો ય દુઃખનો સર્વથા અભાવ નહિ અને એ સુખ ટકયું જ રહે–એમ પણ બનવાનું નહિ. વ્યવહાર રાશિમાં નહિ આવેલા જીવો તો બીચારા ઘણી અજ્ઞાનમય અને ભયંકર હાલત ભોગવે છે; એટલે, એમની વાત બાજૂએ રાખીએ; પણ વ્યવહાર રાશિમાં આવેલા જીવોને ય દુઃખ કેટલું ? સંસારમાં હોય ત્યાં સુધી ભમ્યા જ કરવાનું, એ ચોક્કસ ને ? સંસારી જીવને કયાં ય કાયમ રહેવાનું છે ? વ્યવહાર રાશિમાં આવેલા જીવોને કયાં કયાં ફરવાનું ? ચાર ગતિઓમાં ફરવાનું અને એમાં કયાં ય કાયમ તો રહેવાનું જ નહિ. તમને ખબર તો છે ને કે–'તમારે અહીંથી નીકળવું જ પડશે ?' જે જીવોને આ મનુષ્યજન્મ મળી ગયો છે અને અહીં જેમને ફાવટ આવી ગઈ છે, એવા જીવોને પણ અહીંથી જવાનું તો છે ને ? અહીં જેમને બહુ સુખ નથી, એમને પણ જો તિર્યંચ અને નારક જીવોનાં દુઃખોનો ખ્યાલ આવે, તો એમ થાય ને કે–દેવલોક ભલે નથી મળ્યો, પણ અહીં જે મળ્યું છે, તે ય ઠીક છે ? એટલે, અહીંથી જવાની ઇચ્છા તો કોઈની પણ નહિ જ ને ? અહીં એટલે શ્રી સિદ્ધક્ષેત્ર નહિ, પણ આ મનુષ્યજન્મ. અહીં ફાવટ આવી છે એટલે અહીંથી જવાની ઇચ્છા નથી, પણ જવું પડવાનું–એ નક્કી છે ને ? તમે ને અમે, ગમે તેટલી મહેનત કરીએ તો ય, અહીં કાયમને માટે રહી શકીએ–એ બને એવું છે ખરૂં ? નહિ જ.

<u>ભાડવાત પણ સ્થિરતાથી રહેવાનું શોધે છે :</u>

અહીંથી આપણે જવાનું જ છે, તો હવે આપણે કયાં

જવું પડશે, એનો વિચાર તો આપણને આવે ને ? તમે અહીંથી મરીને ક્યાં જવાના ?

સ૦ જ્યાં જવાય ત્યાં ખરૂં.

આમ જવું પડે, એ આપણને ગમે ખરૂં ? આપણે ઘણું પુણ્ય કરીને મનુષ્યજન્મને મેળવી શક્યા છીએ, કેમ કે–જ્ઞાનિઓ કહે છે કે–મહા પુણ્યના ઉદય વિના જીવને મનુષ્ય-ભવ મળતો નથી અને 'જ્ઞાનિઓની બધી જ વાત સાચી છે' –એમ આપણે માનીએ છીએ. અહીં તો આપણને ફાવટેય ઠીક ઠીક આવી ગઈ છે ને ? તમે અહીં જે રીતિએ વર્તો છો, તેમાં તમને લાગે છે કે–મારે આને છોડીને જવાનું છે, એનો તમને ખ્યાલ છે ? ભાડાના ઘરને માણસ સાચવે કે નહિ ? સાચવે, કેમ કે–એને એમાં રહેવું છે; પણ કેટલું સાચવે ? પોતે જ્યાં સુધી રહે ત્યાં સુધી નભી શકે, એટલા પૂરતું અને એવી રીતિએ જ એ સાચવે ને ? એમ સાચવે, તો ય એના મનમાં શું હોય ? આમાં બહુ પૈસા ઘલાય નહિ, કેમ કે–આ ઘર આપણું નથી. કયારે આ ઘરને ખાલી કરવું પડે, એનો પત્તો નથી. ભાડાના ઘરમાં રહેનારને, મનમાં એમ તો થાય ને કે–'મારે મારૂં ઘર હોય તો સારૂં ! મારૂં ઘર હોય તો ખાલી કરવાની ચિન્તા તો નહિ ને ?' ભાડવાત પણ સ્થિરતાથી રહી શકાય એવી જગ્યાને ઈચ્છે છે ને ? તો આપણે જ્યાં સ્થિરતાથી રહી શકાય, એવા સ્થાનને ઈચ્છીએ ને ? સંસારમાં કોઈ એવું સ્થાન છે ખરૂં ? અહીં તમને ભલે ને થોડીક તકલીફ વેઠવી પડતી હોય, પરન્તુ જો અહીં કાયમ રહેવાનું હોય, તો તે ગમે ને ? મનને નિરાંત વળે ને ? સંસારમાં જો આટલું પણ સુખ કાયમની સ્થિરતાવાળું હોત, તો કદાચ

તમે એમેય કહેત કે– ' અમે આટલાથી નિભાવી લઈશું, માટે હવે અમારે ધર્મની પણ જરૂર નથી અને મોક્ષની પણ જરૂર નથી ! ' પરન્તુ એ બને એવું છે ? નહિ જ. અહીં કોઈ વાર મનગમતું ખાવા–પીવા ન પણ મળે, માંદગી પણ આવે, છતાં પણ બીજાં ઘણાં દુઃખો તો નથી ને ? પણ, સંસારનું આટલું દુઃખવાળું સુખ પણ સ્થિર સ્વભાવવાળું નથી. આપણને અહીં ગમે તેટલું ગમતું હોય, તો ય આપણે અહીંથી જવું પડવાનું છે–એ નક્કી છે, તો કયાં જવું છે–એ બાબતમાં શો વિચાર કર્યો છે ?

મરણ આવવાનું ને તે ગમે ત્યાં ને ગમે ત્યારે, માટે એની તૈયારી કરી રાખી છે ને ?

આપણે અહીંથી જવાનું–એ ય કર્માધીનપણે અને અહીંથી જઈને કયાં ઉત્પન્ન થવાનું એ વાતેય કર્માધીન ! પણ એ કર્મના કરવૈયા તો આપણે છીએ ને ? આપણાં કર્મ આપણે જ કરેલાં છે ને ? આપણે જ આપણાં કર્મ બાંધીએ છીએ અને આપણે જ આપણાં કર્મ ભોગવીએ છીએ. ' જેવાં આપણાં કર્મ હોય, તેવી આપણી ગતિ થાય '–એવું જાણનાર ' કયાં જવું છે'–એનો વિચાર આદિ કરે કે નહિ ? તમે સવારે ઉઠો છો, ખાઓ–પીઓ છો, કામકાજ કરો છો અને એમ કરતાં કરતાં ઉંઘી જાઓ છો; પણ ' મારે અહીંથી જવાનું છે અને કયાં જવાનું છે તે હું નક્કી કરી શકું તેમ છું, માટે જ્યાં જવાનો વિચાર હોય ત્યાં જવાની તૈયારી પણ મારે કરવી જોઇએ' –એવો વિચાર કરો છો ? ' ચાર ગતિઓમાંથી કયી ગતિમાં જવું ગમે ? જે ગતિમાં જવું ગમે તે ગતિમાં જવાય

તેવાં કામ હું કરું છું કે નહિ ? અને જે ગતિમાં જવું મને ગમે નહિ તેવી ગતિમાં મને ઘસડી જાય એવાં કામોથી હું ચેતતો રહું છું કે નહિ ?'–આવા વિચારો તમે કરો છો કે નહિ ? તેવું જ્ઞાન નથી કે–અમુક સ્થાને જ જઈશ, એવો નિર્ણય થઈ શકે; પણ સારી ગતિમાં જવું છે ને સારી ગતિમાં જવાને માટે અમુક અમુક કરવું જોઈએ, એવો ખ્યાલ તો છે ને ? અહીંથી જવાનું છે, એની ખબર છે; તો કયાં જવું છે ને જ્યાં જવું છે ત્યાં કેમ કરવાથી જવાય–તેનો વિચાર કરીને તમે તૈયારી કરી હશે ને ? તમે દિવસભરમાં જેટલી ક્રિયાઓ મનથી, વચનથી ને કાયાથી કરો છો, તેમાં અમુક ક્રિયાઓ હું પરલોકને માટે કરું છું અને અમુક ક્રિયાઓ હું આ લોકને માટે કરું છું, એવું તમારા મનમાં તો છે ને ? પણ, મોટે ભાગે તો 'મરી જવાનું છે'–એ વિચાર જ નથી. જ્યાં સુધી જીવવાનો યોગ હોય, જીવવાનાં સારાં સાધનોનો યોગ હોય, ત્યાં સુધી કયો બેવકૂફ હોય તે મરવાનો વિચાર કરે ?, એમ જ છે ને ? કોઈને મરવું ગમતું નથી, પણ આજે જ મરણ આવે એમ પણ બને ને ? કદાચ આજે મરણ આવે, તો પણ એ માટેની તૈયારી છે ને ? આ તો તૈયારીની વાત છે, પણ કેટલાકને તો વળી મરણની વાતેય ગમે નહિ. કેટલાકમાં તો એટલી હિમ્મત પણ હોતી નથી કે–અમુક વખતે મરણ થશે, એ વાતને ધીરજથી સાંભળી શકે ! કોઇ જોષી જો 'થોડા વખતમાં મરણ થશે'–એમ કહી દે અને તેના ઉપર વિશ્વાસ હોય, તો મરણને આવવાની બીકથી સન્નિપાત જેવું થઈ જાય. આપણે કાંઈ એવા મૂર્ખ થોડા જ છીએ ? જન્મેલો કોઈ મર્યો નહિ–એવું જાણ્યું નથી. જન્મે તે મરે જ, એમાં

શંકા નથી. આપણે પણ મરવાનું જ છે, એ નક્કી છે. મરણ કયાં આવે અને કયારે આવે ?, એ નક્કી જાણતા નથી. હાલતાં-ચાલતાં, બેઠાં બેઠાં, ચહા પીતાં પીતાં પણ મરી જવાય. આવું આપણે જાણીએ છીએ, એટલે આપણે તો સદાને માટે મરવાને તૈયાર જ રહીએ ને ? એટલે કે–ગમે ત્યારે અને ગમે ત્યાં મરણ આવે, તો પણ એથી આપણને મુંઝવણ થાય નહિ ને ? કેમ કે–આપણે તો તૈયારી કરી રાખી હોય. આપણને ખાત્રી જ હોય કે–' જન્મ્યો છું એટલે મરવાનો છું જ અને કર્મનો યોગ છે એટલે કયાંક ઉત્પન્ન પણ થવાનો જ છું, પણ મેં મારૂં જીવન એવી રીતિએ વ્યતીત કર્યું છે કે–અહીંથી મરીને હું જ્યાં ઉત્પન્ન થઈશ, તે સ્થાન, આ સ્થાન કરતાં પણ સારૂં હશે !'

ધર્મક્રિયાઓને અંગે નિશ્ચિન્ત છો ?

સ૦ આવું કહી શકાય તેવી સ્થિતિને પેદા કરવાનો પ્રયત્ન જ હજુ કર્યો નથી.

અહીં તો હું તમારી પાસે મોક્ષનો વિચાર કરાવવા માગું છું અને તમે તો હજુ સારી ગતિમાં જાવું છે–એટલો ય વિચાર કર્યો નથી, એમ કહો છો ! બધાની સ્થિતિ આવી નહિ હોય. ' આપણે અહીં કાયમને માટે નથી રહી શકવાના; આપણે અહીંથી જવું તો પડશે જ; અહીંથી મરીને બીજે કયાંક ઉત્પન્ન પણ થવું જ પડશે; જીવને ઉત્પત્તિનાં ગતિ રૂપ સ્થાનો ચાર છે; મારે પણ એ ચારમાંથી કોઈ એક ગતિમાં જવાનું છે !'–આટલું જેને ખ્યાલમાં હોય, તેને 'મારે ખરાબ ગતિમાં નથી જાવું અને સારી ગતિમાં જાવું છે'–એમ

તો થાય ને? અહીંથી જવાનું છે અને જઈને કયાંક પણ ઉત્પન્ન થવાનું છે, એમ જાણવા છતાં ય, નિશ્ચિન્ત કોણ હોય? જઈને પણ સારા સ્થાને જવાનું હોય, તો પછી ચિન્તા કરવાનું કારણ શું? જો કે-એનેય એમ તો થાય કે-'ભલે સારૂં સ્થાન મળવાનું હોય, પણ એ સ્થાનને ય છોડી જવાનું છે; આવી હંમેશની રખડપટ્ટી નહિ જોઈએ!' એને તો મોક્ષની જ ઇચ્છા થયા કરે અને મોક્ષની સાધના ઝટ થાય એવા સ્થાનને એ શોધ્યા કરે. એનો પ્રયત્ન એ માટે ય હોય. પણ અત્યારે તો વાત એ છે કે-તમે નિશ્ચિન્ત છો, તે સારૂં સ્થાન મળવાની ખાત્રી છે માટે? કે પછી એ વિષેનો વિચાર જ નથી, માટે? જેમ કમાવાનો અને ખાવાનો તથા ભોગવવા આદિનો વિચાર રોજ આવે છે ને? તેમ, અહીંથી મારે જવાનું છે, એવો વિચાર પણ રોજ આવે ને?

સ૦ અમે ધર્મક્રિયાઓ કરીએ છીએ ને?

'અમે આટઆટલી ધર્મક્રિયાઓ કરીએ છીએ, એટલે અમે તો દુર્ગતિમાં નહિ જ જવાના'-એવી તમારી ખાત્રી છે? તમે જે ધર્મ કરો છો, તે એટલી રૂચિપૂર્વક કરો છો? જ્યાં સુધી ધર્મ થઈ શકે, ત્યાં સુધી તો તમે ધર્મ જ કરો ને? ઘરે ગયા વિના ચાલે તેમ નથી, માટે ઘરે જાઓ છો ને? કરવા લાયક-સેવવા લાયક તો ધર્મ જ, એવું જ તમારા મનમાં ખરૂં ને? એટલે ઘેર જાવ, પંણ ત્યાં તમને 'ગૃહવાસ સારો છે'-એમ તો લાગે નહિ ને? ધર્મક્રિયા થોડો સમય થાય, પણ ધર્મની રૂચિ તો બધે રહે ને? અહીં તમે ધર્મક્રિયાઓ કરતા હો, પણ હૈયામાં ધર્મરૂચિ ન હોય તો, ઘરે ભયંકર પણ વિચાર આવી જાય ને? એવા વિચાર

વખતે આયુષ્યનો બંધ પડી જાય, એમ પણ બને ને ? એવું કાંઈક થઈ જાય, તો પછી તમારી સદ્ગતિમાં જવાની ખાત્રી, એક વાર તો ધૂળમાં મળી જાય ને ? કારણ કે–આયુષ્યનો બંધ તો જીવનમાં એક જ વાર પડે છે !

દુર્ગતિથી બચવા માટે હૈયે ધર્મ જોઈએ :

' અમારે અહીંથી જવાનું છે. અહીં અમે ગમે તેટલું સુખ મેળવ્યું હોય ને સાચવી–સંભાળીને રાખ્યું હોય, પણ તે આગળ કામ આવવાનું નથી અને આગળ અમારે સુખ તો જોઈએ જ છે '–આવું તો તમારા મનમાં છે જ ને ? 'એ માટે અમે આ બધી ધર્મક્રિયાઓ કરીએ છીએ અને એથી અમારી દુર્ગતિ નહિ જ થાય–એવી અમારી ખાત્રી છે '–એમ તમે માનો છો ને ? પણ આવી ખાત્રી કોણ રાખી શકે ? જેના હૈયામાં ધર્મરુચિ હોય તે ! ઘરે કે પેઢીએ, જ્યાં જાય ત્યાં બધે અને જે કામ કરતો હોય તે દરેક કામમાં જેનું હૈયું ધર્મવાસિત હોય, વિવેકયુક્ત હોય, તે આવી ખાત્રી રાખી શકે ! એ પાપાચરણ કરે એ બને, તેમ છતાં પણ એ નિર્દંભપણે કહી શકે કે–નિરૂપાયે પાપ કરું છું, પણ પાપ કરતાં ય હૈયાને ' આ પાપ કરવા જેવું છે ' –એવા અધર્મવાળું બનવા દેતો નથી ! આવા હૈયાવાળો ખાત્રીથી કહી શકે કે–મારી દુર્ગતિ નહિ થાય; પણ એવી દશા આવતાં પહેલાં આયુષ્યનો બંધ ન પડ્યો હોય તો ! થોડી પણ ધર્મક્રિયા કરનારો અને સર્વ સમયને માટે ધર્મક્રિયા નથી થઈ શકતી તેનું દુઃખ અનુભવનારો, એની દુર્ગતિ થતી જ નથી. ધર્મક્રિયા થોડી પણ ન કરી શકતો હોય, છતાં પણ હૈયે જો

ધર્મ હોય તો દુર્ગતિ થાય નહિ! એવાની પણ દુર્ગતિ ન થાય, તો તમે તો આટલી ધર્મક્રિયા કરો છો, એટલે તમારી દુર્ગતિ તો થાય જ શાની? પણ તમારે એટલી ખાત્રી આપવી પડે કે–'અમારૂં હૈયું ધર્મથી રંગાયેલું છે! અધર્મને આચરીએ છીએ ત્યારે પણ હૈયાને અધર્મથી લેપાવા દેતા નથી. નહિ કરવા લાયક કામ અમે સંયોગવશાત્ કરીએ છીએ, પણ એવી સ્થિતિમાંથી કયારે છૂટાય, એમ થયા જ કરે છે!'

જીવવાને ઇચ્છે તે શા માટે?

સુતી વખતે તમે એવી ખાત્રીપૂર્વક સુઓ છો ને કે–'જો કદાચ આ પથારીમાંથી હવે હું ઉઠી શકું નહિ અને રાતો રાત મરી જાઉં, તો પણ મને એનો ભય નથી!' તમે બધા મરણથી ડરનારા નથી, એમ ને? કેમ કે–તમને ખાત્રી છે કે–જન્મ્યા તે મરવાના; હું જન્મ્યો છું માટે હું પણ મરવાનો; પણ હું અહીં જીવ્યો છું એવી રીતિએ, કે જેમાં મેં અહીંથી મર્યા બાદ મને આગળ સારૂં જ સ્થાન મળે, એવી તૈયારી કરી લીધી છે!

સ૦ એવી તૈયારીવાળો પણ મરણથી બચવાનો અને જીવતા રહેવાનો પ્રયત્ન કરે કે નહિ?

મરણની આવી તૈયારીવાળો, મરણને જાણી જોઈને લેટે, એ વાત નથી. મરણ આવી પડે તો મુંઝાય નહિ અને સમાધિપૂર્વક મરે, એની વાત છે. અહીં હમણાં સર્પ નીકળી આવે, તો એ કરડે નહિ–એ માટે અમે પણ ખસી જઈએ. સર્પથી બચવાનો પ્રયત્ન સાધુ પણ કરે. કેમ? જીવીશું તો ધર્મ કરીશું, એમ માને છે! વળી, એમ મરવામાં સમાધિ

ટકશે કે નહિ, એની ય શી ખાત્રી ? આમ છતાં ય, અચાનક સાપ કરડી જાય અને વિષને ઉતારવાનો ઉપાય કારગત નિવડે નહિ, તો એ વખતે શું કરવાનું ? વિચાર કરવો જોઈએ કે–' આમેય મરવાનું તો હતું જ. જ્ઞાનિઓએ, આ રીતિએ મારૂં મરણ થવાનું છે, એમ જોયું હશે. ' આવો વિચાર કરીને, એ તો પોતાની અન્તિમ આરાધનામાં જ લીન બની જાય. મરણ આવે, તો તેની ગભરામણ શા માટે જોઈએ ? જીવતાં જેને ધર્મ કરવાની ઇચ્છા છે, તે જીવવાને માટે એવું તો ન જ કરવાને ઇચ્છે ને કે જેથી ધર્મ લાજે ? પોતાના જીવનને સારી રીતિએ જીવનારને તો, ખાત્રી હોય છે કે– ' મારૂં ભૂંડું થાય નહિ. ' મહાત્માઓ શરીર પાસેથી કામ લેવાય ત્યાં સુધી કામ લેતા; અને જ્યાં એમ લાગે કે– 'શરીર હવે બહુ કામ આપે તેમ નથી ' ત્યારે નિરપવાદ અનશન પણ આદરતા, આવાં દૃષ્ટાંતો તમે સાંભળ્યાં છે કે નહિ ? આજે એવા અનશનની આજ્ઞા નથી; સાગારી અનશનની છૂટ છે; પણ વાત એ છે કે–આજે ય મરણથી ડરવાનું તો હોય જ નહિ ને ? શ્રી જિનશાસનને પામેલા શ્રાવકો પણ, મરણ આવે તો મુંઝાય નહિ, કેમ કે–એમને હૈયે પણ ધર્મ હોય છે.

ક્યાં ઉત્પન્ન થવું તે આપણા હાથની વાત :

જ્ઞાનિઓના કથન મુજબ, ' સંસાર એ ભૂંડામાં ભૂંડી ચીજ છે '–એમ જેને લાગી જાય અને ' મારૂં સ્વરૂપ મોક્ષ છે '–એમ જેને સમજાઈ જાય, તેની આત્મદશા કેટલી બધી ઉંચી હોય ? જ્ઞાનિઓની આજ્ઞા મુજબ મોક્ષના માર્ગે પ્રય-

ત્નશીલ બનેલાને તો, દુર્ગતિમાં જવાની શંકા પણ હોય નહિ ને ? એને મરણ મુંઝવે શાનું ? સામાન્ય કોટિના પણ સમજુ માણસને ય મરણ મુંઝવી શકતું નથી. આ સંસારમાં, વસ્તુતઃ મઝા જેવું છે જ શું ? બધું પરાધીન. પુણ્ય હોય તો જ સારી સામગ્રી મળે અને પુણ્ય હોય તો જ એને ભોગવી શકાય. પુણ્ય ખલાસ થાય, તે પછી શું ? તમે બધા શાના આધારે બેઠા છો ? જીવતાં સુધી પુણ્ય ટકશે જ, એની ખાત્રી છે ? કદાચ જીવતાં સુધી પુણ્ય ટક્યું, તો ય પછી શું ? મેળવેલું, સાચવેલું, પ્રેમથી રાખેલું–બધું અહીં રહે અને આપણે જવું પડે. માણસ બહુ સુખી હોય તો ય, એને એમ તો થાય ને કે–અહીંથી ગયા વગર છૂટકો નથી ? નાસ્તિકેય, મરવાનું છે–એમ તો માને જ છે, પણ આપણે એથી વધારે માનીએ છીએ. આપણે તો માનીએ છીએ કે–મરવાનું જેમ ચોક્કસ છે, તેમ કર્મનો યોગ હોય ત્યાં સુધી ચાર ગતિઓમાંની કોઈ પણ એક ગતિમાં ઉત્પન્ન થવાનું પણ ચોક્કસ છે. આપણે કોઈને જો આ વાત કહીએ કે–અહીં મરવાનું છે અને મરીને પાછું ઉત્પન્ન પણ થવાનું છે; તો એ કદાચ પૂછે કે–' તમે ક્યાં ઉત્પન્ન થવાના ? તમને કોણ ઉત્પન્ન કરશે ?' ત્યારે તમે કહો ને કે–' અમારા કર્મને આધારે અમારે ઉત્પન્ન થવાનું છે ! ? લાંબી ખબર તો નથી, પણ એટલી ખબર તો જ છે કે–મારે મારૂં કર્યું જરૂર ભોગવવાનું છે ! ' એટલે, આપણે ધારીએ ત્યાં જઈ શકીએ, એમ તો માનો છો ને ? મારે જવાનું છે અને જ્યાં જવું હોય ત્યાં હું જઈ શકું એ મારા હાથની વાત છે, આવો વિશ્વાસ છે ને ? હું ધારૂં ત્યાં જઈ શકું છું–એવું જે માને,

તે સારા સ્થાને જ જવાને ઇચ્છતો હોય ને ? સારૂં સ્થાન તો સૌને ગમે છે, પણ આ તો એવો જ પ્રયત્ન કર્યા કરતો હોય કે–એ એના પ્રયત્નના બળે સારા સ્થાનને પામે !

સ૦ મનને કેળવે તો એ બને ને ?

મનને કેળવ્યું છે કે નહિ, એની જ આ વાત ચાલે છે.

<u>સુખના સ્થાનની ઇચ્છાનો હેતુ</u> :

તમે એકલું મરવાનું છે એમ માનો, એનો કાંઈ વિશેષ અર્થ નથી. એ તો એક ને એક બે જેવી વાત છે. સ્થિતિ જ એવી છે કે–મરવાનું છે, એ વાતનો નાસ્તિક પણ ઇનકાર કરી શકતો નથી. આપણે તો હતા પણ ખરા, છીએ પણ ખરા અને રહેવાના પણ ખરા. આપણે મરવાના, એટલે આપણું અસ્તિત્વ જ મીટી જવાનું છે–એવું નથી જ. આપણે તો રહેવાના જ, એટલે મરીને આપણે બીજી કોઈ ગતિમાં ઉત્પન્ન થવાના. શાથી બીજી કોઈ ગતિમાં ઉત્પન્ન થવાના ? કર્મનો યોગ છે માટે ! એ કર્મના સર્જક આપણે છીએ, માટે આપણને લાગે છે કે–જ્યાં જવું હોય ત્યાં જવું એ મારા હાથની વાત છે ! તમારે અહીંથી મર્યા બાદ કેવા સ્થાનમાં **જવું છે ?**

સ૦ જ્યાં સુખ હોય ત્યાં જવું છે.

તમે ધારો તો તમે જ્યાં સુખ હોય ત્યાં જઈ શકો, એવી ખાત્રી છે ને ? દુઃખને સહવાની શક્તિ નથી અને અનુકૂળતા હોય તો જ ધર્મ કરી શકું એવો નબળો છું; તેમ જ દુર્ગતિમાં ધર્મની સામગ્રી દુર્લભ છે ને સદ્ગતિમાં ધર્મસામગ્રી સુલભ છે, આવું તમે માનો છો, માટે તમે

જ્યાં સુખ હોય ત્યાં જવાને ઇચ્છો છો ને ? સંસારના સુખમાં બહુ રાજીપો નથી, જોઈએ છે તો મોક્ષ જ, પણ જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી મોક્ષની સાધના થઈ શકે અને દુઃખમાં મોક્ષની સાધના કરી શકું એવું વીર્ય ને ધૈર્ય નથી, માટે જ સુખવાળા સ્થાનને ઇચ્છો છો ને ? સુખને ભોગવવાને માટે સુખનું સ્થાન જોઈતું નથી, પણ સુખે ધર્મની સાધના કરવાને માટે સુખનું સ્થાન જોઈએ છે ને ? તમે સુખને ઇચ્છો તો ય તમે કેમ પાપથી બચી શકો, એ માટેની આ વાત છે. આ વાતનો દરેકે પોતે જ નિર્ણય કરી લેવાનો છે. 'સુખ જોઈએ છે, પણ મારે જેવું સુખ જોઈએ છે તેવું સુખ તો મોક્ષ વિના મળે તેમ નથી; મોક્ષની પ્રાપ્તિ મોક્ષના ઉપાય રૂપ ધર્મનું સેવન કરવાથી જ થઈ શકે છે; અને મોક્ષના ઉપાય રૂપ ધર્મનું સેવન પ્રતિકૂળ સંયોગોની વચ્ચે કરી શકાય, એવું મારામાં સત્ત્વ નથી; માટે હું સુખના સ્થાને ઉત્પન્ન થવાને ઇચ્છું છું'–આવો એકરાર તમે પ્રમાણિકપણે કરી શકો, એવી તમારી સ્થિતિ છે ને ?

હૈયે ખટક નહિ તો સમજ એ સમજ નથી :

તમારે એવા સ્થાનમાં ઉત્પન્ન થવું છે, કે જે સ્થાનમાં સુખ હોય–એમ તમે કહો છો, તો તમે અહીંથી મરીને એવા સ્થાનમાં ઉત્પન્ન થઈ શકો, એ માટે જે કાંઈ કરવું જોઈએ, તે કરવામાં તો તમે દત્તચિત્ત છો ને ? જવાનું છે એ નક્કી છે, જ્યાં સુખ હોય ત્યાં જવાનું મન છે–એમ તમે કહો છો અને જ્યાં જવાને ઇચ્છું ત્યાં જવું તે ય મારા હાથની વાત છે, એવો વિશ્વાસ છે ! આવો માણસ અહીં

જીવે કેવી રીતિએ ? બને ત્યાં સુધી પાપને આચરવાથી અળગો રહે અને પાપને આચરવું પડે તો ય મનને પાપ-રક્ત બનવા દે નહિ, એમ તો બરૂં જ ને ? તમે જે જે પાપોને આચરો છો, તે ન છૂટકે જ આચરો છો અને એ પાપોને આચરવા છતાં પણ તમારૂં મન તો પાપથી પરાઙ્મુખ જ છે, એમ હું માની લઉં ને ? જે કોઈ એમ સમજે કે–મારા સારા અગર નરસા ભવિષ્યનું સર્જન કરનારો હું છું, એટલે હું ધારું તો મારા સારા ભવિષ્યને સર્જી શકું તેમ છું, તે પોતાની આ સમજનો થોડે–ઘણે અંશે પણ અમલ જ ન કરે, એ કેમ બને ? જેને તે ન કરવા જેવું માનતો હોય તેવું પણ તે કરે–એ બને, પણ જે એવું બને, એનો એને બટકારો તો હોય ને ? અમે સમજીએ છીએ કે–અમારા સુખના કે દુઃખના સર્જક અમે છીએ, એવું પણ કહે; અને અમને દુઃખ ગમતું નથી તથા સુખ ગમે છે–એવું પણ કહે; તે છતાં પણ દુઃખના કારણોને એ સેવે, તો એના હૈયા ઉપર તો બોજો હોય ને ? નહિ કરવાનું હું કરૂં છું અને ન ગમે તેવું મારૂં ભવિષ્ય હું જ સર્જું છું, આવું તો એના હૈયામાં હોય ને ? એ વિના તો, સમજની વાતો એ બનાવટ છે, એમ કહેવું પડે ને ? સમજ વિરૂદ્ધ કામ થાય અને એની બટકેય હોય નહિ, તો એ સમજ વસ્તુતઃ સમજ જ નથી.

ચાર ગતિનાં કારણોનો વિચાર કેમ ?

આપણે જ્યાં જવું પડશે, ત્યાં આપણે આપણા કર્મને આધારે જ જવું પડશે, માટે આપણે અહીં ચાર ગતિનાં

કારણોનો વિચાર કરવાનું શરૂ કર્યું છે. આપણું અન્તિમ ધ્યેય તો મોક્ષ જ છે. પણ આ ભવમાંથી જ સીધા મોક્ષે પહોંચી જવાય–એવી આરાધના કરવા જોગું સામર્થ્ય આપણામાં નથી. આ ભરત ક્ષેત્રમાંથી હાલ કોઈ જીવ મોક્ષે જઈ શકતો નથી. તેનું કારણ શું? અહીંથી મરે ને મોક્ષને પામે, એવી ઉત્કટ કોટિની આરાધના કોઈ જીવ હાલમાં આ ક્ષેત્રમાં કરી શકે તેમ નથી. બીજી તરફ, જ્યાં સુધી મોક્ષ ન મળે, ત્યાં સુધી અહીં રહેવાય–એ પણ બનવાનું નથી. વળી, અહીંથી જઈને જો કોઈ દુઃખના સ્થાનમાં ઉત્પન્ન થઈ જઈએ, તો એ પણ આપણને પસંદ નથી. પણ એકલી પસંદગી કામ શું લાગે? તેને યોગ્ય વર્તન પણ જોઈએ ને? દુઃખ ન જોઈતું હોય, તો ય તે પાપના યોગે આવે છે અને સુખ જોઈતું હોય, તો ય તે પુણ્યના યોગ વિના મળતું નથી, એ આપણો અનુભવ છે. દુઃખ આવે અને સુખ જાય, એવું તો કોણ ઇચ્છે છે? કોઈ નહિ; તેમ છતાં, દુઃખ આવે છે ને સુખ જાય છે ને? આપણને તો એમ થાય ને કે–ક્યારે એવો પ્રસંગ આવે કે–સુખને માટે કોઈની ય અપેક્ષા ન રહે? પણ સંસારમાં તો પુણ્ય હોય તો જ સુખની સામગ્રી મળે છે. તમે તો પુણ્ય-પાપમાં માનનારા છો ને? નહોતું જોઈતું તે આવ્યું અને જોઈતું હતું તે ગયું, એવું કેટલીક વાર બન્યું? ઘણી વાર; તો તેમાં કારણ કાંઈક ખરું, એમ તો થાય ને? આમ તમારે જોઈએ છે તો સદ્ગતિ, પણ મળી જાય દુર્ગતિ–એવું પણ બને ને? આપણાં કર્મોથી જ જે ચીજ મળવાની છે અને આપણાં કર્મો ન હોય તો જે ચીજ મળવાની નથી, તેમાં આવું ઊલટું કેમ બને? ઇચ્છા જૂદી હોય ને કર્મ

જ્યાં હોય, તો જ એવું બને ને ? એ ઉપરથી આપણે હમણાં ચાર ગતિનાં કારણોનો વિચાર કરવા માંડ્યો છે. તમે ધારો તો દુર્ગતિથી બચી શકો અને સદ્ગતિને પામી શકો અને પરંપરાએ મોક્ષને પણ પામી શકો, એ માટે જ આપણે આ બધું વિચારી રહ્યા છીએ.

ભાદરવાની અંધારી રાતે વીજળીના ઝબુકે દોરો પરોવનારના જેવી સાવધગીરી જોઈએ :

અહીં જો હંમેશને માટે રહી શકાય તેમ હોય, તો અહીં આપણને જે કાંઈ મળ્યું છે તેટલામાં પણ રહી જવાનું મન થાય એવું છે ને ? કારણ કે–અહીં સંસારની બીજી ઘણી જગ્યાઓના કરતાં તો ઠીક છે. શરીર સામાન્ય રીતિએ સારૂં છે અને સુખનાં સાધનો પણ કાઢી નાખવા જેવાં નથી, એમ ખરૂં ને ? આપણે એટલી કાળજી રાખીએ કે–શરીર બગડે નહિ, પોલીસ પકડે નહિ અને કોઈ છંછેડે નહિ, તો સુખ છે ને ? પણ આપણને તો ખાત્રી છે કે–મર્યા વગર છૂટકો નથી. અહીં, મરવાનું એ ય નક્કી અને બીજે જવાનું એ ય નક્કી. આપણે આત્મવાદી છીએ, માટે માનીએ છીએ કે–મરીને ઉત્પન્ન થવાનું પણ છે ! આપણે જ જવાના ને આપણે જ ઉત્પન્ન થવાના. આપણે ધર્મી છીએ, એટલે આપણને એ વાતની પણ ખાત્રી છે કે–આપણે અહીંથી મરીને કાં તો દેવગતિમાં ઉત્પન્ન થવાના અને કાં તો મનુષ્યગતિમાં ઉત્પન્ન થવાના, પણ આપણે નરકગતિમાં કે તિર્યંચગતિમાં ઉત્પન્ન થવાના નહિ જ ! આવી ખાત્રી કોણ રાખી શકે ? જે સદા સાવધ રહે તે, કેમ કે–આયુષ્યનો બંધ કયા

સમયે થાય, તેની ખબર પડે નહિ ને ? જો આયુષ્યનો બંધ અમુક સમયે જ થવાનો છે, એવી ખબર હોય તો ? તો ય ભવિતવ્યતા એવી હોય તો ભૂલ થઈ જાય. જેમ આંધળા માણસને ગામમાં પેસવું હોય ને ગામને ફરતો કોટ હોય, તો એ શું કરે ? કોટે હાથ દેતો દેતો ચાલે, કે જેથી દરવાજો આવ્યો એની ખબર પડે; પણ એ દરવાજા પાસે આવે ત્યાં નસીબ સંજોગે એને ખંજવાળ આવે તો ? એ ખંજવાળતો ખંજવાળતો ચાલે, એટલામાં દરવાજાનો ભાગ જતો રહે અને એ તો પાછો કોટે હાથ દઈને ચાલવા માંડે; એમ બને ને ? માટે આયુષ્યનો બંધ કયારે પડશે–તેની ખબર હોય તો ય સાવધ રહેવું પડે, તો આપણને તો એની ખબર જ નથી, એટલે કેટલા બધા સાવધ રહેવું પડે ? રાત્રિનો સમય હોય, કૃષ્ણ પક્ષ હોય અને ભાદરવો મહિનો હોય; એમાં જો વીજળીના ઝબુકે સોયમાં દોરો પરોવવાનો હોય, તો સાવધગીરી કેટલી રાખવી પડે ? તેમ જેણે દુર્ગતિમાં જવું ન હોય અને સદ્ગતિમાં જવું હોય, તેણે આખી જીંદગી સુધી સાવધગીરી રાખવી પડે. ખાતાં, પીતાં, વેપાર–ધંધો કરતાં અને ભોગાદિક કરતાં પણ સાવધગીરી રાખવી પડે. જે આખી જીંદગીને માટે સાવધગીરી ન રાખી શકે, તેને માટે જ્ઞાની સિવાય કોઈ સદ્ગતિની ખાત્રી આપી શકે નહિ.

આયુષ્યનો બંધ કયારે પડે ?

સ૦ આયુષ્યનો બંધ તો જીંદગીના બે ભાગ જાય અને ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પડે છે ને ?

બધાને આયુષ્યનો બંધ જીંદગીના બે ભાગ જાય

અને ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પડે જ, એવો એકાન્ત નિયમ નથી. કેટલાકને જીંદગીનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે આયુષ્યનો બંધ જો પડતો નથી, તો એ ત્રીજા ભાગની જીંદગીનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પણ આયુષ્યનો બંધ પડે, એ સંભવિત છે; અથવા તો, એ ત્રીજા ભાગનો પણ ત્રીજો ભાગ બાકી રહે ત્યારે અને છેવટ અન્ત વખતે એટલે છેલ્લા અન્તર્મુહૂર્ત્તમાં પણ આયુષ્યનો બંધ પડે, એ સંભવિત છે. આથી, જેણે બરાબ આયુષ્યનો બંધ પડવા દેવો ન હોય, તેણે તો સદા સાવધ રહેવું જોઈએ.

પરિણામોને સાચવવાનો પ્રયત્ન કરો :

ધર્મી થવું એટલે સદાના સાવચેત બનવું. ધર્મનો હૈયામાં વાસ, એટલે આત્માના પરિણામ ઉપર સુંદર ચોકી. આપણા પરિણામ ઉપર આપણે સદાને માટે ચોકી રાખી શકીએ, એવું આ સ્થાન છે કે નહિ ? હા, તમારૂં અને અમારૂં, બન્નેનું સ્થાન એવું છે કે–આપણે જો ધારીએ તો સદાને માટે સાવચેતી રાખી શકીએ. શ્રાવક જો પોતાના ચોથા ગુણઠાણા અગર તો પાંચમા ગુણઠાણાના પરિણામોને બરાબર જાળવી રાખી શકે અને સાધુ જો પોતાના સર્વવિરતિ ગુણઠાણાના પરિણામોને બરાબર જાળવી રાખી શકે, અને આ પરિણામો આવતાં પહેલાં જો આયુષ્યનો બંધ પડી ગયો ન હોય, તો એ શ્રાવક ને એ સાધુ કદી પણ દુર્ગતિના આયુષ્યને ઉપાજે નહિ; દેવગતિના આયુષ્યને જ ઉપાજે અને દેવગતિમાં પણ વૈમાનિકથી નીચેના સ્થાનના આયુષ્યને ઉપાજે નહિ. સાધુ અને શ્રાવક–બન્નેએ પરિણામો ઉપર ચોકી તો રાખવી જ

જોઈએ, કેમ કે–એમાંથી એકના ય આન્તર શત્રુઓનો અભાવ જ થઈ ગયો છે એવું નથી. પ્રગટેલો ગુણ ક્ષાયિક ન હોય, ત્યાં સુધી એ ગુણ પુનઃ આવરાઈ જવાનો સંભવ તો ખરો જ. તમારા કરતાં સાધુને પરિણામોમાં પલટો આવવાના સંયોગો ઓછા છે–એમ કહી શકાય; કારણ કે–પાપનાં સાધનોનો એણે ત્યાગ કર્યો છે અને યોગોને એણે એક માત્ર ભગવાનની આજ્ઞાની આરાધનામાં જ યોજી દીધા છે; પરંતુ બાહ્ય સાધનોનો ત્યાગ કરવા છતાં પણ, સાધુએ જો એને હૈયે રાખ્યાં હોય, તો એની દશા કદાચ તમારા કરતાં પણ બૂરી થાય. આપણી વાત તો એ છે કે–સાવધગીરી રાખવી હોય તો આપણાથી રાખી શકાય તેમ છે. સંસારમાં બેઠેલાઓ ય, જો ધારે તો આત્માની ચોકી ચોવીસેય કલાક કરી શકે. તમને એટલી ખાત્રી છે ને કે–તમે જો ધારો તો 'પાપ ઉપાદેય લાગે, સંસારસુખ ઉપાદેય લાગે'–એવા અધર્મના પરિણામોથી તમે બચી શકો ! ? તમારાથી અધર્મથી સર્વથા દૂર ન રહેવાય, કેમ કે–તમે એવા જ પ્રકારની સામગ્રીમાં બેઠા છો, પરંતુ તમે 'આ અધર્મ તજવા જેવો જ છે'–એવી ભાવનાને તો બરાબર જાળવી શકો ને ? અમારે તો એવી સામગ્રી નથી, છતાં જો અહીં અમારા પરિણામો બગડે, તો તેમાં અમારી મોટી ખામી ગણાય. જો કે–સર્વવિરતિના પરિણામો પણ ૨૦૦ થી ૯૦૦ વાર જાય ને આવે એ શક્ય છે, પણ પ્રયત્ન તો પરિણામોને ટકાવી રાખવાનો જ કરવો જોઈએ ને ? જ્યાં સુધી ચોથા ગુણઠાણાના પરિણામો વિદ્યમાન હોય છે, ત્યાં સુધી મનુષ્યને અને તિર્યંચને બંધાય છે તો તે વૈમાનિકનું જ આયુષ્ય બંધાય છે, એટલે તમે કદાચ સાધુ થઈ શકો નહિ, તો ય તમને સદ્ગતિની ખાત્રી

રહી શકે; પણ સમ્યગ્દર્શન ગુણ પ્રગટયો છે ખરો ?

હૈયે ધર્મ તો રાખવો જ-એવું શીખ્યા ?

આપણે સૌએ અહીંથી મરીને સદ્ગતિમાં જવું છે અને દુર્ગતિમાં નથી જવું, એ તો ચોક્કસ છે ને ? કેમ કે-આપણને ડર છે કે-જો અહીં ચૂકયા, દુર્ગતિનું આયુષ્ય બંધાઈ ગયું અને અથી દુર્ગતિમાં જવું પડયું, તો ત્યાં પ્રાયઃ ધર્મસામગ્રી નહિ મળે, સુખ પણ નહિ મળે અને દુઃખને ટાળવા માગીશું તો ય દુઃખને ટાળી શકીશું નહિ ! માટે આપણે અહીં સાવચેતીથી જીવવું છે, આ વાત તો તમે નક્કી કરી લીધી ને ? તમે ઘેર જશો અને કુટુંબ પૂછશે, તો શું કહેશો ? મોટે ભાગે કહેવાના નહિ અને કહેવું હશે તો કહેતાં આવડશે નહિ, એવું જ છે ને ? આવાને આવા કયાં સુધી રહેશો ? અહીંથી તમે બહાર નીકળો અને કોઈ પૂછે કે-' તમારા સાધુ શું કહેતા હતા ?' તો તમે શું કહો ? એવું જે કોઈ પૂછે, તેને તમે કહી શકો છો કે-આજે અમે એવું શીખી આવ્યા કે-જો અમે એ રીતિએ વર્તીએ તો અમારી દુર્ગતિ કદી પણ થાય નહિ, સદ્ગતિ જરૂર થાય અને પરિણામે મોક્ષ પણ મળે ! એ પૂછશે કે-'એવું તે કયું શિક્ષણ તમને મળ્યું ?' તો કહેજો કે-અધર્મનો સર્વથા ત્યાગ ન થઇ શકે તો ય હૈયે ધર્મ તો જરૂર રાખવો. જે અધર્મ ન છૂટે તેનો ખટકો રાખવો ને ધર્મને જ કરવાના મનોરથો સેવવા !

ઉદ્યમ ચાલુ છે પણ તે કેવા પ્રકારનો છે ?

જે જીવો મોક્ષમાં જાય છે, સદ્ગતિમાં જાય છે અગર તો દુર્ગતિમાં જાય છે, તે જીવો ઉદ્યમ કરી કરીને જ મોક્ષમાં,

સદ્ગતિમાં કે દુર્ગતિમાં જાય છે ને? માનસિક, વાચિક ને કાયિક-એ ત્રણે પ્રકારનો અથવા તો એમાંના કોઈ પણ પ્રકારનો ઉદ્યમ કર્યા વિના જ કાંઈ થઈ જાય, એવું બને છે? મોક્ષ સધાય ઉદ્યમથી, સદ્ગતિ મળે પણ ઉદ્યમથી અને દુર્ગતિમાં જવાય છે તે પણ પોતાના ઉદ્યમથી જ ને? તમે ને અમે, કાંઈક ને કાંઈક તો ઉદ્યમ કરીએ જ છીએ. તમારો ઉદ્યમ તો ચાલુ છે ને? ઉદ્યમ તો ચાલુ છે જ, પણ કેવું ફળ આપે એવો ઉદ્યમ ચાલુ છે-એ જ મહત્ત્વનો વિચાર છે. આપણી દુઃખના નાશની અને કેવળ સુખને જ ભોગવ્યા કરવાની ઈચ્છા સફલ નિવડે, એવો જ ઉદ્યમ ચાલુ છે ને? આપણી યોજના એ છે કે-મોક્ષે જવાની અહીં આપણે તૈયારી કરી લેવી છે. મોક્ષ જેટલો વહેલો મળે તેટલું સારૂં, એમ તો ખરૂં ને? તો આપણે અહીંથી પ્રયત્ન શરુ કરી દઈએ અને તે એવો પ્રયત્ન શરુ કરી દઈએ કે-આપણે હવે લાંબો કાળ સંસારમાં ભટકવું પડે નહિ. એમાં, સાથે સાથે બીજી તૈયારી એવી કરવી છે કે-અહીંથી ભૂલે ચૂકે પણ દુર્ગતિમાં સરકી જવાય નહિ. જો કે-મોક્ષના હેતુથી મોક્ષમાર્ગને સેવ્યા કરનારને દુર્ગતિનો ભય રાખવાને કારણ જ નથી. મોક્ષમાર્ગને સેવનાર જો ચૂકે નહિ તો એને જ્યાં સુધી મોક્ષ મળે નહિ, ત્યાં સુધી એની દુર્ગતિ તો થાય જ નહિ. એકલા મોક્ષમાર્ગની સેવામાં જ જીવનને તમે યોજી દો, એ કાંઈ આજે ને આજે શક્ય છે? નથી, તો પણ દુર્ગતિમાં જવું નથી, એ તો ચોક્કસ જ છે ને? સંસારનો સ્વભાવ સરકાવવાનો છે. તેમાં જો દુર્ગતિમાં સરકાઈ જવાયું, તો કદાચ અનન્ત કાળ સુધી પણ આપણને ધર્મની પ્રાપ્તિ થાય નહિ, એ શક્ય છે. જો દુર્ગતિમાં સરકી ગયા,

તો દુઃખ ઘણું અણગમતું હોવા છતાં પણ, દુઃખને ભોગવ્યા વિના છૂટકો થાય નહિ અને ધર્મસામગ્રીનો યોગ પણ પ્રાપ્ત થાય નહિ. કદાચ ધર્મસામગ્રી મળી જાય, તો ય આપણે ધર્મને બરાબર સેવી શકીએ નહિ, એમ પણ બને. આથી, આપણે દુર્ગતિનાં કારણોને સેવવાં નથી અને દેવગતિનાં કારણોને અને મનુષ્યગતિનાં કારણોને સેવવાં છે, એમ ને ? દુર્ગતિ થાય નહિ અને સદ્ગતિની ખાત્રી રહે, એ કયારે બને ? પાપ કરવું પડે તો ય હૈયું એનાથી નોખું રહે તો ! સંસારને સેવવા છતાં પણ, સંસારથી છૂટવાની અને એ માટે સદ્ધર્મને સેવવાની અભિલાષા જીવન્ત રહે તો !

પાપથી વિરામ પામવાની ભાવના :

જૈન હોય તે પાપ કરે જ નહિ, એમ કહેવાય નહિ; પણ જે જૈન હોય તેને પાપ કરવાનું ગમે નહિ અને પાપથી છૂટવાનું એનું દિલ હોય, એમ જરૂર કહી શકાય. જેટલા જૈન એટલા સાધુ જ અથવા સાધુ હોય તે જ જૈન, એવું નથી; પણ જેને હૈયે સાધુપણાની ઈચ્છા નથી, તે સાચો જૈન નહિ ! પાપ કરવા છતાં પણ, જૈનને પાપથી વિરામ પામવાની ઈચ્છા હોય, કેમ કે–પાપ કરવું પડે એવાં કર્મોને બાંધીને આવ્યો હોય તો પાપથી વિરામ પામવાના પરિણામો પ્રગટે નહિ એ બને, પણ જૈનપણાને પામ્યો હોય તો એ પાપને પાપ માને જ અને પાપથી છૂટવાના ધ્યેયવાળો પણ એ જરૂર હોય જ. સાધુપણું શું છે ? પાપ માત્રથી વિરામ પામવું અને ધર્મને આચરવો તે ! ધર્મને આચરવો હશે, તો પાપથી વિરામ પામવાની ભાવનાને કેળવવી જ પડશે ને એ ભાવના હશે તો પાપ પણ

દુર્ગતિમાં ઘસડી જવામિ સમર્થ નહિ બને. અણગમતા માણસમાં પણ સ્વાર્થ હોય તો તેને સાચવી લેવો પડે, નિભાવી લેવો પડે, પણ મનમાં શું થાય ?

સ૦ કયારે એનાથી છૂટાય ?

એટલું જ નહિ, પણ માણસને એવા સ્વાર્થ ઉપર પણ તિરસ્કાર આવે છે. 'સ્વાર્થ છે માટે મારે આવાનું મોંઢું ઉઘડાવવું પડે છે ને ?'–એમ થાય છે; અને 'એવા સ્વાર્થની ગરજ જ ન રહે એવી સ્થિતિ આવે તો સારૂં '–એમ પણ થાય છે. તેમ, પાપ કરવું પડે ત્યારે જૈનને કર્મ ઉપર પણ ગુસ્સો આવે, કેમ કે–પાપથી વિરામ પામવામાં અંતરાય કોણ કરે છે ? તેવા પ્રકારનો કર્મોદય ! પાપમાં પ્રેરે છે કોણ ? તેવા પ્રકારનો કર્મોદય ! તમે કર્મના પ્રેર્યા જ પાપ કરો છો કે પાપ મજેનું લાગે છે માટે પાપ કરો છો ? પાપથી છૂટવાનું મન હોય, તો બોલો. પાપથી છૂટવાનું મન હોય, તો પાપાચરણ કરવા છતાં ય હૈયું એનાથી નોખું રહી શકે. એમાં અવિરતિના ઉદયથી જનિત રાગ ને રસ આવે, તો પણ એ ખરાબ છે, એનાં કારક કર્મ ખરાબ છે, એમ થયા જ કરે. એથી, પાપનો બંધ જોરદાર પડે નહિ અને ધર્મની ભાવના દ્વિકથી લાભ પણ થાય.

<u>દેવ–ગુરૂ–ધર્મ હૈયે હોય તો :</u>

આપણે દુર્ગતિમાં જઈએ નહિ અને સદ્ગતિમાં જઈએ, એ શું બહુ મોટી વાત છે ? જૈનો દુર્ગતિમાં જાય નહિ અને સદ્ગતિમાં જાય, એમાં નવાઈ પામવા જેવું કાંઈ છે જ નહિ. જેમને શ્રી વીતરાગ દેવ મળ્યા, શ્રી વીતરાગ દેવની આજ્ઞાનું

પાલન કરવાને માટે જ જેઓ નીકળ્યા છે એવા નિર્ગ્રન્થ ગુરૂઓ મળ્યા અને શ્રી વીતરાગે ઉપદેશેલો ધર્મ મળ્યો, તેમને દુર્ગતિમાં ખેંચી જવાની તાકાત કોનામાં છે ? આ ત્રણને શરણે રહેલાને તો, કોઈથી ય દુર્ગતિમાં લઈ જઈ શકાય નહિ આ ત્રણને હૈયે રાખીએ નહિ ને દુર્ગતિમાં જઈએ, તો જુદી વાત છે. પણ, એ તો આપણી ભૂલે આ ત્રણને વગોવવા જેવું થાય ને ? શ્રી વીતરાગને સેવતો હતો, નિર્ગ્રન્થ ગુરૂને સેવતો હતો અને એમણે ઉપદેશેલી ધર્મક્રિયા કરતો હતો, છતાં દુર્ગતિમાં ગયો–એમ જો કોઈ કહે, તો તે આપણને કેવું લાગે ? દેવ–ગુરૂ–ધર્મની આપણે આવી વગોવણી તો કરાવવી નથી ને ? આપણા હૈયે જો શ્રી વીતરાગ, એમના સાધુ અને એમનો ધર્મ વસી જાય, તો કદી પણ એવી વગોવણી થવાનો વખત આવે નહિ. એમાં આપણને પણ લાભ જ છે ને ? આ ત્રણ જેના હૈયે હોય, તેને ભૂલાવવાની સંસારના સુખમાં ય શક્તિ નથી અને દુઃખ એને મુંઝવી શકે નહિ. કદાચ દુઃખ આવે, તો ય એ સમજે કે–મારી ભૂલે દુઃખ આવ્યું છે; દુઃખ સારા વખતે આવ્યું, એમ એને થાય; કેમ કે–હૈયે દેવ–ગુરૂ–ધર્મ છે. દુઃખને એ સારી રીતિએ વેઠી લે. સુખ ભૂલાવે નહિ, દુઃખ મુંઝવે નહિ અને હરેક અવસ્થામાં દેવ–ગુરૂ–ધર્મ હૈયે રહે, તો દુર્ગતિના દરવાજા બંધ અને સદ્ગતિ રાહ જુએ. હૈયાને આવું બનાવી દઈએ, તો ' મર્યા પછી આપણું થશે શું ?' –એવી ચિન્તા રાખવાને શું કારણ છે ?

મહારાજા શ્રી કુમારપાલને હૈયે ધર્મ હતો :

મહારાજા શ્રી કુમારપાલે, એવો અવસર આવી લાગ્યો

તો કહી દીધું કે– ' **मरणेऽपि सज्जा वयम्** ' કહેવું ક્યારે કહી શકાય ? એમના હૈયામાં દેવ–ગુરૂ–ધર્મ વસેલા હતા, માટે એ એમ કહી શકયા. મહારાજા શ્રી કુમારપાલને એક વાર તેમના દુશ્મનો તરફથી ઝેર આપી દેવામાં આવ્યું. ઝેર અવાઈ ગયું હોય તો પણ, તેનાથી બચી શકાય એવી શુક્તિ રાજભંડારમાં હતી; પણ શ્રી કુમારપાલને ઝેર આપવાનું કાવતરૂં રચનારાઓએ, એ શુક્તિને પણ પહેલેથી જ પોતાના કાબૂમાં લઈ લીધી હતી. અહીં ઝેરની અસર વધ્યે જતી હતી, ત્યાં શ્રી કુમારપાલને ખબર પડી ગઈ કે–પોતાને ઝેર આપવાનું કાવતરૂં કોણે રચ્યું છે; અને, તેણે ઝેરને ઉતારનારી શુક્તિ પણ કબજે કરી લીધી છે, એમ પણ તેમના જાણવામાં આવી ગયું. આ વખતે એમને શું થાય ? શાસ્ત્રોમાં નોંધ છે કે–એ વખતે શ્રી કુમારપાલે, પોતાને ઝેર આપનાર દુશ્મન ઉપર પણ ગુસ્સો કર્યો નથી. એ સમજી ગયા કે– હવે હું બચી શકું તેમ નથી, એટલે અન્તિમ આરાધનામાં લાગી ગયા. ઝેર ઉતારવાની શુક્તિ નહિ મળવાથી નારાજ થનારાઓને તેમણે કહ્યું છે કે–' મરવાને માટે પણ અમે તૈયાર છીએ !' જાણી જોઈને મરવું નહોતું, પણ મરણ આવી પડે તો તેનો જરાયે ડર નહોતો. જેના મનમાં એમ હોય કે–' જીવીશું તો ધર્મ કરીશું અને મરીશું તો સદ્ગતિ હાજર જ છે ' એ, મરણથી ડરે પણ શું કરવાને ? જીવાય તો ધર્મ કરવો છે અને મરાય તો સદ્ગતિ મળશે, એવી ખાત્રી છે– આવું જેના મનમાં હોય, તેનાથી અશાન્તિ આઘી રહે અને તેની શાન્તિ બની રહે. મહારાજા શ્રી કુમારપાલે અન્તિમ આરાધના પણ બહુ સારી કરી છે, કેમ કે–હૈયે ધર્મ હતો.

એમને હૈયે ધર્મ ન હોત, તો એ પોતાના મૃત્યુને બગાડત, એમ લાગે છે ને? કાવતરૂં કરીને ઝેર ઉતારનારી શુક્તિ પણ ગુમ કરી દીધી, એ જાણીને ગુસ્સો ન આવે? પણ, એ વખતે ગુસ્સો આવે તો તેમાં બગડે કોનું? શ્રી કુમારપાલે ગુસ્સો કર્યો હોત, તો એમનું તો બગડત જ ને? પણ એમને હૈયે ધર્મ હતો, એટલે એમણે ઝેર આપનારના સંબંધમાં બીજો કશો પણ વિચાર નહિ કરતાં, એક માત્ર પોતાના આત્માના જ હિતનો વિચાર કર્યો.

આ લોકમાં ને પરલોકમાં શું જોઈએ છે?

આપણે પણ આત્માના હિતનો વિચાર કરીએ, તો સદા સાવચેત રહી શકીએ ને? સંસારમાં તો ઉલ્કાપાત પણ હોય. મનને ક્ષોભ પમાડે એવા સંયોગો સંસારમાં આવે, એમાં તો નવાઈ જ નહિ. હમણાં હમણાંમાં તો વળી ઘણા વિચિત્ર સંયોગો ઉપસ્થિત થતા જાય છે. આજની રાજ્યપદ્ધતિના કારણે પણ કેટલાકોની મુશ્કેલીઓ વધી છે. યુદ્ધની વાતો સંભળાયા જ કરે છે. હજુ તો આથી પણ વધુ કપરા સંયોગો આવવાની સંભાવના છે. ગમે તેવા કપરા કાળમાં પણ, હૈયે જો ધર્મ હોય, તો સુખે જીવી શકાય. ગમે તેવા સંયોગો આવે, પણ આત્માના હિતના વિચારને ભૂલવો નથી, એવું જો નક્કી કરી લો અને એ મુજબ વર્તવાને માટે પ્રયત્નશીલ બનો, તો તમે કહી શકો કે–'આ સંયોગો પણ અમારી સમાધિને લૂંટી શકે તેમ નથી. અમે અમારા જીવનને એવું કેળવ્યું છે કે–અમે પ્રતિકૂળ સંયોગોમાં પણ સુખે જીવી શકીએ! પ્રતિકૂળ સંયોગો અગર અનુકૂળ સંયોગો જો અમારી

સમાધિને લૂંટી જાય, તો અમારૂં જીવન ધૂળ થઈ જાય; પણ અમે તે થવા દઈએ નહિ !' આપણને ખપ તો સમાધિનો છે ને ? કોઈ પૂછે કે-તમારે આ લોકમાં શું જોઈએ છે ?, તો તમે શું કહો ? પરલોકમાં તમને શું જોઈએ છે ?-એમ જો કોઈ પૂછે, તો તમે શું કહો ? ગમે તેમ કરીને પણ સુખ જ જોઈએ છે, એમ કહો ને ? ત્યારે, હૈયે ધર્મ છે કે સંસારનું સુખ છે ? સંસારનું સુખ તો પુણ્ય વિના મળે નહિ અને પાપના ઉદયે દુઃખ આવ્યા વિના રહે નહિ; પણ હૈયે ધર્મ હોય, તો સુખ મુંઝવે નહિ અને દુઃખ સતાવી શકે નહિ. તમારે તો ' અહીં શું જોઈએ છે ? '-એવું પૂછનારને ય ' ધર્મ જોઈએ છે '-એમ કહેવું જોઈએ; અને ' પરલોકમાં શું જોઈએ છે ?'-એમ પૂછનારને ય ' ધર્મ જોઈએ છે '-એમ કહેવું જોઈએ; કારણ કે-એક ધર્મ જ એવો છે, કે જે સુખમાં ને દુઃખમાં અશાન્તિથી બચાવી શકે છે અને શાન્તિ આપી શકે છે. સંસારમાં સુખ તો પુણ્યનો યોગ હોય તો જ મળે અને દુઃખ આવે તો તે દ્વારા પાપ જાય છે, એટલે જોઈએ એક સમાધિ, એવું નક્કી કરો. સુખમાં પણ સમાધિ જોઈએ અને દુઃખમાં પણ સમાધિ જ જોઈએ-એવું નક્કી કરો, એટલે ધર્મ જ જોઈએ છે, એ વાત આવી જવા પામે. હાલ ધર્મ કેટલો થાય છે, એ વાત નોખી છે. હાલમાં ધર્મ થઈ શકતો ન હોય, એમ પણ બને. પરન્તુ, તમારા દિલમાં એ જ એક વાત હોવી જોઈએ કે-જો શકય હોય તો, જોઈએ છે એક માત્ર ધર્મ જ ! ધર્મને પામેલા પુણ્યાત્માઓનું લક્ષ્ય એ હોય કે-આ લોકમાં સમાધિ મળે, પરલોકમાં ધર્મની સામગ્રી મળે અને પરિણામે મુક્તિ મળે.

મહારંભ અને મહા પરિગ્રહવાળા તેમાંથી રસ કાઢી નાખે અને બીજાઓ ઇચ્છાને દોદરી બનાવી દે :

જેના હૈયામાં આવો ભાવ પ્રગટયો હોય અને આવા ભાવમાં જે રમતો હોય, તે નરકનાં અમુક અમુક કારણોમાં બેઠો હોય તો પણ, એને નરકના આયુષ્યનો બંધ પડે નહિ. નરકનાં કારણો થઈ પડે એવી કેટલીક વસ્તુઓ તમારી પાસે છે અને તે હમણાં છોડી શકાય તેમ નથી, એમ પણ તમે કહો છો. જેમની પાસે એ વસ્તુઓ નથી, તેઓમાં પણ મોટા ભાગે 'એ વસ્તુઓ મળે તો ઠીક'–એવી ઇચ્છા છે. આપણે જોઈ આવ્યા ને કે–મહારંભ અને મહા પરિગ્રહ, એ પણ નરકનાં કારણો છે ? મહારંભ અને મહા પરિગ્રહ હોય પણ નહિ અને એને ઇચ્છતા પણ ન હોય, એવા કેટલા ? એવા નહિ, એમ તો નહિ; પણ એવા થોડા. ત્યારે, જેઓ નરકનાં કારણોમાં બેઠા છે અથવા તો તેને ઇચ્છે છે, તેઓને દુર્ગતિમાં જવાની ઇચ્છા છે ખરી ?

સ૦ એવી ઇચ્છા તો કોને હોય ?

એવી ઇચ્છા ન હોય, પણ જો એવા કર્મને બાંધીએ તો શું થાય ? જેઓ નરકનાં સાધનોમાં બેઠા છે, તેઓને પણ દુર્ગતિ ન મળે અને સદ્‌ગતિ મળે, એ કાંઈ અશક્ય નથી; પણ હૈયાને તો ફેરવવું જ પડશે. એવાઓ મહારંભને બંધ કરી દે અને મહા પરિગ્રહને તજી દે, તો તો બહુ રાજી થવા જેવું છે, પણ કદાચ તાત્કાલિક એ બની શકે નહિ, તો ય તાત્કાલિક કરવા જેવું એ તો છે જ કે–'હું નરકનાં કારણોમાં બેઠો છું'–તેનું ભાન પેદા થાય. એ ભાન પેદા થાય, એટલે

એનાથી કેમ છૂટાય–એની પેરવીમાં એ પડે; રોજ મહારંભ ને મહા પરિગ્રહ ખટકે ને એને છોડવાનું મન થાય. જેઓ મહારંભી ને મહા પરિગ્રહી ન હોય, તેઓ પોતાની ઇચ્છાને કાબૂમાં લઈ લે. અહીં બેઠેલાઓમાંનો મોટો ભાગ બે પ્રકારનો છે. કાં તો મહારંભી ને મહા પરિગ્રહી છે અને કાં તો એને ઇચ્છનારા છે. શ્રાવક મહારંભ ને મહા પરિગ્રહમાં બેઠેલા હોય –એ બને, પણ એને જ ઇચ્છનારા એ ન હોય. તમે મહારંભાદિને સેવો અને ઇચ્છો, તે છતાં પણ 'અમને દુર્ગતિમાં જવા દેશો નહિ'–એમ તમારે ભગવાનને કહેવું છે ને? પણ ભગવાન કરે શું? ભગવાનનું કહ્યું કરો, તો જ ભગવાન દ્વારા તમારું ભલું થઈ શકે. 'ભગવાન ભલું કરે'–એ તો આપણે એ તારકોએ ભલું કરવાનો માર્ગ દર્શાવ્યો છે માટે કહીએ છીએ; બાકી તો દરેક જીવ પોતાનું ભલું અને પોતાનું ભૂંડું પોતે જ સર્જે છે. તમારું હૈયું મહારંભાદિમાં જ રમતું હશે અને તેમાં તમે જો રાજીપો જ અનુભવ્યા કરતા હશો, તો તમે જે ધર્મક્રિયાઓ કરો છો, તે પણ તમને શી અને કેટલીક મદદ કરી શકશે? આ ધર્મક્રિયાઓનો જો સાચો લાભ લેવો હોય, તો ય તમારે તમારા હૈયાને સુધારવું પડશે. તમારે જો દુર્ગતિમાં ન જવું હોય, તો એ માટે તમારે શું કરવું જોઈએ? જેઓ મહારંભ અને મહા પરિગ્રહમાં બેઠા છે, તેઓ તેમાંથી રસ કાઢી નાખે અને એની ઇચ્છાવાળા પોતાની ઇચ્છાને દોદરી બનાવી દે. 'મહારંભ અને મહા પરિગ્રહ, એ નરકનું કારણ છે'–એમ જો બરાબર લાગી જાય અને જો ભગવાને કહેલો ધર્મ હૈયે વસી જાય, તો જ દુર્ગતિથી બચવાનો ઉપાય છે.

'જેને લીધે મને સલામ ભરે છે, તે મને દુર્ગતિમાં લઈ જનાર છે'–એમ થાય છે?

મહારંભ અને મહા પરિગ્રહ–એ પણ નરકનાં કારણો છે, એમ સમજીને, મહારંભી અને મહા પરિગ્રહીએ હવે તો એનાથી કેમ છૂટાય, એનો વિચાર કરવો પડશે ને? એકદમ ન છોડી શકાય તો શું કરવું?, એમ તમે પૂછી શકો છો. એ વખતે કહેવાય કે–આ મહારંભ ને મહા પરિગ્રહમાં જે રસ અનુભવી રહ્યા છો ને એમાં સુખની જે કલ્પના કરી રહ્યા છો, તે કાઢી નાખો; અને રોજ વારંવાર વિચાર કરો કે–'આ નરકનું કારણ છે; કયારે આનાથી છૂટાય?' જેઓ મહારંભી ને મહા પરિગ્રહી નથી, તેમણે તો માત્ર ઈચ્છા ઉપર જ કાપ મૂકવાનો છે ને? નરકને ઈચ્છે નહિ, તે નરકના કારણને ઉપાદેય બુદ્ધિએ ઈચ્છે અને એ ન મળે તો તેથી ભયંકર રીબામણ અનુભવે, એ મેળ મળે ખરો? નહિ, પણ આ બધું કયારે બને? મહારંભ ને મહા પરિગ્રહ, એ મહા પાપ છે–એમ લાગે તો ને? ધન રાખવું એ પાપ છે–એમ લાગે છે ખરું? તમારી પાસે ધન ઘણું હોય, ધંધો મોટો હોય, એથી કોઈ તમને સલામ ભરે, આદરથી બોલાવે, 'પધારો શેઠ' વગેરે કહે, વાત વાતમાં આગળ કરે, તે વખતે તમને શું લાગે? મનમાં તો એમ થાય ને કે–'જેને લીધે આ મને સલામ ભરે છે અથવા તો મારો સત્કારાદિ કરે છે, તે મને નરકમાં લઈ જનાર છે?' તમે પાછળથી આવ્યા હો તો ય તમને લાવીને આગળ બેસાડે ને પધારો પધારો કહે, તે વખતે તમને શું થાય? તમારું ધન અને તમારો ધંધો તમને

યાદ આવે ને ? તમે કાંઈ ભોઠ બોઠ છો, કે જેથી તમારો આદર શાથી થાય છે, તે તમે સમજી શકો નહિ ? તે વખતે જો તમે વિવેકી હો, તો તમને એમ પણ થાય કે–જેના યોગે મને આ માન મળે છે, તે મને દુર્ગતિમાં લઈ જનાર છે !

સ૦ માન તો પુણ્યથી મળે ને ?

તમને માન આપનારા તમારા પુણ્યને જોવા ગયા છે ? એ તો તમારૂં ધન ને તમારો ધંધો જુએ છે ને ? ધંધો ને ધન તમને મળ્યું તમારા પુણ્યે અને માન મળ્યું તે ય તમારા પુણ્યે, પણ માન આપનારાએ શું જોયું ? તમારા ધર્મને, તમારા વિવેકને જોઈને કોઈ તમને માન આપે, તેની આ વાત નથી; પણ કેવળ તમારા ધનવાનપણા આદિ તરફ નજર રાખીને તમને લોકો માન આપે છે, તેની આ વાત છે. તમને લોકો માન આપતા હોય, તે વખતે ય તમને ' મારી પાસે ઘણું ધન છે, તે દુર્ગતિનું કારણ છે '–એમ યાદ આવે ને ? કે પછી, એમ થાય કે–' ધનનો કેવો મહિમા છે ? ધન છે, તો આ બધા મને બોલાવે છે અને આદરથી આગળ કરે છે ! ' ?

<u>મિથ્યાત્વને કાઢવું પડશે :</u>

તમે વિવેકી બનો, તો તમે ધનનો મહિમા એવી રીતિએ વિચારી શકો કે–'તમને, તમારી અને તમારા ધનના યોગે તમને માન આપનારની પણ, દયા આવે. ઘણા ધનનો સંગ્રહ, એની મૂર્ચ્છા દુર્ગતિમાં લઈ જનાર છે. પણ જગતમાં અજ્ઞાન કેટલું બધું છે ? મને ચેતવવાને બદલે હું ભાનભૂલો બનું એવું થાય છે.' ધનવાનને ઔચિત્ય તરીકે પણ માન અપાય,

પણ ધનવાને પોતે વિચાર કરવો પડે, કેમ કે–એને દુર્ગતિમાં જવું નથી. જો એમ થઈ જાય કે–આ બધો ધનનો પ્રતાપ છે, માટે ધન તો જોઈએ જ; તો એને ડૂબી જતાં વાર લાગે નહિ. ધન તજવા જેવું છે, પરિગ્રહ એ પાપ છે, એમ જો સમજાઈ જાય, તો મહા પરિગ્રહી એનો સારો ઉપયોગ કરવા માંડે ને? થોડું ધન હોય તે ય, થોડા દાન દ્વારા ઘણો લાભ ઉઠાવી શકે. આ તો શ્રી સિદ્ધક્ષેત્ર છે. અહીં તો ધર્મનાં કારણો બહુ મળે. બીજાં ક્ષેત્રો કરતાં આ ક્ષેત્ર બહુ દાન કરાવનાર છે. મહા પરિગ્રહવાળા નક્કી કરી લે કે–સદુપયોગ કરવાનું આ સુંદર સ્થાન છે. કહી દે કે–અહીં જેને ટીપ લઈ ને આવવું હોય તે ખૂશીથી આવે, કેમ કે–અહીં પાપથી છૂટવાની ભાવના બહુ જોરદાર હોય છે. સાધારણ સ્થિતિવાળા પણ સમજે કે–પુણ્યની ઉત્તમ તક છે. જેટલાં કારણો દુર્ગતિમાં લઈ જનારાં બેઠાં છે, તે જો તમે ધારો ને મનની દિશાને ફેરવી નાખો, તો તે દુર્ગતિમાં લઈ જઈ શકે નહિ. હૈયાને જો બરાબર સુધારી લેવાય; તો ભવની સુંદર પરંપરા સર્જાય અને મુક્તિ વહેલી મળે. આ માટે, મિથ્યાત્વને કાઢવું પડશે અને સમ્યક્ત્વને મેળવવું પડશે.

મિથ્યાત્વ એ સઘળાં પાપોનો બાપ છે :

નરકના આયુષ્યના આશ્રવો પૈકી આપણે પંચેન્દ્રિય-પ્રાણિવધ, બહુ આરંભ તથા બહુ પરિગ્રહ, નિરનુગ્રહતા, માંસભોજન, સ્થિરવૈરતા અને રૌદ્રધ્યાન–આટલા આશ્રવો વિષે કેટલોક વિચાર કરી આવ્યા છીએ. હવે પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહા-

રાળ ફરમાવે છે કે–મિથ્યાત્વ અને અનન્તાનુબંધી કષાયો, એ પણ નરકના આયુષ્યના આશ્રવો છે. શાસ્ત્રોમાં સામાન્ય રીતિએ નરકનાં કારણો તરીકે–મહારંભ અને મહા પરિગ્રહ છે, એમ પણ કહેલ છે; અને મહારંભ, મહા પરિગ્રહ, પંચેન્દ્રિયપ્રાણિવધ તથા માંસાહાર–આ ચારને પણ નરકનાં કારણો તરીકે વર્ણવાએલ છે. મહારંભ અને મહા પરિગ્રહ જ્યાં હોય, ત્યાં મોટે ભાગે પંચેન્દ્રિય–પ્રાણિવધ આદિ હોય, તેમાં નવાઈ પામવા જેવું નથી. મહારંભ તે કહેવાય છે, કે જેમાં પ્રાયઃ રોજીંદી હિંસા ચાલુ જ હોય છે. આટલી બધી હિંસા થાય એવું કર્મ કરે અને પોતાની આંતરડી કકળે નહિ, પોતાનું અન્તઃકરણ અરેરાટી અનુભવે નહિ, એ કયારે બને ? કેટલા બધા હિંસક પરિણામો હોય, તો એ બને ? મહા પરિગ્રહને ય સુખનું કારણ માનવાને માટે, કષાયોનું જોરદારપણું જરૂરી હોય છે. મહા પરિગ્રહ, કેટલા આરંભોને અને કેટલા મહારંભોને સર્જે, તે કહેવાય નહિ. ધનને અગીઆરમા પ્રાણ તરીકે પણ ઓળખાવાએલ છે, એટલે મહા પરિગ્રહમાં રક્ત બનેલો જીવ, પોતાના પરિગ્રહના રક્ષણાદિને માટે શું શું ન કરે, એ કહી શકાય નહિ. અવસરે એ, પંચેન્દ્રિય–પ્રાણિવધ, યોજના પૂર્વકેય કરે. એનામાં અનુગ્રહશીલતા તો ભાગ્યે જ હોય. મોટે ભાગે એનું હૈયું કઠોર હોય, એટલે રૌદ્રધ્યાન તો એના હૈયામાં આગેવાન સ્થાન ભોગવતું હોય. એવાઓને, કોઈની સાથે સ્થિરવૈરનો પ્રસંગ આવી જવો, એ પણ બહુ સુલભ. વૈરનો પ્રસંગ મહારંભ અને મહા પરિગ્રહવાળાને સહેલાઈથી આવે અને વૈરના પરિણામોને તજી દેવા જેવી હૈયાની મોટપ એવાઓમાં ભાગ્યે જ હોય. આમ છતાં પણ, મહારંભ અને

મહાપરિગ્રહવાળા નરકે જ જાય–એવો નિયમ નથી, કારણ કે–પરિણામ ઉપર પણ એનો ઘણો આધાર રહે છે. મિથ્યાત્વ અને કષાયો કેવાક જોરદાર છે, એ જોવું પડે. આ બધા દોષોમાં રસ ઉત્પન્ન કરનાર કોઈ મહા દોષ હોય, તો તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વ, એ એક એવો દોષ છે કે–બીજા દોષોને એ જોરદાર બનાવી દે. એ એક મન્દ પડે, તો બીજા દોષો સ્વાભાવિક રીતિએ મન્દ પડે. આથી જ, જ્ઞાનિઓએ મિથ્યાત્વને સઘળાં ય પાપોના બાપ તરીકે ઓળખાવેલ છે. સત્તરેય પાપસ્થાનકો, મુખ્યત્વે, એ અઢારમા પાપસ્થાનકના આધારે જીવે છે. જો એ એક ખસી જાય, તો તે પછી સત્તરમાંથી એક પણ પાપ લાંબા કાળને માટે જીવી શકતું નથી.

મિથ્યાત્વની હાજરીમાં ગુણો અને સમ્યક્ત્વની હાજરીમાં દોષો કેવા ફલને આપી શકે છે?

આજે મિથ્યાત્વના સંબંધમાં જૈન સમાજમાં પણ કેટલી બધી બેદરકારી આવી ગયેલી જણાય છે? જેના આધાર વિના કોઈ પણ પાપ લાંબો વખત ટકી શકે નહિ અને જે પાપ સાથે હોય તો જ ઉત્કટ હિંસાદિ દોષો પણ અશુભ અનુબંધના હેતુ બની શકે છે, કારણ કે–મિથ્યાત્વ ન હોય તો દોષની વ્યામૂઢતા સંભવી શકતી નથી અને દોષની વ્યામૂઢતા વિના દોષો બહુ નુકશાન કરી શકતા નથી; તે મિથ્યાત્વ એ એક એવું પાપ છે કે–એને તજ્યા વિના તો, વસ્તુતઃ એક પણ દોષને તજી શકાતો નથી. મિથ્યાત્વ, એ બહુ જ ભયંકર કોટિનું પાપ છે. હિંસાદિક પાપોથી તો, અભવ્યો અને દુર્ભવ્યો પણ ઘણે અંશે પાછા હઠી શકે છે. અભવ્યોને માટે અને દુર્ભવ્યોને માટે દ્રવ્ય

ચારિત્રનો નિષેધ નથી કર્યો. એ કાંઈ અશકય નથી કે–અભવ્યો અને દુર્ભવ્યો સર્વવિરતિની દીક્ષાને ગ્રહણ કરે અને તેનું પાલન પણ એવી રીતિએ કરે કે–બીજાઓને કદાચ એમ પણ લાગે કે–આ લોકો ગજબનું સંયમપાલન કરે છે. ઘોર સંયમ અને ઘોર તપ, એ અભવ્યો અને દુર્ભવ્યોને માટે, અશકય નથી; પણ આ મિથ્યાત્વ નામના પાપનો ત્યાગ તો માત્ર ભવ્યાત્માઓ જ કરી શકે છે. એટલે, નથી તો અભવ્યો મિથ્યાત્વ નામના પાપને તજી શકતા અને નથી તો દુર્ભવ્યો મિથ્યાત્વ નામના પાપને તજી શકતા; માત્ર ભવ્યાત્માઓ જ મિથ્યાત્વ નામના પાપને તજીને સમ્યગ્દર્શન રૂપ ધર્મને પામી શકે છે. મિથ્યાત્વ જેમ મૂઢતાને પેદા કરનારૂં છે, તેમ સમ્યક્ત્વ એ ધર્મના રસને પેદા કરનારૂં છે. સમ્યક્ત્વની હાજરીમાં દોષો પણ તેવા ફલને આપી શકતા નથી, કે જેવા ફલને દોષો મિથ્યાત્વની હાજરીમાં આપી શકે છે. એવી જ રીતિએ, મિથ્યાત્વની હાજરીમાં ગુણો પણ તેવા ફલને આપી શકતા નથી, કે જેવા ફલને ગુણો સમ્યક્ત્વની હાજરીમાં આપી શકે છે. અભવ્યો અને દુર્ભવ્યો જ્યારે ઘોર સંયમનું પાલન કરે છે અને ઘોર તપને તપે છે, તે વખતે જો તેમનામાં મિથ્યાત્વની હાજરી ન હોય અને સમ્યક્ત્વની હાજરી હોય, તો એ સંયમ અને એ તપ, એમને મુક્તિ આપ્યા વિના રહે નહિ; પરંતુ એક માત્ર મિથ્યાત્વની હાજરી, એમને એ સંયમના પાલનના અને એ તપના સેવનના વાસ્તવિક ફલથી વંચિત રાખે છે. એવી રીતિએ, સમ્યક્ત્વની હાજરી હોય એવા વખતે અવિરતિના યોગે સેવાતાં મહા પાપો પણ, આત્માને દુર્ગતિમાં ઘસડી જવાને માટે સમર્થ બની શકતાં જ નથી; અને સમ્યગ્દૃષ્ટિ

આત્મા જે કાંઈ થોડા કે વધુ પ્રમાણમાં ધર્મને આચરે છે, તે ધર્મ તેના મોક્ષમાં કારણભૂત બને છે. જો આ વાત બરાબર ખ્યાલમાં આવી જાય, તો મિથ્યાત્વને તજવાનો અને સમ્યક્ત્વને પ્રગટાવવાનો પ્રયત્ન કરવાનું મન થયા વિના રહે નહિ.

મુખ્યત્વે મિથ્યાત્વ જ આત્માને સંસારમાં રખડાવે છે :

મિથ્યાત્વ સિવાયનાં પાપોને તજવાનો પ્રયત્ન પણ અવશ્ય કરવા યોગ્ય છે. પાપનો સર્વથા ત્યાગ કર્યા વિના, સાચા ધર્મમય જીવનને પામી શકાય–એ શક્ય નથી; અને જ્યાં સુધી એકાન્તે ધર્મમય જીવન પ્રાપ્ત થાય નહિ, ત્યાં સુધી મુક્તિની પ્રાપ્તિ થવી, એ પણ શક્ય નથી. આમ છતાં પણ, પાપોને તજવાને અસમર્થ એવા પણ માણસે, મિથ્યાત્વ રૂપ પાપને તજવાનો પ્રયત્ન તો જરૂરાજરૂર કરવો જોઈએ. પાપનું સેવન–એ જુદી વસ્તુ છે અને પાપની વ્યામૂઢતા–એ જુદી વસ્તુ છે. પાપનું આચરણ પણ, પાપની વ્યામૂઢતાના યોગે જ, બહુ ભયંકર ફલને આપનારૂં નિવડે છે અને પાપની વ્યામૂઢતા મિથ્યાત્વના યોગે થાય છે. આથી, તમે આજે પાપનો સર્વથા ત્યાગ કરવાને માટે અસમર્થ હો, તો પણ મિથ્યાત્વને તજવાનો તો તમારે ખૂબ ખૂબ પ્રયત્ન કરવો જોઈએ. મિથ્યાત્વની હાજરીમાં પાપ સાથે રમવું, તે ઝેરવાળા સાપની સાથે રમવા જેવું છે; અને, મિથ્યાત્વની ગેરહાજરીમાં પાપ સાથે રમવું, તે ઝેર જેનું નીચોવાઈ ગયું છે–એવા સાપની સાથે રમવા જેવું છે. આ બે વચ્ચેનો ભેદ સમજાય છે? હિંસાદિ પાપો ખરાબ છે, દુઃખનાં દેનારાં છે, તજવા જેવાં જ છે અને એને તજ્યા વિના સંપૂર્ણ કલ્યાણ થવાનું નથી; પરંતુ મિથ્યાત્વ તો એવું પાપ છે કે–એ પાપને

પાપ તરીકે ઓળખવા દે નહિ. પાપમાં સુખ છે, એવી કલ્પનાને પેદા કરવાની તાકાત મિથ્યાત્વમાં છે હિંસાદિક દોષો અધર્મ કરાવે, પણ અધર્મ કરવા લાયક છે–એવું તો મિથ્યાત્વ જ મનાવે. જેનું મિથ્યાત્વ જોરદાર હોય, તેને ખૂદ ભગવાન શ્રી જિનેશ્વરદેવ મળે, શાસ્ત્રોનું જ્ઞાન મળે, છતાં પણ એનું સાચું ફળ એને મળે નહિ. જેમનું મિથ્યાત્વ રૂપ પાપ જવા પામે છે અને એથી જેમનામાં સમ્યક્ત્વ રૂપ ગુણ પ્રગટે છે, એવા આત્માઓ કદાચ હિંસાદિ પાપોના ત્યાગી ન પણ હોય, તો પણ તે આત્માઓ અર્ધ પુદ્ગલપરાવર્ત્ત કાલથી પણ ઓછા કાળમાં મુક્તિને અવશ્ય પામે છે. એક વાર મિથ્યાત્વ ગયું ને સમ્યક્ત્વ પ્રગટયું, પછી કદાચ ફરી મિથ્યાત્વનો ઉદય થઈ જાય, તો ય એ આત્મા અર્ધ પુદ્ગલપરાવર્ત્ત કાલથી ઓછા કાળમાં મુક્તિને પામ્યા વિના રહે જ નહિ. આથી, એ વાત સુનિશ્ચિત થાય છે કે–આત્માને સંસારમાં રખડાવનારાં જે જે કારણો છે, તે બધાં કારણોમાં સૌથી મુખ્ય કારણ મિથ્યાત્વ છે અને મિથ્યાત્વના ગયા બાદ, આત્માને સંસારમાં રખડાવનારાં બીજાં કારણો, આત્માની સાથે લાંબા વખતને માટે અસ્તિત્વ ધરાવી શકતાં જ નથી.

મિથ્યાત્વને તજવાનો ને સમ્યક્ત્વને પામવાનો પ્રયત્ન કેટલો ?

તમને લાગે છે ને કે–મિથ્યાત્વ, એ બહુ જ ભયંકર કોટિનું પાપ છે ? એ પાપ જ્યાં સુધી જીવતું હોય, ત્યાં સુધી બીજું એક પણ પાપ વસ્તુતઃ મરે નહિ. ભયંકર મિથ્યાત્વની હાજરીમાં હિંસાદિકનો કદાચ ત્યાગ પણ કરાય, તો ય તે મોહનો નાચ જ ગણાવાનો, કેમ કે–હિંસાદિને તજવા છતાં

પણ, હિંસાદિ ત્યાજ્ય જ છે–એ વગેરે ભાવો પેદા થાય જ નહિ. જેમને પોતાના સંસારપર્યાય તરફ અણગમો પેદા થયો હોય અને જેમણે પોતાના મોક્ષપર્યાયને પેદા કરવો હોય, તેમણે આ મિથ્યાત્વ રૂપ દોષને તજવાનો તો, સૌથી પહેલો પ્રયત્ન કરવો જોઈએ. તમે તો, મિથ્યાત્વને ક્યાં તો તજી દીધું હશે અને ક્યાં તો તમે મિથ્યાત્વને તજવાની પેરવીમાં હશો, એમ માની લઉં ને ? તમે તો વારંવાર સમ્યક્ત્વ અને મિથ્યાત્વની વાતો સાંભળેલી ને ? તામલી તાપસ મિથ્યાદૃષ્ટિ હતો, એથી જ એના મહા તપના મૂલ્ય કરતાં પણ સમ્યગ્દૃષ્ટિની એક નવકારશીનું મૂલ્ય મોટું, આવું તો તમે અનેક વાર સાંભળેલું ને ? ત્યારે તો તમે ' સમ્યક્ત્વ શું અને મિથ્યાત્વ શું '–એ સારી રીતિએ જાણતા જ હશો ને ? સમ્યગ્દૃષ્ટિની નવકારશીના ફલની તોલે પણ મિથ્યાદૃષ્ટિના મહા તપનું ફલ આવી શકે નહિ, એ વાતને જાણનારા, બોલનારા અને વારંવાર સાંભળનારા તમે, ' સમ્યક્ત્વ કોને કહેવાય અને મિથ્યાત્વ કોને કહેવાય '–એને સમજવાનો પ્રયત્ન નહિ કર્યો હોય, અથવા તો તમે મિથ્યાત્વને તજીને સમ્યક્ત્વને પ્રગટ નહિ કર્યું હોય, અથવા તો છેવટ મિથ્યાત્વને તજવાના તથા સમ્યક્ત્વને પ્રગટ કરવાના પ્રયત્નમાં તમે નહિ હો, આવું તો કેમ મનાય ? સમ્યક્ત્વ કોને કહેવાય અને મિથ્યાત્વ કોને કહેવાય, એ તો તમે ગમે ત્યારે ગમે તેને સહેલાઈથી સમજાવી શકો ને ? કારણ કે–આ તો મૂળની વસ્તુ છે. મિથ્યાત્વના યોગે જો તામલી તાપસના મોટા પણ તપની લાંબી કિંમત નહિ, તો આ બધી ધર્મક્રિયાઓ, આપણામાં જો મિથ્યાત્વ હશે, તો આપણને શું ફલ આપશે, એવી ચિન્તા થયેલી કે નહિ ? અભવ્યો ને દુર્ભવ્યો

જ્યારે આ શાસને કહેલા સંયમને લેતા હશે અને પાળતા હશે, ત્યારે બધી ક્રિયાઓ કેવી રીતિએ કરતા હશે ? એમની ક્રિયાઓની પાસે જો તમારી આ બધી ધર્મક્રિયાઓને મૂકીએ, તો ધર્મક્રિયા માત્ર તરીકે એમની ક્રિયાઓ ચઢે કે તમારી ક્રિયાઓ ચઢે ? ત્યારે, આજે મિથ્યાત્વને કાઢવાની અને સમ્યક્ત્વને પ્રગટાવવાની બાબતમાં, બહુ બેદરકારી કેમ દેખાય છે ? મિથ્યાત્વ કોને કહેવાય અને સમ્યક્ત્વ કોને કહેવાય, એને સમજવાનો ય તમે કેટલોક પ્રયત્ન કર્યો છે ?

સુદેવાદિને માનતો હોય, તે છતાં પણ જો મોક્ષની રૂચિ ન હોય, તો સમ્યક્ત્વ નથી, એમ નક્કી થાય છે :

આજે રોજ ધર્મક્રિયાઓ કરનારાઓમાં પણ, એવા તો થોડા જ નીકળે કે–એમને પૂછીએ કે ' મિથ્યાત્વ કોને કહેવાય અને સમ્યક્ત્વ કોને કહેવાય' તો એ વિષે જેઓ સમજપૂર્વકનો વ્યાજબી જવાબ આપી શકે. બહુ બહુ તો કહે કે– ' કુદેવ, કુગુરૂ અને કુધર્મનો ત્યાગ તથા સુદેવ, સુગુરૂ અને સુધર્મનો સ્વીકાર, એ સમ્યક્ત્વ છે અને એથી વિપરીત એ મિથ્યાત્વ છે. ' આ વ્યાખ્યા પણ બરાબર છે; ખોટી નથી, સાચી છે; પણ વિચારણીય એ છે કે–' આની પાછળ જે સમજ હોવી જોઈએ, તે સમજ છે કે નહિ ?' આ વ્યાખ્યામાં બધું આવી જાય છે, પણ દેવને ' કુ ' શાથી કહેવાય અને ' સુ ' શાથી કહેવાય, ગુરૂને ' કુ ' શાથી કહેવાય અને ' સુ ' શાથી કહેવાય તથા ધર્મને ' કુ ' શાથી કહેવાય અને ' સુ ' શાથી કહેવાય–એ વિષે સમજવાનો પ્રયત્ન કેટલો કરેલો છે? કુલાચાર માત્રથી તમે કુદેવાદિને તજેલા

છે કે સમજપૂર્વક તમે કુદેવાદિને તજેલા છે? અને સુદેવાદિને તમે સેવો છો, તે કુલાચાર માત્રથી કે સમજપૂર્વક? માત્ર કુલાચારથી જ કુદેવાદિને ન સેવતો હોય અને સુદેવાદિને સેવતો હોય, એનામાં મિથ્યાત્વ હોય, એમ પણ બને–એ તમે જાણો છો? તમે એટલો ય વિચાર કર્યો છે કે–મિથ્યાત્વની હાજરી આત્માના પરિણામો ઉપર કેવીક ભૂંડી અસર નિપજાવતી હશે અને સમ્યક્ત્વની હાજરી આત્માના પરિણામો ઉપર કેવીક સારી અસર નિપજાવતી હશે? મિથ્યાત્વની અને સમ્યક્ત્વની ખરેખરી અસર, મુખ્યત્વે તો, આત્માના પરિણામો ઉપર થાય છે. મિથ્યાદૃષ્ટિ એવા તામલી તાપસના મહા તપ કરતાં પણ, સમ્યગ્દૃષ્ટિ આત્માનો માત્ર નવકારશીનો તપ પણ વધારે ફલદાયક છે, એમ તમે જ્યારે સાંભળ્યું, ત્યારે વિચાર તો કર્યો હશે ને કે–આનું કારણ શું? આત્માના પરિણામો ઉપર મિથ્યાત્વની એવી તે કેવી અસર થાય, કે જેથી તામલી તાપસના મહા તપની પણ જ્ઞાનિઓ કિંમત આંકે નહિ અને આત્માના પરિણામો ઉપર સમ્યક્ત્વની એવી તે કેવી અસર થાય, કે જેથી સમ્યગ્દૃષ્ટિના એક નવકારશી માત્રના તપની પણ જ્ઞાનિઓ કિંમત આંકે? મિથ્યાત્વને કાઢવું હોય અને સમ્યક્ત્વને પ્રગટ કરવું હોય, તો આવી વાતોનો વિચાર કરવો જોઈએ. જેનામાં સંસારથી છૂટવાની અને મોક્ષને પામવાની અભિલાષા જ ન હોય, તેનામાં તો સમ્યક્ત્વ હોઈ શકે જ નહિ; પરંતુ જેનામાં સંસારથી છૂટવાની અને મોક્ષને પામવાની અભિલાષા પ્રગટી છે–એવા જીવોમાં ય સમ્યક્ત્વ ન હોય, તો એ શક્ય છે. મોક્ષની રૂચિવાળા જીવો સમ્યક્ત્વને પામવાના જ–એ નિશ્ચિત છે, પણ સમ્યક્ત્વ એ

મોક્ષની રૂચિ માત્રથી જ પેદા થનારી વસ્તુ નથી. મિથ્યાત્વની હાજરીમાં પણ મોક્ષની રૂચિ પ્રગટી શકે છે. સમ્યક્ત્વ તો મોક્ષના ઉપાયને અંગે હૈયાનું વ્યાજબી સુનિશ્ચિતપણું માગે છે. સંસારથી છૂટવાની અને મોક્ષને પામવાની ઈચ્છા છે ? જો એ ન હોય, તો સમ્યક્ત્વ નથી જ, એમ નક્કી થઈ જાય છે : અને એ હોય તો, ' મોક્ષના ઉપાય વિષે તમારી માન્યતા કેવી છે '–તે જાણ્યા પછી, સમ્યક્ત્વ છે કે નહિ, તે નક્કી થઈ શકે.

મિથ્યાત્વના બે અને પાંચ પ્રકારો :

સ૦ મિથ્યાત્વ કોને કહેવાય અને સમ્યક્ત્વ કોને કહેવાય ?

જીવાદિ પદાર્થોને વિષે નિશ્ચયાત્મક તત્ત્વબુદ્ધિ, એનું નામ છે–સમ્યક્ત્વ; અને, જીવાદિ પદાર્થોને વિષે તેવા પ્રકારની તત્ત્વબુદ્ધિનો અભાવ, એ છે–મિથ્યાત્વ. મિથ્યાત્વના મુખ્ય ભેદો બે છે. વિપર્યાસાત્મક અને અનધિગમાત્મક. વિપર્યાસાત્મક મિથ્યાત્વ, એટલે જીવાદિ પદાર્થોને તત્ત્વ તરીકે માનવાં નહિ તે; અને, અનધિગમાત્મક મિથ્યાત્વ, એટલે જીવાદિ પદાર્થો તત્ત્વ છે–એવા પ્રકારના નિશ્ચયના અભાવ રૂપ જે અજ્ઞાન તે. જીવ, અજીવ આદિ પદાર્થોનું અસ્તિત્વ હોવા છતાં પણ, એના અસ્તિત્વને સ્વીકારવું નહિ–એ પણ મિથ્યાત્વ છે; અને જીવ, અજીવ આદિ પદાર્થોના અસ્તિત્વને સ્વીકારવા છતાં પણ, જીવાદિ પદાર્થો જેવા સ્વરૂપે છે તેવા જ સ્વરૂપે તે પદાર્થોને નહિ માનવા અને નહિ જાણવા રૂપ જે અજ્ઞાન–એ પણ મિથ્યાત્વ છે. શાસ્ત્રોમાં જેમ વિપર્યાસાત્મક અને અનધિગમાત્મક–એમ બે ભેદોથી મિથ્યાત્વનું વર્ણન કરાએલું છે, તેમ મિથ્યાત્વના

પાંચ પ્રકારોનું પણ શાસ્ત્રોમાં વર્ણન કરાએલું છે. આભિ-ગ્રહિક, અનાભિગ્રહિક, આભિનિવેશિક, સાંશયિક અને અના-ભોગ, એવા પાંચ પ્રકારોથી પણ મિથ્યાત્વને ઓળખી શકાય છે. મિથ્યાત્વના આ પાંચેય પ્રકારોનો પણ, મિથ્યાત્વના બે પ્રકારોમાં સમાવેશ થઈ શકે છે.

સ૦ અજ્ઞાની એ શું મિથ્યાદૃષ્ટિ છે?

અજ્ઞાની એટલે વિશેષ જ્ઞાનથી રહિત; પણ તે જ્ઞાનિની નિશ્રાએ ચાલનારો હોય અને એથી એને જો પોતાની માન્યતાનો એવો આગ્રહ ન હોય, કે જેથી એને જ્ઞાની તત્ત્વનું જેવું સ્વરૂપ કહે તેને તે સ્વીકારી શકે નહિ, તો એનામાં મિથ્યાત્વ નથી. અજ્ઞાન સાથે આગ્રહ જોઈએ નહિ અને જ્ઞાનીની નિશ્રા જોઈએ. અજ્ઞાનપણાને ટાળવાનો પ્રયત્ન ચાલુ રાખે, જ્ઞાનને મેળવવાનો જ્ઞાની ગુરૂની નિશ્રાએ પ્રયત્ન કર્યા કરે અને 'ભગવાને જે કાંઈ કહ્યું છે, તે જ સાચું છે'– આવું મનમાં વિચાર્યા કરે, એને મિથ્યાદૃષ્ટિ કહેવાય નહિ. એવા આત્માઓમાં, તત્ત્વોના સ્વરૂપની બાબતમાં સ્વતન્ત્ર નિશ્ચયાત્મકપણું નથી, પણ સદ્‌ગુરૂની નિશ્રાથી તો નિશ્ચયા-ત્મકપણું છે અને તેમાં ભૂલ થઈ જતી લાગે તો તેને સુધા-રવાની તૈયારી પણ છે, એટલે એવા આત્માઓ મિથ્યાદૃષ્ટિ નથી; બાકી તો, જેટલા અજ્ઞાન એટલા નિયમા મિથ્યાદૃષ્ટિ, એમાં શંકાને સ્થાન જ નથી. સમ્યગ્‌દૃષ્ટિ આત્માઓને જે જ્ઞાન હોય તે સમ્યક્ કોટિનું હોઈને, અલ્પજ્ઞ એવા પણ સમ્ય-ગ્‌દૃષ્ટિને મિથ્યાદૃષ્ટિ જેવા અજ્ઞાન કહેવાય નહિ; પરન્તુ વિશેષ જ્ઞાનના અભાવની અપેક્ષાએ એ આત્માઓને પણ અજ્ઞાન કહેવાય, તો એ વાત જુદી છે.

મા રુષ અને મા તુષ એટલું પણ યાદ રહેતું નહિ, છતાં પરિશ્રમથી સર્વજ્ઞપણું મેળવ્યું :

અજ્ઞાને તરવું હોય, તો તેણે સદ્‌ગુરૂને બરાબર પકડીને ચાલવું જોઈએ. જેમ માર્ગનો અજ્ઞાન માણસ પણ, ભૂલ-ભૂલામણીમાં નાખી દે એવી અટવીને ય લંઘીને પોતાને જે સ્થાને પહોંચવું હોય તે સ્થાને પહોંચી શકે છે; પણ તે કયારે ? માર્ગના જાણુની પૂંઠે પૂંઠે બરાબર ચાલે તો ! માર્ગના જાણુને સાથે લે અને એ જેમ ચાલે તેમ આ ચાલે, તો અજ્ઞાન પણ અજાણ્યા સ્થલમાંથી ધાર્યા સ્થલે પહોંચી શકે. પણ વાત એ છે કે–અજ્ઞાનનો ખ્યાલ આવ્યો છે ? અજ્ઞાન ખટકયું છે ? જેને પોતાના અજ્ઞાનનો ખ્યાલ આવે, તેને જ્ઞાનિની નિશ્રા કેટલી ગમે ? જેને અજ્ઞાન ખટકે, તેને જ્ઞાન મેળવવાનું મન કેટલું થાય ? જેમ આપણે ત્યાં માષ–તુષ સંજ્ઞાથી પ્રસિદ્ધ થયેલા એક મુનિવરનો દાખલો આવે છે ને ? એ મુનિવર, જ્ઞાનાવરણીય કર્મના એટલા બધા ઉદય-વાળા છે કે–**મા રુષ** અને **મા તુષ** એટલું જ માત્ર એમને ગુરૂએ ગોખવાનું આપ્યું છે, પણ એટલું ય એમને યાદ રહેતું નથી. પોતે અજ્ઞાન હતા, છતાં એમને તરવું હતું; એટલે, એમણે ગીતાર્થ ગુરૂની નિશ્રાને સ્વીકારી હતી. ગુરૂએ પણ જોયું કે–આમને ગમે તેટલા પ્રયત્ને પણ વિશેષ જ્ઞાન આપી શકાય તેમ નથી. કોઈનું જ્ઞાનાવરણીય કર્મ એવું ગાઢ હોય, તો તેમાં ગુરૂ પણ શું કરે ? આમને, **મા રુષ** અને **મા તુષ** ને બદલે **માષ–તુષ** બોલાઈ જાય છે. એટલી ભૂલ થાય છે, છતાં પણ એ, ગુરૂએ આપેલાં પદોને ગોખવાનો

પ્રયત્ન કર્યા જ કરે છે. એમને **મા રુષ** અને **મા તુષ** એટલું ય યાદ નથી રહેતું અને એથી **માષ-તુષ** થઈ જાય છે, એટલે એમની બહુ બહુ મશ્કરી થાય છે. નાના છોકરાઓ પણ એમની મશ્કરી કરે છે. એ વખતે પણ, એ, મશ્કરી કરનારાઓ ઉપર ગુસ્સે થતા નથી; તેમ જ ' આટલું આટલું કરવા છતાં ય આવડતું નથી, તો મૂક પંચાત '–એવો એમને કંટાળો પણ આવતો નથી. એવામાં જો કોઈ નાનું પણ છોકરું એમને યાદ આપે છે કે–**માષ-તુષ** નહિ, પણ **મા રુષ** અને **મા તુષ**, તો એથી એમને બહુ આનંદ થાય છે. યાદ આપનારનો ઉપકાર માનવાનું મન થાય છે. કહો, કેટલા અજ્ઞાન છે ? તમે આવા અજ્ઞાન તો નથી ને ? તમે એ વિચારો કે–તમે કેટકેટલું યાદ રાખી શકો એવા છો ? એટલા અજ્ઞાન હોવા છતાં પણ, એ પરિશ્રમી કેવા છે ? તમને એવું થાય તો કંટાળો આવે નહિ, એ બને ? જ્ઞાન પરિશ્રમ કરવા છતાં પણ ન આવે, તો ય જ્ઞાન પ્રત્યે કદી પણ અંશ માત્રેય અરુચિનો ભાવ પેદા થાય નહિ, એની કાળજી રાખવી. એ **મા રુષ** અને **મા તુષ** ને યાદ રાખી શકતા નહિ, છતાં પણ **મા રુષ** એટલે રોષ કરવો નહિ અને **મા તુષ** એટલે તોષ કરવો નહિ, એ એમના હૈયામાં કેટલું બધું વસેલું હતું ? આપણે ભૂલ કરીએ ત્યારે કોઈ આપણી મશ્કરી કરે, તો આપણાથી તે ખમાય ? એમ થાય કે–મને આટલું પણ નથી આવડતું, માટે મારી મશ્કરી કરે છે ને ?

સ૦ પણ મશ્કરી કરાય ખરી ?

મશ્કરી કરનારે મશ્કરી નહિ જ કરવી જોઈએ–એમ કહેવાય, પણ આપણે તો માત્ર સામાના કર્ત્તવ્યનો નિર્ણય

કરવાને તૈયાર છીએ ને ? આપણા કર્ત્તવ્યનો વિચાર આપણે કરીએ છીએ ખરા ? આપણે આપણા કર્ત્તવ્યનો વિચાર કરીએ, તેમાં આપણને વધારે લાભ થાય કે આપણે આપણા કર્ત્તવ્યનો વિચાર નહિ કરતાં, પારકા કર્ત્તવ્યનો વિચાર કરીએ, એથી લાભ થાય ? એવા વખતે પારકા કર્ત્તવ્યનો વિચાર કરો, તો પ્રાયઃ સામા ઉપર રોષ આવ્યા વિના રહે નહિ; અને ઉપશાન્ત ભાવને જાળવવાનો ઉપાય જ એ છે કે– પોતાના કર્ત્તવ્યનો વિચાર કરવો. એ પોતાની ભૂલ કોઈ બતાવે તો રાજી થતા, પણ આપણને આપણી ભૂલ કોઈ બતાવે, તો તે સાંભળવાને તૈયાર ખરા ? એમનું જ્ઞાનાવરણીય કર્મ એટલું ગાઢ હતું કે–**मा रुष मा तुष** એટલું પણ યાદ ન રહે, પણ બીજી યોગ્યતા એમનામાં ઘણી મોટી હતી, એટલે એ બરાબર પરિશ્રમ કરી શકયા; અને, એમણે પોતાના પરિશ્રમના બલથી, વીતરાગ બનીને સર્વજ્ઞપણાને પણ પેદા કર્યું !

અજ્ઞાન રહેવું ગમે-એ ય મિથ્યાત્વ છે :

અજ્ઞાન પણ જો જ્ઞાની બનવાનો પ્રયત્ન કર્યા કરે, તો તે જરૂર જ્ઞાની બની શકે; પણ તત્ત્વનું જ્ઞાન સંપાદન કરવાની ઇચ્છા કેટલી છે ? તત્ત્વના સ્વરૂપને સમજતો ન હોય, તેવો પણ આત્મા જો માર્ગાનુસારી બની જાય અને માર્ગાનુસારી બનીને સાચા જાણકારની પૂંઠે પડી જાય તો તરી જાય. જેમ બીલને ચલાવનાર તો એકાદ બે–હોય છે, પરન્તુ એના કહ્યા મુજબ કામ કરનારા હજારો મજુરો એની પૂંઠે જીવે છે ને ? વાત એ છે કે–તમે જીવાદિ તત્ત્વોના વિષયમાં અજાણ તો છો, પણ તમારૂં એ અજ્ઞાન તમને ખટકે છે ? જાતે અજ્ઞાન

હોય અને પાછો ડહાપણેય ડોળે, તો એ તરે શી રીતિએ? મહાપુરૂષો ફરમાવે છે કે-'**अज्ञानमेव महाकष्टम्**' અજ્ઞાન એ જ મહા કષ્ટ છે. અજ્ઞાનના જેવું બીજું કષ્ટ પણ કયું છે? સમ્યગ્દૃષ્ટિને અજ્ઞાન એટલે અજાણપણું હોય, પણ એનું એના અજ્ઞાન વિષેનું જ્ઞાન, એને દુઃખ ઉપજાવતું હોય. અજ્ઞાન રહેવું એને ગમે નહિ અને જ્ઞાનિની નિશ્રા વિના એ ચાલે નહિ. તમને વ્યવહારમાં અજ્ઞાન કેટલું ડંખે છે? તાર આવે અને એ વાંચતાં આવડે નહિ, તો દુઃખ થાય ને? એમ થાય ને કે-ભણ્યો હોત તો સારૂં થાત! વ્યવહારમાં તમે જરૂરી એવા જ્ઞાનિની કદમબોશી પણ કરો ને? ધર્મની વાતમાં એવી સ્થિતિ ખરી? સામાન્ય રીતિએ દેવમાં દેવબુદ્ધિ અને અદેવમાં અદેવબુદ્ધિ, ગુરૂમાં ગુરૂબુદ્ધિ અને અગુરૂમાં અગુરૂબુદ્ધિ તેમ જ ધર્મમાં ધર્મબુદ્ધિ અને અધર્મમાં અધર્મબુદ્ધિ -એ સમ્યક્ત્વ છે અને એથી ઊલટું તે મિથ્યાત્વ છે; પણ તમે સમજો તો એટલામાં સઘળા ય તત્ત્વાર્થોનો સમાવેશ થઈ જાય છે. દેવ કોણ ને અદેવ કોણ, ગુરૂ કોણ ને અગુરૂ કોણ તથા ધર્મ કયો અને અધર્મ કયો, એના નિર્ણય પછી કયો નિર્ણય બાકી રહી જાય છે? અજ્ઞાનને પણ એ વાત નિશ્રાએ જ સ્વીકારવી પડે છે. દેવમાં અદેવબુદ્ધિ અને અદેવમાં દેવબુદ્ધિ-એ વગેરે જેમ મિથ્યાત્વ છે, તેમ અજ્ઞાન રહેવું ગમે-એ ય મિથ્યાત્વ છે. તત્ત્વના વિષયોનું અજ્ઞાન તમને ખટકે છે? એ અજ્ઞાનને ટાળવાનો તમારો પ્રયત્ન ચાલુ છે? આપણે અજ્ઞાન છીએ માટે આપણે તો સુગરૂની નિશ્રાએ જ વર્તવું, એવો તમારો નિર્ણય ખરો? સુગુરૂ કહે કે-આ આમ છે, એટલે એ માની લેવાની તૈયારી ખરી?

છોકરો તત્ત્વજ્ઞાન ન પામે તો કાળજું કંપે ?

પણ આજે મોટે ભાગે ધર્મની બાબતનું અજ્ઞાન ખટકતું જ નથી. વ્યાવહારિક જ્ઞાનનું જેવું અર્થિપણું છે, તેવું ધાર્મિક જ્ઞાનનું–તત્ત્વોના જ્ઞાનનું અર્થિપણું લગભગ નથી, એમ કહીએ તો ચાલે. વ્યાવહારિક બાબતમાં, પોતાનું અજ્ઞાન એટલું બધું ખટકે છે કે–અભણ જેવાં માબાપ પણ છોકરાંઓને શક્તિની ઉપરવટ થઈને ય ભણાવવાને મથે છે. વ્યવહારમાં તો છોકરૂં જરાક મોટું થયું, એટલે એ અજ્ઞાન ન રહે તેની કાળજી રખાય છે. ભણાવવાની મહેનત કરવા છતાં પણ, છોકરો જો અજ્ઞાન રહે છે, તો એમ થાય છે કે–આ રઝળી મરશે; આને મારે પોષ્યા કરવો પડશે. એથી, વહાલા પણ છોકરાને વાત–વાતમાં એ વિષે ટોણા માર્યા કરે છે. આવું, તમને, તમારૂં છોકરૂં તત્ત્વજ્ઞાન વગરનું રહે તો થાય છે ? સંતાનની એકલી વ્યવહારની જોખમદારીને સમજે અને આ જોખમદારીને સમજે નહિ, તો શું કહેવું ? જેઓ ભગવાનને, ગુરૂને અને ભગવાને કહેલા ધર્મને નથી માનતા, તેઓની વાત જુદી છે; એવાઓ પોતાના અને પોતાનાં સંતાનોના પરલોકના હિતની ચિન્તા ન કરે, તેમાં નવાઈ નથી; પરન્તુ તમે તો શુદ્ધ દેવાદિને માનતા હોવાનો દાવો કરનારા છો અને તેમ છતાં પણ તમારૂં છોકરૂં દેવ–ગુરૂ–ધર્મના સ્વરૂપના સંબંધમાં અજ્ઞાન રહે, તેની તમને કશી જ ચિન્તા નહિ, તો તમારામાં ધર્મ શાનો આવ્યો છે, એમ તો થાય ને ? કેટલાંક ગામડાંઓ એવાં હતાં કે–જ્યાં અંગ્રેજી ભાષા સંબંધી કેળવણીની અને વ્યવહારૂ કેળવણીની સરકારી વ્યવસ્થા નહોતી, તો ત્યાં ગામના લોકોએ પૈસા

ભેગા કરીને પણ વ્યવસ્થા ઊભી કરી છે. ગામની સ્થિતિ પહોંચતી નહોતી, તો બહારગામથી પણ પૈસા ભેગા કરી લાવ્યા, પણ કેળવણીની જોગવાઈ કરી ! કેમ ? એનો ખપ લાગ્યો છે. એના વિના ચાલે નહિ, એમ માન્યું છે! તેમ, છોકરો ૨૦ વર્ષનો થાય, તે છતાં પણ તેને પ્રતિક્રમણાદિ પણ ન આવડે, તો એ કેમ બન્યું–એમ થાય ખરું ? કુટુંબમાં બાઈઓને રસોઈ ન આવડે તો વાંધો, પણ ધર્મ ન આવડે તો વાંધો ખરો ? છોકરો વ્યવહારની બાબતમાં ભોઠ રહે તો કાળજું કંપે અને ધર્મની સામે ય જુએ નહિ તો પણ, બહુ તો ' એનું કર્મ ભારે છે '–એમ કહીને પતાવી જ લો ને ? મિથ્યાત્વ એક રૂપે નહિ, પણ અનેક રૂપે નાચે છે અને નચવે છે. મિથ્યાત્વ હઠે ને સમ્યક્ત્વ પ્રગટે, એટલે તો ઘણા ગુણો પ્રગટવા માંડે.

<u>તમે ધર્મી હોત તો છોકરા આવા ન પાકત :</u>

મિથ્યાત્વને હઠાવવાને માટે જીવાદિ તત્ત્વોના સ્વરૂપના જ્ઞાતા બનવાનો પ્રયત્ન કરવો જોઈએ; અને જીવાદિ તત્ત્વોના નિશ્ચયના અભાવ રૂપ જે અનધિગમ રૂપ મિથ્યાત્વ છે, તેને ટાળવું જોઈએ. આમ ને આમ અજ્ઞાન રહેવું અને મિથ્યાત્વ ટળી જશે–એમ માનવું, એ બનતું હશે ?

સ૦ પહેલાં આવો ખ્યાલ આવ્યો નહિ.

પણ જ્યારથી આવો ખ્યાલ આવ્યો, ત્યારથી તો એની અસર થવી જોઈએ ને ? તમને લાગ્યું ને કે–આપણે આમ અભણ રહ્યા, તે મોટી ભૂલ કરી ? આટલાં વર્ષે તમે એ જાણ્યું કે–આપણી તો ભૂલ થઈ, હવે ઉંમરે પહોંચ્યા, પણ છોકરાને

ભણાવવાની ચિંતા થવા માંડી છે ? હું રહી ગયો તેમ આ છોકરાઓ પણ રહી જાય નહિ, એમ થાય છે ? વ્યવહારમાં થાય છે ! અંગ્રેજી નહિ ભણેલો બાપ, છોકરાને અંગ્રેજી ભણાવે છે અને છોકરો બરાબર ભણતો ન હોય, તો કહે છે કે–'આ હું અંગ્રેજી ભણ્યો નહિ, તેથી પેઢીનો પત્રવ્યવહાર પારકા પાસે કરાવવો પડે છે, કાંઈ લખવા–વાંચવાનું હોય તો બીજાની રાહ જોવી પડે છે, ત્રીજા પાસે પેઢીની બાનગી વાત ઉઘાડી થઈ જાય છે, માટે ધ્યાન દઈને ભણો, કે જેથી એવો વખત તમારે ન આવે ! અમને તો ભણાવનાર ન મળ્યા તે ભોટ રહ્યા અને તમને આટલી સગવડ છે, છતાં આટલા બધા બેદરકાર કેમ રહો છો ?' એવું તમને તત્ત્વજ્ઞાનના વિષયમાં થાય છે ? ત્યાં બાપને અંગ્રેજી ભણાયું નહિ તેનું જેટલું દુઃખ છે, તેટલું દુઃખ તમને તત્ત્વજ્ઞાન મળ્યું નથી–એનું છે ખરૂં ? અને, ત્યાં અંગ્રેજીના ભણતરની જેટલી જરૂર લાગે છે, તેટલી જરૂર તમને તત્ત્વજ્ઞાનની લાગે છે ખરી ? તમે જો ખરેખરા ધર્મના રંગી હોત, તો તમે તત્ત્વજ્ઞાનને મેળવવાની મહેનત કરી હોત; એમ થયું હોત કે–સદ્ભાગ્યે માર્ગ ઉંચો મળ્યો, છતાં રહી ગયા ! અને જો તમને એમ લાગ્યું હોત, તો તમારાં છોકરાંઓનો પાક આવો તો ન જ પાકત. તમારાં સંતાનો તત્ત્વજ્ઞાનથી રહિત રહે છે, તેમાં તમારો પણ મોટો દોષ છે; અને એ દોષ પણ તમને આજે બહુ દોષ રૂપ લાગતો નથી, કારણ કે–તમારા હૈયામાં તત્ત્વજ્ઞાનને સંપાદન કરવાની જેવી તાલાવેલી જાગવી જોઈએ, તેવી તાલાવેલી જાગી નથી.

ભણેલો પહેલાં પોતાને ઓળખે :

જીવાદિ તત્ત્વોનું જ્ઞાન હોય, પણ તે જો નિશ્ચયાત્મક ન

હોય, તો તે પણ વસ્તુતઃ જ્ઞાન નથી પણ અજ્ઞાન છે. જીવાદિ પદાર્થોને, તે જેવા સ્વરૂપના છે, તેવા સ્વરૂપે જાણવા અને માનવા, એ સમ્યક્ત્વ છે. એવું સમ્યક્ત્વ બહુ કિંમતી છે. ભગવાને કહ્યું છે તે જ સાચું છે–એમ માનવું. એ ભગવાનના નિશ્ચયને પોતાનો નિશ્ચય બનાવવા જેવું છે; અને એથી, ભગવાને કહ્યું છે તે જ સાચું છે–એમ હૃદયપૂર્વક સ્વીકારવામાં પણ સમ્યક્ત્વ હોય. આવો સમ્યગ્દૃષ્ટિ પણ, સંયોગાનુસાર, ભગવાને જીવાજીવાદિ તત્ત્વોના વિષયમાં શું કહ્યું છે, તેનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યા જ કરે. જીવાદિ તત્ત્વોના સ્વરૂપ વિષે જે નિશ્ચયાત્મક જ્ઞાન ધરાવતો હોય, તેને પોતાના પરિણામોની રક્ષા કરતાં આવડે. સાચું ભણેલો, પોતાને ઓળખે. પોતે કયા ભાવમાં બેઠો છે, તે એ જાણી શકે. અવિરતિ આદિના યોગે આત્મામાં કેવા કેવા પરિણામો પ્રગટે છે–એનું જ્યારે વર્ણન ચાલે, ત્યારે એ ખૂશ થાય કે–જ્ઞાની મારા અંતર સુધી પહોંચી ગયા છે. અવિરતિનું જોર શું કરે, કષાયોનું જોર શું કરે, એ વગેરેને લગતી જ્ઞાનિઓએ કહેલી વાતો, એને અનુભવગમ્ય બને. જ્ઞાન, એ પોતાને ખરા સ્વરૂપમાં ઓળખાવનારી ચીજ છે. જેનું જ્ઞાન સાચું, તે સૌથી પહેલાં પોતાને ઓળખે. તમારી માંદગીની પહેલી ખબર કોને પડે? તમને કે બીજાને? જ્ઞાન ઓછું હોય, તો પોતાની માંદગીના પ્રકારાદિને જાણી શકાય નહિ, પણ માંદગીની અસરને તો પહેલો પોતે જ જાણી શકે ને? જ્ઞાન, પોતાના દોષોને જાણવા, પોતાના ગુણોને જાણવા તથા પોતાના દોષોને કાઢવા અને પોતાના ગુણોને પ્રગટાવવાને માટે છે. આજે મોટે ભાગે તત્ત્વોના સ્વરૂપનું જ્ઞાન નથી; અને, જેઓ ભણેલા છે તેમાં

પણ, મોટે ભાગે ભણતરનો ઉપયોગ બીજાઓના દોષોને શોધવામાં કરે છે. પોતાના દોષોને જોવાનું મન થાય નહિ અને બીજાના દોષોને જોવાનું મન થાય, ત્યાં શું માનવું પડે? ભણેલો ને નહિ ભણેલો–બે ય પોતાના દોષોને જોવાને બદલે, માત્ર પારકા દોષોને જ કેમ જુએ? એથી જ કે–આડે મિથ્યાત્વ અને અજ્ઞાન બેઠું છે.

કયા જીવોમાં મિથ્યાત્વના પાંચેય પ્રકારો સંભવે?

આભિગ્રહિક, અનાભિગ્રહિક, આભિનિવેશિક, સાંશયિક અને અનાભોગ–એમ પાંચ પ્રકારો મિથ્યાત્વના છે, એવું શાસ્ત્રે કહ્યું છે. મિથ્યાત્વના આ પાંચ પ્રકારોમાં, મિથ્યાદૃષ્ટિ એવા સઘળા ય જીવોનાં મિથ્યાત્વોનો સમાવેશ થઈ જ જાય છે. જીવ ભવ્ય હોય, દુર્ભવ્ય હોય, એકેન્દ્રિય હોય, વિકલેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય; પંચેન્દ્રિયમાં પણ નારક હોય, તિર્યંચ હોય, મનુષ્ય હોય કે દેવ હોય; પરંતુ સમસ્ત લોકમાં જેટલા મિથ્યાદૃષ્ટિ જીવો છે, તે સઘળા ય જીવોનાં મિથ્યાત્વોનો સમાવેશ, આ પાંચ પ્રકારનાં મિથ્યાત્વોમાં થઈ જ જાય છે. આમ છતાં પણ, એ વાત લક્ષ્યમાં રાખવાની છે કે–મિથ્યાત્વના આ પાંચેય પ્રકારો, સઘળા જ મિથ્યાદૃષ્ટિ જીવોમાં સંભવિત છે, એમ માનવાનું નથી. આમ તો, કોઈ પણ જીવને મિથ્યાત્વનો ઉદય હોય, તો પણ તે જીવને આ પાંચ પ્રકારનાં મિથ્યાત્વોમાંથી માત્ર એક જ પ્રકારના મિથ્યાત્વનો ઉદય હોઈ શકે છે; પાંચેય પ્રકારનાં મિથ્યાત્વોનો ઉદય, એકી સાથે એક જ જીવમાં, હોઇ શકતો જ નથી; પરંતુ, એ વસ્તુ સંભવિત છે કે–એક પ્રકારનું મિથ્યાત્વ જાય અને અન્ય પ્રકારનું મિથ્યા-

ત્વ ઉદયમાં વર્તે. અનાભોગ જાય ને આભિગ્રહિક ઉદયપ્રાપ્ત થાય, એ બને; આભિગ્રહિક જાય ને અનાભિગ્રહિક ઉદય પ્રાપ્ત થાય, એ બને; અનાભિગ્રહિક જાય ને સાંશયિક ઉદયગત થાય, એ બને! મિથ્યાત્વના આ ચાર પ્રકારોમાં તો આવા પ્રકારોની પરસ્પર હેરફેરી થાય, એ બનવાજોગ છે; પરંતુ આભિનિવેશિક મિથ્યાત્વનો ઉદય તો, સમ્યગ્દર્શનના વમન પછીથી જ સંભવે છે. સમ્યગ્દર્શનને વમનારા આત્માઓને જ, હોઈ શકે તો તાત્કાલિક આભિનિવેશિક મિથ્યાત્વનો ઉદય હોઈ શકે. આભિનિવેશિક મિથ્યાત્વ માત્ર ભવ્ય જીવોને માટે જ સંભવિત છે અને તે ભવ્ય જીવો પણ એવા, કે જે ભવ્ય જીવોનો સંસારકાળ ગમે તેટલો લાંબો હોય, તો પણ તે અર્ધ પુદ્ગલપરાવર્ત્ત કાલથી તો અવશ્યમેવ ઓછો હોય! એટલે, જે જીવોનો સંસારકાળ માત્ર અર્ધ પુદ્ગલપરાવર્ત્ત કાલ જેટલો જ શેષ છે–એવા ભવ્યોને, ચરમાવર્ત્તને પામેલા ભવ્યોને, ચરમાવર્ત્તને નહિ પામેલા ભવ્યો, કે જેઓને દુર્ભવ્યો તરીકે પણ ઓળખાય છે–તેઓને, જાતિભવ્યોને અને અભવ્યોને, એ બધા ય જીવોમાંથી એક પણ જીવને માટે આભિનિવેશિક મિથ્યાત્વનો ઉદય સંભવિત જ નથી. આથી, સમગ્ર રીતિએ કહેવું હોય તો એમ કહી શકાય કે–પાંચેય પ્રકારોનું મિથ્યાત્વ જો સંભવિત હોય, તો તે માત્ર ભવ્ય જીવોને માટે જ સંભવિત છે. માત્ર ભવ્ય જીવોમાં જ, કોઈ વખતે મિથ્યાત્વનો કોઈ પ્રકાર, તો કોઈ વખતે મિથ્યાત્વનો અન્ય પ્રકાર–એમ પાંચેય પ્રકારનાં મિથ્યાત્વોનો ઉદય સંભવિત બની શકે છે. ભવ્ય જીવોમાં પણ, જાતિભવ્ય જીવોને માટે તો, અનાભોગ નામના એક પ્રકારનું જ મિથ્યાત્વ સંભવિત છે અને દુર્ભવ્ય તરીકે

ઓળખાતા જીવોને માટે, અભવ્ય જીવોને માટે જેમ બે પ્રકારનું મિથ્યાત્વ સંભવિત છે, તેમ એ બે પ્રકારનું મિથ્યાત્વ જ સંભવિત છે. ચરમ પુદ્ગલપરાવર્ત્તના પહેલા અર્ધ ભાગથી કાંઈક વિશેષ કાલ સુધી ભવ્ય જીવોને ચાર પ્રકારનાં અને તે પછીના કાલમાં ભવ્ય જીવોને પાંચ પ્રકારનાં પણ મિથ્યાત્વ સંભવિત છે. ભવ્ય જીવોને માટે મિથ્યાત્વના પાંચેય પ્રકારો આ રીતિએ સંભવિત હોવા છતાં પણ, મિથ્યાત્વનો ત્યાગ અને તેનો ક્ષય પણ, ભવ્યાત્માઓને માટે જ સંભવિત છે.

ભવ્યોને મિથ્યાત્વના પાંચેય પ્રકારો અને અભવ્યોને માત્ર બેજ પ્રકારો સંભવે–તેનું કારણ શું ?

સ૦ અભવ્યોનું મિથ્યાત્વ બે પ્રકારનું અને ભવ્યોનું મિથ્યાત્વ પાંચ પ્રકારનું હોઇ શકે, એનું કારણ શું ?

ભવ્ય જીવોનું અને અભવ્ય જીવોનું મિથ્યાત્વ અનાદિકાલીન છે. અનાદિ નિગોદમાં રહેલા જીવો ભવ્ય હોય કે અભવ્ય હોય, તે જીવોને અનાભોગ નામના મિથ્યાત્વ સિવાયનું કોઇ મિથ્યાત્વ હોતું જ નથી. સાક્ષાત્ અથવા તો પરમ્પરાએ પણ તત્ત્વની અપ્રતિપત્તિ, એ અનાભોગ મિથ્યાત્વ છે. એકેન્દ્રિયાદિ જીવો, કે જે જીવો અવ્યક્ત દશાવાળા હોય છે, એ જીવોને અથવા તો એવા મુગ્ધ જીવો, કે જેઓને તત્ત્વ શું અને અતત્ત્વ શું–એવા પ્રકારનો અધ્યવસાય થવો એ શક્ય નથી, એવા જીવોને અનાભોગ મિથ્યાત્વ હોય છે. એટલે કે–જેમનામાં વિચારવાની શક્તિ જ નથી, એવા જીવોને જે મિથ્યાત્વ હોય છે, તે અનાભોગ મિથ્યાત્વ છે.

સ૦ માસતુષ મુનિ જેવા તો મુગ્ધ જીવોમાંના જ ગણાય ને ?

છતાં એમને સમ્યગ્દૃષ્ટિ કેમ માન્યા, એમ તમારૂં પૂછવું છે ને ? માસતુષ મુનિ મુગ્ધ જીવ હતા, એમ કદાચ માની લઈએ, તો ય એ ગીતાર્થનિશ્રિત હતા–એ વાતને ભૂલવી જોઇએ નહિ. સાક્ષાત્ રીતિએ તેમને તત્ત્વની પ્રતિપત્તિ થઈ નહોતી, પણ તેઓ ગીતાર્થ-નિશ્રિત હતા, એટલે પરંપરાએ પણ તેઓને તત્ત્વની પ્રતિપત્તિ તો હતી જ, એમ માનવું પડે. એમને તત્ત્વાતત્ત્વનું વિશેષ જ્ઞાન નહોતું, પણ એમની નિશ્રા સારી હતી; અને, એમનો જ્ઞાનસંપાદનનો પ્રયત્ન કેવો હતો, તે તો આપણે જોઇ આવ્યા છીએ. અહીં તો આપણે એ જોવું છે કે–અભવ્ય જીવોને મિથ્યાત્વ બે જ પ્રકારનું સંભવે અને ભવ્ય જીવોને મિથ્યાત્વ પાંચેય પ્રકારનું સંભવે, તેનું કારણ શું ? તેમાં, અનાભોગ મિથ્યાત્વ તો, ભવ્ય જીવોને તથા અભવ્ય જીવોને પણ સંભવે, એ આપણે જોયું. આ પછી, આભિગ્રહિક મિથ્યાત્વ પણ, ભવ્ય જીવોને તથા અભવ્ય જીવોને સંભવે છે. આભિગ્રહિક મિથ્યાત્વ, જીવાદિ તત્ત્વોના વાસ્તવિક સ્વરૂપનું વાસ્તવિક કોટિનું જ્ઞાન નહિ હોવા છતાં પણ, પોતે જે કાંઈ પણ એ વિષયમાં માની લીધું હોય, તેનો એવો આગ્રહ કે–એને ગમે તેવો સમજાવનારો મળે અને એણે જે માન્યું છે તે ખોટું છે–એવું જણાવનારી લાખ યુક્તિઓ પણ એને આપે, તો પણ તે પોતાની માન્યતાના આગ્રહને તજે જ નહિ. આભિગ્રહિક મિથ્યાત્વના છ વિકલ્પો શાસ્ત્રોમાં વર્ણવાયા છે. એક તો–આત્મા છે, એવું માને જ નહિ; આત્મા જેવી કોઈ વસ્તુ જ નથી, એમ કહે; બીજો વિકલ્પ એ કે–આત્મા છે એમ માને, તો પણ આત્માને નિત્ય માને નહિ; ત્રીજો વિકલ્પ એ કે–આત્મા એ

પોતાના કર્મનો કર્ત્તા છે, એમ માને નહિ; ચોથો વિકલ્પ એ કે–આત્મા પોતાના કરેલા કર્મને પોતે જ ભોગવે છે, એમ માને નહિ; પાંચમો વિકલ્પ એ કે–આત્માનો મોક્ષ થઈ શકે છે, એમ માને નહિ; અને છટ્ઠો વિકલ્પ એ કે–આત્માના મોક્ષનો ઉપાય નથી, એમ માને. આવા વિકલ્પો અભવ્યોમાં પણ પેદા થઈ શકે છે. આ વિકલ્પો અંગે અહીં આપણે વિવરણમાં ઉતરવું નથી, કારણ કે–એમાં ચાલુ વિષય બાજુ ઉપર રહી જાય; પણ તમે એટલું સમજી લો કે–આભિગ્રહિક મિથ્યાત્વ પણ અભવ્યોને હોઈ શકે છે. અભવ્યો સ્વર્ગાદિકના સુખના લોભે સંયમાદિનું પાલન કરનારા પણ બને છે, એટલે એ આત્માને માને, એ શક્ય છે; પરલોકને માને, એટલે આત્માની નિત્યતાને કબૂલ રાખે, એ શક્ય છે; મારા સંયમથી મને સ્વર્ગાદિકનું સુખ મળશે, એમ માને એટલે આત્માને કર્મનો કર્ત્તા અને આત્માને પોતાના કર્મનો ભોક્તા પણ માને, એ શક્ય છે; પણ એ, મોક્ષને અને મોક્ષના ઉપાયને માને નહિ. જો અભવ્યોને માત્ર અનાભોગ મિથ્યાત્વ જ હોય છે–એવું માનવામાં આવે, તો એ જીવો સ્વર્ગાદિકના સુખના લોભે સંયમને ગ્રહણ કરે છે, એ વગેરે વાતોને માની શકાય નહિ. એ વખતે અભવ્ય જીવો અવ્યક્ત દશામાં નથી પણ વ્યક્ત દશામાં છે. આમ તમે સમજી શક્યા ને કે–અભવ્ય જીવોને અનાભોગ મિથ્યાત્વ અને આભિગ્રહિક મિથ્યાત્વ, એ બે પ્રકારનાં મિથ્યાત્વો તો સંભવે જ છે. હવે આપણે એ પણ જોઈએ કે–બાકીના ત્રણ પ્રકારોનાં મિથ્યાત્વો અભવ્ય જીવોને કેમ સંભવી શકતાં નથી? અનાભિગ્રહિક મિથ્યાત્વવાળા જીવો, જીવા-

જીવાદિ તત્ત્વોનું બીજાઓ જે કાંઈ સ્વરૂપ કહેતા હોય, તેને પણ સાચું માનનારા હોય છે. બધાં દર્શનો સારાં છે, એમ માને. એને, પોતે જે દર્શનમાં હોય તેનો પણ, પક્ષપાત ન હોય. આવું પક્ષપાતરહિતપણું મિથ્યાત્વ રૂપ મલની અલ્પતાના કારણે બને છે, જ્યારે અભવ્ય જીવોના મિથ્યાત્વ રૂપ મલનું અલ્પપણું સંભવતું જ નથી. વળી, બધાં દર્શનો સારાં લાગ્યાં, એટલે એ જીવને, મોક્ષને તથા મોક્ષના ઉપાયને માનનારૂં દર્શન પણ સારૂં લાગ્યું ને ? અભવ્ય તો મોક્ષને માનનારો બની શકે જ નહિ. અભવ્ય તો મોક્ષ નથી જ, એવું માનનારો હોય; એટલે, એ અભવ્ય જીવોમાં કદી પણ અનાભિગ્રહિક મિથ્યાત્વ સંભવે જ નહિ. સાંશયિક મિથ્યાત્વ પણ અભવ્ય જીવોમાં સંભવે નહિ, કેમ કે-ભગવાનના વચનની પ્રમાણિકતાના વિષયમાં સંશય હોવા છતાં પણ, તે ખોટું જ છે-એવા પ્રકારનો નિર્ણય, સાંશયિક મિથ્યાત્વવાળાને હોતો નથી; જ્યારે, અભવ્યોને તો મોક્ષ વિષે શંકા પણ થાય નહિ. અભવ્ય જીવોને કદી પણ એવી શંકા ય થાય નહિ-'હું ભવ્ય હોઈશ કે અભવ્ય હોઈશ ?' કારણ કે-જે રીતિએ શાસ્ત્રોમાં ભવ્યત્વને અને અભવ્યત્વને માનવામાં આવ્યું છે, તેવી રીતિનું ભવ્યત્વ અને અભવ્યત્વ હોઈ શકે, એમ એ માને જ નહિ. આભિનિવેશિક મિથ્યાત્વ તો, અભવ્ય જીવોને સંભવે જ નહિ, કેમ કે-અભવ્ય જીવો કદી પણ સમ્યક્ત્વને પામતા જ નથી અને જે જીવો સમ્યગ્દર્શનને પામ્યા પછીથી, કોઈ અર્થ વિશેષની બાબતમાં, ભગવાને ફરમાવેલા અર્થથી ઊલટા અર્થના આગ્રહી બની જાય છે, તેઓના મિથ્યાત્વને જ આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય છે.

આમ, ભવ્ય જીવોને પાંચ પ્રકારનું અને અભવ્ય જીવોને બે પ્રકારનું મિથ્યાત્વ સંભવે છે.

જૈન કહેવાતો પણ જો પોતાના કુલાચારથી આગમપરીક્ષાને બાધિત કરે તો તે મિથ્યાદૃષ્ટિ છે :

પાંચ પ્રકારનાં મિથ્યાત્વોમાં પહેલું આભિગ્રહિક મિથ્યાત્વ છે. અનેક વિદ્યાઓના જાણ અને તર્કમાં ભલભલાને હંફાવી શકે, એવી બુદ્ધિવાળા માણસોમાં પણ, આભિગ્રહિક પ્રકારનું મિથ્યાત્વ હોય છે, તો તે તેમને સમ્યક્ત્વને પામવામાં બહુ જ બાધાકારી નિવડે છે. વ્યવહારથી જૈન ગણાતાઓમાં પણ, આ આભિગ્રહિક પ્રકારનું મિથ્યાત્વ હોઈ શકે છે. આજે જેઓ એમ માની બેઠા છે કે–' અમે જૈન કુળમાં જન્મ્યા છીએ અને ભગવાને કહેલી ક્રિયાઓ પૈકીની અમુક અમુક ક્રિયાઓ અમે કરીએ છીએ, એટલે અમે સમકિતી છીએ.'– તેઓએ વિચાર કરવા જેવો છે. દેવ, ગુરૂ અને ધર્મનું સેવન, કુલાચાર માત્રથી કરનારાઓમાં, કેટલીક વાર એવી આગ્રહશીલતા પણ હોય છે કે–આગમની વાત પણ, જો એ માનતા હોય એથી વિરૂદ્ધ જતી હોય, તો તેઓ પોતાના કુલાચારને પ્રધાન પદ આપે, પણ આગમના વચનને પ્રધાન પદ આપે નહિ. કહી દે કે–' આગમ ગમે તેમ કહેતું હોય, પરન્તુ અમારા કુળમાં આ પ્રમાણે મનાતું આવ્યું છે, માટે અમે તો આમ જ માનવાના અને આમ જ કરવાના.' આવા આગ્રહી આત્માઓને પણ, જ્ઞાનિઓએ આભિગ્રહિક પ્રકારના મિથ્યાત્વના સ્વામી કહ્યા છે. સમ્યગ્દૃષ્ટિ આત્માઓ કદી પણ અપરીક્ષિતના પક્ષપાતી હોતા નથી. તેમને કોઈ વાર અનાભોગથી

ઊલટું સમજાઈ જાય–એ બને અથવા તો જે ગુરૂને ગીતાર્થ માનીને તે પ્રવર્તતો હોય, તે ગુરૂ કાંઈક ઊલટું સમજાવી દે અને એથી એને માની લે–એ બને, પરન્તુ એના હૈયામાં એક વાત બેઠી જ હોય કે–'આ વાત ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ કહી છે, માટે સાચી છે અને એ માટે જ હું માનું છું.' આવા જીવને જો કોઈ 'ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ એવું ફરમાવ્યું નથી, પણ આમ ફરમાવ્યું છે'–એમ સમજાવનાર મળી જાય, તો એ પોતાની માન્યતાનો આગ્રહ રાખે નહિ : કારણ કે–એણે ખોટાને પણ સાચું માન્યું હતું, તે ભગવાન શ્રી જિનેશ્વરદેવના વચન તરીકે સાચું માન્યું હતું. એની પરીક્ષા કેવી ? 'આ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ કહેલું છે કે નહિ ? જો હા, તો એ સાચું અને જો ના, તો એ ખોટું.' એમાં એને અનાભોગથી ખોટું સમજાઈ જાય અગર તો જેમના ઉપર એને એવો વિશ્વાસ હોય કે–'આ ગુરૂ જે કાંઈ કહે, તે ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ કહેલું જ કહે, પણ એથી ઊલટું તો કહે જ નહિ.'–આવા ગુરૂ કોઈ વાત ભગવાનના વચનને નામે ઊંધી ઠસાવી દે, તો એટલી ઊંધી માન્યતા થવા છતાં ય, એનું સમ્યક્ત્વ જાય નહિ; પણ એનામાં અસદ્ આગ્રહ હોય નહિ. જ્યારે પણ એની પાસે વ્યાજબી રીતિએ ભગવાન શ્રી જિનેશ્વરદેવના વચન તરીકે વાત મૂકીને, એને એ જે માને છે તે ખોટું છે–એમ કહેવામાં આવે, ત્યારે એ 'પોતે માને છે તે ભગવાન શ્રી જિનેશ્વરદેવનું કહેલું છે કે આ કહે છે તે ભગવાન શ્રી જિનેશ્વરદેવનું કહેલું છે'–એનો નિર્ણય કરવાનો પ્રયત્ન કરે. આવો જીવ, પોતાના કુલાચાર દ્વારા આગમની પરીક્ષાને

બાધિત કરે નહિ. 'અમારા ઘરમાં, અમારા કુળમાં તો આમ જ મનાતું આવ્યું છે, માટે અમે જે માનીએ છીએ તે સાચું છે'–એમ એ કહે નહિ. એ તો કહે કે–' અમે જે માનીએ છીએ તે ખોટું છે, એવું જો ભગવાન શ્રી જિનેશ્વરદેવોના આગમથી સિદ્ધ થતું હોય, તો અમારી માન્યતા ખોટી અને ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જે કહ્યું છે તે સાચું ! ' પહેલો નિર્ણય જ એ કે–ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જે કાંઈ જીવાદિ તત્ત્વોનું, દેવ–ગુરૂ–ધર્મનું સ્વરૂપ કહ્યું છે, તે જ સાચું છે ! આ નિર્ણય થયો, એટલે અજાણપણું હોવા છતાં પણ, નિશ્ચા આવી ગઈ. હવે, એમાં કોઈ પ્રમાણિકપણે એવું સમજાવનાર મળે કે–' તમે તમારા કુલાચારથી આ પ્રમાણે ભગવાને કહ્યું છે એમ માનતા આવ્યા છો, પણ શ્રી જિનાગમ તો એથી ઊલટું કહે છે '–તો, એ વખતે એ, એવું કહેનારની વાતને સાંભળે નહિ, એ ખને નહિ; એવું કહેનારની વાતને સાંભળીને, એને સમજવાનો પ્રયત્ન કર્યા વિના પણ એ રહે નહિ; અને જો પોતાની માન્યતા વિષેની ભૂલ સમજાઈ જાય, તો પોતાની એ ભૂલભરેલી માન્યતાને તજી દીધા વિના પણ એ રહે નહિ. પોતાની માન્યતાને કોઈ ભૂલભરેલી, એટલે કે–ભગવાન શ્રી જિનેશ્વરદેવના આગમથી ઊલટી છે એમ કહે, તો એ બાબતમાં નિર્ણય કરવાને માટે, જ્યાં જ્યાં પૂછવા જેવું લાગે, ત્યાં ત્યાં એ પૂછે ખરો; બીજાઓ જે કાંઈ કહે, તેને વિચારે ખરો; પણ એની દૃષ્ટિ એ જ કે–ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જે કહ્યું હોય, તે જ સાચું છે અને એથી મારે તે જ માનવું છે ! એને એના કુલાચારનો કે કુલના યોગે થયેલી માન્યતાનો અસદ્ આગ્રહ હોય જ નહિ.

ઓઘ શ્રદ્ધા અને ગીતાર્થની નિશ્રામાં રહીને અભણ આત્માઓ પણ તરી જાય :

આપણી વાત તો એ છે કે–જેટલા જૈન કહેવાતા હોય, એટલા સમકિતી જ હોય, એમ કહેવાય નહિ. જૈન કુળમાં જન્મેલાને મિથ્યાત્વ કાઢવું અને સમ્યક્ત્વ પ્રગટાવવું, એ બહુ સુલભ, એમ જરૂર કહી શકાય; પરન્તુ, એ ય જો અસદ્ આગ્રહમાં પડી જાય અગર તો તત્ત્વાતત્ત્વને જાણવાની દરકાર જ ન કરે, તો સમ્યક્ત્વ પામે કયાંથી ? જેમ વ્યવહારમાં જેટલા વાણીઆ એટલા શાહ કહેવાય છે, પણ જેટલા શાહ કહેવાતા હોય તે બધા શાહુકારીને સાચવે જ–એમ મનાય નહિ. કોઈ શાહ વાંચીને ૫૦૦૦ ધીરે, તો ધીરેલી રકમ ગુમાવી બેસે, એમ પણ બને ને ? જેટલાને શેઠ લખાય, તેટલા શ્રેષ્ઠ જ હોય, એવું નથી ને ? શેઠ તરીકે કોઈ તમારે ઘરે આવી ચઢે, તો તમે શું કરો ? આદર–સત્કાર કરો, જમાડો, બેસાડો, પણ એ ૫૦૦૦ માગે તો શું કહો ? નામ–ઠામ વગેરે પૂછીને અને આને ધીરેલા જાય તેમ નથી–એવી ખાત્રી કરીને, પછી જ ધીરવા હોય તો ધીરો ને ? તેમ, શ્રાવક–શ્રાવિકા વ્યવહારથી ચોથે–પાંચમે ગુણસ્થાનકે અને સાધુ–સાધ્વી વ્યવહારથી છટ્ઠે–સાતમે ગુણસ્થાનકે ગણાય, પણ હૈયામાં તે તે ગુણસ્થાનકના પરિણામ ન હોય અને મિથ્યાત્વ ઉદયમાં વર્તતું હોય, તો ચોથે–પાંચમે અને છટ્ઠે–સાતમે ગણાવા માત્રથી વળે શું ? વ્યવહારથી તમે સમકિતી ગણાતા હો તે વાત જુદી છે, પણ આપણે તો આપણા અન્તઃકરણને તપાસવું પડશે ને કે–આપણામાં સમ્યક્ત્વ પ્રગટયું છે કે નહિ ? આપણે આ વાતને

સમજીએ અને સાવચેત બની જઈએ, તો નરકનાં કારણો ઉપર અંકુશ મૂકી શકીએ. વિવેકિને નરકે લઈ જવાને કોઈ સમર્થ નથી. વિવેકી બનવું હશે, તો જ્ઞાનીની નિશ્રાને સ્વીકારવી પડશે અને અજ્ઞાનને ટાળવાનો પ્રયત્ન કરવો પડશે. જેને આ સમજાય, તેને સાધુનો બધ બહુ પડે. આજે તમારે સાધુનો બધ કેટલો ? ગોચરી–પાણી આદિ વહોરાવવા પૂરતો ! પર્વતિથિ સાચવવા પૂરતો ! વ્યાખ્યાનાદિ સાંભળવા પૂરતો ! સાધુ પાસે કેવો માલ છે ? જગતમાં બીજા કોઈની પણ પાસે ન હોય, એવો માલ સાધુ પાસે હોય ને ? કારણ કે–સાધુ એટલે ભગવાને કહેલા આગમને જ સર્વસ્વ માનનારા ! આવા માલની તમને કેટલી કિંમત ? આભિગ્રાહિક કરતાં અનાભિગ્રાકસારો, કેમ કે–કોઈક વખતે ઠેકાણે પડી જાય. એવાને જ્ઞાની સાધુનો યોગ ઝટ ફળે, કેમ કે–એને અસદ્ આગ્રહ નથી. તમે અજ્ઞાન એટલે અજાણ તો છો, પણ જ્ઞાની ગુરૂની નિશ્રામાં છો કે નહિ ? કોઈ પણ ધર્મનું કામ ગુરૂને પૂછ્યા વિના કરવું નહિ, એવો તમારો નિર્ણય છે ખરો ? ધર્મનું ગમે તે કામ હોય, પણ સદ્ગુરૂ ના કહે તો તે નહિ કરવું અને હા કહે તો જ કરવું, એવું છે ખરૂં ? એવા અજાણને પણ નિભાવાય. તમે નાનો આડાઈ કરે તો પણ તેને નિભાવી લો છો, કેમ કે–એની આડાઇ ઉપર પણ તમે કાબૂ રાખી શકો છો. મોટો જો અજ્ઞાન અને જીદી હોય, તો તમે પણ કહી દો છો કે–આમ ઘર ચાલે નહિ. મોટો બહુ આડાઇ કરે અને હઠીલો થાય, તો મા–બાપ પણ કહી દે છે કે–આપણે છૂટા ! કેમ કે–બાળક બહુ બહુ તો, સારી વસ્તુને બગાડી જાય, પણ મોટો આડો થાય તો તો કદાચ

પેઢીને વેચાવે ને ? વિદ્યાભ્યાસ નાનપણથી કેમ શરૂ કરાવાય છે ? નાનો ગમે તેટલો તોફાની હોય, તો ય કાબૂમાં રહી શકે એવો હોય છે માટે ! એને મન થાય ત્યારે નિશાળે મૂકવો, એવું કોઇ કહે તો ? તો તમે જ કહો કે–ભણી રહ્યો ! બાળકને પરાણે ભણાવાય, મોટાને નહિ ! આજે તો એવું નીકળ્યું છે કે–છોકરૂં બે-ત્રણ વર્ષનું થાય, ત્યારથી ભણાવવા માંડવું ! બાળકને કેળવવા માટે વધારે કેળવાયેલા જોઈએ ! છોકરાને ૨૦ વર્ષનો થાય ત્યાં સુધી રખડવા દઈને પછી નિશાળે મૂકો, તો એમાનો કોઈ ભણે ખરો ? શિક્ષક કહેશે કે–આ એકડો કહેવાય, એટલે પેલો પૂછે કે–આને એકડો કેમ કહેવાય ? એકડો ઘુંટવાની વાત આવે, ત્યાંથી એ, શિક્ષકનું માથું પકવવા માંડે. ત્યારે સામાન્ય ભણતર માટે પણ, શિક્ષક કહે તે માને તેવો હોય તો ચાલે. બાલ્યકાળ એવો કે–વાળ્યો વળે. તેમ તે અભણ પણ નભી જાય, તરી જાય, કે જે ગીતાર્થની નિશ્રામાં જ વર્તે. એનામાં વાળ્યો વળે એવો ગુણ જોઇએ. કેટલાકો તો પ્રાયઃ એવા અજ્ઞાન કે–શાસ્ત્રની વાતમાં પણ પોતાની વાતની જીદ લઇને બેસે. સાધુની પાસે ધાર્યું કરાવવા મથે અને સાધુ હા કહે ત્યારે જંપે, એવા પણ છે. શાસ્ત્ર જેમાં સમ્મત ન હોય, તેમાં સાધુ હા પાડે, એવું તમે કહો, તો તમે એનું કહ્યું માન્યું કહેવાય કે તમારૂં કહ્યું સાધુએ માન્યું, એમ કહેવાય ? સાધુ ના કહે, તો ય આ તો એની જ વાત કર્યા કરે કે–કાંઈક તો શોધી કાઢો ! પણ ન હોય તે શોધે ક્યાંથી ? વિશ્વાસ મૂકો વિચાર કરીને, તપાસ કરીને, પણ જેના ઉપર વિશ્વાસ મૂક્યો, તેની સામે જીદ થાય નહિ. શાસ્ત્રના નામે કહેલી વાતમાં ફેરફાર લાગે, તો વારંવાર પૂછી

શકાય અને શાસ્ત્રના વચનથી ઊલટું કહે છે–એવી ખાત્રી થાય તો છોડી પણ દેવાય, પરંતુ એમાં પોતાની વાતનો–પોતાની માન્યતાનો અંશે પણ આગ્રહ નહિ જ જોઈએ. અજ્ઞાન હો તો સદ્‌ગુરૂ પાસે નાના બચ્ચા જેવા બની જાવ. નાનાં બચ્ચાં ગમે તેવાં તોફાની, તો ય બચ્ચાં તે બચ્ચાં. મોટો તો ઝટ સવાલ કરે કે–આ બેઠો છે ને મને ઉભો કેમ રાખો છો ? જો એને કહીએ કે–તારી ભૂલ છે, તો એ કહેશે કે–ભૂલ સાબીત કરો ! નાનાં તો બેસી જાય, કહ્યે બેસી જાય. કદાચ આડાઈ કરે તો ધોલ મારે પણ રડીને બેસી જાય. તમે એવા છો ? ઓઘ શ્રદ્ધા અને ગીતાર્થની નિશ્રાથી તમે વર્તો, તો તમે અભણ હોવા છતાં પણ તરી જાવ; બાકી તો, તમારી શી ગતિ થાય–એ તમે જ વિચારી લો !

આભિગ્રહિક મિથ્યાત્વ :

અજ્ઞાન, એ ઘણું બરાબ છે, પણ અજ્ઞાન સાથે આગ્રહ ભળે, એટલે તો એ ભારે બાનાબરાબી કરી નાખે. અજ્ઞાન અને આગ્રહ, એ બે ઉપર મિથ્યાત્વ જીવે છે. બહુ અજ્ઞાન હોય તો બગર બહુ દુરાગ્રહ હોય, તો મિથ્યાત્વ સારી રીતિએ જીવે. જેને મિથ્યાત્વ ન જોઈએ અને સમકિત જોઈએ, તેણે આ બેયથી બચવું જોઈએ. આભિગ્રહિક મિથ્યાત્વ કોને કહેવાય, તેને સ્પષ્ટ કરતાં પરમ ઉપકારી, વાચકશેખર શ્રીમદ્ યશોવિજયજી મહારાજ ફરમાવે છે કે–

" अनाभिगृहीततत्त्वस्याप्रज्ञापनीयताप्रयोजकस्वस्वाभ्युपगतार्थश्रद्धानम् ॥ "

તત્ત્વોના સ્વરૂપના વિષયમાં જેને વાસ્તવિક પ્રકારનું જ્ઞાન

નથી, એવા અજ્ઞાન જીવનું પોતપોતાના અભ્યુપગત અર્થનું એવું શ્રદ્ધાન, કે જેથી એના અભ્યુપગત અર્થથી ઊલટી વાતને તે સમજી શકે જ નહિ, એને આભિગ્રહિક મિથ્યા-દૃષ્ટિ જીવ કહેવાય. જે તત્ત્વને જાણતો નથી અને પોતે માનેલી વસ્તુની જેનામાં એવી દૃઢ શ્રદ્ધા છે કે-એની માન્યતા ખોટી હોવા છતાં પણ, એ માન્યતા ખોટી છે–એવું સમજવાને અવકાશ જ નથી; આનું જે મિથ્યાત્વ, તે આભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય. કુદર્શનના આગ્રહિઓ અને વિતંડાવાદિ-ઓમાં પણ, આ પ્રકારનું મિથ્યાત્વ હોય. 'પોતે જે કાંઈ માને છે, તે સાચું જ છે'–એમ માનીને ચાલે અને એથી ઊલટી વાત આવે તો એટલી શંકા પણ એને થાય નહિ કે–કદાચ મારૂં માનેલું ખોટું અને આનું માનેલું સાચું તો નહિ હોય? આટલી શંકા પેદા થાય, તો તો જિજ્ઞાસા પ્રગટે ને? શંકા પડે, તો પોતાની માન્યતાનો આગ્રહ ઢીલો પડે અને સામાનું વિચારવાનું મન થાય. આ તો એવો આગ્રહી હોય કે–સામાની વાતને કદાચ સાંભળે અને વિચારે, તો ય તે એ માટે જ સાંભળે અને વિચારે કે–આ વાતને કેવી યુક્તિથી ખોટી ઠરાવી શકાય? સામાની વાતને સમજવી છે–એવી બુદ્ધિ નહિ, પણ સામાની વાતને ચેન કેન તોડવી છે-એવી બુદ્ધિ એનામાં હોય. મિથ્યાત્વ જ્યાં સુધી આવું જોરદાર હોય, ત્યાં સુધી તો ગમે તેવો સારો યોગ મળે, તો ય જીવ મિથ્યાત્વને કાઢીને સમ્ય-ક્ત્વને પામી શકે નહિ.

જૈનની શ્રદ્ધા કેવા પ્રકારની હોય?

અહીં કોઈ કહેશે કે-'શ્રી જૈન દર્શનમાં પણ પોતાના

અભ્યુપગત અર્થની બાબતમાં શંકાદિ દોષોથી રહિત એવા શ્રદ્ધાનનું જ વિધાન કરવામાં આવ્યું છે, તેનું કેમ ?' એવું કોઈ પૂછે, તો કહી શકાય કે–જૈનની શ્રદ્ધા, એ વસ્તુતઃ સાચા તત્ત્વાર્થની શ્રદ્ધા છે, પણ પોતાના અભ્યુપગત અર્થની શ્રદ્ધા નથી. ધર્મવાદથી પરીક્ષા કરવા પૂર્વક તત્ત્વને સમજીને પોતે જે અર્થને અભ્યુપગત કર્યો હોય, તેની શ્રદ્ધા છે.

સ૦ જૈનમાં એવું જ્ઞાન હોવું જોઈએ ને ?

જૈન તે કહેવાય, કે જેનામાં એવું જ્ઞાન હોય; અથવા તો, જો પોતામાં તેવું જ્ઞાન ન હોય, તો તેવા જ્ઞાનવાળા ગીતાર્થ મહાત્માની નિશ્રા જેણે સ્વીકારી હોય. માટે તો, આપણે એ વાત વિચારી આવ્યા કે–જે કહેવાતો જૈન પોતાના કુલાચારથી જ આગમપરીક્ષાને બાધિત કરે, તે જૈન પણ આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ છે. જૈન તો શ્રી જિનાગમને જ પ્રમાણ કરનારો હોય. શ્રી જિનાગમને જાણે પણ નહિ અને શ્રી જિનાગમના જાણની નિશ્રાને સ્વીકારે પણ નહિ, છતાં ય જે પોતાની માન્યતાનો આગ્રહી હોય, તે તો જૈન કહેવાતો હોય તો પણ, તે આભિગ્રાહિક મિથ્યાદૃષ્ટિ છે. આમાં કોઈનો ય પક્ષપાત ચાલે એવો નથી. જૈન ગણાતાઓમાં પણ કેટલાક ભેદો શાને અંગે છે ? પોતાના કુલાચારનો એવો આગ્રહ કે–શ્રી જિનાગમમાં એથી ઊલટી વાત નીકળે, તો ય એ શ્રી જિનાગમને પ્રમાણ કરે નહિ, પણ પોતાના કુલાચારને પ્રમાણ કરે ! આભિનિવેશિક મિથ્યાત્વવાળાઓએ, એટલે નિહ્નવ આદિએ ચલાવેલા મતો પણ આજે વિદ્યમાન છે ને ? એ મતોના મૂળ પ્રરૂપકોને આભિનિવેશિક મિથ્યાત્વ, પણ એ મતને માનનારાં કુલોમાં જન્મેલા અને એટલા માત્રથી જ એ મતની

ખોટી પણ વાતોનો આગ્રહ ધરનારાને માટે શું કહેવાય ? એવાઓ જો શ્રી જિનાગમને વળગીને વિચાર કરે અને શ્રી જિનાગમના કથન દ્વારા નિર્ણય કરે, તો સાચી માન્યતાને પામી જાય ને ? પણ શ્રી જિનાગમની વાત તમે કહો અને એની સામે જો એ પોતાના કુલાચારનો જ આગ્રહ સેવે, તો શું મનાય ? જે વસ્તુની શ્રદ્ધા બેસી ગઈ, તેમાં કોઈ સમજાવવા માગે તો પણ સમજવાનો અવકાશ ન હોય, તો શું કહેવાય ? સમજવાની શક્તિ ન હોય તો ગીતાર્થને શોધવા જોઈએ, પણ આગ્રહ તો નહિ રાખવો જોઈએ ને ? અને સમજવાની શક્તિવાળાએ તો, સમજવાની જે તક મળે, તેને જતી નહિ કરવી જોઈએ ને ? આ તત્ત્વાર્થ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ કહેલો છે અને ભગવાન શ્રી જિનેશ્વરદેવો કદી પણ ખોટું કહે નહિ, એવી સમજથી પોતે માનેલા અર્થનો જેનો આગ્રહ સેવે છે. એમાં, આ તત્ત્વાર્થ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ કહેલો નથી–એમ કોઈ કહે, તો શ્રી જિનાગમ મૌજૂદ છે. એને પ્રમાણ રાખીને વાત કરે. જેનામાં એવી શક્તિ ન હોય, તે ગીતાર્થ ગુરૂની નિશ્રાને શોધીને સ્વીકારે. તમે શામાં છો ? તુંગીયા નગરીના શ્રાવકો ઈન્દ્રોથી પણ છળ્યા છળાય નહિ એવા હતા. જીવાજીવાદિ તત્ત્વોનો એમને એવો બોધ હતો કે–ઈતર દર્શનવાળાની સાથે પણ તેઓ ધર્મવાદ કરી શકે. જેમનામાં એ શક્તિ ન હોય, તે સામાને ગીતાર્થની પાસે લઈ આવે; પણ જે અજ્ઞાનેય હોય અને ગીતાર્થનિશ્રિત પણ ન હોય, તેનું શું થાય ?

તત્ત્વજ્ઞાન, એ સમ્યક્ત્વની પ્રાપ્તિનું સાધન છે :

તત્ત્વોના સ્વરૂપનું જ્ઞાન, એય સમ્યક્ત્વને પામવાનું સાધન

છે. આત્મામાં સમ્યગ્દર્શન ગુણ નિસર્ગથી પણ પ્રગટે છે અને અધિગમથી પણ પ્રગટે છે. મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમાદિ થવો, એ જ સમ્યક્ત્વની પ્રાપ્તિનું કારણ છે; પરન્તુ મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમાદિ જો નિસર્ગથી થાય તો તે જુદી વાત છે, પણ મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમાદિ એ પ્રયત્નસાધ્ય વસ્તુ પણ છે. જીવાદિ તત્ત્વોના સ્વરૂપનું સાચું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન, એ સમ્યગ્દર્શન ગુણને પ્રગટાવવાનું સાધન છે. જેઓને સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ થઈ છે, તેઓ પણ તત્ત્વજ્ઞાન દ્વારા પોતાના સમ્યગ્દર્શન ગુણની નિર્મલતાને સાધી શકે છે. તત્ત્વોના સ્વરૂપનું સાચું અને નિશ્ચયાત્મક જ્ઞાન, વિરતિના પરિણામોને પેદા કરવામાં પણ ઘણું સહાયક નિવડે છે. જ્ઞાનિને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ પણ સુલભ અને સમ્યક્ ચારિત્રનું નિરતિચાર પાલન પણ સુલભ. આથી જ, આપણે ત્યાં એમ પણ કહ્યું છે કે– **पढमं नाणं तओ दया** । દયાને પેદા કરવામાં અને દયાને પાળવામાં, તત્ત્વજ્ઞાન બહુ સહાયક નિવડે છે. આવું જાણવા છતાં પણ, આપણામાં તત્ત્વોના સ્વરૂપને જાણવાની ઈચ્છા કેટલી ? તત્ત્વોના સ્વરૂપને જાણવાની તમે મહેનત કરેલી, પણ જ્ઞાનાવરણીય કર્મના દોષે જ તમે તત્ત્વજ્ઞાનને પામી શકયા નથી, એવું તમે કહી શકો તેમ છો ? તમે વિચાર કરો કે–તત્ત્વજ્ઞાનને મેળવવાની ઈચ્છા થયેલી ખરી કે ? એ ઈચ્છાને પાર પાડવાને માટે મહેનત કરવાનું મન થયેલું કે થાય છે ખરૂં ? અવસરે, જેટલી સમજવાની શક્તિ છે, તેટલું સમજવાને માટે હૈયું ખૂલ્લું રહે છે કે નહિ ? કે પછી, જે કરીએ છીએ તે બરાબર છે, એમ હૈયે રાખી મૂકયું છે ?

એકલા અજ્ઞાન છો કે અજ્ઞાન હોવા સાથે આગ્રહી પણ છો? જીવાદિ તત્ત્વોના સ્વરૂપને નથી જાણતા ને? જીવાદિ તત્ત્વોના સ્વરૂપને નથી જાણતા, પણ જીવાદિ તત્ત્વોના સ્વરૂપને કોઈ જણાવે, તો જેટલી બુદ્ધિ છે, તેટલું સમજવાની તૈયારી છે કે નહિ? બીજા બધામાં રસ આવે અને તત્ત્વની વાતમાં રસ ન આવે, એટલે જ્ઞાનની પ્રાપ્તિના દરવાજા બંધ છે, એમ માનવું પડે ને?

પોતાનો ગુણ પણ પોતાને ગમે નહિ :

હમણાં હમણાંમાં ધર્મની બાબતમાં એવું વાતાવરણ સર્જાતું જાય છે કે–અજ્ઞાનમાં સુખ અને જ્ઞાનની બેદરકારી. તત્ત્વની વાતમાં ઉતરવું, એ કેટલાકોને પંચાત જેવું લાગે છે. ધર્મની કોઈ પણ વાત નીકળે અને પોતે જાણતો ન હોય, તો જરા પણ ક્ષોભ વિના એમ કહી દે કે–' આપણે તો દૂરથી નમસ્કાર કરવાનું રાખ્યું છે, એટલે નિરાંત છે. આ પૂજા કરીએ છીએ, કોઈ વાર મન થઈ જાય તો જે સાધુ મહારાજ હોય ત્યાં અપાસરે જઈ આવીએ છીએ અને જે બને તે ક્રિયા કરીએ છીએ. એમાં ઊંડા ઉતરીએ, તો આપણે આપણું ખોઈ બેસીએ.' સઘળાં જ પાપોના મૂળ એવા મિથ્યાત્વને ટાળવાને માટે અને સઘળા ય ધર્મોના પાયા સમાન સમ્યક્ત્વને પામવાને માટે, શાસ્ત્ર કહે છે કે-તત્ત્વજ્ઞાન મેળવીને, તત્ત્વોના સ્વરૂપના વિષયમાં સુનિશ્ચિત મતિવાળા બનવાની જરૂર છે; ત્યારે, આજના કેટલાક મૂર્ખાઓ તત્ત્વની વાતને સમજવાનો પ્રયત્ન કરવો, એમાં પણ પોતાની પાસે જે કાંઈ હોય, તેને ખોઈ નાખવા જેવું માને છે! જ્ઞાન, એ

તો આત્માનો ગુણ છે ને ? એ ગુણના અભાવમાં અને એ ગુણને પામવાની બેદરકારીમાં સુખની કલ્પના આવે, ત્યારે વિચારો કે–મિથ્યાત્વ જીવને કેટલું બધું ભયંકર કોટિનું નુકશાન કરે છે ? પોતાનો ગુણ પણ પોતાને ગમે નહિ, એ એછું નુકશાન છે ? એવું નુકશાન મિથ્યાત્વ જ કરી શકે છે.

વ્યાખ્યાનના શ્રોતાઓ :

આજે વ્યાખ્યાનમાં શ્રોતાઓ આવે છે, તે કાં તો લેવાઈ ગયેલા નિયમનું પાલન કરવા, કાં તો ગતાનુગતિકપણે અને કાં તો કથાઓ સાંભળવા, પરન્તુ તત્ત્વજ્ઞાનના અર્થી હોઈને વ્યાખ્યાન સાંભળવાને માટે આવનારા કેટલા ? તત્ત્વજ્ઞાનના અર્થી શ્રોતાઓ ઘટી ગયા, એટલે આજે વ્યાખ્યાનની પાટ ઉપર ગમે તે બેસી જાય છે અને ગમે તેને બેસાડી દેવાય છે. બે–ચાર ગ્રન્થ જોઈ લીધા, ૫–૫૦ કથાઓ યાદ કરી લીધી, થોડાક શ્લોકો કંઠસ્થ કરી લીધા, છાપાંઓમાં આવતા કિસ્સાઓ જોવા માંડ્યા અને થોડાં ઓઠાં શોધી રાખ્યાં,–આટલું બધું જ્ઞાન હોય અને થોડીક વાચાળતા હોય, તો આજના શ્રોતાઓ, એ પાટે બેસનારને માટે કેવુંક સર્ટીફીકેટ ફાડે ? 'શું મહારાજનું વ્યાખ્યાન ? શી છટા ? શ્લોક કેવા લલકારે ? કથામાં કેવો રસ પૂરે ? વ્યાખ્યાન તો ગજબ છે !' પણ કોઈ એવો તત્ત્વજ્ઞાનનો ભૂખ્યો સાંભળનાર મળે કે–'મહારાજ ! આમાં તત્ત્વજ્ઞાન શું થાય ?'–એમ પૂછે ? શ્રોતાઓ તત્ત્વજ્ઞાનના અર્થી હોત, તો ગમે તે સાધુ પાટે બેસત નહિ અને પાટે બેસનાર તત્ત્વજ્ઞ બન્યા વિના રહેત નહિ. શ્રોતા તત્ત્વજ્ઞાનનો અર્થી હોય, એટલે એ તો એવા પ્રશ્નો પૂછે કે–અજ્ઞાનને

જવાબ દેવો ભારી પડે. આગમ વંચાય ત્યારે જાણકાર શ્રોતા તો, ઝીણામાં ઝીણી બાબતો વિષે ય પ્રશ્ન કરે. રોજનો શ્રોતા બહુશ્રુત છે, એમ એની વાત ઉપરથી લાગે. એ અવસરે કહી શકે કે-'મેં આટલા આચાર્ય મહારાજને અને આટલાં આગમોને સાંભળ્યાં છે!' એને ઘણું યાદ હોય, કેમ કે-સાંભળેલું રોજ વિચારતો હોય. પહેલાંના કાળમાં, ઈતરો કથા કરવા બેસતા, ત્યારે જોઈ લેતા કે-સાંભળવા બેઠેલાઓમાં કોઈ આર્હત છે કે નહિ; કેમ કે-એ મુંઝવી નાખે એવો અને કુશલતાભર્યો પ્રશ્ન કરશે, એવી બીક રહેતી. આર્હત તત્ત્વજ્ઞ હતા, એટલે એમની આ આબરૂ હતી. જેને કશું જ્ઞાન જ ન હોય, તે શું પૂછી શકે? વ્યાખ્યાન શા માટે છે? તત્ત્વજ્ઞાન કરાવવા માટે! તત્ત્વજ્ઞાન પણ પારકાને માટે નહિ, પણ પોતાને માટે કરાવવાને માટે! કથામાં પણ તત્ત્વજ્ઞાન આવે. કોઈ ધર્મકથા ધર્મના હેતુ વિના લખાણી નથી અને દરેકે દરેક કથા ધર્મનો હેતુ સરે એવી જ રીતિએ વાંચવી અને સાંભળવી જોઈએ. જ્યાં શ્રાવકો તત્ત્વજ્ઞ હોય છે, ત્યાં ઉન્માર્ગદેશકો ચૂપ થઈ જાય છે. આજના કાળમાં શ્રાવકોનો મોટો ભાગ તત્ત્વજ્ઞાનશૂન્ય બની ગયો છે, એથી પણ ઘણું નુકશાન થવા પામ્યું છે.

જીવતત્ત્વ અને અજીવતત્ત્વને કોઈએ પેદા કરેલ નથી પણ તે અનાદિકાળથી છે :

તમે તત્ત્વને નથી જાણતા, પણ તમે જે કાંઈ કરી રહ્યા છો, તેમાં તમને કોઈ સમજાવવા માગે, તો તે સમજવાને માટે તમારૂં હૈયું ખૂલ્લું છે કે નહિ? તત્ત્વો કેટલાં છે? સાત અગર

નવ. જીવ, અજીવ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા ને મોક્ષ– એ સાત તત્ત્વો અથવા પુણ્યને અને પાપને જુદાં ગણીએ તો કુલ નવ તત્ત્વો છે. કર્મ અજીવ છે, પણ જીવ એ અજીવમાં પકડાએલો છે; અને એ માટે જ, જીવ અને અજીવ સિવાયનાં તત્ત્વોને પણ માનવાં પડે છે.

સ૦ કર્મનો યોગ ન હોય, તો મોક્ષ તત્ત્વને માનવાની પણ જરુર પડે નહિ ને ?

મોક્ષ એટલે શું ? આત્મા કર્મના યોગથી સર્વથા મુક્ત બને તે ! જો કર્મનો યોગ જ ન હોય, તો મોક્ષને પામવાની વાત જ રહે નહિ, એટલે મોક્ષ તત્ત્વને માનવાની જરૂર પડે નહિ. જેઓ આત્માના મોક્ષપર્યાયને માને છે, તેઓને આત્માની સાથેના કર્મના યોગને માનવો પડે અને એ કર્મનો યોગ જ આત્માનો મોક્ષપર્યાય પ્રગટ થવામાં અન્તરાય કરનારો છે–એમ પણ માનવું પડે. આમ તો, જીવ અને અજીવ–એમ માત્ર બે પ્રકારનાં જ તત્ત્વો આ જગતમાં વિદ્યમાન છે. કોઈ પણ વસ્તુનો સ્વતન્ત્રપણે વિચાર કરો, તો લાગે કે–કાં તો એ જીવ છે, કાં તો એ અજીવ છે. આ બન્ને તત્ત્વો કોઈનાં બનાવેલાં છે કે બનેલાં જ હતાં ? જીવને કે અજીવને કોઈએ પેદા કરેલ છે ? નહિ જ. જો જીવને ય કોઈએ પેદા કર્યો હોય અને અજીવને ય કોઈએ પેદા કર્યું હોય, તો એ પેદા કરનાર જીવ હતો કે અજીવ હતો ? જો પેદા કરનાર જીવ હોય, તો જીવ હતો જ–એમ નક્કી થઈ જાય છે અને અજીવ તત્ત્વ હતું–એમ પણ નક્કી થઈ જાય છે; કારણ કે– એકલો જીવ અજીવને પેદા કરે, એ બને શી રીતિએ ? બીજી વાત. જે જેમાં ન જ હોય, તે તેમાંથી પેદા થાય, એ બને

શી રીતિએ ? એટલે, એક જીવ હતો અને એણે બીજા જીવોને પેદા કર્યા, એ પણ બને નહિ. કેટલાક કહે છે ને કે– ઈશ્વરે બધા જીવોને પેદા કર્યા ? તો બધા જીવોને પેદા કરનારો ઈશ્વર, શુદ્ધ હતો કે અશુદ્ધ હતો ? જે અશુદ્ધ હોય, તેને ઈશ્વર કહેવાય નહિ અને જે શુદ્ધ હોય, તેનામાં પેદા કરવાપણું સંભવે નહિ. જેનામાં રાગ કે દ્વેષ ન હોય, તેનામાં લીલા હોય ? લીલા કરવાનું મન થાય, એ રાગ છે ને ? જેનામાં રાગનો અંશેય ન હોય, તેને વળી લીલા કરવાનું મન થાય શી રીતિએ ? અને, જો રાગ હતો–એમ માનીએ, તો રાગીને ઈશ્વર મનાય શી રીતિએ ? માટે, ઈશ્વરે જીવોને પેદા કર્યા છે, એવું કહેનારાઓને તત્ત્વનું સાચું જ્ઞાન જ નથી. જીવ તત્ત્વને અને અજીવ તત્ત્વને કોઈએ બનાવેલ નથી, પણ એ બન્ને તત્ત્વો છે જ. કયારથી છે ? તો કે–અનાદિકાલથી છે; કેમ કે–નહોતાં તો ઉત્પન્ન થયાં શી રીતિએ, એ સવાલ આવીને ઉભો જ રહે છે. તમે જો તત્ત્વજ્ઞાનને પામ્યા હો, તો તત્ત્વોના સ્વરૂપનો આમ વિચાર કરી શકો ને ?

જીવ અને કર્મનો યોગ પણ અનાદિકાલથી છે :

જીવ અને અજીવ, એ બન્ને તત્ત્વો જેમ અનાદિકાલથી છે, તેમ જીવ અને અજીવ તત્ત્વનો, એટલે જીવ અને કર્મનો યોગ પણ કયારથી છે ? અનાદિથી જ છે. ‘ પહેલાં જીવ શુદ્ધ હતો અને પછી કર્મના યોગવાળો બન્યો ’–એમ માનવું હોય, તો શુદ્ધ એવો પણ જીવ, કર્મના યોગવાળો એટલે અશુદ્ધ જીવ બન્યો શાથી ? જે જીવમાં રાગ–દ્વેષ કે અજ્ઞાન આદિ કાંઈ જ ન હોય અને જે જીવ તદ્દન શુદ્ધ સ્વરૂપવાળો હોય,

એ જીવ કર્મના યોગવાળો બની શકે જ નહિ, કારણ કે–એમ માનવામાં, કોઈ પણ પ્રકારનો કાર્ય–કારણ ભાવ ઘટી શકતો નથી. જે અશુદ્ધ હોય, તે જો એનામાં શુદ્ધ થવાની યોગ્યતા હોય તો શુદ્ધ બને–એ બને, પણ જેને કોઈ પણ પ્રકારનું કારણ નથી, એટલે શુદ્ધ સ્વરૂપવાળો જીવ અશુદ્ધ સ્વરૂપવાળો બને–એ શક્ય જ નથી. સચ્ચિદાનંદમય એવું જેનું સ્વરૂપ છે અને જેને શરીર, ઇન્દ્રિયો, આદિ કાંઈ જ નથી, એ જીવ કર્મના યોગવાળો બન્યો, એવું કોઈ કહે તો એણે એ જીવ કયા કારણે કર્મના યોગવાળો બન્યો, એ સમજાવવું જોઈએ ને? શુદ્ધ લક્ષણમાં એવી એક પણ બાબત છે જ નહિ, કે જે શુદ્ધ જીવને કર્મના યોગવાળો બનાવી શકે. રાગ નહિ, દ્વેષ નહિ, અજ્ઞાન નહિ, ઇન્દ્રિયો નહિ, એવો જીવ કર્મના યોગવાળો બની શકે ખરો?

સ્હજ નહિ જ!

એટલે પણ, જેમ જીવના અને અજીવના અસ્તિત્વને અનાદિકાલીન માનવું પડે, તેમ જીવ સાથેના કર્મના યોગના અસ્તિત્વને પણ અનાદિકાલીન જ માનવું પડે. આપણો આત્મા અત્યારે કર્મના યોગવાળો છે ને? હા. કયારથી આપણો આત્મા કર્મના યોગવાળો છે? અનાદિકાલથી. આમ માન્યું, એટલે જ જીવનું અસ્તિત્વ અને અજીવનું અસ્તિત્વ અનાદિકાલીન છે, એ વાત આવી ગઈ. આપણે કદી પણ નહોતા અને પેદા થયા છીએ–એવું નથી; આ જગત્ કદી પણ નહોતું અને પેદા થયું છે–એવું પણ નથી; તેમ જ, આપણે પહેલાં શુદ્ધ જ હતા અને પછીથી કર્મના યોગવાળા બનવાથી અશુદ્ધ બની ગયા–એમ પણ નથી. જીવનું અસ્તિત્વ

પણ અનાદિકાલથી છે, અજીવનું અસ્તિત્વ પણ અનાદિકાલથી છે અને જીવ તથા કર્મના યોગનું અસ્તિત્વ પણ અનાદિકાલથી છે!

જીવ પણ નિત્ય અને અજીવ પણ નિત્ય :

જીવ અને અજીવનું અસ્તિત્વ જેમ અનાદિકાલથી છે, તેમ જીવ અને અજીવનું અસ્તિત્વ રહેવાનું કયાં સુધી? કોઈ કાળ એવો નથી જ આવવાનો, કે જે કાળે અનાદિકાલથી જે જીવનું ને જે અજીવનું અસ્તિત્વ છે, તે મીટી જાય. જીવનું અસ્તિત્વ મીટી જ જતું હોય, તો એ જાય કયાં? જો કયાંય પણ જાય–એમ માનીએ, તો ય એનું અસ્તિત્વ તો રહ્યું ને? એટલે, જીવ પણ નિત્ય છે અને અજીવ પણ નિત્ય છે. ત્યારે જીવ જન્મ–મરણને પામે છે અને અજીવ દ્રવ્યો ઉત્પન્ન થતાં તથા વિનાશ પામતાં દેખાય છે, તેનું શું? એ, જીવનાં અને અજીવનાં અવસ્થાન્તરો છે. જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય અનાદિકાલીન છે, નિત્ય છે, પણ એનાં અવસ્થાન્તરો થયા જ કરે છે! જીવ જન્મ્યો અહીં તે કયાંકથી મરીને આવ્યો અને અહીં જીવ મર્યો, એટલે અહીંથી રવાના થઈને તે કયાંક પણ ઉત્પન્ન થયો. જીવ વસ્તુતઃ જન્મતો પણ નથી અને મરતો પણ નથી. શરીરની હેરફેરી થાય, તેને જન્મ–મરણ કહેવાય છે. અજીવમાં પણ તમે જુઓ કે–અજીવના સમૂહથી બનેલી એક ચીજ નાશ પામે છે, પણ એનો અર્થ એટલો જ કે–એ અવસ્થામાં ગોઠવાયેલ અજીવોના અંશો વિખરાઈ ગયા. મકાન પડી જાય, પણ મકાન બનવામાં યોગ પામેલ જે અજીવ અણુઓ હોય, તે કાંઈ નાશ પામી જાય?

નહિ જ. ત્યારે એ અણુઓ અવસ્થાન્તરને પામ્યાં, એટલું જ કહેવાય ને ? આ વસ્તુને જે સમજતો હોય, તે એમ જ કહે કે–અપેક્ષાએ જીવ નિત્ય પણ છે અને અપેક્ષાએ જીવ અનિત્ય પણ છે; એ જ રીતિએ, અપેક્ષાએ અજીવ નિત્ય પણ છે અને અપેક્ષાએ અજીવ અનિત્ય પણ છે.

કર્મના યોગ-વિયોગ સંબંધી તત્ત્વો :

જીવ નિત્ય પણ છે અને અનાદિકાલથી કર્મના યોગ-વાળો પણ છે. એ કર્મનો કર્ત્તા કોણ અને એ કર્મનો ભોક્તા કોણ ? જીવ પોતે જ પોતપોતાના કર્મનો કર્તા અને ભોક્તા છે. કોઈ જીવ, કોઇના ય કર્મનો કર્ત્તા બની શકતો નથી, એટલે પોતાના કર્મનો જીવ પોતે જ કર્ત્તા છે. જીવ ભિન્ન ભિન્ન પ્રકારનાં કર્મોને જે દ્વારા ગ્રહણ કરે છે, તે આશ્રવ કહેવાય છે; અને જીવ કર્મોને ગ્રહણ કરતો અટકે, એ સંવર કહેવાય છે. શુભ આશ્રવ, તે પુણ્ય કહેવાય અને અશુભ આશ્રવ, તે પાપ કહેવાય. આત્મા જે કર્મોને ગ્રહણ કરે, તે કર્મો પહેલાંનાં કર્મોની સાથે ભળે છે, એને બંધ કહેવાય છે; અને આત્માથી કર્મ વિખુટાં પડે, એ નિર્જરા કહેવાય છે. આ તત્ત્વોને, શાસ્ત્રોમાં વિસ્તારથી મહાપુરૂષોએ વર્ણવેલાં છે અને જો વિવેકપૂર્વક સમજીને વિચારાય, તો આની વિચારણા પણ ઘણાં કર્મોને ખપાવનારી નિવડે છે. જીવને અનાદિકાલથી કર્મનો યોગ છે, પણ જીવનાં કર્મોમાં ફેરફાર થયા કરે છે. જૂનાં જાય, નવાં બંધાય, એ કામ ચાલ્યા જ કરે છે. જો કર્મોમાં ફેરફાર થતો ન હોય, તો જીવનું ગત્યન્તર આદિ જે થાય છે, તે સંભવે નહિ. કર્મોમાં ફેરફાર થયા કરે છે, એટલે જો

વ્યાજબી રીતિએ મહેનત કરવામાં આવે, તો આત્મા સર્વથા કર્મરહિત પણ બની શકે. એને મોક્ષ કહેવાય છે. કર્મોની આવી સ્થિતિ આદિને સ્વતંત્રપણે તો અનન્તજ્ઞાનિઓ જ જણાવી શકે અને એ કર્મોના યોગથી જીવને મુક્ત બનાવવાનો ઉપાય પણ, સ્વતન્ત્રપણે તો અનન્તજ્ઞાની સિવાય કોઈ બતાવી શકે જ નહિ, એ શંકા વિનાની વાત છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ મોક્ષને પામવાનો માર્ગ પ્રરૂપ્યો છે, કારણ કે–એ જ એક માર્ગ જીવને માટે કલ્યાણકારી છે. આ બધી વાતોથી, શ્રાવકો, મોટે ભાગે અજાણ હોય નહિ ને? રોજ ભગવાન શ્રી અરિહંતદેવને પૂજે, એટલે એ તારકોએ આપણા ઉપર–જગતના જીવ માત્ર ઉપર, શો ઉપકાર કર્યો છે, તે યાદ તો આવે ને? એ જો યાદ આવે, તો પૂજામાં ઉલ્લાસ કેવો આવે?

પૂજા કરતાં વિચાર આવે:

તમે બધા રોજ ભગવાન શ્રી જિનેશ્વરદેવની પૂજા તો કરતા હશો ને? રોજ ત્રિકાલપૂજા કરો છો કે એક કાલ પૂજા કરો છો? રોજ ત્રિકાલપૂજા નથી બનતી, માટે એક કાલ પૂજા કરતા હો–એમ પણ બને, પણ તમે પૂજા કર્યા વિના તો રહો નહિ ને? ભગવાન શ્રી અરિહંતદેવ એવા ઉપકારી છે કે–એ તારકોનો ઉપકાર જો લક્ષ્યમાં આવી જાય, તો હૈયામાંથી એ તારકો વિસર્યા પણ વિસરાય નહિ. તમને ભગવાનની પૂજા કરતાં શું યાદ આવે?

સ૦ આ વીતરાગ હતા, એ વગેરે.

પણ વીતરાગ તો એ હતા ને? એ તારકની પૂજા

આપણે શું કામ કરીએ ? આપણને એવો તે શો ખપ પડી ગયો કે–આપણે બીજા કોઈ દેવની પૂજા કરીએ નહિ અને એ દેવની પૂજા કર્યા વિના આપણે રહી શકીએ નહિ ? જો તમને તત્ત્વજ્ઞાન હોત, તો તમે કહી શકત કે–' સંસારમાં રખડતાં રખડતાં અનન્તો કાલ વહી ગયો. તેમાં ઉપકારિઓ તો ઘણા મળ્યા છે, પણ બધા ઉપકારિઓ આની હેઠ ! આના જેવો કોઈ ઉપકારી નહિ. કેમ ? આણે મને મારા સ્વરૂપનું ભાન કરાવ્યું અને મારા સ્વરૂપને હું કેમ પ્રગટાવી શકું–એનો રસ્તો પણ બતાવ્યો. કર્મના યોગથી હું સંસારમાં ભમ્યા કરું છું; કર્મના યોગે અનન્તો કાળ સંસારમાં પરિભ્રમણ કરતાં વહી ગયો; આ મળ્યા, એટલે મારું અનંત કાલનું એ દુઃખ ટળી ગયું.' ભગવાનની પૂજા કરતાં, આવો કોઈ ભાવ, કોઈ વાર પણ આવે ખરો ?

સ૦ આવી સમજ મેળવી હોય, તો આવો ભાવ આવે ને !

ભગવાન શ્રી જિનેશ્વરદેવો મોક્ષમાર્ગના દાતાર છે, આવું તમે કદી પણ સાંભળેલું કે નહિ ?

સ૦ એમ તો સાંભળેલું, પણ તે સાંભળેલું એટલું જ.

ત્યારે, તમને એટલો વિચાર પણ નહિ આવેલો કે–'આવા સમર્થ પણ ભગવાને, જગતના જીવોના ભલાને માટે બીજો કોઈ જ માર્ગ નહિ દર્શાવતાં, એક માત્ર મોક્ષમાર્ગ જ કેમ દર્શાવ્યો ? આવા વીતરાગ અને સર્વજ્ઞ ભગવાને, જ્યારે જીવોના ભલાને માટે એક માત્ર મોક્ષમાર્ગ જ દર્શાવ્યો, ત્યારે એટલું તો નક્કી જ કે–મોક્ષમાર્ગ સિવાયના માર્ગે કોઈ પણ જીવનું વાસ્તવિક કોટિનું ભલું થાય નહિ ! ' જો તમને આવો વિચાર પણ આવ્યો હોત, તો ય તમને તત્ત્વોના સ્વરૂપને સમજવાનું

મન થાત ને ? એ માટે તમે પ્રયત્નેય કર્યો હોત ને ?

મણિ મળ્યો, પણ એકે અજ્ઞાનથી ગુમાવ્યો અને બીજાએ લોભથી ગુમાવ્યો :

તત્ત્વજ્ઞાનને પામેલો, ભગવાનને અને ભગવાનના માર્ગને સારી રીતિએ ઓળખી શકે છે. જે જેને ઓળખે જ નહિ, તે તેનાથી ઉઠાવવો જોઈતો લાભ શી રીતિએ ઉઠાવી શકે ? જે તત્ત્વને જાણે નહિ, તેના હાથમાં સાચું આવી ગયું હોય, તો ય સાચું હાથ આવ્યાથી જે ફળ મળવું જોઈએ, તે ફળ તેને મળે શી રીતિએ ? અજ્ઞાનને પણ જો સારૂં રૂચે, તો તે તેને કાંઇકિ ને કાંઇકિ ફળ જરૂર આપે, પણ સ્વાભાવિક રીતિએ સારૂં રૂચે, એટલે ય જાણવાનું મન તો થાય ને ? તમને તમારા સારા ભાગ્યના યોગે, સામગ્રી તો એવી સુન્દર મળી ગઈ છે કે–એનાં વખાણ કર્યા વિના ચાલે નહિ; પરન્તુ તમને આ જે સામગ્રી મળી છે, તેની જે ખરી કિંમત છે, તે કિંમત તમને સમજાય તો, તમે આ સામગ્રીનો સારી રીતિએ લાભ ઉઠાવી શકો ને ? એ વિના, તો કદાચ, રબારીને મણિ મળ્યા જેવું પણ થાય.

કહેવાય છે કે–એક રબારી રોજ બકરીઓને ચારવાને માટે જંગલમાં જતો. ત્યાં કોઈ એક વખતે એક મણિ પડેલો તેના જોવામાં આવ્યો. બીજા પથરાઓના કરતાં, એ મણિનો ચળકાટ ઘણો વધારે હતો. એના એ ચળકાટને જોઈને, એ રબારીએ એ મણિને લઈ લીધો.

મણિ મળ્યો ય ખરો અને ગમ્યો ય ખરો, પણ તે કેટલા પૂરતો ગમ્યો ? મણિની કિંમત સમજાઈ હતી માટે

એ મણિ રબારીને ગમ્યો નહિ હતો; રબારીને તો, મણિના રૂપ, રંગ અને આકારે આકર્ષ્યો હતો.

સાંજે બકરાંને ચરાવીને પાછા ફરતાં, રબારી એ મણિની સાથે રમતો રમતો આવે છે. મણિ ગમી ગયો છે, એટલે એ મણિની સાથે એ ગેલ કર્યા કરે છે. એમાં એને, રસ્તામાં એક વાણિયો મળ્યો.

આ રબારી, એ વાણિયાનો દેણદાર હતો. એ વાણિયાએ આ રબારીને એક રૂપીઓ વ્યાજે ધીર્યો હતો. રબારી એ વાણિયાને દૂધ વગેરે ઘણું આપી આવેલો, પણ એ બધું વ્યાજમાં જમા થએલું અને વાણિયાએ એક રૂપીયાનું લેણું તો ઉભું ને ઉભું જ રાખેલું.

વાણિયો એવો લોભી હતો કે–એના રૂપીઆમાં એ કાંઈ પણ ઘટાડો થવા દે નહિ અને રબારી એવો અજ્ઞાન હતો કે–વાણિયો જેમ કહે તેમ માની લે અને દેવું કબૂલ રાખે. પણ, રબારી આ વાણિયાના દેવાથી કંટાળી ગયેલો. ગમે તેટલું આપે તો ય વ્યાજમાં હજમ થઈ જાય અને દેવું ઉભું રહે, તો કંટાળો તો આવે ને?

અજ્ઞાન માણસનો આવો લાભ, તમે તો ન જ ઉઠાવો ને? તમારી સાથે જેને લેવડ–દેવડ હોય, તે જો અજ્ઞાની હોય, તો તમે શું કરો? ઠીક ફાવટ આવી ગઈ, એમ તમને તો ન જ લાગે ને? જે આપણા વિશ્વાસે રહે, તેને આપણાથી છેતરાય? આપણા ઉપર વિશ્વાસ મૂક્યો, એટલે વિશ્વાસ મૂકનારે આપણને સારા માણસ માન્યા ને? સારા માણસ તરીકેનું આપણને એણે માન આપ્યું ને? આપણે સારા ન હોઈએ તો ય, જે આપણને સારા માને તેને માટે તો આપણે ભૂંડા

થઈએ નહિ ને ? ક્ષત્રીયો લડતા ખરા, પણ તે લડવા આવેલાની સામે લડતા. વગર કારણે લડાઈ કરે નહિ અને લડે ત્યારે પણ સામા પાસે હથીયાર ન હોય તો પોતે એને આપે. લડે ખરા, પણ નીતિ જાળવે. શસ્ત્ર વગરનાની સાથે શસ્ત્ર લઈને લડે નહિ. તેમ, તમે વેપાર તો કરો, પણ વેપારમાં નીતિ જાળવો કે નહિ ? તમારી ઉપર કોઈ વિશ્વાસ મૂકે, તો એના વિશ્વાસનો ગેરલાભ તો લો નહિ ને ?

સ૦ વિશ્વાસ રાખે, એ સારી રીતે ચીરાય.

આ તો માણસાઈનું પણ લીલામ છે. વિશ્વાસુને ગરદન મારે એ શૂરવીર તો નથી, પણ માણસ પણ નથી. માણસાઈની જ્યારે ખરેખરી ઊણપ પડી જાય, એવા કાળમાં ધર્મ અતિશય દુર્લભ બની જાય–એમાં નવાઈ નથી. એવી દશામાં જેઓ આનન્દ માનતા હોય, તેઓ કદાચ દાનાદિ પણ કરતા હોય, તો પણ એ દાનાદિ એ લોકો ધર્મને માટે જ કરે છે, એમ કેમ માની શકાય ?

વાણિયાએ જોયું કે–રબારી પાસે મણિ છે. વાણિયો મણિને ઓળખતો હતો, પણ વાણિયો હતો; એટલે રબારીને એ કહે છે કે–' અલ્યા, આ પથરો કયાંથી ઉપાડી લાવ્યો ?'

રબારીએ કહ્યું કે–' જંગલમાં પડયો'તો તે જડી ગયો !'

વાણિયો કહે છે કે–' તું આ પથરાને શું કરીશ ?'

રબારી કહે છે કે–' પથરાને શું કરતા હશે વળી ? ઘેર લઇ જઈશ, એટલે આને જોઈને છોકરાં ખૂશ થશે.'

વાણિયો કહે કે–' આ પથરો તું મને આપી દે !'

રબારી એ વાણિયાના એક રૂપીઆના દેવાથી કંટાળી ગયો હતો અને વાણિયો આ પથરો માગતો હતો, એટલે રબારી

કહે છે કે–' જો તું મારૂં બધું દેવું માંડી વાળતો હો, તો તને આ આપી દઉં !'

દેવું કેટલું ? એક રૂપીઆનું ! એના બદલામાં મળતું હતું શું ? મણિ. પણ આ તો વાણિયો ! આવો દેણદાર પોતાના લેણામાંથી સાવ છૂટી જાય, તે વાણિયાને પરવડે ? વાણિયો કહે છે કે–' આખો રૂપીઓ તો નહિ, પણ અડધો રૂપીઓ માંડી વાળું !'

રબારી કહે છે કે–' માંડી વાળવો હોય તો આખો રૂપીઓ માંડી વાળ, નહિ તો ભલે રહ્યું દેવું ઊભું ! મારે પથરો નથી આપવો. ઘરે છોકરાં તો રાજી થશે !'

વાણિયો કહે છે કે–' ના, એ તો બને જ નહિ. આટલા પથરામાં તારે આખો રૂપીઓ લઈ લેવો છે ?'

રબારી પણ હઠે ચઢ્યો અને કહી દીધું કે–'તો જા, તને નથી આપવો. ' અને એણે તો, એમ કહીને ચાલવા પણ માંડ્યું.

રબારી રસ્તે ચાલ્યો જતો હતો, ત્યાં વળી એને એક બીજો માણસ મળ્યો. એણે રબારીને પૂછ્યું કે–' આવો સુંદર પથરો કયાંથી લાવ્યો ?'

આ કહે–' જંગલમાંથી જડ્યો. '

પેલાએ પૂછ્યું કે–' તારે આને વેચવો છે ? '

રબારીએ પૂછ્યું કે–' શું આપીશ ?'

પેલો પણ હુંશીયાર હતો. એણે કહ્યું કે–' તારે જે લેવું હોય તે કહે. તું કહે તે તને આપું !'

રબારી કહે કે–' જો, પેલા વાણિયાને મેં એક રૂપીઆમાં આપી દેવાનું કહ્યું હતું, પણ એને અડધો રૂપીઓ આપવો

હતો, એટલે મેં એને આ પથરો આપ્યો નહિ. મારે રૂપીઆથી ઓછે આપવાનો નથી.'

પેલાએ તરત જ ગજવામાંથી દશ રૂપીઆ કાઢયા અને રબારીને આપ્યા; એટલે રબારીએ તો ખૂશ ખૂશ થઈ જઈને, પોતાની પાસેનો પથરો, કે જે મણિ હતો, એ તેને આપી દીધો.

બન્ને ખૂશ થઈ ગયા. પેલો મણિ લઈને રવાના થઈ ગયો અને રબારી ઉતાવળો ઘેર ગયો. ઘરમાં આજે નસીબ પાકી ગયું—એવા સમાચાર આપ્યા.

પેલો લેણદાર વાણિયો વિચાર કરે છે કે—' રબારી પાસે મણિ છે, એ લઈ તો લેવો જ જોઈએ.' પણ પાછો એને વિચાર આવે છે કે—' એમ તે કાંઈ આને દેવામાંથી છૂટો કરી દેવાય ?' એટલે, એ વાણિયો કાંઈક વધારે આપવાને તૈયાર થાય છે, પણ આખો રૂપીઓ આપવાને તો નહિ જ. એ વાણિયો ગામમાં ફરીને રબારીને ઘરે આવે છે. એને કહે છે કે—' જો, આઠ આનાને બદલે બે આના વધારે એટલે દશ આના માંડી વાળીશ, માટે પેલો પથરો લાવ !'

રબારી કહે છે કે—' જા, જા, દશ આના માંડી વાળવાવાળા ! તારે મને છેતરવો હતો ને ? મને તો એક શેઠે એના દશ રૂપીઆ આપ્યા ! લે તારો રૂપીઓ !' એમ કહીને રબારીએ એની સામે એક રૂપીઓ ફેંકયો !

હવે વાણિયો કહે છે કે—' અલ્યા, તું બહુ છેતરાઈ ગયો. એ પથરો નહોતો, પણ મણિ હતો, મણિ ! એની તો બહુ કિંમત ઉપજે !'

રબારી કહે છે કે—' છેતરાયો તું કે હું ? એ મણિ હોય

તો ય હું એને ઓળખતો નહોતો, પણ તું તો એને ઓળખતો હતો ને? મને તો એક રૂપીઆને બદલે દશ રૂપીઆ મળ્યા; અને તારે તો, મણિ પણ ગયો અને હજુ મને ચુસ્યા કરવો હતો, તે પણ ગયું! ડાહ્યો તું કે હું?'

વાણિયો નિરાશ થઇને પાછો પોતાને ઘેર આવ્યો.

આપણી વાત તો એ હતી કે–તમને ભાગ્યયોગે સામગ્રી તો ઘણી સારી મળી ગઈ છે, પણ આ સામગ્રીને તમે પિછાની શકચા છો કે નહિ? અને, આ સામગ્રીનો ઉઠાવી શકાય તેટલો લાભ ઉઠાવી લેવાનું તમારૂં દિલ ખરૂં કે નહિ? ઘણાઓ અજ્ઞાન છે અને જે ભણેલા છે તેમાં પણ ઘણા એવા છે કે–સંસારના સુખના રસમાં લુબ્ધ છે. આવાઓને ગમે તેવા સારા ભગવાન મળી જાય, તો ય એ ભગવાન પાસેથી આશા શાની કરે? ભગવાન પાસે માગી માગીને તુચ્છ એવું સંસારનું સુખ જ માગે ને? રબારી અજ્ઞાન હતો, એટલે મણિ મળવા છતાં ય મણિનો લાભ એ ઉઠાવી શકયો નહિ અને વાણિયો લોભીયો હતો, એટલે થોડા માટે એણે ઘણા દ્રવ્યને દેનારા મણિને ગુમાવી દીધો! એકે ગુમાવ્યું અજ્ઞાને અને એકે ગુમાવ્યું લોભે. બેમાં કોણ વખાણવા લાયક? મિથ્યાત્વ કે કષાય?

સ૦ એકેય વખાણવા લાયક નહિ.

<u>દેવ–ગુરૂ–ધર્મનો સંબંધ :</u>

અત્યારે તમને દેવ, ગુરૂ અને ધર્મ સંબંધી સારામાં સારી સામગ્રી મળી છે ને? હા, આમ છતાં પણ, તમે મોક્ષ-માર્ગની સાધના તરફ કેટલા લક્ષ્યવાળા છો? અજ્ઞાન છો કે

વિષયરસમાં લુબ્ધ છો ? આપણે ત્યાં તો, જે જાણકાર હોય પણ રૂચિ વગરનો હોય, તે ય અજ્ઞાન કહેવાય છે. જીવાજીવાદિ તત્ત્વોના સ્વરૂપનું જ્ઞાન પણ નિશ્ચયાત્મક જોઈએ. તત્ત્વો વિષેનો સાચો ખ્યાલ, નિશ્ચયપૂર્વકનો જોઈએ. આ વિના, સારી પણ સામગ્રી હાથમાં આવી જાય, તો ય એને હાથમાંથી સરી જતાં વાર કેટલી ? જેને સંબંધની કિંમત નથી હોતી, તે વ્યવહારમાં કેમ વર્તે છે ? સંબંધ ટકયો તો ટકયો, બાકી છોડતાં ય વાર નહિ અને જોડતાં ય વાર નહિ. તેમ, આ દેવ-ગુરૂ-ધર્મનો સંબંધ, આપણે કેવોક જાળવીએ છીએ ? આ સંબંધ કેટલો કિંમતી છે-તેનું જ્ઞાન નથી, એટલે, હવે કદી પણ આ સંબંધ છૂટે નહિ-એવું કરવાની ઇચ્છા પણ નથી, એમ કહું તો ચાલે ને ? તમને આ દેવ-ગુરૂ-ધર્મ સાથેનો સંબંધ છોડતાં કેટલીક વાર લાગે ? તમારા આ દેવ-ગુરૂ-ધર્મ સાથેના સંબંધને કોઈ તોડાવવા માગે, તો તે સહેલાઈથી તોડાવી શકે ? કે, એને એની ધારણામાં નિરાશ થવું પડે ? ભવાંતરમાં ય, આ દેવ-ગુરૂ-ધર્મ સાથે સંબંધ બન્યો રહે, એવી ઇચ્છા હોય તો બોલો ! બચ્ચું પતાસામાં હીરો આપી દે-એ બને, કેમ કે-એને પતાસું મોટું ને મીઠું લાગે; તેમ, તમે સંસારના સુખના લોભમાં, આ દેવ-ગુરૂ-ધર્મની ઉપાસનાને વટાવી દો ખરા કે નહિ ?

સમજશો તો માનીશ અને શક્તિ હશે તો લઈશ :

ભગવાનના શાસનના તત્ત્વજ્ઞાનના વિષયમાં તમે અજ્ઞાન છો, એટલે ઉન્માર્ગે ઘસડાઈ જતાં પણ વાર લાગે નહિ ને ? તમે રોજ પૂજા, સામાયિક, વ્યાખ્યાનશ્રવણ, ગુરૂભક્તિ આદિ

કરો છો, છતાં કદી એમ ન થયું કે-તત્ત્વજ્ઞાન વિના ચાલશે કેમ ? સંસારના સુખના રસમાં રહ્યા કરીએ તો ય આ ક્રિયા મુક્તિ આપશે, એવું માની લીધું છે ? તમે જ્ઞાનની બાબતમાં આટલા બધા બેદરકાર કેમ છો, એ તો સમજાવો ! શું એકલી ક્રિયાથી મુક્તિ થાય છે, એમ માન્યું છે ? શાસ્ત્રો કહે છે કે-'**ज्ञानक्रियाभ्यां मुक्तिः** ।' ત્યારે એ શું બોટું છે ? તમે નથી સમજ્યા, પણ સમજવાને માટેની કોશિષ કરવી જોઈએ, એમ પણ તમે માનો છો કે નહિ ? કોઈ સમજાવે ત્યારે આનંદ થાય ? કે, અમે કરીએ છીએ તે જ બરાબર છે-એમ થાય ? વેપારિને ત્યાં માલ લેવા આવેલો શું કહે ? માલ ગમશે ને ભાવ પોષાશે તો લઈશ; પણ લેવાની વૃત્તિ તો ખરી ને ? એમ, તમે અહીં આવો છો, તે તત્ત્વજ્ઞાનના અર્થી બનીને આવો છો ને ? અમલ થઈ શકે તેમ ન હોય, તો અમલની વાત પછી, પણ વાત તો ગમે ને ? સમજાશે તો માનીશ ને શક્તિ હશે તો લઈશ-એવું તમારા મનમાં બરૂં કે નહિ ? આવી રીતિએ બૂલ્લા દિલે, બૂલ્લા મગજે તમે રોજ અર્થી બનીને સાંભળો, તો પાટે બેસનારે તમને સમજાવવાને માટે તરકીબ શોધવી પડે ને ? પણ, તમે કેવળ 'હા જી' કરનારા હો, તો શું થાય ? તમે કાંઈ સમજો પણ નહિ અને સમજવાનો પ્રયત્નેય કરો નહિ, તો તમને બહુ મોટું નુકશાન થાય.

સ૦ શ્રાવકો કેટલું કે જાણી શકે ?

શ્રાવકો ધારે તો બહુ જાણી શકે. તત્ત્વની વાતમાં ભલભલાને છક્કડ બવડાવી દે, એવું તત્ત્વજ્ઞાન શ્રાવકોમાં પણ હોઈ શકે. આ શાસન, શ્રાવકોને ધર્મના વિષયમાં બેઠ રહે-

વાનું કહેતું જ નથી. શ્રાવકવર્ગમાં તત્ત્વજ્ઞાન તરફ દુર્લક્ષ્ય વધી ગયું, એથી પણ શાસનને તો ઘણું નુકશાન પહોંચ્યું છે.

છોકરાંના પરલોકની ચિન્તા થાય છે ?

શ્રાવકો ભવભીરૂ હોય કે નહિ ? જે ભવભીરૂ નથી, તે વસ્તુતઃ શ્રાવક જ નથી. શ્રાવકને પોતાના છોકરાને માટે પણ એમ થાય કે–'આ છોકરો જો તત્ત્વજ્ઞાન ભણ્યા વિના જ પેઢીએ બેસશે, તો આનું થશે શું ? આ પાપ ને આ પુણ્ય– એવું સમજશે શી રીતિએ ?' તમારા ઘરમાં જન્મેલાં છોકરાં-ઓને તમારે દુર્ગતિમાં મોકલવાં છે ? એના પરલોકની તમને ચિન્તા થાય છે કે નહિ ? જેને પરલોકની ચિન્તા જ નથી, તે નાસ્તિક છે. સામાન્ય પણ આસ્તિક તે કહેવાય, કે જેને પરલોકનો ખ્યાલ હોય. માત્ર પરલોકનો ખ્યાલ આવે, તો ય માનસ પલટાઈ જાય ધીરે ધીરે એવું પણ થાય કે-બાપ જેટલા ન ગમે, તેટલા ગુરૂ ગમે. 'આપણાં છોકરાં તત્ત્વને જાણ્યા વિના સંસારને ખેડે છે તે સારૂં નથી'–એમ પણ થાય છે ? છોકરાં સંસારને તજી દે તો સૌથી સારૂં, પણ સંસારમાં રહે તો ય ધર્મને ભૂલે નહિ, એટલું ય એમનું હિત તમારા હૈયે વસ્યું છે કે નહિ ?

સ૦ અમને અમારી જ એવી ચિન્તા ન હોય, ત્યાં છોકરાં-ઓનો વિચાર આવે કયાંથી ?

અત્યાર સુધી ચિન્તા નહોતી, પણ હવે તો તમે સમ-જ્યા ને ? હવે તો તમે સુધરવાના અને છોકરાંઓને સુધ-રવાનો પ્રયત્ન કરવાના, એમ માની લઉં ને ?

સ૦ થોડો ઘણો પણ પ્રયત્ન તો થશે જ.

તમે સમજ્યા હો તો સમજાવવાનો વિચાર થાય ને?

આપણને હવે તો મોક્ષપર્યાય અને સંસારપર્યાયનો ખ્યાલ આવી ગયો, માટે આપણે હવેથી આપણા સંસારપર્યાયને કાપવાનો અને મોક્ષપર્યાયને પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો છે, આવો નિર્ણય જો તમે કરી લીધો હશે, તો તમે તમારા કુટુંબિઓના કલ્યાણ માટે પણ, બનતું કરવાનો પ્રયત્ન કર્યા વિના રહી શકશો નહિ. અત્યાર સુધીમાં, કષાયો અને ઇન્દ્રિયોના વિજેતા બનીને, અનન્તા આત્માઓએ પોતાના મોક્ષપર્યાયને પ્રગટાવ્યો છે. એ બધા, સ્વરૂપરમણતા રૂપ સુખમાં વિલસે છે. એ સુખ પરિપૂર્ણ પણ છે અને પાછું અનન્તકાળેય જાય–એવું પણ નથી. દુઃખનું નામ નહિ, સુખનો પાર નહિ અને એ સુખેય એવું કે–કદી પણ જાય નહિ. સંસારપર્યાયને અનુભવનારાઓને, ગમે તેટલું સુખ હોય તો ય, દુઃખનો સર્વથા અભાવ હોય નહિ; સંસારપર્યાયને અનુભવનારા જીવોમાં, સુખી બહુ થોડા અને દુઃખી ઘણા; અને, સંસારનું સુખ પણ એવું કે–કાં એ જાય, કાં આપણે જવું પડે. આપણે તો હજુ સંસારપર્યાયનો અનુભવ કરીએ છીએ, પણ આપણને આ પર્યાય ખટકે છે અને મોક્ષપર્યાયને મેળવવાનું આપણા મનમાં ઉગ્યું છે, એમ તો આપણે કહી શકીએ ને? 'આપણું અસ્તિત્વ તો અનાદિકાળથી છે, પણ આપણો ઘણો કાળ તો નિગોદમાં જ ચાલ્યો ગયો. એમાંથી આપણે આપણી ભવિતવ્યતાના યોગે વ્યવહારરાશિમાં આવ્યા. વ્યવહારરાશિમાં આવીને પણ, આપણે હજુ ચાર ગતિમાં ભટકયા કરીએ છીએ, કારણ કે–હજુ આપણે કષાયો અને ઇન્દ્રિયોના વિજેતા બની

શકયા નથી; અને એથી આપણે આપણા મોક્ષપર્યાયને પ્રગટાવી શકયા નથી.' આ વાત જેના હૈયામાં બરાબર બેસી જાય, તેને કષાયો ઉપર અને ઈન્દ્રિયો ઉપર વિજય મેળવવાનું મન થાય ને ? કષાયો અને ઈન્દ્રિયોથી જે છૂટયા, તે જ સંસારથી છૂટયા, એટલે આપણે પણ કષાયો અને ઈન્દ્રિયોથી છૂટીએ તો જ સંસારથી છૂટી શકીએ ને ? એ વિના, દુઃખ સર્વથા જાય–એ બને નહિ અને સુખ સંપૂર્ણપણે ભોગવી શકાય–એમ પણ બને નહિ ! આવું સમજનારને, પોતાના સ્નેહી–સંબંધી આદિને માટે પણ, એવો વિચાર તો આવે ને કે–'આ વાત એમને પણ સમજાય તો સારૂં !' આ વાતને એ નહિ સમજે, તો સંસારમાં એ રઝળી મરશે, એમ થાય ને ?

ભવિતવ્યતા સારી જ છે–એમ માનીને ચાલો :

વ્યવહારરાશિમાં આવ્યા પછીથી જીવને ચાર ગતિઓમાં ભટકવાનું. તેમાં, મહાપુણ્યનો યોગ કે–આવી સારી સામગ્રી સાથે આ મનુષ્યભવ મળ્યો છે. આ મનુષ્યભવ મહાપુણ્યે મળ્યો છે, પણ 'મારો મનુષ્યભવ કાયમી નથી'–એમ તો તમે સમજો છો ને ? કોઈક પુણ્ય મારા હાથે એવું સારૂં થઈ ગયું કે–આ ભવમાં હું આવી ગયો, પણ અહીંથી ગયા વિના છૂટકો નથી, એવો ખ્યાલ તો તમને આવી ગયો છે ને ? હવે જ્ઞાની જો એમ કહેતા હોય કે–અહીંથી કયાં જવું તે આપણા હાથની વાત છે, તો આપણને બેદરકાર રહેવું પાલવે નહિ ને ? જવાનું છે–એ નક્કી છે અને મહેનત કરીએ તો ધારીએ ત્યાં જઈ શકીએ–એ શકય છે, તો એ જાણીને આપણામાં હિંમત આવવી જોઈએ ને ?

સ૦ ભવિતવ્યતા સારી ન હોય તો ?

ભવિતવ્યતા કેવી છે, તે તમે જાણો છો ? નહિ, તો ભવિતવ્યતા સારી નથી–એવી કલ્પના તમને કેમ આવી ? આપણે તો માનવું કે–આપણી ભવિતવ્યતા સારી જ છે, કેમ કે–આપણને શ્રી વીતરાગ દેવ, નિર્ગ્રન્થ ગુરૂ અને શ્રી જિનકથિત ધર્મની સામગ્રી મળી છે. આપણામાં તો એવો ઉત્સાહ પેદા થવો જોઈએ કે–મારી ભવિતવ્યતા બહુ સારી લાગે છે, કારણ કે–આ બધી ઉત્તમમાં ઉત્તમ પ્રકારની દેવ–ગુરૂ–ધર્મની સામગ્રી મને મળી ગઈ છે; અને એમાંથી, મોક્ષપર્યાયને પ્રગટાવવાને માટે પુરૂષાર્થ ખેડવાનો ઉત્સાહ પ્રગટાવવો જોઈએ. આવાં દેવ–ગુરૂ–ધર્મ મળ્યા પછી, કોની તાકાત છે કે–આપણને દુર્ગતિમાં લઈ જાય ? આપણે જ આ દેવ–ગુરૂ–ધર્મને હૈયામાં ન રાખીએ ને દુર્ગતિમાં જઈએ, તો તે વાત જુદી છે. કોઈ પૂછે કે–'અહીંથી મરીને ક્યાં જશો ?' તો આપણે કહીએ કે–ચોક્કસ તો શું કહી શકાય ? કારણ કે–પરિણામની બરાબર ખબર પડતી નથી; બાકી, અમારો પ્રયત્ન તો સદ્ગતિ માટેનો જ છે આયુષ્યના બંધ વખતે કેવો પરિણામ હતો કે હશે, એ જ્ઞાની જાણે; બાકી, પરિણામને અમે તો એવો જાળવીએ છીએ કે–દુર્ગતિ થાય નહિ, સદ્ગતિ અવશ્ય થાય અને જ્યાં જઈએ ત્યાં દેવ–ગુરૂ–ધર્મ વિસરાય નહિ.'

ધર્માધર્મનો ખ્યાલ તો ધર્મસ્થાનોમાં પણ જોઈએ અને અધર્મસ્થાનોમાં પણ જોઈએ :

જૈનો આવી વાત સહેલાઈથી કહી શકે, કારણ કે–પરિણામ તરફ પણ એમનું લક્ષ્ય હોય ! સાધુઓએ ચોવીસેય

કલાક પરિણામને સારા રાખવાના અને શ્રાવકોએ-ગૃહસ્થોએ ધર્મ કરતી વખતે પરિણામને સારા રાખવાના, એવું નથી. સાધુને ધર્મ ચોવીસેય કલાક અને ગૃહસ્થને ધર્મ યથાશક્તિ, પણ ધર્મના પરિણામ તરફ તો બધાએ બધો વખત લક્ષ્ય રાખવાનું ! ધર્મ ઓછો કરે તો ઓછો કરવાને માટે નહિ, પણ ચોવીસેય કલાક ધર્મ થઈ શકતો નથી, માટે એ ઓછો સમય ધર્મ કરે છે. ધર્મ કરવાની ભાવના તો, ચોવીસેય કલાકની ! અધર્મનું આચરણ કરતાં ય ભાવના ધર્મની રાખે. 'નબળો છું માટે મારે આ કરવું પડે છે; કયારે એ વખત આવે કે-એક ક્ષણ પણ ધર્મ વિનાની જાય નહિ'-આવી ભાવના તો હૈયામાં જાગતી બેઠી હોય. ધર્મસ્થાનોમાં ધર્મ કરવાનો અને બહાર અધર્મ કરવામાં વાંધો નહિ, આવી માન્યતા શ્રાવકની ન હોય. અધર્મ કરે ત્યારે ય, એ કરવા લાયક નથી અને કરવા લાયક તો ધર્મ જ છે-એમ માને; એમાં પરિણામની જાળવણી છે. જ્ઞાનિઓએ આશય ઉપર બહુ ભાર મૂકયો છે, પણ આશયની નિર્મળતા અને નિર્મળ આશયની જાળવણી, અભિવૃદ્ધિ આદિ માટે ધર્મવ્યવહાર ઉપર ઓછો ભાર મૂકયો નથી. એ વાતને નહિ સમજેલા કેટલાકોએ દેશના નિશ્ચયપ્રધાન બનાવી દીધી અને ધર્મવ્યવહારને ભૂલી ગયા. આપણે તો, દેશનાને વ્યવહારપ્રધાન રાખીને, નિશ્ચય તરફ લક્ષ્ય દોરીએ છીએ; કારણ કે-ધર્મવ્યવહાર એ સારા આશયથી જ તારનારો બની શકે છે. જેના હૈયામાં મોક્ષનો આશય પ્રગટયો અને ભગવાને કહેલા મોક્ષમાર્ગની આરાધના કરવાનો આશય પ્રગટયો, તે ધર્મ સિવાયનો વ્યવહાર ન જ કરે-એમ નહિ; પણ એને કરવો ગમે કયો વ્યવહાર? ધર્મવ્યવહાર ! અધ-

ર્મનો વ્યવહાર કરવા છતાં ય, એ છોડવા જેવો જ લાગે અને ધર્મનો વ્યવહાર ન થાય, તો ય કરવા જેવો એ જ છે–એમ થયા કરે. આવો સમજુ માણસ, અધર્મવ્યવહાર કરતો હોય તે વખતે પણ, દુર્ગતિના આયુષ્યને ઉપાર્જે નહિ. આપણે ધર્મક્રિયા કરીએ છીએ, માટે આપણી સદ્ગતિ જ થશે–એમ માનનારે વિચારવું જોઈએ કે–'આયુષ્યનો બંધ અધર્મ વ્યવહાર કરતી વખતે પડશે તો ? અને, ધર્મવ્યવહાર આચરતી વખતે પણ, આત્મા જો કિલષ્ટ પરિણામવાળો બન્યો હશે તો ?' આજે ઘણાઓ કહે છે કે–'બધું સાચું, પણ બજાર વગેરેની વાત જુદી !' આમ ન મનાય. ધર્માધર્મનો ખ્યાલ જેમ મંદિર, ઉપાશ્રય આદિ ધર્મસ્થાનોમાં જોઈએ અને ધર્મક્રિયાઓ કરતી વખતે જોઈએ; તેમ, ધર્માધર્મનો ખ્યાલ બજાર, ઘર વગેરે અધર્મનાં સ્થાનોમાં પણ જોઈએ અને અધર્મની ક્રિયાઓ કરતી વખતે પણ જોઈએ.

અધર્મના પરિણામોથી બચો :

આયુષ્ય ધર્મસ્થાનોમાં બંધાય કે બધે બંધાય ? વેપાર કરતાં, ઘર બાંધતાં, ગમે તે પાપક્રિયા કરતાં આયુષ્ય બંધાય કે નહિ ? બંધાય, માટે જ્યાં સુધી બની શકે ત્યાં સુધી પરિણામને બગાડે તેવાં સાધનોમાં રહેવું નહિ; અને એમાં રહેવું પડે, તો પરિણામ બગડે નહિ તેની કાળજી રાખવી. તમારે સાધુ થવું નથી અને પેઢી–ઘર વગેરે સાચવ્યા વગર છૂટકો નથી, એટલે જો પરિણામને નહિ જાળવો, તો આ થોડીક ધર્મક્રિયા દુર્ગતિમાં આડો હાથ દેવાને આવશે ? દુર્ગતિથી બચવું હોય અને થયેલો દેવ–ગુરૂ–ધર્મનો યોગ છૂટી જવા

પામે નહિ–એવી ઇચ્છા હોય, તો ધર્મક્રિયા ઉપર ખૂબ રાગ કેળવવો પડશે અને અધર્મક્રિયાના રાગ ઉપર અણગમો પેદા કરવો પડશે. ભયંકરમાં ભયંકર પણ પાપક્રિયા કરતી વખતે, પરિણામ અધર્મમય બની જાય નહિ, તેવી મનોવૃત્તિને કેળવવી પડશે ને ? પંચેન્દ્રિયપ્રાણિવધ, મહારંભ, મહા પરિગ્રહ આદિ નરકનાં કારણોને સેવનારાઓ પણ, નરકમાં નથી ગયા અને સદ્ગતિને પામ્યા છે, એવા દાખલાઓ છે; પણ તે શાથી ? જેવી ક્રિયા તેવા પરિણામ હોત, તો તેઓ નિયમા નરકમાં જાત, પણ પરિણામને બગાડેલા નહિ ! કોઈની ભવિતવ્યતા સારી માટે પરિણામ બગડેલા નહિ અને કોઈએ પ્રયત્નથી પોતાના પરિણામને બગડવા દીધેલા નહિ. ધર્મક્રિયા કરનારને પરિણામ બગડવાનો સંભવ ઓછો છે, પણ એય મનથી અધર્મમાં ખૂંચે એ બને; પરન્તુ તમારે તો અધર્મમાં બેઠેલા હોવા છતાં પણ અધર્મના પરિણામથી બચવાનું છે ને ? અધર્મ તજવા જેવો અને એક ધર્મ જ સેવવા જેવો–એવું લાગ્યા વિના, પરિણામ જળવાય શી રીતિએ ? એ માટે, આપણે તત્ત્વજ્ઞાનની વાત કરી રહ્યા છીએ. તમે જો સાચા તત્ત્વજ્ઞ બનો, તો તમે અધર્મમાં બેઠેલા હોવા છતાં પણ, અધર્મના પરિણામોથી પ્રાયઃ બહુ જ સહેલાઈથી બચી શકો.

ધર્મ કરનારમાં અતિ લોભ આદિ હોય, તો તેથી ધર્મક્રિયાઓની લઘુતા થાય છે :

પંચેન્દ્રિયપ્રાણિવધ, મહારંભ તથા મહા પરિગ્રહ વગેરેને, તાકાત હોય તો તજી જ દેવાં. આપણું ચાલે તો, આપણે એ સંયોગોથી ખસી જ જવું. એ માટે તો, આપણે, સુખી

માણસો નિવૃત્તિ લઈને શ્રી સિદ્ધક્ષેત્રમાં રહી જાય અને જેમ અને તેમ પરિગ્રહને ઘટાડવાને માટે પરિગ્રહનો સદુપયોગ કરવા માંડે, એ વાત કરી આવ્યા. સાધુ થઈ શકાય નહિ અને આવી નિવૃત્તિ પણ લઈ શકાય નહિ, તેનું કારણ તો તમે વિચાર્યું હશે ને? સાધુ થવાનું અને સાધુ થવાય નહિ તો નિવૃત્ત થવાનું, મન તો ખરૂં ને? સાધુ થવાની શક્તિ નથી અને લોભ, મમતા આદિથી નિવૃત્ત થવાનું પણ મન થતું નથી, એમ ખરૂં? ધારો કે–એવી જ સ્થિતિ અત્યારે છે, તો પણ એ લોભ ને એ મમતા ખટકે છે? તમને બહુ લોભ ને બહુ મમતા ન હોય, તે છતાં ય તમારૂં સ્થાન એવું છે કે–કદાચ જવું પડે, પણ મનમાં શું છે? તમે કહી શકો કે–'આ બધું ગમતું નથી, પણ સંયોગ એવા છે કે–જે હાલ મૂકી દઈએ તો બહુ નુકશાન થઈ જાય તેમ છે; આબરૂ જાય ને આશ્રિતો રખડી પડે–એવું છે; પાછલી જીંદગી સુખે જાય નહિ ને સમાધિ ટકે નહિ–એવું છે!' આવું તમારે હોઈ શકે અને એથી તમે આવું કહી શકો, પણ એમાં હૈયાની રમત નહિ હોવી જોઈએ. સમાન્ય રીતિએ તો તમારે માટે એમ જ મનાય કે–તમને લોભ, આસક્તિ, મમતા આદિ હોય એ અનવાજોગ છે; પણ, એમાં તમે રાજી ન હો; એટલે કે–તમને એની ખટક તો હોય જ. તમે દાન નથી કરતા–એમ નહિ; શીલ નથી પાળતા–એમ નહિ; તપ નથી કરતા–એમ નહિ; અહીં તમે કેટલી બધી ધર્મક્રિયાઓ કરો છો? એટલે, તમારા ધર્મને જોઈને સહેજે એમ થાય કે–જે આટલો બધો ધર્મ કરે, તેનામાં અતિ લોભ, અતિ આસક્તિ, અતિ મમતા આદિ હોય નહિ! જે આટલો ધર્મ

કરે, એનામાં અતિ લોભ આદિ ન જ હોય એમ નહિ, પણ મુખ્યત્વે એમ કહેવાય કે–આટલો ધર્મ કરનારમાં અતિ લોભ આદિ હોય નહિ! એટલે, તમે જો એમ કહો કે–નિરૂપાયે અમારે જવું પડે છે, તો એટલા માત્રથી તમે ખોટું કહો છો–એમ મનાય નહિ. આ ધર્મક્રિયાઓ કરનારો અતિ લોભી આદિ હોય, તો એથી આ ધર્મક્રિયાઓની પણ લઘુતા થાય છે. જો યોગ્ય રીતિએ આ ધર્મક્રિયાઓ કરવામાં આવે, તો લોભ આદિ ઘટતા જ આવે; છતાં, સંજોગવશાત્ નિવૃત્તિ ન લેવાય એ બને. જેમ કેટલાકોને અધર્મમાં એટલો સમય ગાળવો પડે છે કે–ધર્મ ભાગ્યે જ કરી શકે છે; છતાં, એવાઓમાં એવા ઉત્તમ હૈયાના આત્માઓ પણ હોય છે કે–'મારું અને મારાં આશ્રિતોનું પેટ ભરવાને માટે, ધર્મ ન લાજે એવી રીતિએ જીવવાને માટે, મારે આમ કરવું પડે છે! આવી સારી દેવ–ગુરૂ–ધર્મની સામગ્રી મળી છે, એટલે ધર્મ કરવાનું બહુ મન થાય છે, પણ પુણ્ય કરતાં પાપ પણ એવું કર્યું છે કે–આવી સામગ્રીનો લાભ ઉઠાવી શકાતો નથી! લોભ જોરદાર નથી, આસક્તિ ભાન ભૂલવે છે એમ પણ નથી, પણ સંજોગ એવા છે કે-છોડી શકાય નહિ! સંજોગો જો સારા હોય, તો ધર્મ સિવાય કાંઈ જ કરવાનું મન થતું નથી!' આવા જીવો પણ હોઈ શકે. તેમ, તમે ય પ્રમાણિકપણે કહી શકો છો કે–નિરૂપાયે નિવૃત્તિ લઈ શકતો નથી. ધર્મ જો તમે આ પદ્ધતિએ કર્યો હોત કે–'કરવા લાયક તો આ જ છે અને જેટલો વખત ધર્મ નથી કરતો, તે તેમ કરી શકું એવું નથી–એ માટે' તો આટલાં વર્ષોમાં તો તમારા કષાયો ઘણા નરમ–પાતળા પડી ગયા હોત અને વિષયસુખ તરફ પણ તમા-

રામાં ખૂબ ખૂબ અણગમો પેદા થઈ ગયો હોત.

અહીં મમતા મારે છે ને પરભવમાં પાપ છોડશે નહિ :

પણ, તમે ધર્મ કરવા છતાં ય ધર્મને સમજવાનો પ્રયત્ન કેટલો કર્યો છે ? મિથ્યાત્વને કાઢવું હશે અને સમ્યક્ત્વને પામવું હશે, તો સમજવાની તૈયારી બહુ જોઈશે. ધર્મ સમજાયો હોય, તો થાય કે–'મારી પાસે આટલું બધું છે, છતાં હું મહારંભમાં કેમ ફસાએલો રહું છું ? બાધું ખૂટે તેમ નથી, છતાં છોકરાને આમાં શું કામ નાખું ? આટલા બધા રૂપીઆ મેં શું કામ રાખી મૂકયા છે ? સદુપયોગ કરીને હું આમાંથી ઓછા કરૂં, તો મને શો વાંધો આવે એમ છે ? મારે ઓછા કરવા હોય, તો ભગવાને સદુપયોગ કરવાનાં સ્થાનો ઘણાં બતાવ્યાં છે.' આમ વિચાર કરતાં લાગે કે–મારે ન રાખું તો મુશ્કેલી આવે તેમ છે, તો વિચાર થાય કે–આ રાખવા પડશે, પણ મનને એમાં લેપાવા નહિ દઉં ! તમારા પૈસા મને કરડતા નથી ને તમે દુર્ગતિમાં જશો તો ભોગવવાનું તમારે છે, પણ તમે અહીં વિશ્વાસે આવ્યા છો, તો મારે તમને શીખવવું છે ! જો તમને લાગે કે–મને રાખવાનું મન થાય છે તે જરૂરથી નહિ પણ મમતાથી, તો વિચારો કે–હું શ્રી વીતરાગ દેવનો ને નિર્ગ્રન્થ ગુરૂનો ઉપાસક છું; એ ધ્યેય ત્યાગી છે, છતાં હું કેમ રાખી બેઠો છું ? મારી મમતા કેમ જતી નથી ? મારી મમતા જાય–એ માટે હું વગર મને પણ સદુપયોગ કરવા માંડું ! મમતા કહે કે–'રહેવા દે' ત્યારે આ કહે કે–'તને કાઢવી છે, માટે આપવાનો !' વાત એ છે કે–આ બધું રાખવું એ પાપ છે, એમ લાગ્યું છે ? પાપ લાગે તો થાય કે–

'માણસ નાનો ને બોજો મોટો ! ગધેડા ઉપર પણ વધુ ભાર ભરીએ, તો એ બેસી જાય છે ને આ પરિગ્રહના બોજાથી હું કેમ અકળાતો નથી ? હું તો મારા આત્મા ઉપર પાપનો ભાર લાદ્યા કરું છું ! અહીં મમતામાં મરું છું ને પરભવમાં આ પાપ છોડશે નહિ !' તમે ધર્મક્રિયાઓ કરો છો, તે શા માટે કરો છો ? પાપક્રિયાઓ ગમતી નથી, માટે ને ? પાપક્રિયાઓથી છૂટવાને માટે ધર્મક્રિયાઓ છે, એવું જો તમે જાણ્યું હોત, તો તમે પોતે જ વિચાર કરત કે–'હું આટલી બધી ધર્મક્રિયા કરું છું, છતાં પણ મને પાપક્રિયાઓને તજવાનું મન થતું નથી, તો તેનું કારણ શું ? જો પાપ મને ગમતું જ રહેશે, તો આ ધર્મક્રિયાઓ મારો શી રીતિએ નિસ્તાર કરી શકશે ?' હું હૈયાનો ભૂંડો હોઉં તેથી ડૂબું, તો એમાં ધર્મક્રિયાઓ શું કરે ?, એમ પણ થાય ને ?

સમ્યગ્દૃષ્ટિને પાપી ન કહેવાય :

એક માત્ર મિથ્યાત્વ જાય, તો પણ એથી આત્માને એટલો મોટો ફાયદો થઈ જાય છે કે–દુર્ગતિનાં કારણો પણ, એને માટે દુર્ગતિનાં કારણો બની શકતાં નથી. શાથી ? આત્માના પરિણામોમાં એથી ગજબનો પલટો આવી જવા પામે છે. આત્માની આખી રૂચિ જ બદલાઈ જાય છે. અવિરતિનો ઉદય ગમે તેટલો જોરદાર હોય, પણ સાથે મિથ્યાત્વનો ઉદય ન હોય, તો એ અવિરતિનો ઉદય, પાપથી આત્માને વિરામ પામવા દે નહિ, તે છતાં પણ, એનું હૈયું પાપી હોય નહિ. અવિરતિના ઉદય યોગે, સમ્યગ્દૃષ્ટિ આત્મા ય પાપ સેવનારો હોય, પણ એ પાપી ન હોય. સમ્યગ્દૃષ્ટિ આત્માને પાપી કહેવાય નહિ. આ તો,

અનંતજ્ઞાનિઓએ ઉપદેશેલું શાસન છે. જ્યાં દોષ હોય, ત્યાં દોષ પણ બતાવે; અને જ્યાં ગુણ હોય, ત્યાં ગુણ પણ બતાવે. ઘણા દોષોની વચ્ચે રહેલા ગુણને ય છૂપાવે નહિ અને ઘણા ગુણોની વચ્ચે રહેલા દોષને ય છૂપાવે નહિ. કેવળ બહારનું જુએ અને અંદરનું જુએ નહિ, એવું તો અજ્ઞાની કરે. આ શાસન, સમ્યગ્દૃષ્ટિને પાપ કરનાર તરીકે પણ વર્ણવે; સમ્યગ્દૃષ્ટિ પણ અવિરતિના ઉદયવાળો હોય, તો પાપથી વિરામ પામે નહિ, એમ કહે; પાપના આચરણને વખાણે નહિ, પણ હૈયામાં પાપનો અણગમો હોય તો તેને છૂપાવે પણ નહિ ! માટે તો, સમ્યગ્દર્શનમાં વાત એ છે કે–જે જેવું હોય, તેને તેવું માનવું ! જે જેવું હોય, તેને તેવું નહિ માનવા દેનાર અને જે જેવું ન હોય, તેને તેવું નહિ મનાવનાર મિથ્યાત્વ છે. મિથ્યાત્વ ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ મનાવે. સુખના માર્ગને દુઃખનો માર્ગ અને દુઃખના માર્ગને સુખનો માર્ગ મિથ્યાત્વ મનાવે. મિથ્યાત્વ દેવ–ગુરૂ–ધર્મમાં દેવબુદ્ધિ, ગુરૂબુદ્ધિ અને ધર્મબુદ્ધિ થવા દે નહિ; અદેવમાં દેવબુદ્ધિ, અગુરૂમાં ગુરૂ-બુદ્ધિ અને અધર્મમાં ધર્મબુદ્ધિ કરાવે; અથવા તો, સત્ અને અસત્ વિષે, વાસ્તવિક કોટિની નિર્ણયાત્મક બુદ્ધિ થવા દે નહિ ! મિથ્યાત્વ, વિપરીત જ્ઞાનની સાથે અને વાસ્તવિક કોટિના જ્ઞાનના અભાવની સાથે રહે છે.

આગમની ઉપરવટ થઈને કુલાચારને ન વળગાય :

આભિગ્રહિક મિથ્યાત્વમાં, અજ્ઞાન સાથે જોરદાર આગ્રહ હોય છે; તત્ત્વોની તત્ત્વો તરીકેની સાચી સમજ નહિ હોવા છતાં પણ, જે વસ્તુ પોતાની માન્યતામાં બેસી ગઈ હોય અથવા

તો પકડાઈ ગઈ હોય, તેમાં સમજાવનારની સમજાવટને અવકાશ જ ન મળે, એવો આગ્રહ હોય છે. સમજાવનાર જેમ જેમ સમજાવવાને મથે, તેમ તેમ એને કેમ તોડી પાડવો–એનો જ પ્રાયઃ એ વિચાર કરે. સાચું તે મારૂં નહિ, પણ મારૂં તે જ સાચું. જ્ઞાનિઓની નિશ્રાએ શ્રદ્ધા હોય, તો તે વાત જુદી છે. આજે તમે તત્ત્વજ્ઞાનને પામેલા નથી, પણ જો ગીતાર્થની નિશ્રાએ બરાબર હો, તો તત્ત્વજ્ઞાન નથી એટલે મિથ્યાદૃષ્ટિ છો–એમ કહેવાય નહિ. જૈન કુળમાં જન્મેલાઓને તો, સમ્યક્ત્વને પામવાની સુલભતા છે, પણ એનામાં ય જો અસદ્ આગ્રહ હોય, તો તે મિથ્યાદૃષ્ટિ મટતો નથી. અજ્ઞાન માણસ, માત્ર પોતાના કુલાચારને વળગીને, જે ધર્મક્રિયા ચાલતી હોય તેને આગમની કસોટીએ કસવાની ના પાડે અગર તો આગમની વાતની ઉપરવટ થઈને ય, પોતાના કુલાચારને વળગી રહેવાની વૃત્તિ રાખે, તો તે ય આભિગ્રાહિક મિથ્યાદૃષ્ટિ ગણાય. સારી ક્રિયાને પણ સારી તરીકે જાણવાની વૃત્તિ અવશ્ય જોઈએ. જૈન કુળમાં જન્મેલાને, દેવ પણ સમ્યક્ત્વના ઘરના, ગુરૂ પણ સમ્યક્ત્વના ઘરના અને ધર્મ પણ સમ્યક્ત્વના ઘરનો; એટલે કે–જે કોઈ આવા દેવ–ગુરૂ–ધર્મની નિશ્રાએ જ વર્તતો હોય, તેનામાં મિથ્યાત્વને ટકવાને અવકાશ નથી. તમે જો ગીતાર્થની નિશ્રાને સ્વીકારી લો, તો ફાવી જાવ. ગુરૂની શોધમાં પણ તમે ભૂલ ન ખાવ, તે જોવાનું. તમારા કષાયોને વેગ મળતો હોય એથી ગુરૂ ગમે, એવું નહિ બનવું જોઈએ. ગુરૂ ગીતાર્થ જોઈએ. એટલે, તમે તમારૂં ગાડું અજ્ઞાનમાં ને અજ્ઞાનમાં જ ચલાવી લેવા માગો, તો તે બરાબર નથી. તમારે સમજવાની કોશિષ કરવી જ જોઈએ.

કુલાચાર દ્વારા આગમની પરીક્ષાને બાધિત કરનારાઓએ વિચારવું જોઈએ કે–આગમ મોટું છે, કુલના વડિલો નહિ! પૂર્વજનું વચન પ્રમાણ–એમ કરીને ચાલનારાઓ, જો આગમના વચનને ઉત્થાપે, તો તે ચાલે ખરૂં ? નહિ જ. એક વાત શાસ્ત્રમાં નીકળતી હોય અને પૂર્વજની તેમાં ભૂલ થયેલી હોય, તો માર્ગનો બપી એવા અવસરે શું કરે? પૂર્વજનો આગ્રહ રાખે નહિ, પણ શાસ્ત્રનો આગ્રહ રાખે. યોગ્ય પૂર્વજનો આગ્રહ જરૂર રખાય, પણ તે આગ્રહ કદી પણ શાસ્ત્રવચનથી વિરૂદ્ધ પ્રકારનો નહિ હોવો જોઈએ.

જ્ઞાન અને ક્રિયાના યોગથી મુક્તિ થાય–એવું માનનારને એક અંગની ઉણપ હોય તો તે ખટકે નહિ?

મિથ્યાત્વને કાઢવાને માટે તત્ત્વજ્ઞાન મેળવવું એ બહુ જરૂરી છે અને તમને તો સત્શાસ્ત્રોનો યોગ મળી ગયો છે. હવે તો તમે ભણવા માંડવાના ને ? તમને ભણતાં રસ આવે, તો તમને બધાને, તમારા છોકરાઓ વગેરેને કહેવાનું મન થાય કે–'નહોતા ભણ્યા ત્યારે રસ નહોતો આવતો, પણ હવે તો ભણવામાં બહુ રસ આવે છે.' જેઓ હવે ભણી શકે તેમ ન હોય, તેઓને પણ પોતાનાં બચ્ચાંઓને તો ભણાવવાનું મન થાય ને ?

સ૦ છોકરાઓ કહેશે કે–તમે નથી ભણ્યા અને અમને ભણવાનું કેમ કહો છો ?

તમારા છોકરા તમને આવું કહે ? તમને, એ એમના હિતસ્વી ય માને છે કે નહિ? છતાં, માનો કે–કોઈએ એવું કીધું, પણ તમે કહી શકો છો કે–' અમે આ જ્ઞાનને નથી

પામ્યા, એનું અમને બહુ દુઃખ થાય છે. જ્ઞાન પમાય તેમ હતું ત્યારે આ સુઝયું નહિ અને હવે આ સૂઝયું છે, ત્યારે અમારા ભણવાના સંયોગો રહ્યા નથી. અમે આ તત્ત્વોને નથી સમજ્યા, માટે અમને ઘણી વાર મુંઝવણ થઈ જાય છે, માટે તમે પહેલેથી ભણો, કે જેથી તમારે મુંઝવણનો વખત આવે નહિ!' પણ છોકરાં અજ્ઞાન રહે, તત્ત્વજ્ઞાન વગરનાં રહે, એ તમને ડંખે છે ખરૂં? જ્યાં સુધી તમને તમારૂં અજ્ઞાન ખૂબ ખૂબ નહિ ખટકે, ત્યાં સુધી તમને તમારાં છોકરાં અજ્ઞાન રહે–એ ખટકશે જ નહિ. શાસ્ત્રે "**ज्ञानक्रियाभ्यां मोक्षः।**" કહ્યું છે, એ તમે જાણો છો ને? એ વાત ઉપર તમને શ્રદ્ધા કેટલી? જ્ઞાન અને ક્રિયા–બેના યોગથી મુક્તિ, એ વાતમાં તો તમારી શ્રદ્ધા જોરદાર છે ને? કોઈ એકલા જ્ઞાનથી મુક્તિ કહે અગર તો કોઈ એકલી ક્રિયાથી મુકિત કહે, તો તમે ના પાડો ને? જો તમે એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી મુકિત ન થાય–એમ માનતા હો, તો તમારામાં એક અંગ ઓછું દેખાય, તો તેનું તમને દુઃખ થાય ને? બે ઘોડાની ગાડી હોય, તો એક ઘોડો ચાલે? એ ગાડીને અને એક ઘોડાને જોતાં, બીજા ઘોડો નથી, એ યાદ આવે ને? બીજા ઘોડા વિના, આ એક ઘોડો ને ગાડી છે તે ય કામ નહિ લાગે, એમ થાય ને? જ્ઞાન અને ક્રિયા–બન્નેના યોગથી જ મુકિત થાય, આવી શ્રદ્ધા પાકી હોય, તો જે એક અંગ નથી, તેનું દુઃખ કેટલું થાય? અણસમજુમાં પણ જે શ્રદ્ધાવાળા હોય, તેમને તો એમ થાય કે–' હું અણસમજુ છું, માટે હું આ ધર્મક્રિયામાં સમજુના જેવો રસ અનુભવી શકતો નથી.' એને જ્ઞાનનો ખપ લાગે. તમને જ્ઞાનનો ખપ લાગે છે? તમને જ્ઞાનનો ખપ લાગે

છે, તો એમ થાય છે કે–'હું તો રહી ગયો, પણ મારાં સંતાનોમાં આ ઉણપ નહિ રહેવી જોઈએ ?' જેમ અંગ્રેજી ભણાવવું જરૂરી લાગ્યું, તો ગરીબ મા-બાપોએ છોકરાઓને દેવું કરીને પણ ભણાવ્યા ને ? અને, તમે સુખી હોવા છતાં ય, છોકરાં ધર્મથી અજ્ઞાન રહે છે, તે ચલાવી લો છો ને ? ત્યાં આજિવિકા કેમ ચાલશે એમ લાગ્યું, તો અહીં એમ કેમ ન લાગ્યું કે–આ જ્ઞાન વગર, આનો નિસ્તાર–મોક્ષ અટકી જશે ? તત્ત્વોનું વાસ્તવિક જ્ઞાન, માત્ર ધર્મક્રિયાઓ માટે જ ઉપયોગી છે–એમ પણ નથી. અધર્મક્રિયાઓ કરવી પડે, તો ય હૈયું અધર્મમય બની જાય નહિ, એ માટે ય તત્ત્વોનું વાસ્તવિક જ્ઞાન જરૂરી છે. કયી ક્રિયા કરવા જેવી અને કયી ક્રિયા નહિ કરવા જેવી, ક્રિયા કરતાં કેવા ભાવ રખાય અને કેવો ભાવ ન રખાય, એ વગેરે બધું તત્ત્વોનું વાસ્તવિક કોટિનું જ્ઞાન હોય તો સમજી શકાય. તમને જો તત્ત્વોના જ્ઞાનનો ખપ લાગ્યો હોત, તો તમે સંતાનોને જેમ વ્યવહારમાં સુશિક્ષિત બનાવ્યાં, તેમ તત્ત્વોના વિષયમાં પણ સુશિક્ષિત બનાવ્યાં હોત ! અને, તમે જો તમારાં સંતાનોને ધર્મમાં સુશિક્ષિત બનાવ્યાં હોત, તો એ ધર્મનો ઝંડો લઈને ફરતે ! સમજે ત્યાં એ પ્રાણ પણ આપે, એમ બને. તમને જરૂર લાગે, ત્યાં તમે કેટલાં કષ્ટોને વેઠો છો ? એમ, અહીં પણ જો જરૂર લાગત તો તમે કષ્ટોને વેઠીને ય ભણુત અને ભણાવત. વળી, તત્ત્વોના વાસ્તવિક કોટિના જ્ઞાનમાં તો, એ ગુણ છે કે–દોરે મોક્ષ તરફ, પણ ગૃહસ્થપણે રહેવું પડે તો ગૃહસ્થાચારને પણ સુધારી દે. તત્ત્વજ્ઞાનના પ્રતાપે, નમ્રતા વગેરે ગુણો પણ આપોઆપ આવી જવા પામે.

સમજી માણસ જેમ દેખીતો ખોટનો ય વહેપાર કરે, તેમ સમ્યગ્દૃષ્ટિ આત્મા પાપેય કરે :

તત્ત્વજ્ઞાનને પામેલા આત્માને, સંસારમાં રહેવું પડે તો એ રહે ખરો, પણ એ સાવચેત બનીને રહે. તત્ત્વજ્ઞાનને પામેલો, તેવા પ્રકારના કર્મના ઉદયથી વિરતિને ન પામી શકે –એ બને, પણ એનામાં વિરાગ તો હોય ને ? ભોગ સેવે, તો ય વિરાગ જીવતો હોય; એટલે, એની તો બધી ક્રિયા વિરતિને નજદીકમાં લાવનારી બને, એ શકય છે. તમે સંસારમાં સાવચેતીથી રહો છો ખરા ? તમે બંગલા બાંધ્યા અને બીજી ઘણી સામગ્રીઓને સર્જી, પણ તેમાં ય તમે એ રહે ત્યાં સુધી રહી શકવાના ખરા ? મોટે ભાગે તો, નહિ જ ને ? તો તમે, તમારા સુખને માટે સંસારમાં જે કાંઈ સામગ્રીને સર્જો, તેમાં તમને એવો વિચાર આવે ખરો કે–'કોણ જાણે, કોણેય ભોગવશે ?' જ્ઞાન હોય, તો વિચાર આવે. શાથી ? 'મારે જવાનું છે–એ નક્કી છે અને મારૂં ભેગું કરેલું, મારા જીવતાં કે મારા મરી ગયા પછી, દુશ્મન પણ નહિ ભોગવે –એ નકકી નથી.' જે કોઈ બંગલા બાંધે, તે બધા એમાં રહી જ શકે ? નહિ, તો બંગલો બંધાવતાં બહુ રસ આવી જાય, તો ઝટ એવો વિચાર પણ આવે ને કે–'એવકૂફ, આમાં રસ કરવા જેવું છે શું ? બંગલો અડધો બંધાયો હોય ને ય તારે જવું પડે અને વાસ્તુનો દહાડો કઢાવ્યો હોય તે દહાડે ય ઠાઠડી બંધાય.' કેમ ? જ્ઞાન છે કે–મરેલા જન્મે તે બને, પણ જન્મેલા મરે નહિ એવું તો બને જ નહિ. જન્મેલા ન મરે–એવું બન્યું ય નથી, બનતું ય નથી ને બનવાનું ય નથી. વળી

આ ઉમ્મરે, આ વખતે, આ ઠેકાણે ન જ મરાય–એમ પણ કહેવાય નહિ. દૂધ પીતો ય મરે, નાની ઉંમરનો ય મરે, જુવાનેય મરે, પ્રૌઢેય મરે ને ઘરડો ય મરે. જો જ્ઞાન હોય, તો આથી પણ સાવચેતી આવે ને ? તમે જીવો ત્યાં સુધી ય, તમારૂં ભેગું કરેલું તમે જ ભોગવી શકો અને તમારો દુશ્મન એને ન જ ભોગવી શકે, એમેય ખરૂં ? ઘણાનું ગયું. દુશ્મન ભોગવે છે ને એને રસથી બંધાવનારા જુએ છે ને બળે છે, પણ કાંઇ કરી શકતા નથી. પાકીસ્તાનમાંથી આવેલાઓની શી દશા થઇ, તે જાણો છો ને ? જ્ઞાની હોય, તેને ય પાપ કરવું પડે–એ બને, પણ એ સાવચેત રહે. એને અવસરે મમતાને બંધેરી નાખતાં વાર નહિ. યુદ્ધભૂમિમાં ય જ્યાં મૃત્યુ નજદીક લાગ્યું, ત્યાં જ્ઞાની હતા તે બધું વોસિરાવી શકયા અને અનશનને આદરીને આરાધના કરી શકયા. સમજુ માણસ, એવો કોઈ વખત આવી લાગે તો, ખોટનો ય વેપાર કરે; પણ સમજે કે–ખોટ કરૂં છું. ડાહ્યો વહેપારી કોઈ વખતે બાર આનીએ કે આઠ આનીએ પણ માલનો નિકાલ કરે ને ? કેમ ? એમ કરવાથી જ આઠ આની જેટલી પણ મુડી બચી જાય તેમ હોય, પેઢીની આંટ જળવાઈ જાય તેમ હોય, તો એમ પણ કરે. કહેશે કે–તક જોઈને ખોયું એનાથી બેવડું મેળવી લઈશ, પણ અત્યારે ખોટ ખમી ખાવી, એ જ સલાહભર્યું છે. તેમ, સમાધિનો અભિલાષી સમ્યગ્દૃષ્ટિ, અવસર જોગ વર્તી પણ લે. એની ખબર તો જ્ઞાનિને પડે અથવા તો જે પોતાના મનને સમાધિમાં રાખવાને માટે સતત્ પ્રયત્નશીલ હોય, તેને એની ખબર પડે. એ સમજી શકે કે–અવિરતિના ઉદયની સામે જ્યારે સમ્યગ્દૃષ્ટિથી પણ ફવાય

નહિ, ત્યારે એને એ માટે કેમ વર્તવું પડે. દેખીતી રીતિનો ખોટનો વેપાર પણ, પરિણામે નફાનો હોઈ શકે. ખોટ કરીને ય ઉપજે તેટલું નાણું ઉપજાવી લે અને પાછો કમાવા મંડી પડે. તમે તત્ત્વજ્ઞાની બન્યા હોત, તો તમને વ્યવહારમાં જેમ આ વાતનો ઝટ ખ્યાલ આવે છે, તેમ આત્મા અને કર્મના વિષયમાં પણ આવો ખ્યાલ ઝટ આવત.

ત્યાં જેવો રાગ છે તેવો રાગ અહીં નથી, માટે જ જાગૃતિ ટકી શકતી નથી.

સ૦ સાંભળતાં તો મન થઈ જાય, પણ પાછું ભૂલાઈ જાય છે. પાછળ જાગૃતિ રહેતી નથી.

એવું શાથી બને છે, તેનો વિચાર કર્યો છે? નિશાળીયો નિશાળેથી ઘેર જાય, એટલે ભણેલું ભૂલી જાય? નિશાળીયો માત્ર નિશાળમાં જ ભણે કે ઘેર પણ ભણે? વેપારી પેઢીએથી ઘેર જાય, એટલે એના મગજમાંથી વેપારની વાત સાવ નીકળી જાય? ઘરે વેપારની વાત ન પણ કરે, તો પણ તેથી કાંઈ મગજમાંથી વેપારની વાત નીકળી જાય નહિ. તેજીનો વેપાર કર્યો હોય ને ઘેર આરામથી છાપું વાંચતાં બજારમાં મંદી થવા પામશે તેવા સમાચાર જોવામાં આવે, તો વેપાર યાદ આવ્યા વિના રહે? પેઢીએ ગયેલો ગૃહસ્થ, ઘરમાં શું છે ને કેમ છે, તે ભૂલી જાય છે ખરો? નહિ જ. પેઢીમાં બેઠેલો 'ઘરની ખબર છે'–એમ કહે છે અને ઘરે બેઠેલો 'પેઢીની ખબર છે'–એમ કહે છે.

સ૦ ત્યાં જેવો રાગ છે તેવો અહીં નથી.

આટલું તો તમને સમજાયું ને કે–અહીંના રાગમાં

ખામી છે ? પણ અહીંના રાગમાં ખામી છે, તે સંસારના સુખના ગાઢ રાગને આભારી છે, એમ લાગે છે ? એ બધાંને સાચવી સંભાળીને થાય તો ધર્મ કરવાનો, એમ છે ને ? પરલોકમાં ઉપયોગી એ નિવડશે કે આ ? તમને કાંઈ નહિ તો આટલું તો થાય ને કે–'અહીંથી મારે જવાનું છે અને અહીં મેં ગમે તેટલું સારૂં ભેગું કર્યું હોય, તો ય તે સાથે આવવાનું નથી ?' આ ખ્યાલ આવે, તો એના ઉપરનો રાગ ઘટે. આ ખ્યાલ નહિ આવે તો, નહિ મળે અને નહિ ભોગવાય તે છતાં પણ, પાપનો બંધ થશે. તમને એવી ચિન્તા ન થાય કે–'અહીંથી જવાનું છે ને કયાંક ઉત્પન્ન પણ થવાનું જ છે, તો અહીંથી નરકાદિમાં ચાલ્યો જઈશ, તો મારૂં થશે શું ?' આવો ખ્યાલ જેને આવે, તે પાપ કરતો હોય તો ય રોતો હોય. તમે વિચાર કરો, તો તમને ય ખ્યાલ આવે કે–'આ બધા પાછળ હું દોડધામ કરૂં છું, પણ આ બધું અહીં રહેવાનું છે; જવાનું મારે અને મેં જે કાંઈ કર્યું તેનું પાપ ભોગવવાનું ય મારે ! હું પાપના ઉદયે માંદો પડું, તો છોકરો બહુ તો દવા વગેરે આપે, મારી ચાકરી કરે, હાથ-પગ દબાવે, શેક કરે, પણ એ કાંઈ પીડાને હરી લઈ શકે ? સંબંધી જનો બહુ પ્રેમી હોય, તો પાસે બેસીને રૂએ, પણ મારા પાપનું ફલ ભોગવવું તો મારે જ પડે.' એ વખતે તમે ક્રુરતા હો ને છોકરાથી ન ખમાતું હોય, તો ય એ શું કરે ? જો એ ડાહ્યો હોય, તો એટલું કહે કે–આપણું પાપ આપણે ભોગવવું પડે ! મોહમાં પડેલા સંબંધિઓ તમને ગમે તેમ કહે, પણ સમજવું તો તમારે જોઇએ ને ? તમે ભાણે બેસો, તો વધારે નહિ ખાવાની કાળજી કોણે રાખવાની ? ખાનારે જ વધારે

નહિ ખાવાની કાળજી રાખવી જોઈએ ને ? વધારે ખાઈ જાય, માંદો પડે ને પછી કહે કે–પીરસનારે આમ કર્યું, તે કાંઈ ચાલે ? પેટમાં દુખે તો તમને દુખે કે પીરસનારને દુખે ? ઝાડા થાય તો તમને થાય કે પીરસનારને ? આ વાત ઝટ સમજાઈ જાય છે ને ? ત્યારે, બધા સંબંધિઓ મુંઝવતા હોય તો ય, સાવચેત કોણે રહેવાનું ?

પોતાનું પાપ પોતાને ભોગવવાનું છે :

આ તો હજુ બહુ સામાન્ય કોટિની વાત છે. સામાન્ય કોટિના આસ્તિકો પણ માને, એવી આ વાત છે. સામાન્ય કોટિના આસ્તિકો, કે જેઓ દુર્ગતિને અને સદ્ગતિને માને છે; તથા પાપથી દુર્ગતિ મળે અને પુણ્યથી સદ્ગતિ મળે–એવું માને છે, તેઓમાં પણ આવી સાવચેતી હોય છે. જેનામાં સાવચેતી રાખવાની કશી દરકાર જ નથી, તે તો નામના આસ્તિક છે. નામનું આસ્તિકપણું ફળ શું આપે ? જેના પૈસા કોઈકના હાથમાં હોય છે અને એ આપે તો જ ખાવાનું હોય છે, તેમનું, પેલો નાદાન નિવડે તો શું થાય ? લેણું કહેવાય, પણ ભૂખે મરવું પડે. માણસ ગાંડો થઈ ગયો, પછી કોટિપતિ હોય તો ય શું ? એને ગાદીએ બેસાડો તો ય ઠીક ને બીજે બેસાડો તો ય ઠીક. તેમ, આસ્તિક છીએ–એમ કહો અને સંસારમાં ગાંડા બનો, તો એ આસ્તિકપણાની કિંમત શી ? તમને ખબર છે ને કે–આપણા ઉપર દુઃખ આવે, ત્યારે તે આપણે જ ભોગવવું પડે છે ! ? કુટુંબ માટે ચોરીનો માલ લેતા હો ને પોલીસ પકડે, તો સજા તમારે જ ભોગવવી પડે ને ? તમે કહો કે–હું આ મારા કુટુંબને માટે લેતો હતો,

તો પોલીસ તમને છોડી દે? તમે કહો કે–મેં કુટુંબ માટે આ કામ કર્યું અને જેને માટે તમે કર્યું તેને પણ જો પોલીસ પકડવાની હોય, તો એ કુટુંબ પણ ફરી બેસે ને? અમારે માટે નહોતા કરતા, એમ બોટું પણ કહે ને? છોકરો પણ બોટું બોલીને છૂટી જવાને મથે, એમ બને ને? છોકરાને બાપ પકડાયા તે ગમતું ન હોય, તો પાછલા હાથે બાપને છોડાવવાનો પ્રયત્ન કરે–એ બને, પણ બાપના ગૂન્હા માટે પકડાવાને છોકરો તૈયાર જ રહે, એવું મોટે ભાગે તો નહિ ને? એટલે, આપણી વાત તો એ છે કે–દુર્ગતિમાં નહિ જવું હોય, તો સાવધ તો તમારે જ બનવું પડશે ને?

સંસાર ન મંડાયો હોત તો સારૂં થાત, એમ થાય છે?

સંસારમાં જેવો રાગ છે, તેવો રાગ ધર્મમાં નથી–એમ તમે કહો છો; પણ, ધર્મને વિષે જોઈએ તેવો રાગ નથી તે, અને સંસારનો રાગ છે તે, ખટકે છે? તમને ચારિત્રમોહનીયનો ઉદય સંસાર તરફ ઘસડે છે કે સાથે મિથ્યાત્વમોહનીયનો ઉદય પણ વર્તે છે? ચારિત્રમોહનીયના ઉદયથી સંસારમાં રહેવું પડે, પણ સાથે મિથ્યાત્વમોહનીયનો ઉદય ન હોય, તો 'સંસારમાં રહેવું પડે એ ખરાબ છે'–એમ તો થયા જ કરે. સંસાર રહેવા જેવો છે–એવું પણ લાગે નહિ અને સંસારનું સુખ ભોગવવા જેવું છે–એવું પણ લાગે નહિ. અત્યારની તમારી સાંસારિક સ્થિતિ, મિથ્યાત્વના ઘરની છે કે અવિરતિના ઘરની છે, એ તમારે તપાસવાનું છે. 'ઘરમાં બેઠો છું–એ જ બોટું છે, નથી છૂટતું–એ જ ખરાબ છે, શા માટે એવો યોગ ન મળ્યો કે–આઠે વર્ષે સાધુ ન થયો? આઠે વર્ષે સાધુ ન

થયો, તેમાં હું જ ઠગાઈ ગયો' આવું કાંઈ તમને લાગે છે ? શ્રાવકને આવું લાગે. આવી સ્થિતિ હોય, તો વખતે મિથ્યાત્વ અને અનન્તાનુબંધી કષાયો ન ય હોય. તમને હવે પણ એમ થાય છે કે–'બાલ્યકાળમાં જો સારો યોગ મળ્યો હોત ને સંસાર ન મંડાયો હોત, તો ય ઠીક થાત ?' એ ભૂલ તો કરી, પણ ઘરમાં સંચાલક પાકયો તો ય મેં આ બધું છોડયું નહિ, તે ભૂંડું કર્યું–એમ લાગે છે ? ઘરમાં સંચાલક પાકયો છે ને મારા વિના કુટુંબ સીદાય તેમ નથી, છતાં પણ હું સંસારને છોડતો નથી, એ હલાહલ જેવું છે–એમ થાય છે ? આવું કાંઈ ન થતું હોય, તો કલ્પના કરવી પડે કે–મિથ્યાત્વ અને અનન્તાનુબંધી કષાયો બેઠા છે.

ઢાળ ઉપરથી માપ કાઢો :

સ૦ આટલી સામગ્રીમાં પણ એમ ન લાગે તો પછી મોટું કોઈ કારણ હોવું જોઈએ ને ?

એની જ વાત ચાલે છે. સારી પણ સામગ્રી, દરેકને સરખો લાભ કરે, એવું બને નહિ. સુખની સામગ્રી રોગિને કામ નથી આવતી ને ? કઢેલું અને મસાલા નાખેલું દૂધ રોગી માટે નકામું ને ? રોગી તો એ દૂધને જુએ અને મનને કાબૂમાં રાખી શકે નહિ તો રડે. બધા ય, સારી સામગ્રીનો સારો અનુભવ કરી શકે નહિ. આપણને કોઈ માન–પાનાદિ આપે, તો તે ગમે ? કે, ધર્મના પ્રસંગો સારા મળે, તે ગમે ? સંસારની સામગ્રી ઠીક મળી હોય, તો કેટલો આનંદ થાય છે ? મન ઘૂમારી અનુભવે કે–આપણે ઠીક છીએ; પણ ધર્મની સામગ્રી સારી મળી હોય, તો એવું થાય ? વાત વાતમાં

લોકો કહે છે કે–આપણે સારૂં છે; ઘર છે, પેઢી છે, મુડી છે, આવક છે, છોકરા–છોકરીઓ છે, છોકરા પણ હુંશીયાર છે, છોકરાને ઘેર છોકરા છે, આપણને કાંઈ દુઃખ નથી; પણ ધર્મનું સાધન સારૂં છે, એમ કહેનારા કેટલા ? જેનો રાગ હોય, તેનું સાધન ગમે અને જેનો રાગ ન હોય, તેનું સાધન ગમે નહિ. સુખી માણસોને પૂછો કે–કેમ છે ? એટલે, એ કહેશે કે–પુણ્યોદય સારો છે. કેમ ? ધન સારૂં છે, કુટુંબ મોટું છે, આબરૂ જામેલી છે અને જ્યાં જઈએ ત્યાં પૂછાઈએ છીએ ! પણ એમ થાય છે કે–હું જે ગામમાં છું, તે ગામમાં ઘણાં શ્રી જિનમન્દિરો છે, મારૂં ઘર છે ત્યાં નજદીકમાં ય શ્રી જિનમન્દિર છે, અમારા ગામમાં સાધુઓનું આવાગમન ચાલુ રહે છે, મોટે ભાગે શ્રી જિનવાણીનું શ્રવણ આદિ થાય છે, કુટુંબ એવું સારૂં મળ્યું છે કે–થોડે ય ચલાવી લે અને હું ધર્મ કરૂં તે એ બધાને ગમે છે ! ? આવી રીતિએ ધર્મસામગ્રીના યોગનું સુખ અનુભવનારા કેટલા ? અથવા, એવી સામગ્રી ન હોય, તો એને અંગે દુઃખ વ્યક્ત કરનારા પણ કેટલા ? આમ શાથી બને છે ? મિથ્યાત્વનો ઉદય શું કામ કરે છે, તે સમજાય છે ? બે ય પ્રકારની સામગ્રી પુણ્યે તમને આપી છે, પણ જેના તરફ વધારે ઢાળ, જેના તરફ મનનું ખરેખરૂં ખેંચાણ, એના ઉપરથી આપણને શાની કિંમત છે–તેનું માપ નીકળી શકે.

જૈન કુળના રૂઢ આચારો પણ એવા છે કે–બીજાઓને જૈનો બહુ સુખી છે–એમ લાગે :

તમારૂં મન જો સંસારથી ઉદ્વિગ્ન બનીને ધર્મ તરફ ખેંચાય, તો તમને લાગે કે–અમને બહુ સારી સામગ્રી મળી

છે. તમે એવા કુળમાં જન્મ્યા છો કે–દેવ તો વીતરાગ હોય, એવું સાંભળવા મળ્યું. અભક્તિથી બીજે નહિ અને ભક્તિથી રીઝે નહિ–એવા દેવ, જન્મથી જ તમને મળી ગયા. ત્યાગી જ ગુરૂ હોય, ધરણારી ગુરૂ હોઈ શકે નહિ, એવું તમને વાત-વાતમાં સાંભળવાને મળે. ઈચ્છાએ કે અનિચ્છાએ પણ, તમને સંસારના ત્યાગી ગુરૂનો યોગ થઈ ગયો છે. ધર્મ પણ તમને ત્યાગમય, અહિંસામય મળી ગયો છે. આ બધું શાથી મળી ગયું ? તમે જૈન કુળમાં જન્મી ગયા, એથી જ ને ? આવું કુળ મહા પુણ્યે મળે ને ? એ પુણ્યનો આપણને આનંદ કેટલો ? ઈતર કુળમાં જન્મ્યો હોય, તેને કાં તો દેવ મળ્યા ન હોય ને મળ્યા હોય તો ય તે એવા કે–એની પાસે જઈને ય રાગ પોષાય. આપણે ત્યાં કોઈ એવું કરે, તો તે ખરાબ કહેવાય. જૈનનું છોકરૂં ય કહે કે–અમારા દેવ વીતરાગ. આ ઓછું પુણ્ય છે ? વળી, આ કુળમાં આચારો પણ કેવા ? જૈન કુળના આચારોને જો માત્ર રૂઢિથી પણ સેવાય, તો ય લાખ્ખો પાપોથી બચી જવાય. રાત્રે ખાવાનું નહિ, એટલે જે કાળમાં જીવોત્પત્તિ વધારે થાય છે, તેવા કાળમાં ચુલો સળગે નહિ. જીવદયા પળાય અને શરીરેય સચવાય. ઈતર કુળોમાં, રોજ રાત્રે પણ ચુલા સળગે ને ? રાત્રે ૧૦-૧૨ વાગે એંઠવાડ નીકળે અથવા આખી રાત એંઠવાડ પડયો રહે અને એમાં ય જીવોત્પત્તિ થયા કરે. એક રાત્રિભોજન નહિ કરવાના આચારનું પાલન કરવા માત્રથી પણ, કેટલી જીવ-હિંસાથી બચી શકાય ? પણ આજે આ આચાર જૈન કુળોમાં રૂઢ છે–એમ કહેવાય એવું તો નથી રહ્યું ને ? કુળ જૈનનું છે–એમ કહેવાતું રહ્યું, પણ જૈન કુળનો આચાર જીવતો

રહ્યો નહિ ને ? એક કાળે જૈન કુળોમાં આ આચાર એટલો બધો દૃઢ હતો કે–જૈનને ઘેર આવેલો ઈતર પણ 'અહીં રાતના ખાવાને નહિ મળે' એમ સમજી જ જાય. જૈનોનાં ઘરોની પાસે રહેતાં ઈતર કુટુંબોની બાઈઓ પણ, જૈન બાઈઓને કહેતી કે-'તમારો આચાર બહુ સારો ! રાત પડી કે-રસોડું બંધ. અમારે તો, અત્યારે ધુણી ધીખે.' આ કુળનો આચાર પણ એવો કે–બીજાને એમ થાય કે–આ લોકો કેટલા બધા સુખી છે ? જૈનને ૨૪ કલાકમાં ૧૨ કલાકનો ચોખ્ખો આરામ, એમ બીજાઓને લાગે ને ? આ કુળાચારો જીવતા હોય, તો જૈનો-ભાઈઓ ને બાઈઓ, ધર્મ કેટલો કરી શકે ? જૈનને સવારે નવકારશી ને રાતના ચોવિહાર કરવામાં તકલીફ જેવું લાગે નહિ ને ? જૈનનું નાનું છોકરું ય રાતના ખાય નહિ. કોઈ પૂછે કે-કેમ ? તો કહે કે--રાતે ખવાય નહિ. મારી બા, મારા બાપા, મારો ભાઈ રાતે ખાતા નથી. અમુક ખવાય ને અમુક ન ખવાય, એવું જૈનનું છોકરું નાનપણથી સમજતું હોય. જૈન જ્યાં જાય ત્યાં, ત્યાગની અસર મૂકી આવી શકે. આવા કુળમાં જન્મેલાના મિથ્યાત્વને, ધક્કો વાગવો કેટલો સહેલો છે ? બીજાને રાત્રે કેમ ન ખાવું તે સમજાવવું પડે અને એને સમજવું મુશ્કેલ પણ પડે, જ્યારે જૈન કુળનાને એ વાત સંસ્કારરૂઢ થઈ ગયેલી હોય. આ કુળ એવું છે કે–આપોઆપ ઘણાં પાપો બંધ થઈ જાય; ખાન-પાનમાંથી ઘણો વિકાર નીકળી જાય; ઉત્તેજક પદાર્થો ઘણે અંશે બંધ હોય. તમે સમજો તો, તમને હીરો હાથમાં આવી ગયો છે. દેવ, ગુરૂ, ધર્મ તમને વગર શોધ્યે પણ સારા મળી ગયા છે. પુણ્યે આટલી બધી સારી સામગ્રી આપી દીધી છે, પણ આને ઓળખવાની ચિન્તા

કેટલાને છે ? આટલું સારૂં મળ્યું છે, તો ય એને ઓળખવાની ચિન્તા નથી, તો ન મળ્યું હોત તો તમે સુદેવ, સુગુરૂ અને સુધર્મને શોધવા નીકળત ખરા ?

પુણ્યથી મળ્યું છે, પણ કિંમત નથી :

સ૦ અમારૂં પુણ્ય તે અમને સુદેવ, સુગુરૂ અને સુધર્મ મળ્યા, એમ તો લાગે છે.

પુણ્યે મળ્યા છે—એમ કહેવું અને એને પિછાનવાની દરકારેય નહિ કરવી, તો એવા પુણ્યની તમને કેટલીક કિંમત છે ? કોટિપતિ માણસ છે, છતાં આંગણે કોઈને ચઢવા દેતો નથી, જે આવે તેનું લે છે પણ કોઈને કાંઈ દેતો નથી, સાચવ સાચવ કર્યા કરે છે, એ કહે કે—' મારૂં પુણ્ય છે ' તો એમાં ના પડાય નહિ, પણ એની દયા તો આવે ને ? એમ થાય ને કે—પુણ્ય તો છે, પણ તે મજુરી કરાવનારૂં ને પાપ બંધાવનારૂં ! શેઠને ઘરે જન્મેલો ગાંડો છોકરો, સૌની મશ્કરીનું સાધન બને છે. શેઠ કહે, આગળ બેસાડે, પણ તે શું કરવા ? સૌને હસવાનું સાધન ! મળ્યું પુણ્યથી, પણ તેની આપણને કિંમત ન હોય, તો પુણ્ય કેવું ? પાપાનુબંધી ને ? પુણ્યે લક્ષ્મી મળે, પણ એના યોગે નરકે જાય, તો એની લક્ષ્મીનાં વખાણ થાય ? અને, પુણ્યે મળેલી લક્ષ્મીનો જે સદુપયોગ કરે, એને માટે લોક પણ કહે કે—' આવાને લક્ષ્મી મળી તે ય પ્રમાણ ! કેટલાક શ્રીમંતોને માટે, લોકમાં એવી નામના હોય છે કે—' એનું નામ ન લેવું; ઉઠતાં એનું નામ લીધું હોય તો ખાવા ન મળે. ' જ્યારે પેલા ભાગ્યશાલિને સૌ સંભારે. એવા શેઠોયાઓ પણ છે કે—એ જ્યાં જાય ત્યાં બધે ઘણાઓ એમની સાથે જાય. સાથે જના-

રાને સગવડની ચિન્તા કરવી જ પડે નહિ. પૂછીએ કે–' ધંધો છોડીને આ શેઠની જોડે કેમ ફરો છો ?' તો કહે કે–' શેઠ જોડે ફરવામાં ય લાભ.' કેમ એમ ? અવસરે શેઠ ઉપયોગી થતો હશે માટે ને ? એવાની જોડે પગે ચાલીને જવાનું ય બીજાઓને ગમે અને લોભીયા સાથે મોટરમાં બેસવાનું ય ન ગમે. કેમ ? નાહકનો વખત જાય અને અધવચ્ચે ઉતારી મૂકે તો ટાંટીયા ઘસતા ઘર ભેગા થવું પડે. આજે મોટે ભાગે એવું કહેવાય છે કે–મોટા માણસની વધારે ઓળખાણ હોય, તો બે આંટા વધારે ખાવા પડે. એ 'જરા આંટો ખાવ'–એમ કહે, તો ના પડાય નહિ, નોકરી ખોટી થાય અને નોકરી જાય તો એ એની ખબર લે નહિ. ગાંડો ય ' મારૂં પુણ્ય '–એમ બોલે ને ડાહ્યો ય ' મારૂં પુણ્ય '–એમ બોલે, પણ બેમાં ઘણો ફેર, માટે ડહાપણથી બોલો. આ દેવાદિ મળ્યા એ પુણ્યથી, પણ તમને કોઈ દેવનું સ્વરૂપ પૂછે, તો 'કોણ જાણે'–એમ કહો, તો તમને પુણ્યથી મળ્યું તેની કિંમત કેટલી ? તમને જે મળ્યું છે, એ બહુ સારૂં છે–એમાં બે મત નથી, પણ તમે આવું શોધીને સારૂં ભેળવવા નીકળો એવા છો ? સારૂં મળ્યું છે, પણ સારાને સારા તરીકે સમજવાનો પ્રયત્ન નથી ને ? જો જૈનોને પોતાને જે મળ્યું છે તેની કિંમત હોત, તો પણ આજે શ્રી જૈન શાસનની કોઈ અનોખી જહોજલાલી હોત.

' મારૂં પુણ્ય '–એમ મોંઢે બોલાય છે, પણ એ વાત હૈયે વસી જાય તો જ સદુપયોગ થાય :

જેમ લક્ષ્મીનો રાગી એવો પણ માણસ, જો એના હૈયામાં આ વાત બરાબર જચી ગઈ હોય છે કે–' મહેનત

કર્યે પણ લક્ષ્મી તેને જ મળે છે, કે જેનું પુણ્ય હોય છે અને આ પુણ્યને બાંધવાનો સારામાં સારો ઉપાય એ છે કે–મળેલી લક્ષ્મીનું દાન કરવું.'–તો, એ પ્રેમથી દાન દે છે. એની પાસે કોઈ માગવા જાય, તો એને એમ લાગે છે કે–મને પુણ્ય બંધાવવાને આવ્યો. વિવેક હોય, તો તરવાનું સાધન આવ્યું –એમ લાગે; પણ માત્ર પુણ્ય ઉપર વિશ્વાસ હોય, તો ય એ આવેલાને પુણ્યનું સાધન માનીને, જે આપે તે આનંદથી આપે. એ એમ ન કહે કે–'હું કેમ કમાયો છું, તે જાણે છે! લોહીનું પાણી કર્યું છે! હું કમાયો છું, તે આમ દઈ દઈને ઊડાવી દેવાને માટે નહિ! પૈસા જોઈએ તો મહેનત કરો!' આવો માણસ પાછો ચારમાં બેઠો હોય, તો કહે કે–'પુણ્યે લક્ષ્મી મળી છે.' શું એ હૈયાનું બોલે છે? લક્ષ્મીનો અતિ લોભ, માણસને ઘેલો બનાવી દે છે. સરોવર ભર્યું હોય, તો ત્યાં તરસ્યા પાણી પીવા આવે ને? જ્યાં પાણી હોય, ત્યાં માણસ પાણી ભરવા જાય અને જનાવર પાણી પીવા આવે, એમાં નવાઈ છે? તમારી પાસે કોઈ માગવા આવ્યો, તે તમને સુખી જાણીને આવ્યો ને? એ અવસરે પુણ્યનો વિચાર કયાં ભાગી જાય છે? મને પુણ્યથી મળ્યું છે–એમ માનનારો, માગવા આવનારનું પુણ્ય નહિ તે એને મળ્યું નથી, એટલું ય સમજે નહિ? પુણ્ય ન હોય તો માગી મજુરી પણ મળે નહિ, એટલો પણ વિચાર કરે નહિ? એને એમ પણ ન થાય કે–'મને અત્યારે તો પુણ્યે મળ્યું છે, પણ અહીં હવે જો હું પુણ્યનું ઉપાર્જન નહિ કરું, તો ભવિષ્યમાં કદાચ મારી આનાથી ય ખરાબ દશા આવશે?' પણ 'મારું પુણ્ય'–એ જેમ મોંઢે બોલે છે, તેમ જો એ એને હૈયે હોય, તો એ

પુણ્યવાળાઓને આવો વિચાર આવે ને ? પણ, જેમનું પુણ્ય પાપાનુબંધી હોય છે, તેમને તો પ્રાયઃ ભોગવાય પુણ્ય અને બંધાય પાપ, એવું જ બને છે; એટલે, કેવળ પાપાનુબંધી પુણ્યવાળાઓની પાસે તો, પોતાને મળેલી લક્ષ્મીનો સદ્વ્યય કરાવે, તેવા પ્રકારનું હૈયું જ હોતું નથી.

આશાતના કરનાર :

જેમ જૈન કુળમાં જન્મીને જેઓ ભગવાન શ્રી જિનેશ્વર-દેવની અવગણના કરે, તેમને તમે પુણ્યશાલી કહો કે પાપી કહો ? આ કુળ મળ્યું પુણ્યથી જ, પણ પાપ બંધાવવાને માટે મળ્યું હોય તો ? જૈન કુળમાં જન્મેલા પણ કેટલાકો, આજે બોલે છે કે–' જિનેશ્વરને કોણે જોયા ? મોક્ષ છે જ ક્યાં ? સાધુઓમાં શું પડ્યું છે ? ઉપવાસમાં ધર્મ કોણે કહ્યો ? ઉપવાસ કરવાથી મહીંના કીડા મરે, તેનું પાપ કોને ? શરીર તો સાચવવા માટે છે!' આવાઓને માટે, તમે શું કહો ? ' એમને આ મળ્યું તે કરતાં આ ન મળ્યું હોત તો સારૂં થાત, કારણ કે–આ બીચારાઓ આ મળ્યું તેથી આની અવગ-ણનાનું ઘોર પાપ ઉપાર્જી રહ્યા છે!' પુણ્યથી મળ્યું છે તેની ના નહિ, પણ અકર્મીના હાથમાં પેઢી આવવા જેવું થયું છે, એમ થાય ને ? જે છોકરાઓ કમાય તો નહિ પણ આપની મુડીને ય સાચવી શકે નહિ, તેમને જગતમાં કેવા કહેવાય છે ? તેમ, તમે પણ આ સામગ્રીનો સદુપયોગ ન કરી શકો, આ સામગ્રીની કિંમતને સમજી શકો નહિ અને અહીંથી પાછા સંસારમાં રઝળવા ચાલી જાવ, તો શું કહેવાય ? ભગવાન જેવા ભગવાન મળે ને એની પાછળ કાંઈ કરવાનું મન

થાય નહિ, તો એ કોણ કરાવે છે ? સારો મહેમાન મળે, શકિત ઘણી હોય, છતાં એને ભાણે રોટલો કોણ પીરસાવે ? ધંધાનો સંબંધ હોય ત્યાં લાપસી પીરસવાનું ને સાધર્મિકને ભાઇડકું પીરસવાનું, મન કોણ કરાવે ? મળેલી સામગ્રીની કિંમત હોય, તો એમ થાય કે-'મારે આંગણે ધર્મી કયાંથી ?' ઘેર જમાઈ આવે તે વહાલો લાગે કે સાધર્મિક આવે તે વહાલો લાગે ? કદાચ જમાઈ ને સાચવવો પડે, પણ મનમાં તો થાય ને કે-હજુ સાધર્મિક ઉપર જેવો જોઈએ તેવો પ્રેમ જાગ્યો નથી. તમે, સ્થિતિ ન હોય તો સાધર્મિકને ભાઇડકું ખવડાવો, તો ય તે પ્રેમથી ખવડાવો ને ? સંબંધી પ્રત્યે રાગ થયો અને સાધર્મિક પ્રત્યે રાગ થયો નહિ, તો ઝટ વિચારો કે-'આ રાગ કેમ ન ગયો ને આ રાગ કેમ ન થયો ?' સારા વ્યવહારની સામગ્રી મળી છે, પણ જે એનો સદુપયોગ કરે, તેને એ તારે. ઓઘો હાથમાં હોય, પણ નફ્ફટાઈ કરે તો ? તો, ડૂબે ને ? તેમ, તમે ય સમજો તો તરી શકો. તમને જૈન કુળ મળ્યું. તેમાં સમ્યકૃત્વને પામવાનાં સાધનો સીધાં મળી ગયાં છે. આવા કુળમાં આવીને પણ, જો તમે છેવટે મિથ્યાત્વને અને અનન્તાનુબંધી કષાયોને ય નહિ તજી શકો, તો તમારું થશે શું ? માટે, જે સુન્દર સામગ્રી તમને મળી જવા પામી છે, તેની કિંમતને તમે સમજો. આ સામગ્રીની તમને કિંમત સમજાય અને તમે આ સામગ્રીનો સદુપયોગ કરી શકો, એ માટે તમે તત્ત્વજ્ઞાન મેળવવાને માટે પ્રયત્નશીલ બનો.

<u>અનાભિગ્રહિક મિથ્યાત્વ :</u>

આભિગ્રહિક મિથ્યાત્વની વાતમાં આપણે જોઈ આવ્યા

છીએ કે–પોતાના કુલાચારના નામે, આગમની વાતની અવ-ગણના કરનારા નામના જૈનોમાં પણ, એ મિથ્યાત્વ હોઈ શકે છે. તત્ત્વનું જ્ઞાન નહિ અને પોતાની માન્યતાનો આગ્રહ એવો કે–સમજાવનાર મળે તો ય એ સમજે નહિ, એ તો એક પ્રકારનું ભયંકર કોટિનું મમત્વ છે. અજ્ઞાન સાથે મમત્વ જોરદાર હોય, ત્યારે સત્યને પામવાની સારામાં સારી સામગ્રી પણ, એને માટે કારગત નિવડે નહિ. અનાભિગ્રહિક મિથ્યા-ત્વવાળામાં અજ્ઞાન ખરૂં, પણ આભિગ્રહિક મિથ્યાત્વવાળામાં પોતાની માન્યતાના આગ્રહનું જે જોર હોય છે, તેવું આમાં કાંઈ નહિ. અજ્ઞાન હોય પણ આગ્રહ ન હોય, એટલે એ જેમ પોતે માનેલા તત્ત્વોના અર્થને સાચો માને, તેમ બીજાઓએ માનેલા તત્ત્વોના અર્થને પણ સાચો માને. કેટલાક લોકો, બધાં દર્શનો સાચાં છે–એમ કહે છે. ઘણા માણસો એવા હોય છે કે–એમને જીવાદિ તત્ત્વોના વિષયમાં સાચો ખ્યાલ હોય નહિ, છતાં પોતાને કુલપરંપરાથી મળેલા ધર્મને માનતા હોય; પણ હું જે ધર્મને માનું છું તે જ સાચો છે અને બીજા બધા ખોટા છે–એવો એમને આગ્રહ નહિ. એવા પ્રકારનો આગ્રહ ન હોય, એવા માણસોને કોઈ તક મળી જાય અને તત્ત્વ સમજવાનું મન થઈ જાય, તો તત્ત્વની પ્રાપ્તિ થવી સુલભ. અણસમજુ ખરા, કારણ કે–ગોળને ને ખોળને સરખા માનવા જેવી મનોવૃત્તિના સ્વામી છે; પરન્તુ આગ્રહી નથી, એટલે એવાઓને માટે, મિથ્યાત્વથી ખસીને સમ્યક્ત્વને પામવું, એ સુલભ ગણાય.

આજની સર્વ–ધર્મ–સમભાવની વાતો :

આજે કેટલાકો સર્વ–ધર્મ–સમભાવની વાતો કરી રહ્યા

છે ને ? આજે જે રીતિએ ને જેવા અર્થમાં સર્વ-ધર્મ-સમભાવની વાતો થઈ રહી છે, તે જો જોઈએ, તો આપણને લાગે કે-એવી વાતો કરનારાઓને, વસ્તુતઃ ધર્મનો બધ છે-એવું નથી. 'આપણે ધર્મને સમજી શકતા નથી, ધર્મ કયો અને અધર્મ કયો-એનો નિર્ણય કરવા જોગું આપણામાં જ્ઞાન નથી, બધા કહે છે કે-અમારો ધર્મ ભગવાને કહેલો છે, એટલે આપણે કોઈ ધર્મના આગ્રહી પણ બનવું નહિ અને કોઈ ધર્મને ખોટો પણ માનવો નહિ'-એ પ્રકારની મનોવૃત્તિ, એ એક જુદી જ વસ્તુ છે; એવી વૃત્તિના માણસનો જો મતિવિકાસ થઈ જાય અને એને તત્ત્વાર્થનો નિર્ણય કરવા જોગી તક પ્રાપ્ત થઈ જાય, તો એને કાંઈ બધા ધર્મોને સાચા જ માનવા-એવો આગ્રહ નથી હોતો. વસ્તુતઃ ધર્મ કયો છે અને ધર્મના નામે ઓળખાતા મતોમાં અધર્મો કયા છે, એ વિષે નિર્ણય કરવાની વૃત્તિ ન હોય-એમ પણ બને; અને, આપણામાં એવી બુદ્ધિ આદિ નથી-એમ લાગતું હોય, એટલે સર્વ દર્શનો સાચાં છે અને કોઈ દર્શન ખોટું નથી એમ માનતો હોય-એમ પણ બને; પણ એનો એને એવો આગ્રહ ન હોય કે-સમજાવનાર મળે તો ય સમજવાની ના પાડે અને સમજાય તો ય માનવાની ના પાડે ! સર્વ-ધર્મ-સમભાવના નામે આજે જેઓ વાતો કરે છે, તેઓના હૈયામાં, ધર્મની મોક્ષને માટે જરૂર છે-એ વાત હોય, એમ જણાતું નથી. કોઈ પણ ધર્મ મોક્ષની વાત કરે, તો એવાઓ કહે છે કે-એ વાત અમારી પાસે નહિ કરવી. અમારે તો, કોઈ ધર્મવાળા પરસ્પર ઝઘડે નહિ, એ જોઈએ છે. આવું આવું કહીને, તેઓ, ઝઘડાનું મૂળ ધર્મ છે-એવું પ્રચારવાનો પ્રયત્ન કરે

છે. વળી, સર્વ–ધર્મ–સમભાવની પોતાની માન્યતાનો તેઓને એવો આગ્રહ હોય છે કે–એથી વિરૂદ્ધની વાતને વિચારવાને, સમજવાને અને સ્વીકારવાને તત્પર બનાવનારી વૃત્તિ જ એમનામાં હોતી નથી. આજે કેટલાક જૈનો પણ સર્વ–ધર્મ–સમભાવની વાતો કરવા મંડી પડયા છે, પણ જૈન કુલમાં જન્મવા માત્રથી જૈન ગણાતાઓ અને પોતાને મળેલી સામગ્રીની કિંમતને નહિ સમજનારાઓ આવી ભૂલ કરે, તો તેમાં નવાઈ પામવા જેવું નથી; માટે તો કહ્યું કે–તમે તો અજ્ઞાન રહ્યા છો, પણ તમારાં સંતાનો અજ્ઞાન રહેવા પામે નહિ, એ માટે યોગ્ય કરવાનો વિચાર કરવો જરૂરી છે !

સર્વ નયો પોતપોતાને સ્થાને સાચા છે :

સામાન્ય રીતિએ ઇતર દર્શનો એક એક નયને પકડીને ચાલનારાં છે; જ્યારે, શ્રી જૈન દર્શનમાં સર્વ નયોને પોતપોતાના સ્થાને માન્ય કરવામાં આવ્યા છે. આથી, કોઈ પણ એક નયના પ્રતિપાદનને મળતું પ્રતિપાદન શ્રી જૈન શાસ્ત્રોમાં મળી આવે અને તેથી તત્ત્વને નહિ સમજનારાઓને એમ પણ થઈ જાય કે–જૈન શાસન બધાં દર્શનોને સાચાં માને છે. ખરેખર, જેટલાં નયવાદી દર્શનો છે, તે જ્યાં સુધી પોતાના મતનું નિરૂપણ કરતાં હોય ત્યાં સુધી, એટલે કે–એક નયનું પ્રતિપાદન કરવા માત્રથી જ, ખોટાં ઠરી જતાં નથી; પણ એક એક નયને પકડીને ચાલનારાં દર્શનો, એટલેથી જ અટકતાં નથી. એ દર્શનો, અન્ય નયવાદોને ખોટા ઠરાવીને પોતે સાચા ઠરવા માગે છે અને ત્યાં જ એ ભૂલ કરે છે. શ્રી જૈન શાસન, એકાન્ત એવા કોઈ પણ પ્રકારના નયવાદને ખોટો

માને છે; છતાં, એ ભૂલવા જેવું નથી કે–શ્રી જૈન શાસન દરેકે દરેક નયવાદને પોતપોતાના સ્થાને સાચા તરીકે ગ્રહણ કરે છે. એટલે, અવસરે એ એક નયની વાતનું પ્રતિપાદન કરે, તો પણ અન્ય નયવાદની અપેક્ષાને ગ્રહણ કરીને જ, એ એક નયની વાતનું પ્રતિપાદન કરે. જૈન શાસ્ત્રોમાં બધા નયોનો પોતપોતાના સ્થાને વિનિયોગ કરવાપૂર્વક, બધા નયોને માન્ય રાખવામાં આવ્યા છે; એટલે, નિશ્ચયથી પરિકર્મિત મતિવાળા સમ્યગ્દૃષ્ટિ આત્માઓમાં, સર્વ નયોને વિષે સુન્દર પ્રકારનો માધ્યસ્થ્યભાવ હોય છે; પણ એ આત્માઓનું સર્વ નયોને વિષે જે શ્રદ્ધાન હોય છે, તે સર્વ નયોને પોતપોતાના સ્થાને સાચા માનવા, એવા પ્રકારનું હોય છે. સર્વ–ધર્મ–સમભાવની વાતો કરનારાઓમાં, જેઓ જૈન શાસ્ત્રોને ભણેલાઓ છે પણ શ્રી જૈન શાસ્ત્રોના સાચા અર્થને પામેલાઓ નથી, તેઓ જૈન શાસ્ત્રોમાં આવતી સર્વ–નય–શ્રદ્ધાનની વાતને ખોટી રીતિએ આગળ ધરે છે, પણ તત્ત્વના જ્ઞાતાઓ એવી વાતોથી મુંઝાય નહિ.

સાપેક્ષ શાસ્ત્રવાક્યો :

એવી જ રીતિએ, કેટલાકો શ્રી જૈન શાસ્ત્રોનાં બધાં વાક્યો મિથ્યાત્વી છે–એવું પ્રતિપાદન પણ, અણસમજથી કરે છે. શ્રી જૈન શાસ્ત્રોની એકે એક વાત, સાપેક્ષપણે જ કહેવાએલી છે. નિશ્ચય નયનું ય પ્રતિપાદન હોય ને વ્યવહાર નયનું ય પ્રતિપાદન હોય; પણ, ગમે તે એકનું પ્રતિપાદન કરતી વખતે, અન્ય નયો પોતપોતાને સ્થાને પણ ખોટા છે–એવું પ્રતિપાદન હોય જ નહિ. શ્રી જૈન શાસ્ત્રોના રચનારાઓ સ્યાદ્વાદી

હતાં, અને એથી એમનાં વચનોમાં અન્ય નયોની અપેક્ષાના ગ્રહણને સૂચવતું **સ્યાત્** પદ સાક્ષાત્ ન પણ હોય, તો પણ તે પદ છે જ–એમ માનીને, એ ઉપકારિઓનાં વચનોનું સ્વરૂપ સમજવું અને વર્ણવવું જોઈએ. 'શ્રી જૈન શાસ્ત્રોનાં બધાં વાક્યો મિથ્યાત્વી છે'–એમ કહેવું, એનો અર્થ એ છે કે–શ્રી જૈન શાસ્ત્રો એ મિથ્યાત્વી વાક્યોના સમૂહ રૂપ છે. આવું બોલીને શ્રી જૈન શાસ્ત્રોની આશાતના કરવાનો હેતુ ન હોય તો પણ, આવું બોલવાથી શ્રી જૈન શાસ્ત્રોની ભયંકર કોટિની આશાતના તો થાય જ છે. એમાં ય, ખ્યાલફેરને અંગે આવું બોલાઈ ગયા પછી, જો એનો એવું બોલનારને આગ્રહ થઈ જાય છે, તો તે આભિનિવેશિક મિથ્યાત્વના સ્વામી બની જાય છે.

આભિનિવેશિક મિથ્યાત્વ :

હવે આપણે આભિનિવેશિક મિથ્યાત્વને અંગે થોડુંક જોઈએ. આભિનિવેશિક મિથ્યાત્વ, એ મોટા માણસોને માટેનું મિથ્યાત્વ છે, એમ કહીએ તો ચાલે. પૈસાદાર માણસ, વિષયોનો અતિશય રાગી બનીને, કુલટા સ્ત્રીમાં એવા આસક્ત મનવાળો થઈ જાય કે–બધાને છોડે પણ એને છોડે નહિ અને ગમે તેવા ડાહ્યા માણસો સમજાવે કે–આ કુલટા સ્ત્રી છે અને તને એણે ભરમાવી દીધો છે, તો પણ એના રાગમાં એ એવો આંધળો બનેલો હોય કે–એવું કહેનાર ડાહ્યાઓને એ ગાંડા માને અને કુલટાને જ સતી માનીને એના માટે ફના થઈ જાય; એના જેવું કામ આભિનિવેશિક મિથ્યાત્વનું છે. ભણેલા–ગણેલા, સમજી શકે ને સમજાવી શકે એવા, સૂક્ષ્મ બુદ્ધિથી સમજાય તેવી વાતોને પણ સહેલાઈથી સમજીને

બીજાઓને સમજાવવામાં દક્ષ અને સમ્યગ્દૃષ્ટિ તો ખરાં જ; આવાઓને પણ, શ્રી જૈન શાસ્ત્રની કોઈ પણ બાબતમાં, શ્રી જૈન શાસ્ત્રના અર્થથી ઊલટા અર્થનો પોતાના ચડસથી આગ્રહ થઈ જાય, તો તે આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય છે. આભિનિવેશિક મિથ્યાત્વ થાય, તો તે સમ્યગ્દૃષ્ટિ આત્માઓને જ થાય. સમ્યગ્દર્શનને પામીને તત્ત્વના સ્વરૂપને સારી રીતિએ જાણનારા બનેલા હોય, એવાઓને પણ શ્રી જિન-પ્રણીત શાસ્ત્રની વાત ઊલટા રૂપે પકડાઈ જાય–એ શક્ય છે. શાસ્ત્રની વાતનો ઊલટો અર્થ થઈ જાય, અને પછી તે ચડસના માર્યા પકડાઈ જાય, એટલે દશા એવી થાય કે–બીજાઓ, જેઓ શાસ્ત્રોના અર્થને જાણતા હોય, તેઓ સમજાવે કે–'તમે જે અર્થ કરો છો તે ખોટો છે' તો ય આ ચડસનો માર્યો એમ જ કહે કે–'નહિ, હું કહું છું તે અર્થ જ સાચો છે.' શાસ્ત્રોના સાચા અર્થને જાણનારા સમજાવે કે–'પણ આટલી આટલી રીતિએ તમે કરેલો આ અર્થ ખોટો છે' –તો ય તે પોતે કરેલા અર્થને સાચો ઠરાવવાને માટે, એની સામે જે પ્રમાણો ધરવામાં આવ્યાં હોય, તેનો પણ ઊલટો અને અસંગત અર્થ કરે. આવાઓ પોતાના સમ્યક્ત્વને ખોઈ બેસે અને મિથ્યાત્વના ઉદયવાળા બની જાય. આ પ્રકારના મિથ્યાત્વને આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય છે.

અનુપયોગથી ઊલટો અર્થ થઈ જાય તો ય મિથ્યાત્વથી બચી શકાય તેમ છે:

સમ્યગ્દૃષ્ટિ આત્માઓને પણ, શ્રી ભગવત્પ્રણીત શાસ્ત્રની વાતમાં, ઊલટા અર્થની શ્રદ્ધા થઈ જાય એ શક્ય છે. સમ્ય-

જ્ઞદૃષ્ટિને, શાસ્ત્રની કોઈ પણ વાતનો ઊલટો અર્થ કરવાની ભાવના તો, સ્વપ્ને પણ હોય નહિ; પણ ઉપયોગશૂન્યતા આદિના યોગે ઊલટો અર્થ થઈ જવો અને સમજફેરને લીધે એ અર્થ સાચો છે–એમ મનમાં બેસી જવું, એ પણ શકય છે; પણ એટલા માત્રથી જ સમ્યકૃત્વ જતું રહે અને મિથ્યાત્વનો ઉદય થઈ જાય, એમ બનતું નથી. અનાભોગને કારણે, કોઈ વાત ઊલટા રૂપમાં પણ ખ્યાલમાં આવી જાય અને જે રૂપમાં એ વાત ખ્યાલમાં આવી હોય, તે રૂપમાં જ આ વાત છે–એવું લાગી જાય, એ શકય છે; પરન્તુ, એમાં ચડસ નહિ ભળવો જોઈએ. એમ નહિ થવું જોઈએ કે–'મને આમ લાગ્યું માટે આમ જ છે.' હજુ હું છદ્મસ્થ છું અને એથી મને પણ ઉપયોગફેર થઈ જવાનો ઘણો સંભવ છે, એ વાત ભૂલાવી નહિ જોઈએ. આ ખ્યાલ જીવતો હોય, એટલે અન્ય શાસ્ત્રવેદિઓ જો પોતે કરેલા અર્થને ખોટો કહે, તો એ એમની સાથે ઝઘડે નહિ, પણ અન્ય શાસ્ત્રવેદિઓ જે અર્થને પ્રરૂપતા હોય, તે અર્થને સમજવાનો પ્રયત્ન કરે. 'મારો કરેલો અર્થ ખોટો નહિ જ ઠરવો જોઈએ'–એવું નહિ વિચારતાં, એ એવો વિચાર કરે કે–'જો મને જે અર્થ બેઠો છે તે ખોટો હોય, તો મારે સાચો અર્થ શો છે તે સમજી લેવું જોઈએ.' એને એમ જ થાય કે–'મારો કરેલો અર્થ ખોટો ઠરે એની ચિન્તા નહિ, પણ શાસ્ત્રનો જે અર્થ થતો હોય, તે જ થવો જોઈએ. છદ્મસ્થપણા આદિને અંગે મારાથી ખોટો અર્થ થઈ ગયો હોય, તો મને એનો ખ્યાલ આવી જવા પામે તો બહુ સારું, કે જેથી મારાથી થઈ ગયેલા શાસ્ત્રના ઊલટા અર્થ બાબત હું મિચ્છા મિ દુક્કડં દઈને, મારા એ પાપને હું

બતાવી શકું ! હું સાચો ત્યાં સુધી, કે જ્યાં સુધી હું ભગવાને જે અર્થ કહ્યો છે, તે અર્થને માનું અને કહું. મારું સાચાપણું ભગવાનને આશ્રિત છે. ભગવાને કહ્યું છે તે જ સાચું છે અને જ્યાં સુધી એ તારકે કહેલું હું કહું ત્યાં સુધી જ હું સાચો છું, એટલે એ તારકે કહેલા અર્થથી ઊલટો અર્થ અનુપયોગથી પણ મારાથી થઈ ગયો હોય, તો તે મારે સુધારી લેવો જોઈએ.' જેનામાં આવી વિચારણા હોય, તે અન્ય શાસ્ત્રવેદિઓની વાતને કેવા પ્રેમથી સાંભળે ? અન્ય શાસ્ત્રવેદિઓ એમ કહેતા હોય કે–'તમે કરેલો અર્થ ખોટો છે' તો તે વખતે એને એમ ન થાય કે–'મારી ભૂલ કાઢનારા તમે કોણ ?' એ તો, એવા શાસ્ત્રવેદિઓના કથનને પ્રેમથી સાંભળે અને એને સમ્યક્‌પણે વિચારે. એ વિચારણામાં પોતાના અર્થનું મમત્વ પોતાને ઊલટી દિશાએ દોરી જાય નહિ, તેની કાળજી રાખે. આટલી સાવચેતી હોય, તો શાસ્ત્રની કોઈ વાતનો ઊલટો અર્થ થઈ જાય તો ય તે સમ્યક્‌ત્વને વમી જાય નહિ. જ્યાં એ મનોવૃત્તિ આવે કે-'આ અર્થ મેં કરેલો છે માટે જ સાચો છે' ત્યાં સમ્યક્‌ત્વ ટકી શકે નહિ. માણસને જ્યારે પોતાની વાતનો ચડસ થઈ જાય છે, ત્યારે તે કેટકેટલા અનર્થોને જન્માવે છે, તે કહી શકાય નહિ. પછી તો, જેટલી હુંશીયારી ને જેટલી લાગવગ, એ બધાનો ઉપયોગ એ પોતે ડૂબવામાં અને બીજા વિશ્વાસુઓને ડૂબાવવામાં જ કરે.

<u>પ્રતિપાદનમાં પક્ષપાત નહિ :</u>

આ મિથ્યાત્વની વાત પણ એમ સૂચવે છે કે–સમ્યગ્‌દૃષ્ટિ આત્માઓએ, કષાયોથી ખૂબ જ ચેતતા રહેવું જોઈએ. વિરા-

ગમાં ખામી ન હોય, વિષયસુખ પ્રત્યે સુગ હોય, ત્યાગ સાથે તપનું આચરણ ઘણું હોય, તે છતાં પણ એને જો પોતાના જ્ઞાનનો ઘમંડ આવી જાય, તો જ્ઞાની, ત્યાગી ને તપસ્વી એવા પણ સમ્યગ્દૃષ્ટિનું પતન સુલભ બની જાય છે. ઊલટો અર્થ કર્યો અને એમાં હુંકાર ભળ્યો, તો પતન પામવું એ એ સહેલું છે અને હુંકારથી બચવાથી પતન પમાય નહિ, એ ય સ્વાભાવિક છે. શ્રી સિદ્ધસેન દિવાકર અને શ્રી જિનભદ્ર ગણિવર વચ્ચે મોટો અર્થભેદ હતો, એ તો તમે સાંભળ્યું હશે; પરન્તુ, એ મહાપુરૂષોએ પોતે માનેલા અર્થનું પ્રતિપાદન કરવામાં જરા ય પક્ષપાતને આવવા દીધો નથી. પોતે કરેલા અર્થના સમર્થનમાં જેટલી જેટલી વાતો એ મહાપુરૂષોએ મૂકી છે, તે શ્રી જિનાગમને અનુસરીને મૂકી છે. એ મહાપુરૂષોએ કહ્યું કે–શ્રી જિનાગમનાં આટલાં આટલાં વચનોથી અમને આ વાત આમ વ્યાજબી લાગે છે. એ મહાપુરૂષોએ કરેલું પ્રતિપાદન વાંચીએ, તો એમાં અંગત મમત્વની ગંધ સરખી પણ નથી, એમ લાગે. હૈયાના એ એટલા બધા પ્રમાણિક કે–આ અર્થ અમને એટલા માટે સાચો લાગે છે કે–ભગવાને આનો અર્થ આવો જ કહ્યો છે, એમ અમને લાગે છે, એમ એ કહેતા. પોતાના કરેલા અર્થને વિષે, એ ઉપકારિઓના હૈયામાં, પોતાના અર્થ તરીકેનું મમત્વ નહિ હતું. પોતાના કરેલા અર્થની સામે આવતાં આગમનાં પ્રમાણોને ઓળવવાનો, એ ઉપકારિઓએ પ્રયત્ન કર્યો નથી; પણ અન્ય પ્રમાણોથી પોતે કરેલો અર્થ કેવા પ્રકારે સંગત થાય છે અને કેવા પ્રકારે અસંગત થતો નથી, તે દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. આથી જ, એ ઉપકારિઓને માટે

આભિનિવેશિક મિથ્યાત્વની પ્રાપ્તિ કહી શકાઈ નથી. એમની વાતમાં, પાછળના મહાપુરૂષોએ પણ શું કહ્યું ? આ વિષયમાં આ આમ કહે છે ને તે એમ કહે છે, તત્ત્વ કેવલિગમ્ય છે. શાથી ? એ બન્ને ય મહાપુરૂષોએ અન્ય આગમપ્રમાણોથી પોતપોતાના કરેલા અર્થને સંગત કરવાનો પ્રયત્ન કર્યો છે, પણ તેમાંથી એકેય મહાપુરૂષે, અન્ય આગમપ્રમાણોને ઓળવવાનો પ્રયત્ન કર્યો નથી.

'મેં આમ કર્યું છે'–અગર 'મેં આમ કહ્યું છે' એમ નહિ પણ શાસ્ત્ર શું કહે છે–એ વિચારો :

સ૦ આજે પણ બધા શાસ્ત્રના નામે જ વાત કરે છે કે અમે જે કહીએ છીએ તે સાચું છે.

એવું કહેનારાઓએ, પોતે જે અર્થ કરે છે તે આગમથી અબાધિત અર્થ છે, એમ સાબીત કરવું જોઈએ. શાસ્ત્રના નામે વાતો કરવી–એ એક વાત છે, અને અવસરે પોતાની વાતને શાસ્ત્રાનુસારી સાબીત કરવી–એ બીજી વાત છે. 'મને આમ લાગે છે માટે આ સાચું છે'–એવી વિચારણા કદી પણ નહિ આવવી જોઈએ, પણ 'શાસ્ત્ર આમ કહે છે માટે આ સાચું છે'–એવી વિચારણા આવવી જોઈએ. દરેક વાતનો નિર્ણય, શાસ્ત્રના આધારે કરવો જોઈએ. જરાક લાગે કે–હું માનું છું તે અર્થથી ઊલટી વાત શાસ્ત્રમાં છે, કે તરત શાસ્ત્રની વાત જ સાચી, એમ લાગવું જોઈએ.

સ૦ આજે અંદર અંદર મેળ નથી એટલે શાસનનાં કેટલાંક કાર્યો બરાબર થઈ શકતાં નથી.

અંદર અંદર મેળ નથી, એમાં ઘણાં કારણો છે; પણ અંદર

અંદર મેળ નહિ હોવા છતાં પણ, શાસન સાથે તો મેળ છે કે નહિ ? જે જે બાબતોમાં કશો પણ મન્તવ્યભેદ નથી, એવી બાબતોમાં જ્યાં જ્યાં જે જે કરવા જેવું હોય, ત્યાં ત્યાં એક-બીજા સાથે રહીને, તે તે કામ કરવા માંડે અને ચારેય તરફથી એકસરખો અવાજ નીકળે, તો ઘણો ફેર પડી જાય.

સ૦ એ બાબતમાં સાધુઓએ મળીને કાંઇક કરવું જોઈએ, એમ નથી લાગતું ?

એવી જરૂર લાગે, એટલા માત્રથી શું વળે ? અત્યારની પરિસ્થિતિ વિષે બહુ ચોખવટથી કહેવામાં લાભ નથી, માટે કહેતો નથી. અત્યારની પરિસ્થિતિમાં કરવા જેવું ઘણું છે, પણ ગમે તે કારણસર આજે એકતાથી કરવા લાયક કાર્યોમાં પણ કેટલાકો જુદી જ રીતિએ વર્તે છે. સાધુઓને જે કરવા જેવું લાગે છે, તેઓ જો તે કરી શકે તેમ હોત અથવા તો અમુક રીતિએ મળવામાં લાભ છે-એમ જો તેઓ માનતા હોત, તો તેઓ એમ કર્યા વિના રહ્યા ન હોત. કેટલાકો વાત જુદી કરે છે અને પાછળથી વર્તન જુદું કરે છે. આજે તો, એક વાર પરસ્પર મન્તવ્યભેદવાળી જે જે બાબતો છે, તેમાં ઉતર્યા વિના, ખાસ અગત્યના પ્રશ્નો હાથ ધરવા જોઈએ. મન્તવ્ય-ભેદવાળી બાબતોમાં પણ, સૌએ 'મેં આમ કર્યું છે' ને 'મેં આમ કહ્યું છે'-એવી બાબતોને અંશે પણ લક્ષ્ય પર લીધા વિના, શાસ્ત્રની આજ્ઞા મુજબ જ માનવાને તૈયાર થવું જોઈએ.

સ૦ એક બીજાને મળીને નીકાલ કરી લે તો ?

એક હાથે તાલી પડે નહિ. તમે હમણાં થોડા વખત પહેલાં અહીં ના જોયું ? મહારાજ સાહેબે ચીઠ્ઠી લખી, તો

ચીઠ્ઠીનો જવાબ આપ્યો નહિ અને રવાના થઈ ગયા. મળનાર બન્નેને જો એમ હોય કે–આપણે તો જે શાસ્ત્રાનુસારી હોય તે સ્વીકારવું છે, પછી ભલે આપણું શાસ્ત્રાનુસારી ઠરે કે સામાનું શાસ્ત્રાનુસારી ઠરે; તો, એવા માણસોને પરસ્પર મન્તવ્યભેદ હોય તો ય મળતાં વાંધો આવે નહિ અને વ્યાજબી નીકાલ પણ એ રીતિએ આવી શકે. કદાચ અમુક બાબતોમાં પરસ્પરનું મન્તવ્ય જુદું રહે, તો ય તેથી નુકશાન થવા પામે નહિ.

ધર્મવાદ અને કુવાદ :

એક–બીજાએ એક–બીજાના મન્તવ્ય અંગેની વિચારણા પણ ધર્મવાદની રીતિએ કરવી જોઈએ; અને, તો જ પ્રાયઃ જેની ભૂલ થતી હોય, તેને ઝટ પોતાની ભૂલનો ખ્યાલ આવે. બાકી તો, ગમે તેવા સારા પણ માણસને, જ્યારે પોતાના કરેલા અર્થનો મમતાભર્યો આગ્રહ થઈ જાય છે, ત્યારે એ સુધરવાની સ્થિતિમાંથી બાતલ થઈ જાય છે. વાદમાં ઉતરે ને મનમાં એમ રાખે કે–જીતીશ તો જયનો આનંદ ભોગવીશ, નહિ તો ગાળ દેતાં આવડે છે, તો એ વાદનું પરિણામ પણ કેવું આવે? જેમ આજે કેટલાક સટોડીયાઓ એવા હોય છે કે–આવે તો લેવા છે, નહિ તો મારી પાસે છે શું કે લઈ જશે? ઘર, ઘરેણાં, વાસણ વગેરે પહેલેથી બૈરી છોકરાંના નામે ચઢાવી દીધેલ હોય. આ તો એક દાવ ખેલવાની દાનવી વાત છે. એમાં દાવ સીધો પડ્યો તો ધણી થઈ બેસે અને જો દાવ ઉંધો પડે તો રળેલાને રોવડાવે. જનતાના કમનસીબે આજે એવાઓ પાછા પહોંચેલા કહેવાય છે. નીતિને

ચાવી ખાઈને કમાનારને હુંશીયાર કહેવાય કે લબાડ કહેવાય ? જે વાદમાં, વાદ કરનારની નજર કેવળ પોતાની જીત તરફ હોય, તે જીતવાને માટે કાંઈ કાંઈ ઉથલ-પાથલ કરે અને એટલું છતાં ય એ હારે, ત્યારે જીતનારનું આવી બને. એવાઓ જોડે જ્યાં સુધી વાદમાં ન ઉતરાય ત્યાં સુધી સારૂં અને વાદમાં ઉતરવું જ પડે, તો સમજી લેવું કે-એ જીતવાને માટે થશે તેટલી ગડમથલ કર્યા વિના નહિ રહે; એનું ચાલતું હોય, તો એ શાસ્ત્રોને પણ ઉથલાવી દે; પણ જીતવાની બધી મહેનત ફોગટ જાય ને હારે, તો શું કરે ? ગાળાગાળી ને મારામારી જ કે બીજું કાંઈ ? એની સામે સજ્જનથી તો એવું થાય નહિ અને એમાં જો સહન કરી શકે નહિ તો શું થાય ? એવા વખતે, માર્ગથી અને આરાધનાથી નહિ ચૂકવાને માટે, ખૂબ ખૂબ ધીરજ રાખવી પડે. તત્ત્વબોધ માટેનો વાદ, એ ધર્મવાદ છે. એ સિવાયના વાદો તો કુવાદોમાં ગણાય.

પોટ્ટશાલ પરિવ્રાજક અને રોહગુપ્ત મુનિ વચ્ચેના વાદમાંથી ઉપજેલાં અનિષ્ટો :

આપણે ત્યાં રોહગુપ્ત નામના નિહ્નવનો પણ એક પ્રસંગ બનેલો છે. રોહગુપ્ત કેવા સંજોગોમાં નિહ્નવ બન્યો, તે ખાસ વિચારવા જેવું છે. કુવાદીની સાથે વાદમાં ઉતરવાથી, કેવું અને કેટલું બધું અનિષ્ટ પરિણામ આવવાનો સંભવ છે, તે રોહગુપ્તના પ્રસંગમાંથી પણ સારી રીતિએ જણાઈ આવે છે. વાદમાં, તત્ત્વને જાણવાની અભિલાષા હોય નહિ અને કેવળ જયની અભિલાષા હોય, એવો વાદી જ્યારે વાદમાં હારે છે, ત્યારે તે કેવા વિકરાળ સ્વરૂપને ધારણ કરે છે, તેનો જો

નમુનો જોવો હોય, તો તે માટે રોહગુપ્તને જે વાદી મળ્યો હતો, તેને ઓળખી લેવા જેવો છે.

ભગવાન શ્રી મહાવીર પરમાત્માને નિર્વાણ પામ્યેથી પાંચસોથી કાંઇક અધિક વર્ષો વ્યતીત થયાં, તે સમયમાં પ્રભુના શાસનમાં શ્રીગુપ્ત નામના આચાર્યભગવાન, આ પૃથ્વીતલને પાવન કરતા વિચરતા હતા.

એ આચાર્યભગવાન, એક વાર, અંતરંજિકા નામની નગરીમાં પધાર્યા; અને એ નગરીમાં આવેલા ભૂતગૃહ નામના ઉદ્યાનમાં એ આચાર્યભગવાને સપરિવાર સ્થિરતા કરી.

તેઓશ્રી એ નગરીમાં વિરાજતા હતા, એવામાં એક પરિવ્રાજક એ નગરીમાં આવ્યો. એ પરિવ્રાજક ઘણી વિદ્યાઓને સિદ્ધ કરી ચૂકયો હતો અને એથી તે ખૂબ ખૂબ ગર્વીષ્ઠ બની ગયો હતો. વિદ્યાથી ગર્વીષ્ઠ બનેલા એ પરિવ્રાજકે, પોતાના પેટ ઉપર લોઢાનો પાટો બાંધ્યો હતો અને જ્યાં જાય ત્યાં એ હાથમાં જમ્બૂવૃક્ષની શાખાને લઈને જ જતો હતો.

લોકને આ જોઈને કૌતુક ઉપજતું, એટલે લોકો એ પરિવ્રાજકને પૂછતા કે– 'તમે આ પેટ ઉપર લોઢાનો પાટો બાંધ્યો છે અને હાથમાં જમ્બૂવૃક્ષની શાખા રાખી છે, તેનું શું કારણ છે?'

એના જવાબમાં, એ પરિવ્રાજક કહેતો હતો કે– 'મેં વિદ્યાને એટલા બધા પ્રમાણમાં મારા પેટમાં ભરી દીધી છે કે–એનાથી મારું પેટ ફાટી જવાની મને બીક રહે છે, એટલે વિદ્યાથી મારું પેટ ફાટી જવા પામે નહિ, એ માટે મેં મારા પેટ ઉપર લોઢાનો પાટો બાંધ્યો છે; અને આ આખા ય જમ્બૂદ્વીપમાં મારા જેવો વિદ્યાવાળો બીજો એક પણ નથી–

એ જણાવવાને માટે, હું મારા હાથમાં આ જમ્બૂવૃક્ષની શાખાને લઈને ફરૂં છું.'

આથી લોકોએ તે પરિવ્રાજકનું 'પોટ્ટશાલ' એવું નામ પાડયું હતું. લોકો એને પોટ્ટશાલ કહેતા.

આવા અજ્ઞાન અને ગર્વિષ્ઠ માણસ જોડે વાદમાં ઉતરાય ? આવા તુચ્છ અને ઘમંડી હૈયાને ધરનારની સાથે વાદમાં ઉતરવું, એ પણ એક મોટું જોખમ છે. મિથ્યાભિમાની માણસોમાં વિદ્યા હોય–એ બને, પણ એની વિદ્યા એને પચેલી ન હોય. એની વિદ્યા, એને કષાયના અગ્નિમાં શેકે; અને જે કોઈ એની હડફેટે ચઢી જાય, તેને એનું જો ઉપજતું હોય તો એ પૂરો કરી દીધા વિના રહે નહિ. આવાં અનેકવિધ કારણોસર, એવાઓની સાથે વાદમાં ઉતરવાનો, શ્રી જૈન શાસનમાં નિષેધ કરાયો છે.

આમ છતાં ય, રોહગુપ્તે એની સાથેના વાદને સ્વીકારી લીધો.

રોહગુપ્ત, એ જૈન મુનિ હતા. વિદ્વાન પણ હતા અને શક્તિશાલી પણ હતા. પણ એમ લાગે છે–એમનામાં પોતાની વિદ્વત્તા અને શક્તિની ખૂમારી પ્રગટી હશે. જો એમનામાં એવી ખૂમારી ન પ્રગટી હોત, તો એમનું જે રીતિએ પતન થવા પામ્યું, તે રીતિએ એમનું પતન થાત નહિ.

એ રોહગુપ્ત મુનિ, શ્રીગુપ્ત નામના આચાર્યભગવાનના શિષ્ય પણ હતા અને સંસારી સંબંધે તેઓ એ આચાર્યભગવાનના ભાણેજ પણ થતા હતા.

શ્રીગુપ્ત આચાર્યભગવાનને અંતરંજિકા નગરીમાં સપરિવાર સમવસરેલા જાણીને, તેઓશ્રીને વન્દન કરવાને માટે,

એ રોહગુપ્ત મુનિ અંતરંજિકા નગરી તરફ આવી રહ્યા હતા.

અંતરંજિકા નગરીમાં પેસતાં, રોહગુપ્ત મુનિએ, પટહ વાગતો સાંભળ્યો. એ પટહ પેલા પોટ્ટશાલ પરિવ્રાજક તરફથી વગડાવવામાં આવતો હતો અને તે સાથે એના તરફથી એવા પ્રકારની જાહેરાત કરાવાતી હતી કે-' આ જમ્બૂદ્વીપમાં મારા જેવો વિદ્યાવાળો અન્ય કોઈ પણ નથી. '

મુનિ રોહગુપ્તે જેવી એ જાહેરાતને સાંભળી, કે તરત જ પોતે પોટ્ટશાલ પરિવ્રાજકના એ પટહને નિવાર્યો; અર્થાત્- ' હું તારી સાથે વાદ કરવાને તૈયાર છું '-એમ એ રોહગુપ્ત મુનિએ પોટ્ટશાલ પરિવ્રાજકને જણાવી દીધું.

એ વખતે, રોહગુપ્ત મુનિએ એટલો પણ વિચાર કર્યો નહિ કે-' મારા ગુરૂ મહારાજ આ નગરીમાં જ વિરાજે છે અને તેઓ મારા કરતાં પણ સમર્થ છે, છતાં પણ તેઓએ આ પટહને નિવાર્યો નથી, માટે કાંઇક કારણ હશે. ' અથવા તો, એ રોહગુપ્ત મુનિએ એટલી પણ ધીરજ ધરી નહિ કે- ' હું ગુરૂ મહારાજની પાસે જાઉં છું, તો ગુરૂ મહારાજને પૂછ્યા પછી વાત ! '

રસ્તામાં જ પોટ્ટશાલ પરિવ્રાજકના પટહને નિવારીને, રોહગુપ્ત મુનિ, શ્રીગુપ્ત નામના આચાર્યભગવાનની પાસે આવ્યા અને પટહને નિવાર્યાની વાત કરી.

આચાર્યભગવાનને લાગ્યું કે-' રોહગુપ્ત મુનિએ ભૂલ કરી. ' એટલે, પોતે કરેલી ભૂલનો રોહગુપ્ત મુનિને પોતાને જ ખ્યાલ આવે, એ માટે આચાર્યભગવાને કહ્યું કે-' એ વાદિને વાદમાં તો જીતી લેવાય, પણ એ વાદી સાથે વાદ કરવા લાયક નથી; કારણ કે-એની પાસે ઘણી વિદ્યાઓ છે

અને જ્યારે તે હારે છે, ત્યારે જીતનાર ઉપર તે પોતાની વિદ્યાઓ વડે વિવિધ પ્રકારના ઉપદ્રવો કરે છે. પોતાની વિદ્યા વડે એ વીંછીને પણ વિકુર્વી શકે છે, સર્પને પણ વિકુર્વી શકે છે, ઉંદરને પણ વિકુર્વી શકે છે, મૃગને પણ વિકુર્વી શકે છે, શુકરને પણ વિકુર્વી શકે છે, કાગડાને પણ વિકુર્વી શકે છે અને શકુંતિકા નામના પક્ષિને પણ વિકુર્વી શકે છે. જુદી જુદી વિદ્યાઓ દ્વારા વીંછી આદિ સાતને વિકુર્વીને, તે, તેને વાદમાં જીતનારને અત્યંત ઉપદ્રવિત કરે છે.'

આચાર્યભગવાને આમ કહ્યું. એટલે રોહગુપ્ત મુનિ સમજી ગયા કે-'આની સાથે વાદ કરવાનું મેં સ્વીકાર્યું, એ ગુરૂ મહારાજને પસંદ નથી.' પણ રોહગુપ્ત મુનિને તો વાદ કરવો જ હતો, એટલે રોહગુપ્ત મુનિએ આચાર્યભગવાનને કહ્યું કે-'વાદનો સ્વીકાર કરીને હવે છૂપાઇ જવું તે ઠીક નથી. વાદનો મેં જે સ્વીકાર કર્યો છે, તે શાસનની ઉન્નતિના હેતુથી જ કર્યો છે, એટલે હવે તો જે થવાનું હોય તે થાઓ!'

રોહગુપ્ત મુનિએ આવો જવાબ આપ્યો, એટલે આચાર્યભગવાને નિર્ણય કર્યો કે-'હવે આને વાર્યો વારી શકાય તેમ નથી; ગમે તેટલું કહીશું તો ય, વાદ કર્યા વિના આ રહેવાનો નથી.' આવો નિર્ણય કરીને, આચાર્યભગવાને વિચાર્યું કે-'હવે તો આના રક્ષણનો ઉપાય યોજવો જોઇએ. વાદમાં તો, પોટ્ટશાલ પરિવ્રાજક જીતી શકવાનો નથી; પણ, એ હાર્યા પછી પોતાની વિદ્યાઓથી આને ઉપદ્રવિત કરે અને એ ઉપદ્રવોની સામે આ કાંઇ નહિ કરી શકવાથી ભાગે અથવા તો આનો જાન જાય, તો થાય શું? એક જૈન મુનિની આવી દશા થાય, એથી તો શાસનની લઘુતા થાય; એટલે શાસનની

લઘુતા થવા પામે નહિ, એવું તો કાંઇક કરવું જ જોઈએ.'

આવો કોઈ વિચાર કરીને, એ આચાર્યભગવાને રોહગુપ્ત મુનિને એવી સાત વિદ્યાઓ આપી, કે જે વિદ્યાઓ તેનો પાઠ કરવા માત્રથી જ સિદ્ધ થાય તેવી હતી અને જે વિદ્યાઓના બળે અનુક્રમે મોર, નોળીયો, બીલાડો, વાઘ, સિંહ, ઘુવડ અને શ્યેનપક્ષિને વિકુર્વી શકાતાં હતાં.

પોટ્ટશાલ પરિવ્રાજક જો વીંછીને વિકુર્વીને ઉપદ્રવ કરે, તો રોહગુપ્ત મુનિ મોરને વિકુર્વીને વીંછીના ઉપદ્રવને ટાળી શકે; પોટ્ટશાલ પરિવ્રાજક જો સર્પને વીકુર્વીને ઉપદ્રવ કરે, તો રોહગુપ્ત મુનિ નોળીયાને વિકુર્વીને સર્પના ઉપદ્રવને ટાળી શકે; પોટ્ટશાલ પરિવ્રાજક જો ઉંદરને વિકુર્વીને ઉપદ્રવ કરે, તો રોહગુપ્ત મુનિ બીલાડાને વિકુર્વીને ઉંદરના ઉપદ્રવને ટાળી શકે; પોટ્ટશાલ પરિવ્રાજક જો મૃગલાને વિકુર્વીને ઉપદ્રવ કરે, તો રોહગુપ્ત મુનિ વાઘને વિકુર્વીને મૃગલાના ઉપદ્રવને ટાળી શકે; પોટ્ટશાલ પરિવ્રાજક જો શૂકરને વિકુર્વીને ઉપદ્રવ કરે, તો રોહગુપ્ત મુનિ સિંહને વિકુર્વીને શૂકરના ઉપદ્રવને ટાળી શકે; પોટ્ટશાલ પરિવ્રાજક જો કાગડાને વિકુર્વીને ઉપદ્રવ કરે, તો રોહગુપ્ત મુનિ ઘુવડને વિકુર્વીને કાગડાના ઉપદ્રવને ટાળી શકે; અને પોટ્ટશાલ પરિવ્રાજક જો શકુંતિકા પક્ષિને વિકુર્વીને ઉપદ્રવ કરે, તો રોહગુપ્ત મુનિ શ્યેન પક્ષીને વિકુર્વીને શકુંતિકા પક્ષિના ઉપદ્રવને ટાળી શકે.

આચાર્યભગવાને આવી સાત વિદ્યાઓ રોહગુપ્ત મુનિને આપી; તે ઉપરાંત આચાર્યભગવાને એક ઓઘાને મંત્રીને, તે ઓઘો રોહગુપ્ત મુનિને આપતાં કહ્યું કે–' એ પરિવ્રાજક પાસે જે સાત વિદ્યાઓ હોવાનું હું જાણું છું, તે સાત વિદ્યા-

આની પ્રતિપક્ષી સાત વિદ્યાઓ તો મેં તને આપી, પણ એ પરિવ્રાજક કદાચ એથી પણ વધારે કાંઈક ઉપદ્રવ કરે, એ શક્ય છે. એવો કોઈ વખત આવી લાગે, તો તું આ મંત્રેલો રજોહરણ ચારેય તરફ ફેરવજે, એટલે એ પરિવ્રાજક તરફથી કરાએલા કોઈ પણ પ્રકારના ઉપદ્રવથી તારો પરાભવ થશે નહિ.'

આમ આચાર્યભગવાને આપેલી સાત વિદ્યાઓને તેમ જ આચાર્યભગવાને મંત્રીને આપેલા રજોહરણને ગ્રહણ કરીને, રોહગુપ્ત મુનિ વાદ કરવાને માટે રાજસભામાં ગયા.

વાદમાં વ્યાજબી પ્રકારનો આગ્રહ :

સ૦ આચાર્ય મહારાજ પોતે આટલા બધા વિદ્યાવિશારદ હતા, તો પછી એ પરિવ્રાજકના પટહને તેઓશ્રીએ પોતે જ કેમ નિવાર્યો નહિ? એમાં કોઈ ખાસ હેતુ હશે?

શ્રી જૈન શાસન, સમ્યગ્વાદમાં માનનારૂં છે. શુષ્કવાદ અને વિવાદ, એ બન્ને ય પ્રકારના વાદો અનર્થકારી છે અને એક ધર્મવાદ જ કલ્યાણકારી છે–એમ સૂચવીને, મહાપુરૂષોએ, જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી શુષ્કવાદનો અને વિવાદનો ત્યાગ કરવો, એવો ઉપદેશ આપ્યો છે. શ્રી જૈન શાસનના મહાપુરૂષો જ્યાં સુધી ચાલે તેમ હોય ત્યાં સુધી તો, ધર્મવાદથી પર એવા કોઈ પણ વાદમાં ઉતરવાનું પસંદ કરે જ નહિ. શ્રી જૈન શાસનના મર્મને પામેલા મહાપુરૂષોને, જો અનિવાર્ય કારણેય કોઈની સાથે કુવાદમાં ઉતરવું જ પડે, તો ય તે તેમને ગમે તો નહિ જ. બીજી વાત એ પણ છે કે–એવો જ કોઈ અવસર આવી લાગે અને પોતાની તાકાત હોય, તો શ્રી જૈન શાસનના મહાપુરૂષો, વાદમાં ઉતરીને સામાને પરા-

જિત કરે, એ પણ શકય છે; પરન્તુ 'મારે અમુકને પરાજિત કરવો છે'–એવા કોઈ પ્રકારનું ધ્યેય શ્રી જૈન શાસનને પામેલા મહાપુરૂષોનું હોય જ નહિ. શ્રી જૈન શાસનની અપભ્રાજના થવા પામે નહિ અને શ્રી જૈન શાસનની અવસરોચિત પ્રભાવના થવા પામે, એ તરફ જ શ્રી જૈન શાસનના મહાપુરૂષોનું લક્ષ્ય હોય. આથી, ઈતર વાદિને જીતવાની જરૂર ઉભી થવા પામી હોય, તો ય તેને વ્યાજબી પ્રકારે જ જીતવો જોઈએ, આવું મન્તવ્ય શ્રી જૈન શાસનના મહાપુરૂષોનું હોય છે; એટલે જ્યાં સુધી ફરજીયાત રીતિએ વાદના ગેરવ્યાજબી પ્રકારમાં ઉતરવું પડે તેમ હોય નહિ, ત્યાં સુધી તો શ્રી જૈન શાસનના મહાપુરૂષો તેવા પ્રકારના ગેરવ્યાજબી વાદમાં ઉતરવાનું પસંદ કરે જ નહિ. આમ છતાં ય, જ્યારે વાદમાં ઉતરવું પડે છે, ત્યારે પણ શ્રી જૈન શાસનના મહાપુરૂષો વાદિને વાદમાં વ્યાજબી પ્રકારે જીતવાનો એટલો બધો આગ્રહ રાખે છે કે–શ્રી જૈન શાસનના મહાપુરૂષોની એ રીતિને જાણીને પણ, ઈતરોને અચંબો થયા વિના રહે નહિ.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોના શાસનને પામીને, શ્રી સિદ્ધસેન દિવાકર તરીકે સુપ્રસિદ્ધ થયેલા મહાપુરૂષ, પૂર્વાવસ્થામાં વિદ્વાન બ્રાહ્મણ હતા. એ સિદ્ધસેન નામના બ્રાહ્મણ વિદ્વાન સાથે, આચાર્યભગવાન શ્રીમદ્ વૃદ્ધ વાદી સૂરિજી મહારાજાને થયેલા વાદની હકીકત તો બહુ જ પ્રચલિત છે, એટલે એ પ્રાયઃ તમે પણ સાંભળી હશે.

સિદ્ધસેન બ્રાહ્મણ પોતાના વિદ્યાબલ ઉપર એટલા બધા મુસ્તાક હતા કે–પોતાની પાસે એ ત્રણેય ભુવનના વિદ્વાનોને તૃણવત્ માનતા હતા. 'સંસારમાં જેટલા પદાર્થો છે તે સઘળા

ય પદાર્થોના પારને હું પામેલો છું અને કોઈ પણ પદાર્થના જ્ઞાનમાં હું અધુરો નથી.'–આવી તો એમની માન્યતા હતી.

આવી માન્યતા હોવા છતાં પણ અને પોતાના વિદ્વાબલનું પોતાને ભારે ગુમાન હોવા છતાં પણ, એમની એ પ્રતિજ્ઞા હતી કે–'વાદમાં જે કોઈ મને જીતે, તેનો હું તેનાં ચરણોને સેવનારો શિષ્ય બની જાઉં!' એમની આ પ્રતિજ્ઞા, દંભવાળી નહોતી. 'હું હારું તો ય મારી હારને હું કબૂલ કરું જ નહિ' –એવી મનોવૃત્તિ એમની નહોતી. પોતાના વિદ્વાબલનું ગુમાન અસાધારણ કોટિનું હતું, પરન્તુ એ ગુમાન સાથે એમના હૈયામાં એવો પાપ ભાવ નહોતો જ, કે જે, એમને એમની પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ કરે! પ્રતિજ્ઞા મોટી કરે અને હારે એટલે પોતે કરેલી પ્રતિજ્ઞાને પોતે જ ચાવી ખાય અને પાછા પ્રતિજ્ઞાભ્રષ્ટ થયા–એવું લોક માને નહિ, એ હેતુથી કારમો ઉલ્કાપાત મચાવે, એવા પ્રકારનું ગુમાન એ સિદ્ધસેન બ્રાહ્મણમાં નહોતું.

એ સિદ્ધસેન બ્રાહ્મણે, આચાર્યભગવાન શ્રીમદ્ વૃદ્ધ વાદી સૂરિજી મહારાજની વાદિવિજેતા તરીકેની ફેલાતી કીર્તિને સાંભળી; એટલે, એમણે શું કર્યું, તે જાણો છો? આચાર્યભગવાન ભરૂચમાં છે, એમ જાણીને, સિદ્ધસેને પોતે ભરૂચ તરફ પ્રયાણ કર્યું. ભરૂચ નગરની બહાર સિદ્ધસેન આવી પહોંચ્યા, ત્યાં તો કુદરતી રીતિએ જ આચાર્યભગવાન શ્રીમદ્ વૃદ્ધ વાદી સૂરિજી મહારાજ તેમને મળી ગયા. આચાર્યભગવાનને જોઈને અને ઓળખીને, સિદ્ધસેને તેઓશ્રીને કહ્યું કે–'મારી સાથે તમે વાદ કરો!'

આચાર્યભગવાને જવાબમાં તેમને જણાવ્યું કે–'આપણે વાદ તો કરીએ, પરન્તુ વાદને અંગે જય–પરાજયનો નિર્ણય

કરનાર તો જોઈએ ને? અહીં કોઈ એવી ચતુરંગી સભા નથી, એટલે આપણે બે વાદ કરીએ તેમાં કોણ જીત્યું અને કોણ હાર્યું, તે કેવી રીતિએ જાણી શકાશે?'

વાદ કરવાનો વખત જ આવી લાગે, તો પહેલાં વાદને અંગે જય-પરાજયનો નિર્ણય કોણ કરશે, તેનો નિર્ણય થવો જોઈએ ને? નિર્ણય કરનાર ન હોય, તો કોણ સાચો ને કોણ ખોટો અથવા કોણ જીત્યો અને કોણ હાર્યો, એ કહે કોણ? પૂર્વકાળમાં પણ, આચાર્યભગવંતોને, વાદ કરીને નિર્ણય લેવાને માટે, રાજાઓની પાસે પણ જવું પડ્યું છે.

સ૦ અન્યની પાસે નિર્ણય કરાવવો પડે, તેના કરતાં એમ ને એમ સમજાવી દે તો?

કેટલીક વાર સંયોગો જ એવા હોય છે કે-એ સંયોગોમાં અન્યને મધ્યસ્થ તરીકે સ્વીકારીને, એ મધ્યસ્થના નિર્ણયને માન્ય કરવો-એવી કબૂલાત લેવી અને આપવી, એ અનિવાર્ય થઈ પડે છે. જેનામાં સમજવાની વૃત્તિ હોય અને એથી જ જે સમજવાની માગણી કરે, તેને તો એમ ને એમ જ સમજાવવાનો પ્રયત્ન થાય; પરન્તુ જ્યાં પોતાના મન્તવ્યનો જ આગ્રહ હોય અને વાદ કરવાની જ ઇચ્છા હોય, ત્યાં નિર્ણાયક વિના ચાલે કેમ? વિદ્વાન તરીકેની ખુમારીથી જ, વાદ કરવાને જે ઇચ્છતો હોય, તેને સમજાવાય શી રીતિએ? વળી, જેનામાં દુરાગ્રહ હોય, તે તો તેને ફરજીયાત હાર માનવાનો પ્રસંગ આવી લાગે તો ય, તેનાથી જો શકય હોય તો, ઉધમાત મચાવ્યા વિના રહે નહિ. આથી, વાદનો પ્રસંગ આવી લાગે તો, સુયોગ્ય નિર્ણય કરી શકે-એવા મધ્યસ્થનો, સ્વીકાર કરવા-કરાવવાની જરૂર પડે જ; અને કોઈ કોઈ વાર

તો, હારેલાને પોતાની હાર ફરજીયાત કબૂલ રાખવી જ પડે –એ દૃષ્ટિને પણ લક્ષ્યમાં રાખીને, મધ્યસ્થનો સ્વીકાર કરવો –કરાવવો પડે. રાજાઓની પાસે નિર્ણય કરાવવાને માટે જવામાં, એ લક્ષ્ય પણ હોય. દુરાગ્રહિને એમ ને એમ સમજાવી શકાય, એ પ્રાયઃ શક્ય જ નથી. મૂળ વાત તો એ છે કે– જ્યાં સુધી બની શકે ત્યાં સુધી તો, એવા દુરાગ્રહિની સાથે વાદમાં ઉતરવું જ નહિ જોઈએ; અને જો એવાની સાથે વાદમાં ઉતર્યા વિના છૂટકો થાય તેમ ન હોય–વાદ કરવાની ના પાડવાથી શાસનને હાનિ થવા જેવું લાગતું હોય, તો એવાની સાથે એવા નિર્ણાયકની રૂબરૂમાં વાદમાં ઉતરવું, કે જેના નિર્ણયને માન્યા વિના એને ચાલે નહિ.

સ૦ છતાં ન માને તો ?

એ તો નિરૂપાય દશા થઈ

આચાર્યભગવાન શ્રીમદ્ વૃદ્ધ વાદી સૂરિજી મહારાજાએ જ્યારે પૂછયું કે–'અહીં ચતુરંગી સભા નથી, એટલે એ વિના જય–પરાજયને કેમ જાણી શકાશે ?'–ત્યારે સિદ્ધસેન કહે છે કે–' આ ગોવાળીયાઓ જ આપણા વાદના સાક્ષિઓ બનો !' એટલે કે–'આપણે બે, આ ગોવાળીયાઓ સમક્ષ વાદ કરીએ અને આપણે જે કાંઈ બોલીએ તેને સાંભળી લઈને, તે ઉપરથી આ ગોવાળીયાઓ આપણા જય અને પરાજયનો જે કાંઈ નિર્ણય આપે, તે આપણે બન્નેએ કબૂલ રાખવો.'

આચાર્યભગવાન શ્રીમદ્ વૃદ્ધ વાદી સૂરિજી મહારાજાને આ ઠીક તો લાગ્યું નહિ, પણ સિદ્ધસેનની વાદ કરવાની પ્રબળ ઈચ્છાને જોઈને, તેમ જ વાદ કરવામાં અહીં પણ વાંધો આવે એમ નથી–એવું લાગવાથી, તેઓશ્રીએ કહ્યું કે–' જો

એમ જ છે, તો તમે તમારો પૂર્વપક્ષ બોલો !'

સિદ્ધસેન કાંઈ જેવા તેવા વિદ્વાન નહિ હતા. મુશ્કેલી એટલી જ હતી કે–એ ભણેલા હતા, પણ ગણેલા નહિ હતા. તેમણે સંસ્કૃત ભાષામાં અને તે ય પ્રૌઢ અને લાલિત્યપૂર્ણ પદ્યોજનો પૂર્વક બોલવા માંડયું.

જો વિદ્વાનોની સમક્ષ તેઓ આવી રીતિએ બોલ્યા હોત, તો વિદ્વાનો એમના ભાષાપ્રભુત્વને અને એમની તર્કશક્તિ આદિને જોઈ-જાણીને ખૂબ જ ખૂશ થઈ ગયા હોત. જો કે, એટલી શક્તિ છતાં ય, વિદ્વાનો સમક્ષના વાદમાં તેઓ જીતી શકયા ન હોત, કારણ કે–આચાર્યભગવાન શ્રીમદ્ વૃદ્ધ વાદી સૂરિજી મહારાજાએ, શારદાદેવીને આરાધીને, શારદાદેવીની પાસેથી 'સર્વ વિદ્યાઓના પારગામી બનો !'–એવું વર મેળવેલું હતું ! પરન્તુ, અહીં તો નિર્ણય વિદ્વાનોને કરવાનો નહોતો, પણ ગોવાળીયાઓને કરવાનો હતો ! સિદ્ધસેન મહા વિદ્વાન હોવા છતાં પણ, એ વાત એમના ખ્યાલ બહાર ગઈ.

સિદ્ધસેન બોલી રહ્યા, એટલે પેલા ગોવાળીયાઓએ કહ્યું કે–'આ કાંઈ જાણતા નથી. નાહકના બરાડા પાડીને આણે પોતાના ગળાને સુકવી નાખ્યું અને અમારા કાનોને ફાડી નાખ્યા !' કારણ કે–સિદ્ધસેન જે કાંઈ બોલ્યા, તેમાંનું કાંઈ જ એ ગોવાળીયાઓને સમજાયું નહોતું. ગોવાળીયાઓ પાસેથી, એવા ભાષાજ્ઞાનની અપેક્ષા પણ કેમ જ રાખી શકાય ?

પછી ગોવાળીયાઓએ આચાર્યભગવાન શ્રીમદ્ વૃદ્ધ વાદી સૂરિજી મહારાજાને બોલવાનું કહ્યું.

એ મહાપુરૂષ, જેમ સર્વ વિદ્યાઓના પારગામી હતા, તેમ સમયજ્ઞ પણ હતા. જે કાંઈ કહેવું, તે ભગવાન શ્રી જિને-

શ્વરદેવોના શાસનને અનુસરતું જ કહેવું, પણ તે એવી રીતિએ કહેવું, કે જે કહેલું નિષ્ફલ નિવડે નહિ અને ઉપકારક થયા વિના રહે નહિ, આવી એ મહાપુરૂષની સમયજ્ઞતા હતી. દેશ-કાળના નામેય, ભગવાન શ્રી જિનેશ્વરદેવોના શાસનથી ઊલટું બોલી શકાય જ નહિ અને ભગવાન શ્રી જિનેશ્વર-દેવોના શાસનના જે સત્યને પ્રગટ કરવાની આવશ્યકતા હોય, તે સત્યને દેશ-કાળના નામેય ગોપવી શકાય નહિ ! દેશ-કાળના નામે પણ એમ કરવું, એ તો શ્રી જિનશાસનનો ભયંકર કોટિનો દ્રોહ જ કહેવાય. કહેવા યોગ્ય કહેવાયા વિના રહે નહિ અને જે કાંઈ કહેવાય તે શ્રી જિનશાસનને અનુ-સરતું જ હોય, પણ તે એવી રીતિએ કહેવાય, કે જેથી તે ઉપકારક બને, એનું નામ દેશ-કાલ આદિને જોઈને બોલ્યા-એમ કહેવાય.

જ્યાં વૃદ્ધ વાદી સૂરિજી તરીકે સુવિખ્યાત એવા એ આચાર્યભગવાનને બોલવાનો અવસર આવી લાગ્યો, એટલે, તેઓશ્રીએ તો પોતાની કમ્મર બાંધી, કચ્છ વાળ્યો અને દાંડાને ચઢાવ્યો ખભા ઉપર. પછી, લોકભાષામાં જ, જેમ કોઈ છંદ અગર રાસ ગાતા હોય, તેમ બોલવા માંડ્યું. તે ય સ્થિર ઉભે ઉભે નહિ, પણ ગોળાકારે ફરતાં ફરતાં અને તાલીઓના તાલ દેતાં દેતાં. ગામડાંઓમાં કેટલીક વાર નાચ-ગાનના રાસ ખેલાય છે; એ જોયા હોય, તો તમને ખ્યાલ આવે, એવો એ આચાર્યભગવાને દેખાવ કર્યો. પણ એ બોલ્યા શું ? "નવિ મારિયઈ, નવિ ચોરિયઈ; પરદારહગમણુ નિવારિઈ." -એવું એવું એ મહાપુરૂષ બોલ્યા.

ગોવાળીયાઓ તો, એ આચાર્યભગવાનને બોલતા સાંભ-

ળતાં ખૂશ ખૂશ થઈ ગયા. અન્તે, બધા ગોવાળીયાઓએ કહી દીધું કે-' આમને જ, એટલે કે આ આચાર્યભગવાનને જ, સુન્દર અને અમૃત જેવું મીઠું બોલતાં આવડે છે.'

જ્યાં ગોવાળીયાઓએ આ પ્રમાણે કહ્યું, એટલે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર, અથવા તો ' આ ગોવાળીયાઓ કેવા અજ્ઞાન છે '-એ વગેરે પ્રકારનો વિચાર પણ કર્યા વગર, શ્રી સિદ્ધસેન, આચાર્યભગવાનનાં ચરણોને વળગી પડયા અને શ્રી સિદ્ધસેને આચાર્યભગવાનને કહ્યું કે-' આપણી વચ્ચેના વાદમાં આપે મને પરાજિત કર્યો છે, એટલે અત્યારથી જ હું આપનો શિષ્ય બની ગયો છું, માટે આપ મને દીક્ષા આપો ! '

આવા અવસરે પણ, શ્રી વૃદ્ધ વાદી સૂરિજી મહારાજા શું કહે છે, તે જાણવા જેવું છે. આચાર્યભગવાન કહે છે કે-'આપણે ભરૂચ નગરમાં જઈએ અને ત્યાં જઈને રાજાની સમક્ષ વાદ કરીએ ! ભલે આપણી વાદલીલાને વિચક્ષણ જનો જુએ ! '

આ પછીની વાતમાં, એમ પણ કહેવાય છે કે-તે પછી તેઓ બન્ને ભરૂચ નગરમાં ગયા, ત્યાં રાજસભામાં રાજા સમક્ષ બન્નેએ વાદ કર્યો અને ત્યાં પણ શ્રી વૃદ્ધ વાદી સૂરિજી મહારાજાએ વાદમાં શ્રી સિદ્ધસેનને પરાસ્ત કર્યા અને તે પછી શ્રી સિદ્ધસેનને પોતાના શિષ્ય તરીકે સ્વીકાર્યા; જ્યારે, એમ પણ કહેવાય છે કે-સૂરિજી મહારાજાએ રાજસભામાં જઈને પુનઃ વાદ કરવાનું કહેતાં, શ્રી સિદ્ધસેને ' હવે તેમ કરવાની જરૂર નથી '-એવો જવાબ આપીને, પોતાને દીક્ષિત કરવાની વિનંતિ ચાલુ રાખી અને એથી સૂરિજી મહારાજાએ શ્રી સિદ્ધસેનને

દીક્ષિત બનાવીને પોતાના શિષ્ય તરીકે સ્વીકાર્યા.

એ જે બન્યું હોય તે ખરૂં, પણ આ ઉપરથી એટલી વાત તો બરાબર સમજી શકાય તેમ છે કે–જ્યારે વાદમાં ઉતરવું પડે છે, ત્યારે પણ શ્રી જૈન શાસનના મહાપુરૂષો વાદિને વાદમાં વ્યાજબી પ્રકારે જીતવાનો એટલો બધો આગ્રહ રાખે છે કે–શ્રી જૈન શાસનના મહાપુરૂષોની એ રીતિને જાણીને પણ, ઈતરોને અચંબો થયા વિના રહે નહિ. ગોવાળીયાઓ સમક્ષના વાદમાં જીતવા છતાં પણ, સૂરિજી મહારાજાએ પોતે જ રાજા સમક્ષ જઈને પુનઃ વાદ કરવાનું કહ્યું, એ શું સૂચવે છે ? કોઈ એમ ન કહી શકે કે–અવિચક્ષણો સમક્ષ વાદ કરીને જીત્યા, એમાં શું ? વિચક્ષણો સમક્ષ પણ વાદ કરવાની એટલી જ તૈયારી હતી ! શ્રી જૈન શાસનના મહાપુરૂષો, પોતાને વ્યાજબી લાગે નહિ તો વાદમાં ઉતરે નહિ–એ બને, પણ વાદમાં ઉતરવું જ પડે, તો તેઓ વાદમાં વ્યાજબી પ્રકારનો આગ્રહ રાખ્યા વિના રહે જ નહિ. શ્રી જૈન શાસનની લઘુતા થવા પામે નહિ, એ માટે શ્રી જૈન શાસનના મહાપુરૂષો, અવસરોચિત પ્રતીકાર કરે એ બને; પરન્તુ, પોતે પોતા તરફથી તો, શિષ્ટ જનોમાં ગેરવ્યાજબી ગણાય એવા કોઈ જ પ્રકારનો આરંભ કરે નહિ.

સ૦ શ્રી વૃદ્ધ વાદી સૂરિજી મહારાજાએ જેમ શ્રી સિદ્ધસેન દિવાકર સાથેના વાદને સ્વીકાર્યો, તેમ પેલા પરિવ્રાજક સાથે શ્રીગુપ્ત નામના આચાર્યશ્રીએ વાદને કેમ સ્વીકાર્યો નહિ ?

એ બે વાતોમાં, પરસ્પર આસમાન અને જમીન જેવું અંતર છે. કયાં શ્રી સિદ્ધસેન અને કયાં એ પરિવ્રાજક ? આપણે જોઇ આવ્યા કે–શ્રી સિદ્ધસેનમાં તો, અપ્રમાણિકતા

ય નહોતી અને નફ્ફટાઈ પણ નહોતી, જ્યારે પેલા પરિવ્રાજકમાં તો, અપ્રમાણિકતા પણ હતી અને નફ્ફટાઇ પણ હતી. હારવા છતાં પણ હાર કબૂલ કરવાની તૈયારી નહિ અને ઉપરથી ઉપદ્રવ કરવાની તૈયારી, એ જેવી તેવી અપ્રમાણિકતા અને નફ્ફટાઇ છે? પરિવ્રાજક જ્યારે વાદમાં ટકી શક્યો નથી, ત્યારે તેણે રોહગુપ્તને પરાજિત કરવાને માટે વીંછી આદિનો ઉપદ્રવ કર્યો છે. બીજી વાત એ છે કે–જેમ શ્રી સિદ્ધસેને આચાર્યભગવાન શ્રીમદ્ વૃદ્ધ વાદી સૂરિજી મહારાજની પાસે, તેઓશ્રીની સાથે વાદ કરવાની માગણી કરી હતી, તેમ એ પરિવ્રાજકે પણ જો શ્રીગુપ્ત નામના એ આચાર્યભગવાનની પાસે વાદની માગણી કરી હોત, તો એ આચાર્યભગવાન, શ્રી જૈન સિદ્ધાન્તની લઘુતા ન થાય, એ માટે જરૂર લાગત તો એવા પણ વાદિની સાથે વાદમાં ઉતરત. 'વાદી અપ્રમાણિકતા અને નફ્ફટાઈ આચરે એવો છે.'–એવું જાણવા છતાં ય, સિદ્ધાન્તની લઘુતા ન થાય–એ વગેરે કારણે એવાની જોડેય મહાપુરૂષોને વાદમાં ઉતરવું પડે, એ શક્ય છે. આપણે જોઈ આવ્યા કે–જે આચાર્ય મહારાજ એ પરિવ્રાજકની સાથે વાદમાં ઉતરવાને ઇચ્છતા નહોતા અને રોહગુપ્ત મુનિ પણ એની સાથે વાદમાં ઉતરે તે સારૂં નહિ–એમ માનતા હતા; તે જ આચાર્યમહારાજે, જ્યારે જોયું કે–'આ રોહગુપ્ત મુનિ વાદ કરવાને માટે ગયા વિના રહેવાનો નથી અને વાદ કરવા જશે તો પેલો ઉપદ્રવ કર્યા વિના રહેવાનો નથી; વળી, એ ઉપદ્રવમાં આ ટકી શકશે નહિ અને આ જો એ ઉપદ્રવમાં નહિ ટકી શકે, તો પરિણામે શ્રી જૈન શાસનની અપભ્રાજના થશે.'–ત્યારે એમણે શું કર્યું? પોતાને ગેરવ્યાજબી લાગે છે–એવું પણ કૃત્ય કરવાને તૈયાર થઈ ગયેલા

ચેલાને, શાસનની અપભ્રાજના થવા પામે નહિ અને જૈન મુનિનું રક્ષણ થાય–એ હેતુથી, સાત વિદ્યાઓ પણ આપી અને રજોહરણ પણ મંત્રીને આપ્યો. ભગવાનનું શાસન, એ મહાપુરૂષોના હૈયે કેવું અને કેટલું વસેલું હતું, તે આવા પ્રસંગોથી પણ જાણી શકાય.

રોહગુપ્ત મુનિ, ગુરૂમહારાજે આપેલી સાત વિદ્યાઓને અને મંત્રીને આપેલા રજોહરણને ગ્રહણ કરીને, રાજસભામાં ગયા. પોટ્ટશાલ પરિવ્રાજક પણ ત્યાં આવી પહોંચ્યો હતો. ત્યાં રોહગુપ્ત મુનિએ કહ્યું કે–'આ પરિવ્રાજક મિથ્યા પંડિતાઈનો ઘમંડ કરે છે, માટે તે જ પહેલો વાદ કરે.' એટલે કે–'એને જે વાતનું મંડન કરવું હોય તે વાતનું તે ભલે મંડન કરે; હું તેની વાતનું ખંડન કરીશ.'

પરિવ્રાજકમાં અક્કલ નહોતી એમ નહિ, પણ એના ઘમંડે એની અક્કલને આવરી લીધી હતી. અહીં એનામાં ભય પેદા થયો કે–'કદાચ હું હારીશ, કેમ કે–જૈનોમાં પંડિતાઈ પણ જબરી હોય છે.' આ વિચાર આવ્યો, એટલે એ પૂરતો પણ ઘમંડ ઉતર્યો તો ખરો ને ? એને જૈનોની પંડિતાઈનો ડર લાગ્યો, એટલે એણે વિચાર કર્યો કે–'આણે, હું જે પક્ષનું મંડન કરૂં, તે પક્ષનું ખંડન કરવાનું માથે લીધું છે; અને હું જેને માનું છું, તે પક્ષનું જો હું મંડન કરૂં, તો આ મને હરાવી દે; માટે, જે સિદ્ધાન્તને આ માને છે, તે જૈન સિદ્ધાન્તને અનુસરીને જ હું મારો પક્ષ સ્થાપન કરૂં, એટલે આ જૈન સિદ્ધાન્તનું ખંડન કરી શકશે નહિ અને મારી જીત થઈ જશે.'

આવો વિચાર કરીને, એ પરિવ્રાજકે 'જગતમાં જીવ

અને અજીવ–એ બે રાશિ જ છે' એવા પક્ષનું સ્થાપન કર્યું!

શું થયું આ? જીતની લાલસામાં, પોતાની માન્યતાને વેગળી મૂકી દીધી! કેવળ જીતની લાલસાથી જ વાદમાં ઉતરનારા શું કરે અને શું ન કરે, એ કહેવાય નહિ. પણ અહીં તો, રોહગુપ્તેય એથી ભયંકર ભૂલ કરી છે અને તે કેવળ વાદમાં જીતવાને માટે જ!

પરિવ્રાજકે બે રાશિનું સ્થાપન કર્યું, એટલે રોહગુપ્ત સમજી તો ગયો કે–'આ ધૂર્ત્ત, મને માન્ય સિદ્ધાન્તનું સ્થાપન કરીને, મારે માટે મુંઝવણ ઉભી કરી દીધી.' પણ એ વિચાર કરે છે કે–'હવે મારે કરવું શું? જો હું પણ કહું કે–રાશિ બે જ છે, તો લોકો એમ જ સમજશે કે–મેં પણ આ પરિવ્રાજકના મતનો સ્વીકાર કર્યો.' આવો વિચાર કરીને, રોહગુપ્તે નિર્ણય કર્યો કે–'અત્યારે તો મારે આ પરિવ્રાજકે જે પક્ષનું સ્થાપન કર્યું છે, તે પક્ષનું ઉત્થાપન જ કરવું જોઈએ.' આવો નિર્ણય કરીને, રોહગુપ્તે, જગતમાં જીવ અને અજીવ–એવી બે જ રાશિ નથી, પણ જીવ, અજીવ અને નોજીવ–એમ ત્રણ રાશિ છે, એવા મતનું પ્રતિપાદન કર્યું!

શાથી આવા અસત્ય સિદ્ધાન્તનું સ્થાપન કરવાનો પ્રસંગ આવી લાગ્યો? રોહગુપ્તે જો પહેલેથી એને કહ્યું હોત કે–'હું જૈન સિદ્ધાન્તને માનું છું અને તું એ સિદ્ધાન્તને માનતો નથી; માટે, તું જે સિદ્ધાન્તને માનતો હો તે સિદ્ધાન્તનું તું સ્થાપન કર. એટલે, તેં સ્થાપિત કરેલો સિદ્ધાન્ત કેમ તથા કેવો ખોટો છે અને શ્રી જૈન સિદ્ધાન્ત કેમ તથા કેવો સાચો છે, તે હું સ્થાપન કરીશ.' તો શું થાત? એણે જો આવું કહ્યું હોત, તો પરિવ્રાજકે બે રાશિનું સ્થાપન

કર્યું, એથી એનું ખંડન કરવું જ જોઈએ—એવો વિચાર ઉત્પન્ન થવા પામત નહિ; પણ, પહેલેથી એણે તો એમ જ કહ્યું કે—'તું જે કહીશ, તેને હું ખંડીશ.'—એટલે જ, મુંઝવણ ઉભી થઈને? રોહગુપ્તે પહેલેથી એના પક્ષનું ખંડન કરવાનું કહ્યું, એમાં પણ વિદ્વત્તાની ખૂમારીએ કામ કર્યું છે, એમ જણાઈ આવે છે. એથી જ, રોહગુપ્તે, ગમે તેમ કરીને પણ પરિવ્રાજકને હરાવવો—એવો નિર્ણય કર્યો. નહિતર, એમ થાય કે—શ્રી જિનવચનથી વિરુદ્ધ બોલીને, મારી જીત કહેવડાવવાની મૂર્ખાઈ મારાથી કેમ થાય?

રોહગુપ્તે, જગતમાં ત્રણ રાશિ હોવાનું પ્રતિપાદન, એવી તો સચોટ રીતિએ કર્યું કે—પરિવ્રાજક એની સામે કાંઈ કહી શકયો નહિ અને એથી જ પરિવ્રાજકે ઉપદ્રવ કરીને જીતવાનો ઉપાય અજમાવ્યો. શ્રીગુપ્ત નામના આચાર્યભગવાને રોહગુપ્તને જેવું કહ્યું હતું તેવું જ બન્યું.

પોટ્ટશાલ પરિવ્રાજકે પહેલાં તો વીંછીઓ વિકુર્વ્યા. એ વીંછીઓ રોહગુપ્તને કરડવાને માટે દોડ્યા, એટલે રોહગુપ્તે મયુરોને વિકુર્વ્યા અને તે મયુરોએ એ વીંછીઓનો નાશ કરી નાખ્યો. પોતાના વિકુર્વેલા વીંછીઓનો નાશ થઈ ગયેલો જોઈને, પરિવ્રાજકે મોટા સર્પોને વિકુર્વ્યા, એટલે રોહગુપ્તે પણ નોળીયાઓને વિકુર્વ્યા અને તે નોળીયાઓએ એ સર્પોનો નાશ કરી નાખ્યો. સર્પોનો પણ નાશ થઈ ગયો, એટલે એ પરિવ્રાજકે તીક્ષ્ણ દાંતવાળા ઉંદરો વિકુર્વ્યા, એટલે રોહગુપ્તે બીલાડાઓને વિકુર્વ્યા અને તે બીલાડાઓએ એ ઉંદરોનો નાશ કરી નાખ્યો. આથી, પરિવ્રાજકે અણીદાર શીંગડાંવાળા મૃગોને વિકુર્વ્યા, એટલે રોહગુપ્તે પણ વાઘોને

વિકુર્વ્યા અને તે વાઘોએ મૃગોનો નાશ કરી નાખ્યો. પછી, પરિવ્રાજકે શૂકરોને વિકુર્વ્યા, એટલે રોહગુપ્તે સિંહોને વિકુર્વ્યા અને તે સિંહોએ એ શૂકરોનો નાશ કરી નાખ્યો. પછી, પરિવ્રાજકે વજ્રના જેવી ચાંચવાળા કાગડાઓને વિકુર્વ્યા, તો રોહગુપ્તે પણ ઘુવડોને વિકુર્વ્યા અને તે ઘુવડોએ એ કાગડાઓનો નાશ કરી નાખ્યો. પછી પરિવ્રાજકે સમળીઓને વિકુર્વી, એટલે રોહગુપ્તે પણ શ્યેન પક્ષિઓને વિકુર્વ્યાં અને તે શ્યેન પક્ષિઓએ એ સમળીઓનો નાશ કરી નાખ્યો.

આમ, એક પછી એક–એમ સાતેય પ્રકારના ઉપદ્રવો પરિવ્રાજકે કર્યા; અને, પોતાના ગુરૂમહારાજે આપેલી વિદ્યાઓના બળે, રોહગુપ્તે એ સાતેય પ્રકારના ઉપદ્રવોને નિષ્ફળ બનાવી દીધા! પણ, કુવાદીની સાથે વાદમાં ઉતરવાથી કેવી સ્થિતિમાં મૂકાવું પડ્યું? વાદ દૂર રહી ગયો અને હિંસક સંગ્રામ શરૂ થઈ ગયો ને? પરિવ્રાજક નિરૂત્તર થઈ જવાથી હાર્યો, તો ય તેણે પોતાની હાર કબૂલ કરી નહિ અને ધાંધલ મચાવી મૂકયું ને? જેને પોતાની પ્રતિજ્ઞાની કિંમત નહિ, તે બીજું કરે પણ શું? ચાલે ત્યાં સુધી વેન કેન જીતવાને મથવું અને જીતાય નહિ તો જીતેલાને ગમે તે ઉપાયે રગદોળી નાખવો, એવું જ આ પરિવ્રાજકે કર્યું ને?

પરિવ્રાજક જ્યારે સાતેય પ્રકારના ઉપદ્રવોને આદરી ચૂકયો પણ તેમાં ફાવ્યો નહિ, ત્યારે તો તે બહુ જ ગુસ્સામાં આવી ગયો. એણે પોતાની પાસેનું છેલ્લું શસ્ત્ર પણ અજમાવ્યું. પરિવ્રાજકે એક ગધેડીને વિકુર્વીને, તેને રોહગુપ્ત તરફ દોડાવી, પણ રોહગુપ્તે પોતાની પાસે જે મંત્રેલો રજોહરણ હતો, તેને ચારેય તરફ ફેરવ્યો અને તે પછી એ રજોહરણ ગધેડીને

માર્યો. આથી, ગધેડીનો પ્રભાવ ઉડી ગયો અને પરિવ્રાજક ઉપર જ મૂત્ર અને વિષ્ઠા કરીને તે ગધેડી ત્યાંથી નાસી ગઈ. હવે પરિવ્રાજક પાસે કોઈ સાધન રહ્યું નહોતું, એટલે તે લાચાર બની ગયો. લોકોએ તેનો તિરસ્કાર કર્યો અને શરમનો માર્યો તે ત્યાંથી ભાગી ગયો.

પરિવ્રાજક ભાગી ગયો, એટલે રોહગુપ્ત મુનિ પણ ગુરૂમહારાજની પાસે પાછો આવ્યો.

તત્ત્વથી અજ્ઞાન લોકો તો, રોહગુપ્તની પ્રશંસા જ કરતા હતા, પણ રોહગુપ્તને એવો કોઈ વિચાર નહિ આવ્યો કે–'મેં પરિવ્રાજકને જીતવાને માટે, જગતમાં ત્રણ રાશિ છે –એવું સ્થાપન કર્યું, પણ જગતમાં રાશિ તો બે જ છે અને ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ પણ જગતમાં બે જ રાશિ છે –એમ કહ્યું છે, એટલે મારા યોગે આ લોકના હૃદયમાં જગતમાં ત્રણ રાશિ છે–એવું ઠસી ગયું છે, તો તે મારે કાઢી નાખવું જોઈએ.'

રોહગુપ્તને ભલે એવી કોઈ વિચારણા આવી નહિ, પરન્તુ શ્રીગુપ્ત નામના આચાર્યભગવાનને તો એવી વિચારણા તરત જ આવી. રોહગુપ્તે ગુરૂમહારાજની પાસે આવીને રાજસભામાં બનેલી બધી હકીકત કહી, એટલે ગુરૂમહારાજે કહ્યું કે–'તેં પરિવ્રાજકનો પરાજય કર્યો તે સારૂં કર્યું, પણ તેં જે જગતમાં બે નહિ પણ ત્રણ રાશિ હોવાનું પ્રતિપાદન કર્યું, તે ખોટું કર્યું; તેં કરેલું ત્રણ રાશિનું સ્થાપન, એ ઉત્સૂત્ર છે; માટે, પુનઃ રાજસભામાં જા અને જગતમાં રાશિ તો બે જ છે, એવી યથાર્થ વાત કહી આવ.'

પણ, રોહગુપ્ત તો પોતાની વાતના મમતે ચઢી ગયો, એણે

ગુરૂની વાતને સાંભળી નહિ. જે ગુરૂએ સાત વિદ્યાઓ અને મંત્રેલો રજોહરણ આપ્યો ન હોત, તો કદાચ રોહગુપ્ત પોતે હતો–ન હતો થઈ જાત, તે ગુરૂના એટલા મોટા ઉપકારને પણ, મમતે ચઢેલો રોહગુપ્ત ભૂલી ગયો. ગુરૂએ રોહગુપ્તને રાજસભામાં જઈને સાચી વાત કહી આવવાનું વારંવાર કહ્યું, તો ય તેણે એ ગણકાર્યું નહિ અને ઉપરથી ગુરૂને કહ્યું કે– 'જગતમાં રાશિ ત્રણ જ છે.' પોતે બોલેલી વાતના આગ્રહમાં, એ એવો પડી ગયો કે–ભગવાન શ્રી જિનેશ્વરદેવના કથનને અને ગુરૂના ઉપકારને પણ એ ભૂલી ગયો.

આથી, લોકમાં ત્રણ રાશિની માન્યતા પ્રવર્તે નહિ–એ માટે, શ્રીગુપ્ત નામના આચાર્યભગવાન જાતે રોહગુપ્તને લઈને રાજસભામાં ગયા અને ત્યાં રોહગુપ્તની સાથે તે આચાર્યભગવાને વાદ કર્યો રોહગુપ્ત જ્યારે કોઈ ઉપાયે માન્યો નહિ, ત્યારે આચાર્યભગવાને તેને નિહ્નવ તરીકે જાહેર કર્યો.

કુવાદી સાથે વાદમાં ઉતરવાનો પ્રસંગ જ ન આવ્યો હોત, તો આવું બનત ? એ પછી પણ, રોહગુપ્તને એના મમત્વે કેવું ભયંકર નુકશાન કર્યું ? જમાલીને પોતાની માન્યતાનું મમત્વ થઈ ગયું, તો એણે પણ ભગવાનના વચનને ખોટું કહી દીધું ને ? વિદ્વાન સમ્યગ્દૃષ્ટિ આત્માઓ પણ, જ્યારે એવા મમત્વને વશ થઇ જાય છે, ત્યારે તેઓ આભિનિવેશિક મિથ્યાત્વના સ્વામી બની જાય છે.

પોતાના અર્થનું મમત્વ :

આભિનિવેશિક મિથ્યાત્વનો ઉદય થઈ જવા પામે છે, તો તે સમ્યગ્દૃષ્ટિ આત્માઓને જ થાય છે. આમ છતાંય,

સમ્યગ્દર્શન ગુણથી પતનને પામનારા બધા જ આત્માઓ, આભિનિવેશિક મિથ્યાત્વના જ સ્વામી બને છે–એવું નથી. જેને શ્રી જિનપ્રણીત શાસ્ત્રના વિષયમાં, વસ્તુતઃ થઈ શકે તેથી ઊલટા પ્રકારના અર્થની શ્રદ્ધા થઈ જાય અને તે પછી એ શ્રદ્ધામાં પાકો 'હું'કાર ભળી જાય અને એ 'હું'કાર પક્ક પાછો એવો કે–બીજાઓ વ્યાજબી પ્રકારે વ્યાજબી અર્થ કહે તો ય તે અર્થને માનવા તો ન દે, પણ એ સાચા અર્થને ખોટો કહેવાને પણ એને તત્પર બનાવી દે, ત્યારે સમ્યક્ત્વ જાય ને મિથ્યાત્વનો ઉદય થાય; અને એ મિથ્યાત્વને આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય. આ મિથ્યાત્વથી બચવું હોય, તો સમ્યગ્દૃષ્ટિ આત્માઓએ, સૌથી પહેલી કાળજી તો 'શાસ્ત્રનો અર્થ શાસ્ત્રને બાધિત કરનારો થવા પામે નહિ'–એની જ રાખવી જોઈએ. આ કાળજી રાખવા સાથે, અન્ય શસ્ત્રવેદિઓ શો અર્થ કેમ કરે છે, તે તરફ પણ દુર્લક્ષ્ય નહિ કરવું જોઈએ. 'શ્રી જિનપ્રણીત શાસ્ત્રનો જ્ઞાતા હું જ છું અને અન્ય કોઈ નથી'–એવી ખુમારીથી, સમ્યગ્દૃષ્ટિ આત્માઓએ સદાને માટે બચતા રહેવું જોઈએ. શાસ્ત્રનો જે અર્થ મેં કર્યો છે, તે જ સાચો છે; અને બીજાઓ એનો જે અર્થ કરે છે, તે ખોટો જ છે, એવું અહંકારથી કદી પણ વિચારવું જોઈએ નહિ, લખવું જોઈએ નહિ કે બોલવું જોઈએ નહિ. શ્રી જિનપ્રણીત શાસ્ત્રના બીજા જ્ઞાતાઓ, જે આપણે કરતા હોઈએ એથી જુદા જ પ્રકારનો અર્થ કરતા હોય, તો એ અર્થ વિષે, સ્વચ્છ હૃદયથી વિચાર કરનારા બનવું જોઈએ. આજુબાજુનો સંબંધ જોવો જોઈએ અને કયો અર્થ કરવાથી અન્ય શાસ્ત્રકથનોને બાધ પહોંચતો નથી–તે શોધવું જોઈએ.

કોઈ પણ એક શાસ્ત્રકથનનો અર્થ, એવા કોઈ પ્રકારે ન થાય કે–એ અર્થથી અન્ય શાસ્ત્રકથનોને બાધ પહોંચતો હોય, પણ એવો જ અર્થ થાય, કે જે અર્થ અન્ય શાસ્ત્રકથનોની સાથે સુસંગત થતો હોય. એ પછી, એમ કહી શકાય કે–'આ અર્થ આ રીતિએ અન્ય શાસ્ત્રકથનો સાથે અસંગત થાય છે, માટે આ અર્થ ખોટો છે; અને અમુક અર્થ આ રીતિએ અન્ય શાસ્ત્રકથનો સાથે સુસંગત થાય છે, માટે તે અર્થ સાચો છે.' વાત એ છે કે–એમાં જાતનું મહત્ત્વ અંશે પણ અડવું જોઈએ નહિ. શાસ્ત્રના અર્થને જાણવા અને પ્રચારવા આદિનો શ્રમ કરવો, એ તરવાનો ઉપાય છે; પણ, એમાં માણસ જો મમત્વને વશ થઈ જાય અને એથી અસંગત અર્થના આગ્રહમાં પડી જાય, તો એ જ શ્રમ એને ડૂબાવનારો પણ નિવડે છે. આથી, 'હું ખોટો ઠરું તેનો વાંધો નહિ, પણ શ્રી જિનપ્રણીત શાસ્ત્રનો તો જે અર્થ થતો હોય તે જ અર્થ થવો જોઈએ'–આવી મનોદશાને બરાબર જાળવી રાખવી જોઈએ.

અર્થભેદોના અંગે ઉભી થયેલી મુશ્કેલીઓને અંગેના કેટલાક પ્રશ્નોત્તરો :

આવી મનોદશા હોવા છતાં પણ, કોઈ વખતે, અનાભોગથી એમ પણ બને કે–શ્રી જિનપ્રણીત શાસ્ત્રને અંગે બાધિત અર્થની શ્રદ્ધા થઈ જાય; પણ જો આવી મનોદશા હોય, તો યોગ્ય સંયોગો મળી જતાં, એ બાધિત અર્થની શ્રદ્ધાને ખસી જતાં અને સાચા અર્થની શ્રદ્ધાને પેદા થઈ જતાં વાર લાગતી નથી. કોઈ વખતે શાસ્ત્રોનું વાંચન, મનન, પરિ-

શીલન આદિ કરતાં કરતાં, પોતાને જ ખ્યાલ આવી જાય કે– ‘ આ કથનનો આવો અર્થ થાય એમ હું ધારતો હતો, પણ અમુક અમુક કથનો જોતાં આ નહિ પણ અમુક અર્થ જ અંધબેસતો થાય છે. ’ અથવા તો, અન્ય કોઇ શાસ્ત્રવેદી મળી જાય ને એ સમજાવે, તો ઝટ સમજી જવાય.

સ૦ પણ એમાં અમારા જેવા શ્રાવકોનું શું થાય ? કોના અર્થને સાચો માનવો અને કોના અર્થને ખોટો માનવો ?

એ માટે, શ્રાવકોએ પણ પોતાથી શકય હોય તેટલો ઉદ્યમ કરવો જોઇએ. શ્રાવકોએ કેવળ આત્માના કલ્યાણની દૃષ્ટિએ વિચાર કરવો જોઇએ. શ્રાવકોએ કેવળ આત્માના કલ્યાણની દૃષ્ટિએ વિચાર કરવો જોઇએ કે–‘ આવા પ્રસંગમાં આપણાથી કોના ઉપર ભરોસો મૂકી શકાય તેમ છે ? ’ ‘ **पुरुषविश्वासे वचनविश्वासः** ’–એ તો તમે જાણો છો ને ? તમારે શોધવું જોઇએ કે–માર્ગના જાણુ અને જે પૂછીએ તેમાં જેવું લાગતું હોય તેવું જ કહે, પણ મમત્વ આદિને ખાતરે ય ઊલટું તો કહે જ નહિ, એવા કોણ છે ? જે કોઇ ગુરૂ એવા લાગે, તેમના વિશ્વાસે ચાલે અને તેમાં પણ જો શંકા પડી જાય તો ફરી શોધ કરે. જે ગુરૂ ઉપર વિશ્વાસ રાખીને ચાલે, તે ગુરૂ ઉપર કેવળ ધર્મબુદ્ધિએ જ વિશ્વાસ રાખે અને જે જે સદ્ગુરૂ મળે, તેમાંના જો બીજી કોઈ વાત કહેતા હોય, તો એ વિષે પોતે જેમના ઉપર વિશ્વાસ મૂકયો હોય, તેમને પૂછીને ખાત્રી કરતો રહે. એમાં લોચા વાળે છે–એમ જો લાગે, તો જેના ઉપર વિશ્વાસ મૂકયો હોય, તેમના વિશ્વાસે નહિ રહેતાં, બીજા કોઈ જે વિશ્વાસપાત્ર લાગ્યા હોય, તેમના વિશ્વાસે રહે. આવી રીતિએ તમે વર્તો અને તેમાં કદાચ ગુરૂની ભૂલથી

તમને શાસ્ત્રબાધિત અર્થની શ્રદ્ધા પણ થઈ જાય, તો ય માત્રથી એટલા તમારૂં સમ્યક્ત્વ જાય નહિ.

સ૦ એ બરાબર છે, પણ આખો સમાજ તો એક નિર્ણયથી વર્તી શકે નહિ ને?

આખો સમાજ એક નિર્ણયથી વર્તી શકે–એવો જો કોઈ ઉપાય હોય, તો તેમ કરવું એ તો સૌથી સારૂં છે; પણ એવું બની શકે નહિ, તો કલ્યાણના અર્થિઓએ કેમ વર્તવું જોઈએ, એ માટે આ વાત છે.

સ૦ એ કેમ બની શકે નહિ?

કોઈ પણ વાત જ્યારે આગ્રહમાં પડી જાય છે, ત્યારે બહુ મોટી મુશ્કેલી ઉભી થઈ જાય છે. આગ્રહી બની ગયેલું માનસ, સ્પષ્ટ એવા પણ શાસ્ત્રસમ્મત નિર્ણયને સ્વીકારવામાં બાધા ઉપજાવે છે. બાકી, અત્યારની પરિસ્થિતિ બહુ વિલક્ષણ છે.

સ૦ આમાં અમારે બહુ મુશ્કેલી થાય છે.

આગેવાન શ્રાવકો જો ધારે અને વ્યાજબી મહેનત કરે, તો ઘણે અંશે સારૂં પરિણામ લાવી શકે. શ્રી જિનપ્રણીત શાસ્ત્રોના કથનમાં જેઓને બરાબર શ્રદ્ધા હોય, એવા માત્ર દશ જ આગેવાનો જો નિર્ણય કરે કે–અમારે અમુક બાબતનો શાસ્ત્રીય નિર્ણય મેળવવો જ છે, તો તેઓ એ નિર્ણય જરૂર મેળવી શકે. પૂછવા જેવાં જેટલાં સ્થાનો લાગતાં હોય, તે દરેક સ્થાને એ ગૃહસ્થોએ દશ દશ વાર જવાનો નિર્ણય કરવો જોઈએ. પહેલાં તો, તે તે સ્થાનોએ પૂછી લઈને, દરેક જે જે અર્થ કરતા હોય, તેની તેમની રૂબરૂમાં જ નોંધ કરી લઈને, તે નોંધ તેમને વંચાવી દેવી જોઈએ. એ ક્રમ પત્યા બાદ, એમાં જ્યાં જ્યાં અર્થભેદ થતો હોય, ત્યાં ત્યાં ખુલા-

સાચો માગવા જોઈએ અને જે ખૂલાસાઓ મળે તે ખૂલાસાઓની પણ નોંધ એવી જ રીતિએ કરી લેવી જોઈએ. કોઈના અર્થને કે કોઈના ય ખૂલાસાને, તે તે સ્થાનો પૈકીના એકથી પણ છૂપાવવો જ નહિ, કે જેથી સૌને વિચાર કરવાની તક મળે. આમ જો આગેવાન દશ શ્રાવકો જરૂરી સ્થાનોએ દશ દશ વાર જાય–આવે, તો સાચો અર્થ કયો છે અને કોણ સાચો અર્થ કરે છે, તે તેમને સમજાઈ ગયા વિના રહે નહિ; અને એ પછી, સમાજ એક નિર્ણયથી કેમ વર્તી શકે, એને અંગે શા ઉપાયો યોજવા, તે કહેવાની જરૂર ઉભી રહે છે ખરી?

સ૦ પણ કોઈ જવાબ જ દે નહિ તો?

એવા દશ ગૃહસ્થો હોવા જોઈએ, કે જેમને જવાબ દેવાની ના પાડવી, એ સારૂં નથી–એમ લાગે; અને તેમ છતાં ય જવાબ દેવાની ના જ પાડે, તો એ ગૃહસ્થો 'આ બધું શું છે'–તેની કલ્પના કરી શકે નહિ?

સ૦ ગૃહસ્થો એવા હોવા જોઇએ ને?

તો પછી શું થાય? આ શાસન, માત્ર સાધુઓનું છે? અને ગૃહસ્થોનું નથી? ગૃહસ્થો સાધુઓને માને છે, તે શા માટે માને છે? આત્મકલ્યાણને માટે જ માને છે ને? આત્મકલ્યાણ સિવાયનો જો કોઈ આશય હોય, તો સાધુઓને માનવા છતાં પણ તરાય નહિ.

સ૦ સાધુઓ સમજી લે તો સારૂં.

એ શક્ય હશે ત્યારે સાધુઓ એમ કર્યા વિના નહિ જ રહે, પણ એ હાલ કેમ શક્ય નથી–એ વાત ચર્ચવા જેવી નથી. હું તો કહું છું કે–કોઈ પણ યોગ્ય સ્થાનેથી જો એમ

સૂચવવામાં આવે કે–તમે અમુક અર્થમાં અમુક રીતિએ ભૂલ કરો છો અને એ ભૂલ આટલાં આટલાં શાસ્ત્રપ્રમાણોથી સાબીત થાય છે, તો એ બધાં શાસ્ત્રપ્રમાણોને વિચાર્યા વિના હું રહું નહિ અને એમાં જે હું ધારું છું તે અર્થ ભૂલવાળો જણાય, તો એ ભૂલને સુધારી લેતાં મને તો ઘણો જ આનંદ થાય. કદાચ એમણે સૂચવેલ શાસ્ત્રપ્રમાણોને વિચારતાં મને ભૂલ જણાય નહિ, તો હું તેમને તે વિષે પૂછાવવા જેવું લાગે તે જરૂર પૂછાવું અને તેના ખૂલાસા આવ્યા પછી તે જો રૂબરૂ મળવાનું કહે, તો તેમને રૂબરૂ મળવાને માટે પણ જતાં હું અચકાઉં નહિ.

સ૦ વચલો રસ્તો ન નીકળી શકે?

વચલો રસ્તો, એટલે બધા પોતપોતાની બુદ્ધિમાં આવેલા અર્થને પોતાના જ વર્તનથી ખોટો સાબીત કરી આપે? આ તો બહુ ભયંકર જ કહેવાય. શાસ્ત્રથી અબાધિત અર્થનો નિર્ણય કરવાને માટે જરૂરી જહેમત કરવાને બદલે, શાસ્ત્રની વાતને ખોટી ઠરાવે–એવો વચલો રસ્તો કાઢવાનું મન થાય, તો એમાં શાસ્ત્ર પ્રત્યે કેવી બુદ્ધિ છે, એ પણ એક વિચારવા જેવી વાત છે.

સાંશયિક મિથ્યાત્વ કોને કહેવાય અને તેનાથી બચવાનો ઉપાય કયો?

ચોથું મિથ્યાત્વ સાંશયિક નામનું છે. શ્રી જિનાગમોએ વર્ણવેલા તત્ત્વોના સ્વરૂપ સંબંધી સંશય અને તે સંશય પણ એવા પ્રકારનો, કે જે સંશયના યોગે ભગવાન શ્રી જિનેશ્વરદેવોના વચનની પ્રમાણિકતા સંબંધી સંશય પેદા થઇ

જાય, એને સાંશયિક મિથ્યાત્વ કહેવાય છે. જેમ કે–' સઘળાં ય દર્શનો પ્રમાણ રૂપ છે કે અમુક અમુક દર્શનો પ્રમાણ રૂપ છે ? '–એ પ્રકારનો સંશય; અથવા તો, ' ભગવાનનું આ વચન પ્રમાણ રૂપ છે કે નહિ ? '–એ પ્રકારનો સંશય, એ સાંશયિક મિથ્યાત્વ છે. આમ તો, સમ્યગ્દૃષ્ટિ આત્માઓને પણ, કોઈ કોઈ વાર, ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા સૂક્ષ્મ અર્થોના વિષયમાં સંશય પેદા થઈ જાય, તો તે અશક્ય નથી; અને એટલા માત્રથી જ સમ્યક્ત્વ ચાલ્યું જાય છે–એમ પણ નથી. જ્ઞાનાવરણીય કર્મનો તેવા પ્રકારનો ક્ષયોપશમ ન હોય, એટલે સૂક્ષ્માર્થ સમજાય નહિ અગર તો કેટલીક વાતો એવી જ છે, કે જે ભગવાન શ્રી જિનેશ્વરદેવો પ્રત્યેની શ્રદ્ધા દ્વારાએ જ માનવી પડે, એટલે કોઈ વાર સમ્યગ્દૃષ્ટિ જીવને પણ સંશય પેદા થઈ જાય, તો એમાં નવાઈ પામવા જેવું નથી; પરન્તુ એટલો સંશયેય સમ્યગ્દૃષ્ટિ આત્માઓમાં પેદા થવા પામે, તો એનું કારણ શું હોઈ શકે ? એનું કારણ એ છે કે–જ્યાં સુધી જીવ મિથ્યાત્વમોહનીયની સાતેય પ્રકૃતિઓને સર્વથા ક્ષીણ કરી નાખતો નથી, ત્યાં સુધી જીવને ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટતું નથી; જે જીવોમાં સમ્યક્ત્વ પ્રગટયું હોય છે, પણ તે જો ક્ષાયિક પ્રકારનું હોતું નથી, તો તે જીવોને મિથ્યાત્વમોહનીયનો પ્રદેશોદય ચાલુ હોય છે; જે સમ્યગ્દૃષ્ટિ આત્માઓને મિથ્યાત્વમોહનીયનો પ્રદેશોદય ચાલુ હોય છે, તે સમ્યગ્દૃષ્ટિ આત્માઓ, સર્વવિરતિ ગુણસ્થાનકને પામેલા સાધુઓ હોય તો પણ, તેમને કોઈ વાર સૂક્ષ્માર્થના વિષયમાં સંશય પેદા થઈ જવો, એ શક્ય છે; પરન્તુ, એ આત્માઓ પોતાના તે સંશયને, ભગવાન શ્રી જિનેશ્વરદેવોના વચનના

પ્રમાણિકપણાના જ્ઞાન અને શ્રદ્ધાન વડે, સહજમાં ટાળી શકે છે. સૂક્ષ્માર્થ આદિના સંબંધમાં તેઓના અંતરમાં જ્યારે જ્યારે સંશય પેદા થવા પામે, ત્યારે ત્યારે તેઓ—

" **तमेव सच्चं किस्सकं जं जिणेहिं पवेइयं** "

–ઇત્યાદિ આગમવચનોને યાદ કરીને, પોતાના તે સંશયને સહેલાઈથી નિવારી શકે છે.

'તે જ સાચું અને શંકા વિનાનું છે, કે જે ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલું છે'

–આ અને આવા ભાવનાં બીજાં પણ વાકયોને યાદ કરીને, ભગવાન શ્રી જિનેશ્વરદેવોના વચનના પ્રામાણ્યને હૈયામાં આગળ કરાય, તો સૂક્ષ્માર્થ આદિના સંબંધમાં પ્રાયઃ સંશય ઉત્પન્ન થવા પામે નહિ; અને કદાચ ઉત્પન્ન થવા પામે, તો ય ઉત્પન્ન થવા પામેલો તે સંશય ટકી શકે શી રીતિએ ? કોઈ પણ બાબત હોય, તે સમજાય નહિ અને સંશય પેદા થઈ જાય, તો એના નિવારણનો સૌથી સારામાં સારો ઉપાય એ જ છે કે–' ભગવાનના વચનની પ્રમાણિકતાને યાદ કરવી.' ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જે કાંઈ કહ્યું છે, તે સાચું જ છે–એમ મનમાં આવ્યું, એટલે એ તારકનું કોઈ વચન ન સમજાતું હોય ને સંશય પેદા થયો હોય, તો ય એમ થાય કે–' મારૂં જ્ઞાન કેટલું ? મારી બુદ્ધિ કેટલી ? હું તો છદ્મસ્થ છું; મને ન પણ સમજાય; પણ આ વચન ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ કહેલું છે, માટે આ વચન તો યથાર્થ જ છે.' જે કોઈ આત્માઓએ સંશય આદિથી બચવું હોય અને માર્ગમાં સુસ્થિર રહેવું હોય, તેઓએ ભગવાન શ્રી જિનેશ્વરદેવોના વચનની પ્રમાણિકતાને અંગેની વાતનું તો એવું રટણ

કરી લેવું જોઈએ કે–કોઈ પણ સંયોગમાં, એ વાત યાદ આવ્યા વિના રહે નહિ; અને ગમે તેવા આવેશમાં પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવોના વચનની પ્રમાણિકતાના વિષયમાં સંશય પેદા થવા પામે નહિ. ભગવાન શ્રી જિનેશ્વરદેવોના વચનની પ્રમાણિકતાના વિષયમાં સંશય પેદા થવા પામ્યો, એટલે સાંશયિક મિથ્યાત્વ આવ્યું જ સમજો. જ્યાં સુધી શ્રી જિનવચનની પ્રમાણિકતાને અંગે સંશય પેદા થયો નથી, ત્યાં સુધી શાસ્ત્રના વર્ણવેલા અર્થને અંગે સંશય ઉત્પન્ન થવા પામ્યો હોય, તો ય સાંશયિક મિથ્યાત્વ આવ્યું, એમ કહેવાય નહિ. શ્રી જિનવચનની પ્રમાણિકતાની બાબતમાં સંશય પેદા થવો, એ જ સાંશયિક મિથ્યાત્વ છે. પોતાની અક્કલ –હુંશીયારી અને સમજશક્તિની બૂમારીમાં ચઢી ગયેલો સમ્યગ્દૃષ્ટિ, આ મિથ્યાત્વનો સ્વામી બની જાય, એ સુશક્ય છે. એક વાત સમજાય નહિ, એટલે શંકા પેદા થાય અને પછી એવો વિચાર કરે કે–'ભગવાને આમ કહ્યું છે, પણ આ આમ ઘટે જ કેમ ?'–તો મિથ્યાત્વને લેવા જવું પડે કે આવી જ જાય ? અથવા, એમ થાય કે–'ભગવાન ખોટું કહે નહિ, પણ આ વાત સાચી હોય તો મારા જેવાને સમજાય નહિ, એ અને કેમ ?'–આવો વિચાર સંશયને સ્થિર બનાવે અને એ વિચારમાં જો સારો પલટો આવે નહિ, તો કદાચ એ વિચાર મિથ્યાત્વને પણ ઉદયમાં લાઈ આવે. સ્વ–રસ–વાહિતા, એ એટલી બધી ભયંકર વસ્તુ છે કે–મહા જ્ઞાની અને બુદ્ધિશાલી એવા પણ સમ્યગ્દૃષ્ટિ આત્માઓને, જો તેઓ સાવધ રહે નહિ અને સ્વ–રસ–વાહિતાને આધીન થઈ જાય, તો તેમને તે સાંશયિક મિથ્યાત્વના અથવા તો આભિનિવેશિક મિથ્યાત્વના

પણ સ્વામી બનાવી દે.

સ૦ આભિનિવેશિક મિથ્યાત્વની માન્યતામાં અને સાંશયિક મિથ્યાત્વની માન્યતામાં ભેદ શો ?

સાંશયિક મિથ્યાત્વમાં તો, ભગવાન શ્રી જિનેશ્વરદેવોના વચનની પ્રમાણિકતાના સંબંધમાં જ સંશય પેદા થયો છે, જ્યારે આભિનિવેશિક મિથ્યાત્વમાં તો, સંશય નથી પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવોના વચનના ખોટાપણાને લગતો નિર્ણય છે. સ્વ-રસ-વાહિતાને અંગે એવો નિર્ણય કે-'આ અર્થ જ સાચો, પછી ભલે તે શાસ્ત્રથી ગમે તેટલો બાધિત થતો હોય.'

સ૦ સ્વ-રસ-વાહિતા શું ?

સ્વ એટલે પોતાનો, તેનો જે રસ, તેનું વહન ! હૈયામાં 'હું'પણાની જ આગેવાની ! એ ન જોઈએ. આગેવાની કોની જોઈએ ? ભગવાન શ્રી જિનેશ્વરદેવોની ! ' એ તારકોએ જે કાંઈ પ્રરૂપ્યું છે તે તેમ જ છે; એ મને ન સમજાય, તો ખામી મારી; એનાથી ઊલટો ખ્યાલ આવે ને મારામાં સંશય પેદા થાય, તો એ ખામી મારી; પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જે પ્રરૂપ્યું છે તે સાચું જ છે, એમાં શંકા નહિ '-આ વિચારણાને, હૈયામાં ખૂબ ખૂબ રૂઢ બનાવી દેવી જોઈએ જ્યાં સુધી જીવને પોતાની અલ્પતાનું અને ભગવાન શ્રી જિનેશ્વરદેવોની અનંતગુણી મહત્તાનું ભાન જીવતું રહે છે, ત્યાં સુધી તો જીવ, મિથ્યાત્વથી સહેલાઈથી બચી જાય છે; પણ જ્યારે જીવ પોતાની અલ્પતાને વિસરી જાય અને પોતાની જ મહત્તાની કલ્પના કરવા માંડે, ત્યારે માન કષાય, એ કામ કરે છે કે-એવા જીવને ધકેલતાં ધકેલતાં છેક ત્યાં સુધી પણ ધકેલી જાય કે-હું સાચો અને ભગવાન શ્રી જિનેશ્વરદેવો

ખોટા. કલ્યાણના અર્થી જીવોએ તો, એવો જ વિચાર કરવો જોઈએ કે–ભગવાન શ્રી જિનેશ્વરદેવો એવા હતા, કે જેઓ કદી પણ કાંઈ એય ખોટું કહે જ નહિ. જેઓને રાગ નહિ, દ્વેષ નહિ, મોહ નહિ; જે વીતરાગ અને સર્વજ્ઞ; એ તારકોનું વચન કદી પણ મિથ્યા હોઈ શકે નહિ ! પણ, માનમાં અતિશય જકડાઇ ગયેલાઓ, આ વાતને વિસરી જાય છે. ' ક્યાં હું અલ્પજ્ઞાની અને ક્યાં એ અનન્તજ્ઞાની ? '–એ વાતને ભૂલી જઈને, અનન્તજ્ઞાનિના વચનની પ્રમાણિકતાને વિષે સંશયને જ સેવ્યા કરે; અથવા તો, ' એ તારકનું વચન ખોટું છે '–એવું માનવાની મૂર્ખાઈ કરે, તો એ માન કષાયનો જેવો–તેવો પ્રભાવ છે ? મહા સમર્થો પણ, આ માન કષાયને અતિ આધીન બની જતાં, પટકાઈ જાય છે; અને એવા પાપને ઉપાર્જનારા પણ બની જાય એ સંભવિત છે, કે જે પાપના યોગે તેઓ ઘણા લાંબા કાળને માટે પણ સંસારમાં ભટકનારા બની જાય.

અનાભોગ મિથ્યાત્વ :

પાંચમું મિથ્યાત્વ, અનાભોગ નામનું છે. આ વિષયમાં આપણે કહી આવ્યા છીએ કે–સાક્ષાત્ પણ તત્ત્વની અપ્રતિપત્તિ અને પરંપરાએ પણ તત્ત્વની અપ્રતિપત્તિ, એને અનાભોગ મિથ્યાત્વ કહેવાય છે. એકેન્દ્રિય આદિ જીવોને જે મિથ્યાત્વ હોય છે, તેને અનાભોગ મિથ્યાત્વ કહેવાય છે. પંચેન્દ્રિય જીવોમાં પણ જેઓ મુગ્ધ હોય, એટલે કે–'તત્ત્વ શું અને અતત્ત્વ શું'–એવા પ્રકારના અધ્યવસાયોથી રહિત હોય, તેવા જીવોને જે મિથ્યાત્વ હોય છે, તો તેને અનાભોગ મિથ્યાત્વ કહેવાય છે.

અનન્તાનુબંધી કષાયો :

જ્યાં મિથ્યાત્વ હોય, ત્યાં અનન્તાનુબન્ધી કષાયો પણ હોય જ. ક્રોધ, માન, માયા અને લોભ–એ ચાર કષાયો છે. એ ચાર કષાયો ચાર પ્રકારે છે. અનન્તાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન, એમ ચાર પ્રકારના ક્રોધ, માન, માયા અને લોભ હોય છે. મૂળ ચાર; એ ચારના ચાર ચાર પ્રકારો, એટલે સોલ; અને એ સોલના પણ પાછા ચાર ચાર પ્રકારો ગણાય છે; પણ એ બધી વિગતોમાં આપણે અહીં નહિ ઉતરીએ. ઉપકારિઓ કહે છે કે–અનન્તાનુબંધી કષાયનો ઉદય, એ પણ નરકના આયુષ્યના આશ્રવો પૈકીનો એક આશ્રવ છે. અનન્ત સંસારનો અનુબંધ કરાવવાનું સામર્થ્ય જે કષાયોમાં છે, તેને અનન્તાનુબંધીના કષાયો કહેવાય છે. જેના જેનામાં અનન્તાનુબંધીના કષાયો હોય, તે બધા જ અનન્ત સંસારના અનુબંધવાળા કર્મથી બંધાય, એવો એકાન્ત નિયમ છે જ નહિ; પણ જે જીવોને અનન્તાનુબંધી કષાયોનો ઉદય ન વર્તતો હોય, તે જીવો અનન્ત સંસારના અનુબંધવાળા કર્મને ઉપાર્જનાર બને જ નહિ; એટલે કે–અનંત સંસારના અનુબંધવાળું કર્મ જો બંધાય, તો તે તેને જ બંધાય, કે જેને અનન્તાનુબંધી કષાયો ઉદયમાં વર્તતા હોય.

કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યા :

જીવને જો આયુષ્યનો બંધ પડે છે, તો તે આખા ભવમાં એક જ વાર આયુષ્યનો બંધ પડે છે. જે સમયે જીવને આયુષ્યનો બંધ પડે, તે સમયે જો કૃષ્ણ, નીલ અગર તો કાપોત લેશ્યા વર્તતી હોય, તો જ નરકના આયુષ્યનો

બંધ પડી શકે છે, એટલે નરકના આશ્રવો તરીકે કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યા પણ ગણાય છે.

છ લેશ્યાઓ :

સ૦ લેશ્યા કોને કહેવાય ?

લેશ્યા, એ આત્માના પરિણામને વિષે અસર ઉપજાવનારી વસ્તુ છે. સ્ફટિક કેવો હોય છે ? સફેદ દૂધ જેવો. સ્ફટિકના મણકામાં કાળો દોરો નાખ્યો હોય, તો તે મણકો અંદર કાળા રંગવાળો છે–એવું લાગે છે ને ? વસ્તુતઃ સ્ફટિકના મણકામાં કાળાશ નથી, પણ જેવા રંગના દોરામાં તે મણકો પરોવાય, તેવો તેનો રંગ દેખાય. એવી જ રીતિએ, આત્માનો પરિણામ તો સ્ફટિક જેવો છે, પણ કૃષ્ણાદિક દ્રવ્યોના સંયોગથી, આત્માનો પરિણામ પણ તેવા રૂપને પામે છે. વિવેકી અને સમજશક્તિવાળો માણસ, પોતાના પરિણામ કેવા છે–તેની કલ્પના કરવા દ્વારા, પોતે તે સમયે કેવી લેશ્યાવાળો છે, તેની કલ્પના કરી શકે છે. કયી લેશ્યાની હાજરીમાં જીવોમાં કેવા પ્રકારનો પરિણામ હોય છે–તેને સમજાવવાને માટે, જ્ઞાનિઓએ જમ્બૂવૃક્ષાદિકનાં ઉદાહરણો વર્ણવેલ છે, જે તમે સાંભળશો, એટલે લેશ્યાઓ સંબંધી કયી કયી લેશ્યાની હાજરીમાં જીવ કેવા કેવા અભિપ્રાયવાળો બને છે, તે તમને સમજાશે. લેશ્યાઓ છ પ્રકારની હોય છે. કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુકલ લેશ્યા. આ છ લેશ્યાઓના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શાદિક વિષે પણ ઉપકારિઓએ વિસ્તારથી વર્ણન કરેલું છે. આપણે તો, અહીં માત્ર એ જોવું છે કે–કયી લેશ્યા વર્તતી હોય, ત્યારે આત્મા કેવા અભિપ્રાયવાળો

બને છે; અને, એ વાતનો જો તમને બરાબર ખ્યાલ આવી જાય, તો તમે તમારા અભિપ્રાય ઉપરથી, તમે કયી લેશ્યામાં વર્તો છો, તે સમજી શકો. ઉપકારિઓ કહે છે કે–ત્રણ લેશ્યાઓ એટલે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા–એ ત્રણ લેશ્યાઓ અતિ દુર્ગંધવાળી, ખરાબ અને મલિન હોય છે; પહેલી ત્રણ લેશ્યાઓનો સ્પર્શ પણ ઠંડો તથા લુખ્ખો હોય છે; અને સંક્લેશવાળી બની થકી એ ત્રણ લેશ્યાઓ, દુર્ગતિને આપનારી નીવડે છે. બાકીની ત્રણ લેશ્યાઓ, એટલે તેજોલેશ્યા, પદ્મ લેશ્યા અને શુકલ લેશ્યા–એ ત્રણ લેશ્યાઓ અતિ સુગંધવાળી, ઉષ્ણ અને અત્યંત નિર્મળ હોય છે. એ ત્રણ લેશ્યાઓનો સ્પર્શ પણ, સ્નિગ્ધ તથા ઉષ્ણ હોય છે અને અસંકિલષ્ટ થઈ થકી એ ત્રણ લેશ્યાઓ, સુગતિને આપનારી નીવડે છે. આ છ લેશ્યાઓના પરિણામોમાં પણ, ઘણી તરતમતા હોય છે. કૃષ્ણ, નીલ આદિ લેશ્યાઓના પરિણામોમાં વર્તતા બધા જીવોના પરિણામો, એક સરખા જ હોતા નથી; અને એથી પણ, તેના જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ અને તેમાં ય પાછા અનેક ભેદો હોય છે.

લેશ્યાભેદને અંગે અભિપ્રાયભેદ :

હવે આપણે આ છ લેશ્યાઓને અંગે પ્રાણિઓમાં કેવા કેવા પ્રકારના અભિપ્રાયો થાય છે, તે સંબંધી શાસ્ત્રોમાં આવતાં બે દૃષ્ટાન્તોને જોઈએ. આ બે દૃષ્ટાન્તોમાં છ માણસોને કલ્પવામાં આવ્યા છે. એ છએ માણસો જુદી જુદી લેશ્યાવાળા છે. પહેલો માણસ કૃષ્ણ લેશ્યાવાળો છે, બીજો માણસ નીલ લેશ્યાવાળો છે, ત્રીજો માણસ કાપોત લેશ્યાવાળો

છે, ચોથો માણસ તેજોલેશ્યાવાળો છે, પાંચમો માણસ પદ્મ લેશ્યાવાળો છે અને છઠ્ઠો માણસ શુકલ લેશ્યાવાળો છે. એકની એક વસ્તુને અંગે પણ, આ છ માણસોના અભિપ્રાયોમાં, કેટલો અને કેવો ભેદ પડે છે, તે જોવાનું છે; અને એ અભિપ્રાયભેદ, લેશ્યાભેદને અંગે છે–એમ સમજવાનું છે.

જાંબુ ખાવાના હેતુથી છ લેશ્યાવાળા જુદા જુદા માણસોએ વ્યક્ત કરેલા જુદા જુદા અભિપ્રાયો :

ભિન્ન ભિન્ન લેશ્યાવાળા છ માણસો, કોઈ એક ઠેકાણે પહોંચવાને માટે, સાથે જ નીકળ્યા. રસ્તે ચાલતાં ચાલતાં તેઓ ભૂલા પડી ગયા અને ઉંધે રસ્તે ચઢી ગયા. રસ્તો ભૂલ્યા અને અવળે રસ્તે ચઢી ગયા, એટલે તેઓ ચાલતાં ચાલતાં કોઈ મોટી અટવીમાં પહોંચી ગયા.

મોટી અટવીમાં માર્ગ બતાવનાર માણસ પણ મળે કયાંથી અને પેટ ભરવાને ખાવાનું પણ મળે કયાંથી? તેઓ ભૂખથી એવા પીડાવા લાગ્યા કે–અટવીમાં તેઓ માર્ગને શોધવાને બદલે, ખાવાનું શોધવા લાગ્યા. ખાવાનું શોધવાને માટે રખડતા તેઓએ, એ અટવીમાં આવેલા એક જાંબુ ફલના વૃક્ષને જોયું.

જાંબુના વૃક્ષને જોતાં પણ તેમને આનંદ જ થયો, કારણ કે–ભુખ પીડી રહી હતી, તેમાં આટલું ય ખાવાનું સાધન તો મળ્યું ને? માણસ જ્યારે ભૂખથી પીડાતો હોય છે, ત્યારે તેને જેવું-તેવું પણ ખાવાનું મળે, તો ય તે તેનાથી ચલાવી લે છે ને?

જાંબુનું વૃક્ષ નજરે પડતાંની સાથે જ, એક માણસ બોલી ઉઠ્યો કે–'આ ઝાડને જો આપણે મૂળમાંથી જ ઉખેડી નાખીને

પાડી દઈએ, તો પછી આપણે કશી પણ મહેનત વિના સુખેથી આ જાંબુફલોનો આસ્વાદ કરી શકીએ.' આ માણસ કૃષ્ણ લેશ્યાવાળો હતો, તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

એ વખતે, બીજો માણસ બોલી ઉઠ્યો કે–' એમ નહિ; આવડા મોટા વૃક્ષને નાહક આપણે શું કામ ઉખેડી નાખવું જોઈએ ? ફળો તો આ વૃક્ષની મોટી મોટી ડાળીઓમાં છે, માટે આપણે આ વૃક્ષને નહિ પાડતાં, આ વૃક્ષની મોટી મોટી ડાળીઓને જ કાપી પાડીએ. ' આ માણસ નીલ લેશ્યાવાળો હતો, તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

તે વખતે, ત્રીજો માણસ કહે છે કે–'આપણે આ વૃક્ષની મોટી મોટી ડાળીઓને તોડી પાડવાનું પણ શું પ્રયોજન છે? આવી મોટી ડાળીઓ ફરી પાછી આ વૃક્ષને કયારે થશે ? માટે એમ કરો કે–આપણે આ વૃક્ષની નાની નાની ડાળીઓને જ તોડી પાડીએ, કારણ કે–ફળ તો બધાં નાની ડાળીઓમાં જ છે.' આ માણસ કાપોત લેશ્યાવાળો હતો, તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

નાની નાની ડાળીઓને તોડી પાડવાની વાતને સાંભળીને, ચોથો કહે છે કે-' આપણે નાની પણ ડાળીઓને તોડી પાડવાનું કામ શું છે ? એક પણ ડાળીને કાપી નાખ્યા વગર આપણે ફળનાં ઝુમખાંઓને જ તોડી પાડીએ. બીચારી ડાળીઓ તો ભલે રહી, પણ જે જે ગુચ્છાઓમાં ફલો છે, તે તે ગુચ્છાઓને જ આપણે તોડી પાડીએ. ' આ માણસ તેજોલેશ્યાવાળો હતો, તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

પાંચમો માણસ તો કહે છે કે–' એમ પણ નહિ; કામથી કામ રાખો. આપણે નિસ્બત માત્ર ફળોની સાથે છે;

એટલે ડાળા, ડાળી કે ઝુમખાંને છેદ્યા વિના આપણે આ ઝાડ પરનાં ફલોને જ જમીન ઉપર પાડી નાખીએ.' આ માણસ પદ્મ લેશ્યાવાળો હતો, માટે તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

એ છ માણસોમાં, છટ્ઠો માણસ શુકલ લેશ્યાવાળો હતો. છટ્ઠો માણસ શુકલ લેશ્યાવાળો હોવાના કારણે, તેણે પોતાના અભિપ્રાયને વ્યક્ત કરતાં જણાવ્યું કે–'આપણે કામ તો ફળ ખાવાનું છે ને? તો, આ ઝાડ નીચે ઘણાં ફળો પડેલાં છે. આપણે સૌ નીચે પડેલાં ફળોને જ ખાઈ લઈએ, એટલે ફળોને પાડવાનું પાપ પણ લાગે નહિ અને આપણી ભૂખ પણ શમે.'

એવું જ બીજું છ ચોરોનું ઉદાહરણ :

આવું જ એક દૃષ્ટાન્ત, છ ચોરોનું આપવામાં આવે છે. કેટલાક ચોરો કોઈ એક ગામને ભાંગવાના ઉદ્દેશથી નીકળ્યા. એ ચોરોને એ દિવસે જે ગામને ભાંગવાનો વિચાર હતો, તે ગામમાં જઈને શું કરવું?–એ વિષે એ ચોરોએ રસ્તામાં વાતચીત કરવા માંડી.

એક ચોરે કહ્યું કે–'આજે તો આપણે જે કોઈ માણસ કે પશુ નજરે ચઢે, તે સર્વને હણી જ નાખવાં.' એ ચોર કૃષ્ણ લેશ્યાવાળો હતો, તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

એ વખતે બીજા ચોરે કહ્યું કે–'પશુઓએ આપણો શો અપરાધ કર્યો છે, કે જેથી આપણે પશુઓને હણી નાખીએ? આપણે વિરોધ તો માણસોની સાથે છે, માટે આપણે પશુઓને હણવાં નહિ, પણ માત્ર માણસોને જ હણવાં.' એ ચોર નીલ લેશ્યાવાળો હતો, તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

ત્રીજો ચોર કહે છે કે–' એ વાત પણ બરોબર નથી. સ્ત્રીહત્યા કરવી, એ તો અતિ નિન્દિત કાર્ય છે, માટે આપણે કોઈ પણ સ્ત્રીની હત્યા તો કરવી જ નહિ. આપણે હત્યા કરવી માત્ર પુરૂષોની જ, કારણ કે–તેઓ ક્રૂર ચિત્તવાળા હોય છે.' એ ચોર કાપોત લેશ્યાવાળો હતો, તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

ચોથો ચોર કહે છે કે–' એમ શા માટે બધા જ પુરૂષોને આપણે હણવા જોઈએ ? જે બીચારા હથીયાર વિનાના પુરૂષો છે, તેમને તો આપણે હણવા જ નહિ. આપણે તો હણવા તે જ પુરૂષોને, કે જે પુરૂષો હથીયારવાળા હોય.' એ ચોર તેજોલેશ્યાવાળો હતો, તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

પાંચમો ચોર કહે છે કે–' જેટલા હથીયારવાળા પુરૂષો હોય, તે બધાને હણવા, એમાં ડહાપણ જેવું શું છે ? હથીયારવાળા હોય પણ આપણને જોઈને ભાગી જતા હોય, તો એવાઓને મારી નાખવાથી ફાયદો પણ કયો થઈ જવાનો હતો ? માટે, આપણે એમ રાખો કે–જે કોઈ પણ માણસ હથીયાર લઈને આપણી સામે યુદ્ધ કરવાને માટે, આવે, તે બધાને આપણે મારી નાખવા.' આ ચોર પદ્મ લેશ્યાવાળો હતો, તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

આ પાંચેયના અભિપ્રાયોને જાણીને, એ ચોરોમાં જે શુકલ લેશ્યાવાળો ચોર હતો, તેણે પોતાના અભિપ્રાયને વ્યક્ત કરતાં જણાવ્યું કે–' મને તો લાગે છે કે કોઈને પણ હણવાનો વિચાર કરવો, એ જ ઠીક નથી. આપણે ચોર છીએ એટલે આપણને નિસ્બત ધન સાથે છે, તો પછી એમાં

બીજાને હણવાની વાત કરવાની જરૂર શી છે ? એક તો પર-દ્રવ્યનું હરણ કરવું એ જ મોટું પાપ છે અને એમાં જો આપણે પાછા બીજાઓના પ્રાણોનું અપહરણ કરવાનું પાપ કરીશું, તો પછી આપણી ગતિ કયી થશે ? માટે, આપણે તો ધન જ લેવું, પણ કોઈના ય પ્રાણ લેવા નહિ !' આ ચોર શુકલ લેશ્યાવાળો હતો, તેથી તેનો અભિપ્રાય આવા પ્રકારનો થયો.

રોજ વિચાર કરો કે–આજે મેં કેવા કેવા વિચારો કર્યા અને એથી કેવો કેવો કર્મબંધ થયો હશે ?

આ બે દૃષ્ટાંતો દ્વારા, ઉપકારિઓએ એ વાત સમજાવી છે કે–કૃષ્ણાદિક છ લેશ્યાઓ પૈકી કયી કયી લેશ્યા વર્તતી હોય છે, ત્યારે તે તે લેશ્યાવાળા જીવનો અભિપ્રાય, કેવા કેવા પ્રકારનો થાય છે; અને એથી, આપણે આપણા અભિપ્રાયને બરાબર સમજી લઈને, આપણે કયી લેશ્યામાં વર્તી રહ્યા છીએ, તેનો નિર્ણય કરી શકીએ છીએ. તમને તમારા અભિપ્રાયની ખબર તો પડે છે ને ? તમારા અભિપ્રાયના સ્વરૂપને તમે બરાબર સમજી શકો છો ને ? 'મારા અભિપ્રાયમાં હિંસકભાવ કેટલો છે અને અહિંસકભાવ કેટલો છે ?'–'મારા અભિપ્રાયમાં ધર્મભાવ કેટલો છે અને અધર્મભાવ કેટલો છે ?'– આવી ચોકસાઈપૂર્વકની વિચારણા, તમે કદી પણ કરો છો ખરા ? તમે, કયારે કયારે કેવા કેવા ભાવમાં રમો છો, તેનો તમને ખ્યાલ તો ખરો ને ?

સ૦ એવો ખ્યાલ કરવા કયાં બેસીએ ?

એવો ખ્યાલ નહિ કરો, તો કલ્યાણ સાધશો શી રીતિએ ? તમારા ભવિષ્યનું ઘડતર તો તમે કરો છો અને

આત્માના પરિણામોનો એમાં જેવો-તેવો હિસ્સો હોતો નથી. કરવા લાયક કામ, કેવા ભાવોલ્લાસથી કરવું જોઈએ અને સંજોગવશાત્ નહિ કરવા લાયક કામ કરવું પડે, તો ય તે વખતે માનસિક પરિણામોની કેવી જાળવણી કરવી જોઈએ, –એ જાણ્યા વિના, તમે તમારા ભવિષ્યને સુંદર બનાવી શકશો શી રીતિએ? આપણે એ વાત વિચારી આવ્યા છીએ કે– પરિણામો મલિન બને નહિ, એની તો ખૂબ કાળજી રાખવી જોઈએ. તંદુલીયા મત્સ્યની વાત યાદ છે ને? કેવળ હિંસક-ભાવમાં રમવાના યોગે, એ મત્સ્ય સાતમી નરકના આયુષ્યને ઉપાર્જે છે. એ મત્સ્ય, પ્રત્યક્ષપણે કોઈ પણ જીવની હિંસા કરતો નથી, પણ એનું મન મહા હિંસક હોય છે; અને એ હિંસક ભાવમાં રમતું મન જ, એને મહા દુર્ગતિમાં ઘસડી જાય છે. તમને રોજ છેવટ કાંઈ નહિ તો સુતી વખતે ય, એમ ન થાય કે–'આજે મેં કેવા કેવા વિચારો કર્યા? અને મારા વિચારોથી મને કેવા કેવા પ્રકારનો કર્મબંધ થયો હશે?' તમે કર્મબંધથી ડરો છો કે નહિ?

સ૦ કર્મથી છૂટીએ તો સારૂં એમ થાય.

પણ કર્મથી છૂટવાનું એમ ને એમ બની જશે? કર્મથી છૂટવાને માટે, વિવેકી અને જ્ઞાની બન્યા વિના ચાલશે, એમ માનો છો? તમે તમારા મન ઉપર જો કાબૂ નહિ મેળવો અને મન હિંસાદિક ભાવોમાં રમ્યા કરશે, તો તમે જે ગતિમાં જવાને ઇચ્છતા નથી, તેવી ગતિમાં તમારે ફરજીયાત ચાલ્યા જવું પડશે, એ વાત યાદ છે? જો એ વાત યાદ હોય, તો રોજ વિચાર કરવો જોઈએ કે–'આજે મેં કેવા કેવા વિચાર કર્યા અને એથી મને કેવા કેવા પ્રકારનો કર્મબંધ થયો હશે?'

આવો વિચાર કરો, તો તમને એમ પણ થાય કે–'મને આવા હિંસાદિના વિચારો આવ્યા શાથી?' એ વખતે ખ્યાલ આવે કે–'વિષયરસ અને કષાયરસની કેવી ભયંકરતા છે?'

સ૦ નબળાઈને અંગે પણ એવા વિચાર આવી જાય, એવું બને ને?

વિષયરસ અને કષાયરસ ન હોય અને માત્ર નબળાઈ હોય, તો તો અશુભ વિચારોનો હૈયામાં જબરો ડંખ હોય. કયારે નબળાઈ ટળે, એમ થયા જ કરે. નબળાઈમાં પણ 'કેમ વેઠી લઉં અને પાપથી બચું'–એમ થયા કરે. 'નબળાઈ પણ પાપના ઉદયનું પરિણામ છે.'–એવો ખ્યાલ હોય અને 'નબળાઈના યોગે પાપમાં પ્રવર્તવું પડે છે'–એવો પણ ખ્યાલ હોય, એટલે નબળાઈના કારણે પણ વધુ પાપમાં ખૂંચી જવાય નહિ, એની કાળજી તો હોય ને? એના હૈયામાં પાપની રૂચિ તો હોય જ નહિ. તમે એ વિચારી જુઓ કે–તમારા હૈયામાં પાપની રૂચિ છે કે નહિ? એ સમજવાને માટે, તમે તમારા અભિપ્રાયોના સ્વરૂપને પિછાનતાં શીખો.

જે ઉપદેશમાં પરંપરાએ પણ સાધુપણાની વાત ન હોય, તે વસ્તુતઃ ધર્મોપદેશ જ નથી:

કૃષ્ણાદિક છ લેશ્યાઓના સ્વરૂપને સમજાવવાને માટે, ઉપકારી મહાપુરૂષોએ જે બે દૃષ્ટાન્તો આપ્યાં છે, તે દૃષ્ટાન્તોને બરાબર ખ્યાલમાં રાખવાથી, આપણે આપણા અભિપ્રાયોના સ્વરૂપને સહેલાઈથી સમજી શકીએ એવું છે; અને એથી, 'આપણે કેવી લેશ્યામાં વર્તી રહ્યા છીએ'–તેની પણ આપણને ઘણે અંશે કલ્પના આવી જાય. એ બે દૃષ્ટાન્તોમાં

એક દૃષ્ટાન્તમાં મુસાફરોને ભોજ્યની અભિલાષા છે અને બીજા દૃષ્ટાન્તમાં ચોરોને ધનની અભિલાષા છે. મુસાફરો ભૂખ્યા છે અને ચોરો ધનના અર્થી છે. છએ મુસાફરોમાં અને છએ ચોરોમાં અર્થિપણાની સમાનતા છે, તે છતાં પણ અભિપ્રાયભેદ જબરો છે. ભૂખ્યા મુસાફરોને બસ છે માત્ર જાંબુનો; તેમાં, એકને આખા ય જાંબુવૃક્ષને મૂળમાંથી ઉખેડી નાખવાનું મન થાય છે, બીજાને વળી એ વૃક્ષની મોટી મોટી ડાળીઓને તોડી પાડવાનું મન થાય છે અને ત્રીજાને વળી એ વૃક્ષની નાની નાની ડાળીઓને તોડી પાડવાનું મન થાય છે; જાંબુ ખાવાં છે અને જેટલાં જાંબુ ખાવાને જોઈએ છે, તેટલાં જાંબુ તો જમીન ઉપર પડેલાં છે, છતાં આવા વિચારો કેમ આવ્યા ? પોતાનો સ્વાર્થ સાધતાં, અન્યને શી અને કેવી હાનિ થશે, એનો વિચાર જ નહિ, માટે ને ? તમને તો, કોઈ કામ કરવાનો વિચાર કરો ત્યારે, મારા આ કામથી પારકાને કેટલી હાનિ થશે, તેનો વિચાર આવે ખરો ને ? તમે ય દુનિયામાં તમારો સ્વાર્થ સાધવાનો પ્રયત્ન તો કરો છો ને ? પણ, તેમાં તમે આવું તો કરતા નથી ને ? ચોથો કહે છે કે– ફલોના ગુચ્છાને તોડી પાડીએ અને પાંચમો કહે છે કે– ફલોને જ પાડી નાખીએ, જ્યારે છટ્ઠો કહે છે કે–આ ઝાડ નીચે ઘણાં ફળો પડેલાં છે, તે જ ખાવ ને ? આ છમાંથી તમને કોનો અભિપ્રાય ગમ્યો ?

સ૦ છઠ્ઠા માણસનો.

ત્યારે, એના જેવા અભિપ્રાયવાળા બનવાનું મન બરૂં ને ? નિર્દોષપણે જીવવાની વૃત્તિ હોય, તો જ એવો અભિપ્રાય પ્રગટે. તમારો એવો નિર્ણય છે બરો કે–જીવવું બરૂં, પણ તે

નિર્દોષપણે જીવવું ? મારે જીવવાને માટે કોઈને ય દુઃખ દેવું નહિ, એવી ઈચ્છા ખરી ? અત્યારનું તમારું જીવન એવી ઉચ્ચ કોટિનું નથી, પણ એવા ઉચ્ચ કોટિના જીવનને કયારે હું પામું, એવી ઈચ્છા તો ખરી ને ?

સ૦ એ તો સાધુપણાની વાત આવી.

સાધુપણાની વાત જ આવે નહિ અને ધર્મનો ઉપદેશ દેવાય, એ બને કેમ ? ધર્મનો ઉપદેશ, એટલે શાનો ઉપદેશ ?

સ૦ શું ધર્મનો ઉપદેશ એટલે સાધુપણાનો ઉપદેશ ?

સાધુજીવન, એ જ એક નિર્દોષ અને ધર્મમય જીવન છે, એ વાત આપણે વિચારી આવ્યા છીએ. જીવાય ખરું, પણ પાપ લાગે નહિ અને ધર્મ સધાયા વિના રહે નહિ, એવું જીવન એ સાધુજીવન છે. શાસ્ત્રે કહ્યું કે–ગૃહસ્થને ધર્માધર્મ અને સાધુને ધર્મ. સાધુને, આહાર–વિહારાદિ સઘળા ય વ્યાપારો, એ ધર્મવ્યાપારો કહેવાય. આથી, દરેક ધર્મોપદેશના ધ્યેય તરીકે તો સાધુજીવનની જ વાત હોય; અને, જે ઉપદેશમાં પરંપરાએ પણ સાધુપણાની વાત ન હોય, તે ઉપદેશને ધર્મોપદેશ કહી શકાય જ નહિ. જેનામાં જૈનપણું આવે, તેનામાં સાધુજીવનને પામવાની વૃત્તિ જન્મે નહિ–એ બને નહિ. ભગવાન શ્રી અરિહંતદેવોને અને શ્રી સિદ્ધભગવાનો આદિને માનનારને જો સાધુપણું ગમતું ન હોય, તો એ વસ્તુતઃ ભગવાન શ્રી અરિહંતદેવો આદિને માનતો જ નથી. એકાન્તે ધર્મ જોઈ તો હોય, તો તે શ્રમણપણા વિના છે જ નહિ. છઠ્ઠા માણસને ય ભૂખ તો લાગી જ હતી અને ભૂખને શમાવવાને માટે તે પણ જાંબુ ખાવાને ઈચ્છતો જ હતો, પરન્તુ તે શુકલ લેશ્યાવાળો હતો, એટલે એનો અભિપ્રાય એવો થયો કે–જાંબુના ઝાડને

કે જાંબુના ઝાડ ઉપરનાં જાંબુઓને કશી પણ કીલામણા ઉપજાવ્યા વિના અથવા તો એને અડચા વિના જ, એ ઝાડની નીચે જે જાંબુનાં ફલો પડચાં હતાં, તે ફલોને વીણી ખાવાં. ત્યારે વાત એ છે કે–ખાધા વિના ચાલે નહિ તો સારૂં, પણ ખાવાનું મેળવવું જ પડે, તો તે નિર્દોષપણે મળે–એની શોધ કરવી અને નિર્દોષ આહારથી ચલાવવું, એવા જીવનને પામવાની વૃત્તિ ખરી ? કયારે એવું જીવન મારૂં બને, એવી વૃત્તિ હોય તો, છટ્ઠો માણસ ખરેખરો ગમ્યો એમ કહી શકાય. સારૂં પણ સારા તરીકે ખરેખર રૂચ્યું છે, એમ કયારે કહેવાય ? જ્યારે એમ થાય કે–'કયારે એવો સારો હું બનું અથવા એવું સારૂં કયારે મને મળે ?'–એવું મનમાં ઉગે ત્યારે !

દોષનો અણગમો છે ?

અભિપ્રાયની આ વાત, દરેકે દરેક જરૂરીયાતને અંગે વિચારવી જોઈએ. કોઈ પણ વસ્તુની જરૂર ઉભી થઈ, એના વિના ચાલે તેમ નથી–એવું લાગ્યું, એ વસ્તુને મેળવવાનો નિર્ણય પણ કર્યો અને એ વસ્તુને મેળવવાને માટેનો પ્રયત્ન કરવાનું મન પણ થયું; એ વસ્તુને મેળવવાને માટે જે પ્રયત્ન કરવાનું મન થાય, તેમાં ય દોષથી કેમ વધુમાં વધુ પ્રમાણમાં બચી શકાય, એનો વિચાર કરવો જોઈએ. પણ દોષથી બચવાની વૃત્તિ હોય, તો એ વિચાર આવે ને ? તમને દોષ માત્રથી બચવાનું મન તો ખરૂં ને ? તમે દોષથી બચી શકતા નથી, હાલ દોષથી બચી શકો તેમ પણ નથી, પણ 'દોષથી બચાય તો સારૂં'–એવી ઈચ્છા તો ખરી ને ? તમે દોષ સેવો છો, પણ તમને દોષ સેવવા ગમતા નથી, એમ માની લઉં ને ?

સ૦ દોષ ગમતા તો નથી જ.

જેને દોષ ગમતા ન હોય, તેનામાં દોષથી બચવાની વૃત્તિ હોય કે નહિ ? દોષથી બચવાની વૃત્તિ હોય, એટલે દોષથી બચવાનો શકય પ્રયત્ન કરવાનું મન થાય કે નહિ ? દોષથી બચવાનો શકય પ્રયત્ન કરવાનું મન થાય, એટલે દોષને શોધવાનું મન થાય કે નહિ ? દોષ જણાય અને દોષનો અણગમો હોય, તો જે કારણે દોષને સેવવાની ફરજ પડતી હોય અથવા જે કારણે દોષને સેવવાને મન લલચાતું હોય, તે કારણ તરફ પણ અણગમો પેદા થાય કે નહિ ?

સ૦ કર્મનો ઉદય એવો હોય તો ?

તો, કર્મના યોગ ઉપરેય ગુસ્સો આવે ને ? એમ થાય ને કે–કર્મનો યોગ, એ જ દોષનું મૂળ છે, માટે મારે કર્મના યોગથી કેમ મુક્ત બનાય–એવો પ્રયત્ન કરવો જોઈએ ? પછી, કર્મના યોગથી મુક્ત બનવાને માટે મારે શું કરવું જોઈએ અને શું નહિ કરવું જોઈએ, એ વિચાર આવે. તમને દોષ ગમતા નથી, એટલે આવો અનુભવ તો તમને થયો હશે ને ? દોષ ગમતા નથી–એમ કહેવું, એ જુદી વાત છે અને દોષનો અણગમો, એ જુદી વાત છે. બીજાના દોષોનો અણગમો, એ દોષનો સાચો અણગમો નથી; પોતાના દોષનો અણગમો, એ દોષનો સાચો અણગમો છે. બીજાના દોષનો અણગમો તો, અનેક કારણોએ હોઈ શકે છે. આપણે તો, આપણો વિચાર કરવો. આત્માને પૂછો કે–'શું ખરેખર તને દોષ પ્રત્યે અણગમો છે ?' આપણે દોષ સેવીએ એ બને, પણ આપણને એનો અણગમો હોય, તો દોષથી બચવાની ઇચ્છા તો થાય જ. લેશ્યાઓના સ્વરૂપને જાણવાની સફલતા શી ? કિલષ્ટ પરિ-

ણામોથી બચવાનો પ્રયત્ન થાય, એમાં જ લેશ્યાઓના સ્વરૂપને જાણ્યાની સાચી સાર્થકતા છે ને ? પણ, દોષથી બચવું છે, જેમ બને તેમ દોષથી તો બચવું જ છે, એવો નિર્ણય કર્યો છે ખરો ?

ધન મેળવવાનો પ્રયત્ન એ પાપપ્રયત્ન છે–એવું 'પાયમે પરિગ્રહ' બોલનારને તો લાગે ને ?

બીજા દૃષ્ટાન્તમાં ચોરોને બધ તો માત્ર ધનનો જ હતો ને ? માત્ર ધનનો બધ હોવા છતાં પણ, દરેક ચોરે જુદા જુદા પ્રકારનો વિચાર કર્યો ને ? એકે, માણસ કે પશુ, જે કોઈ મળે તેને મારી નાખવાનો વિચાર કહ્યો, બીજાએ વળી માત્ર માણસોને મારી નાખવાનો વિચાર કહ્યો અને ત્રીજાએ વળી માણસોમાં પણ સ્ત્રીઓને નહિ પણ બધા પુરૂષોને મારવાનો વિચાર કહ્યો ને ? ચોથાએ વળી હથીયારવાળા માણસોને મારવાનો વિચાર કહ્યો અને પાંચમાએ વળી સામે થનારને મારવાનો વિચાર કહ્યો. એ વખતે, છટ્ઠાએ શું કહ્યું ? એ જ કે–એક તો ચોરી અથવા લૂંટ એ જ બરાબ કામ છે અને તેમાં કોઈના પણ પ્રાણ લેવા, એ તો મહા બરાબ ગણાય. લેશ્યાઓએ, આ રીતિએ, એક જ લક્ષ્યવાળા પણ છ જણામાં, અભિપ્રાયભેદ જન્માવ્યો ને ? તેમ, તમારે પણ તમારો વિચાર કરવાનો છે. અનીતિ કરતાં, તમને એમ થાય ખરૂં કે–' એક તો ધનને મેળવવાનો પ્રયત્ન એ પાપપ્રયત્ન છે; અને તેમાં પાછો જો હું અનીતિ કરૂં, તો મારૂં થાય શું ? '

સ૦ ધન મેળવવાનો પ્રયત્ન એ પાપપ્રયત્ન છે–એમ લાગવું જોઈએ ને ?

એટલે, દોષની પણ દોષ રૂપે ગમ નથી, એમ નક્કી થયું ને ? અઢાર પાપસ્થાનકોમાં ‘ પાંચમે પરિગ્રહ ’ એવું તમે કેટલીક વાર બોલ્યા હશો અથવા તો એવું તમે કેટલીક વાર સાંભળ્યું હશે ? ધન, એ પરિગ્રહ છે કે નહિ ?

સ૦ ધન એ પરિગ્રહ છે, પણ અમારે એના વિના ચાલતું નથી ને ?

તમને જેના વિના ચાલે નહિ, તેને પાપ ન કહેવાય, એવી વ્યાખ્યા કયાંથી લઈ આવ્યા ? ધન વિના ચાલતું નથી, કારણ કે–તમે સાધુ બન્યા નથી. ગૃહસ્થપણે રહ્યા છો, માટે ધનની જરૂર લાગે છે ને ? તો, ગૃહસ્થપણું જ તજવા યોગ્ય છે, એમ કેમ થયું નહિ ? ‘ધન વિના ચાલતું નથી, માટે ધન કમાવું એ પાપ નથી’–એવો વિચાર સુઝયો, પણ–‘ગૃહસ્થ રહ્યો છું માટે ધન કમાવાની અગર ધન રાખવાની જરૂર પડે છે, માટે ગૃહસ્થપણું જ પાપનું કારણ છે’–એવો વિચાર કેમ સુઝયો નહિ ? પરિગ્રહ, એ પાંચમું પાપસ્થાનક છે, એમ શાસ્ત્રે કહ્યું છે અને એથી પણ જો એ વચન ઉપર તમને શ્રદ્ધા હોત, તો તમને એમ થાત ને કે–ધનાર્જનની રૂચિ, એ પણ પાપરૂચિ છે ? આપણી વાત તો અભિપ્રાયભેદની છે. ધન કમાવાને નીકળેલામાં પણ અભિપ્રાયભેદ હોય ને ? ધન કમાવું છે, પણ ધનની કમાણી કરવાને માટે અનીતિ તો કરવી જ નથી, એવી વૃત્તિ જીવમાં હોઈ શકે છે ને ? તમે ગૃહસ્થ છો, માટે તમારે ધન મેળવવું પણ પડે છે અને ધન સંધરવું પણ પડે છે, પણ ધનને મેળવતાં અને ધનને સાચવતાં, હિંસાદિક ભાવોથી બચવાની કાળજી ખરી કે નહિ ? કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા –એ ત્રણ લેશ્યાઓને નરકના આયુષ્યના આશ્રવો પૈકી ગણાવેલ છે, કારણ કે--આ ત્રણ સિવાયની લેશ્યાઓમાં વર્તનારો

જીવ, નરકના આયુષ્યને ઉપાર્જે જ નહિ. આપણે કયી લેશ્યામાં વર્તીએ છીએ–તેનું માપ, આપણે આપણા અભિપ્રાય ઉપરથી કાઢી શકીએ છીએ. તમે, હવે તો, તમે કયારે કયારે કયી કયી લેશ્યામાં વર્તો છો, તેનું માપ કાઢવાનો યથાશકય પ્રયત્ન કર્યા કરવાના ને ?

અનૃત ભાષણ, એ પણ નરકનું કારણ બની શકે :

હવે કહે છે કે–અનૃત ભાષણ, એ પણ નરકના આયુષ્યના આશ્રવો પૈકીનો એક આશ્રવ છે.

સ૦ આશ્રવ એટલે ?

આશ્રવ, એટલે કર્મને આવવાનું દ્વાર. નરકના આયુષ્ય રૂપી કર્મનો આત્માની સાથે કયાં કયાં દ્વારોથી યોગ થઈ શકે છે, તેની અહીં વાત ચાલે છે. નરકના આયુષ્ય રૂપ કર્મને આવવાનાં દ્વારો, કાં તો બંધ કરી દેવાં જોઇએ અને જ્યાં સુધી એ દ્વારોને સંપૂર્ણપણે બંધ કરી શકાય નહિ, ત્યાં સુધી આત્માના પરિણામોની સતત્ ચોકી કર્યા કરવી જોઈએ. નરકે લઈ જાય તેવાં પાપોનો સર્વથા ત્યાગ ન થઈ શકતો હોય, તો પણ એ પાપોનો રસ ન રહે અને એ પાપોથી છૂટવાની ભાવના સતેજ રહ્યા કરે, તો એ પાપોને સેવનારા હોવા છતાં ય, ઘણા નરકે નથી ગયા અને સદ્ગતિને પામ્યા છે. એ કક્ષામાં તમે આવી જાવ. અસત્ય ભાષણ, એ પણ નરકનું કારણ બની શકે છે. સઘળા અસત્યવાદિઓ નરકે જ જાય –એવો નિયમ નહિ, પણ અસત્ય વાદની સાથે પરિણામોનો જે તેવા પ્રકારનો યોગ થઈ જાય, તો અસત્ય વાદમાં નરકે

લઈ જવાની તાકાત પણ છે. અનૃત ભાષણ, એ પણ એક એવું પાપ છે કે–તેમાં તેવા પરિણામોનો પણ યોગ થઈ જવાની સંભાવના છે. સામગ્રી કાર્યજનિકા છે. એક એક વસ્તુ કાર્યજનક નથી. એટલે, દરેક કાર્ય, કારણોનો પરસ્પર યોગ થતાં સંભવે છે. અનૃત ભાષણનો જેને ત્યાગ જ હોય અને જે પોતાના અનૃત ભાષણના ત્યાગને વળગી રહે, તે એ કારણથી બચ્યો કહેવાય; પણ અનૃત ભાષણનો ત્યાગ ન હોય અથવા તો અનૃત ભાષણનો ત્યાગ કરેલો હોય પણ જે એ ત્યાગનો ત્યાગ કરી દે, તેનામાં ખરાબ પરિણામોને પેદા થતાં વાર લાગે નહિ ને ? સંસારમાં છીએ ત્યાં સુધી સર્વ વાતે સાવધ રહેવું પડશે. સાવધ રહ્યા નહિ, ચૂક્યા અને એમાં ભાનભૂલા બન્યા, તો આવી ઉત્તમ સામગ્રી ફરીથી ક્યારે મળશે –તે કહી શકાય નહિ. માણસ અનૃત ભાષણ કરે, ત્યારે તેની પૂંઠે કોઈ કારણ તો હોય ને ? એની પાછળ, વિષયરસ કે કષાયરસ જોરદાર હોય, એમ પણ બને ને ? એની માત્રા વધે, તો એ આત્માને પકડીને નરકમાં લઈ જાય ને ? ઈરાદા-પૂર્વક ગોઠવીને જુઠ્ઠું બોલનારો માણસ, કયા ભાવમાં રમતો હોય, એનો તમને અનુભવ તો હશે ને ? તમે અસત્ય બોલો છો કે નહિ ? બોલો છો, તો તે વખતે તમારો કેવો ભાવ હોય છે ? અસત્ય બોલતાં પહેલાં કેવો ભાવ હોય છે ? અને અસત્ય બોલો ત્યારે અને તેમાં તમારૂં ધાર્યું કામ થઈ જાય તો, તમને કેવો ભાવ આવે છે, એનો વિચાર કરી જુઓ ! પહેલાં અસત્ય બોલવું જરૂરી લાગે, પછી કેળવીને અસત્ય બોલાય અને એમાં ફાવટ આવે એટલે અસત્ય બોલ્યો તે ઠીક કર્યું, એમ થાય ને ? એવા વખતે જો આયુષ્યકર્મનો

બંધ પડે, તો તે અશુભ આયુષ્યનો બંધ પડે કે શુભ આયુષ્યનો બંધ પડે, એની કલ્પના કરી જુઓ.

વસુ રાજાનું ઉદાહરણ :

સત્યવાદી તરીકે નામાંકિત થયેલો રાજા વસુ, એક પ્રસંગમાં અસત્ય બોલ્યો અને નરકે ગયો. અસત્ય બોલવાની એની ઇચ્છા પણ નહિ હતી, પરન્તુ ગુરૂપત્નીના ઉપરોધથી જ તેને અસત્ય બોલવાનો નિર્ણય કરવો પડ્યો હતો; છતાં પણ, અસત્ય બોલતાંની સાથે જ, સિંહાસન ઉપરથી તે પટકાયો અને મરીને ઘોર નરકમાં ગયો; એટલે, પાપમાં, મેં અમુક માટે કર્યું હતું—એવો બચાવ ચાલી શકતો નથી.

વસુ, એ અભિચન્દ્ર નામના રાજાનો પુત્ર હતો. અભિચન્દ્ર રાજાએ તેને વિદ્યાભ્યાસને માટે શ્રી ક્ષીરકદમ્બક નામના એક પાઠકને સુપ્રત કર્યો હતો.

એ શ્રી ક્ષીરકદમ્બક નામના પાઠકની પાસે, ત્રણ વિદ્યાર્થિઓ સાથે અભ્યાસ કરતા હતા. એ ત્રણમાં એક હતો—પર્વતક નામનો એ પાઠકનો પોતાનો પુત્ર, બીજો હતો—આ વસુ નામનો રાજપુત્ર અને ત્રીજો હતો—નારદ નામનો વિદ્યાર્થી.

આ ત્રણેય વિદ્યાર્થિઓ, એક વાર રાતના, ઘરની છત ઉપર પાઠ કરતા કરતા થાકીને ઉંઘી ગયા હતા. એવામાં, ત્યાં થઈને બે ચારણ શ્રમણો આકાશમાર્ગે પસાર થતા હતા. એ ચારણ શ્રમણોએ આ ત્રણ વિદ્યાર્થિઓને જોયા, એટલે તેઓ વચ્ચે એવી વાત થઇ કે—' આ ત્રણ વિદ્યાર્થિઓ એક જ પાઠકની પાસે સાથે જ ભણે છે, છતાં પણ આ ત્રણ વિદ્યાર્થિઓમાંથી બે વિદ્યાર્થિઓ નરકમાં જશે અને એક

વિદ્યાર્થી સ્વર્ગમાં જશે.'

પર્વતક, વસુ અને નારદ–એ ત્રણ તો ઉંધી ગયા હતા, એટલે એ ત્રણમાંના એકે પણ, ચારણ શ્રમણો વચ્ચે થયેલી એ વાતને સાંભળી નહિ; પરન્તુ, એ વખતે શ્રી ક્ષીરકદમ્બક પાઠક જાગતા હતા, એટલે ચારણ શ્રમણો વચ્ચે થયેલી વાત તેમના કાને પડી ગઈ. એ વાત કાને પડતાંની સાથે જ, શ્રી ક્ષીરકદમ્બક પાઠક એકદમ ખિન્ન થઈ ગયા. તેમને એવું લાગી આવ્યું કે–'મારા જેવો ભણાવનાર હોવા છતાં પણ, મારા એ શિષ્યો નરકમાં જશે ? બહુ ગજબ કહેવાય !'

વિદ્યાર્થિઓ દુર્ગતિમાં જાય નહિ અને દુર્ગતિમાં જાય તો એથી ખેદ થાય, આવી મનોદશા પાઠકની હોય ખરી ? ભણાવનાર, વિદ્યાર્થિઓની આવી ચિન્તા કરે ? આજના વાતાવરણમાં, આ વાત, એકદમ ગળે ઉતરે એવી છે ખરી ? આર્ય દેશમાં તો આ વસ્તુ અસંભવિત નહિ, પણ સુસંભવિત ગણાય. વિદ્યા તે આપવી, કે જે વિદ્યાને પામવાના યોગે, વિદ્યાને પામેલો દુર્ગતિમાં જાય નહિ અને સદ્ગતિને પામે; તેમ જ એ વિદ્યા એવી રીતિએ આપવી, કે જેથી એ વિદ્યા વિદ્યાર્થિમાં સારા રૂપે પરિણામ પામે,–આવો આર્ય દેશના પૂર્વકાલીન પાઠકોનો આગ્રહ રહેતો. પોતાની પાસે ભણેલો દુર્ગતિમાં જાય નહિ, એવો આર્ય દેશના એ પાઠકોને વિશ્વાસ હતો. પોતાનો વિદ્યાર્થી દુર્ગતિગામી નીવડે, તો એને આર્ય દેશના પાઠકો સહી શકતા નહિ. પોતાનો વિદ્યાર્થી દુર્ગતિગામી બને નહિ, એની આર્ય દેશના પાઠકોને ચિન્તા હતી, એટલે પોતાની નિશ્રામાં વિદ્યાભ્યાસ કરતા વિદ્યાર્થિઓને એ પાઠકો એવી રીતિએ ભણાવતા, કે જેથી એ વિદ્યાર્થિઓનું

જીવન સદ્‌વિચારશીલ અને સદાચારશીલ બને. એ પાઠકો, વિદ્યાનું દાન દેતા, પણ વિદ્યાને વેચતા નહિ; અને એથી, લોકમાં એમનું મોટું સન્માન હતું. આજની તો, આખી ય સ્થિતિ જ જુદી છે. આજે શિક્ષકોને વિદ્યાર્થિઓના જીવનની ગતિ વિષે ચિન્તા છે ખરી ? મારો વિદ્યાર્થી અનાડી કે અનાચારી નહિ જ નીવડવો જોઈએ, એવી કાળજી આજના શિક્ષકો પૈકી કેટલાને હશે ? પણ, શિક્ષકોની વાત તો હજુ દૂર છે; તમને પોતાને તમારાં પોતાનાં સંતાનો દુર્ગતિગામી બનવા પામે નહિ, તેની ચિન્તા છે ખરી ? મા-બાપ તરીકે મારાં છોકરાંઓ પ્રત્યે મારી શી ફરજ છે અને એ ફરજને હું અદા કરું છું કે નહિ,—એનો તમે કદી પણ વિચાર કરો છો ખરા ? તમારાં સંતાનો અહીંથી મરીને દુર્ગતિને પામે નહિ, એ માટે તમે કેટલા પ્રયત્ન કર્યા છે અને કરો છો ?

સ૦ એવી કાળજી હોવી જોઈએ ને ?

ત્યારે, તમે તમારાં સંતાનોના હિતસ્વી છો, એવો જે તમે દાવો કરો છો, તે ખોટું છે ને ? તમને એટલે ખૂદ મા-બાપને પણ જ્યાં સંતાનોના આત્મિક હિતની કાળજી ન હોય, ત્યાં પગાર માટે જ ભણાવવાનો ધંધો કરનારા શિક્ષકોને તો, પોતાના વિદ્યાર્થિઓના આત્મિક હિતની કાળજી હોય જ કયાંથી ?

શ્રી ક્ષીરકદમ્બક પાઠકને તો, પોતાની પાસે વિદ્યાભ્યાસ કરનારા ત્રણ વિદ્યાર્થિઓમાંના બે વિદ્યાર્થિઓ નરકગામી છે, એવું જાણીને બહુ દુઃખ થયું. આથી, પહેલાં તો તેમણે કોણ કોણ નરકગામી છે અને કોણ સ્વર્ગગામી છે, એનો નિર્ણય કરી લેવાનો ઉપાય યોજ્યો. ત્રણમાંથી કોઈ નરકગામી નીવડે

એવો છે–એવો તો એમને ખ્યાલ જ નહોતો; પણ ચારણ મુનિઓએ જે વાત કરી, તે તેમણે સાંભળી અને ચારણ મુનિઓની વાત ખોટી હોય નહિ, એવી તેમને ખાત્રી હતી; એટલે, પોતે પહેલાં તો એ જાણી લેવાનો નિર્ણય કર્યો કે–આ ત્રણમાં કયા બે નરકગામી છે અને કોણ એક સ્વર્ગગામી છે !

એ જાણવાને માટે, શ્રી ક્ષીરકદમ્બક પાઠકે, લોટના ત્રણ બનાવટી કુકડાઓ બનાવ્યા. પછી તેમણે પર્વતક, વસુ અને નારદ–એ ત્રણેયને એક સાથે પોતાની પાસે બોલાવ્યા; અને એ દરેકને એક એક બનાવટી કુકડો આપીને, એ ત્રણને કહ્યું કે–' જ્યાં કોઈ પણ જોઈ શકે નહિ એવા સ્થાને તમારે આ કુકડાઓને મારી નાખવાના છે. '

ગુરૂના આવા પ્રકારના આદેશને પામીને, એ ત્રણેય જણા ત્યાંથી નીકળ્યા. જ્યાં કોઈ પણ જોઈ શકે નહિ, એવા સ્થાનની શોધમાં ત્રણેય જણા જુદી જુદી દિશામાં ચાલ્યા. તેમાં પર્વતકે અને વસુએ તો, કોઈ શૂન્ય પ્રદેશમાં જઈને, ગુરૂએ આપેલા બનાવટી કુકડાઓનો વધ કરી નાખ્યો.

નારદ પણ નગરની બહાર કોઈ જનશૂન્ય પ્રદેશમાં પહોંચ્યા. ત્યાં પહોંચીને, તેમણે દશેય દિશાઓનું અવલોકન કર્યું. દિશાઓનું અવલોકન કરતાં, નારદ વિચાર કરે છે કે–' ગુરૂદેવનો આદેશ એવો છે કે–જ્યાં કોઈ પણ જોતું ન હોય, ત્યાં આ કુકડાનો વધ કરવો; પણ એ શકય જ નથી, કારણ કે–જગતમાં કોઈ પણ સ્થાન એવું છે જ નહિ, કે જે સ્થાને જે કાંઈ થાય, તેને કોઈ જ જોઈ શકે નહિ. આ પ્રદેશ તદ્દન નિર્જન છે, પણ અહીંયાં ય જોનારા તો ઘણા છે; એક તો આ કુકડો પોતે જ જુએ છે, હું પણ જોઉં છું,

ખેચરો પણ જુએ છે, લોકપાલો પણ જુએ છે અને જ્ઞાનિઓ પણ જુએ છે; એટલે, એવું તો કોઈ સ્થાન જ નથી, કે જે સ્થાનને જોનાર કોઈ પણ ન જ હોય!' આવો નિર્ણય થયો, એટલે નારદ એવો પણ નિર્ણય કરે છે કે–'તો પછી ગુરૂદેવે એવી આજ્ઞા કરી કેમ? ખરેખર, ગુરૂદેવની આજ્ઞાનું તાત્પર્ય એ છે કે–આ કુકડો વધ્ય નથી. ગુરૂદેવ તો દયાવન્ત છે અને એથી હિંસાથી પરાઙ્મુખ છે, છતાં પણ તેઓશ્રીએ આવી આજ્ઞા કરી છે, તે અમારી બુદ્ધિની પરીક્ષા કરવાને માટે જ આવી આજ્ઞા કરી છે–એમ લાગે છે.'

આ પ્રમાણેના વિચારો અને નિર્ણયો કરીને, નારદે એ કુકડાને હણ્યો નહિ; અને, જેવો ગુરૂએ આપ્યો હતો તેવો જ કુકડો લઈને, તે, ગુરૂની સમીપે પાછા ફર્યા. ગુરૂની પાસે આવીને, નારદે પોતે જે વિચારો કરીને કુકડાનો વધ કર્યો નહોતો, તે વિચારો ગુરૂને જણાવ્યા. નારદે કહેલા તેમના વિચારોને સાંભળીને, શ્રી ક્ષીરકદમ્બક પાઠકે પોતાના મનમાં નિર્ણય કરી લીધો કે–'આ જ સ્વર્ગગામી છે.' અને નારદની વિચારણાથી આનંદ પામેલા તેમણે, નારદનાં વખાણ કર્યાં.

આ પછી, પર્વતક અને વસુ પાછા આવી પહોંચ્યા. તે બન્નેએ આવીને શ્રી ક્ષીરકદમ્બક પાઠકને કહ્યું કે–'આપની આજ્ઞાનુસાર, અમે, જ્યાં કોઈ પણ જોતું ન હોય–એવા સ્થલે આપે આપેલા બન્ને ય કુકડાઓને મારી નાખ્યા!'

એ સાંભળીને, શ્રી ક્ષીરકદમ્બક પાઠકને ગુસ્સો આવી ગયો. એ કહે છે કે–'અરે, પાપિઓ! તમે તો જોતા હતા ને? અને ખેચરો વગેરે પણ જોતા હતા, તો તમે એ બે કુકડાઓને કેમ મારી નાખ્યા?' આમ કહીને, એ બન્નેને

ઠપકો આપ્યો અને શ્રી ક્ષીરકદમ્બક પાઠકે નિર્ણય કરી લીધો કે–" આ બન્ને નરકગામી છે. " આથી, શ્રી ક્ષીરકદમ્બક પાઠકને બહુ જ ખેદ થયો. તેમને થયું કે–' પર્વતકને અને વસુને ભણાવવાનો મારો શ્રમ નિષ્ફલ નિવડ્યો! ' પછી તેમણે વિચાર કર્યો કે–' ખરેખર, ગુરૂનો ઉપદેશ જેવું પાત્ર હોય તેવા પ્રકારે પરિણમે છે! વરસાદનું પાણી, સ્થાનભેદને કારણે, મોતીપણામાં પણ પરિણમે છે અને લવણપણામાં પણ પરિણમે છે! મને મારો પુત્ર પ્રવર્તક પ્રિય છે અને એના કરતાં પણ મને અધિક પ્રિય રાજપુત્ર વસુ છે; આ બન્ને ય નરકમાં જવાના છે, તો હવે હું ગૃહવાસમાં રહું તેનો અર્થ શો છે?' આવી રીતિએ નિર્વેદને પામીને, શ્રી ક્ષીરકદમ્બક નામના તે પાઠકે, તે જ વખતે ગૃહવાસનો ત્યાગ કર્યો અને પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો.

એ કાળના એવા પાઠકોનું હૈયું, કેવા પ્રકારનું હશે? પોતાની પાસે ભણનાર અને પોતાને પ્રિય એવા વિદ્યાર્થિઓ નરકગામી છે, એ ખમી શકાયું નહિ અને એમાંથી સારા ય સંસાર પ્રત્યે ઉદ્વેગ જન્મ્યો, એ નાની–સૂની વાત છે?

સ૦ અમુક નરકગામી છે અગર સ્વર્ગગામી છે, એનો નિર્ણય આટલા ઉપરથી થઈ શકે?

ત્રણમાં બે નરકગામી છે અને એક સ્વર્ગગામી છે– એવું જાણી લીધા બાદ, જાણવાનું માત્ર એટલું જ બાકી હતું કે–કયા બે નરકગામી છે અને કોણ સ્વર્ગગામી છે; અને એ તો, આવી યોજના દ્વારા, ઘણી સારી રીતિએ જાણી શકાય. કોનામાં બુદ્ધિની સ્થૂલતા છે અને કોનામાં બુદ્ધિની સૂક્ષ્મતા છે તેમ જ જ્ઞાનિઓ સર્વત્ર જુએ છે–એ વાત કોને

યાદ આવે છે અને કોને યાદ નથી આવતી, એની આમાં પરીક્ષા થઈ ગઈ ને? વળી, કોનામાં હિંસકભાવ પ્રગટે છે અને કોનામાં હિંસકભાવ પ્રગટતો નથી, એ પણ જાણી શકાયું ને? દુર્ગતિગામી જીવમાં, હિંસકભાવ જેટલી ઝડપથી પ્રગટી શકે છે, તેટલી ઝડપથી જે જીવ દુર્ગતિગામી ન હોય તેનામાં હિંસકભાવ પ્રગટી શકતો નથી, એમ સામાન્ય રીતિએ કહી શકાય. હૈયામાં-પરિણામોમાં ઘણો કિલષ્ટભાવ આવ્યા વિના, નરકગતિનું આયુષ્ય બંધાય નહિ; એટલે, કોના કોના પરિણામોમાં એવો કિલષ્ટભાવ પ્રગટી શકે તેમ છે, એ શ્રી ક્ષીરકદમ્બક પાઠકને જાણવું હતું; અને તે તો, તેમણે યોજેલા ઉપાયથી સારી રીતિએ જાણી શકાય તેમ હતું. શ્રી ક્ષીરકદમ્બક પાઠકે જે નિર્ણય કર્યો હતો, એ નિર્ણય કેટલો બધો સાચો હતો, તે આગળ બનેલા બનાવ ઉપરથી પણ સારી રીતિએ સમજી શકાશે.

શ્રી ક્ષીરકદમ્બક પાઠકે નિર્વેદને પામીને પ્રવ્રજ્યાને ગ્રહણ કર્યા બાદ, તેમના પુત્ર પર્વતકે, તેમના પાઠકપદને સંભાળ્યું; સર્વશાસ્ત્રવિશારદ બનેલા શ્રી નારદ પોતાને સ્થાને ચાલ્યા ગયા; અને વસુના પિતા શ્રી અભિચન્દ્ર રાજાએ વ્રત ગ્રહણ કર્યું, એટલે તે પણ રાજા બન્યો.

રાજા બનેલા વસુએ, રાજકાર્યમાં અને સર્વત્ર એવી રીતિએ વર્તવા માંડયું કે-'સત્યવાદી' તરીકેની તેની પ્રસિદ્ધિ થઈ. લોકો, રાજા વસુને, 'સત્યવાદી' તરીકે જ ઓળખવા લાગ્યા અને પોતાની 'સત્યવાદી' તરીકેની એ પ્રસિદ્ધિને ટકાવવાને માટે પણ, વસુ રાજા હરકોઈ પ્રસંગમાં સત્ય જ બોલતો.

એ દરમ્યાન, એવું બન્યું કે-એક શિકારી શિકાર ખેલ-

વાને માટે ગયો. ત્યાં તેણે એક હરણને જોયું, એટલે એ હરણનો શિકાર કરવાને માટે, એ શિકારીએ પોતાનું બાણ છોડ્યું. એ બાણ, હરણને વાગ્યું નહિ અને કશાકની સાથે અફળાઈને નીચે પડ્યું.

એ શિકારીને એમ થયું કે–'મારી અને હરણની વચ્ચે કાંઈ પણ હોય–એવું દેખાતું નથી, છતાં પણ મારું બાણ કોઈની સાથે અફળાઈને પાછું પડ્યું, તો તે અફળાયું કોની સાથે?'

આથી, તે શિકારી પોતાનું બાણ કોની સાથે અફળાઈને પાછું પડ્યું, તે જાણવાને માટે તે જગ્યાએ ગયો, કે જે જગ્યાએ તેનું બાણ અફળાયું હતું. આંખે જોતાં તો ત્યાં કાંઈ હોય તેમ જણાતું નહોતું, પણ હાથ ફેરવીને જોતાં એ શિકારીને માલૂમ પડ્યું કે–અહીં આકાશસ્ફટિકની એક શિલા પડેલી છે.

એ શિલા, એવા સ્ફટિકની બનેલી હતી કે–એનો રંગ આકાશ સાથે એકદમ મળી જાય તેવો હતો અને એ સ્ફટિક બરાબર પારદર્શક હતો. એ શિલાને જો કાંઈક અડે, તો જ જણાય કે–ત્યાં શિલા પડી છે; બાકી તો, આકાશ જેવું જ દેખાય. ઝાંઝવાનાં જળનો દેખાવ જોયો છે? પાણીનું એક ટીપું ય ન હોય, છતાં ચારે કોર પાણી જ પાણી છે એવું દેખાય. તેમ આ શિલા એવી હતી કે–એ શિલાની પાછલા ભાગમાં જે કાંઈ હોય તે જેવું હોય તેવું દેખાય, એટલે નજરે જોનારને વચ્ચે શિલા છે એવું લાગે જ નહિ.

શિકારીએ નકકી કર્યું કે–'મેં જે હરણને જોયેલું, તે આ શિલાની પાછળથી પસાર થતું જોયેલું, કારણ કે–હાથના સ્પર્શ વિના અહીં આ શિલા છે–એવું જાણી શકાય તેમ નથી.'

પછી, તે શિકારીને વિચાર થયો કે-'રાજા વસુને યોગ્ય આ શિલા છે.' આથી, તે રાજા વસુની પાસે ગયો. વસુ રાજાને તેણે એ આકાશસ્ફટિકની શિલા સંબંધી વાત કરી. રાજા વસુ એ વાતને સાંભળીને પ્રસન્ન થયો. એણે આ શિકારીને ખૂબ ધન આપીને ખૂશ કર્યો અને પોતે તે આકાશસ્ફટિકની શિલાને ગ્રહણ કરી લીધી.

તે પછીથી, વસુ રાજાએ ખાનગીમાં શિલ્પિઓને રોકીને, એ આકાશસ્ફટિકની શિલામાંથી, પોતાના સિંહાસનને માટેની વેદિકા તૈયાર કરાવી. એ વેદિકાને ગોઠવાવીને, વસુ રાજાએ, તેના ઉપર પોતાનું સિંહાસન ગોઠવાવ્યું. આ ગોઠવણી એવી રીતની થઈ કે-રાજાનું સિંહાસન કોઈ પણ પ્રકારના આધાર વિના આકાશમાં અદ્ધર રહેલું છે, એવું કોઈ પણ જોનારને લાગે.

આવી ગોઠવણી થઈ ગઈ, એટલે વસુ રાજાએ એ શિલ્પિઓનો ઘાત કરાવી નાખ્યો. જોયું ને, શ્રી ક્ષીરકદમ્બક પાઠકે જે પરીક્ષા કરી હતી, તે કેટલી બધી સાચી હતી? કેવા ભયંકર હિંસક પરિણામો પ્રગટી શકે, એવું વસુ રાજાનું હૈયું હતું? વસુ રાજાએ, શા માટે, શિલ્પિઓનો ઘાત કરાવી નાખ્યો? એટલા માટે કે-'કોઈ એમ જાણી જાય નહિ કે-વસુ રાજાનું સિંહાસન કોઈ શિલા ઉપર ગોઠવાએલું છે અને સૌને એમ જ લાગે કે-વસુ રાજાનું સિંહાસન આકાશમાં અદ્ધર રહેલું છે!' શિલ્પિઓ જીવતા રહે, તો કદાચિત્ પણ સાચી વાત બહાર આવી જવા પામે ને? સાચી પણ વાત, કોઈના જાણવામાં આવવા પામે નહિ અને પોતાની ખોટી પ્રસિદ્ધિ બની રહે, એ માટે જ વસુ રાજાએ શિલ્પિઓનો ઘાત કરાવી નાખ્યો; ત્યારે, એના હૈયામાં કેટલા બધા ક્રૂર પરિણામોનો

ઉદ્ભવ થવા પામ્યો હશે ? આપણે, એ વિચાર પણ કરવો જોઈએ કે–વસુ રાજાના સ્થાને જો આપણે હોઈએ, તો આપણા હૈયામાં એવા ક્રૂર પરિણામોનો ઉદ્ભવ થવા પામે કે નહિ ? જે ચીજ ઉપર તમને ઘણો રાગ હોય, તે ચીજ જેના દ્વારા નાશ પામવાનો સંભવ લાગે, તેને માટે તમને કેવા કેવા વિચારો આવી જાય ? આપણા સ્વાર્થને માટે ય, આપણે કોઈનું પણ ભૂંડું ચિન્તવવું નહિ, એવો તમારો નિર્ણય ખરો ?

હવે, વસુ રાજા, આકાશસ્ફટિકની શિલામાંથી બનાવેલી વેદિકા ઉપર પોતે ગોઠવાવરાવેલા સિંહાસન ઉપર બેસવા લાગ્યો. કોઈ જાણતું નહોતું કે–'રાજાનું સિંહાસન વેદિકા ઉપર ગોઠવાએલું છે.' સૌને એવું જ દેખાતું હતું કે–'વસુ રાજાનું સિંહાસન આકાશમાં અદ્ધર રહેલું છે.' આવા ચમત્કારની વાત છૂપી રહે ? લોકમાં વાત ચાલી કે–વસુ રાજાનું સિંહાસન આકાશમાં રહે છે. શાથી ? તો કે–વસુ રાજાના સત્યના પ્રભાવથી ! વસુ રાજાની 'સત્યવાદી' તરીકેની પ્રસિદ્ધિ તો હતી જ અને તેમાં આ વાત ઉમેરાઈ, એટલે પૂછવું જ શું ? ચારે કોર એવી વાત થવા લાગી કે–'વસુ રાજાના સત્યવાદિપણાથી દેવતાઓ તુષ્ટ થઈ ગયા છે; અને એમ તુષ્ટ થયેલા દેવતાઓ, વસુ રાજાનું સાન્નિધ્ય કર્યા કરે છે !'

આ પ્રકારની પ્રસિદ્ધિ થવાના યોગે, વસુ રાજાને તાત્કાલિક ફાયદો તો એ થઈ ગયો કે–અનેક રાજાઓ વસુને વશવર્તી બની ગયા. તમે ય કહો છો ને કે–'ચમત્કારને નમસ્કાર !' ચમત્કારમાં મુંઝાય નહિ, એવા કેટલા ? ચમત્કારની સુણી–સુણાઈ વાતો ઉપર પણ ભરોસો મૂકીને, મિથ્યાત્વની પોષક ક્રિયાઓને આચરવા મંડી જનારા, ઘણા છે ને ?

સ૦ એવા તો ઘણા.

તમે એમાંના છો કે નહિ, એ વિચારવા જેવું છે. 'સંતાનની જરૂરથી લલચાઈને, ધનની જરૂરથી લલચાઈને, પોતાના કે પોતાના કુટુંબના કોઈ માણસના આરોગ્યને મેળવવાની લાલચથી અને કોઈ ધાર્યું કાર્ય સિદ્ધ થાય એવી લાલચથી–એવા કોઈ પણ પ્રકારની લાલચને વશ બની જઈને, કુદેવાદિને અમે કદી પણ સેવ્યા નથી અને કુદેવાદિને અમે કદી પણ સેવીએ નહિ.'–એવું યથાર્થ રૂપમાં કહી શકે, એવા જૈનો થોડા છે, એમ તો જરૂર કહેવું પડે ને? ચમત્કારને નમસ્કાર કરીને, નહિ કરવા જેવી કરણીઓને કરનારાઓની આશાઓ, પૂર્ણ જ થઈ છે અગર પૂર્ણ થાય છે જ–એવું કાંઈ નથી, પણ લાલચ આદિથી અનેક પાપોને સેવાય છે.

વસુ રાજા સત્યવાદી તરીકેની પ્રસિદ્ધિ ભોગવી રહેલ છે, તેમાં એક પ્રસંગ એવો ઉપસ્થિત થવા પામે છે કે–વસુ રાજાને અસત્ય બોલવું પડે છે અને એ અસત્યનું ઉચ્ચારણ એને પાયમાલ કરી નાખે છે. વસુ રાજાને માટે, એ પ્રસંગ, ગુરૂપુત્ર પર્વતકની ભૂલને લીધે ઉપસ્થિત થવા પામે છે.

આપણે જોઈ આવ્યા છીએ કે–જ્યારે શ્રી ક્ષીરકદમ્બક પાઠકે નિર્વેદને પામીને પ્રવ્રજ્યાને ગ્રહણ કરી, ત્યારે શ્રી નારદ પોતાના સ્થાને ચાલ્યા ગયા હતા. એ પછીથી શ્રી નારદ, પર્વતકને અને વસુને એકેય વાર મળ્યા નહોતા. ઘણા વખતે, પહેલી જ વાર, શ્રી નારદ ફરતા ફરતા પર્વતકની પાસે આવી પહોંચ્યા.

એ વખતે, પાઠકપુત્ર પર્વતક, પોતાના શિષ્યો સમક્ષ ઋગ્વેદ વિષે વ્યાખ્યાન કરી કહ્યો હતો. તેમાં 'अजैर्यष्टव्यम्'

એવી યજ્ઞ સંબંધી વાત આવી. તેની વ્યાખ્યા કરતાં, પર્વતકે, 'अजैः'નો અર્થ 'मेषैः'–એવો કર્યો.

આ સાંભળીને, શ્રી નારદે પર્વતકને કહ્યું કે–" ભાઈ! ભ્રાન્તિથી આવું કેમ ઉચ્ચારે છે? આપણા ગુરૂદેવે આ 'अजैः' પદની વ્યાખ્યા કરતાં, આપણને સમજાવ્યું હતું કે–'ત્રણ વર્ષનાં ધાન્યો, કે જે ધાન્યોને વાવવાથી તે ઉગી શકતાં નથી, એવાં ધાન્યોને અજ કહેવાય છે.' તો તું કયા હેતુથી, આપણા ગુરૂદેવે કરેલી એ વ્યાખ્યાને ભૂલી ગયો અને 'अजो वडे એટલે ઘેટાંઓ વડે' એવો અર્થ તેં ઉપદેશ્યો?"

પોતે ઉપદેશેલા અર્થને શ્રી નારદે ખોટો કહ્યો અને ગુરૂએ કેવો અર્થ કહ્યો હતો–તેનો ખૂલાસો પણ કર્યો, એ વાતને પર્વતક ખમી શકયો નહિ. આથી, શ્રી નારદના કથન સંબંધી વિચાર કરવાને પણ થોભ્યા વિના, પર્વતકે શ્રી નારદને કહ્યું કે–" તું જણાવે છે તેવો અર્થ, મારા પિતાજીએ એટલે આપણા ગુરૂદેવે કહ્યો જ નથી. તેઓશ્રીએ તો 'अजो એટલે ઘેટાંઓ' –એવો જ અર્થ કહ્યો હતો; અને, કોષોમાં પણ 'अजो એટલે ઘેટાંઓ'–એવો જ અર્થ કહેલો છે."

શ્રી નારદ કહે છે કે–" શબ્દોના અર્થોની કલ્પના મુખ્યા પણ હોય છે અને ગૌણી પણ હોય છે. 'ઘેટું' એવો 'अज' શબ્દનો અર્થ કરવો, એ મુખ્યા અર્થકલ્પના છે અને 'ત્રિવાર્ષિક ધાન્ય' એવો 'अज' શબ્દનો અર્થ કરવો, એ ગૌણી અર્થકલ્પના છે. આ સ્થાને, ગુરૂદેવે, ગૌણી અર્થ-કલ્પના કરી હતી. વળી તું વિચાર કર કે–ગુરૂદેવ પણ ધર્મના જ ઉપદેષ્ટા હતા અને આ શ્રુતિ પણ ધર્માત્મિકા જ છે; એટલે, આ શ્રુતિમાં ઘેટાંઓને હોમવાનું વિધાન હોય

નહિ અને એથી ગુરૂદેવ પણ ઘેટાંઓને હોમવાનું ઉપદેશવા જેવો અર્થ કરે નહિ; માટે હે મિત્ર ! ધર્મોપદેષ્ટા ગુરૂદેવને અને ધર્માત્મિકા શ્રુતિને અન્યથા કરવા દ્વારા, તું પાપનું ઉપાર્જન કર નહિ !"

શ્રી નારદે કહેલાં આ સુયોગ્ય અને હિતકારી વચનો, પર્વતકને પાપમાર્ગથી પાછો હઠાવનારાં નીવડવાને બદલે, પર્વતકને રોષથી ધમધમતો બનાવનારાં નીવડ્યાં.

એકાન્તે હિતકારી અને સાચાં પણ વચનો, સૌને ય હિતકારી અને સાચાં જ લાગે, એવો નિયમ નથી. સાંભળનારના હૈયાના ભાવ ઉપર પણ, વચનોની અસરનો મોટો આધાર રહે છે. સંભળાવનાર ને સાંભળનાર, બન્ને ય સારા હૈયાવાળા જોઈએ. સંભળાવનાર સારા હૈયાવાળો હોય, એટલા માત્રથી જ કાંઈ સારાં વચનોની સારી અસર થાય નહિ. સમ્યગ્દૃષ્ટિ આત્મા, સ્વરૂપે મિથ્યા એવા પણ શ્રુતને સમ્યક્ રૂપે પરિણુમાવી શકે છે; અને મિથ્યાદૃષ્ટિ આત્મા, સ્વરૂપે સમ્યક્ એવા પણ શ્રુતને મિથ્યા રૂપે પરિણુમાવનારો બને છે. સ્વરૂપે સમ્યક્ એવું પણ શ્રુત, મિથ્યાદૃષ્ટિઓના અન્તરમાં મિથ્યા રૂપે પરિણુમે, એમાં દોષ કોનો ? એ આત્માઓની પોતાની દૃષ્ટિમાં રહેલા મિથ્યાત્વનો જ ! એટલે, તદ્દન સાચાં અને એકાન્તે હિતકારી એવાં પણ વચનો, સૌ કોઈને સાચાં અને હિતકારી જ લાગે, એવું કહી અગર તો માની શકાય નહિ !

શ્રી નારદે, પર્વતકને 'ધર્મોપદેષ્ટા ગુરૂ અને ધર્માત્મિકા શ્રુતિને અન્યથા કરવા દ્વારા પાપનું ઉપાર્જન કર નહિ'– એવી શાણી શીખામણ આપી, એથી ગુસ્સામાં આવી જઈને, પર્વતક શ્રી નારદને કહે છે કે–" ગુરૂએ ઉપદેશેલા શબ્દાર્થનું

ઉલ્લંઘન કરીને, તું, ધર્મને ઉપાજે છે ? ગુરૂએ તો ' અજો ' એટલે ' ઘેટાંઓ ' એવો જ અર્થ ઉપદેશ્યો હતો, પણ મિથ્યાભિમાનથી તું ઊલટો અર્થ કરે છે. દંડનો ભય હોય તો જ, માણસો મિથ્યાભિમાનનાં વચનોને ઉચ્ચારતાં અટકે છે, એટલે આપણે ' પણ ' કરીએ. પ્રતિજ્ઞા કરીએ કે–' જે કોઈ પોતાના પક્ષનું સ્થાપન કરવામાં નિષ્ફલ નીવડે, તે પોતાની જીભને છેદાવે. ' અને આ બાબતમાં આપણે આપણા સહાધ્યાયી વસુ રાજાને, પ્રમાણ પુરૂષ તરીકે સ્વીકારીએ."

શ્રી નારદે, તરત જ, પર્વતકની એ વાતને સ્વીકારી લીધી, કેમ કે–સાચા બોલાઓને એવા પણ 'પણ'ને સ્વીકારવામાં ક્ષોભ થતો નથી.

આ પ્રમાણે, શ્રી નારદે અને પર્વતકે 'પણ' કરી લીધું અને તે પછીથી, બન્ને છૂટા પડ્યા.

શ્રી નારદ અને પર્વતકની વચ્ચે થયેલી અર્થભેદની વાતચીતને, શ્રી ક્ષીરકદમ્બક પાઠકની પત્નીએ એટલે પર્વતકની માતાએ સાંભળી હતી. તેણીને એથી બહુ આઘાત લાગ્યો હતો. પોતાના પુત્રે બહુ ભયંકર ભૂલ કરી છે અને એનું પરિણામ મહા ગંભીર આવશે, એમ તેણીને લાગ્યું હતું. આથી, તેણીએ પોતાના પુત્ર પર્વતકને એકાન્તમાં બોલાવીને કહ્યું કે–" તારા પિતાને ' અજ ' એટલે ' ત્રિવાર્ષિક ધાન્ય ' એવો અર્થ કહેતાં તો, ગૃહકાર્ય કરવામાં રત એવી પણ મેં, સાંભળ્યા હતા ! એટલે, અહંકારમાં આવી જઈને તેં જે જિહ્વાછેદનું પણ કર્યું, તે ઘણું જ અનુચિત કર્યું છે. અવિચાર્યું વર્તન કરનારાઓ, વિપત્તિઓને જ પામે છે. "

પર્વતક જો ધારત, તો પોતાની માતાના આવા કથનને

સાંભળ્યા પછીથી, પોતાની ભૂલને અવશ્ય સુધારી શકત; પાપમાં વધારે ખૂંચી જતાં બચી જવાની અને થઈ ગયેલા પાપથી નિવૃત્ત થઈ જવાની, પર્વતકને આ સુન્દર સામગ્રી મળી હતી; પણ અહંકાર આડે આવ્યો. अजैः પદનો શ્રી નારદે જે અર્થ કહ્યો, તે જ અર્થ પોતાના પિતા એવા ગુરૂએ કર્યો હતો, એવું એ પોતે જાણે છે; એની માતા પણ એમ જ કહે છે; અને તેમ છતાં પણ, પર્વતક, એ પદના પોતે કરેલા અર્થને જ વળગી રહે છે. આમાંથી, પર્વતકના આત્મપરિણામોનું સંકિલષ્ટપણું સૂચિત થઈ જાય છે. એની ભવિતવ્યતા એવી છે કે–એ મરીને નરકે જ જવાનો છે. એટલે, એને મળેલી સારી પણ સામગ્રીનો એ, પોતાના હિતમાં ઉપયોગ કરી શકતો નથી.

પર્વતક તો પોતાની માતાને એ જ કહે છે કે–'માતા! જે કર્યું તે કર્યું. ગમે તે પ્રકારે પણ એક ચીજ કર્યા પછીથી, એ કેમ થાય, એ જોવાનું હોય નહિ!'

આવા જવાબથી, પર્વતકની માતા સમજી ગઈ કે–'હવે મારો પર્વતક, પોતાની ભૂલને સુધારી લે–એ શકય નથી.' પણ એથી એના મનને શાન્તિ થઈ નહિ. ઊલટી, એની બેચેની વધી ગઈ. શ્રી નારદની સાથેની આ હોંશાતોંશીમાં, મારા દીકરા પર્વતકની જીભ અવશ્ય છેદાશે, એવી એના મનમાં ખાત્રી થઈ ગઈ હતી: કારણ કે–પોતાના પતિએ अजैः પદનો શો અર્થ કર્યો હતો–તે જાણવા સાથે, તેણી એ પણ જાણતી હતી કે–રાજા વસુ એવો સત્યવાદી છે કે–એ સાચું કહ્યા વિના રહેશે નહિ. પોતાના પુત્રની જીભ કપાશે, એ વિચારે તેણીને ખૂબ જ વિહ્વલ બનાવી મૂકી. પોતાના પુત્ર પ્રત્યેના

મોહના યોગે, એ પીડાવા લાગી; અને એથી, પુત્રને આપત્તિમાંથી ઉગારી લેવાને માટે, તેણી ગમે તેવું અયોગ્ય કાર્ય કરવાને માટે પણ તત્પર બની ગઈ. પાઠકપત્નીએ વિચાર્યું કે–મારા પુત્ર પર્વતકને આપત્તિમાંથી ઉગારી લેવાનો હવે એક જ ઉપાય છે; અને તે ઉપાય એ જ કે–રાજા વસુ ખોટી સાક્ષી પૂરે! રાજા વસુ જો નારદે કહેલા અર્થને ખોટો કહે અને પર્વતકે કહેલા અર્થને સાચો કહે, તો જ પર્વતકને માથે જે આફત ઝઝુમી રહી છે, તેમાંથી પર્વતક ઉગરી જાય.

આવો વિચાર કરીને, પાઠકપત્ની રાજા વસુની પાસે ગઈ. ઘણા કાળે પાઠકપત્નીનાં દર્શન થવાથી, રાજા વસુને ખૂબ જ આનંદ થયો. હર્ષિત ચિત્તવાળા બનેલા રાજા વસુએ, પાઠકપત્નીને કહ્યું કે–'માતા! તમારાં દર્શનથી મને મારા ગુરૂ શ્રી ક્ષીરકદમ્બકનાં દર્શન થયાં છે! કહો, હું તમારે માટે શું કરૂં અને તમને શું આપું?"

આ તકનો લાભ લેતાં, પાઠકપત્ની, રાજા વસુને કહે છે કે–'રાજન્! મને ભિક્ષામાં માત્ર મારો પુત્ર જ જોઈએ છે, તો તું તે મને આપ! હે પુત્ર! જો પુત્ર જ ન હોય, તો પછી મારે ધન અને ધાન્ય આદિ અન્ય વસ્તુઓને કરવી છે પણ શું?'

પાઠકપત્નીએ આવી રીતિએ યાચના કરવાથી, સ્વાભાવિક રીતિએ જ રાજા વસુ કહે છે કે-'માતા! આપનો પુત્ર પર્વતક મારે માટે તો પાલ્ય પણ છે અને પૂજ્ય પણ છે. શ્રુતિ પણ એમ જ કહે છે કે–ગુરૂપુત્રની સાથે પણ ગુરૂના જેવો જ વર્તાવ કરવો જોઈએ.' આ પ્રમાણેના આશ્વાસનને આપીને રાજા વસુ પાઠકપત્નીને કહે છે કે–'કોના ઉપર, અકાળે રોષે

ભરાઈને, કાળે પોતાનો મૃત્યુપત્ર ફેંકયો છે? મારા ભાઇને મારવાની ઇચ્છાવાળો કોણ છે? માતા! કહો, તમે કેમ દુઃખી છો?'

રાજા વસુની પાસેથી, આડકતરી રીતિએ, આવી ખાત્રી મેળવી લીધા બાદ, પાઠકપત્નીએ, 'અજ' શબ્દની વ્યાખ્યા બાબતનો આખો ય વૃત્તાન્ત રાજા વસુને કહી સંભળાવ્યો; જિહ્વાછેદનું જે પણ કરાયું હતું, તે વિષે પણ કહ્યું; અને, એ વાત પણ કહી કે–'પર્વતક અને નારદે તારા કથનને પ્રમાણ કરવાનું કબૂલ કર્યું છે.' આમ બધી હકીકતને જણાવીને, પાઠકપત્નીએ, રાજા વસુની પાસે પોતાના પુત્રના રક્ષણની યાચના કરતાં કહ્યું કે–'તારે જ તારા ભાઈનું રક્ષણ કરવાનું છે; અને, એ માટે તારે કહેવું કે–આપણા ગુરૂએ अजैः નો અર્થ मेषैः એવો થાય એમ કહેલું. ભાઇ! મોટા માણસો તો પોતાના પ્રાણોના ભોગે પણ પરોપકાર કરે છે, તો પછી આ તો વાણી માત્રથી થાય તેવો પરોપકાર છે!'

રાજા વસુ, પાઠકપત્નીના મુખેથી આવી યાચનાને સાંભળતાં, બહુ જ દુઃખી થઈ ગયો. તેણે પાઠકપત્નીને કહ્યું કે–'માતા! મારાથી એવું મિથ્યા વચન કેમ બોલાય? સત્યવાદિઓ તો, પ્રાણના નાશને સહવો પડે તો તેને પણ સહી લે, પરંતુ અસત્ય વચનને તો તેઓ ઉચ્ચારે જ નહિ! પાપથી ડરનારા માણસે, જ્યાં અન્ય પણ કાંઈ અસત્ય નહિ બોલવું જોઈએ, ત્યાં ગુરૂના વચનને અન્યથા કરવા રૂપ ફૂટ સાક્ષી તો, તેનાથી ભરાય જ કેમ?'

રાજા વસુએ આટલી સ્પષ્ટ વાત કરવા છતાં પણ, પાઠકપત્નીએ તો, રાજા વસુની પાસે પોતાનું ધાર્યું કરાવવાનો

જ પ્રયત્ન કર્યો. રાજા વસુને ગુરૂદ્રોહની વાત જેટલી ખટકી, તેટલી પણ પતિદ્રોહની વાત પાઠકપત્નીને ખટકી નહિ, કારણ કે–અત્યારે તેણી પુત્રમોહના જ આવેગમાં તણાઈ રહી હતી. એક તો અસત્ય બોલાવવાનું પાપ અને તેમાં સાથે પતિદ્રોહનું પાપ તથા એવા પાપને આચરવાથી મહા હિંસાની પુષ્ટિ થવાની પૂરી સંભાવના; છતાં ય, પુત્રમોહને આધીન બનેલી પાઠકપત્ની, એનો વિચાર જ કરતી નથી. વસુ રાજાએ તદ્દન સીધી વાત કરી, ત્યારે પાઠકપત્ની ઊલટી ગુસ્સામાં આવી ગઈ. તેણીએ રોષથી રાજા વસુને કહ્યું કે–'તારે તારા ગુરૂના પુત્રને વધારે ગણવો હોય, તો તેમ કર! અગર, તારા પોતાના સત્ય બોલવાના વ્રતના આગ્રહને વધારે ગણવો હોય, તો તેમ કર!' એટલે કે–તારા સત્યવ્રતના આગ્રહની પાસે, તને, તારા ગુરૂના પુત્રની જીન્દગીની કાંઈ જ કિંમત નથી.

પાઠકપત્નીએ રોષમાં આવી જઈને જે આવું કહ્યું, તે રાજા વસુથી જીરવી શકાયું નહિ! પાઠકપત્નીના આગ્રહને અને રોષને આધીન થઈ જઈને, રાજા વસુએ "ગુરૂએ 'अजैः'નો અર્થ 'मेषैः'–એવો કહ્યો હતો" એવી ખોટી સાક્ષી ભરવાનું કબૂલ કર્યું! એટલે, રાજા વસુની એ કબૂલાતથી ખૂશ થયેલી પાઠકપત્ની, પોતાના સ્થાને પાછી ફરી.

હવે, અગાઉ થયેલા નિર્ણય અનુસાર, શ્રી નારદ અને પર્વતક, અજ શબ્દના ગુરૂએ કહેલા અર્થનો નિર્ણય કરવાને માટે, રાજા વસુની પાસે ગયા.

રાજસભા મળી. રાજસભામાં જે સભ્યો મળ્યા હતા, તે માધ્યસ્થ્ય ગુણથી શોભનારા હોવા ઉપરાન્ત, વાદ અને પ્રતિવાદ કરનારા બન્નેયના વાદોમાં, સદ્વાદ કોનો છે અને

અસદ્‌વાદ કોનો છે–તેનો નિર્ણય કરવામાં ચતુર હતા. દૂધ અને પાણી–એ બેને ભેગાં કરીને જો હંસની પાસે મૂકવામાં આવે, તો હંસ એમાંથી દૂધનો ભાગ પીઈ જાય અને પાણીનો ભાગ બાકી રાખે. હંસની ચાંચમાં કુદરતી રીતિએ જ આવો ગુણ હોય છે. વસુ રાજાની રાજસભામાં મળેલા સભ્યો પણ, સદ્‌વાદને અને અસદ્‌વાદને વિભક્ત કરવાની કુનેહની બાબતમાં, હંસ જેવા હતા.

જે સભાના સભ્યોએ, કોઈ પણ વાદને અંગે નિર્ણય કરવાનો હોય, તે સભાના સભ્યોમાં જેમ માધ્યસ્થ્ય ગુણ જોઈએ, તેમ સદ્‌વાદ અને અસદ્‌વાદનો ભેદ પાડવામાં હંસની ઉપમાને પામી શકે એવી વિવેકશક્તિ પણ જોઈએ. માધ્યસ્થ્ય ગુણનો અભાવ હોય અથવા તો સદ્‌ અને અસદ્‌નો વિવેક કરવા જોગી વિચક્ષણતાનો અભાવ હોય અથવા તો એ બન્ને ય ગુણોનો અભાવ હોય, એવા સભ્યોની સભામાં વાદનો નિર્ણય કરાવવાને માટે જવાનું, કોઇ પણ ડાહ્યો માણસ તો કહેજ નહિ. વાદ જેમ જેની–તેની સાથે હોય નહિ અને જે–તે સ્થાને હોય નહિ, તેમ જેની–તેની રૂબરૂમાં પણ હોય નહિ. જે સભા સમક્ષ વાદ કરવાનો હોય, તે સભાના સભ્યોમાં માધ્યસ્થ્ય ગુણ પણ જોઈએ અને હંસ જેમ ક્ષીરને અને નીરને અલગ અલગ કરીને ક્ષીરનું પાન કરે છે અને નીરને તજી દે છે, તેમ સદ્‌વાદને અને અસદ્‌વાદને યથાસ્વરૂપે પિછાનીને અસદ્‌વાદના ત્યાગપૂર્વક સદ્‌વાદને સ્વીકારવાની વિચક્ષણતા પણ જોઈ એ.

રાજસભામાં સભ્યો એકત્રિત થયા, એટલે વસુ રાજા પણ આવ્યો અને તેણે આકાશસ્ફટિક શિલાની બનાવેલી

વેદી ઉપર રહેલા સિંહાસનને અલંકૃત કર્યું. પછી, શ્રી નારદજીએ અને પર્વતકે પોતપોતાના પક્ષનું પ્રતિપાદન કર્યું. અને આ વિષયમાં જે કાંઈ પણ સત્ય હોય, તે કહેવાની રાજા વસુને તે બન્નેએ વિજ્ઞપ્તિ કરી.

આ રીતિએ એ બન્નેએ વિજ્ઞપ્તિ કર્યા બાદ, એ રાજસભામાં જે વિપ્રવૃદ્ધો હાજર હતા, તેઓએ રાજા વસુને ઉદ્દેશીને કહ્યું કે–'રાજન્! વિવાદ હવે આપની સમક્ષ ઉપસ્થિત છે. એક કહે છે કે–અજનો, ત્રિવાર્ષિક ધાન્ય–એવો અર્થ ગુરૂએ કહ્યો હતો; અને બીજો કહે છે કે–અજનો મેષ એવો અર્થ, ગુરૂએ કહ્યો હતો. આકાશ અને પૃથ્વીની વચ્ચે જેમ સૂર્ય છે, તેમ આ બેની વચ્ચે પ્રમાણ રૂપ સાક્ષી આપ જ છો. સત્યથી જ ઘટ પ્રભૃતિ દિવ્યો વર્તે છે, સત્યથી જ વરસાદ વરસે છે અને સત્યથી જ દેવતાઓ સિદ્ધ થાય છે. આપનાથી જ લોક સત્યમાં સ્થાપિત કરાય છે, એટલે અમે આ વિષયમાં આપને શું કહીએ? આપના સત્યવ્રતને ઉચિત એવું આપ બોલો!'

વિપ્રવૃદ્ધોએ રાજાને કેવી મજેની સલાહ આપી? વિપ્રવૃદ્ધોએ થોડામાં ઘણું કહી નાખ્યું છે. રાજા જો વ્યક્તિગત શરમથી ચલ–વિચલ ચિત્તવાળો બની ગયો હોય, તો પણ તેને સત્યને ઉચ્ચારવાનું મન થઈ જાય, એવી સલાહ તેમણે આપી ને? પણ, વસુ રાજાએ વિપ્રવૃદ્ધોની આ સલાહને સાંભળી–ન સાંભળી કરી નાખી; કારણ કે–સમજપૂર્વક, ઈરાદાપૂર્વક અસત્ય બોલવાનો રાજાએ નિર્ણય કરી લીધો હતો.

વિપ્રવૃદ્ધોની સલાહને અણસાંભળી કરીને અને પોતાની સત્યવાદી તરીકેની પ્રસિદ્ધિને પણ દૂર કરી નાખીને, રાજા

વસુએ પોતાની સાક્ષી ભરતાં કહ્યું કે–'અજનો મેષ એવો અર્થ થાય, એવું ગુરૂશ્રીએ કહ્યું હતું.'

રાજા વસુએ ખોટી સાક્ષી તો ભરી દીધી, પણ તત્કાલ એની બૂરી હાલત થઈ જવા પામી. ત્યાં રહેલા દેવતાઓ, તેના અસત્ય વચનથી કુપિત થયા; અને કુપિત થયેલા એ દેવતાઓએ, આકાશસ્ફટિકના આસન ઉપર રહેલી રાજા વસુની વેદિકાના ચૂરેચૂરા કરી નાખ્યા. એથી, રાજા વસુ નીચે જમીન ઉપર પછડાઈ પડયો અને મરીને ઘોર નરકમાં ચાલ્યો ગયો.

રાજા વસુ જમીન ઉપર પટકાઈ પડતાં, 'કૂટ સાક્ષી ભરનારા–ચાંડાલ જેવા તારા મોંઢાને કોણ જુએ?'–એવી રીતિએ વસુ રાજાની નિન્દા કરતા થકા શ્રી નારદજી પણ, ત્યાંથી પોતાને સ્થાને ચાલ્યા ગયા.

રાજા વસુના અસત્યવાદથી કુપિત થયેલા દેવતાઓએ, વસુ રાજાની ગાદીએ જે જે પુત્રો બેઠા, તે તે પુત્રોને પણ હણી નાખ્યા. એમ, રાજા વસુની પરંપરામાં આઠ ગાદીવારસો હણાઈ જવા પામ્યા.

એવો બચાવ કર્મસત્તાની પાસે નહિ ચાલે :

અહીં તો વાત એ છે કે–અનૃત ભાષણ, એ પણ નરકના આયુષ્યના આશ્રવો પૈકીનો એક આશ્રવ છે. રાજા વસુ જો પોતાના સત્યવાદિપણાને વળગી રહ્યો હોત, તો તેની આવી ભયંકર દશા થવા પામત નહિ. રાજા વસુ અસત્ય બોલ્યો શા માટે? ગુરૂપત્નીના આગ્રહને વશ થઈને ને? પણ, એ ગુરૂપત્ની રાજા વસુના નરકગમનમાં આડે આવી શકી નહિ. 'મારે ખોટું નહોતું બોલવું, પણ અમુકના આગ્રહથી મારે ખોટું

બોલવું પડયું'–એવો બચાવ, કર્મસત્તાની પાસે ચાલી શકે નહિ. પાપ કરે તેને ય સજા ભોગવવી પડે, પાપ કરાવે તેને ય સજા ભોગવવી પડે અને પાપની જે અનુમોદના કરે, તેને ય સજા ભોગવવી પડે.

સમરાઇચ્ચિ કહામાં યશોધરનો પ્રસંગ આવે છે. યશોધરે કેવળ પોતાની માતાના આગ્રહથી જ કુકડાને માર્યો હતો, પણ તેને એનું ભયંકર પરિણામ કેટલા ય ભવો સુધી ભોગવવું પડયું હતું. માતાએ કુકડાને મારવાનો આગ્રહ કર્યો, ત્યારે યશોધરે પહેલાં તો ના કહીને, માતાને હિંસા નહિ કરવાની બાબતમાં ઘણું ઘણું સમજાવ્યું હતું. કુકડો મારતાં પહેલાં, મા–દીકરાની વચ્ચે તો, ઘણી ઘણી વાતો થઈ હતી; પણ આખર, માતા પ્રત્યેના મમત્વને આધીન બનીને, યશોધરે કુકડાને હણ્યો હતો.

એવા વખતે, પરિણામો ઘણા કલુષિત ભાવને પામે છે. મનને ઘણું કઠોર બનાવ્યા વિના, એવા સંયોગોમાં હિંસા થઇ શકતી નથી કે અસત્ય બોલી શકાતું નથી. પરિણામો જે સમયે ખૂબ જ કલુષિત બની જવા પામ્યા હોય, તે સમયે જો આયુષ્યનો બંધ પડે, તો દુર્ગતિના–નરકના આયુષ્યનો બંધ પડે, તેમાં નવાઈ નથી. આવા બનાવો સૂચવે છે કે–જીવે સંબંધિઓથી પણ ખૂબ જ સાવધ રહેવું જોઇએ. રાગ અને દ્વેષ–બન્ને ય ખરાબ છે. રાગ અને દ્વેષ ઉદયમાં તો છે જ, પણ આપણે સાવધ બની જઈએ, તો રાગ અને દ્વેષ ખરાબી તો ન કરી શકે, પણ હિતની સાધનામાં સહાયકેય બની શકે. એ માટે, વિવેકની જરૂર છે. સાધવા યોગ્ય શું છે અને તજવા યોગ્ય શું છે–એનો વાસ્તવિક પ્રકારનો નિર્ણય કરી

લેવો જોઇએ અને સાધવા યોગ્યને સાધવા તરફ જ લક્ષ્ય રહે, એ માટે પ્રયત્નશીલ બનવું જોઈએ. તમે જુઠ્ઠું નથી જ બોલતા, એવું તો કહી શકાય તેમ નથી ને? પણ, તે રસપૂર્વક બોલો છો કે નહિ? યોજનાપૂર્વક બોલો છો કે નહિ? સંજોગોવશાત્ અસત્ય બોલવું પડતું હોય, તો ય તેનો તમારા હૈયામાં ખટકારો રહે છે કે નહિ? એમ થાય છે કે-કયારે હું આ બધા સંયોગોથી છૂટી જાઉં, કે જેથી મારે થોડું પણ અસત્ય બોલવું પડે નહિ? આ બધી વાતો તમારે જ વિચારવાની છે. 'જે કોઈ અસત્ય બોલે તે નરકે જ જાય'-એવો નિયમ નથી; પરન્તુ અસત્ય વાદમાં, નરકે લઈ જવાની પણ તાકાત છે. એમાં, આત્માના પરિણામોની સાથેનો સંબંધ, એ બહુ અગત્યની વસ્તુ છે. અસત્ય બોલવું જ નહિ-એવી અવસ્થાને મેળવવાની મહેનત કર્યા કરતા હો અને ન છૂટકે સામાન્ય અસત્ય બોલવું પડે ત્યારે ય હૈયું કંપતું રહેતું હોય તેમ જ તેવું અસત્ય બોલ્યા પછીથી ય તેનો પશ્ચાત્તાપ થતો રહેતો હોય, તો માત્ર અસત્ય વચનમાં નરકે ઘસડી જવાની તાકાત નથી, પરન્તુ આત્માના પરિણામો બગડે, તો અસત્ય વચન નરકે પણ ઘસડી જાય!

પરદ્રવ્યનું હરણ પણ નરકનું કારણ બને:

પરદ્રવ્યનું હરણ, એ પણ નરકના આયુષ્યના આશ્રવો પૈકીનો એક આશ્રવ છે. સંસારમાં બેઠેલો જીવ, નીતિ આદિને જાળવવા પૂર્વક યોગ્ય ધંધા આદિથી પૈસા પેદા કરતો હોય, તો તે પરદ્રવ્યનું હરણ કરે છે-એવું કહેવાય નહિ. તમારે, ધન નહિ લેવું-એવું પચ્ચક્ખાણ નહિ; પણ કોઈનું પણ

ધન અનીતિથી નહિ લેવાનું તો પચ્ચક્ખાણ ખરું ને? ઘરમાં જેટલું અનીતિથી આવ્યું હોય, તે રાખવું ગમે તો નહિ ને?

સ૦ આજે પ્રધાન ચીજ અનીતિ બની ગઈ છે.

કેમ કે–અનીતિ કર્યા વિના કમાઈ શકાય જ નહિ, એવો સિદ્ધાન્ત નક્કી કરી લીધો છે! આજે, મોટે ભાગે, અનીતિનો ડર અનીતિ ખાતર તો રહ્યો જ નથી. અનીતિ નહિ કરવા ખાતર અનીતિ નહિ કરવી–એ જુદી વસ્તુ છે અને ભયન. માર્યા અનીતિ નહિ કરવી–એ જુદી વસ્તુ છે. આજે, અનીતિ આચરતાં કંપારી આવે અને અનીતિને આચર્યા પછી એ ડંખ્યા કરે, એવા માણસો નથી-એમ તો નહિ જ, પણ એવા માણસો થોડા–એમ તો ખરું ને? ઉઘાડી રીતિએ કે બાનગી રીતિએ, પણ કોઈને ય છેતરીને તેનું દ્રવ્ય લઈ લેવું, એમાં કેટલું મોટું નુકશાન થવાનો સંભવ છે, એની તમે કદી કલ્પના સરખી પણ કરી છે ખરી? તમે કોઈથી ઠગાવ, તો તમને એમ થાય ને કે–સાલા આવા લુચ્ચા કેટલા હશે? તો પછી, તમે જ્યારે એવી રીતિએ બીજાને છેતરો, ત્યારે એને શું થાય? છેતરપીંડી કરનારાના પરિણામો કેવાક થાય? છેતરપીંડી કરવાનો રસ થઈ ગયા પછી, એનો ચસકો લાગી ગયા પછી, મન કયા વિચારોમાં રમ્યા કરે? એમાં, પારકાના હૈયામાં છેતરાવાથી જે દુઃખ થાય, તે દુઃખ તરફ બેદરકારી કેટલી? ત્યારે હૈયું કઠોર બને ખરું કે નહિ? અને, એમ હૈયું કઠોર બની જાય, તો તમારી ગતિ કયી થાય? પોતાના કારણે બીજાને દુઃખ થાય અને આત્મામાં એ તરફ બેદરકારી આવી જાય, તો તેમાં હિંસક ભાવ પણ આવી જ ગયો. અનૃત ભાષણ અને પરદ્રવ્યનું હરણ, એ વગેરેને હિંસક

ભાવનો યોગ મળી જાય, તો એ બધાં નરકનાં કારણો પણ બની જાય, એ સુસંભવિત છે. આજે, અનીતિ એવી સર્વ-સામાન્ય બનતી જાય છે કે–એને સેવતાં, અરેરાટીનો અનુભવ કરનારાઓ પણ થોડા હશે, એમ લાગે છે.

પંડિત ચોર :

અનીતિ સેવવા યોગ્ય નથી જ, સહવું પડે તે સહવું –એ સારૂં, પણ અનીતિ સેવવી–એ સારૂં નહિ, આવી મનો-વૃત્તિ તો હોવી જ જોઈએ; અને આવી મનોવૃત્તિ હોય તો જ, કદાચ સંયોગવશાત્ અનીતિ સેવાઈ પણ જાય, તો ય તેમાં હિંસક ભાવ ભળે નહિ.

પેલા ચોરી કરવા જનારા પંડિતને યાદ કરો. એ પંડિત સાચો પંડિત હતો, કારણ કે-પાપભીરૂ હતો. ગમે તેટલું ભણેલો ગણેલો માણસ પણ જો પાપથી ડરનારો ન હોય, તો એનું ભણતર એ સાચું ભણતર જ નથી. ભણતર, એ માટે જ ઉપયોગી છે કે–એના યોગે જીવ અનાચરણોથી વિમુખ બને અને સદાચરણોની સન્મુખ બને. ભણતરનો ખરો ગુણ જ એ છે કે–એ ભણનારને પોતાને પણ તારે અને બીજ-ઓને પણ એ તારનારૂં બને. જે ભણતર ભણનારને પોતાને નુકશાન કરે, તે બીજાઓને પણ પ્રાયઃ નુકશાન જ કરે ને? ત્યારે, ભણતર કલ્યાણકારી કયારે બની શકે? ભણતરના યોગે જીવમાં પાપભીરૂતાનો ગુણ પ્રગટે તો જ ભણતર કલ્યાણકારી બની શકે ને? ભણેલો ગણેલો માણસ જો પાપથી ડરનારો ન હોય, તો એનું ભણતર એને પોતાને અને બીજાઓને પણ નુકશાન કરનારૂં નિવડે, તે સ્વાભાવિક છે : કારણ કે–

પોતાના ભણતરનો ઉપયોગ, એ, અનાચરણોને આચરવાની યોજનાઓ ઘડવામાં, અનાચરણોને આચરવામાં અને બીજાઓને છેતરવા આદિમાં કરે.

પેલો પંડિત પાપભીરૂ હતો, પણ એને પાપનો ઉદય જબરો હતો. પાપના ઉદયકાળમાં પાપભીરૂતા હોય, તો પાપનો ઉદયકાળ આત્માનો ઉદયકાળ લાવવામાં સહાયક બની જાય, એ સુસંભવિત છે. પંડિત વર્ત્તમાનમાં પાપભીરૂ હતો, પણ એ પંડિતના આત્માએ પૂર્વે એવું પાપ આચરેલું અને લાભાન્તરાય કર્મ એવું ઉપાર્જેલું, કે જેના ઉદયને કારણે, એ પંડિતને માગવા છતાં ય મહેનત મળતી નહિ અને રખડવા છતાં ય રોટી મળે તો મળે, એવું બનતું.

એ પંડિત, મહા મુશીબતે, પોતાનો અને પોતાની પત્નીનો તથા પોતાનાં બાળકોનો ગુજારો કરતો હતો. એમાં, લાભાન્તરાય કર્મનો એવો ઉદયકાળ આવી લાગ્યો કે-રોટી ય દુર્લભ બની ગઈ. રોટી રળવાને માટે રખડી રખડીને પંડિતને ખાલી હાથે પાછા ફરવું પડે-એવા દિવસો આવી લાગ્યા. પોતે ય ભૂખ્યો અને ઘરમાં ય બધાં ભૂખ્યાં, છતાં પંડિત ગમે તે પ્રકારે રોટી મેળવવી-એવો વિચાર કરતો નથી.

તમે આટલી હદ સુધી ટકી શકો ખરા? તમે કદાચ અનીતિ કરો તો ય ન છૂટકે જ કરો ને? પેટપૂર અનાજ અને અંગ ઢાંકવાને વસ્ત્ર હોય, ત્યાં સુધી તો અનીતિ કરો નહિ ને?

સ૦ આ તો બહુ મોટી વાત થઈ ગઈ.

આ વાત પણ જો બહુ મોટી હોય, તો તમારે માટે નાની વાત કયી છે? ભરણપોષણ જેટલું મળતું હોય અગર મળે તેમ હોય, તે છતાં ય અનીતિ કરવી, એ શું માણ-

સાઈ છે ?

સ૦ લોભની વાત મોટી છે ને ?

એટલે જરૂરીયાત ખાતર, નબળાઇ ખાતર જ અનીતિ કરાય છે–એમ નહિ, પણ લોભ મોટો છે અને એથી અનીતિ કરાય છે, એમ ને ? લોભને આધીન બનેલો અને માત્ર લાભમાં જે આનંદ માનનારો, પોતાના લાભને માટે હિંસકાદિ ભાવોમાં રમે, તો તેમાં પણ નવાઇ નથી અને એના યોગે એ દુર્ગતિમાં ઘસડાઈ જાય તો, એમાં પણ નવાઈ નથી.

પેલા પંડિતને અને એના કુટુંબને ભૂખ્યે મરવાનો વખત આવી લાગ્યો. ભૂખનું દુઃખ, એ જેવું-તેવું દુઃખ હોતું નથી. પંડિત તો ચેન કેન પોતાના દુઃખને સહી રહ્યો છે, પરન્તુ પંડિતાણીની ધીરજ ખૂટી જાય છે. પોતાનાં છોકરાં ભૂખનાં માર્યાં ટળવળી રહ્યાં છે, એ પંડિતાણીથી સહન થતું નથી.

છોકરાં થાકીને જ્યારે ઉંઘી ગયાં, એટલે પંડિતાણીએ પંડિતને કહ્યું કે–‘ આ મારાથી જોયું જતું નથી. તમારા પેટમાં ખાડો અને મારા પેટમાં ય ખાડો–એ તો ઠીક, પણ આ છોકરાંઓ ભૂખે મરે, એ કેમ સહન થાય ?

પંડિત કહે છે કે–‘ તારી વાત તદ્દન સાચી છે. હું પણ લાચાર છું. રોટી માટે ઘણું રઝળું છું, પણ માગી મહેનતેય ના મળે, ત્યાં કરવું શું ? કર્મની કઠણાઇ એવી છે કે–મને, મજુરી માગું છું તો મજુરી પણ મળતી નથી ! ’

પંડિતાણી કહે છે કે–‘ તો બીજો ઉપાય કરો ! ’

પંડિત કહે છે કે–‘ બીજો ઉપાય હોય તો ને ? ’

પંડિતાણી કહે કે–‘ મજુરી નથી મળતી, તો ચોરી

કરતાં ય આવડે છે કે નહિ ?'

પંડિત કહે છે કે-' ચોરી કરતાં તો આવડે, પણ ચોરી કરાય નહિ. '

એટલે, પંડિતાણી કહે છે કે-' ત્યારે શું છોકરાઓને ભૂખ્યાં મારી નખાય ? મજુરી મળે નહિ અને ચોરી થાય નહિ, તો આ બધાંને જીવાડવાં શી રીતિએ ? '

પંડિત અને પંડિતાણી વચ્ચે ઘણી રકઝક ચાલી. છોકરાંઓ પ્રત્યેની દયાની વાતને આગળ કરીને, પંડિતાણીએ પંડિતને ચોરી કરીને પણ ખાવાનું લઈ આવવાને માટે ઉભો કર્યો. પંડિત પણ સંજોગોની વિષમતાનો વિચાર કરતો કરતો, ચોરી કરવાને માટે નીકળ્યો.

ચોરી કરવાને માટે નીકળવા છતાં પણ, પંડિત વિચાર કરે છે કે-' કયાંકથી એક દિવસ પેટ ભરાય એટલું જો મળી જાય, તો બસ છે. ' કારણ કે-ચોરી કરવાને નીકળ્યો છે, પણ ચોરી કરવી એ સારૂં નથી-એવું મનમાં બેઠેલું જ છે.

પોતાના સ્થાનેથી નીકળીને, પંડિત એક ઝુંપડીની પાસે આવી પહોંચે છે. એ ઝુંપડીની બહાર કંથા પડેલી છે. એ કંથાને જોઈને, પંડિત વિચાર કરે છે કે-' જો આ કંથાને હું ચોરીને લઈ જાઉં અને સવારે આને વેચી નાખું, તો એક દિવસને માટે અમારા સૌનું પેટ ભરાય એટલું તો મળી રહે ! ' ત્યાં તો, એ ઝુંપડીમાં રહેનારાં ધણી-ધણીયાણી વચ્ચે ચાલતી વાતચીતનો અવાજ પંડિતને સંભળાયો. પંડિત એ વાતચીત સાંભળવાને માટે જરા નજદીકમાં ગયો. એ ધણી-ધણીયાણી એવી વાતચીત કરતાં હતાં કે-' ઘરમાં આવતી કાલે ખાવાને માટે કાંઈ છે નહિ; કાલે જો કાંઈક રળી લાવીશું, તો જ

આપણે રોટલા ભેગાં થઈશું.'

ઝુંપડીમાં થતી આવી વાતચીતને સાંભળીને, પેલા પંડિતે, કંથા ચોરવાના પોતાના નિર્ણયને તજી દીધો. એને થયું કે–' આવાં દુઃખી માણસોની ચીજને ચોરાય જ કેમ ? આજે અમે બધાં ભૂખ્યાં છીએ, પણ કાલે આ બેને ખાવાનું ન મળે, તો આ બેનું શું થાય ? વળી, આવાં દુઃખી માણસોને પોતાની કંથા જાય, તો ય તેથી કેટલો બધો આઘાત લાગે ?'

પારકું ધન ચોરવા જાય, છતાં હૈયામાં દયા રહી શકે, એવું પણ બને કે ? એવું ય બને; એવું ન જ બને–એમ નહિ; પણ એવું કયારે બને–એ વિચારવાની જરૂર છે. ચોરી કરવા લાયક નથી, એ વાત હૈયે હોવી જોઈએ. મારૂં ચાલત તો હું ચોરી કરવાને માટે નીકળત નહિ, એવો ખ્યાલ સજીવ હોવો જોઈએ. જેમ મારા દુઃખને હું નથી સહી શકતો અને એથી મારે ખરાબ પણ કામ કરવું પડે છે, તેમ બીજાઓ પણ દુઃખને સહી શકે નહિ–એ શકય જ છે; માટે, મારે બીજાઓને મારાથી દુઃખ થાય નહિ–તેની કાળજી રાખવી જોઈએ, એવી મનોવૃત્તિ હોવી જોઇએ.

તમે બજારમાં બેઠા હો, ધંધો કરતા હો, પણ કોઈનું ય હક્ક વગરનું લેવું તે પાપ છે–એવું તો તમારા હૈયામાં બેઠેલું હોય ને ? તમે કેમ કમાવ છો–એ વાત નથી પૂછતો, તમે પૈસા કેમ રાખ્યા છે અને પૈસા શું કામ રળો છો–એ વાત પણ નથી પૂછતો, પણ આટલું તો હૈયામાં ખરૂં ને કે–મને કોઈનું ય બીનહક્કનું, અનીતિથી લીધેલું ખપે નહિ ? કોઇનું ય બીનહક્કનું અન્યાયાદિથી પડાવી લેવું, એ મહા પાપ છે–એટલું તો તમારા હૈયામાં રહે ને ? તમે આવું માનતા હો

અને આ મુજબ વર્તવાનો પ્રયત્ન કરતા હો, તો તમે બજારમાં શાહુકારીથી ફરી શકો.

શ૦ આમેય શાહુકાર તો કહેવાય છે.

એ તો અનીતિનું પ્રમાણ ઘણું વધી ગયું છે એથી! બાકી તો, અનીતિ કરનારાઓ પણ પાછળ વાત તો કરે છે કે–અમુક માણસ વેપારી નથી, પણ લૂંટારૂં છે.

સ૦ કોઇને ગરજ હોય અને વધારે વ્યાજ આપી જાય, તો તે બીનહક્કનું કહેવાય?

તમે જ વિચારો ને કે–એની જગ્યાએ તમે હો અને તમારે એવી રીતિએ વધારે વ્યાજ આપવું પડે, તો તેથી તમારી આંતરડી કેટલી બધી કકળી ઊઠે? કોઇ તમારૂં ગળું દાબે અને એ વખતે તમે એને એ જે માગે તે આપો, તો તે આપ્યું કહેવાય? એણે કચાં ચોરીછપીથી લીધું છે? તમારા હાથે જ તમે આપ્યું છે અને એણે લીધું છે, છતાં તમે શું કહો? એવી ફસામણ ઉભી કરવી કે–પેલાને તમે માગો તે આપ્યા વિના છૂટકો થાય નહિ, લાચારીથી તે આપી પણ દે, પણ એ લેવું એ તમને શોભે ખરૂં? એના હૈયાના દુઃખની અને તમારા હૈયાની ક્રૂરતાની કલ્પના તો કરી જુઓ! તમે ગૃહસ્થ છો, સંસાર માંડીને બેઠા છો, વેપાર નથી કરવાના–એ બનવાનું નથી, એમ તો બરૂં ને? વાણિયો મુડી ખાય ને બેસી રહે, એ બને? કહેવાય છે કે–વાણિયાના સ્વભાવમાં મુડી ખાઈને બેસી રહેવાનું હોય નહિ; છેવટે કાંઈ નહિ, તો ય બાવા જોગું રળવાને માટે મથ્યા વિના વાણિયો રહે નહિ; એટલે, તમે ધંધો કરો જ નહિ, એવું તો કહેવાય એવું નથી ને? પણ, ધંધો કરતાં દયાની ભાવનાને ટક્કર

લાગે નહિ, એની કાળજી રાખવાનું તો કહેવાય ને? પેલો પંડિત, ચોરી કરવાને નીકળ્યો હતો, તો ય પોતાની દયાભાવનાને આંચ આવે નહિ–એની કાળજી રાખે છે; અને તમે વેપાર કરતાં ય એટલી કાળજી રાખો કે નહિ?

તમારામાં કોઈ, એ પંડિત જેવો દુઃખી તો નથી જ, પણ એ પંડિત જેવા હૈયાવાળા તમારામાં કેટલા છે? તમે તો તમારો જ વિચાર કરો કે–'હું એવો છું કે નહિ?' ખાલી બીજાની પંચાતમાં પડવું નહિ. અહીં તમે સાંભળવાને આવો છો, તો તે તમારે માટે આવો છો કે બીજાઓને માટે? ઉપદેશ લેવા આવો છો કે ઉપદેશ દેતાં શીખવા આવો છો? પોતાને માટે નહી સાંભળનારા અને પારકાને માટે સાંભળનારાને તો, સારામાં સારો ઉપદેશ પણ, પ્રાયઃ કશી જ સારી અસર કરનારો નીવડે નહિ.

પેલો પંડિત કંથા લીધા વિના જ ચાલી નીકળ્યો આગળ. પંડિતે ત્યાં જ નક્કી કરી લીધું કે–'કોઈ પણ ગરીબને ઘેર તો ચોરી કરવી જ નહિ. ચોરી કોઈ એવા શ્રીમંતને ત્યાં કરવી, કે જેથી એને એની કોઈ ચીજ જાય તો ય દુઃખ થાય નહિ. મારે કાંઈ બહુ મૂલ્યવાન ચીજ જોઈએ છે–એવું નથી; અને શ્રીમંત માણસને ત્યાં તો ઘણી ઋદ્ધિ હોય, એટલે એને ત્યાં ચોરી કરી હોય, તો એને કશો વાંધો આવે નહિ અને મારું કામ થઈ જાય.'

કેવો માણસ છે આ? નીકળ્યો છે શું કરવાને? ચોરી કરવાને! છતાં વિચાર કેવો કરે છે?

સ૭ આવાઓને તો આજે વેદીયા કહેવાય છે

વિવેકી આત્માઓને વેદીયા કહેનારાઓ કેવા પાપાસક્ત

હોય, એ જાણો છો ? જેના હૈયામાં પાપનો રસ હોય, તેને જ આવા વિચારકો વેદીયા લાગે. ચોરી કરવાને માટે નીકળવા છતાં ય, એનું હૈયું કેવું છે–એ જોવા જેવું છે. વિવેકસંપન્ન આત્માઓ પણ, સંજોગવશાત્ પાપાચરણને આચરે–એ સંભવિત છે; પરન્તુ એ આત્માઓનું હૈયું પાપાચરણને આચરતાં પૂર્વે, પાપાચરણને આચરતી વેળાએ અને પાપાચરણને આચર્યા પછીથી પણ, પાપથી વિરક્ત ભાવવાળું હોય છે. વિવેકી જ તે કહેવાય, કે જેને પાપને આચરવું પડે ને એ પાપને આચરે, તો ય પાપને આચરતાં પૂર્વે, પાપને આચરતી વેળાએ કે પાપને આચર્યા પછીથી પણ, પાપના રસને અનુભવે નહિ ! અને, જેને 'આ ઠીક નહિ' 'ન થાય તો સારૂં'–એવું એવું થયા જ કરે ! સમ્યગ્દર્શન ગુણને પામેલા પુણ્યવાનો, સંસારને ન જ સેવે–એમ નહિ; ભોગોપભોગોને ન જ ભોગવે–એમ નહિ; પાપકરણીઓને કરે જ નહિ–એમ નહિ; પરન્તુ, એમાં એને કદી પણ ઉપાદેયપણાના રસનો અનુભવ થાય જ નહિ.

હવે પેલો પંડિત, ફરતો ફરતો એક આલીશાન મકાનની પાસે આવી પહોંચ્યો. મકાનને જોતાં જ લાગે કે–આ કોઈ મોટા શ્રીમંત માણસનું મકાન છે. પંડિતે એ મકાનમાં પેસીને ચોરી કરવાનો નિર્ણય કર્યો. એ માટે તે, છૂપી રીતિએ મકાનની પાસે જઈને, મકાનમાં પેસવાનો માર્ગ શોધવા લાગ્યો. એણે જોયું કે–એક કમરામાં દીવો સળગે છે, એટલે તે અંદરની હીલચાલને જાણવાને માટે લપાઈને ઉભો રહ્યો.

ત્યાં એક બાઈ બોલી કે–'હવે કયાં સુધી ઉજાગરો કરવો છે ? મધરાત પણ વીતવા આવી.'

એના જવાબમાં પુરૂષે કહ્યું કે–'ઉંઘવું તો મને ય ગમે છે, પણ ચાર આનાનો મેળ મળતો નથી, તે મેળ શોધું છું.'

બાઇ કહે કે–'જહન્નમમાં ગયો તમારો ચાર આનાનો મેળ! ચાર આનામાં શું લૂંટાઈ ગયું? ખર્ચ ખાતે લખી કાઢો.'

એ વખતે, ઘણા જ કર્કશ સ્વરે પેલા પુરૂષે કહ્યું કે–'હું વાણિયો છું, કુંભાર નથી. ચાર આના કાંઈ મફતમાં આવતા નથી. બૈરાંને શી ખબર કે–પૈસા કેમ રળાય છે? તારી માફક કર્યું હોત, તો ભીખ માગવી પડત ભીખ. ચાર આના ખૂટે ને મને ઉંઘ આવે, એ બને નહિ.'

ચોરી કરવાને માટે નીકળેલો પંડિત, વાણિયા–વાણિયણની વાતચીતને સાંભળીને, દુઃખી થઈ ગયો. એ વિચારવા લાગ્યો કે–'આ જીવને ધનની મૂર્ચ્છા કેટલી બધી છે? એક ચાર આના માટે, ઉંઘને જતી કરનારો આ વાણિયો, એની ચીજ ચોરાઈ ગયાનું જાણીને તો, જીવ આપવાને જ તૈયાર થઈ જાય ને? આવાને ત્યાં ચોરી કરવી, એ ઠીક નહિ. અહીં ચોરી કરૂં, તો આને શોકમાં નાખવાનું પાપ મને લાગે.'

આવો વિચાર કરીને, પંડિત, ત્યાંથી પણ પાછો ફર્યો. પણ, આજે એને ખાલી હાથે પાછા ફરવાનું દિલ થતું નથી, કેમ કે–ઘરેય ભૂખમરો ચાલી રહ્યો છે. 'હવે કયાં જવું?' –એ વિષે વિચાર કરતાં કરતાં, પંડિતે 'રાજાને ત્યાં જ ચોરી કરવાને માટે જવું'–એવો નિર્ણય કરી લીધો.

પંડિત ચાલ્યો રાજમહેલ તરફ. રાજમહેલની પાસે આવીને તે દિવાલ ઉપર ચઢ્યો. પંડિત હુંશીયાર પણ હતો અને હિંમતબાજ પણ હતો. એને અનીતિ નહોતી કરવી માટે એણે

અત્યાર સુધી અનીતિ નહોતી કરી; બાકી એને અનીતિ કરતાં નહોતું આવડતું, એવું તો હતું જ નહિ ! ધીરે ધીરે પંડિત રાજમહેલના ઝરૂખા ઉપર પહોંચી ગયો. રાજમહેલના રક્ષકોમાંનો કોઈ, એને જોઈ પણ શકયો નહિ.

પંડિત, રાજમહેલના ઝરૂખામાં પહોંચ્યો. અંદર જોયું, તો રાજા જાગતો હતો. રાજા વિદ્વાન હતો. એ વખતે એ એક પોતાનું જ કાવ્ય રચી રહ્યો હતો. એમાં એણે ત્રણ પાદો લખ્યાં હતાં અને ચોથું પાદ કયું લખવું, તે રાજાને સૂઝતું નહોતું. રાજા વારંવાર ત્રણ પાદોને વાંચતો અને અટકી જતો. એને એ શ્લોકના ચોથા પાદને માટે કોઈ વિગત જડી નહિ, એટલે થાકીને એ સૂઈ ગયો.

રાજા પોતાનાં લખેલાં ત્રણ પાદો વાંચતો હતો, તે આ પંડિતે સાંભળ્યાં હતાં. રાજાએ એમાં પોતાની સુખસામગ્રીનું વર્ણન કર્યું હતું. મારી પત્ની કેવી છે ? રંભા જેવી રુપવતી છે અને રતિકળામાં પ્રવીણ છે ! શૃંગાર સજવામાં પણ એની તોલે કોઈ આવે નહિ, એવી છે ! મારી સંપત્તિ પણ કેવી છે ? ઘણી વિપુલ અને મનને આનંદ આપે એવી છે ! મારા સેવકો પણ કેવા છે ? મારા સેવકો મારી આજ્ઞાને તરત જ તાબે થનારા છે; અને, મારા સઘળા સ્નેહી જનો પણ એવા છે, કે જેઓ મને અનુકૂળપણે વર્તનારા છે !

આટલું વર્ણવ્યા પછી, હવે શું વર્ણવવું–એ રાજાને સૂઝયું નહિ; પણ, ચોરી કરવાને માટે આવેલા પંડિતને તો એ તરત જ સૂઝયું. પંડિત વિચાર કરે છે કે–'આ રાજા વિદ્વાન છે, પણ વિવેકી નથી. આ બધું મળ્યું છે, એમાં રાજા ભાન ભૂલી ગયો છે અને એથી જ આ રાજા જે સમયે પરમાત્માને

યાદ કરવા જોઈએ, તે સમયે આ બધી વસ્તુઓને યાદ કરવામાં રાચે છે. રાજા એટલું પણ ભૂલી ગયો છે કે–એ એક દિવસ મરવાનો છે અને એ વખતે આમાંનું કાંઈ જ એની સાથ કરવાનું નથી! બરોબર, આ રાજાને મારે જાગ્રત કરવો જોઈએ.'

એ જ વખતે, પંડિતને પોતાનો ખ્યાલ આવે છે. એને એમ થાય છે કે–'ચોર શિખામણ દે, તેની અસર થાય નહિ! પહેલાં મારે ચોરી નહિ કરવાનો નિર્ણય કરી લેવો જોઈએ અને તે પછી રાજાને શિખામણ દેવી જોઈએ.'

પંડિતે, મનમાં ને મનમાં નિર્ણય કરી લીધો કે–'મારે ચોરી કરવી નહિ!' અને તે પછી રાજા બરાબર ઊંઘમાં આવી જાય, તેની રાહ જોતો એ પંડિત ત્યાં થોભ્યો. રાજા બરાબર ઊંઘમાં આવી ગયો, એટલે પંડિતે રાજાના કમરામાં જઈને, રાજાએ લખેલાં ત્રણ પાદોની નીચે ચોથું પાદ લખ્યું. એ ચોથા પાદ દ્વારા પંડિતે રાજાને જણાવ્યું કે–'રાજન્! મરણ આવ્યું અને એથી જ્યાં તારાં નેત્રો મીંચાયાં, એટલે આમાંનું કાંઈ જ તારું નથી!'

ચોથું પાદ લખીને, પંડિત જેવો આવ્યો હતો તેવો જ રાજમહેલની બહાર નીકળી ગયો. રાત્રિ પૂરી થવા આવી હતી. તે પોતાના સ્થાને પાછો ફર્યો, ત્યારે પંડિતાણીએ તેને પૂછ્યું કે–'શું લઈ આવ્યા?' પંડિતે આખી રાતનો વૃત્તાન્ત તેણીને કહી સંભળાવ્યો.

પછી તો, એ પંડિતનું નસીબ ખૂલી ગયું. રાજાએ જાગીને જ્યારે ચોથું પાદ વાંચ્યું, ત્યારે તેને એની બહુ જ સારી અસર થઈ! એને લાગ્યું કે–'મારા કોઈ ઉપકારિએ

મને મારી મોહનિદ્રામાંથી જગાડ્યો !' આથી, એણે આ ચોથું પાદ લખનારની શોધ કરાવવા માંડી. રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે–'મારા મહેલમાં આવીને રાતના જે કોઈ ચોથું પાદ લખી ગયું હોય, તે રાજસભામાં હાજર થાય !' પેલો પંડિત ગયો રાજા પાસે. રાજાએ તેની હકીકતને સાંભળીને, તેનું ભારે સન્માન કર્યું તથા રાજસભામાં તેને ઉચ્ચ પદે સ્થાપિત કર્યો.

ધર્મ કરનારાઓને :

આપણી વાત તો એ છે કે–પેલો પંડિત શું કરવાને નીકળ્યો હતો ? ચોરી કરવાને ! છતાં કયાંય ચોરી કર્યા વિના એ પાછો કેમ ફર્યો ? કારણ કે–એનું હૈયું ઠેકાણે હતું. એનું હૈયું પાપભીરૂ હતું અને એથી દયાળુ હતું ! ચોરી કરનારાઓ મોટે ભાગે નિર્દય હોય છે. પારકાનું ધન પડાવી લેવાની વૃત્તિ આવી, એટલે મૃષાવાદ આદિની વૃત્તિ આવી જ જાય અને દયાભાવ ઉપર પણ ઘા પડ્યા વિના રહે નહિ. પરધનહરણની અને મૃષાવાદની વૃત્તિ જેનામાં આવે, તે ન્યાયાસનની પાસે ઈશ્વરના સોગંદ ખાઈને પણ જુઠ્ઠું બોલે ને ? પરમાત્માનો ય દ્રોહ કરે ને ? આત્માના પરિણામો કેટલા બધા કિલષ્ટ બની જવા પામે ? બીનહક્કનું અને અનીતિનું ધન તો ન જ જોઈએ–આ વાત હૈયે હોય, તો એથી ઊલટું વર્તન કરતાં હૈયું કમ્પારી અનુભવે; પણ. ગમે તે રીતિએ ગમે તેનું પડાવી લેવાની વૃત્તિ હોય, તો શું થાય ? પરધનહરણ પણ નરકે લઈ જવાને સમર્થ બને છે, પણ તેમાં આત્માના પરિણામો સંકિલષ્ટ બને છે ત્યારે જ ! તમે ભૂલ કરતા હો, તો ય આત્માના પરિણામોને કુણા રાખવા તરફ તો જરાય

બેદરકાર બનતા નહિ ! એ માટે, સંસારમાં જીવવું તો ય પ્રમાણિકપણે જીવવું, એવી મનોદશા કેળવો. ધર્મ કરનારાઓએ તો ધર્મને ઐબ લાગે નહિ, એની પણ કાળજી રાખવી જોઈએ. તમે અનીતિ આદિ કરો અને એથી બીજાઓ ધર્મની નિન્દા કરે, તો એ ધર્મનિન્દામાં તમારો પણ હિસ્સો ગણાય ને ? દ્વેષી લોકો ધર્મની નિન્દા કરે, પરન્તુ તેમાં આપણી ભૂલ–આપણી અયોગ્ય કાર્યવાહી નિમિત્ત બને નહિ, એની તો કાળજી રાખવી જ જોઈએ. કોઈની અનીતિના નામે ધર્મની નિન્દા કરનારાઓ તો, તેમના હૈયામાં ધર્મનો દ્વેષ છે–એવું જ તેમના વર્તનથી પ્રગટ કરે છે, પણ અજ્ઞાન લોક એવું ઓછું સમજે.

વારંવાર મૈથુનસેવન અને અવશેન્દ્રિયતા :

હવે કહે છે કે–નરકના આયુષ્યના આશ્રવોમાં, વારંવાર મૈથુનનું સેવન કરવું તેનો તથા અવશેન્દ્રિયતાનો પણ સમાવેશ થાય છે. કામની સેવા જેને વખતો વખત કર્યા વિના ચેન પડતું ન હોય, તેને દુનિયામાં પણ લંપટ અને કામાસક્ત આદિ કહેવાય છે. અતિશય કામલંપટપણું જીવને ઘસડીને નરકમાં લઇ જાય, તેમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી. સમજુ માણસો, વિષયસેવનની ક્રિયા નહિ કરવી જોઈએ–એમ માને છે; અને એથી તેઓ, કદાચ વિષય–સેવનની ક્રિયા ક્વચિત્ ક્વચિત્ કરતા પણ હોય, તો ય તેઓ તે વિષયસેવનની ક્રિયાને પ્રાયઃ નિરૂપાયે જ કરે છે. તેઓને, કોઈ, પોતાને કામી તરીકે ઓળખે નહિ–તેની પણ કાળજી રહ્યા જ કરે છે. એથી તેઓ, પોતાની કોઈ ચેષ્ટામાં કે ઈન્દ્રિયાદિની

પ્રવૃત્તિમાં કામાભિલાષા દેખાઈ ન જાય, તે માટે સાવધ રહે છે. કામાસક્ત જીવોની દશા, એથી ઊલટી હોય છે. તેઓ છતી આંખે આંધળા, છતા કાને બહેરા અને છતી બુદ્ધિએ બેવકૂફ બને છે. ગમે તેની હાજરીમાં પણ તેઓ પ્રાયઃ આંખ અને હાથ-પગ આદિ દ્વારા કામચેષ્ટા કરે છે અને મનમાં એવું માનવાની મૂર્ખાઈ કરે છે કે-મને કોઈ જોતું નથી. એવાઓ કામના આશયવાળાં વચનો બોલે છે, ત્યારે ય બીજાઓને બહેરા અને અણસમજુ માનવાની મૂર્ખાઈ કરે છે. જેને વારંવાર મૈથુનનું સેવન કરવું ગમે છે, તે ડાકુ જેવા બની જાય છે. એવો માણસ, કામસેવનની અભિલાષાને આધીન બનીને, ગમે તેવું પાપ આચરે, એ ખૂબ જ બનવાજોગ છે. કામને અતિ આધીન જીવની મનોદશા પણ ઘણી ભુંડી હોય છે. જેને જેને કામની અભિલાષા હોય, તેને તેને કામની સામગ્રી મળે જ, એવો કાંઈ નિયમ છે ? નહિ જ. પાપોદય તેવા પ્રકારનો હોય, તો મરતાં સુધી ય કામની સામગ્રીનો યોગ મળે નહિ; અને જેને કામની સામગ્રીનો યોગ મળતો હોય, તેને પણ દરેક સમયે ને દરેક સ્થલે કાંઈ કામની સામગ્રીનો યોગ મળે ખરો ? ત્યારે, એ બીચારાઓ મનમાં રીબાયા જ કરે ને ? ભીખારીની જેમ એ જ્યાં-ત્યાં ભટકયા કરે અને કુચેષ્ટાઓ કર્યા કરે, એવું પણ બને ને ? પછી, એની આબરૂ પણ રહે નહિ ને ? કામની આધીનતા તો, આ લોકમાં ય બરાબ કરે અને પરલોકને પણ બગાડે. આ વિષયમાં, તમારા જેવાને વધારે કહેવાની જરૂર હોય ખરી ? તમે સંપૂર્ણપણે બ્રહ્મચારી ન બની શકો, તો ય પરસ્ત્રીનો ત્યાગ અને સ્વસ્ત્રીમાં પણ સંતોષ, એટલું તો તમા-

રામાં હોય ને? કામના અભિલાષ ઉપર અંકુશ રાખવાને માટે, ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવવો જોઈએ. ઇન્દ્રિયોને વશ બનેલાઓને, ભામટા અને ભટકતા બનતાં વાર લાગે નહિ. ઇન્દ્રિયોને આધીન બનેલો, કયા દોષનો ભોગ બને નહિ–એ કહેવાય નહિ. પાંચ ઇન્દ્રિયોના પાંચ વિષયો અને એ વિષયોના જ ભોગવટાનો તલસાટ, એ સઘળા ય દુર્ગુણોની અને સઘળા ય પાપાચારોની જડ છે. કામને જીતવાને ઇચ્છનારે, ઇન્દ્રિયોને વશ નહિ બનતાં, ઇન્દ્રિયોને પોતાને વશ બનાવી લેવી જોઈએ. જેને ઇન્દ્રિયો વશમાં નથી, તે દુર્ગતિના વશમાં જ પડેલો છે.

નરકના આયુષ્યના આશ્રવોને તમે જાણ્યા, એટલે હવે તમે, નરકનું આયુષ્ય બંધાવા પામે એવું તમારાથી થાય નહિ, તેની કાળજી રાખવાના જ ને? હવે તમે સાવધ બની જવાના ને? ભગવાન શ્રી જિનેશ્વરદેવોના ધર્મને પામેલાઓમાં અને આ ધર્મ પ્રત્યે સદ્‌ભાવવાળા બનેલાઓમાં પણ, નરકે ઘસડી જાય તેવા પરિણામો સંભવે જ નહિ. તમારે તમારા હૈયાને જ શોધવાનું છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો ધર્મ જેના હૈયે વસે છે, તેનાથી તો દુર્ગતિ ભાગતી જ ફરે છે. એવા આત્માઓ તો, ખૂબ વિશ્વાસપૂર્વક ગાઈ શકે છે કે–

"નરક તિર્યંચ ગતિ દૂર નિવારી."

[૬]

ઇચ્છા અને મહેનત :

અનન્ત ઉપકારી, કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે–ભગવાન શ્રી અરિહન્તદેવો આદિએ, સંસાર એ પણ આત્મા જ છે અને મોક્ષ એ પણ આત્મા જ છે–એ વાતને સમજાવતાં, ફરમાવ્યું છે કે–કષાયો અને ઇન્દ્રિયોથી જીતાએલો જે આત્મા, તે સંસાર છે; અને એનો એ જ આત્મા, જ્યારે કષાયો અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવીને, એનાથી સર્વથા રહિત બને છે, ત્યારે તે મોક્ષસ્વરૂપ બને છે. આ વાત, સંસારપર્યાયમાં રહેલા આત્માઓને, એ માટે જણાવવામાં આવી છે કે–સંસારપર્યાયને ભોગવતા આત્માઓને, પોતપોતાના મોક્ષપર્યાયને પ્રગટાવવાનું મન થાય; અને જેઓને સંસારપર્યાયથી છૂટવાનું તથા પોતાના મોક્ષપર્યાયને પ્રગટાવવાનું મન થાય, એ આત્માઓ સંસારપર્યાયથી છૂટવાને માટે તથા પોતાના મોક્ષપર્યાયને પ્રગટાવવાને માટે, કષાયો ઉપર અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવાને માટે પ્રયત્નશીલ બને. એટલે, પોતાના કલ્યાણને ચાહતા જીવ માત્રે, જો ઇચ્છા કરવા લાયક કોઈ પણ વસ્તુ હોય, તો તે મોક્ષપર્યાય જ છે; અને એથી, જીવ માત્રે જો કોઈ પણ વસ્તુને માટે પ્રયત્નશીલ બનવા જેવું હોય, તો તે પણ કષાયો ઉપર અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવાને માટે જ પ્રયત્નશીલ બનવા જેવું છે. આ વાત તમારા હૈયે જચે છે ખરી ?

અનન્તાએ મેળવેલી સિદ્ધિ :

આવી જ ઇચ્છા અને આવી જ મહેનત, અત્યાર સુધીમાં અનન્તા આત્માઓએ કરી છે. અત્યાર સુધીમાં અનન્તા આત્માઓ એવા થઈ ગયા, કે જે આત્માઓએ પોતાની સઘળી ય ઇચ્છાઓને, એક માત્ર મોક્ષપર્યાયને પ્રગટાવવાની ઇચ્છામાં જ કેન્દ્રિત કરી દીધી; એમ કરીને, એક માત્ર મોક્ષપર્યાયને પ્રગટ કરવાને માટેનો જ પ્રયત્ન આરંભી દીધો; એમ પ્રયત્ન કરીને, પોતાના કષાયો અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવ્યો; કષાયો અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવા દ્વારા, પોતાના સંસારપર્યાયને છેદી નાખ્યો; અને, એ રીતિએ કષાયોથી અને ઇન્દ્રિયોથી સર્વથા રહિત બનીને, પોતાના મોક્ષપર્યાયને પ્રગટાવ્યો. એવા સઘળા ય આત્માઓને, આપણે, રોજ અને રોજ પણ અનેક વાર ' નમો સિદ્ધાણં ' એવા પાઠના ઉચ્ચારણ દ્વારા નમસ્કાર કરીએ છીએ. એ બધા ય આત્માઓ, એવી દશાને પામતાં પહેલાં, આપણી જેમ જ આ સંસારમાં પરિભ્રમણ કરતા હતા. અનન્તાનન્ત કાલ પર્યન્ત, એ આત્માઓએ પણ, આ સંસારમાં પરિભ્રમણ કરેલું છે. એમ સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં, એ આત્માઓને એમના પોતાના પુણ્યના ઉદયથી મનુષ્યભવ આદિ સામગ્રી મળી. એમાં, સદ્‌ગુરુનો સુયોગ થઈ ગયો. સદ્‌ગુરુએ જે ઉપદેશ આપ્યો, તે એમને એમની લઘુકર્મિતા આદિના યોગે રુચ્યો અને એથી એમણે પુરુષાર્થ આદર્યો, તો ક્રમે કરીને એ આત્માઓ સિદ્ધાવસ્થાને પામ્યા અને હાલ એ આત્માઓ અનન્ત સુખમાં વિલસે છે તથા અનન્તાનન્ત કાલ પર્યંત હવે તો એ

આત્માઓ એ અનન્તા સુખમાં જ વિલસ્યા કરવાના છે. એમના સુખનો, કદી અન્ત જ આવવાનો નથી. એ આત્માઓ જ્યારે સંસારમાં પરિભ્રમણ કરતા હતા, ત્યારે એ આત્માઓને મનુષ્યભવ આદિ સામગ્રીનો તથા સદ્‌ગુરૂના ઉપદેશના શ્રવણ આદિનો યોગ પણ અનેકાનેક વાર, કદાચ અનંતી વાર પણ થયો હશે; પણ જ્યાં સુધી એમને સદ્‌ગુરૂનો ઉપદેશ રૂચેલો નહિ, ત્યાં સુધી તો એ આત્માઓને થયેલો એ યોગ પણ નિષ્ફલ જ નીવડેલો. જ્યારે એ આત્માઓને સદ્‌ગુરૂનો ઉપદેશ રૂચ્યો અને એ પછી પણ જ્યારે એ આત્માઓએ કરવા યોગ્ય પુરૂષાર્થ સારી રીતિએ કર્યો, ત્યારે જ એ પુરૂષાર્થના પરમ પરિણામ તરીકે, એ આત્માઓ સિદ્ધાવસ્થાને પામ્યા.

મળેલો સુયોગ સફળ કેમ બને ?

આપણને, આ વાત સાંભળવાનો અને જાણવાનો યોગ મળ્યો છે, તે આપણો મોટો પુણ્યોદય છે. સદ્‌ગુરૂઓનો જે સદુપદેશ એ આત્માઓને સાંભળવાને મળ્યો હતો, તે જ સદુપદેશને સાંભળવાનો સુયોગ આપણને આપણા પુણ્યોદયે મળ્યો છે; એટલે, હવે તો આપણે એ વિચાર કરવાનો રહે છે કે—આપણને આપણા પુણ્યોદયના પ્રતાપે જે સુયોગ મળી જવા પામ્યો છે, તે સુયોગને આપણે સફળ કેમ બનાવવો ? આપણને મળેલા સુયોગના પ્રતાપે, આપણને જે લાભ થવો જોઈએ, તે લાભ આપણને થાય કયારે ? આ વાતને સાંભળીને અને જાણીને આપણા આત્મામાં જે પરિવર્તન આવવું જોઈએ, તે પરિવર્તન જો આપણે આપણા આત્મામાં લાવી શકીએ, તો જ આપણને આપણા પુણ્યોદયે જે સુયોગ મળ્યો

છે, તે સુયોગની પ્રાપ્તિ સફલ નિવડી, એમ કહી શકાય. આપણામાં સૌથી પહેલું પરિવર્તન તો એ આવવું જોઈએ કે–આપણને સદ્‌ગુરૂનો સદુપદેશ રૂચે. સદ્‌ગુરૂનો સદુપદેશ રૂચે, એટલે શું થાય ? એમ લાગે કે–'ખરેખર, આ જીવે ઈચ્છવા લાયક જો કોઈ પણ પરમ વસ્તુ હોય, તો તે એક માત્ર પોતાનો મોક્ષ પર્યાય જ ઈચ્છવા લાયક વસ્તુ છે; અને આ જીવે ખરેખર કરવા લાયક જો કોઈ મહેનત હોય, તો તે કષાયો અને ઈન્દ્રિયો ઉપર વિજય મેળવવાની મહેનત જ કરવા લાયક છે.' લક્ષ્ય માત્ર–પોતાના મોક્ષપર્યાયને પ્રગટાવવાનું; અને, એ માટે જે કાંઈ પણ મહેનત કરીએ, તે એવા પ્રકારે જ કરીએ, કે જે મહેનતના યોગે, કષાયો તથા ઈન્દ્રિયો ઉપર વિજયને પામી શકાય.

બીજી ઇચ્છાઓ ય ખોટી ને બીજી મહેનતેય ખોટી :

જીવ માત્રને કલ્યાણની ઈચ્છા તો છે જ, પણ 'સાચું' કલ્યાણ એક માત્ર મોક્ષપર્યાયને પ્રગટાવવામાં જ છે અને મોક્ષપર્યાયને પ્રગટાવવાને માટે, કષાયો તથા ઈન્દ્રિયો ઉપર વિજય મેળવવો, એ જ એક એનો સાચો ઉપાય છે'–આ વાત રૂચવી, એ અતિશય મુશ્કેલ છે. અનેક સદ્‌ગુરૂઓના મુખે અનેક વાર આવા સદુપદેશોને સાંભળવા છતાં પણ, આપણા હૈયામાં આવા પ્રકારની રૂચિ પેદા થવા પામી છે કે નહિ ? –એ વાતનો વિચાર કરવાની જરૂર છે. તમને એમ લાગે છે કે–મોક્ષપર્યાય, એ જ એક ઈચ્છવા યોગ્ય સ્થિતિ છે ? આજે આપણને કદાચ ઘણી ઘણી ઈચ્છાઓ હોય, પણ આપણી સઘળી ય ઈચ્છાઓને એક માત્ર આપણા મોક્ષપર્યાયના

પ્રગટીકરણની ઇચ્છામાં જ કેન્દ્રિત કરી દેવી જોઈએ, એમ તમને લાગે છે ? એટલે, મોક્ષપર્યાય સિવાયની કોઈ પણ ઇચ્છા તમને સારી, કરવા જેવી તો લાગતી નથી ને ? એવું, મહેનતના સંબંધમાં પણ લાગે છે ? અત્યારે તમે ગમે તેવી મહેનત કરતા હો, પણ તમારા મનમાં એમ તો ખરૂં જ ને કે–એક માત્ર મોક્ષપર્યાયને પ્રગટ કરવાના હેતુથી, કષાયો અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવાની જ મહેનત કરવા યોગ્ય છે ? એટલે, 'એ સિવાયની જે કોઈ મહેનત હું કરૂં છું, તે સારૂં નથી કરતો'–એમ તમને લાગે છે ને ? બીજી બીજી ઇચ્છાઓ સંખ્યા વિનાની થાય છે અને બીજી બીજી મહેનત પણ માપ વિનાની થાય છે, તેમ છતાં ય હૈયામાં એક વાત તો બેઠેલી જ ને છે કે–એક માત્ર મોક્ષપર્યાયને મેળવવાની ઇચ્છા સિવાયની સઘળી ય ઇચ્છાઓ ખોટી છે અને મોક્ષપર્યાયને માટે કષાયો તથા ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવાની મહેનત સિવાયની બધી ય મહેનતો ખોટી છે ? કોઈ પણ પૂછે કે–'તમારે ખરેખર શું જોઈએ છે ?'–તો તમે એમ જ કહો ને કે–'મોક્ષપર્યાય સિવાય કાંઈ જ નહિ !'? અને, એ જ રીતિએ કોઈ પણ પૂછે કે–'તમે જો તમારી ધારી મહેનત કરી શકતા હો, તો કયા પ્રકારની મહેનત કરવાને તમે ઇચ્છો છો ?'–તો તમે એમ જ કહો ને કે–કેવળ વિષય અને કષાય ઉપર વિજય મેળવવાની જ મહેનત કરવાની ઇચ્છા છે !'? અહીં આ વાતો થાય છે, તે શા માટે થાય છે ? એ માટે કે–તમે તમારા હૈયાને તપાસી શકો અને તપાસીને તેને તમે સુધારી શકો. એટલે, આવા વખતે તમે તમારા હૈયાના ભાવને છૂપાવ્યા કરો, એથી કાંઈ વળે નહિ. આપણે તો, આપણને આપણા

પુણ્યોદયે જે સુયોગ મળ્યો છે, તેને સફલ કરવો છે ને ? ત્યારે, હૈયામાં જે પરિવર્તન આવવું જોઈએ તે પરિવર્તન આવ્યા વિના જ, મળેલો સુયોગ સફલ થાય ખરો ? અને, આપણે જો બરાબર વિચાર કરીએ નહિ, તો હૈયામાં જે પરિવર્તન લાવવું છે, તે પરિવર્તન આવે ખરૂં ? નહિ જ ને ?

સંસારમાં મજુરી જ કર્યા કરવાની છે અને મેળવેલું બધું મૂકીને ચાલ્યા જવાનું છે :

માણસ જો જરાક ડાહ્યો થઈ જાય અને ડહાપણપૂર્વક વિચાર કરનારો બની જાય તો, એને જરૂર એમ લાગે કે– 'ખરેખર, મોક્ષપર્યાયની ઈચ્છા સિવાયની કોઈ ઈચ્છા કરવા જેવી જ નથી.' વિવેકપૂર્વક જે વિચારી શકે અને સમજી શકે, તેને પોતાના મોક્ષપર્યાયને પ્રગટ કરવાનું મન, થયા વિના રહે જ નહિ. વારે વારે એને થાય કે–'ક્યારે મારા મોક્ષપર્યાયને હું પ્રગટ કરી શકું !' ? કેમ ? આ સંસારમાં કયાંય ઠરીને ઠામ બેસવાની જગ્યા જ નથી. કોઈ પણ જગ્યાએ, જીવ, ઠરીને ઠામ બેસી રહી શકે નહિ, એનું નામ જ સંસાર છે. જીવ સંસારમાં છે અને જીવને ઠરીને ઠામ બેસવાની જગ્યા છે, એમ જો કોઈ કહેતો હોય, તો તે ખોટું જ કહે છે. સંસારમાં તો જન્મવું, કર્મ જીવાડે તેટલો કાળ ત્યાં જીવવું અને મરવું–એ ક્રમ ચાલ્યા જ કરે છે. પાછું જન્મવું, જીવવું ને મરવું. અનાદિકાળથી આપણે આવી દશા ભોગવીએ છીએ, કારણ કે–આપણે હજુ સંસારમાં છીએ અને આપણો મોક્ષપર્યાય પ્રગટ થયો નથી. જ્યાં સુધી મોક્ષપર્યાય નહિ પ્રગટે, ત્યાં સુધી હજુ પણ આપણે આવી જ દશા ભોગવ-

વાની છે. તમે અહીં જન્મ્યા, તે કયાંકથી મરીને અહીં આવેલા ને ? અને, અહીંથી મરીને પણ કયાંક જઈને ઉત્પન્ન થવાના ને ? અહીં આપણને ઘણું ય ફાવી ગયું હોય; એમ થઈ ગયું હોય કે–અહીં રહી જવાય તો સારૂં; પણ અહીંથી ગયા વિના છૂટકો થવાનો છે ? એ વખતે, અહીં જે બધી સજાવટ કરીને બેઠા છો, તે સજાવટનું શું ? એ સજાવટ અહીં જ રહી જવાની ને તમારે નામરજી છતાં ચાલતા થવાનું ને ? એવો કોઈ ઉપાય છે ખરો, કે જે ઉપાયને આદરીને, તમે જે સજાવટ કરી છે, તેની સાથે તમે સદાને માટે રહી શકો ? નહિ જ. કોઈ આદમી અહીં સદાને માટે રહ્યો સાંભળ્યો છે ? નહિ જ; એ શકય જ નથી, કેમ કે–આ તો સંસાર છે. સંસારમાં કેવી વિચિત્ર દશા છે ? માણસ જન્મે અને પોતાના સુખ માટે લોહીનું પાણી કરીને બધી સજાવટ કરે, પણ જ્યાં આયુષ્ય પૂરૂં થાય કે–બધી સજાવટને મૂકીને ગયા વિના છૂટકો થાય નહિ. તમે શું આટલું ય સમજતા નથી ? રાત–દિવસ પૈસા ભેગા કરવા, પૈસા સાચવવા મથો છો, બંગલાઓ બંધાવો છો, સુખની માનેલી સામગ્રીઓ એકઠી કર્યા કરો છો, પણ તેનું છેવટ શું ? એના યોગે લાગતા પાપની વાત પછી; જીવતાં જીવતાં પણ કેઈનાં ધનાદિ ગયાં ને કેઈ ભીખારી થઈ ગયા–એ વાતેય પછી; પણ એટલું તો તમે સમજો છો ને કે–આ બધાને મૂકીને ગયા વિના તો છૂટકો થવાનો જ નથી ! ? એટલે, ધારો કે–તમે જે કાંઈ મહેનત કરો છો. તેનું ભવિષ્યમાં કશું જ ખરાબ ફળ મળવાનું ન હોય, તો પણ તમારી મહેનતની કિંમત કેટલી ? જો કે–તમે સંસારમાં સજાવટની ને ભોગવટા આદિની જે

મહેનત કરો છો, તેના યોગે જે જે પાપકર્મોને તમે ઉપર્જો છો, તે તે પાપકર્મો ભવિષ્યમાં ઉદયમાં આવીને તમારી કેટલી બધી ખાનાખરાબી કરી નાખશે–એ વાત ભૂલવા જેવી નથી જ; પણ, એ વાતને હાલ જરા બાજૂ ઉપર રાખીને વિચાર કરો, તો ય તમે જે બધી મહેનત કરો છો, તેની કેટલીક કિંમત ? જે મેળવવા આદિને માટે મરણ સુધી મહેનત કરો, તેને અહીં જ મૂકીને–કર્મને પણ અહીં જ છોડી દઈને, અહીંથી તમારે ચાલતા થવાનું ને ? એટલે, જ્યાં જાવ ત્યાં પાછી મજુરી તો કરવાની જ ને ? મજુરી કરી કરીને મરી જવું અને બીજે જન્મીને પાછી મજુરી કર્યા કરવી, એ સિવાય સંસારમાં છે જ શું ? ગમે તેટલી મજુરી કરી હોય, દિવસ કે રાત જોયાં ન હોય, કાળી મજુરી કરતાં કાયાને પણ ગણકારી ન હોય, પણ આખર તો એ જ કે--મજુરી કરી કરીને મેળવેલું બધું ય મૂકીને જ ચાલ્યા જવાનું ! આ રીતિએ ભટકવા જ કરવું પડે અને મજુરી કર્યા કરવી પડે, એ વાતને જો વિચારવામાં આવે તો, માણસને આવા પ્રકારના જીવન તરફ અણગમો પેદા થાય નહિ ? આવા પ્રકારના જીવન તરફ અણગમો પેદા થાય, એટલે શાશ્વત જીવન કયાં હોઈ શકે, એ શોધવાનું મન થાય ને ? આમ જીવ વિચાર કરે, તો એને પોતાના મોક્ષપર્યાયને પ્રગટ કરવાનું મન થાય એની, એ જ એક ઈચ્છા પ્રધાન બને કે–'મારે મારા મોક્ષપર્યાયને પ્રગટાવવો છે.' પછી એ જીવ, એને માટેના ઉપાયને શોધનારો પણ બને અને એના સાચા ઉપાયને સેવનારો પણ બને.

આન્તર દૃશાનું અવલોકન કરવાની જરૂર :

જીવને પોતાના મોક્ષપર્યાયને પ્રગટ કરવાની ઈચ્છા થાય

અને તે, પોતાનો એ અભિલાષ ફળે–એ માટેના ઉપાયને શોધનારો તથા એ ઉપાયને શોધીને સેવનારો બને, એ માટે સંસારમાં ઉત્તમમાં ઉત્તમ કોઈ સ્થાન હોય, તો તે મનુષ્યગતિ જ છે. આપણે તો, આપણા પુણ્યોદયે આર્ય દેશાદિ સામગ્રીએ સહિત મનુષ્યભવને પામેલા છીએ. વળી, આપણો પુણ્યોદય તો એટલો બધો સારો છે કે–આપણને જો આપણા મોક્ષપર્યાયને પ્રગટાવવાની ઈચ્છા થાય, તો મોક્ષપર્યાયને પ્રગટાવવાના સાચા ઉપાયને શોધવાને માટે, આપણે કયાંય જવું પડે તેમ નથી. આપણા પુણ્યે, આપણને એવા કુળમાં લાવીને મૂકી દીધા છે અને એવી સામગ્રીનો યોગ કરાવી દીધો છે કે–મોક્ષપર્યાયને પ્રગટાવવાનો જે સાચો ઉપાય છે, તે આપણને વગર મહેનતે સાંભળવાને મળી ગયો છે, એમ કહીએ તો પણ ચાલે. આટલી બધી હદ સુધી તો આપણું કામ આગળ વધી ગયું છે. હવે આપણે સાવચેતી એટલી જ રાખવાની છે કે–અહીંથી પાછા કયાંય ધકેલાઈ જવા પામીએ નહિ અને મોક્ષપર્યાયને પ્રગટાવવાની દિશામાં આગળ ધપીએ. આ સાવચેતી આપણામાં આવી ગઈ છે કે નહિ ? અને, જો હજુ સુધીમાં પણ આ સાવચેતી ન આવી હોય, તો આ સાવચેતીને લાવવાને માટેની આપણી મહેનત ચાલુ છે કે નહિ ? –એ વાતનો દરેકે પોતે જ વિચાર કરવાનો રહે છે. એ માટે, દરેકે પોતે જ, પોતાની આન્તર દશાનું અવલોકન કરનારા બનવું જોઈએ. અમે તો બહુ બહુ કરીને પણ શું કરીએ ? તમારી પાસે વાત મૂકીએ; આ વાત તમને ઝટ જચી જાય–એવી રીતિએ મૂકવાનો પ્રયત્ન કર્યા કરીએ; તમને વિચાર કરવાની સામગ્રી બતાવીને વિચાર કરવાની પ્રેરણા કરીએ; પણ વિચાર

તો તમારે જ કરવો પડે. તમે જો વિચાર કરો નહિ, તો અમારા ગમે તેટલા પરિશ્રમને પણ તમે તમારે માટે સફલ બનાવી શકો નહિ. અમારા પરિશ્રમને અમારે માટે સફલ બનાવવો, એ માત્ર અમારા હાથની વાત છે; પણ, અમારા પરિશ્રમને તમારે માટે સફલ બનાવવો, એ કેવળ અમારા હાથની જ વાત નથી. અમારા પરિશ્રમને તમારે માટે સફલ બનાવવો, એ તો મુખ્યત્વે તમારા હાથની જ વાત છે. એટલે, તમારામાં સાવચેતી આવી ગઈ છે કે નહિ અને સાવચેતી નથી આવી તો એને લાવવાની તમારી મહેનત છે કે નહિ, તે તમારે તમારા અન્તઃકરણને તપાસીને શોધી કાઢવું પડશે.

ચાર ગતિઓનાં કારણોના વિચારનો હેતુ :

આપણને આર્યદેશાદિ સામગ્રીએ સહિત મનુષ્યભવ મળ્યો છે, એટલે સંસારમાં આપણને અત્યારે તો ઉત્તમમાં ઉત્તમ ગણાતું સ્થાન મળેલું છે—એમ કહી શકાય; પણ, આ ભવમાં રહેવાનો આપણો સમય, સમયે સમયે ઘટતો જ જાય છે, એ વાત ખ્યાલમાં છે કે નહિ ? અહીંથી જવાની પળ દરેક પળે નજદીક આવતી જાય છે, એનો વિચાર છે કે નહિ ? અહીંથી ગયા પછી આપણી શી હાલત થશે, એની કશી ચિન્તા છે કે નહિ ? અહીંથી મરીને આપણે જવાનું કયાં ? ચાર ગતિઓમાંથી કોઈ પણ એક ગતિમાં જ ને ? સંસારમાં પરિભ્રમણ કરતા જીવોને માટે, સંસારમાં પરિભ્રમણ કર્યા કરવાનાં મુખ્ય સ્થાનો ચાર છે. દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ ને નરકગતિ. આ સિવાયનું કોઈ જ સ્થાન, સંસારી જીવને માટે નથી. આ ચાર મુખ્ય સ્થાનોમાં ભિન્ન ભિન્ન સ્થાનો

તો ઘણાં છે, પણ મુખ્ય સ્થાનો આ ચાર અને આ ચારમાં સંસારનાં સર્વ સ્થાનોનો સમાવેશ થઇ જાય છે. આ ચાર ગતિઓમાં પણ, બે ગતિઓ–નરકગતિ અને તિર્યંચગતિ–એ દુર્ગતિઓ ગણાય છે, જ્યારે મનુષ્યગતિ અને દેવગતિ–એ બે ગતિઓ સદ્ગતિઓ કહેવાય છે. જીવ માત્રને દુઃખ પ્રત્યે અણગમો છે, એટલે કોઈને ય દુર્ગતિમાં જવાનું મન તો થાય જ નહિ ને? દુર્ગતિમાં જવું પડે એ બને, પણ દુર્ગતિમાં જવાની ઈચ્છા થાય નહિ ને? એટલે, સદ્ગતિની ઈચ્છા થાય એ સંભવિત છે, પણ સદ્ગતિની ઈચ્છા પાછળેય હેતુ શો જોઇએ? પોતાના મોક્ષપર્યાયને વહેલી તકે પ્રગટાવવાનો! એટલે જ, આપણે અહીં પાછળથી ચાર ગતિઓનાં કારણોનો વિચાર શરૂ કર્યો છે ને? પ્રગટાવવો છે તો મોક્ષપર્યાય જ, પણ તે એકદમ બને તેવું નથી અને અહીંથી મરીને જો ભુલે ચૂકે પણ દુર્ગતિમાં ચાલ્યા ગયા, તો દુઃખથી આપણે એટલા કાયર છીએ કે–કદાચ અહીં માંડ માંડ મેળવેલા વિવેકને વિસરી જઇએ એવો બીક છે, એટલે સદ્ગતિમાં એ ભય નહિ અને વિવેકને અંગે જરૂરી સામગ્રીના યોગની સંભાવના ઘણી, માટે દુર્ગતિઓનાં કારણોને તથા સદ્ગતિઓનાં કારણોને જાણી લેવાની ઈચ્છા કરી છે ને? છેવટે કાંઈ ન થાય તો ય દુર્ગતિઓનાં કારણોથી બચવું અને સદ્ગતિઓનાં કારણોને સેવવાં, એવું જ તમારા મનમાં છે ને? દુર્ગતિઓનાં કારણોને સેવવાં જ પડે, એ કારણોને સર્વથા ન જ છોડી શકાય, તો પણ એ કારણોને જાણ્યાં હોય તો એ કારણોને સેવતાં સાવધ રહેવાય, એ માટે જ દુર્ગતિઓનાં કારણોને જાણવાં છે ને? અને, સદ્ગતિઓનાં કારણોને સેવવાને

માટે પ્રયત્નશીલ બની શકાય, એ માટે જ તમે સદ્ગતિઓનાં કારણોને જાણવાને ઇચ્છો છો ને? અંતિમ લક્ષ્ય તો, મોક્ષ-પર્યાયને પ્રગટાવવો એ જ છે, એ વાતને ભૂલવાની નહિ.

તિર્યંચગતિનાં કારણો :

ચાર ગતિઓનાં કારણો પૈકી, આપણે, નરકગતિનાં કારણોનો વિચાર આજ સુધીમાં કરી આવ્યા. હવે આપણે તિર્યંચગતિનાં કારણો કયાં કયાં છે–એ જોવાનું છે. નરકગતિનાં કારણોનો વિચાર જેના હૈયામાં સુસ્થિર બની ગયો હશે, તેને આ તિર્યંચગતિનાં કારણોને સમજવામાં, સમજીને તજવામાં અને ન તજી શકાય તો પણ એનાથી સાવધ રહેવાનું નક્કી કરવામાં, બહુ મહેનત નહિ કરવી પડે. અનન્ત ઉપકારી, અનન્તજ્ઞાની ભગવન્તોએ દર્શાવેલાં તિર્યંચગતિનાં કારણોને દર્શાવતાં–પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે–" ઉન્માર્ગની દેશના, સન્માર્ગનો નાશ, ચિત્તની ગૂઢતા, આર્ત્તધ્યાન, શલ્યસહિતપણું, માયા, આરંભ તથા પરિગ્રહ, શીલવ્રતના પાલનમાં અતિચારોના યોગે ઉત્પન્ન થતું દોષિતપણું, નીલ તથા કાપોત લેશ્યાઓ અને અપ્રત્યાખ્યાની કષાયો–એ તિર્યંચગતિના આયુષ્યના આશ્રવો છે. "

ઉન્માર્ગદેશના ને સન્માર્ગનો નાશ–આ બે પાપોથી, સઘળાં ય પાપો હેઠ :

ઉન્માર્ગની દેશના અને સન્માર્ગનો નાશ–આ બે નાનાં પાપો નથી. બધાં ય પાપોને ટપી જાય તેવાં આ બે પાપો છે. આ બે પાપો, આટલાં બધાં ભયંકર કોટિનાં હોવા છતાં

પણ, આ બે પાપોને નરકગતિનાં કારણોમાં નહિ જણાવતાં, તિર્યંચગતિનાં કારણોમાં કેમ જણાવ્યાં છે ? ઉન્માર્ગનો દેશક, એટલે ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જે માર્ગ ફરમાવ્યો છે, એથી ઊલટા પ્રકારના માર્ગની પ્રરૂપણા કરનારો. એમાં, ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પણ આશાતના અને તારક તીર્થની પણ આશાતના. આ કાંઈ જેવું તેવું પાપ છે ? ભગવાને કહેલા માર્ગને જાણવા છતાં પણ, કોઇ પણ કારણસર, મુખ્યત્વે તો મિથ્યાત્વના ઉદયથી જ, એ માર્ગની વાત બુદ્ધિમાં બેસે નહિ અને હૈયે જચે નહિ, એટલે પોતાને ગમે તેવી વાત એ કહે. ધર્મના દેશકે તો, પોતાના અજ્ઞાન આદિથી ય માર્ગની વિરુદ્ધ બોલાઇ જવા પામે નહિ–એની કાળજી રાખવી જોઈ એ. માટે તો કહ્યું કે–ધર્મનો દેશક તે બની શકે, કે જે બીજી જરૂરી રીતિએ લાયક હોવા સાથે, જે, ઉત્સર્ગમાર્ગ તથા અપવાદમાર્ગ–ઉભયનો જ્ઞાતા હોય. ઉત્સર્ગમાર્ગ ને અપવાદમાર્ગનું જ્ઞાન ન હોય, તો પણ ઉત્સૂત્રભાષણ થઈ જાય ને ? આ તો જાણે કે–ભગવાને કહેલો માર્ગ આ પ્રકારનો છે, તેમ છતાં પણ પોતાની બુદ્ધિમાં એ વાત ઉતરે નહિ, એટલે પોતાને ફાવે તેવી વાત કરે. એટલે, ઉન્માર્ગદેશનાનું પાપ, એ કોઈ સામાન્ય કોટિનું પાપ નથી. એવી જ રીતિએ, સન્માર્ગના નાશનું પાપ પણ સામાન્ય કોટિનું નથી. જે માર્ગના આરાધનથી અનેક આત્માઓ કલ્યાણને સાધતા હોય, એ માર્ગનો નાશ થાય–એવું કામ જે કોઇ કરે, તેણે કેવુંક પાપ કર્યું કહેવાય ? બીજું કયું પાપ, એની હરોલમાં આવી શકે ? વિચાર કરો તો લાગે કે–મહા હિંસાનું પાપ પણ, એની હેઠ ગણાય. મહા હિંસા કરનારો કાંઈ અહિંસાના

માર્ગનો ઘાત કરતો નથી, જ્યારે આ તો દેખીતી રીતિએ અહિંસાનું પાલન કરનારો હોવા છતાં પણ, અહિંસાના માર્ગનો ઘાત કરનારો હોય. એટલે, ઉન્માર્ગની દેશના રૂપ પાપ અને સન્માર્ગના નાશ રૂપ પાપ–એ બન્ને પાપો તો, સઘળાં ય પાપો એમાં સમાઇ જાય તેવાં પાપો છે. એ બે પાપોના યોગે, અન્ય કોઇ પણ એક પાપને ય અવકાશ નથી એવું બને જ નહિ આવાં ભયંકર પાપોને, તિર્યંચગતિનાં કારણો તરીકે કેમ ગણાવ્યાં ?

ઉન્માર્ગદેશના અને સન્માર્ગનાશ–એ બે પાપોને તિર્યંચગતિનાં કારણો તરીકે શાથી ગણાવ્યાં છે ?

તમને એમ તો થાય ને કે–ઉન્માર્ગની દેશના અને સન્માર્ગનો નાશ, આ બે પાપો નરકનાં જ કારણોમાં કેમ ગણાય નહિ, કેમ કે–નરકનાં કારણો તરીકે જે પાપોને જણાવવામાં આવ્યાં છે, તેના કરતાં પણ આ બે પાપો ભયંકર કોટિનાં છે ! ? ભગવાને આ બે પાપોને તિર્યંચગતિનાં કારણો તરીકે કહ્યાં છે, માટે તમે ભગવાનના વચન ઉપરની શ્રદ્ધાના બળે ભલે એમ માની લો કે–' ઉન્માર્ગની દેશના એ પણ તિર્યંચગતિનું કારણ છે અને સન્માર્ગનો નાશ એ પણ તિર્યંચગતિનું કારણ છે. ' પણ તમને એ વાતને સમજવાનું મન તો થાય ને કે–' ભગવાને આવાં પાપોને નરકગતિનાં કારણો તરીકે નહિ ગણાવતાં, તિર્યંચગતિનાં કારણો તરીકે કેમ ગણાવ્યાં હશે ? એવા પાપને આચરનારા જીવો, એ પાપના કારણે નરકગતિમાં નહિ જતાં, તિર્યંચગતિમાં જાય, તેનું કારણ શું ?' આ વાતનો ખુલાસો જાણવાનું મન તો તમને થાય

ને ? એ માટે, આ વાત લીધી છે. કોઇ પણ જીવ એકી સાથે જેટલો કાળ તિર્યંચગતિમાં કાઢી શકે છે, તેટલો કાળ એકી સાથે જીવ બીજી કોઈ પણ ગતિમાં કાઢી શકતો જ નથી. નરકમાં ગયેલો જીવ, જો વધુમાં વધુ કાળને માટે નરકમાં રહી શકે, તો તે માત્ર તેત્રીસ સાગરોપમ પ્રમાણ જેટલા કાળને માટે જ નરકમાં રહી શકે. પછીથી, એક વાર તો એ જીવ બીજી ગતિમાં જાય, જાય ને જાય જ. જ્યારે તિર્યંચગતિમાં ગયેલો જીવ, તિર્યંચગતિમાં ને તિર્યંચગતિમાં, એકી સાથે અનન્તો કાળ પણ કાઢી શકે છે. ઉન્માર્ગની દેશનાનું પાપ આચરનારા જીવને અને સન્માર્ગના નાશનું પાપ આચરનારા જીવને, તે તે પાપના યોગે એટલા બધા કાળ સુધી દુર્ગતિમાં ભ્રમણ કર્યા કરવાનું હોય છે કે–એને માટે તિર્યંચગતિ સિવાયની કોઈ ગતિ જ બંધબેસતી થાય નહિ. અનન્તા જીવોનું, અનન્ત કાળને માટેનું, એ સ્થાન છે. નરકગતિમાં એકી વખતે વધુમાં વધુ જીવો કેટલા હોય ? અસંખ્યાતા જ. દેવગતિમાં પણ એકી વખતે વધુમાં વધુ જીવો અસંખ્યાતા હોય અને મનુષ્યગતિમાં પણ એકી વખતે વધુમાં વધુ પર્યાપ્તા જીવો તો સંખ્યાતા જ હોય. અનન્તા જીવો તો માત્ર તિર્યંચગતિમાં જ હોય અને એક જ ગતિમાં અનન્તો કાળ કાઢવાનું પણ તિર્યંચગતિમાં જ બની શકે. જીવ માત્ર સૌથી પહેલાં–અનાદિકાળથી ક્યી ગતિમાં હોય છે ? આપણે બધા અત્યારે વ્યવહાર રાશિમાં છીએ, પરન્તુ વ્યવહાર રાશિમાં આવતાં પહેલાં આપણે બધા અથવા તો જે કોઇ જીવો વ્યવહાર રાશિમાં આવ્યા છે, આવે છે કે આવશે, તે બધા ય જીવો, તે પહેલાં ક્યી જગ્યાએ હોય ?

સ૦ અવ્યવહાર રાશિમાં જ.

અવ્યવહાર રાશિવાળા જીવોનું સ્થાન કયું ?

સ૦ નિગોદ.

નિગોદ પણ કયી ગતિમાં ગણાય ? નિગોદના જીવો, એ પણ તિર્યંચગતિના જ જીવો ગણાય છે. એટલે, તમને સમજાય છે ને કે–આપણે અનાદિકાળથી તો, તિર્યંચગતિમાં જ હતા ? કોઈ પણ જીવ, જેટલો કાળ તિર્યંચગતિમાં કાઢે છે, તેટલો કાળ તે બીજી કોઇ પણ ગતિમાં કાઢતો નથી. બધી ગતિઓના કાળનો કુલ સરવાળો તો થાય તેમ નથી, પણ આપણે જો વિચાર કરીએ તો આપણા ખ્યાલમાં એ વાત જરૂર આવે કે–કુલ્લે પણ આપણે વધુમાં વધુ કાળ તો તિર્યંચગતિમાં જ પસાર કર્યો છે. જીવ માત્રને માટે આવી જ સ્થિતિ છે, એટલે ઘણા લાંબા કાળને માટે જેણે દુર્ગતિમાં ભમવાનું હોય, તેને માટે તો, નરકગતિ કરતાં પણ તિર્યંચગતિ એ જ યોગ્ય સ્થાન છે, એમ તમને લાગે છે ને ? તિર્યંચગતિમાં જીવ, અનન્તી ઉત્સર્પિણી–અવસર્પિણીઓ જેટલો કાળ પણ કાઢી શકે. નરકમાં એટલો કાળ સાથે ન નીકળે. હવે દુઃખ ભોગવવાની અપેક્ષાએ વિચાર કરીએ, તો દેખીતી રીતિએ એમ જ લાગે કે–'નરકગતિમાં જેવા પ્રકારની કારમી વેદનાઓ ભોગવવી પડે છે, નરકગતિમાં પરમાધામીઓ તરફથી જેવાં દુઃખો દેવાય છે તથા ક્ષેત્રજન્ય જે પીડાઓ નરકગતિમાં ભોગવવી પડે છે, તેવું તિર્યંચગતિમાં નથી !' પરન્તુ તિર્યંચગતિમાં જેવી અવ્યક્ત દશા પ્રાપ્ત થઈ શકે છે, તેવી અવ્યક્ત દશા તો નરકગતિમાં પણ પ્રાપ્ત થઈ શકતી નથી, એ વાતેય ભૂલવા જેવી નથી જ ! ચેતન જેવો ચેતન, જો વધુમાં વધુ જડ જેવો

બની શકતો હોય, તો તે તિર્યંચગતિમાં જ બની શકે છે. એક શ્વાસોચ્છ્વાસ જેટલા કાળ માત્રમાં સત્તરથી પણ અધિક જેટલા ભવો થઈ જાય–એવું ક્ષણિક જીવન પણ, નરક ગતિમાં સંભવી શકતું નથી, જ્યારે એવું ક્ષણિક જીવન પણ તિર્યંચગતિમાં સંભવી શકે છે. નરકગતિનો જીવ મરીને તરત જ નરકગતિમાં ઉત્પન્ન થાય–એવું બને જ નહિ, જ્યારે તિર્યંચગતિનો જીવ મરીને તરત જ તિર્યંચગતિમાં પણ ઉત્પન્ન થઈ શકે. નરકગતિમાં દુઃખો ઘણાં, પણ વ્યક્ત દશા છે અને તેમાં અકામનિર્જરાની પણ સંભાવના મોટી છે; જ્યારે, તિર્યંચગતિમાં તો એવાં ય સ્થાનો છે, કે જે સ્થાનોએ એટલી અકામનિર્જરા પણ સંભવે નહિ. માટે તો, નરકગતિના જીવોની અકામનિર્જરાને, કેટલીક વાર, તપના ફલવર્ણનમાં પણ યાદ કરાય છે. અનાદિ નિગોદમાંથી પોતાની ભવિતવ્યતાના વશે નીકળીને, વ્યવહાર રાશિમાં આવેલો જીવ, નિગોદીયો પણ બની શકે છે. આ વગેરે વાતોનો જો વિચાર કરવામાં આવે, તો લાગે કે–જે જીવો ઉન્માર્ગની દેશના કરવાના પાપને આચરે અથવા તો સન્માર્ગનો નાશ કરવાના પાપને આચરે, તે જીવો તે પાપના યોગે તો તિર્યંચગતિમાં જ જાય, એ જ બરાબર છે. એ પાપનું ફળ, જેટલા લાંબા કાળને માટે ભોગવવાનું હોય છે, તેટલો લાંબો કાળ જીવ નરકગતિમાં રહી શકતો જ નથી. જો કે–અહીં એ વાતનો ખ્યાલ પણ રાખવાનો જ છે કે–જે કોઈ જીવ ઉન્માર્ગની દેશના કરવા રૂપ પાપને આચરે અથવા તો સન્માર્ગનો નાશ કરવા રૂપ પાપને આચરે, તે બધા જ જીવો ત્યાંથી મરીને સીધા જ તિર્યંચગતિમાં જાય–એવો નિયમ નથી જ. બીજાં

કારણોનો યોગ હોય તો, બીજી કોઈ ગતિમાં પણ જાય અથવા તો પછીથી તિર્યંચગતિમાં જાય એમ પણ બને; પરન્તુ, ઉન્માર્ગની દેશના અને સન્માર્ગનો નાશ, એ બન્ને પાપો સ્વતન્ત્રપણે તો તિર્યંચગતિનાં જ કારણો ગણાય.

આ બે પાપોથી બચવાને માટે હૈયાને કેળવો :

આ બે ભયંકર પાપોથી બચવાને માટે, હૈયાને કેવું કેળવવું જોઈએ ? કદી પણ આ પાપોના છાંયે આપણે ચઢી જઈએ નહિ, આ પાપો ભૂલેચૂકે પણ આપણાથી આચરાઈ જાય નહિ–એવી તો આપણી ઇચ્છા ખરી ને ? હા, તો આ બે પાપોથી બચી શકાય, એ માટે હૈયાને કેવા પ્રકારે કેળવી લેવું જોઈએ ? આ બે પાપોથી તો આપણે અવશ્ય બચી જવું છે, એટલે આ વાતનો વિચાર તો કરવો પડશે ને ? તમને આ વાત ઘણી સહેલાઈથી સમજાઈ જાય, એવી રીતિએ આપણે અહીં આ વાતનો પણ વિચાર કરીએ. તમે કયું પાપ કરો છો અને કયું પાપ કરતા નથી અગર તો જે પાપ કરો છો, તેમાં રસ અનુભવો છો કે નહિ અને તેમાં રસ અનુભવો છો તો તે કેવો રસ અને કેટલો રસ અનુભવો છો–એ વાતને હમણાં બાજૂએ રાખો; પરન્તુ તમે ગમે તેવું પાપ કરતા હો, તો પણ એ પાપ કરવા જેવું જ છે–એમ તો તમે બોલો નહિ ને ? તમે ગમે તેવી ને ગમે તેટલી અનીતિ આદિ કરતા પણ હો, તો પણ તમે કોઈ દિવસ, કોઈ ને પણ, કોઈ પણ સંયોગોમાં એવું તો ન જ કહો ને કે–અનીતિ આદિ એ કરવા લાયક જ છે ? આમ તમે જીવનમાં જેટલાં પાપોને જીવતા હો, જેટલાં પાપોને આચરતા હો, તે બધાં

ચ પાપોને અંગે વિચાર કરો અને નિર્ણય કરી લો કે–અમે પાપ કરીએ–એ જુદી વાત છે, પાપને તજી ન શકીએ–એ જુદી વાત છે, પણ એમાંનાં કોઈ પણ પાપનું કરવા લાયક તરીકેનું પ્રતિપાદન તો અમે કરીએ જ નહિ. જો આ રીતિએ હૈયાને કેળવવામાં આવે, તો ઉન્માર્ગદેશનાથી પણ સહેલાઈથી બચી શકાય અને સન્માર્ગનાશથી પણ સહેલાઈથી બચી શકાય. આપણે શું કર્યું ને શું ન કર્યું, આપણે શું નથી કરતા ને શું કરીએ છીએ, અથવા તો આપણે શું કરીશું ને શું નહિ કરીએ–એ વાતને એવી રીતિએ જોવાની જ નહિ, કે જેથી ભગવાને કહેલા વચનથી ઊલટું બોલાય; અથવા તો, આપણા વચનને પરિણામે ભગવાને કહેલા માર્ગનો નાશ થવા પામે. ભગવાને જેને આચરવા લાયક કહ્યું હોય, તેને આપણે ન આચરતા હોઈએ અને ભગવાને જેને તજવા જેવું કહ્યું છે, તેને આપણે ન તજતા હોઈએ, તો પણ આપણે કહીએ શું ? ભગવાને જેને આચરવા લાયક કહ્યું હોય, તેને આચરવા લાયક જ કહીએ અને ભગવાને જેને તજવા લાયક કહ્યું હોય, તેને તજવા લાયક જ કહીએ. તત્ત્વોનું સ્વરૂપ ભગવાને કેવા પ્રકારનું કહ્યું છે–તેને ન જાણીએ તો ન બોલીએ એ બને, પણ જો બોલીએ તો ભગવાને તત્ત્વોનું જેવું સ્વરૂપ કહ્યું છે તેવું જ બોલીએ.

જૈન કુળમાં જન્મેલાઓ આવું કરે ખરા?

તમે ગમે તેટલાં પાપો કરતા હો, અને ગમે તેવાં પણ પાપો કરતા હો, પરન્તુ જો કોઈ તમને એમ પૂછે કે–'આ થાય ?' તો તમે એમ જ કહો ને કે–'આ પાપો

કરવા જેવાં તો નથી જ !'? આપણે જે પાપ કરીએ, તે પાપને ય આપણે કરવા જેવું છે–એમ તો કહીએ જ નહિ ને? એવી જ રીતિએ, કોઈ પણ સારૂં કામ આપણાથી ન થતું હોય–એ બને, આપણે તે કામ કરી શકીએ તેમ હોઇએ તે છતાં ય તે કામ ન કરીએ–એ ય બને, પણ 'આ કામની જરૂર નથી, આ કામ કરવા જેવું નથી'–એવું એવું બોલીને આપણે માર્ગનાશ તો કરીએ નહિ ને? આજે જૈન કુળમાં જન્મેલા એવા પણ માણસો છે, કે જેઓ એક યા બીજી રીતિએ સન્માર્ગનો નાશ કરવા રૂપ કૃત્યને આચરી રહ્યા છે અમુક માર્ગ ભગવાને કહેલો છે–એમ જાણે છે; શાસ્ત્રમાં એ માર્ગનું કરણીય તરીકે પ્રતિપાદન છે–એમ જાણે છે; અને તેમ છતાં પણ, એ માર્ગ આચરવા જેવો નથી, એ માર્ગને સેવવામાં નુકશાન છે,–આવો આવો પ્રચાર કરીને, માર્ગનાશના પાપને વહોરી રહ્યા છે. તમે એવું તો કરો નહિ ને? તમારો છોકરો વ્યાખ્યાનમાં આવ્યો હોય અને એણે સાંભળ્યું કે–'ઘરમાં રહેવા જેવું નથી, પરણવા જેવું નથી.' પછી એ તમને ઘેર જઈને પૂછે કે–'બાપા! ઘરમાં રહેવા જેવું છે ખરૂં?' તો તમે શું કહો? છોકરા ઉપર ગમે તેટલો મોહ હોય, તો પણ તમે શું કહો? છેવટ એટલું તો કહો ને કે–'તને ઘરમાં રાખવાને માટે મહેનત કરૂં–એ બને, પણ ઘરમાં રહેવા જેવું છે–એમ તો ન જ કહું!'? તો ય એ પૂછે કે–'ત્યારે પરણવા જેવું ખરૂં?' તો તમે એમ જ કહો ને કે–'તને પરણાવું ખરો, પણ પરણવું એ સારૂં છે એવું તો ન જ કહું!'? આપણે જન્મ્યા ખરા કે નહિ? કોઇ જન્મે એવું તમે કરો છો ખરા કે નહિ? છતાં જો કોઈ પૂછે કે–'જન્મવું તે સારૂં ખરું કે નહિ? કોઈ

જન્મે એવું કરવું તે સારૂં ખરૂં કે નહિ?' તો આપણે શું કહીએ? 'એ સારૂ'-એમ તો ન જ કહીએ ને? જે માણસ પાપો કરવા છતાં પણ, એ પાપો કરવા જેવાં છે-એમ માને નહિ તથા એમ કહે નહિ અને સારાં કામો નહિ કરવા છતાં પણ, એ કામો કરવા લાયક નથી-એમ પણ માને નહિ તથા કહે નહિ, એ માણસ ઘણાં પાપોથી બચી શકે છે. એવા માણસના હૈયામાં, પાપના તીવ્ર પરિણામો પ્રગટી શકતા જ નથી. જૈન કુળમાં જન્મેલાઓના તરફથી, ઓછામાં ઓછી આટલી આશા તો રાખી શકાય ને? અને, જૈન કુળમાં જન્મેલાઓ તરફથી આટલી આશા રાખીએ, તો તેમાં નિરાશ નીવડીએ નહિ ને? જેઓ થોડી-ઘણી પણ ધર્મક્રિયાઓને આચરે છે અને દેવ-ગુરૂના પરિચયમાં આવે છે, તેઓને માટે તો આ બાબતમાં નિરાશ ન જ થવું પડે ને?

રજ્જા સાધ્વી :

તમે રજ્જા નામની સાધ્વીની વાત સાંભળી છે? ખોટું વચન બોલવા માત્રથી પણ કેવી રીતિએ માર્ગનાશ થાય છે-એ વાતને સમજવાને માટે પણ, રજ્જા નામની સાધ્વીનો પ્રસંગ ઉપયોગી નીવડે એવો છે.

રજ્જા નામની તે આર્યા, સંયમની ક્રિયાઓને સેવવા ઉપરાન્ત, એટલી બધી ઉત્કટ તપશ્ચર્યાદિ કરતી હતી, કે જેથી એ સાધ્વીઓના સમુદાયમાં તેણીની 'દુષ્કરકારિકા' તરીકેની છાપ હતી.

તેણીના શરીરમાં, કોઈ એક સમયે, તેણીના પૂર્વકૃત કર્મના અનુભાવથી કોઢનો રોગ ઉત્પન્ન થઈ જવા પામ્યો,

પણ તેણીને એમ લાગ્યું કે–પ્રાસુક જલને પીવાથી જ, મારા શરીરમાં આવો રોગ ઉત્પન્ન થઈ જવા પામ્યો છે.

તેણીના શરીરને આવું રોગગ્રસ્ત બની ગયેલું જોઈને, તેણીની સાથેની સાધ્વીઓએ, તેણીને સ્વાભાવિક રીતિએ જ પૂછ્યું કે–'આ શું થયું?'

એટલે, તેણીએ પોતાના હૈયામાં જે વાત હતી, તે એ સાધ્વીઓને કહી. તેણીને, તેણીના રોગનું કારણ પોતાના પૂર્વકૃત પાપકર્મનો ઉદય નહિ લાગતાં, મિથ્યાત્વના ઉદય યોગે, રોગના કારણ તરીકે પ્રાસુક જલનું પાન લાગ્યું હતું! એટલે, અન્ય સાધ્વીઓને તેણીએ કહ્યું કે–'આપણે જે પ્રાસુક જલનું પાન કરીએ છીએ, તેનાથી મારૂં શરીર આ રીતિએ વિનષ્ટ થઈ જવા પામ્યું છે!'

રજ્જા આર્યાએ આવી વાત કહી, એથી સર્વ સાધ્વીઓનાં હૈયાં સંક્ષુબ્ધ બની ગયાં. જેની સારા તરીકેની છાપ હોય, તેના સાચા કે ખોટા પણ વચનની અસર ઘણી થાય. માણસ જેમ મોટો હોય, તેમ તેણે વચનને ઉચ્ચારવામાં વધારે કાળજી રાખવી જોઈએ.

રજ્જા સાધ્વીએ કહેલી એ વાતને સાંભળીને, બધી સાધ્વીઓએ, પ્રાસુક જલનો ત્યાગ કરવાનો નિર્ણય કરી લીધો. થયો કે આ સન્માર્ગનો નાશ?

આ રીતિએ સર્વ સાધ્વીઓનાં હૃદયો ક્ષુબ્ધ બની ગયાં અને તેમણે પ્રાસુક જલના ત્યાગનો નિર્ણય કરી લીધો, પણ તેમાં એક સાધ્વી એવાં હતાં, કે જેમને રજ્જા સાધ્વીની વાતે એવી અસર કરી નહિ.

તે સાધ્વીજીએ તો, એવો જ વિચાર કરવા માંડ્યો કે–

'મારૂં શરીર હમણાં ને હમણાં જ મહારોગોથી નાશ પામી જતું હોય, તો પણ હું તો પ્રાસુક જલનો ત્યાગ કરૂં જ નહિ. સાધુ-સાધ્વીઓએ ઉષ્ણ જલ વાપરવું જોઇએ, એ ધર્મ કાંઇ આજ-કાલનો નથી. એ ધર્મ, અનાદિકાલથી ચાલ્યો આવે છે અને અનન્ત કાલ પર્યન્ત ચાલતો જ રહેવાનો છે. વળી, આ ધર્મ કોઈ કૃપાહીને કહેલો છે-એમ પણ નથી. મહા કૃપાના સાગર એવા ભગવન્તોએ આ ધર્મ કહેલો છે. એટલે, આ ધર્મમાં કાંઈ પણ ખોટાપણું હોઈ જ શકે નહિ. આ રજ્જા સાધ્વીનું શરીર જે વિનષ્ટ થઈ જવા પામ્યું છે, તે પ્રાસુક જલના પાનના કારણે વિનષ્ટ થઈ જવા પામ્યું નથી, પણ તેણીએ પૂર્વે જે અશુભ કર્મોને ઉપાર્જેલાં, તે અશુભ કર્મોના ઉદયથી જ તેણીનું શરીર વિનષ્ટ થઈ જવા પામ્યું છે. આમ હોવા છતાં પણ, આ રજ્જા સાધ્વીએ, અજ્ઞાનથી કેવું દુષ્ટ વચન ઉચ્ચાર્યું ?, કે જે વચન ભગવાન શ્રી તીર્થંકરદેવોની જે આજ્ઞા, તેના વિલોપને પેદા કરનારૂં છે અને એથી ઘોર એવા દુઃખને આપનારૂં છે!'

આવા પ્રકારનું ચિન્તન કરતે કરતે, એ સાધ્વીજી શુકલ ધ્યાનારૂઢ બની ગયાં. શુકલ ધ્યાનારૂઢ બનેલાં તેમણે, પોતાનાં ચારેય ઘાતી કર્મોને તત્કાલ ક્ષીણ કરી નાખવા દ્વારાએ, કેવલજ્ઞાનને પ્રગટાવ્યું.

એ સાધ્વીજી આમ કેવલજ્ઞાની બન્યાં, એટલે દેવતાઓએ આવીને તેનો મહિમા કર્યો. દેવતાઓએ મહિમા કર્યા બાદ, એ કેવલી બનેલાં સાધ્વીજીએ ધર્મદેશના દીધી.

એમણે ધર્મદેશના દીધા બાદ, પેલી રજ્જા નામની આર્યાએ, તેમને નમસ્કાર કરીને પૂછ્યું કે-'હે ભગવન્!

કયા કર્મના પ્રતાપે હું કોઢ આદિ રોગોનું ભાજન બની જવા પામી છું?'

એ વખતે, કેવલી બનેલાં તે સાધ્વીએ, તે રજ્જા નામની આર્યાને સમજાવ્યું કે–તેં અમુક પ્રકારનો આહાર આકણ્ઠ કર્યો. વળી, તેં એક શ્રાવકના છોકરાનું મોંકું, કે જે લીંટ અને લાળથી ખરડાએલું હતું, તેને મોહના વશથી સચિત્ત પાણી વડે ધોયું. તારા એ કર્મને શાસનદેવી સહન કરી શકી નહિ. બીજાઓ આવી ભૂલ કરે નહિ, એ માટે તેણે તારા તે કર્મનું ફલ તને દર્શાવ્યું. એટલે, તારા શરીરમાં કાંઈ પ્રાસુક જલના પાનથી કોઈ દોષ ઉત્પન્ન થવા પામ્યો નથી.

કેવલી બનેલાં સાધ્વીજીએ આ પ્રમાણે ખૂલાસો કર્યો, એટલે રજ્જા સાધ્વીએ ફરીથી પૂછયું કે–'હે ભગવન્! જો હું યથોક્ત પ્રાયશ્ચિત્તને ગ્રહણ કરૂં, તો મારૂં આ શરીર સાજું થાય ખરૂં?'

કેવલીએ કહ્યું કે–'જો તને કોઈ પણ પ્રાયશ્ચિત્ત આપે, તો તારૂં શરીર સાજું થાય.'

રજ્જા સાધ્વી કહે છે કે–'તો આપ જ મને પ્રાયશ્ચિત્ત આપો. આપના જેવો મહાનુભાવ આત્મા અન્ય કોણ છે?'

એટલે, કેવલીએ કહ્યું કે–'તું તારા બાહ્ય રોગના નિવારણની ઈચ્છાને કરે છે, પણ તારા આત્મામાં જે ભાવરોગ પ્રસરવા પામ્યો છે, તે કયાં જશે? જો કે હું તને પ્રાયશ્ચિત્ત તો આપું છું, પરન્તુ વાસ્તવિક રીતિએ તો એવું કોઈ પ્રાયશ્ચિત્ત જ નથી, કે જેનાથી તારી શુદ્ધિ થાય; કારણ કે–તેં સાધ્વીસમુદાયને એવું કહ્યું કે–'પ્રાસુક જલના પાનથી મારૂં શરીર વિનષ્ટ થઈ ગયું છે.' અને તારા એ મહા પાપમય

વાકયને સાંભળીને, સઘળી ય સાધ્વીઓ સંક્ષુબ્ધ બની ગઈ; એટલે, એ વચનદોષથી તેં જે પાપ ઉપાજર્યું છે, તે પાપના યોગે તો તારે અનન્તા ભવો સુધી અહર્નિશ કુષ્ઠાદિ મહા વ્યાધિઓની પીડાને સહન કરવી પડશે.'

સાચું સમજો અને બોલો તે સાચું બોલો, તો તમે આ બે પાપોથી બચી શકો :

ભગવાને કહેલા માર્ગની આરાધનામાંથી કોઈનું ય ચિત્ત ક્ષોભ પામી જાય, એવું વચન બોલવાનું પરિણામ કેવું આવ્યું ? એટલે, તમારે એ વાતમાં તો ખૂબ જ કાળજી રાખવી જોઈએ કે-ભગવાને કરવા લાયક કહેલા કામને, ન કરવા લાયક કહેવાઈ જાય નહિ અને ભગવાને નહિ કરવા લાયક કહેલા કામને, કરવા લાયક કહેવાઈ જાય નહિ. એક જ વાકયમાં, ઉન્માર્ગની દેશના અને સન્માર્ગનો નાશ-બન્નેય પાપો એકી સાથે લાગી જાય, એમ પણ બની શકે. તત્ત્વના સ્વરૂપ આદિની બાબતમાં ખોટા પ્રતિપાદનથી, માત્ર ઉન્માર્ગદેશનાનું પાપ લાગે-એ બને; પણ માર્ગની આરાધનાને લગતાં કેટલાંક કથનો એવાં હોય છે કે-એ કથનોથી ઉન્માર્ગની દેશનાના પાપની સાથે, સન્માર્ગનો નાશ કરવાનું પાપ પણ લાગે. ગૃહસ્થાવાસ કરવા જેવો ખરો કે નહિ ? નહિ જ ! સાધુપણું લેવા જેવું ખરું કે નહિ ? ખરું જ ! હવે જો કોઈ એવું પ્રતિપાદન કરે કે-' ગૃહસ્થાવાસ કરવામાં ય વાંધો નહિ. સાધુપણું લીધે જ ધર્મ થાય, એવું કાંઈ નહિ.'-તો ? કેટલાક કહે છે ને કે-'બેસો બેસો હવે, સાધુપણું લીધે જ કલ્યાણ છે ? સાધુપણાને લીધા વિના, શું કલ્યાણ ન જ થાય ? ' જો આવું બોલે, તો તેમાં

બે ય પાપો આવી જાય, એ બને ને ? એટલે, હવે હૈયું હાથમાં-વિવેકમાં રહેવાનું ને વાણી ઉપર કાબૂ રહેવાનો ? સગા છોકરાના પણ ખરાબ કામને ખરાબ જ કહેવાના અને દુશ્મનના પણ સારા કામને સારું જ કહેવાના ? સાધુ બનેલાઓ પણ જો પાંચ ઇન્દ્રિયોના વિષયોના રસિક બની જાય છે, તો તેમને પણ કયારે કયારે હું ઉન્માર્ગની દેશના કરું છું અને કયારે કયારે મારાથી સન્માર્ગને ધક્કો પહોંચે છે, તેનું ભાન નથી રહેતું. કદાચ વર્તનમાં ભૂલ થઈ જાય, પણ કાબૂ આવી જાય તો બચી જાય. અવસરે એ કહી શકે કે–' અમે ખરાબ છીએ, પણ અમને સારા ઠરાવવાને માટે, શાસ્ત્રની વાતને ખોટી કહેવાને અમે તૈયાર નથી ! ' ન કરવા લાયક કરવા છતાં ય જો સાચું સમજે અને જે બોલે તે જો સાચું બોલે, તો તે બીજા ભયંકર પાપથી બચી જાય; બાકી તો, ઉન્માર્ગની દેશનાનું અને સન્માર્ગના નાશનું પાપ લાગતાં વાર લાગે નહિ. અનાચાર સેવે અને ઉપરથી ' ચાલે ચાલે હવે એ તો; આમાં વાંધો નહિ.'–આવું આવું બોલે, તો એમાં બે ય પાપ છે. આ તો જાણકારની વાત થઈ, પણ અજાણ્યાથી ય ભૂલ થાય ને ? નહિ જાણનારે નહિ બોલવું, એ જ યોગ્ય છે. ન જાણતા હોઈએ તો કહેવું કે–' હું જાણતો નથી.' પણ આજે તો દોઢડાહ્યા થવાની વૃત્તિ ઘણી છે ને ? પછી ભૂલ થાય ને પાપનું ફલ ભોગવવું પડે, એમાં નવાઈ છે ?

એકલો ધર્મ સાધુપણામાં જ :

તમારે ઘરનાં કામો કરવાં પડે છે ને ? પણ, એ કામો, કામો તરીકે કરવા જેવાં જ છે, એમ તમે માનો અગર તો કહો

ખરા ? 'સંયોગવશાત્ કરવાં પડે છે, બાકી કરવા જેવાં નથી' –એમ જ તમે માનો ને કહો ને ? તમે પરિગ્રહ રાખો છો, તમારે પરિગ્રહ રાખવો પડે છે, પણ 'પરિગ્રહ રાખવા જેવો છે'–એવું તો તમે માનો અગર કહો નહિ ને ? 'ધર્મ તો અપરિગ્રહ જ'–એમ કહેવાય ને ?

સ૦ અલ્પ પરિગ્રહ, એ ધર્મ નહિ ?

મહાનો ત્યાગ તે ધર્મ, અલ્પતા કરી તે ધર્મ, પણ અલ્પેય રાખ્યો તે ધર્મ નહિ. માટે તો, ગૃહસ્થને ધર્માધર્મી કહ્યા છે. પરિગ્રહ જેટલો છોડ્યો તેટલો ધર્મ, પણ બાકીનો અધર્મ. સર્વવિરતિ એ ધર્મ, એટલે દેશવિરતિએ જેટલી વિરતિ કરી તે ધર્મ અને જેટલી વિરતિ ન કરી તે અધર્મ. એક લાખ રાખીને બાકીના સન્માર્ગે ખર્ચ્યા તે ધર્મ, પણ જે રાખ્યા તે તો પાપ ને ? આવું દરેક વાતમાં સમજવાનું છે, માટે વગર સમજ્યે બોલવું નહિ. શ્રાવક ધર્મનો અર્થી ખરો, પણ સંપૂર્ણ ધર્મી નહિ; કેમ કે–શ્રાવક પોતપોતાની શક્તિ મુજબ ધર્મ લે છે, એટલે એને બાકીનો અધર્મ ઉભો રહે છે. શ્રાવકને અધર્મ ઉભો રહે છે. તો શ્રાવક અધર્મમાં કેમ રહે છે ? નથી છોડી શકતો માટે ! ગમે ધર્મ, અધર્મમાં રહેવું ગમે નહિ, એટલે થાય તેટલો ધર્મ તો કરે, પણ બાકીના અધર્મમાં રહે તેનું શું ? તો કે–બાકીના અધર્મમાં રહે, તે ન છૂટકે રહે ! જેટલો અધર્મ રહ્યો છે, તેને છોડવાની પેરવીમાં એ રહે ! તમે જે કાંઈ વેપાર કરો –કરાવો, લગ્ન કરો–કરાવો, ઘરસંસાર ચલાવો, એ વગેરે બધું છે તો અધર્મ જ ને ?

સ૦ અધર્મ તો ખરો જ.

એ અધર્મ, કરવો સારો લાગે છે માટે કરો છો કે એ અધર્મથી છૂટવા જેવું લાગે છે પણ છૂટાતું નથી માટે કરો છો ? એનાથી છૂટાય તો છૂટવાની ઇચ્છા તો ખરી ને ?

સ૦ હા જી.

એટલે, ઘરમાં બધાંને તમે કહો ખરા ને કે-' આપણે અહીં બેઠા છીએ, તે અધર્મમાં બેઠા છીએ ?' એ વખતે, છોકરો જો એમ પૂછે કે-' ધર્મ જો સંપૂર્ણપણે કરવો હોય અને અધર્મ જો જરા પણ નહિ કરવો હોય, તો શું કરવું જોઈએ ?' કદાચ એને અધર્મથી બચવાનું મન થઈ જાય અને માત્ર ધર્મને જ સેવવો છે-એવું મન થઈ જાય, તો એ પૂછે ને કે-' એવું સ્થાન કયું છે, કે જ્યાં એકલો ધર્મ થઈ શકે અને અધર્મ કરવો પડે નહિ ? એવું કોઈ સ્થાન હોય, તો તે બતાવો ને ?' તો, એ વખતે, તમે સાધુપણું જ બતાવો ને ? ' સાધુપણા સિવાય અધર્મથી સર્વથા બચાય નહિ અને એકલા ધર્મમાં રહેવાય નહિ '-એમ કહો ને ? જૈનપણું જો તમારા હૈયે હોય, તો તમારાથી આથી વિપરીત કાંઈ બોલાય નહિ. છોકરો જો એમ પણ પૂછે કે-' અહીં અધર્મ છે, તો તમે કેમ રહ્યા છો ?'-તો ય, બાપ જો જૈન હોય તો એમ જ કહે કે-' રહેવું સારૂં લાગે છે માટે રહ્યો નથી, પણ કર્મથી બાંધ્યો છું માટે રહ્યો છું. ઇચ્છા તો એ જ છે કે-છેવટ મરતાં પહેલાં ય આ અધર્મથી છૂટી શકું તો સારૂં !'

સંસારની કોઈ પ્રવૃત્તિમાં ધર્મ નહિ :

તમે સંસારમાં રહ્યા છો, પણ 'સંસારમાં રહેવું એ અધર્મ છે '-એ વાત હૈયે કોતરાએલી છે ને ? હિંસા, ભોગ,

પરિગ્રહ–એ વગેરે અધર્મ ને ? પાપ ને ? પછી સંસારની કંઈ ક્રિયાને માટે, તમે, એમાં પાપ નથી–એવું કહી શકવાના ? માર્ગવિરૂદ્ધ બોલવાથી અને અવસરે માર્ગનાશ પણ થાય-એવું બોલવા આદિથી બચવું હોય, તો આ બધું સમજી લેવું જોઈએ. જેનું મિથ્યાત્વ મન્દ અને કષાયો મન્દ–એવા મિથ્યાદર્શનમાં પડેલા પણ ઘણા જીવો, જેને જેને પાપ તરીકે સમજી શકે છે, તેને તેને પાપ તરીકે કહે છે. એક જણ લગ્નમાં અધર્મ–પાપ માનતો નહોતો, પણ એને જ્યારે લગ્નની ક્રિયાનું પરિણામ સમજાવ્યું, ત્યારે એ ઝટ સમજી ગયો કે–' લગ્ન, એ ય પાપકાર્ય તો ખરૂં જ.' આપણી પાસે તો પુણ્ય–પાપ, ધર્મ–અધર્મનો વિવેક કરી શકાય તેવી સુન્દર સામગ્રી છે. તમે તો ' છોકરાં પરણાવવાં એ ધર્મ છે '– એવું બોલો નહિ ને ? એ વખતે કદાચ મહાલવાનું મન થાય, તો ય ભૂંડું થાય છે–એવું ભાન રહે કે ગાંડપણ આવે ? ' ત્યાગ કરી શકતો નથી માટે આ કરવું પડે છે, બાકી આ કરવા જેવું નથી'–એમ લાગે ને ? વેપાર કરતાં લોભનું ગાંડપણ આવી જાય અને અન્યાયાદિ થઈ જાય, પણ પછી ય એને માટે હૈયું કંપે ને ? એક સુખી માણસને પૂછયું કે–' તમારા જેવો સાધનસંપન્ન માણસ વેપાર કેમ કરે છે ? ' ત્યારે એ કહે છે કે–' પહેલાં તો કમાવાને માટે વેપાર કરતો હતો, પણ હવે જગતને વેપાર કેમ થાય તે શીખવવાને માટે વેપાર કરૂં છું. સંપત્તિ મળી એટલે બેસી રહીએ, તો જગતની પ્રગતિ કેમ થાય ? એમ કાંઈ નિરૂદ્યમી બેસી રહેવાય ?' વેપારમાં જે હિંસાદિ થાય, પૌદ્ગલિક વાસના પોષાય, એ વગેરેની તો એને કાંઈ પડી જ નહોતી; પછી, વેપાર એ પણ અધર્મ છે,

એમ એને શાનું લાગે ? એ તો, વેપાર છોડવા ઇચ્છનારને ય વેપારમાં જોડાવાની સલાહ આપે ને ? તમે, એમાંના તો નથી ને ? આટલી ઉંમર સુધી વેપાર કર્યો, તે પાપ કર્યું –તેમ તો મનમાં ખરૂં ને ? સંસારમાં બેઠા, તે પાપના યોગે બેઠા–એમ લાગે છે ને ? ગૃહસ્થપણે મરવું પડે, તો મરતાં સુધી અધર્મમાં રહેવું પડ્યું, એવો વિચાર આવે ને ? મરતાં સુધી સંસાર ન છૂટે, તો ય ' સંસાર છોડવા જેવો છે '– એ વાત મનમાંથી ખસે નહિ ને ? આ બધો માર્ગ છે. માર્ગ-વિરૂદ્ધ બોલવું નહિ, ભૂલથી પણ માર્ગનાશના પાપમાં પડવું નહિ–એવી ઇચ્છા હોય, તો ખૂબ જ વિવેકશીલ બનવું પડશે.

ગૂઢચિત્તતા એ ય તિર્યંચગતિનો આશ્રવ :

ચિત્તની ગૂઢતા, એ પણ તિર્યંચગતિનું કારણ છે. ચિત્તની ગંભીરતા એ ગુણ છે અને ગૂઢતા એ દોષ છે. મહાપુરૂષો જેમ ગંભીર ચિત્તવાળા હોય, તેમ પાપરસિક જનો ગૂઢ ચિત્તવાળા હોય. ગૂઢ ચિત્તવાળો તે કહેવાય, કે જેના ચિત્તને બીજાઓ પ્રાયઃ જાણી શકે નહિ. સામાન્ય રીતિએ, એ જેવા ચિત્તવાળો જણાય, તેનાથી તદ્દન ઊલટા ચિત્તવાળો એ ખરી રીતિએ હોય. પોતાના ચિત્તને જે કળવા જ ન દે, એ ગૂઢ ચિત્તવાળો કહેવાય. એને માયા, અસત્ય આદિ કેટલાં પાપોનો આશ્રય લેવો પડે ? આનામાં પોતાના દોષને છૂપાવવાની ખૂબ તાકાત હોય, જ્યારે ગંભીરમાં પારકા દોષોને છૂપાવવાની સાચી તાકાત હોય. ગૂઢ ચિત્તવાળો ક્રૂરભાવમાં હોય, જ્યારે ગંભીર ચિત્તવાળો દયાભાવમાં હોય. ચિત્તને ગંભીર બનાવવાની પેરવી કરવી, પણ ચિત્તને ગૂઢ બનાવવાની કદી પણ પેરવી

કરવી નહિ. જે ગુનેગારો ગૂઢ ચિત્તવાળા હોય છે, તે ચકોર પણું પોલીસને થકવી નાખે છે. હૈયું દોષોથી ભરેલું હોય, પણ આના હૈયામાં દોષ છે–એમ જણાઈ આવે, એવો એક અક્ષર પણ એના હોઠે આવે નહિ કે એવો કોઈ ભાવ પણ એના મોંઢા ઉપર આવે નહિ. એ ખરી રીતિએ ભયંકર માયાવી હોય, તે છતાં પણ બીજાને એ મહા સરલ લાગે. દોષિત પોતે હોવા છતાં પણ, દોષિત તરીકે બતાવી શકે બીજાને અને પોતે નિર્દોષ લાગે. એવા માણસો ગૂઢ ચિત્તવાળા કહેવાય.

ન છૂટકે કરે છતાં ચઢીયાતું કરે :

જેમ વિનયરત્નની જે વાત આવે છે, તે વિચારો તો લાગે કે–એ ગૂઢ ચિત્તવાળો હતો. એ એવો ગૂઢ ચિત્તવાળો કે–પરમ ઉપકારી, મહા સમર્થ એવા શ્રી કાલિકસૂરીશ્વરજી મહારાજા જેવા પણ, એને વર્ષોના સતત પરિચય છતાં ઓળખી શકયા નહિ. ઓળખી શકયા નહિ–એટલું જ નહિ, પણ એવા ખરાબમાં ખરાબ માણસની પણ, એમના હૈયે, સારામાં સારા માણસ તરીકેની છાપ પડી ! પણ, એમાં નવાઈ પામવા જેવું નથી ! સંયમ એવું પાળે કે–પ્રાયઃ અતિચાર પણ લાગવા દે નહિ. રાત ને દિવસ સ્વાધ્યાયમાં ખામી આવવા દે નહિ અને વિનય ને વૈયાવચ્ચ તો કેવાં ? પરિચિત એવા સૌ ઉલ્લાસથી, પ્રેમથી, સદ્‌ભાવથી એને વિનયરત્ન કહે એવાં ! આટલું બધું છતાં હૈયામાં શું ? રાજાનું ખૂન કરવું છે ! સાધુપણું શા માટે ? રાજાનું ખૂન કરવાને માટે જોઇતી અનુકૂળ તક મળી જાય એ માટે ! ત્યાં સુધી પોતાનો હેતુ સધાય ત્યાં સુધી આ રીતિએ રહેવું–એવો નિર્ણય કરી લીધેલો. એમ એણે બે–

ચાર દહાડા નહિ, બે–ચાર મહિના ય નહિ, બે–ચાર વર્ષો ય નહિ, પણ બાર–બાર વર્ષો કાઢી નાખ્યાં; પણ કોઈ જાણી શકયું નહિ કે–એના હૈયામાં શું છે ? હૈયું દ્વેષમય, છતાં દ્વેષ એક દેખાવા દે નહિ અને જે સ્થિતિને નિભાવવાનો નિર્ણય કરી લીધો, તે સ્થિતિને નિભાવવાને માટે જરૂરી સઘળું ય કરે. એ બધું ન છૂટકે જ કરે, પણ તે એવી રીતિએ કરે કે–હૈયાના સાચા ભાવથી કરનારાઓ પણ, એને જોઈને દાંતમાં આંગળાં ઘાલી જાય.

દેખાડે સરલતા ને છૂપાવે પાપ :

આવા એટલે ગૂઢ ચિત્તવાળા માણસોને જરૂર લાગ્યે તપ કરતાં પણ આવડે અને ત્યાગ કરતાં પણ આવડે. રોઈ પડવા જેવું છે–એમ લાગે, તો બોટું રોતાં પણ આવડે અને જુઠું બોલવું જરૂરી છે–એમ લાગે, તો જુઠું બોલતાં પણ આવડે. એવો અવસર હોય, તો 'મિચ્છા મિ દુક્કડં" પણ જુઠું બોલીને દે. બીજાઓને એમ લાગે કે–'આ કેવી સરલતાથી પોતાના પાપને કબૂલ કરે છે ? કેટલી પાપભીરૂતા છે કે–આટલી નિખાલસ રીતિએ પ્રાયશ્ચિત્ત લે છે !' જ્યારે એનું હૈયું પાપથી ભરેલું હોય. આવા ગૂઢ ચિત્તવાળાઓ તિર્યંચગતિમાં જાય, તેમાં નવાઈ જેવું શું છે ? એવા આત્માઓના પરિણામો, કેટલા બધા પાપમય હોય ?

ગંભીરતા એ જુદી ચીજ છે :

માણસને ગૂઢચિત્તતાની જરૂર કયારે પડે ? પોતાના ચિત્તમાં જે ભાવ છે, તે ભાવને છૂપાવવાની જરૂર કયારે પડે ? સારો ભાવ હોય, દયાભાવ હોય અથવા તો અસાધારણ ખરાબ

ભાવ ન હોય, તો ચિત્તમાં જે છે તે ન દેખાવા દેવું અને ચિત્તમાં જે છે તેથી ઊલટું દેખાય તેવી રીતિએ વર્તવું, એવી રીતિએ ચિત્તને ગૂઢ રાખવાની જરૂર પડે ખરી? પ્રાયઃ નહિ, એટલે હૈયામાં ખરાબ ભાવ અને તે ય પ્રાયઃ ઘણો ખરાબ ભાવ હોય, ત્યારે જ ગૂઢચિત્તતાની આવશ્યકતા પડે ને? આ ગૂઢચિત્તતા તો, પોતાના દોષોને છૂપાવવાને માટે જ હોય ને! આવા દોષિત હૈયાવાળો, સારી કરણી ન જ કરે–એમ નહિ, પણ મોટે ભાગે દેખાવમાં જ એ સારી કરણી કરે. પ્રાયઃ એવી કરણી એ કરે જ નહિ, કે જે કરણી ઉપરથી એના હૈયાનું સાચું માપ નીકળી શકે. સંસારમાં જે બહુ આસક્ત હોય, તેવા માણસોનાં જ હૈયાં, પ્રાયઃ કોઈના ય હાથમાં ન આવી શકે તેવાં ગૂઢ, હોય તો હોઈ શકે. આમ એમ કહી શકાય કે–મહાપુરૂષોના હૈયાનો તાગ ન લાગે; સાગરના પેટાળ જેવું ને ઉંડા દ્રહ જેવું એ ગંભીર હોય એ માટે! એમાં, બીજાઓના દોષોને ખમવાની, સમાવવાની ગંભીરતા અજબ કોટિની હોય છે. કોઈના ય દોષની વાત, એ હોઠે લાવવા ન માગે તો આવે નહિ. 'મને ખ્યાલ રહ્યો નહિ ને કહેવાઈ ગયું'–એવું બોલવાનો અવસર એમને આવે નહિ. એમના હૈયામાં, પારકા દોષોને જ્ઞાનથી અને દયાથી પચાવવાની શક્તિ હોય છે. કોઈના કલ્યાણને માટે, ગમે તેવી વાત પણ હૈયામાં ને હૈયામાં જ રાખી શકાય છે; અને કોઈના કલ્યાણને માટે, યોગ્ય રીતિએ ગમે તેવી વાત કહી પણ શકાય છે. માણસ પોતાનાં સઘળાં ય પાપોને, હૈયામાં રાખી શકે છે ને? પોતાનાં પાપોને ન ધાર્યું હોય તો પ્રાયઃ હોઠ ઉપરેય આવવા દેતો નથી ને? પોતાનાં પાપોને પોતાના હૈયામાં છૂપાવવાની જે કરામત, તે ગૂઢચિત્તતા છે. રાગને કે દ્વેષને

અતિ વશ બનેલા માણસો, પોતાના ચિત્તને ગૂઢ બનાવનારા બને છે. એમના હૈયામાં એ જ વાત કે-'મારા દોષને કોઈ પણ જાણી શકે નહિ.' એમને દોષનો જરા ય અણગમો નહિ, પણ અણગમો માત્ર કોઈ પોતાના દોષને જાણી જાય એનો. એટલે, એવા માણસો જે કાંઈ સારી કરણીઓ કરે, તે સઘળી ય સારી કરણીઓ, પોતાના દોષોને પોષવાને માટે કરતા હોય છે અને પોતાના દોષોને છૂપાવવાને માટે કરતા હોય છે.

બુદ્ધિનિધાન એવા પણ શ્રી અભયકુમારને વેશ્યાએ કેવા કપટથી ફસાવ્યા ?

જેમ કુલટા સ્ત્રીઓમાં અને વેશ્યાઓ આદિમાં કેવી ગૂઢચિત્તતા હોય છે ? જેના ઉપર જરા પણ ભાવ ન હોય, તેના ઉપર એવી સ્ત્રીઓ એવી છાપ પાડી શકે છે ને કે-મારા ઉપર આનો પૂરેપૂરો ભાવ છે!? પોતાના ચિત્તને, એ સ્ત્રીઓએ, કેટલું બધું ગૂઢ રાખ્યું હોય, ત્યારે જેના ઉપર પોતાનો જરા પણ ભાવ નથી, તેના ઉપર તેઓ એવી છાપ પાડી શકે કે-મારા ઉપર તો આનો પૂરેપૂરો ભાવ છે !?

શ્રી અભયકુમાર જેવા બુદ્ધિનિધાનને પકડી જવામાં પણ, વેશ્યા જ સફળ નીવડી શકી હતી ને ? એ વેશ્યાએ, પોતાના ચિત્તને કેટલું બધું ગઢ બનાવી દીધું હતું ? જેટલું ચિત્ત ખરાબ હતું, તેટલો જ દેખાવ સારો હતો, માટે જ શ્રી અભયકુમાર જેવા ચાર બુદ્ધિના ધણીને પણ એનાથી છેતરી શકાયા ને ?

એ વેશ્યાએ કેવો પ્રપંચ રચ્યો હતો, એ જાણો છો ? એ વેશ્યાએ અને તેની સાથેની બે યુવતિઓએ, એવી વૈરાગ્ય-

પૂર્ણ શ્રાવિકાઓનો દેખાવ કર્યો હતો કે–ખરેખરી એવી શ્રાવિકાઓ તો મહા દુર્લભ ગણાય; અને એ વિના, શ્રી અભયકુમાર જેવા છેતરાય, એ પણ બનવાજોગ થોડું જ હતું ?

બનેલું એવું કે–તે કાળમાં ઉજ્જયિની નામની નગરીમાં ચણ્ડપ્રદ્યોત નામનો બહુ પ્રતાપી રાજા હતો. એ રાજાની આજ્ઞામાં, અનેક રાજાઓ પણ હતા. એને મહારાજા શ્રી શ્રેણિકને કબજે લઈને, શ્રી શ્રેણિકના રાજશાસનને પણ પોતાના કાબૂમાં લાવવાની ઈચ્છા થઈ.

શ્રી શ્રેણિકને હરાવવા, એ કોઈ સામાન્ય કામ નહોતું; એટલે, રાજા ચણ્ડપ્રદ્યોતે પોતાના આજ્ઞાવર્તી ચૌદ રાજાઓને પણ પોતાની સાથે લીધા અને પોતાની પાસે યુદ્ધની જે કાંઈ સામગ્રી હતી, તે સઘળી ય સામગ્રીને પણ સાથે લીધી. એ બધાને સાથે લઈને, તે, શ્રી શ્રેણિકના રાજગૃહ નગર તરફ આવવાને માટે નીકળ્યો.

ચણ્ડપ્રદ્યોતને પૂરેપૂરી ખાત્રી હતી કે–મારા આ બળની સામે શ્રેણિક ટકી શકશે નહિ, પણ શ્રી શ્રેણિક એવા પુણ્યવાન હતા કે–એમની પાસે શ્રી અભયકુમાર હતા. શ્રી અભયકુમાર શ્રી શ્રેણિકના પુત્ર હોવા ઉપરાંત, શ્રી શ્રેણિકના મુખ્ય મંત્રી પણ હતા, કેમ કે–શ્રી અભયકુમાર ઔત્પાતિકી આદિ જે ચાર પ્રકારની બુદ્ધિઓ, તેના ભંડાર રૂપ હતા.

બન્યું પણ એવું જ કે–ચણ્ડપ્રદ્યોતને યુદ્ધને માટે આવેલો જાણીને, શ્રી અભયકુમારે પોતાના બુદ્ધિબળથી એવી યુક્તિ યોજી કે–યુદ્ધ તો થયું જ નહિ અને ચણ્ડપ્રદ્યોત જીવ લઈને પોતાની નગરી તરફ ભાગી ગયો. તેની પાછળ, બીજા ચૌદ રાજાઓ પણ ભાગી ગયા. એ બધા એવી રીતિએ ભાગ્યા કે–મરણે જ

જાણે એમનો પીછો પકડ્યો હોય.

બધા ઉજ્જયિનીમાં પહોંચી ગયા તે પછી, જ્યારે પરસ્પર વાત થઈ ત્યારે જ તેઓ બધા સમજી શક્યા કે–' આ તો અભયકુમારની માયાથી જ આપણે છેતરાઈ ગયા.'

આથી, ચણ્ડપ્રદ્યોતને શ્રી અભયકુમાર ઉપર ઘણો ગુસ્સો આવ્યો. ગુસ્સો ઘણો આવતો હતો, પણ ઉપાય એકેય સુઝતો નહોતો, એટલે ગુસ્સો શમવાને બદલે વધ્યે જતો હતો. એક વાર તો, ચણ્ડપ્રદ્યોત, ખૂબ ગુસ્સામાં આવી જઈને, પોતાની રાજસભામાં બેઠો બેઠો બોલી ઉઠ્યો કે–' અભયકુમારને બાંધી લાવીને જે કોઈ મને સોંપશે, તેને હું એ જે માગશે તે આપીશ!'

આ વખતે બીજું તો કોઈ કાંઈ બોલ્યું નહિ, કેમ કે–શ્રી અભયકુમારને બાંધી લાવવાની વાત તો સૌના ગજા ઉપરાંતની હતી; પણ એ કામ કરવાને માટે, એક વેશ્યા તૈયાર થઈ તેણીએ વિચાર કર્યો કે–'આમ તો, કોઈ પણ ઉપાયે, અભય-કુમારને બાંધીને અહીં લઈ આવી શકાય, એ કોઈ પણ રીતિએ શક્ય નથી; પણ અભયકુમાર બહુ ધર્મશીલ માણસ છે, એટલે જો ધર્મ દ્વારા કપટ કરાય તો જરૂર એને છેતરીને, પછી એને અહીં બાંધીને લાવી શકાય.' સાથે સાથે, તેણીએ એવો વિચાર પણ કર્યો કે–' એ રીતિએ પણ જો આ રાજાનું આ કામ હું કરી આપું, તો પછી મારૂં સઘળું ય હિત સધાયા વિના રહે નહિ.'

શ્રી અભયકુમારને માટે, પરરાજ્યની એક વેશ્યાના હૈયા ઉપર પણ, કેવી છાપ છે? શ્રી અભયકુમાર છેતરાય તો ધર્મ-છદ્મથી જ છેતરાય અને એ છેતરાય નહિ તો એ બંધાય એ બને નહિ. જેવો એમની બુદ્ધિનો પ્રભાવ જાણીતો હતો, તેવો

તેમનો ધર્મભાવ પણ જાણીતો હતો ને ? તમે ગમે તેટલા હુંશીયાર હો, પણ ધર્મના નામે તો તમે છેતરાયા વિના રહો જ નહિ. આવું કોઈ તમારી ધર્મશીલતાને અંગે માની લે ખરૂં ? આ મોટો ગુણ છે. આ વાતથી, શ્રી અભયકુમારના હૈયામાં ધર્મ પ્રત્યે કેવો આદર હશે, તેની સુન્દર કલ્પના આવી શકે તેમ છે. શ્રી અભયકુમારના હૈયામાં ધર્મ પ્રત્યે કેવો આદર હતો–એની કલ્પના કરીને પણ, કરવાનું શું ? માત્ર એમને હાથ જોડવાના ? એ બહુ સારા ધર્મશીલ હતા –એવાં એમનાં વખાણ કરવાનાં ? ના, એથી પણ આગળ કરવાનું ! 'ધર્મ પ્રત્યેનો એવો આદર મારામાં કયારે પ્રગટે'– એવી ભાવના ભાવવાની; અને, એ ભાવના સફલ બને એ માટે, શકય એટલો પ્રયત્ન પણ કરવા માંડવાનો ! આવી ભાવના આવે તો જ, એમને હાથ જોડવાનો અને એમનાં વખાણ કરવાનો સાચો–ઉલ્લાસવાળો ભાવ હૈયામાં પ્રગટે !

પેલી વેશ્યાએ શ્રી અભયકુમારને બાંધી લાવવાની તૈયારી બતાવી, એટલે રાજા ચણ્ડપ્રદ્યોતે તેણીને કહ્યું કે–' જો તું આ કામ કરવાનું માથે લેતી હો, તો એ કામ માટે તારે જે કાંઈ પણ પૈસા વગેરેની સહાય જોઈએ, તે સહાય કરવાને હું તૈયાર છું. બોલ, તારે શી શી સહાય જોઈએ છે ? '

તે વખતે, એ વેશ્યાએ કહ્યું કે–' મારે બે નવયુવાન સ્ત્રીઓ જોઈએ. '

રાજા ચણ્ડપ્રદ્યોતને ખબર નથી કે–' આ વેશ્યા ધર્મછદ્મ કરવા માગે છે.' ' આ વેશ્યા શો ઉપાય યોજશે '–તેની, રાજા ચણ્ડપ્રદ્યોતનને કશી કલ્પના ય નથી એ તો, એણે માગ્યા મુજબ એને બે નવયુવાન સ્ત્રીઓ સુપ્રત કરે છે અને તે સાથે

એને ઘણું દ્રવ્ય પણ આપે છે.

હવે એ વેશ્યા શું કરે છે, તે જોવાનું છે. ધર્મછદ્મ કરવું છે, તે એમ ને એમ થાય? એ માટે, ધર્મના વિચારોથી પણ ખૂબ જ સુપરિચિત બની જવું જોઈએ અને ધર્મના આચારોથી પણ ખૂબ જ સુપરિચિત બની જવું જોઈએ. એ માટે વેશ્યાએ સાધ્વીનો ઉપયોગ કર્યો. એક સાધ્વીની રોજ ને રોજ ખૂબ ખૂબ ઉપાસના કરવા માંડી. પેલી બે યુવતીઓ પણ સાથે જ છે. એ બેએ તો, જે આ કહે તેમ કરવાનું છે. ત્રણેએ એ સાધ્વીની ઉપાસના કરવી અને અધ્યયન કરવું, એ જ એક કામ કરવા માંડ્યું. થોડા વખતમાં તો, એ ત્રણેય સ્ત્રીઓ, ઉત્કટ પ્રજ્ઞાવાળી બહુશ્રુત બની ગઈ.

અર્થિપણું શું કામ કરે છે, તે જુઓ! કુળના સંસ્કારો નથી ને વય પણ અભ્યાસની ગણાય તેવી નથી, છતાં પણ બહુશ્રુત બની જાય છે. શ્રુતનું અધ્યયન, મતિજ્ઞાનનો પણ ઘણો વિકાસ સાધી આપે છે. જ્ઞાન થાય છે ને સાથે મતિ પણ તેજ બને છે. સમજપૂર્વક અને કાળજીપૂર્વક શ્રુતનો અભ્યાસ કરવામાં આવે, તો ભણનારા, મહા બુડથલમાંથી મહા બુદ્ધિશાલી બની જાય; પણ જે ભણે તેના ઉંડાણમાં જવાની તૈયારી જ ન હોય, ત્યાં શું થાય? આ ત્રણ તો, દરેક વાત એવી રીતિએ જાણવા અને આચરવા માગતી હતી કે- ક્યાંય કશી પણ ભૂલ થવા પામે નહિ.

સ૦ પણ એમનો આશય તો ખરાબ જ ને?

આશય ખરાબ હોવા છતાં પણ જો આટલી કાળજી રહી શકે અને એથી આટલી બધી હુંશીયારી મેળવી શકાય, તો જેમને મોક્ષનો આશય છે, તેના તરફથી તો વધારે

કાળજીની આશા રાખી શકાય ને ? અને એથી, મોક્ષના અર્થી આત્માઓ તો, વધારે સારા જ્ઞાની અને વધારે સારા બુદ્ધિશાલી નીવડી શકે ને ?

અહીં આપણે આશયની વાત પણ કરી લઈએ. એ ત્રણનો આશય કેવો છે, તેની તમને ખબર છે અને જે આશય છે તે ખરાબ છે, તેની પણ તમને ખબર છે. પણ એ ત્રણેએ સાધ્વીની નિરંતર અને આદરપૂર્વક ઉપાસના કરી તેમ જ એક ચિત્તે અધ્યયન કર્યું, એ વાત તો ખરી ને ? હવે કહો કે–એમને એ ઉપાસનાનું અને એ અધ્યયનનું ફળ મળે, તો કેવું મળે ?

સ૦ ખરાબ ફળ જ મળે.

જે બોલો તે વિચાર કરીને બોલજો. ઉપાસનાની ને અધ્યયનની ક્રિયામાં જ લાગી ગઇ છે. બીજું બધું છોડી દીધું છે. આટલું છતાં, ખરાબ ફળ મળે ?

સ૦ આશય ખરાબ એટલે.

આશય ખરાબ હોય, તો સારામાં સારી ક્રિયાથી પણ ખરાબ ફળ મળે, એ વાતને તમે સમજો છો ખરા ? દેખાવમાં એ આટલી સારી ક્રિયા છે, પણ વસ્તુતઃ આ દુષ્કૃત્ય છે, કારણ કે–આનો ઉપયોગ ખરાબ રીતિએ કરવાનું જ લક્ષ્ય છે ! તો પછી, તમે સમજવા છતાં પણ, ધર્મ જો સંસારસુખના હેતુએ કરો અને સંસારસુખનો હેતુ ન રખાય –એમ કહેવાય, તો ય 'એ હેતુએ પણ ધર્મ કરવામાં વાંધો નહિ' –આવું માનો અગર કહો, તો તેથી તમારા ધર્મથી તમને કેવું ફલ મળે, તેનો વિચાર તમારે કરી લેવો પડશે ને ? ભગવાને ધર્મ શા માટે કહ્યો છે ? એક મોક્ષને માટે જ

ને? જે કાંઈ ધર્માનુષ્ઠાનો ભગવાને કહ્યાં છે, તે એટલા જ માટે ને કે-એને સેવીને આત્મા પરિણામે મુક્તિને પામે? આટલું જાણવા છતાં પણ, જો એ અનુષ્ઠાનોને સંસારસુખના હેતુથી આપણે આચરીએ, તો એમાં ભગવાનના આશયનો આપણે દ્રોહ કરીએ છીએ, એમ તમને લાગે છે? પછી, ધર્મક્રિયાનું ફલ મળશે-એમ માનો છો, તો આ દ્રોહનું ફલ પણ મળશે-એમ માનો છો કે નહિ? આ વાતનો વિચાર કરી જોજો!

હવે, ઉત્કટ પ્રજ્ઞાવાળી અને બહુશ્રુત બનેલી તે વેશ્યા આદિ ત્રણેય સ્ત્રીઓએ, પોતાનું ધારેલું કામ આરંભી દીધું. તેઓ ત્રણેય, જગતને છેતરવાને માટે સાક્ષાત્ માયાની મૂર્તિઓ હોય-એવી બનીને, પોતાની ઉજ્જયિની નગરીથી નીકળીને, શ્રી શ્રેણિકના રાજગૃહ નગરે આવી.

રાજગૃહ નગરે આવીને, તે વેશ્યાએ નગર બહારના ઉદ્યાનમાં પોતાનો વાસ કર્યો. ત્યાર બાદ, ચૈત્યપરિપાટી કરવાની ક્રિયાની ઇચ્છાથી, તેણીએ રાજગૃહ નગરમાં પ્રવેશ કર્યો. સાથે પેલી બે યૌવનાઓ પણ છે.

નગરમાં રાજાએ કરાવેલ જે શ્રી જિનમન્દિર હતું, તે મન્દિરે એ ત્રણેય ગઇ. ખાલી હાથે નથી ગઈ, પણ અતિશયવાળી વિભૂતિએ સહિત ગઈ છે. શ્રી જિનમન્દિરમાં પેસતાં નિસિહીના વિધિને પણ એ ચૂકી નથી. આ તો પરમ શ્રાવિકાઓનો પાઠ ભજવવાને નીકળી છે અને બરાબર તૈયાર થઈને નીકળી છે, એટલે ખામી શાની આવવા દે? પહેલાં તો, એ ત્રણેએ, દર્શન અને પૂજન કરીને, પછી ભગવાનની મનોહર અંગરચના કરી અને તે પછી ત્રીજી વારની નિસિહી કહીને

ભાવપૂજાનો આરંભ કર્યો. જાત વેશ્યાની અને પાછી કેળવાઇને તૈયાર થયેલી. એ સ્તવનો ગાય, ત્યારે શી કમીના રહે ? કંઠ મધુર હોય, રાગરાગણીનું જ્ઞાન હોય અને અચાનક કોઈ જુએ તો ય એ જોનારને તો એમ જ લાગે કે–આ ત્રણેય સુશ્રાવિકાઓ પ્રભુસ્તવનામાં તલ્લીન છે–એની કાળજી હોય; એ સ્તવના બોલે, તેમાં શું પૂછવાપણું રહે ?

એ ત્રણેય બરાબર માલકોશ રાગમાં સ્તવના કરે છે, ત્યાં શ્રી અભયકુમાર દર્શન કરવાને માટે આવી પહોંચે છે. તેમને સ્તવનામાં લીન બનેલી જોઈને, શ્રી અભયકુમાર મંદિરના દ્વાર પાસે સ્થંભી જાય છે. મંદિરના મંડપમાં પેસતા પણ નથી. કેમ ? પેસે તો, આવી સુંદર સ્તવના ચાલતી હોય તેમાં વિક્ષેપ પડે ને ?

તમે શ્રી જિનમન્દિરે જાવ, ત્યારે તમને આવી કાળજી રહે છે ખરી ? કોઈ મજેથી સ્તવના કરતો હોય, તેમાં મારા યોગે વિઘ્ન ન આવે, એવો વિચાર આવે ખરો ? કેટલાક તો, એવા વખતે ય, મોટા સાદે ગમે તેમ ગાવા મંડી પડે છે.

શ્રી અભયકુમાર તો ઉભા જ રહ્યા. કયાં સુધી ? એ ત્રણેએ ચૈત્યવન્દન કરી લીધું ત્યાં સુધી ! ચૈત્યવંદન કરીને એ ત્રણેય ઉઠી, તે પછી શ્રી અભયકુમાર તેમની પાસે ગયા.

શ્રી અભયકુમારે એ ત્રણને એકતાનથી સ્તવના કરતાં તો જોઈ છે અને એ ત્રણનો વેષ જોયો તો એ વેષમાંથી પણ જાણે પ્રશમ ઝરતો હતો. શ્રી અભયકુમારે આ જોઈને, પહેલાં તો, એ ત્રણેયની સારી રીતિએ પ્રશંસા કરી; અને તે પછી, તેમને ઉદ્દેશીને કહ્યું કે–" ભદ્રે ! તમારા જેવાં સાધર્મિકનો સમાગમ મને આજે મારા ભાગ્ય યોગે જ થયો છે. વિવેકી

જનોને માટે, આ સંસારમાં, સાધર્મિકથી અન્ય એવો કોઈ બન્ધુ જ નથી."

આ વાત સમજાય છે? જે વિવેકી હોય, તેને માટે સંસારમાં કોઈ સાચો બન્ધુ હોય, તો તે સાધર્મિક છે. આ વાત તમારા હૈયામાં છે ખરી? અથવા તો, આ વાત તમારા હૈયામાં જચે છે ખરી? આ વાત જેના હૈયે હોય, તેને સાધર્મિકનું દર્શન, સદ્‌ભાગ્યનું સૂચક લાગે; બાકી તો વાતો જ ને?

પછી, પેલી વેશ્યા, કે જે ઉમ્મરમાં સાથેની બે યુવતીઓથી મોટી છે, તેને શ્રી અભયકુમાર પૂછે છે કે-" તમે કોણ છો? અને, કયા કારણે તમે અહીં પધાર્યા છો? તમે વતની કયાંનાં છો? અને, તમારી સાથેની આ બે બેનો પણ કોણ છે?"

એના જવાબમાં, પેલી વેશ્યા, કે જે અત્યારે મહા શ્રાવિકા તરીકેનો પાઠ ભજવી રહી છે, તે કહે છે કે-" અમે ઉજ્જયિની નામની નગરીનાં વતની છીએ. હું એક ધનાઢ્ય વણિકની વિધવા બનેલી ધર્મપત્ની છું. આ બન્ને મારા પુત્રની પત્નીઓ છે. મારો પુત્ર કાલધર્મને પામવાના યોગે, આ બન્ને પણ વિધવાપણાને પામી છે. આ બન્નેએ, વિધવા થતાંની સાથે જ દીક્ષા લેવાની મારી અનુજ્ઞા માગી. મને એમની માગણી વ્યાજબી લાગી, કારણ કે--સતીઓ, કે જેમનો પતિ મૃત્યુને પામ્યો છે, તેમને માટે શરણભૂત કોઈ વસ્તુ હોય, તો તે એક દીક્ષા જ છે. આથી, મેં તેમને કહ્યું કે-' હું પણ તમારી સાથે દીક્ષાને જ ગ્રહણ કરીશ, કારણ કે-હું પણ વિધવા છું; પરંતુ આપણે પહેલાં ગૃહસ્થપણાનું ફલ જે તીર્થયાત્રા છે, તે ફલને ગ્રહણ કરીએ; કારણ કે-દીક્ષા લીધા બાદ તો ભાવપૂજા જ

થઈ શકે છે, પણ દ્રવ્યપૂજા થઇ શકતી નથી.' આ પ્રમાણે તેમને કહીને અને સમજાવીને, તેમની સાથે હું તીર્થયાત્રાએ નીકળી છું."

આ વાત બોલી છે વેશ્યા, પણ શ્રાવિકાના સ્વાંગમાં બોલી છે ને ? કેટલી બધી તૈયાર થઇને, એ શ્રી અભયકુમારને છેતરવાને માટે નીકળી પડી છે? આ વાત બોલવામાં વેશ્યાની કેટલી મોટી ગઢચિત્તતા છે ? દેવદર્શનાદિ કર્યું તે ય ગૂઢ ચિત્તે અને આ વાત કરી તે ય ગૂઢ ચિત્તે ! બાકી આવી વાત જેના હૈયે હોય, તેનો આ સંસારથી નિસ્તાર થતાં વાર કેટલી લાગે ? સાચી શ્રાવિકાના હૈયાની આ વાત છે. વિધવા બનેલી સતીઓને માટે વ્રત એ જ શરણ છે અને ગૃહસ્થપણાનું ફલ તીર્થયાત્રા છે, એ વાત શ્રાવિકાના હૈયે હોય જ ને? તીર્થયાત્રામાં જે વાપર્યું તે જ સફલ, એવું શ્રાવિકા તો સમજે ને ? આની વાતમાં શ્રી જિનશાસનનો પરમાર્થ સમાએલો છે. સાધુ કે સાધ્વી બન્યા બાદ તો, સંયમયાત્રા એ જ મહાયાત્રા છે. સાધુ–સાધ્વીઓને તો તીર્થયાત્રાનું ફલ મળી ગયું છે–એમ કહીએ તો ચાલે. તીર્થયાત્રાનું ફલ શું ? સંયમ ! તીર્થની યાત્રા કરીને પામવાનું શું ? તમે તીર્થયાત્રા કરો, તે શું પામવાની ઈચ્છાથી ? યાદ છે, શ્રી કુમારપાલે તીર્થયાત્રાએ આવીને ભગવાનના ભિક્ષુકપણાની યાચના કરી હતી! એટલે, તીર્થયાત્રા કરતાં પણ સંયમયાત્રાની મહત્તા છે. માટે, દરેક સાધુ–સાધ્વીએ તીર્થયાત્રાના નામે પણ સંયમયાત્રા સીદાય નહિ, દૂષિત બને નહિ, તેની કાળજી રાખવી જોઇએ. જ્યાં સંયમની ચિંતા જોઈતી હતી, ત્યાં જો બીજી ચિંતાઓ પેસી ગઈ, તો એથી સંયમ કેટલો ઘવાયો ? સાધુ–સાધ્વીને માટે સંયમયાત્રા મુખ્ય છે અને

તીર્થયાત્રા આનુષંગિક છે. આ વિચાર, સંયમને પામેલાએ સંયમને ટકાવવાને માટે કરવાનો છે. ગૃહસ્થોને માટે તીર્થ-યાત્રા મુખ્ય છે, કેમ કે-ગૃહસ્થોને સંયમ પામવો છે. તમારે સંયમ પામવો છે ને? અહીં આવીને ચોમાસા માટે વસ્યા છો, તે ભગવાને કહેલો સંયમ વહેલો મળે, એ માટે ને? વર્ષે વર્ષે તીર્થયાત્રા કરો છો, તે પણ સંયમને પામવાને માટે ને? એટલે, તીર્થયાત્રા કરીને તમે જ્યારે પાછા જાવ, ત્યારે તમને એટલું તો લાગી આવે ને કે-આટલી વાર આવ્યો, પણ હજુ મારો મનોરથ ફળ્યો નહિ! માણસ મહેનત ઉપર મહેનત કર્યે રાખે અને તેનું ધાર્યું ફળ ના મળે, તો એના હૈયામાં કાંઈ થાય ખરૂં? 'મારી મહેનતમાં કયાં ભૂલ થાય છે અને શી ભૂલ થાય છે, કે જેથી મને મારી મહેનતનું ભગવાને કહ્યા મુજબનું ને મારા ધાર્યા મુજબનું ફળ મળતું નથી?'-આવો વિચાર તો આવે ને? તમે, કદી પણ, યાત્રા કરીને પાછા ફરતી વેળાએ, આવો વિચાર કર્યો છે?

સ૦ એ ખ્યાલ હોય તો ને?

હવે તો ખ્યાલ આવ્યો ને? હવે તો યાત્રા કરતાં, કયારે મને સંયમનો લાભ થાય, એમ થશે ને?

વેશ્યાએ, શ્રાવિકા તરીકે કહેલી વાતને સાંભળીને, શ્રી અભયકુમાર ખૂબ ખૂશ થઈ ગયા. 'મારા મહદ્ ભાગ્યે મને આવા મહા અતિથિઓનો યોગ મળ્યો'-એવું શ્રી અભયકુમારને થઈ ગયું. શ્રી અભયકુમારને આવું થયું, કેમ કે-એમના હૈયે ધર્મ વસેલો હતો અને તે એવા પ્રકારે વસેલો હતો કે-'ધર્મ એ જ સર્વસ્વ છે અને એ સિવાયનું સઘળું ય તુચ્છ છે.'

આથી, શ્રી અભયકુમાર કહે છે કે-"આજે તમે અમારા

અતિથિ થાઓ ! તીર્થ તો પાવનકારી છે જ, પણ સતીર્થ્યોનું એટલે સમાનધર્મી આત્માઓનું જે આતિથ્ય, તે તો તીર્થથી પણ અધિક પાવનકારી છે ! ”

શ્રી અભયકુમારની આ વાત પણ તદ્દન સાચી છે. સમાનધર્મી આત્માઓના સાચા આતિથ્યમાં, ધર્મ અને ધર્મી –એ ઉભયનો સત્કાર છે. ધર્મ પ્રત્યેના આદર વિના, સમાનધર્મી આત્માઓ પ્રત્યે આદર થાય નહિ; એટલે, સમાનધર્મી આત્માઓના આદરમાં ધર્મનો આદર તો બેઠેલો જ છે. આજે સમાનધર્મી ગણાતા આત્માઓને અંગે ઘણી મુશ્કેલ પરિસ્થિતિ ઉપસ્થિત થઈ જવા પામી છે. ધર્મના નામે માગવું–એ ગૃહસ્થને માટે હીણામાં હીણું કાર્ય છે અને પોતાનો સમાનધર્મી રીબાય છે–એવું જાણ્યા પછીથી હૈયું હાલી ઉઠે નહિ, તો સુખી માણસોમાં સાચા ધર્માદરની ખામી છે, એમે ય કહેવું પડે; પણ આજે આ બન્નેય પ્રકારની વિષમતાઓનો સાક્ષાત્કાર થાય છે. ધર્મના આદરની ખામી બન્નેય બાજુએ છે અને એથી જ આજે આ નિમિત્તે પણ જૈનોની વગોવણી થઈ રહી છે.

શ્રી અભયકુમારે જ્યારે આ રીતિએ અતિથિ બનવાનું કહ્યું, ત્યારે પેલી વેશ્યા, એક પરમ શ્રાવિકાનો જ જાણે કે સાક્ષાત્કાર કરાવતી હોય તેમ, કહે છે કે–“ આપે જે કહ્યું તે બરાબર છે, પરન્તુ આજે મેં તીર્થોપવાસ કરેલો છે, એટલે હું કેવી રીતિએ તમારી અતિથિ બની શકું ? ”

તીર્થોપવાસ એટલે સમજ્યા ને ? જે દિવસે નૂતન તીર્થનું પ્રથમ દર્શન થાય, તે દિવસે ઉપવાસ. આજ આ તીર્થનું મને પ્રથમ દર્શન થયું છે, માટે આજે મારે ઉપવાસ છે,

એમ એ કહે છે !

આ વચનના યોગે, ધર્મશ્રદ્ધાળુ એવા શ્રી અભયકુમાર ઉપર કેવી છાપ પડે ? શ્રી અભયકુમાર, તેણીની ધર્મનિષ્ઠાને જાણીને વિશેષ ખૂશ થાય છે. તે ફરીથી કહે છે કે–" આજે તમારે ઉપવાસ છે તો ભલે, પણ આવતી કાલે સવારે તમારે મારે આંગણે અવશ્ય આવવાનું ! "

તેના જવાબમાં, શ્રાવિકા બનેલી વેશ્યા કહે છે કે– " આવતી કાલે સવારે હું આમ કરીશ–એવું કોઈ પણ ડાહ્યો માણસ કેમ બોલી શકે ? કેમ કે-પ્રાણી ક્ષણ માત્રમાં પણ મરણને શરણ થઈ જાય છે ! "

છે કાંઈ કહેવા જેવું ? જ્ઞાનનું અને વૈરાગ્યનું કેવું પ્રદર્શન કરે છે ? કેવી ભારે ગૂઢચિત્તતા છે ? શ્રી અભયકુમારને આંજી નાખે એવી આ વાત છે ને ? એક ખરાબ આશયને પાર પાડવાને માટે, માણસ કેટલો બધો સાવધ બનીને વર્ત્યા કરે છે ? જો આટલી સાવધગીરી રાખીને, મોક્ષના આશયને પાર પાડવાનો પ્રયત્ન થાય, તો કમીના શી રહે ? વેશ્યા જે સાવધગીરી રાખી રહી છે, તે સાવધગીરી જો મોક્ષના આશયથી હોય, તો પરમ તારક નીવડે એવી એ સાવધગીરી છે; પણ, વેશ્યાનો આશય ઘણો ખરાબ છે અને એથી એની આટલી સારી ક્રિયા પણ, એને માટે એકાન્તે ડૂબાવનારી જ છે.

શ્રી અભયકુમારે વિચાર કર્યો કે–' આમને આવતી કાલે ફરીથી નિમંત્રણ કરીશ. ' એવો વિચાર કરીને, તે વેશ્યા આદિ ત્રણેય બાઈઓને, શ્રી અભયકુમારે વિદાય આપી અને પોતે, ચૈત્યમાં દર્શન-વન્દનાદિ કરીને પોતાના ઘરે ગયા.

બીજે દિવસે સવારે શ્રી અભયકુમારે એ ત્રણેયને નિમ-

ત્રણ કર્યું, ગૃહચૈત્યોનું વન્દન કરાવ્યું, આદર પૂર્વક પારણું કરાવ્યું અને સમાનધર્મી આત્માઓના આતિથ્યને શોભે એવા પ્રકારે તેઓને ઘણું વસ્ત્રોનું સમર્પણ આદિ પણ કર્યું.

સાધર્મિકભક્તિનો જ આ પ્રકાર છે. સાધર્મિક ભાઈ-બેનોને નિમંત્રીને, તેમને સત્કારપૂર્વક ભોજન કરાવ્યા બાદ, યોગ્ય રીતિએ પહેરામણી વગેરે પણ કરવું જોઈએ.

હવે પેલી વેશ્યાએ શ્રી અભયકુમારને ફસાવવાને માટેનો તાગડો રચ્યો. એક વાર, શ્રી અભયકુમારને, વેશ્યાએ પોતાના આવાસે ભોજન કરવાને માટે પધારવાનું આમંત્રણ કર્યું. શ્રી અભયકુમાર જેવા બુદ્ધિશાલી પણ અહીં છેતરાયા. શ્રી અભયકુમાર એકલા જ પેલી વેશ્યાના ઉતારાએ ગયા. ધર્મશીલ આત્માઓ, સાધર્મિકોના આગ્રહને વશ બનીને શું ન કરે, એ કહેવાય નહિ.

સ૦ પાપેય આચરે?

પાપને આચરવાનો આગ્રહ કરે, ત્યાં તો આખી વાત ફરી જાય; પણ અહીં પાપને આચરવાનો આગ્રહ કરાયો જ નથી. ધર્મવૃત્તિથી ધર્મમાર્ગે જ આગ્રહ કરાયો હોય, તેવા પ્રકારનો દેખાવ છે.

વેશ્યાએ શ્રી અભયકુમારની ગજબની ભક્તિ કરી. વિવિધ ભોજ્યોથી શ્રી અભયકુમારને ભોજન કરાવ્યું. તેના ઉપર, ચંદ્રહાસ નામની જે મદિરા, તેનાથી મિશ્રિત એવું જે પાણી અગાઉથી તૈયાર કરી રાખેલું, તે શ્રી અભયકુમારને પાઈ દીધું.

સ૦ ખબર ન પડે?

સ્વાદથી પણ ખબર પડે નહિ અને ગંધથી પણ ખબર

પડે નહિ–એવા પ્રકારનું મિશ્રણ હોય, તો ખબર શી રીતિએ પડે ? અને, શ્રી અભયકુમાર તો, આ ત્રણ બાઈઓ પરમ ધર્માત્મા જ છે–એવા વિશ્વાસમાં છે.

શ્રી અભયકુમારને આ રીતિએ મદિરાપાન કરાવી દીધું, એટલે શ્રી અભયકુમાર તરત જ ગાઢ નિદ્રાને આધીન બની ગયા. આણે તો, અગાઉથી ગોઠવણ કરાવી રાખી જ હતી. સ્થાને સ્થાને રાજા ચણ્ડપ્રદ્યોતના રથો તૈયાર રખાયા હતા, કે જેથી, વધુમાં વધુ ત્વરાથી શ્રી અભયકુમારને એવી ને એવી બેભાન હાલતમાં, ઉજ્જયિની નગરી ભેગા કરી શકાય.

શ્રી અભયકુમારને પેલી વેશ્યા આબાદ ઉઠાવી ગઈ. રાજા ચણ્ડપ્રદ્યોતે વેશ્યાને પૂછ્યું કે–'તું આને કેવી રીતિએ ઉપાડી લાવી શકી ?' ત્યારે વેશ્યાએ પોતે જે યુક્તિ અજમાવી હતી, તે કહી બતાવી.

રાજા ચણ્ડપ્રદ્યોતને શ્રી અભયકુમારને પકડી મંગાવવાની તીવ્ર ઇચ્છા હતી, તે છતાં પણ તેને વેશ્યાએ જે પ્રકાર અજમાવ્યો તે ગમ્યો નહિ. એણે કહ્યું કે–'આને તું આવી રીતિએ ધર્મકપટ કરીને પકડી લાવી, તે ઠીક કર્યું નહિ. શ્રદ્ધાવાળો આ રીતિએ છેતરાય, તેમાં તો કાંઈ જ નવાઇ પામવા જેવું નથી.'

આપણે આ પ્રસંગને આટલે સુધી જ જોવો હતો. વેશ્યાની ગૂઢચિત્તતાનો તમને ખ્યાલ આવી ગયો ને ? ગૂઢચિત્તતા કેવી હોય, એ તમને સમજાઈ ગયું ને ?

વિચાર તો એ કરવા જેવો છે કે–જેઓ સ્વભાવે ગૂઢ ચિત્તવાળા છે, તેઓનું જીવન દમ્ભપૂર્ણ હોય છે અને એથી તે પાપપૂર્ણ પણ હોય છે.

આર્ત્તધ્યાનના ચાર પ્રકારો–આર્ત્તધ્યાન એ પણ તિર્યંચગતિનું કારણ છે :

આર્ત્તધ્યાન, એ પણ તિર્યંચગતિના આશ્રવો પૈકીનો એક આશ્રવ છે. આર્ત્તધ્યાનના ચાર ભેદો છે. ઈન્દ્રિયગોચર એવા શબ્દાદિ વિષયો અને એ વિષયોની આધારભૂત એવી વસ્તુઓ, એ વિષયો અને એ વિષયોની આધારભૂત વસ્તુઓમાં, મનને જે જે અનુકૂલ ન હોય પણ પ્રતિકૂલ હોય, તેના વિયોગની જે તીવ્ર ચિન્તા, એ આર્ત્તધ્યાનનો પહેલો ભેદ છે. સામાન્ય પ્રકારની વિચારણા અગર તો ચિન્તા, એ ધ્યાનમાં ન ગણાય. કોઈ પણ પ્રકારની વિચારણામાં મનની જ્યારે એકાગ્રતા થઈ જાય, ત્યારે તે ધ્યાન કહેવાય. વિષય અને કષાયને આધીન બનેલો જીવ, વિષયોનો લાલચુ હોય છે; પણ તે તેના મનને અનુકૂળ લાગે એવા વિષયોનો લાલચુ હોય છે. વિષયોનો લાલચુ હોવા છતાં પણ, જ્યારે તેને તેના મનને ગમતા ન હોય તેવા વિષયોનો અથવા તો તેવા વિષયોની આધારભૂત વસ્તુઓનો યોગ થઈ જાય છે, ત્યારે તે તેવા વિષયો અને તેવી વસ્તુઓનો દ્વેષી બની જાય છે. એના હૈયામાં વિષયો પ્રત્યે અણગમો નથી, પણ પ્રતિકૂળ વિષયો પ્રત્યે જ અણગમો છે. આથી, જ્યારે તેને પ્રતિકૂળ વિષયોનો અગર તો પ્રતિકૂળ વિષયોની આધારભૂત એવી વસ્તુઓનો યોગ થઈ જવા પામ્યો હોય, ત્યારે તે આર્ત્તધ્યાનના પહેલા ભેદમાં રક્ત બને, એ બનવું શક્ય છે. 'ક્યારે આ વિષયો ને આ વસ્તુઓ મારાથી છૂટે કે હું એનાથી છૂટું'–આ પ્રકારની તીવ્ર ચિન્તા થતાં, તેમાં જો એકાગ્રતા આવી જાય, તો તે પ્રથમ પ્રકારનું

આર્ત્તધ્યાન છે. પ્રતિકૂલ વિષયો અને તેની આધારભૂત વસ્તુઓનો વિયોગ થઈ જાય, એટલે આવો ખરાબ યોગ મને કદી પણ થાઓ નહિ–એવી વિચારણા આવવાને અને તેમાં મનની એકાગ્રતા થવાને પણ અવકાશ છે. વળી, ભૂતકાલમાં જ્યારે જ્યારે તેવા પ્રતિકૂળ વિષયો ને તેની આધારભૂત વસ્તુઓનો યોગ નહોતો, તે તે સમયને અવલંબીને, તે તે સમયે સારૂં હતું–એવી વિચારણા આવે અને એ વિચારણામાં પણ મનની એકાગ્રતા થઈ જાય, તો એ પણ શકય છે.

આવી જ રીતિએ–રોગાદિકની જે વેદના, તેના વિયોગનો દૃઢ એવો જે અધ્યવસાય, તે અધ્યવસાય જોઈએ તો વર્તમાન કાલ સંબંધી હોય, જોઈએ તો ભવિષ્યકાલ સંબંધી હોય કે જોઈએ તો ભૂતકાલ સંબંધી હોય, તેવો મનની એકાગ્રતાવાળો અધ્યવસાય, એ આર્ત્તધ્યાનનો બીજો ભેદ છે.

રોગની વેદનાના પ્રતીકારની ચિન્તાના યોગે ચિકિત્સા કરવાને માટે અન્તઃકરણ વ્યાકૂલ બની જાય, તેમાંથી આ આર્ત્તધ્યાનનો બીજો ભેદ આવે. કેવળ ધર્મની સાધનાના જ હેતુથી આજ્ઞાવિહિતપણે રોગાદિકના પ્રતીકારની ચિંતા થાય અને તેમાં મનની એકાગ્રતા પણ થઈ જાય, તો ય તે આર્ત્તધ્યાન નથી જ, કેમ કે–એમાં તો આશયશુદ્ધિ છે.

જેમ અનિષ્ટ એવા વિષયો અને તેની આધારભૂત વસ્તુઓના વિયોગની ચિન્તામાંથી આર્ત્તધ્યાનનો પહેલો ભેદ ઉત્પન્ન થવા પામે છે, તેમ ઈષ્ટ એવા જે વિષયો–તેના તથા તે ઈષ્ટ વિષયોની આધારભૂત વસ્તુઓના સંયોગની ચિન્તામાંથી આર્ત્તધ્યાનનો ત્રીજો ભેદ ઉત્પન્ન થવા પામે છે. પહેલા ભેદમાં અનિષ્ટ વિષયોનો તથા તેની આધારભૂત વસ્તુઓનો દ્વેષ કારણ રૂપ

હતો, તો આ ત્રીજા ભેદમાં ઈષ્ટ વિષયોનો તથા તેની આધારભૂત વસ્તુઓનો રાગ કારણ રૂપ હોય છે. આ પ્રકારનું આર્ત્તધ્યાન પણ વર્ત્તમાનકાલ, ભવિષ્યકાલ અને ભૂતકાલ સંબંધી હોઇ શકે છે.

દેવેન્દ્રો અને ચક્રવર્તી આદિ નરેન્દ્રોના રૂપ અને ઋદ્ધિ આદિની પ્રાર્થના રૂપ જે નિદાન, તેમાંથી આર્ત્તધ્યાનનો ચોથો ભેદ ઉત્પન્ન થવા પામે છે. પોતાના તપ અને ત્યાગ આદિના બદલામાં, દેવેન્દ્રો અને નરેન્દ્રોના, રૂપ અને ઋદ્ધિ આદિની યાચના કરવામાં ગુલતાન બની જનારા જીવો પણ, આર્ત્ત-ધ્યાનના ઉપાસક બન્યા ગણાય છે. આવું નિદાન કરવું, એ ઘણું જ અધર્મ કાર્ય છે. અજ્ઞાનિઓ સિવાય કોઈને પણ, સાંસારિક સુખોના જ આગ્રહવાળો સાંસરિક સુખોનો અભિલાષ થાય નહિ. ત્યાગી અને તપસ્વી એવો પણ આત્મા, જ્યાં સુધી તેવા પ્રકારનો અજ્ઞાની બનતો નથી, ત્યાં સુધી તે સાંસારિક સુખોનો તેવા પ્રકારનો અભિલાષી બની શકતો નથી.

આર્ત્તધ્યાનનાં નિમિત્તોને પણ વિવેકથી મુક્તિના ધ્યાનનાં નિમિત્તો બનાવી શકાય :

આ ચારેય પ્રકારનાં આર્ત્તધ્યાન, ઓઘથી સંસારની વૃદ્ધિના કારણ રૂપ છે અને વિશેષતઃ તિર્યંચગતિનું મૂળ છે. મનને અનુકૂળ નહિ એવા વિષયોનો યોગ થાય અથવા તો મનને અનુકૂળ નહિ એવા વિષયોની આધારભૂત વસ્તુઓનો યોગ થાય, તો એ વખતે એના પ્રત્યે આત્મામાં દ્વેષનો ભાવ જન્મે છે કે પાપોદયનો વિચાર આવે છે ? રોગાદિકની વેદનાનો યોગ થતાં પણ, એના પ્રત્યે આત્મામાં દ્વેષનો ભાવ જન્મે છે

કે પાપોદયનો વિચાર આવે છે ? મનને અનુકૂળ નહિ એવા વિષયોના તથા તે તે વિષયોની આધારભૂત વસ્તુઓના અને વેદના ઉપજાવતા રોગાદિકના પણ વિયોગની જ ઇચ્છા થાય છે ને ? કયારે આ જાય, એમ જ થયા કરે છે ને ? મન માત્ર અણગમાની જ લાગણી, અનુભવે છે ને ? એ દ્વેષ છે. એવા પ્રસંગે ' કયારે આ જાય અને કયારે હું આનાથી મુક્ત બનું '–એવો વિચાર જ આવે છે ને ? આવો વિચાર જોરદાર બને અને એમાંથી એ વિચારમાં એકતાનતા આવે, એ આર્ત્ત-ધ્યાન છે. એ વખતે પાપોદયનો વિચાર આવવો જોઇએ.

સ૦ પાપનો ઉદય છે, એવો વિચાર તો આવે છે.

પછી શું થાય છે ? એમ થાય છે કે–આનો યોગ, મને, મારા બાંધેલા પાપકર્મના ઉદયથી જ થવા પામ્યો છે, માટે મારે મારા બાંધેલા પાપકર્મના ફલને ભોગવી લેવું જોઈએ !?

સ૦ એમ તો ઓછું લાગે.

હજુ તો એથી પણ આગળ વિચાર આવવો જોઈએ. એ વિચાર કરવો જોઈએ કે–આવા પ્રકારનું પાપકર્મ મેં ઉપાર્જ્યું શાથી ? મનને અનુકૂળ નહિ એવા વિષયોનો, તેવા વિષયોની આધારભૂત વસ્તુઓનો અને વેદના ઉપજાવનાર રોગાદિકનો યોગ કરાવનારા પાપકર્મનું ઉપાર્જન શાથી થાય છે ? સંસારના સુખનો રસ, એ જ એનું પ્રધાન કારણ છે. આવો વિચાર આવે, તો આર્ત્તધ્યાનના ત્રીજા અને ચોથા પ્રકારમાંથી પણ ઉગરવાનું મન થાય. સંસારના સુખનો રસ બધેય નડે છે ને ? કર્મનો યોગ મુખ્યત્વે સંસારના સુખના રસને જ આભારી છે ને ? અમનોજ્ઞ વિષયાદિ અને રોગાદિકનો યોગ ન ગમતો હોય, તો મનોજ્ઞ વિષયાદિના યોગને મેળવવા આદિની વૃત્તિ

ઉપર તથા તે માટે ત્યાગ અને તપને હોડમાં મૂકી દેવા જેવી માનસિક સ્થિતિ ઉપર, કાબૂ મેળવવો જોઈએ ને ? આ બધો વિચાર કરો, તો મુક્તિને સાધવાનો વિચાર પણ આવે. એમ થાય કે–મુક્તિને સાધીએ, તો કોઈ પણ કર્મનો કશો પણ યોગ રહેવા પામે નહિ; અને કર્મનો યોગ જ ન હોય, તો વિષયાદિનો યોગ પણ હોય નહિ તથા શરીરનો યોગ પણ હોય નહિ; એટલે, કોઈ પણ પ્રકારના દુઃખને અવકાશ હોય નહિ. આમ, જે નિમિત્તે દુર્ધ્યાનની સંભાવના ગણાય, તે જ નિમિત્તે વિવેકી આત્મા, મુક્તિના ધ્યાનને પામી શકે અને ઘણી ઘણી નિર્જરાને સાધી શકે. તાત્કાલિક પ્રતિકૂળતા સહાય નહિ અને અનુકૂળતા ગમી જાય–એ બનવાજોગ છે; પરન્તુ, એ વખતે ય જેમ બને તેમ પ્રતિકૂળતાના દ્વેષી નહિ બનતાં, કર્મના દ્વેષી બનાય અને અનુકૂળતાના રાગી નહિ બનતાં, મુક્તિના રાગી બનાય, તો ક્રમે કરીને પ્રતિકૂળતામાં તથા અનુકૂળતામાં સમભાવ બન્યો રહે–એવી સ્થિતિને પામી શકાય; અને અન્તે મુક્તિને પણ પામી શકાય. આ વિના તો, તમારે જોઈતો હોય દેવલોક અને તમે ઘસડાઈ જાવ દુર્ગતિમાં, એ પણ બનવાજોગ છે. આર્ત્તધ્યાનમાં તમે જે વખતે લીન બન્યા હો, તે વખતે જો આયુષ્યનો બંધ પડી જાય, તો તિર્યંચગતિના આયુષ્યનો બંધ પડે; માટે, વિષયાદિની પ્રતિકૂળતાને અંગે તથા રોગાદિકને અંગે તેના તેના વિયોગની વિચારણા આવે અથવા તો અનુકૂળ વિષયાદિના સંયોગની વિચારણા આવે, તો પણ તે વિચારણામાં એકતાનતા આવી જવા પામે નહિ, તેની તો ખાસ કાળજી રાખવી જોઈએ; અને એ વિચારણાને પણ, પાપોદય તથા પુણ્યોદયની વિવેકપૂર્વકની વિચારણા દ્વારા,

કાઢી નાખવાનો પ્રયત્ન કરવો જોઇએ.

આર્ત્તધ્યાનમાં કેટલો સમય જાય છે ?

આપણે કયારે કયારે આર્ત્તધ્યાનના કોઈ ને કોઈ પ્રકારમાં સપડાઈ ગયેલા હોઈ એ છીએ, તેનો વિચાર કરવા જેવો છે. માણસ, કેટલીક વાર, જ્યારે પોતાના સુખ–દુઃખની અને અનુકૂળ–પ્રતિકૂળ સંયોગો આદિની વાત કરવા બેસે છે, ત્યારે એ કોઇ કોઈ વખતે એમાં ભારે લીન બની જાય છે. કેટલાંકો તો, સાધુ–સાધ્વીની પાસે પણ એવી રીતિએ વાત કરવાને મંડી જાય છે. આર્તધ્યાનમાં મગ્નતા ઓછી આવતી હશે, પણ એ ધ્યાનને લાવે એવી વિચારણાઓ તો ચાલુ જ હોય છે ને ? મુક્તિની અને મુક્તિનાં સાચાં સાધનોની વિચારણા રોજ આવે છે ? જેને રોજ એની વિચારણા આવતી હોય, તેઓ ય વિચારે કે–'દિવસનો કેટલો સમય એ વિચારણા અને આર્ત્તધ્યાનને ઘસડી લાવે એવી વિચારણા દિવસમાં કેટલો સમય ?' વળી, મુક્તિની તથા મુક્તિનાં સાધનોની વિચારણામાં લીન બનાય છે વધુ કે આર્ત્તધ્યાનને લાવનારી વિચારણામાં લીન બનાય છે વધુ ? આનો નિર્ણય, દરેકે પોતે, પોતાની જાત વિષે વિવેકપૂર્વકની વિચારણા કરવા દ્વારાએ કરવો પડશે. સ્ત્રી-પુત્રાદિક આપણી સેવા કરે છે માટે સારા લાગે છે કે આપણને ધર્મમાં સહાયક બને છે માટે સારા લાગે છે, એનો ય વિચાર કરવો પડશે. મોહઘેલા આત્માઓ આવો વિચાર ન કરી શકે, પણ તમે કાંઈ મોહઘેલા છો ? તમે તો, મોહને મારવાને માટે નીકળ્યા છો ને ? મોહને મારવાનું તમારૂં દિલ તો ખરૂં ને ? એટલે, તમે જે થોડી પણ

ધર્મક્રિયા કરો છો, તે મોહને મારવાને માટે જ અથવા તો મોહને મારવાની તાકાત આત્મામાં પ્રગટે–એ માટે જ કરો છો ને ? કે પછી, એમાં ય સંસારના સુખનો રસ જ કામ કરી રહ્યો છે ?

નિદાન બોધિને ય દુર્લભ બનાવે છે :

'મને મારા તપ અને ત્યાગ આદિ દ્વારા દેવેન્દ્રની કે નરેન્દ્રાદિની ઋદ્ધિ આદિ મળો'–આવા પ્રકારની ઇચ્છા પ્રગટે અને એમાં લીનતા આવે, એ પણ આર્ત્તધ્યાન છે. એવા ધ્યાનના યોગે, તપના ને ત્યાગાદિના સાચા ફલને હારી જવાય છે. સંભૂત મુનિનો પ્રસંગ તો તમે કદાચ સાંભળ્યો હશે. શ્રી ચિત્ર મુનિ અને સંભૂત મુનિ–એ બન્ને ય મહા ત્યાગી અને મહા તપસ્વી મુનિવરો હતા. એક પ્રસંગે, ચક્રવર્તિના સ્ત્રીરત્નનો કેશસ્પર્શ થવા માત્રથી, સંભૂત મુનિ ચલચિત્ત બની ગયા. કામરાગને અતિ આધીન બની ગયેલા તેમણે, નિયાણું કર્યું કે–'જો મારા આ દુષ્કર તપનું ફલ હોય, તો મને ભવાન્તરમાં આવા સ્ત્રીરત્નનું પતિપણું મળો !' શ્રી ચિત્ર મુનિએ એમને ઘણું સમજાવ્યા, પણ સંભૂત મુનિની વિષયેચ્છા એટલી બધી જોરદાર બની ગઈ હતી કે–એમણે શ્રી ચિત્ર મુનિની સમજાવટને ગણકારી નહિ. એ સંભૂત મુનિ, ત્રીજા ભવે, બ્રહ્મદત્ત નામે ચક્રવર્તી થયા. એ વખતે, પેલા શ્રી ચિત્ર મુનિ, કે જે ત્રીજા ભવે અવધિજ્ઞાનને પામી, વૈરાગ્યવાસિત અન્તઃકરણવાળા બની, મુનિ બન્યા હતા, તેમનો બ્રહ્મદત્તને યોગ થયો. એ મુનિવર પ્રત્યે બ્રહ્મદત્તને ઘણો રાગ થયો, કારણ કે–પૂર્વભવોનો સંબંધ હતો, પણ એ મુનિવરનો ઉપ-

દેશ બ્રહ્મદત્તને રૂચ્યો નહિ. બ્રહ્મદત્તે તો, એ મુનિવરને જ ભોગસુખોને ભોગવવાનો આગ્રહ કર્યો. મુનિવરને લાગ્યું કે– 'આ જીવ અત્યારે અબોધ્યતમ છે.' અબોધ્યતમ એટલે અતિશય અબોધ્ય. એ બાબતમાં, પરમ ઉપકારી કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ પણ લખ્યું છે કે–

"**कुतः कृतनिदानानां बोधिबीजसमागमः ?**"

જે આત્માઓએ નિયાણું કરેલું છે, તેઓને આવા મુનિવરનો યોગ થવા છતાં પણ, બોધિબીજનો સમાગમ ક્યાંથી થાય ? સ્ત્રીરત્ન તો એને મળી ગયું, પણ એને એ રીતિએ મેળવીને, એ ચક્રવર્તી સાતમી નરકે ગયો. એ તપનું ફળ તો, એવું ખતમ થઈ ગયું કે–સુગુરૂ મળે તો ય ઉપદેશ જચે નહિ. સંભૂત મુનિનો તપ તો ગયો, પણ તેમના ત્યાગના સંસ્કારો પણ ગયા ને ? નહિ તો, એ પોતે ત્યાગ કરવાની ભાવનાવાળો બનવાને બદલે, ત્યાગનો ઉપદેશ દેનારા મુનિને ભોગ ભોગવવાનું આમંત્રણ, એ કરે ખરો ? એટલે, વિષયોથી ખૂબ જ સાવધ રહેવાની જરૂર છે. આર્ત્તધ્યાનથી બચવું હોય, તો સંસારના સુખની રસિકતા ઉપર કાપ મૂકવો, એ ખૂબ જ જરૂરી છે, એમ તમને લાગે છે ને ?

<u>શલ્યસહિતપણું :</u>

શલ્યસહિતપણું, એ પણ તિર્યંચગતિના આશ્રવો પૈકીનો એક આશ્રવ છે. કલ્યાણના અર્થી જીવોએ, જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી તો અવશ્ય, જીવનમાં થઈ ગયેલાં પાપોની યોગ્ય સ્થલે આલોચના કરી લેવી જોઈએ; તેમ જ, યોગ્ય

જગ્યાએ પોતાનાં પાપોનું સાચા રૂપમાં પ્રકાશન કરીને, તેની શુદ્ધિને માટે આવશ્યક એવું જે કાંઈ પણ કરવાનું ગુરૂ કહે, તે સર્વને શુદ્ધ ભાવે આચરવું જોઈએ જીવનમાં દોષ છે કે નહિ ? દોષ તો છે, તો ભગવાન શ્રી જિનેશ્વરદેવોના શાસનના સુયોગને પામ્યા પછીથી પણ, શા માટે સશલ્યપણે મરવું જોઈએ ? શાસ્ત્રોમાં અનેક સ્થલોએ ' અનાલોચિત પાપકર્મો ' કહીને, એમ સૂચવ્યું છે કે–કલ્યાણના અર્થી આત્માઓએ, સદ્‌ગુરૂઓની પાસે, પોતાનાં પાપોની આલોચના અવશ્ય કરવી જોઈએ. આલોચના કરવાની વૃત્તિ હોવા છતાં ય, પોતાના પાપને પોતાના પાપ તરીકે છૂપાવવાના કારણ માત્રથી પણ લક્ષ્મણા સાધ્વીની કયી દશા થઈ, તે તો તમે સાંભળ્યું છે ને ? શ્રી પર્યુષણા અટ્ઠાઇના વ્યાખ્યાનમાં એ પ્રસંગ પણ આવે છે, એટલે અહીં કહેવાની જરૂર નથી.

માયા :

માયા, એ પણ તિર્યંચગતિના આશ્રવો પૈકીનો એક આશ્રવ છે. માયા કોને કહેવાય, તે કાંઈ તમને સમજાવવું પડે તેમ છે ? માણસે વિચારમાં, વાણીમાં અને વર્તનમાં સરલ બનવાનો પ્રયત્ન કરવો જોઈએ પરિણામોમાં જેટલી સરલતા હોય, તેટલો લાભ થાય. સારાં પણ કાર્યોમાં, સ્વાર્થ-વિવશ બનીને માયા સેવાઈ જાય નહિ, તેની કાળજી રાખવી જોઈએ. શ્રી મલ્લિનાથ ભગવાનના પૂર્વભવના પ્રસંગનો તો તમને ખ્યાલ છે ને ? તપમાં પણ, સ્વાર્થવશ બનીને માયા કરવાથી નુકશાન થાય છે, તો પછી સંસારમાં માયા સેવનારા-ઓની તો કયી ગતિ થાય ?

આરંભ અને પરિગ્રહ :

આરંભ તથા પરિગ્રહ, એ પણ તિર્યંચગતિના આયુષ્યના આશ્રવો છે. જેણે આરંભથી અને પરિગ્રહથી સર્વથા મુકત બની જવું હોય, તેણે તો સાધુપણાને જ સ્વીકારવું પડે અને સાધુપણાને સ્વીકારીને પણ તેના પાલનમાં બરાબર ઉપયોગશીલ બન્યા રહેવું પડે. સંસારી જીવને, આરંભથી અને પરિગ્રહથી સર્વથા બચવું, એ શકય નથી; છતાં પણ, આરંભ–એ ય તજવા યોગ્ય છે અને પરિગ્રહ–એ પણ તજવા યોગ્ય છે, એવી માન્યતા તો, જેઓ સાધુ નથી થયા, તેવા પણ સમજુ જીવોની હોઈ શકે છે ! આરંભ, એ ય પાપ રૂપ છે અને પરિગ્રહ, એ ય પાપ રૂપ છે–એવું તો તમે માનો છો ને ? તમને, આરંભ કરવા સારા લાગે છે માટે તમે આરંભ કરો છો ? કે, સાધુ થઈ શકાય તેમ નથી અને સંસારમાં આરંભ વિના જીવાય તેમ નથી, માટે તમે આરંભ કરો છો ? એ જ રીતિએ, પરિગ્રહમાં. પરિગ્રહને કાંઈ તમે રાખવા જેવો માનીને રાખતા નથી ને ? પરિગ્રહ પાપ છે અને પાપને કરાવનાર છે, એ વાત તો તમારા હૈયે બરાબર કોતરાએલી જ છે ને ? પરિગ્રહને તમે ભલે અત્યારે તજી શકતા નથી, કદાચ જીવનભરને માટે તમે પરિગ્રહને તજી શકો નહિ–એમ પણ બને, પણ તમને તમારા પરિગ્રહને માટે શું થયા કરે ? રાખવા જેવો નથી, પણ મારી વર્ત્તમાન સ્થિતિમાં મારે એને રાખ્યા વિના છૂટકો નથી, માટે મારે રાખવો પડયો છે–એમ થાય ને ? અને એથી, આનાથી હું કયારે છૂટું–એમ પણ થાય ને ? હું સાધુ બનું તો જ આ પાપથી બચી શકું એવું છે અને

સાધુ બનવાની મારામાં તેવડ નથી, એટલે મારે આ પાપનો સંસર્ગ રાખવો પડયો છે, એવું તો તમારા મનમાં ખરૂં ને? જો આ વિચાર હોય, તો આરંભમાં અને પરિગ્રહમાં રસ કેટલો આવે? જેઓ આરંભને અને પરિગ્રહને સુખનું કારણ માને, તેઓને આરંભમાં અને પરિગ્રહમાં જેવો રસ આવે છે, તેવો રસ કાંઈ આરંભને અને પરિગ્રહને પાપ રૂપ માનનારને, આરંભમાં ને પરિગ્રહમાં આવે ખરો? નહિ જ, કેમકે–આના મનમાં એ વાત બેઠી જ છે કે–વાસ્તવિક રીતિએ તો, આ પાપનું એટલે દુઃખનું કારણ છે. એથી, એના મનમાં ખટક રહ્યા જ કરે અને મનની એ ખટક આરંભ–પરિગ્રહના રસને માર્યા જ કરે ને?

<u>વિભાવદશા માટે આરંભાદિ:</u>

આરંભ અને પરિગ્રહ–એ પાપનું કારણ છે અને એથી એ દુઃખનું કારણ છે, એટલા માટે જ આરંભ અને પરિગ્રહ ત્યાજ્ય છે? ના, એ આત્માનો પરભાવ છે. આત્માની એ વિભાવદશા છે. જેને સ્વભાવદશાનું ભાન થયું છે, તેને વિભાવદશામાં રસ હોય ખરો? જેને જ્ઞાનની મહત્તા સમજાઈ છે, તેને અજ્ઞાનમાં રસ આવે કે એને અજ્ઞાન ખટકે? ન ભણી શકે–એ બને, સંયોગવશાત્ ભણવાનો પ્રયત્ન કરી શકે નહિ–એ બને અને ભણવાની મહેનત કરવા છતાં પણ આવડે નહિ–એ પણ બને; એથી, એ અભણ અથવા થોડું ભણેલો રહે–એ બને, પણ એને અભણપણામાં રસ આવે? એને તો, વારે વારે થયા કરે કે–જ્ઞાન જ મેળવવા યોગ્ય છે. હું કમનસીબ છું કે–જ્ઞાની બની શકતો નથી. આત્માની સાચી

સ્વભાવદશાનો જેને સાચો ખ્યાલ આવી ગયો હોય, તેને આત્માની વિભાવદશા ખટકવા કરે. આરંભ કરવો, એ કાંઈ આત્માનો સ્વભાવ છે? નહિ જ. ત્યારે પરિગ્રહ, એ પણ કાંઈ આત્માનો સ્વભાવ છે? નહિ જ. એટલે, આરંભ અને પરિગ્રહ તેને હોય, કે જે વિભાવદશામાં હોય! અને જેને આત્માની, એટલે કે–પોતાની વિભાવદશામાં રસ હોય, તેને જ આરંભમાં અને પરિગ્રહમાં ખરેખરો રસ આવે ને? તમને તો, વિભાવદશા ગમતી નથી ને? મોક્ષ એ જ આત્માની સંપૂર્ણ સ્વભાવદશા છે–એવો તમને ખ્યાલ આવી ગયો છે, માટે જ તમે જે કાંઈ ધર્મ કરો છો તે કરો છો ને? એટલે, તમે જે ધર્મ કરો છો, તે જેમ બને તેમ આરંભથી અને પરિગ્રહથી છૂટવાને માટે જ કરો છો, એમ પણ કહી શકાય ને?

આરંભ ને પરિગ્રહ સ્વભાવે ખરાબ છે–એમ લાગે તો મોટો પલટો આવે :

આરંભ અને પરિગ્રહ, એ સ્વભાવે એવી વસ્તુઓ છે કે–જીવને એ દુર્ગતિમાં જ ઘસડી જાય. આરંભ અને પરિગ્રહના ત્રણ વિભાગો પાડ્યા. મહા આરંભ અને મહા પરિગ્રહ, આરંભ અને પરિગ્રહ તથા અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહ! નરકગતિના આશ્રવોને વર્ણવતાં, મહારંભને અને મહા પરિગ્રહને જણાવ્યા હતા; તિર્યંચગતિના આશ્રવોમાં, આરંભને અને પરિગ્રહને જણાવેલ છે; જ્યારે મનુષ્યગતિના આશ્રવોમાં અલ્પારંભને અને અલ્પ પરિગ્રહને જણાવશે; એટલે, આરંભથી અને પરિગ્રહથી જેટલી નિવૃત્તિ, તેટલું દુર્ગતિનું

કારણ ઓછું. મહારંભી ને મહા પરિગ્રહી પણ જેમ નરકે નથી ગયા, તેમ આરંભવાળા ને પરિગ્રહવાળા પણ તિર્યંચગતિમાં ન જાય-એ બને, પણ એ કચારે બને? આરંભમાં અને પરિગ્રહમાં રસનો જે અનુભવ થાય છે, તેમાં ખટક ઉભી થાય ત્યારે ને? જો હૈયામાં એક વાત બરાબર ઉગી જાય કે-'આ આરંભ અને આ પરિગ્રહ સ્વભાવે તો બરાબ જ છે, માટે તજવા યોગ્ય જ છે' તો પરિણામોમાં કેટલો બધો સુન્દર પલટો આવી જવા પામે? આરંભને અને પરિગ્રહને તમે માનો છો કેવા, એ બહુ અગત્યની વસ્તુ છે. આરંભમાં હિંસા થાય કે નહિ? હિંસા ન જ થાય અને આરંભ થાય, એ બને? નહિ જ, આરંભની સાથે હિંસા તો જોડાએલી જ છે. તમને કોઈ પણ જીવની, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવની પણ હિંસા થાય, એ ગમે તો નહિ ને? જેને કોઈ પણ જીવની હિંસા ગમે જ નહિ-એવા પણ ગૃહસ્થને, હિંસાનો નિયમ તરીકે જો ત્યાગ હોય, તો ય તે 'નિરપરાધી ત્રસ જીવની હિંસા હિંસાની બુદ્ધિએ કરવી નહિ'-એટલો જ ત્યાગ હોય ને? પણ, એથી કાંઇ એમ કહી શકાય ખરૂં કે-અપરાધી એવા ત્રસ જીવની હિંસા એને સારી લાગે? અપરાધી એવા ત્રસ જીવની એને હિંસા કરતી પડે-એ બને, પણ એને અપરાધી એવા ય ત્રસ જીવની હિંસા ગમે તો નહિ જ. એણે જે નિરપરાધી ત્રસ જીવની હિંસાનો ત્યાગ કર્યો, એ જ સૂચવે છે કે-એને હિંસા ગમતી નથી; હિંસા કરતી તો કોઈ પણ જીવની એને ગમતી નથી; પણ હિંસાનો ત્યાગ કરવાનું સામર્થ્ય એટલું જ છે કે-નિરપરાધી ત્રસ જીવની હિંસાનો ત્યાગ કરે. એ સિવાયની હિંસામાં એ પોતાની સ્થિતિને અંગે

લાચાર છે. એટલા માટે તો, હિંસાને તજી શકે કે હિંસાને તજી શકે નહિ તો પણ, કલ્યાણના કામીએ હૈયું કેવું રાખવું જોઈએ–એને સ્પષ્ટ કરતાં કહ્યું કે–

"અપરાધી શું પણ નવિ ચિત્ત થકી,
ચિન્તવીએ પ્રતિકૂળ."

અપરાધી એવા ત્રસ જીવની હિંસા કરવી પડે, તો ય તે વખતે મનને કેવું રાખવાનું ? અપરાધી જીવનું પણ ભૂંડું ચિન્તવવાનું નહિ ! અપરાધી જીવ પ્રત્યેનો પણ મૈત્રીભાવ મરે નહિ–એની કાળજી રાખવાની ! શરીર અને વચન કદાચ હિંસક બને, તો ય મન હિંસક બને નહિ. જેણે સાચે ભાવે નિરપરાધી એવા ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કર્યો હોય, તેણે પોતાના મનને આવું રાખવું પડે–એમ નહિ, પણ તેનું મન આવું રહે, કેમ કે–હિંસા પ્રત્યે તો એનો અણગમો જ છે. આવો જીવ, સ્થાવર જીવોની હિંસામાં પણ રસવાળો હોય ખરો ? હિંસાનો ત્યાગ ભલે થોડો હોય, પણ હિંસા માત્ર પ્રત્યે મનનો ભાવ કેવો હોય ? એટલે, જેને હિંસા માત્ર પ્રત્યે અણગમો હોય, તેને 'આરંભ તજવા જેવા છે અને આરંભ સ્વભાવે તો દુર્ગતિનું જ કારણ છે'–એમ લાગ્યા વિના રહે જ નહિ. ત્યારે, એને પરિગ્રહનો રસ પણ હોય ? બાહ્ય સંગ અને પૌદ્ગલિક પદાર્થો તથા પોતાના પરિવાર આદિ પ્રત્યેનું મમત્વ, એ રાખવા લાયક કોને લાગે ? બાહ્ય સંગો, આત્માને, પોતાના સ્વભાવને પ્રગટ કરવામાં તથા પોતાના સ્વભાવમાં રમવામાં અન્તરાય કરે ને ? બાહ્ય સંગોમાં મૂર્ચ્છા જો જોરદાર હોય, તો તેથી આત્મા હિંસાદિક ભાવોમાં રમનારો બને ને ? એટલે, તમને આરંભ કે પરિગ્રહ

પ્રત્યે અણગમો તો ખરો ને ? એનાથી, તમે સાવચેત તો ખરા ને ? મનમાં એમ તો ખરૂં જ ને કે–'કયારે એવો સુન્દર અવસર આવી લાગે, કે જ્યારે હું આ પાપોથી સર્વથા છૂટી જાઉં ?'

સદુપયોગથી સદ્ગતિ સાધી શકાય :

જે આવા ડાહ્યા હોય, તેઓ નિરૂપાયે–સંયોગવશાત્ આરંભ કરતા હોય અને પરિગ્રહ રાખતા હોય; એટલે, અવસરે તેઓ તેનો સદુપયોગ કરવા દ્વારા સદ્ગતિને સાધી શકે–એ બને, પણ તે પ્રતાપ એના ડહાપણનો ગણાય. આરંભ અને પરિગ્રહનો સ્વભાવ કાંઈ સદ્ગતિમાં લઈ જવાનો નથી. તમે તમારે માટે રાંધવાનો આરંભ કર્યો હોય, તો એમાંથી તમે સુપાત્રદાન અને સાધર્મિકવાત્સલ્યનો લાભ લઈ શકો, એમ બને ને ? સાધુ રૂપ જે સુપાત્ર છે, તેમને દાન કરવાનો લાભ મેળવવાને માટે પણ આરંભ કરાય નહિ. સાધુ રૂપ સુપાત્રને દાન કરવાનો લાભ મેળવવાને માટે પણ જો તમે ખાસ કારણ વિના આરંભ કરો, તો તે શું કહેવાય ? એ તો તમે, પાપના ત્યાગી અને પાપથી બચીને ચાલનારાને, પાપમાં નાખવાનો ધંધો કર્યો જેવું કહેવાય ને ?

સ૦ કોઇ માંદગીનો કે એવો જ પ્રસંગ હોય તો પણ પાપ લાગે ?

આખી વાત ફરી ગઇ. એ તો ગ્લાનાદિની વૈયાવચ્ચનો પ્રશ્ન છે. એમાં પણ સાધુ શું માને ? રોગાદિકને કારણે ન છૂટકે અપવાદને સેવવો પડે, તો ય તે સાધુને ખટકે ખરો જ. એને પાછળથી એની પણ શુદ્ધિ કરવાનું દિલ થાય.

સ૦ પણ અમારે ?

તમે તો આરંભમાં પડેલા જ છો. આરંભનો કાંઈ તમે ત્યાગ કરેલો નથી. તમને પ્રતિજ્ઞાનો સવાલ નડતો નથી. તમને તો, ભક્તિનો લાભ થાય; પરન્તુ એવા કોઈ ખાસ કારણ વિના તમે સુપાત્રદાનના નામે આરંભ કરો, તો તે બરાબર નથી. આપણી વાત તો એ છે કે-તમે ડાહ્યા હો, તો તમે આરંભથી બનેલી કે બનાવેલી ચીજો દ્વારા, તેના સદુપયોગ દ્વારા સદ્ગતિને સાધી શકો, પુણ્યને ઉપાર્જી શકો, પણ આરંભનો સ્વભાવ કાંઈ પુણ્યબંધ કરાવવાનો નથી જ. પરિગ્રહ પણ તમે રાખ્યો છે, તો તેનો ભગવાન શ્રી જિનેશ્વરદેવોની ભક્તિમાં, શ્રુતજ્ઞાનના રક્ષણ આદિમાં, સાધુ-સાધ્વીની વૈયાવચ્ચમાં અને સાધર્મિકોની ભક્તિમાં તથા અનુકંપાનાં કામોમાં સદુપયોગ કરી શકો-એ બને, પણ એ લાભ તો તમે ઉઠાવ્યો કહેવાય ને ? એ લાભને સારી રીતિએ કોણ ઉઠાવી શકે ? પરિગ્રહને રાખવા જેવો માને તે ? કે, પરિગ્રહને તજવા જેવો માને તે ? આજે, કેટલાકો, એના સદુપયોગના નામે પણ, આરંભ અને પરિગ્રહનું સમર્થન કરવાને મથે છે, પણ તેઓ અજ્ઞાન છે. સમજતા નથી કે-તેનો સાચો સદુપયોગ તેઓ જ કરી શકે છે, કે જેઓના હૈયામાં એ વાત બરાબર જચી ગઇ છે કે-'આ આરંભ અને આ પરિગ્રહ તજવા યોગ્ય જ છે.'

આરંભ-પરિગ્રહથી છૂટવાને ધર્મ કરે :

એટલે, આરંભ કરવા પડે અને પરિગ્રહ રાખવો પડે, તો પણ એ વિશ્વાસ રાખવા લાયક ચીજ તો નહિ જ. એના વિના ગૃહસ્થને ચાલે નહિ, પણ એના ઉપર વિશ્વાસ રાખે

એમાંના તો તમે નહિ ને ? આરંભની અને પરિગ્રહની સાવચેતી તો, ચોવીસેય કલાક રાખવી જોઇએ ને ? તમે, અમને એમ કહો કે–' આરંભ અને પરિગ્રહ વગર અમને કેમ ચાલી શકે ?'–તો અમારે એમાં મૌન રહેવું પડે, પણ અમે તમને સાવચેત રહેવાનું તો કહીએ ને ? ગૃહસ્થ એમાં બેઠેલો છે; એના વિના એને ચાલે એમ નથી, પણ એ જો ધર્મક્રિયામાં જોડાએલો હોય, એને ભગવાને કહેલા માર્ગની આછી આછી પણ જો સમજ હોય, આ પાપ છે–એવું ઉંડે ઉંડે પણ જો એને લાગ્યું હોય, તો એને આરંભ–પરિગ્રહથી સાવધગીરી રાખવાનું મન તો થાય ને ? એને ખ્યાલ રહે કે–' આનો સ્વભાવ જીવને તિર્યંચગતિમાં લઈ જવાનો છે, પણ મારે મારી હુંશિયારીથી, મારી સાવધગીરીથી તિર્યંચગતિથી બચી જવાનું છે !' કોઈ તમને ધર્મક્રિયા કરનાર તરીકે પૂછે કે–' તમે આટલા આરંભાદિ કેમ કરો છો ?'–તો તમે શું કહો ? એમ જ ને કે–' પાપનો ઉદય છે, ગૃહસ્થાપણામાં બેઠો છું; સાધુ થઈ શકાય તેમ નથી, માટે આના વિના મને ચાલે તેમ નથી ! મારૂં પાપ મને સતાવી રહ્યું છે. એના યોગે જ મારે આ પાપો કરવાં પડે છે !' ? તમે જવાબ દો, તો આવો જ જવાબ દો ને ? એમ તો ન જ કહો ને કે–' ધર્મક્રિયા કરીએ છીએ, એટલે શું થઈ ગયું ? એમ પાપ પાપ કરીએ તે ન ચાલે ! એ તો ધર્મ વખતે ધર્મ અને પાપ વખતે પાપ !' આવું તે બોલી શકે, કે જેના હૈયે ધર્મ ન હોય અથવા તો જે ધર્મ પણ પાપના રાગના યોગે કરતો હોય ! તમે તો, એમાંના નથી ને ? તમે તો, સંપૂર્ણ ધર્મ થઈ શકતો નથી, માટે થોડો ધર્મ કરો છો અને ગૃહસ્થ છો એટલે પાપમાં રહ્યા વિના અને પાપ કર્યા

વિના છૂટકો નથી, માટે જ પાપમાં રહો છો અને પાપ કરો છો, એમ માની લઉં ? બાકી, પાપની તમને ખટક તો બહુ જ ને ? તમને, એથી જ, સાધુ બહુ ગમે ને ? સાધુ યાદ આવે ને મનમાં થાય કે–'એ મહાભાગ છૂટી ગયા. હું હજુ ફસાએલો છું.' ધર્મક્રિયા કરનાર જો સાચા ભાવે ધર્મક્રિયા કરતો હોય, તો તે આમાં હા જ પાડે. આવા પ્રકારની મનોવૃત્તિના યોગે તો, થોડો પણ ધર્મ મહા લાભનું કારણ બને. એ તો કહે કે–'આરંભ અને પરિગ્રહ દુર્ગતિમાં લઈ જાય તેવા છે અને તે હજુ છૂટતા નથી, માટે હું મંદિરે અને ઉપાશ્રયે આવું છું, કે જેથી એનાથી સાવધ રહી શકું અને શક્તિસંપન્ન બનીને એને સર્વથા તજી દઈ ને, એકાન્તે ધર્મની આરાધના કરનારો બની શકું.'

સાવધ રહે તે ખરાબ પરિણામથી બચે :

માણસ, છોડી ન શકે તો પણ, સાવધ હોય તો કેટલો ફેર પડે ? છોકરો ઉડાઉ છે–એમ જણાઈ જાય, તે પછી તમે સાવધ કેટલા રહો ? છોકરા ઉપર રાગ હોય, પણ એનાથી સાવધ રહો ને ? એને જે આપો તે ગણીને આપો અને જેમ બને તેમ થોડું આપો, કેમ કે–જે હાથમાં આવે અગર તમે આપો તે વ્યસનાદિમાં ઉડાવી દે એવો છે, એમ તમને લાગ્યું છે એને તમે ઘર કે પેઢી સોંપો ખરા ? સોંપ્યા વિના છૂટકો ન હોય તો બનતી ચોકસાઈ રાખોને અને જેટલું ન છૂટકે જ સોંપવું પડે તેમ હોય, તેટલું જ સોંપો ને ? તેમ, આરંભ અને પરિગ્રહ દુર્ગતિમાં લઈ જનાર છે–એમ જો લાગી જાય, તો આરંભ કરવા છતાં અને પરિગ્રહ રાખવા છતાં, એ

તમને ખાઈ ન જાય–તેની કાળજી તો તમે રાખો ને ? આજે કાળજી છે ? તમે જેટલા આરંભ ઓછા કરો છો કે તમારી પાસે જેટલો પરિગ્રહ ઓછો છે, તે તમને આરંભ અને પરિગ્રહ પ્રત્યે અણગમો છે એથી ? કે, તમને એવી તક નથી મળી એથી ? બહાર આરંભ ને પરિગ્રહ ઓછા હોય, પણ હૈયે મહારંભ અને મહા પરિગ્રહ હોય, એમ પણ બને ને ? આરંભની સામગ્રી પણ કાંઈ બધાને મળે છે ? મોટાં કારખાનાં ચલાવવાની ઘણી ય ઈચ્છા હોય, પણ જેને એવી ઈચ્છા હોય, તેને એ મળે જ–એવું બને ? અને, પરિગ્રહની ભૂખ કેવી છે ? આજે તો, મહા પરિગ્રહી જેવા જે ગણાય, તેમને ય સંતોષ નથી ને ? કેટલાક બહુ ગરીબ માણસોનું મન પણ, મહારંભ અને મહા પરિગ્રહને મેળવવાને માટે, કારમી રીબામણ અનુભવતું હોય છે. મળે પ્રાયઃ કાંઈ નહિ અને મનથી પાપ મહા ઉપાર્જે. તમારે તો, એવા શાણા બની જવું જોઈએ કે–ગમે તેટલા આરંભ અને ગમે તેટલો પરિગ્રહ પણ મુંઝવે નહિ અને દુર્ગતિમાં ઘસડી જવાને સમર્થ બને નહિ. એ માટે, સૌથી પહેલાં, મનમાં આરંભ અને પરિગ્રહ પ્રત્યે અણગમો ઉત્પન્ન કરવો જોઈએ. આરંભ અને પરિગ્રહ પાપ છે, દુઃખનું ને દુર્ગતિનું કારણ છે–એ બરાબર ખ્યાલમાં આવી જવું જોઈએ. આરંભ ને પરિગ્રહ, એ પણ મારી વિભાવદશાનું કારણ છે–એમ લાગવું જોઈએ. પછી, એનાથી જેમ બને તેમ અલગ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ આનાથી મારે છૂટવું છે, કયારે છૂટાય, આ તો બરાબ જ છે–આવો ભાવ હૈયામાં જીવન્ત રહે, તો એનાથી વહેલા છૂટાય અને એનાથી ન છૂટાય ત્યાં સુધી પણ એના સદુપયોગ દ્વારા

સદ્ગતિને સાધનારા બની શકાય.

શીલવ્રતમાં સાતિચારપણું :

હવે, શીલવ્રતમાં સાતિચારપણું. એ પણ તિર્યંચગતિના આશ્રવો પૈકીનો એક આશ્રવ છે. શીલવ્રતના પાલનમાં અતિચારોને સેવાય અને એથી જે દોષિતપણું ઉત્પન્ન થાય તે દોષિતપણું પણ શીલવ્રતને ધરનારા એવા આત્માને ય તિર્યંચગતિમાં ઘસડી જવાને સમર્થ બને છે. આવું પ્રાયઃ ત્યારે જ બની શકે, કે જ્યારે વ્રત રહી જાય, પણ વ્રતનો જે ભાવ તે નષ્ટ થઈ જાય. જેઓ અબ્રહ્મચારી છે અને વિષયસુખના ખૂબ જ રસીયા છે, તેઓ તો નરકગતિના કારણને જ સેવી રહ્યા છે, કેમ કે-નરકગતિના આશ્રવો પૈકીનો અવશેન્દ્રિયતા નામનો જે આશ્રવ છે, તેમાં તેનો સમાવેશ થઈ જાય છે. હવે જેઓને અબ્રહ્મચર્ય ખટકે છે, વિષયસુખમાં ગૃદ્ધ બની જવું-એ જેઓને પસંદ પડતું નથી, તેઓ શીલવ્રતના આદરવાળા બને; પણ, શીલવ્રતના આદરવાળાઓએ પણ પોતાના વ્રતના અતિચારોથી સદાને માટે બચતા રહેવાનો પ્રયત્ન કરવો, એ જરૂરી છે. અતિચારો, એ સેવવાને માટે નથી, પણ એનાથી બચતા રહેવાને માટે જ અતિચારોને જાણવાના છે. જેમણે પોતાના લીધેલા વ્રતનું સારી રીતિએ પાલન કરવું હોય, તે આત્માઓએ અતિચારોને એટલા માટે જાણવા જોઈએ કે-અનાચારથી બચી શકાય. અતિચાર તરફ જો ઉપેક્ષા આવે, તો અનાચારને આવવાની ઘણી સંભાવના છે. અતિચારને જાણવાથી, એ પણ ફાયદો થાય છે કે-કોઈ વખતે અનાભોગાદિથી ભૂલ થઈ જવા પામી હોય, પણ તે જો અતિ-

ચાર રૂપ હોય, તો માણસ આશ્વાસનને પામે, વ્રત નથી ભાગ્યું–તેનો સંતોષ અનુભવે અને જે અતિચાર લાગ્યો, તેનાથી લાગેલા પાપની શુદ્ધિને સાધી શકે.

અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર :

જે ક્રિયા અનાચારમાં પરિણમી ન હોય, પણ જેના યોગે અનાચારને ઉત્પન્ન થવાની સંભાવના હોય, તે ક્રિયા કદાચ અતિચારમાં પણ ગણાય. વ્રતનો જે ભંગ, તે તો અનાચાર ગણાય; પણ એ અનાચાર અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચાર પછી સહેલાઈથી આવી શકે એવું છે. વિષયસુખની ઈચ્છા સામાન્ય જાગ્રત થાય, તે અતિક્રમ કહેવાય. જે ઈચ્છા થઈ, તેને માટે પગલું ઉપાડો એટલે વ્યતિક્રમ શરૂ થાય. પછી સ્પર્શાદિક કરાય અને વેગ વધે, એ વગેરે બધું અતિચારમાં ગણાય. તે ક્યાં સુધી ? જ્યાં સુધી જે આકારને કલ્પીને વ્રત લીધું છે, તે આકાર ન આવે ત્યાં સુધી! આથી, તમે સમજી શકો છો ને કે–અતિચારથી બચવું, એ કેટલું બધું આવશ્યક છે ? અતિચારથી બચવાને માટે, અતિક્રમથી જ બચવાની કાળજી રાખવી જોઈએ. એક તરફ મારું વ્રત નહિ ભાંગવું જોઈએ–એવો ખ્યાલ હોય, પણ અતિક્રમ થયો અને પછી વ્યતિક્રમ પણ થયો, પછી થાય શું ? માણસ પશુક્રિયામાં પડી જાય ને ? એ વખતે, વ્રત નહિ ભાંગવાની વૃત્તિ સજીવ હોવા છતાં પણ, મનની પરિણતિ કેટલી બગડી જાય ? એમાંથી, વ્રતભંગ કરાવે તેવા આવેશને આવતાં પણ વાર કેટલી ? એટલે, વ્રતધારી આત્માઓએ, વિષયવાસના પ્રગટે નહિ–તેની કાળજી રાખવી જોઈએ ને ? વિષયવાસનાને ઉત્પન્ન કરે તેવા

સઘળા ય સંસર્ગોથી જેમ બને તેમ બચતા રહેવું જોઈએ અને તેમ છતાં ય કદાચ વિષયવાસના ઉત્પન્ન થઈ જાય, તો તેના ઉપર એકદમ વિજય મેળવી લેવાને માટે તત્પર બની જવું જોઈએ. વિષયવાસના વધી અને જો વ્યતિક્રમ ને અતિચાર આવ્યા, તો પતન ઘણું સહેલું.

અતિચારથી ય બચવા અતિક્રમથી બચવું :

'અતિચારને સેવવામાં તો વ્રતભંગ નથી ને ?'–આવું માનીને અતિચારને જે સેવે, તેનું શું થાય ? વ્રતનો જે ખરેખરો ભાવ હતો, તે તો પ્રાયઃ મરી જાય ને ? એવા વખતે જો આયુષ્યનો બંધ પડી જાય, તો લીધેલું વ્રત લીધેલા રૂપે ન ભાગ્યું હોય તો ય, તિર્યંચગતિના આયુષ્યનો બંધ પડી જાય. અહીં બેઠેલાઓમાં તો, મોટે ભાગે નિયમવાળા હશે ને ? તમારામાંના કેટલાકોએ તો ગૃહસ્થપણે લઈ શકાય તેવું ચોથું વ્રત સંપૂર્ણપણે લીધું હશે ને ? જેમણે એ પ્રમાણે સંપૂર્ણ ચોથું વ્રત નહિ લીધું હોય, તેઓમાં પણ ઘણાએ પરસ્ત્રીનો ત્યાગ અને સ્વસ્ત્રીમાં સંતોષ–એવું વ્રત લીધું હશે ને ? તેમાંના અને બાકીના, તિથિએ તો અબ્રહ્મના નિયમવાળા હશે ને ? જેઓ આ નિયમ નહિ લઇ શકયા હોય, તેઓને લાગતું હશે ને કે–આપણે વિષયને બહુ જ આધીન છીએ ? અતિ વિષયી, વિષયરસમાં મગ્ન બન્યો થકો, કયી ગતિના આયુષ્યને ઉપાર્જે ? નરકગતિના આયુષ્યને જ ને ? અહીં તો, એવા માણસોની વાત છે, કે જેઓએ શીલવ્રતને ગ્રહણ કર્યું છે. શીલવ્રતને ગ્રહણ કરનારા આત્માઓ એ, પોતાના શીલવ્રતનું સુન્દર પ્રકારે પાલન કરવાને માટે, શીલ-

વ્રતના અતિચારોથી બચવું જોઈએ અને અતિચારોથી બચવાને માટે, અતિક્રમથી જ બચવાની કાળજી રાખવી જોઈએ. કદાચ અતિક્રમ થઈ જાય, તો ય અતિક્રમને સફલ બનાવવાને માટે વ્યતિક્રમ તરફ નહિ જતાં, અતિક્રમને જ દાબી દેવો જોઈએ.

નીલ અને કાપોત લેશ્યા :

નીલ લેશ્યા અને કાપોત લેશ્યા, એ બે લેશ્યાઓને પણ તિર્યંચગતિના આયુષ્યના આશ્રવોમાં ગણાવેલ છે. નરકગતિના આયુષ્યના આશ્રવોમાં કૃષ્ણ લેશ્યા તથા નીલ લેશ્યાને ગણાવેલ; એટલે, નીલ લેશ્યા જો ગાઢ હોય તો નરકગતિના આયુષ્યના બંધનું કારણ બની શકે અને નીલ લેશ્યા જો તેવી ગાઢ ન હોય તો તિર્યંચગતિના આયુષ્યના બંધનું કારણ બની શકે. નરકગતિના આયુષ્યના આશ્રવોના વર્ણન પ્રસંગે, જ્યારે કૃષ્ણ લેશ્યાનો અને નીલ લેશ્યાનો પ્રસંગ આવ્યો, ત્યારે છએ લેશ્યાઓના સંબંધમાં વર્ણન કરવામાં આવ્યું હતું; અને, એના સ્વરૂપનો ખ્યાલ આવે એ માટે શાસ્ત્રોમાં આવતાં બે દૃષ્ટાન્તો પણ કહેવામાં આવ્યાં હતાં, એટલે અહીં તેનું ફરીથી વર્ણન કરવાની જરૂર નથી.

આત્માના ગુણોને કષાયો પ્રગટવા દેતા નથી :

હવે, તિર્યંચગતિના આશ્રવો પૈકીના છેલ્લા આશ્રવ તરીકે અપ્રત્યાખ્યાની કષાયોને જણાવેલ છે. ક્રોધ, માન, માયા અને લોભ–એ ચાર કષાયો. એ ચાર કષાયો અનન્તાનુબંધી પણ હોઈ શકે, અપ્રત્યાખ્યાની પણ હોઈ શકે, પ્રત્યાખ્યાની પણ હોઈ શકે અને સંજ્વલન પણ હોઈ શકે. એમ સોલ ભેદો થયા અને તેના પણ પાછા ચાર ચાર ભેદો છે, જે કરતાં તો

ચોસઠ ભેદો થાય છે. અનન્તાનુબંધી કષાયોમાં એ તાકાત છે છે–આત્માનો જે સમ્યગ્દર્શન નામનો ગુણ છે, તે ગુણને એ કષાયોનો ઉદય પ્રગટ થવા દેતો નથી. અનન્તાનુબંધી કષાયો જ્યારે ક્ષયોપશમને, ઉપશમને કે ક્ષયને પામ્યા હોય છે, તે સમયમાં જ આત્માનો સમ્યગ્દર્શન ગુણ પ્રગટેલો હોઈ શકે છે. જ્યારે જ્યારે, જેને જેને, અનન્તાનુબંધી કષાયોનો ઉદય વર્તતો હોય, તેને તેને ત્યારે ત્યારે સમ્યગ્દર્શન ગુણ પ્રગટેલો હોય જ નહિ. એવી જ રીતિએ, અપ્રત્યાખ્યાની કષાયો દેશથી પણ વિરતિને રોકનાર છે. અનન્તાનુબંધી કષાયોનો ક્ષયોપશમાદિ થવાને યોગે જે આત્માઓમાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટ્યો હોય, તે આત્માઓ જ વિરતિના સાચા પરિણામોને પામી શકે છે; પણ જ્યાં સુધી તેમને અપ્રત્યાખ્યાની કષાયોનો ઉદય વર્તતો હોય, ત્યાં સુધી તેઓ દેશવિરતિના પરિણામોને પામી શકતા નથી અને જ્યાં સુધી તેમને પ્રત્યાખ્યાની કષાયોનો ઉદય વર્તતો હોય, ત્યાં સુધી તેઓ સર્વવિરતિના પરિણામોને પામી શકતા નથી. છેલ્લા જે સંજ્વલન નામના કષાયો છે, તે ક્ષીણ થયા બિના, આત્મા યથાખ્યાત ચારિત્રને પામી શકતો નથી. સર્વવિરતિના પરિણામોમાં રમતા એવા પણ આત્માને, યથાખ્યાત ચારિત્રને પામતાં રોકવાની તાકાત સંજ્વલન કષાયોના ઉદયની છે. જ્યારે સંજ્વલન કષાયો સર્વથા ક્ષીણ થઇ જાય, એટલે આત્મા પોતાના કષાયરહિત એવા સ્વરૂપને પામે. આથી, એ વાત પણ બહુ જ સ્પષ્ટ થઈ જાય છે કે–આત્માએ જો પોતાના સ્વભાવસિદ્ધ એવા ગુણોને પ્રગટાવવા હોય, તો કષાયો ઉપર વિજય મેળવવાનો ભારેમાં ભારે પ્રયત્ન કરવો જોઈએ. જ્યાં સુધી કષાયો ઉપર

સંપૂર્ણ વિજયને આત્મા મેળવી નહિ, ત્યારે તેને સર્વથા ક્ષીણ કરી નાખે નહિ, ત્યાં સુધી ન તો આત્મા યથાખ્યાત ચારિત્રને પામે, ન તો તે આત્મા વીતરાગપણાને પામે કે ન તો તે આત્મા સર્વજ્ઞપણાને પામે.

સમ્યગ્દૃષ્ટિ આત્માઓ ય સાવધ નહિ :

કષાયો, એ આત્માના આવા ભયંકર શત્રુઓ છે—એ વાત જેમને સમજાઈ જાય, તેઓ કષાયો ઉપર વિજય મેળવવાને માટે ઉત્સાહિત બને; અને તેવા આત્માઓએ, પોતાની વિષયવાસના ઉપર વિજય મેળવીને, ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને જ આધીન જીવનને જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ. સમ્યગ્દર્શન ગુણને પામવાના યોગે આવું સમજાઈ ગયા પછીથી અને ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને જ આધીન મારું જીવન કયારે બને ?—એવી મનોવૃત્તિ પ્રગટયા પછીથી પણ, અપ્રત્યાખ્યાની કષાયો જીવને દેશથી ય વિરતિ પામવામાં અન્તરાય કરનારા નીવડે છે, એ એ કષાયોની કેટલી બધી પ્રબલતા છે ? આવા સમ્યગ્દૃષ્ટિ આત્માઓ કાંઈ પોતાને અપ્રત્યાખ્યાની કષાયોનો ઉદય હોય, તો ય તિર્યંચગતિના આયુષ્યને ઉપાર્જતા નથી; પણ, એ કષાયોનો ઉદય જો જોરદાર બની જાય અને સમ્યગ્દૃષ્ટિ આત્મા પણ જો ગાફલ બની જાય, તો એ કષાયો કદાચ પોતાના મિત્ર અનન્તાનુબંધી કષાયોને ઘસડી લાવે અને સમ્યક્ત્વને વમાવી દે, એ શકય છે. ક્ષાયિક સમ્યક્ત્વના ધણી એવા પણ આત્માઓ, જો તેઓને અપ્રત્યાખ્યાની કષાયોનો ઉદય વર્તતો હોય, તો દેશથી પણ વિરતિને પામી શકે નહિ, પરન્તુ એ આત્માઓનો વિર-

તિવાળા જીવન પ્રત્યેનો રાગ અસાધારણ કોટિનો હોય છે. બધા તો કાંઈ ક્ષાયિક સમ્યક્ત્વને પામેલા હોતા નથી, એટલે ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન ગુણને પામેલા આત્માઓએ, સદા પોતાના સમ્યગ્દર્શન ગુણને નિર્મલ બનાવવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ. એ માટે, જેમ ભગવાન શ્રી જિનેશ્વરદેવોની સેવા અને નિર્ગ્રન્થ મુનિવરોની ઉપાસના આદિ કરતા રહેવું જોઈએ, તેમ તત્ત્વોના સ્વરૂપને જાણવાનો પણ પ્રયત્ન કર્યા કરવો જોઈએ; તથા 'કયારે હું એકાન્તે આ માર્ગને સેવનારો બનું'–એવું ચિન્તવન કર્યા કરવું જોઈએ. આમ સમ્યગ્દૃષ્ટિ આત્માઓએ પણ સાવધ રહેવું જોઈએ.

મનુષ્યગતિના આયુષ્યના આશ્રવો :

હવે, મનુષ્યગતિના આયુષ્યને બાંધવાના આશ્રવોનું વર્ણન કરતાં,–પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા,–શ્રી સુવિધિનાથ ભગવાને આપેલી દેશનાનું વર્ણન કરતાં ફરમાવે છે કે–અલ્પ પરિગ્રહ તથા અલ્પ આરંભ, સ્વાભાવિક નમ્રતા તથા સ્વાભાવિક સરલતા, કાપોત લેશ્યા તથા પીત લેશ્યા, ધર્મધ્યાનમાં અનુરાગ, પ્રત્યાખ્યાની કષાય, મધ્યમ પરિણામ, સંવિભાગવિધાયિત્વ, દેવપૂજન તથા ગુરૂપૂજન, પૂર્વાલાપ તથા પ્રિયાલાપ, સુપ્રજ્ઞાપનીયતા અને લોકયાત્રામાં માધ્યસ્થ્ય,–એ મનુષ્યગતિના આયુષ્યને બાંધવાના આશ્રવો છે. મનુષ્યગતિના આયુષ્યને બાંધવાના આશ્રવોને દર્શાવતાં, ઉપકારિઓએ જે ગુણોનું વર્ણન કર્યું છે, તે ગુણો જો આપણા જીવનમાં આવી જાય, તો દુશ્મનને પણ આપણને વખાણવા પડે. આ ગુણો જેના

જીવનમાં આવી જાય, તેનાથી જીવનમાં બહુ શાન્તિ અનુભવી શકાય. એ મરણને પણ શાન્તિપૂર્વક પામી શકે અને એમાં જો કાંઈક વધારે સારા ભાવ આવી જાય, તો દેવગતિનું જ આયુષ્ય બાંધે, નહિ તો મનુષ્યગતિનું આયુષ્ય તો ચોક્કસ બાંધે ને ? અહીંથી મરીને મનુષ્ય થાય, તો જ ત્યાં એને સારી સામગ્રી મળી જાય અને તેમાં પણ જો બહુ સુન્દર ભવિતવ્યતા આદિનો યોગ હોય, તો ત્યાંથી સીધો મુક્તિએ પણ પહોંચી જાય ને ? એવું પણ બને ને કે–અહીંથી મરીને સીધા મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યજન્મને પમાય ? ત્યાં જો મનુષ્યજન્મ મળી જાય, એમાં જો ધર્મપ્રાપ્તિને અનુકૂળ અન્ય સામગ્રીનો યોગ થઇ ગયો હોય, ધર્મશ્રવણની તક મળી જાય, સદ્ધર્મમાં રૂચિ પ્રગટી જાય, ધર્મારાધનનો તીવ્ર વીર્યોલ્લાસ પ્રગટી જાય, એમાંથી શુકલ ધ્યાન આવી જાય અને શ્રેણિ મંડાઇ જાય, તો મોહનીય કર્મનો ક્ષય થઈ જાય, વીતરાગપણું પ્રગટી જાય, કેવલજ્ઞાન પણ પ્રગટી જાય અને અન્તે શૈલેશીકરણ કરીને મુક્તિએ પહોંચી જવાય, આવું પણ બની જાય ને ? પણ, એ બધું કાંઈ, કેવલ મનોરથ કર્યે જ થોડું સિદ્ધ થાય તેમ છે ? તેને યોગ્ય પુરૂષાર્થ તો કરવો જોઈએ ને ?

અલ્પારંભ અને અલ્પ પરિગ્રહ :

મનુષ્યગતિના આયુષ્યના આશ્રવોમાં, પહેલી વાત અલ્પારંભ અને અલ્પ પરિગ્રહની છે. આરંભ અને પરિગ્રહનો સર્વથા ત્યાગ, એ કાંઈ તમારે સૌને માટે શક્ય ન ગણાય; પરન્તુ આરંભેય અલ્પ અને પરિગ્રહેય અલ્પ, એ તો બની શકે એવી વસ્તુ છે ને ? આરંભને અને પરિગ્રહને અલ્પ બનાવવા

હોય, તો શું કરવું જોઈએ ? જીવનનિર્વાહ માટે જરૂરી સામગ્રી મળી જાય, એટલે વધુને મેળવવાની વૃત્તિનો ત્યાગ કરવો જોઈએ. જેમ જેમ માણસ અલ્પ આરંભથી અને અલ્પ પરિગ્રહથી જીવનનો નિર્વાહ કરવા માંડે છે, તેમ તેમ ઉપાધિ ઓછી થતી જાય છે. એની ચિન્તાઓ, ઘણે અંશે ઘટી જાય છે. લોભાદિના યોગે, ઘણા આરંભ અને ઘણા પરિગ્રહનું મન થાય અને પછી નસીબનો યોગ ન હોય તો એ ઇચ્છા પૂરાય નહિ, એટલે માણસને ભારે દુઃખ થાય છે. નસીબનો યોગ હોય અને ઘણો પરિગ્રહ મળી જાય, તો પાછી તેને સાચવવા આદિની ચિન્તા ઉભી થાય છે અને પરિગ્રહને વધારવા, સાચવવા આદિને અંગેનું આરંભાદિનું દુઃખ પણ વધી પડે છે. બાકી, જે માણસ જરૂર હોય તો બે–ચાર કલાક આજિવિકાનો પ્રયત્ન કરતો હોય અને એમાં જીવનનિર્વાહ પૂરતું મળી જાય એટલે સંતોષ અનુભવતો હોય, એને તો ધર્મની આરાધના કરવાનો સમય કેટલો બધો મળી શકે ? ધર્મ કરતાં, એના હૈયામાં શાન્તિ કેટલી બધી હોય ? પણ શાન્તિપૂર્વક ધર્મની આરાધના વધુ સમયને માટે કરવાની વૃત્તિ જોઈએ ને ? જેનું મન માન–પાનમાં ભમતું હોય, 'મારે આટલી પેઢીઓ અને આટલા વેપારો'–એથી જેનું મન હરખાતું હોય, 'જ્યાં–ત્યાં લોક મને આગળ કરે'–એવી જેને લાલસા હોય, તેને રાત–દિવસ એની એ ગડમથલમાં પસાર થઈ જાય, તો ય તે બહુ સાલતું નથી. જેઓને આજે વેપાર આદિને અંગે, મળવા આવેલા પણ સ્નેહી–સંબંધિઓ આદિ સાથે ય વાત કરવાની ફુરસદ નથી, એવા જીવો પણ જો રળતા હોય છે, તો એ ઉપાધિમાં આનંદ માનતા હોય છે ને ? વેપાર–ધંધામાંથી

કુરસદ નહિ મેળવી શકનારાઓમાં પણ, શાન્તિ મળતી નથી એ માટે, દિલથી કેટલાક રૂએ છે ? એને તો, જ્યાં–ત્યાં મોટું સ્થાન મળે, જે હોય તે પૂછે–ગાછે, ઠામ ઠામ પેઢીઓ હોય, ધમધોકાર વેપાર ચાલતા હોય, એટલે એને તો ઉંઘવાનું પણ પૂરું ન મળે, તો ય એ 'મને આટલા બોલાવનારા છે'–એ વગેરેના આનંદમાં મરી જાય છે. જે લોભ કાબૂમાં હોય, ઈન્દ્રિયો વશ હોય અને જે મળી જાય તેમાં સંતોષથી જીવવાની તૈયારી હોય, તો ઓછા આરંભ અને ઓછા પરિગ્રહવાળો તો બહુ સુખી હોય છે.

વધુ જોઈએ જ નહિ–એવી વૃત્તિ છે ?

સ૦ કુટુંબની જવાબદારી પૂરી કરવાથી અધિકની ઈચ્છા ન કરવી, એ તો બને.

એ વૃત્તિ પણ આવવી બહુ મુશ્કેલ છે. સંયોગ ન મળે અને ઉધમાત ન કરો, એ જુદી વાત છે; જ્યારે, નિર્વાહનું સાધન મળે એટલે બસ–એમ આવવું એ સહેલું નથી. મનથી જ એમ થઈ જવું જોઈ એ કે–'મારે આથી અધિક નથી જોઇતું.' પુણ્યનો યોગ જોરદાર હોય અને કોઈ શેઠીયો મુંબઈ લઈ જવાનું કહે; કહે કે–' ચાલો મારી સાથે, ધંધે ચઢાવી દઈશ ' –તો, જીવનનિર્વાહ સુખે થતો હોય તે છતાં પણ મુંબઈ જવાનું મન થઈ જાય ને ? 'ગમે તેમ થાય, પણ મારે અધિક મેળવવાનો પ્રયત્ન કરવો જ નથી'–આવી વૃત્તિ આવવી એ બહુ કઠિન છે. બાકી, આવા માણસને અંદરના પરિણામ એટલા શાન્ત ને સ્થિર હોય કે–એની લેશ્યા બગડવાનું કારણ નથી, એમ કહી શકાય. પહેલાંના કાળમાં કેટલાક કહેતા કે–' મોટા બંગલા

બાંધવાની ઇચ્છા નથી; મોટી મુડી પાછળ મૂકી જવાની ઇચ્છા નથી; આગળ આવવાનું મન નથી; એટલે, લાંબો ધંધો કરવાનું મન થતું નથી. અહીં પેટ પૂરતું સુખે મળી જાય છે અને સંજોગ મુજબ સુખે ધર્મ થઈ શકે છે, એટલે આથી અધિકની ઇચ્છા જ થતી નથી.

મળેલી મુડી સાચવવી હોય તો —

અલ્પારંભ અને અલ્પ પરિગ્રહવાળાને તો ઘણું સુખ હોય છે. કોઈ કારણસર અચાનક ગામ છોડીને ચાલ્યા જવાનો વખત આવે, તો પણ એને બહુ ચિન્તા નહિ. જે કાંઈ થોડું –ઘણું હોય, તે લઈને હાલતો થાય. તમે શું કરો ? તમારે તો ચાર દહાડા બહારગામ જવાનું હોય તો ય, અગાઉથી તૈયારી કરવી પડે ને ? જેને કમથી કમ મળેલી મુડી સાચવી રાખવી હોય, એટલે કે–પુણ્યયોગે મનુષ્યપણું મળી ગયું છે અને હવે મનુષ્યપણાથી નીચી ગતિમાં તો ન જ જવું હોય, તેણે વધુ આરંભ અને વધુ પરિગ્રહની તો ના જ પાડી દેવી જોઈએ. મનને એવું કેળવી લેવું જોઇએ કે–અધિકની ઇચ્છા જ થાય નહિ. અધિકમાં ઉપાધિ અધિક અને તે ન જોઈએ–એમ થયા જ કરે. કોઈ સામેથી ધંધો આપવાને આવે, તો ય ના પાડવી. તમે જો એટલું જ નક્કી કરી લો કે–રોટલા જેટલું મળી જાય એટલે બજારમાંથી ઘેર ચાલ્યા આવવું છે, પછી કમાવાનો સારો પણ ધંધો મળતો હોય તો ય તે નથી જોઇતો અને હાલ જે કાંઈ છે તેમાં વધારવું તો નથી, પણ વધારે પરિગ્રહ હોય તો તેનો સદુપયોગ કરી લેવો છે, તો તમને અલ્પારંભી અને અલ્પપરિગ્રહી બની જતાં વાર લાગે નહિ.

સ૦ અલ્પારંભ અને અલ્પ પરીગ્રહમાં આવે કેટલું ? પુણીયા શ્રાવક જેવું જોઇએ ?

પોતાના અને પોતાના આશ્રિત કુટુંબના નિર્વાહ અંગેની જોગવાઇથી અધિક પરિગ્રહ રાખો નહિ અને એથી અધિક પરિગ્રહની ઇચ્છા પણ કરો નહિ તેમ જ જીવનનિર્વાહ અંગે જે કાંઇ વ્યાપારાદિ કરવા પડે તે ય જેમાં મહારંભ એટલે ઘણી મોટી જીવહિંસા થતી હોય તેવા ન કરો તેમ જ ખાનપાન આદિ અંગે પણ ઇન્દ્રયો ઉપર કાબૂ કેળવીને જેમ બને તેમ ઓછા આરંભ કરો, તો ખૂશીથી તમે અલ્પારંભી અને અલ્પ પરિગ્રહી બની શકો. પુણીયો શ્રાવક તો અલ્પારંભ અને અલ્પ પરિગ્રહનું બહુ ઉંચું ઉદાહરણ છે, પણ અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહની ઇચ્છાવાળાઓએ, એ ઉદાહરણને આંખ સામે જરૂર રાખવું જોઈ એ. જરૂર કરતાં પણ ઓછું મળે, ત્યારે પણ એ ઉદાહરણ લક્ષ્યમાં હોય, તો ઉંધું-છતું કરવાનું મન થવાને બદલે, ઓછાથી પણ નીભાવી લેવાનું મન થાય. પોતાની તેવી સ્થિતિમાં પણ પુણીયો શ્રાવક કેટલી બધી શાન્તિથી જીવ્યો અને ધર્મ કરતો રહ્યો ? એનું સામાયિક કેટલું બધું સમભાવવાળું ? એટલો સમભાવ, સામાયિકમાં પણ, રાત-દિવસ ઉપાધિથી બળતા માણસને આવે શી રીતિએ ?

જરૂર પૂરતી મુડી રાખી લઇને :વધારેનો સદુપયોગ કરવાનું મન છે ?

અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહમાં જેને આનંદ માણવાનું મન થઈ જાય અને એ દિશાએ જે પ્રયત્નશીલ બને, તેની મુડી ન જાય. પોતાની મનુષ્યજન્મ રૂપી મુડીને એ

સાચવી શકે. અહીંથી મરીને બીજે જવું પડે, તો પણ બીજે ય એને મનુષ્યજન્મ મળે. અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહમાં આનંદ માણવા માંડો, એટલે ધર્મ ઘણો થઈ શકે. જેઓની પાસે આજે મોટો પરિગ્રહ છે, તેઓ આજના હિસાબે–વર્ત્તમાન કાલના સંયોગોની અપેક્ષાએ ગણતરી કરી લે કે–'મારે મારા અને મારા કુટુંબાદિના નિર્વાહને માટે કેટલું જોઈએ?' એ ગણતરી મુજબ મુડી રાખીને વેપારધંધો બંધ કરી દે અને મુડી ખાવા બેસી જાય, તો એ માણસ કેટલી આરાધના કરી શકે? પોતાની ગણતરી કરતાં મુડી વધારે હોય, તો તેનો સદુપયોગ કરી લે અને ફારેગ થઈ જઈને આ જીંદગીને સફલ કરવાનું લક્ષ્ય રાખે, તો એ શું ન કરી શકે? આવું કરતી વખતે, જેની પાસે મુડી હોય, તે વ્યાજ ઉત્પન્ન કરવાની વાતમાં પણ પડતા નહિ. વ્યાજ ઉત્પન્ન કરવાનું રાખશો, તો ય આજના કાળમાં તો મોટી ઉપાધિ છે. જ્યાં વ્યાજે મૂકયા હોય, ત્યાં જોયા કરવું પડે છે; અને, આજની શાહુકારી પણ કેવી છે? વ્યાજ લેવા જતાં મુડી પણ ડૂબી જાય અને પાછા ઉપાધિમાં પડી જવું પડે, એવું ય બને ને? માટે, જેનાથી શકય હોય તેણે તો, એ ઉપાધિ પણ રાખવા જેવી નથી. તમે જો આવી વૃત્તિવાળા બની જાવ અને તમારી ગણતરી મુજબ તમે બે લાખ રૂપિયા પણ રાખો, તો ય તમારી ગણતરી અલ્પ પરિગ્રહીમાં થઈ શકે. અહીં જે આગળ સુખી માણસો બેઠા છે, તેમની આ ઈચ્છા છે? અલ્પારંભી અને અલ્પપરિગ્રહી બની જવું હોય તો ઉપાય ઘણા છે, પણ આરંભનો ને પરિગ્રહનો ડર છે ખરો? એનાથી જેટલા આઘા રહેવાય તેટલું સારૂં, એમ મનમાં છે? પછી એ બજારની સામે જુએ પણ નહિ અને

ધર્મનાં કામ કર્યા કરે. ભગવાનની ભક્તિ સુન્દર પ્રકારે કરે, સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ કર્યા કરે તથા મંદિર અને ઉપાશ્રય આદિની સંભાળ રાખ્યા કરે. આવું કરવાનું મન થાય? મનનું કારણ મોટું છે ને? અહીં નિરાંતે બેઠા છો, પણ જો જરા વેપારની તક આવી જાય, તો થોડું નાખવાનું મન થઈ ગયા વિના રહે? લાભ દેખાય તો માણસ લાવરૂં નાખ્યા વિના રહે નહિ ને? જેઓની પાસે સાધન ન હોય તેઓની વાત જુદી છે; પણ, સાધન હોય કે ન હોય તો ય અલ્પમાં સંતોષ અનુભવવાની શક્તિ કેળવી નથી, કેમ કે-અલ્પ થવાની કે અલ્પ રહેવાની ઈચ્છા નથી. આરંભ ને પરિગ્રહ અલ્પ કરવા હોય તો ય થઈ શકે નહિ, એમ તમે કહી શકશો? તમે અલ્પનો નિર્ણય કાલાનુસાર વિચાર કરીને કરો, કેમ કે-આજે ખર્ચા ઘણા વધી ગયા છે. આમ છતાં ય, ખર્ચાનો નિર્ણય કરવામાં બહુ વિવેકી બનવું જોઈએ. બજારમાં થયેલી ભાવવૃદ્ધિ અંગે થયેલા ખર્ચાનો વધારો ગણાય, પણ વ્યસનાદિને અંગે થયેલા ખર્ચાની વૃદ્ધિ ગણાય ખરી? ખર્ચાની વાતનો નિર્ણય કરતાં જોવું પડે કે-આ ખર્ચો વ્યાજબી છે કે ગેરવ્યાજબી? જેમ નોકરને તમે માલ ખરીદવાને માટે બહારગામ મોકલ્યો હોય, તો તેને જે ખર્ચ થાય, તે તમે આપો કે નહિ? આપો, પણ એણે ખર્ચાના કાગળીયામાં આટલો ખર્ચ સીનેમાઓ જોવામાં થયો અને આટલો ખર્ચ સીગારેટો પીવામાં થયો-એમ લખ્યું હોય, તો તે ખર્ચો તમે આપો ખરા? પ્રમાણિક માણસનો વ્યાજબી ખર્ચો મંજુર થાય, પણ આવો શોખ ને ઇન્દ્રિયોની અવશતાનો ખર્ચો મંજુર થાય? નહિ ને? તેમ, તમારે પણ તમારા જીવનનિર્વાહના ખર્ચાનો અંદાજ કાઢતાં વિવેક વાપર-

વાનો છે. પણ હજુ એવો નિર્ણય કરવાની વાત જ ક્યાં છે?

સંતોષનું સુખ અનુભવી શકાય :

અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહવાળાને સુખ કેટલું? ઘણું. ત્યારે એ સુખ માણવું, એ તો આપણા હાથની વાત છે ને? થોડું મળે તો થોડાથી ચલાવવું, એવું તમે નક્કી કરો તો, લોભ પણ તમારાથી થાકે ને કે–આને કશી અસર થતી નથી! જેમ, ઘરમાં કોઈ એદી પાકયો હોય, તો શું કરો છો? સવારે આઠ વાગે ઉઠતો હોય, ચહાપાણી ને પાનબીડીમાં બે કલાક કાઢી નાખતો હોય, બાર વાગે ખાતો હોય અને ખાઈને ઘોરવા માંડતો હોય; સાંજે રખડવા જતો હોય અને રાતના પાછો ઉંઘતો હોય; આવો એદી ભાઈ કે છોકરો હોય, તો શું કરો? તમે એનાથી થાકો કે એ તમારાથી થાકે? તમારે થાકીને એને નીભાવી લેવો પડે. તેમ, તમે મક્કમ બની જાવ, તો લોભ તમારાથી થાકે. લોભને ય થાય કે–આને હું પલાળી શકું તેમ નથી. જેની શક્તિ હોય, તે હવે અલ્પમાં બેસી જાય તો વાંધો છે? વધારે હોય ને રાખવા હોય તો રાખવા, પણ તે રાખવાને માટે રાખવા નહિ; ક્રમે ક્રમે સારાં કામોમાં ખર્ચવાને માટે રાખવા. નિર્ણય કરો કે–'આવા જોગું છે તો વેપાર કરવો નથી અને અધિક છે તો સારા માર્ગે ખર્ચવું છે.' આવું કરી શકશો, તો તમે સંતોષનું સુખ અનુભવી શકશો. અનુભવે એમ થશે કે–સારૂં થયું કે છૂટ્યો; તો જ આ સુખના દહાડા જોવા મળ્યા. ગૃહસ્થપણામાં તે જ સુખી, કે જેને આરંભ અને પરિગ્રહ અલ્પ હોય અને તેમાં જ મનમાં શાંતિ હોય. મંદિરમાં જઈને, ભગવાનની પૂજા પણ નિરાંતે કરી શકે અને ભગવાન

સાથે વાત પણ નિરાંતે કરી શકે. ભગવાનની જ્યારે એ સ્તવના કરે, ત્યારે એના અંતરમાં જાત જાતના ઉમળકા ઉઠે. ભગવાનની સ્તવનામાં, એ એવો એકતાન બની શકે કે–એને સ્તવના કરતાં જોવાનું બીજાઓને મન થઈ જાય. એનો ભાવપૂર્ણ સ્વર સાંભળવાનું બીજાઓને ગમી જાય. ગીતાર્થ ગુરૂ દ્વારા જ્ઞાનિની વાણીને પણ એ બરાબર સાંભળી શકે અને એનું ચિન્તવન કરી શકે. આ સિવાય, જેનું મન આરંભ ને પરિગ્રહમાં ભમ્યા કરતું હોય, તેને ઉપાધિ કેટલી હોય ? શી રીતિએ એ, ભગવાનનાં દર્શન કરે, ભગવાનની પૂજા કરે અને ભગવાનને સ્તવે તથા શ્રી જિનવાણીને એકચિત્તતાથી સાંભળે ? એ, ભગવાનનાં દર્શનાદિ કરે તો ય, એમાં એનું મન જે રીતિએ ઠરવું જોઇએ, તે રીતિએ ઠરે નહિ.

સાત ક્ષેત્રોમાં વાપરેલું ધન સાથે આવે :

સ૦ ધનને સાથે લઈ જવાનો કોઈ ઉપાય હોય તો તે શોધવાનું મન થાય

આ કહે છે કે–ધનનો મોહ એટલો બધો છે કે–જો ધનને સાથે લઇ જવાતું હોય, તો અમે પરલોકમાં પણ ધનને જ સાથે લઈ જઇએ. ધનને સાથે લઈ જઇ શકતા હો, તો તમે ધનને સાથે લઇ ગયા વિના રહો નહિ, પણ એ બની શકે તેવું નથી અને એની મૂર્ચ્છામાં ને મૂર્ચ્છામાં તમે કયી ગતિમાં જશો, તે તમારે વિચારવાનું છે.

સ૦ ધનને સાથે લઇ જવું હોય, તો તે સાત ક્ષેત્રોમાં વાપરે.

તમારે માટે આમણે આ ઉપાય શોધી કાઢ્યો, પણ તમારે તો નગદ ધનને સાથે લઈ જવાનો ઉપાય જોઇએ છે

ને ? બાકી, ધનને સાથે લઈ જવાનો આ ઉપાય બહુ સારો છે. સાત ક્ષેત્રોમાં સારા ભાવે પોતાના ધનને વાપરનારા, પોતાની પરભવની સ્થિતિને સદ્ધર બનાવે છે. સાત ક્ષેત્રોમાં આજે તો બહુ અગત્યની જરૂર પણ છે. આજે ઘણાં શ્રી જિનમન્દિરો ઉદ્ધારની અપેક્ષા રાખે છે અને કેટલાંક સ્થલો એવાં છે, કે જ્યાં વસનારાઓને શ્રી જિનપૂજનનો લાભ મળી શકે તથા તેમના ધર્મના સંસ્કારો ભૂંસાતા અટકી જાય, તે માટે ત્યાં શ્રી જિનાલયો બનાવવાની જરૂર પણ છે. જ્ઞાનભંડારોની અને જ્ઞાનભંડારોમાં રહેલા ગ્રન્થોની વ્યવસ્થા જાળવવી હોય, તો તે માટે પણ નાણાંની જરૂર છે. સાધુ-સાધ્વી ક્ષેત્રને માટે બહુ જરૂર નથી, પણ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રની સંભાળને માટે તો આ કાળમાં ઘણાં નાણાં આવશ્યક છે. આજની વિષમ સ્થિતિમાં ભાગ્યવાનોએ, શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રને જે કોઈ પણ યોગ્ય રીતિએ સંભાળી શકાય તેમ હોય, તે રીતિએ સંભાળી લેવાની જરૂર છે. સાધુ-સાધ્વીની બહુ ચિન્તા કરવી પડે તેમ નથી, એમ અમુક દૃષ્ટિએ કહી શકાય : કારણ કે-સાધુ-સાધ્વીને જો માત્ર સંયમની સાધનાનાં જ સાધનોની જરૂર હોય અને તેઓ જો શાસ્ત્રની આજ્ઞા મુજબ વિહરતાં હોય, તો આવા ભયંકર કાળમાં પણ, સાધુ-સાધ્વીને પ્રાયઃ તકલીફ પડે તેમ નથી. જે વસ્તુઓ વિના સુખે સંયમનો નિર્વાહ થઈ શકે તેમ હોય, તેવી પણ વસ્તુઓની ઇચ્છા હોય અને નક્કી કરેલા અમુક સ્થાને જ રહેવું હોય, તો એથી તકલીફ પડે એ વાત જુદી છે; બાકી તો, જૈન સમાજ એવો ભાગ્યશાલી છે કે-સાધુ-સાધ્વીને ન સહી શકે એવી અગવડ પ્રાયઃ આવતી નથી. ગામડામાં જ્યાં એક નામનો પણ જૈન મળી જાય છે, ત્યાં

પણ તે સાધુ-સાધ્વીની સગવડ કર્યા વિના પ્રાયઃ રહેતો નથી.

સ૦ કોઈ કોઈને ફરજીયાત સ્થિરવાસ કરવો પડતો હોય, તો શું થાય?

જે સાધુ-સાધ્વીને ફરજીયાત સ્થિરવાસ કરવો પડે તેમ હોય, તેઓની સંયમની સાધના સુખપૂર્વક થઈ શકે-એવી રીતિએ તેમને સાચવે, તેવાં ક્ષેત્રો આજે પણ છે; અને કેટલાક ભાગ્યશાલી શ્રાવકો પણ એવા છે કે-જો તેમને ખબર પડી જાય કે-અમુક સાધુને કે સાધ્વીને સંયમની સાધનામાં બાધા પહોંચે છે, તો ત્યાં પહોંચી જઈને ઘટતું કર્યા વિના રહે નહિ. એવા શ્રાવકોને ખબર ન પડે અને કોઈને સીદાવાનો પ્રસંગ આવી જાય, તો તે જુદી વાત છે; એટલે, આજે તમારે સાધુ-સાધ્વી ક્ષેત્રને માટે બહુ ધન ખર્ચી નાખવું પડે તેમ નથી, પણ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રને માટે તો, સૌએ પોતાનાથી જેટલું વધારે બની શકે તેટલું કરી લેવા જેવો કાળ આવી લાગ્યો છે. ધનને સાથે લઈ જવાનો આ સારામાં સારો ઉપાય છે. બાકી, જ્યાં આ શરીરને પણ સાથે નથી લઇ જઇ શકાતું, ત્યાં ધનાદિકને સાથે કયાંથી લઈ જવાવાનું હતું?

મનનો આદર ધર્મની અધિકતાવાળા તરફ:

આમ નથી શરીર સાથે લઇ જઈ શકાતું કે નથી ધનાદિક સાથે લઇ જઈ શકાતું. વળી, આ જીન્દગીમાં પણ અલ્પારંભાદિ બહુ સુખનું કારણ છે અને મહારંભાદિ બહુ દુઃખનું કારણ છે. આરંભના અને પરિગ્રહના ત્યાગમાં શું સુખ છે-તે જાણવું હોય, તો સાધુને પૂછો. સાધુ જો સાધુપણાના આસ્વાદને પામ્યો હશે, તો તો એ એના સુખને વર્ણવતાં થાકી જશે.

એ નહિ, તો ય સામાન્ય સાધુ ય કહી શકે કે-કોઈ ગામ મૂકતાં અમને વાંધો નહિ, કેમ કે-કોઇ ગામમાં અમારૂં કાંઇ હોય નહિ. કોઈ ગામ છોડતાં અમારી આંખમાં પાણી આવે નહિ. અમે તો જેવા પેઠા હોઈએ તેવા નીકળીએ. ઊલટું, અમે નીકળીએ તેમાં ગામમાં રહેનાર રડે-વળાવવાને આવ્યા હોય તે રડે, પણ અમારી આંખ પલળે નહિ. એમ ગૃહસ્થપણામાં જે કોઈ બહારથી અને અન્દરથી અલ્પારંભી અને અલ્પપરિગ્રહી હોય, તે બહુ સુખી હોય. હા, એ બનવાજોગ છે કે-નામના, કીર્તિ, ખ્યાતિ આદિ નહિ થાય; બહુ જણા ન ઓળખે-એ બને; પણ તમારે કયાં ઓળખાવું છે? બહુ ઓળખ હોય, તો બહુ સારી ગતિ અને જેમ ઓળખ ઓછી તેમ ગતિ નીચી, આવું તો છે જ નહિ. ત્યાં કોઈની ઓળખ કામ લાગે તેમ નથી. તમે અલ્પારંભી અને અલ્પપરિગ્રહી થશો, તો કદાચ ધર્મી વર્ગમાં ઓળખાણ થશે, પણ આજે ધર્મી વર્ગમાં પણ મોટે ભાગે જેટલું માન પૈસાની અધિકતાવાળાને છે, તેટલું માન ધર્મની અધિકતાવાળાને નથી. પૈસાની અધિકતાવાળાને આગળ બેસાડાય, માન અપાય, કેમ કે-એ જો મન પર લેશે તો તેનામાં ધર્મ કરવાની શક્તિ સાથે ધર્મ કરાવવાની અને ધર્મની પ્રભાવનાદિ કરવાની શકિત છે; પણ એની શેહમાં ધર્મની અધિકતાવાળાની જરા ય અવગણના થાય નહિ. પૈસાની અધિકતાવાળાએ પોતે પણ ધર્મની અધિકતાવાળાનું માન જાળવવું જોઈએ. પૈસાની અધિકતાવાળાનું માન ઔચિત્ય અંગે છે અને ધર્મની અધિકતાવાળાનું માન તો ધર્મને અંગે છે. ધર્મની અધિકતાવાળાનો અનાદર, એ ધર્મનો અનાદર છે. હૈયાનો આદર, ધર્મની અધિકતાને અંગે

જ હોવો જોઈએ. તેમાં ય, પૈસાવાળો જો ધર્મની અધિકતાવાળો બને, તો તો તે મહા આદરનું કારણ બને ને ?

પૈસાવાળાઓ, આજે સરકાર તથા લોક તેમને કેવી નજરે જુએ છે-તે વિચારે :

આજે જગત્ મહારંભ ને મહા પરિગ્રહ તરફ દોડી રહ્યું છે. અલ્પવાળા ઘણા છે અને મહાવાળા થોડા છે, પણ લગભગ દરેકના મનમાં મહા બેહું છે. અલ્પવાળાને ય મહા જોઈએ છે અને મહાવાળાને ય વધારે મહાની ઇચ્છા છે. સમજુ ગણાતા પણ માણસો, મહા પાછળ કેમ દોડાદોડ કર્યા કરે છે ? અલ્પમાં સુખ ભોગવવાની આવડત નથી માટે ને ? અલ્પમાં હોવા છતાં પણ, જેનું મન મહામાં જ ભમ્યા કરતું હોય, તે મુડી ગુમાવી બેસે તો નવાઈ જેવું નથી ને ? અલ્પ છતાં અલ્પના સુખનો આસ્વાદ લઈ શકે નહિ, કેમ કે– અંદર મહાની ઇચ્છાની લાય મંડાણી હોય અને જો મહા ન મળે તો ઇચ્છાના દુઃખથી રીબાય તથા પુણ્યનો યોગ હોય ને મહા મળી જાય, તો ઉપાધિથી રીબાય. આવો જીવ મુડીને ગુમાવી બેસે ને ? મનુષ્યભવ સુધી આવીને પાછો દુર્ગતિમાં ધકેલાઇ જાય ને ? મોટાની ગમે તેટલી મોટરો દોડતી હોય, એથી પગે ચાલનારને એ મોટરોની ઇચ્છા નહિ થવી જોઈએ. મોટાના બંગલા મોટા ને સારા હોય, પણ અલ્પવાળાએ પોતાની ઝુંપડીની સાથે એને સરખાવીને, મનને બાળવાની મૂર્ખાઇ નહિ કરવી જોઈએ. એનો એટલો પુણ્યોદય છે, એમ વિચારીને પણ, ભેગી એવી ય દયા ચિન્તવવી જોઈએ કે– 'આ બીચારો આ મોટર ને આ બંગલાઓમાં રાચ્યા કરશે, તો

એની શી ગતિ થશે? અત્યારે ય એને શું સુખ છે? શાન્તિનું નામ નથી અને ઉપાધિનો પાર નથી. છે મારે કાંઈ પંચાત? સુખે રહું છું, સુખે ખાઉં છું, સુખે જીવું છું અને સુખે ધર્મ કરું છું. એ બીચારા નથી સુખે રહી શકતા, નથી સુખે ખાઈ શકતા, નથી સુખે જીવી શકતા અને નથી તો સુખે ધર્મ કરી શકતા!' બંગલાવાળાઓને તો આજનો કાયદો, એક દિ'માં બંગલા ખાલી કરાવી શકે તેમ પણ છે. જેટલા પૈસાવાળા છે, તે બીનહુક્કે પૈસાવાળા બનેલા છે-એવી આજની સરકારની અને લોકની પણ માન્યતા છે. આજે લોકની મનોવૃત્તિ પણ પૈસાવાળા તરફ સહાનુભૂતિવાળી નથી. સરકાર પૈસાવાળાને બંગલામાંથી કાઢે, તો તેમાં લગભગ સૌ રાજી છે. તમે જોયું ને કે-રાજાઓને ઉઠાડી મૂક્યા, ગાદી છોડાવી દીધી, છતાં કોઈ રડ્યું નહિ. રોજ 'બાપુ, બાપુ' 'ખમા, ખમા' કહેનારાઓમાંનો કોઈ આડે આવ્યો નહિ. હવે પાછું લોક રાજાઓને યાદ કરવા માંડ્યું છે, પણ તે રાજાઓ ગમે છે એ માટે નહિ. રાજાઓ હતા ત્યારે જે દુઃખ નહોતું, તે દુઃખ આજે છે-એમ લોકને લાગે છે, માટે લોક હવે રાજાઓને યાદ કરે છે. રાજાઓ તો ગયા, પણ જે સ્વપ્નાં સેવેલાં તે ઊંધાં પડ્યાં. ટેક્ષો વધી ગયા અને સાથે મુશ્કેલીઓ પણ વધી ગઈ-એમ કહે છે. આજે બધું પ્રજાના નામે થાય છે. જો પ્રજા સામે થાય તો સરકાર કોઈનું લઈ શકે નહિ, પણ તમે એક-બીજાના સુખમાં રાજી નહિ ને? પૈસાદાર ગરીબનો બેલી નહિ અને ગરીબ પૈસાદારના સુખમાં રાજી નહિ, એટલે કોણ કોને મદદ કરે? જો આમ ને આમ તંત્ર ચાલશે, તો પૈસો માલદારોના હાથમાં નહિ રહે.

એવો વખત આવી લાગશે, ત્યારે રોવું પડશે કે–મેં કરવા-જોગું કાંઈ કર્યું નહિ.' પણ જે ઘડી ગઇ, તે તો ગઈ. સરકારને એક તરફ ખર્ચાનો પાર નથી અને બીજી તરફ ખુરશીએ બેઠેલાઓમાં કેટલાક ભૂખ્યા રાહુ જોઈને બેઠા હોય –એવા પણ આવી ગયા છે; એટલે તીજોરી ખાલી ને ખાલી રહે છે. તળીયું દેખાયા કરે છે. તેથી, લગભગ બધાની નજર સુખી ઉપર છે. તમે નજરાઈ ચૂકચા છો, પણ તમને એ નજર સાફ કરી નાખે તે પહેલાં તમે ચેતી જાવ તો સારૂં છે. જ્યારે લેવા આવે ત્યારે તીજોરી ખાલી દેખે, તો શું કરે ? તમે તમારા હાથે જ સારા માર્ગે ખર્ચો કરી નાખ્યો હોય અને નિર્વાહ પૂરતું સાધન જ રાખ્યું હોય, તો શું કરે ? તમે અલ્પારંભી બની જાવ, એટલે ટેક્ષ પણ ભરવો પડે નહિ. આવક મોટી હોય, તો ટેક્ષ ભરવો પડે ને ? કદાચ સેલ્સ ટેક્ષ ભરવો પડે, તો ય એ માટે માણસ રાખવો પડે નહિ, કેમ કે–અલ્પમાં સંતોષ હોય, એટલે બીલો લાંબાં બન્યાં ન હોય. આજે તો, વેપારિઓને ટેક્ષ ગણવા વગેરેને માટે પણ ખાસ માણસો રાખવા પડે છે. આજના અને આવી રહેલા કાળને સમજી જાવ અને છોકરાઓને પણ કહી દો કે–'થાય તેટલો ધર્મ કરો. વેપાર કરવા જેવો આ કાળ નથી. પાપ કરીને કમાવું અને મોટો ભાગ સરકારને આપવો, તે શું કરવાને ? એને બદલે, થોડામાં સુખે જીવીએ તો પાપથી બચાય, ધર્મ વધારે થાય અને કોઈથી ડરવા જેવું રહે નહિ કે–લઈ જશે તો થશે શું ?' આજે લાગે છે કે–વિષમતા ઘણી આવવાની છે. આ વાત સુખી માણસો માટે છે. જેઓ વગર ધંધો કર્યે પણ સુખે રોટલા ખાઈ શકે તેમ છે, એવા માણસો જો

સમજી જાય, તો વેપાર લગભગ બંધ જેવું કરી દે અને પરિગ્રહમાં અલ્પ બનતા જાય. આજના સુખી માણસો જો સમજપૂર્વક પરિગ્રહમાં અલ્પ બનવા માંડે, તો શાસનનાં કેટલાંય કામો થઈ જાય. પછી, સમાધિ પોતાના બાપની થાય અને દરેક ધર્મક્રિયા શાન્તિથી થઈ શકે. શાન્તિથી ધર્મક્રિયા થાય, તે ય જો સારૂં લક્ષ્ય હોય તો ધર્મધ્યાનને લાવનારી ચીજ છે. અલ્પ કરવામાં શું વાંધા છે, તે જો જેને વાંધા હોય તે કહે, તો તેનો ખૂલાસો થાય. નાનાવાળા પણ મહામાં શું સુખ છે, તે બતાવી શકે તેમ હોય તો બતાવે.

સ૦ વાત સાચી છે.

વાત તો સાચી જ છે, પણ તમને સાચી લાગે તો ને ? બનાવટી વેપારી કહે–' તું માગે છે તે વાત સાચી, પાસે આવે તો આપવા છે તે ચોક્કસ.' પણ પેલો કહે–' કયારે ?' તો આ કહે–' તારે ઉઘરાણી કરવી નહિ. આવશે તો ઘેર આવીને આપી જઇશ. આપવા આવું તો તારે લેવા, નહિ તો માંડી વાળવા.' તમે 'વાત સાચી છે'–એમ જે કહો છો, તેમાં પણ આવું તો કાંઈ નથી ને ?

કષ્ટ વખતેય કેવો જવાબ દે ?

અલ્પારંભમાં ખૂબ સુખ છે અને અલ્પ પરિગ્રહિપણામાં ઘણો આનંદ છે, એવો અવાજ હૈયાના ઉંડાણમાંથી ઉઠે છે ? જ્યારે આ આખું ય જગત્ આંખ સામે હોય, ત્યારે પણ આ મનાય તેવું હૈયું છે ? જગત્ કેટલું બધું વિશાળ છે ? તેમાં, દુઃખી કેટલા છે અને સુખી કેટલા છે ? દુઃખી ઘણા છે ને સુખી થોડા છે, પણ મહારંભ ને મહા પરિગ્રહ તરફ

લગભગ સૌની નજર છે; એટલે, દુઃખી ઘણા તો ય તે આંખે નથી ચઢતા અને સુખી થોડા તો ય નજરમાં આવે છે. બીજાઓને મહારંભ અને મહા પરિગ્રહમાં સુખ શોધતા તમે જુઓ, ત્યારે પણ તમે અલ્પારંભ અને અલ્પ પરિગ્રહમાં રહેલા સુખને માણી શકો, એવું હૈયું છે ? આની પાસે આટલા બધા છે અને મારી પાસે કેટલા થોડા છે, એ વિચારથી પણ કેટલાકો તો બહુ દુઃખી થાય છે. નોકરીવાળાને પેઢીવાળા બનવાની ઇચ્છા છે અને પેઢીવાળાને મોટા કારખાનાવાળા બનવાની ઇચ્છા છે. એને કહીએ કે–'આટલી ઉપાધિના દુઃખનો તો વિચાર કર ! એમાં ઉપાધિ કેટલી બધી ?' તો કહે કે-'એ દુઃખ દુઃખ ન ગણાય; સુખ માટે વેઠવું પડતું દુઃખ, એ દુઃખ નથી.' અમે સમજીએ કે–સંસારના સુખના રસીયા આવો જ જવાબ આપે. જેમ તપસ્વી શું કહે ? સાચા તપસ્વિને તપનું કષ્ટ ન જ અનુભવાય એમ નહિ, પણ એને એમાં આનંદ હોય. એ કહે કે-નિરાહારી પદ સાધવું છે. નિરાહારી પદને સાધવાનો આ ઉપાય છે. નિરાહારી પદની ઇચ્છા છે, એટલે આ તપમાં કષ્ટ છે છતાં કષ્ટ નથી લાગતું. શરીર કષ્ટ અનુભવે છે અને આત્મા નિરાહારી પદના ધ્યાનમાં મોજ અનુભવે છે. તેમ, સંસારના સુખના રસીયાઓને તો જ્યાં સુધી ફાવટ હોય, ત્યાં સુધી ઉપાધિનો અણગમો આવે નહિ. એને તો જ્યારે અશુભના ઉદય યોગે થપ્પડ પડે, ત્યારે વળી વિચાર આવે; પણ, તે વખતે ય, અલ્પારંભમાં અને અલ્પ પરિગ્રહમાં મહા-સુખ છે–એમ લાગે નહિ અને એ વખતે એમ લાગે તો ય એ વિચારમાં બરાબર ટકી રહી શકે, એવા તો બહુ થોડા અલ્પા-રંભ અને અલ્પ પરિગ્રહમાં જેને આનંદ અનુભવતાં આવડે,

તે મજેથી જીવી શકે. એનું મૃત્યુ પણ સુધરે, તેમાં નવાઈ નહિ. પછી પણ, એને માનવગતિથી નીચી ગતિ તો મળે નહિ. કદાચ દેવગતિ મળે અથવા આના કરતાં ય સારી સામગ્રી-વાળી મનુષ્યગતિ મળે; પણ મન સુધરે તો એ બધું શક્ય છે ને ?

મનોવૃત્તિ એવી પલટાતી જાય છે કે–અલ્પારંભ અને અલ્પ પરિગ્રહમાં આનંદ માનનારા ઘટે છે :

એમ થાય કે–ઘર નાનું હોય તો સારું. સાવરણી બહુ ફેરવવી પડે નહિ ! ત્યાંથી સુખની શરૂઆત. મોટું મકાન જોઈએ, મોટી પેઢી જોઈએ, એ માટે યોજનાઓ ઘડ્યા કરે–એવા ઘણા જોયા છે; પણ ઓછું કરતા જતા હોય અને ઓછામાં આનંદ અનુભવતા હોય–એવા ઓછા જોયા છે. કોઈ વધારે મળે તેવી સગવડ કરી આપવાનું કહે, તો ય કહે–મારે વધારે નહિ જોઈએ. શ્રી જૈન દર્શનને પામેલા-ઓમાં અને અન્ય પણ આત્માના અસ્તિત્વ આદિને માનનારાં આસ્તિક દર્શનોને પામેલાઓમાં એવા હોય ખરા, પણ આ કાળમાં દેખાય છે બહુ જ ઓછા. એ મંદિરમાં જાય, તો મંદિરમાંથી બહાર નીકળવાની એને ઉતાવળ હોય નહિ. સમજે છે કે–'મારે બહાર જઈને કરવાનું છે શું ?' એવા માણસો જે ધર્મક્રિયાદિ કરે, તે બહુ શાંતિથી કરે. ઘરના કામમાં ય, એવા માણસોને અશાન્તિ નહિ, એટલે જેને યતના જાળવવી હોય, તે સારી રીતિએ જાળવી શકે. પણ દિવસે દિવસે મનોવૃત્તિ એવી પલટાતી જાય છે કે–અલ્પારંભ અને અલ્પ પરિગ્રહમાં આનંદ માનનારો વર્ગ ઓછો થતો જાય

છે તેમ જ જેમની પાસે વધુ છે તેઓમાં પણ ઓછું કરવાની મહેનતમાં પડેલા ઓછા દેખાય છે. તમને આ વાત જચતી હોય, તો તમે સુધરો અને છોકરાઓને પણ કહો કે–' આરંભ અને પરિગ્રહ જેમ અલ્પ હશે, તેમ બહુ આનંદ આવશે.' મનુષ્ય–ગતિના આયુષ્યના આશ્રવોમાં, આ બેને પહેલું સ્થાન આપ્યું છે. દાનાદિકની વાત છે, પણ તે પછીથી છે. એ તો એવું છે કે–હોય તો દેવાનું છે. ઓછામાં જેને આનંદ આવે, તે કદાચ અલ્પ હોય ને બહુ થોડું દઈ શકે, પણ એના દાનમાં એનો ઉલ્લાસ કેટલો હોય ? આરંભ ને પરિગ્રહ અલ્પ હોય, તો સમજુને શું થાય ? જીવનમાં સાચવવા, ઉપાડવાનું ઓછું છે, એટલે જીવનમાં કેવી સારી શાન્તિ છે ? જેની પાસે વધારે હોય, તેને એ પુણ્યશાલી કહે; કેમ કે–એ સમજે છે કે–આ બધું તેને જ મળે છે, કે જેને પુણ્યનો તેવો યોગ હોય; પણ ' મારે આવું જોઈએ '–એમ એને ન થાય. ' મારી પાસે આ કેમ નથી ?'–એવું વિચારીને તે, હૈયે તેનું દુઃખ ધરે નહિ. એ તો અવસરે એવો પણ વિચાર કરે કે–'આ બીચારાઓ કેટલી બધી ઉપાધિમાં પડી ગયા છે ? આમની હાલત કેવી દયા ખાવા જેવી છે ? અને, હું કેવો પુણ્યશાલી છું કે–મારે ઉપાધિ ઓછી છે અને આનંદ ઘણો છે !' જેની પાસે અલ્પ હોય, તે આવો વિચાર કરે અને જેની પાસે વધારે હોય, તે એવો વિચાર કરે કે– 'ક્યારે અલ્પ થાઉં કે જેથી આ બધી ઉપાધિઓમાંથી છૂટું !' એ વાત એના દિલમાં હોય, એટલે એનો સદુપયોગ ચાલુ હોય. શ્રીમંતોમાં આવી વૃત્તિ આવી જાય, તો ધર્મખાતાં સીદાય નહિ. ધર્મખાતાં માગે, એનાથી એમાં મળે ઘણું. સૌને

ઓછા થવાની ઇચ્છા હોય અને જે વધુ હોય તે ખર્ચે જ જવાની ઇચ્છા હોય, એટલે જ્યાં ધર્માર્થાતું હાથ ધરે કે તરત તેનો હાથ ભરાઈ જાય. અલ્પારંભ અને અલ્પ પરિગ્રહમાં આનંદ–એવા માનસવાળાઓની પાસે પણ પુણ્ય યોગે ઘણું હોય, તો તેમાં નવાઈ પામવા જેવું નથી. વધારે હોય તે કાંઈ ફેંકી ન દે, પણ એનો સદુપયોગ કરે. જેમની પાસે વધારે ન હોય, તે જે હોય તેમાં આનંદ છે–એમ માનનારા બની જાય અને જેમની પાસે વધારે હોય, તેમનું સદુપયોગનું દ્વાર વહેતું હોય–સારી રીતિએ વહેતું હોય, આવી સ્થિતિને ઊભી કરવાની વૃત્તિ જો ન હોય, તો અલ્પારંભ અને અલ્પ પરિગ્રહમાં સુખ ભોગવવા જેવું માનસ નથી, એમ નક્કી થાય છે. એ માનસ ન હોય, તો દુર્ગતિ સુલભ બની જાય છે.

માનસ આવું ઘડાય તો–

'મને અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહ આદિ ગમે છે'–એમ કહીએ, 'આરંભનો વધારો અને પરિગ્રહનો વધારો મને ગમતો નથી'–એમ કહીએ, ત્યારે એ જો સાચું હોય છે, તો એની પાછળ હૈયાની છાયા હોય છે. હૈયું બહુ સુકોમળ હોય છે. નિર્ણય તો જ્ઞાની કરી શકે, પણ આપણે અંશેય સમજી શકીએ કે–આ બોલવા પાછળ હૈયામાં કયો ભાવ છે? જે સુખ અલ્પમાં છે, તે મહામાં નથી–એમ કહેનારને, મહામાં કેટલું દુઃખ જણાતું હોય? મહાની ઇચ્છા તો ન હોય, પણ મહામાં પડેલાની દયા હોય. એનામાં દયા વગેરે ગુણો એટલા જીવતા, જાગતા ને ઝળકતા હોય છે કે–એનું હૈયું પ્રાયઃ નિર્મલ રહ્યા કરે છે અને ઉપાધિ ઓછી હોવાથી ચિત્તમાં

ખૂબ શાન્તિ રહે છે. ચિન્તા કોને કહેવાય, તેની એને બહુ ખબર ન હોય. કેટલાક વિદ્વાના વ્યસની બની ગયેલાઓ અથવા અમુક ઉપાસનામાં પડી ગયેલાઓ એવા હોય છે કે–એમને એક વાર બાવા જોઈએ અને કપડું તો શરીરનો અમુક ભાગ ઢંકાય એટલે બસ. બાકી, પોતાના કામમાં મસ્ત પડયા હોય. કેટલેક ઠેકાણે રાજા આદિએ કરેલી અમુક વ્યવસ્થા હોય છે, તો તેમાંથી બાય છે અને પોતાનું કામ કર્યા કરે છે. એમને તમે ભણાવવાને માટે આવવાનું કહો અને એ માટે મોટો પણ પગાર આપવાનું કહો, તો પણ એ કહેશે કે–વધારે પૈસા જોઈતા નથી. જેનું આવું માનસ હોય, તેના ઉપર ગમે તેવા શ્રીમંતની પણ છાયા પડે નહિ. અન્ય દર્શનિઓમાં પણ આવા હોય છે. આ માનસ સાથે વિવેક આવી જાય, તો શું બાકી રહે? સુખિની દયા બાવી હોય તો એ સુખિની દયા બાય, પણ જે એની પાસે છે તે પોતાની પાસે નથી–તેનું દુઃખ એને હોય નહિ. એવાઓમાં પણ જ્યારે જેની પાસે હોય છે, ત્યારે તેની પાસે તેના સદુપયોગનું વહેણ બહુ વહેતું હોય છે એવું માનસ તમારી પાસે છે?

માનસપરિવર્તનની આ કાળમાં વધુ જરૂર છે :

આજે ટીપ કરવા આવનારાઓ છેક અમારી પાસે કેમ આવે છે? ટીપ કરવાને આવેલાઓ જ્યારે અમારી પાસે આવે છે, ત્યારે અમે પૂછીએ છીએ કે–'અમારા સુધી આવવાની શી જરૂર પડી ગઈ? જેમને આપવાનું છે, તેમની પાસે જવાનું હોય ને?' તે વખતે એ કહે છે કે–'શું કરીએ? સરખો જવાબ અહીં મળે છે.' જવાબ અહીં મળે છે, એનો અર્થ

તો સમજ્યા ને ? એનો અર્થ એ છે કે–આ વાતોને સાંભળવાની અને આ વાતોને સાંભળીને આને અંગે સરખો જવાબ દેવાની ય ગૃહસ્થોને દરકાર નથી ! એટલે, તમારે બદલે અમારે જવાબ દેવો પડે છે. અત્યારની સ્થિતિ કેવી છે, તે અમારે સમજાવવું પડે છે. કહીએ છીએ કે–આ લોકો ટીપો ભરી ભરીને ગળા સુધી આવી ગયા છે, એમ એમનું માનવું થઈ ગયું છે. આ વાત બરાબર છે ? તમારી મનોદશા એવી છે, પણ વાત બરાબર નથી. આજે જેટલા સુખી છે, તેમાંના આ ક્ષેત્રમાં આવેલાઓ પણ જો અલ્પારંભ અને અલ્પ પરિગ્રહમાં આનંદ અનુભવવા જોગું પણ માનસ કેળવે, તો એમાંથી પણ જતે દહાડે ઘણું સુન્દર પરિણામ આવવાની શકયતા છે. સુખી માણસો સમજીને અલ્પારંભ અને અલ્પ પરિગ્રહમાં આનન્દ અનુભવવા જોગું માનસ કેળવે, તે આ કાળમાં વળી વધારે જરૂરી છે. એમને પાછળથી પસ્તાવું નહિ પડે. હમણાં આર્થિક કટોકટી વધતી જાય છે. કયારે મીલ્કત ઘટી જશે કે સાફ થઈ જશે–તે કહેવાય નહિ. જેમ ઋણરાહત કાયદો કરવાથી કેટલાકની મુડી સાફ થઈ ગઇ ને ? તેમ, ચાલુ નાણાનો ભાવ ઘટાડે તો કેટલી વાર ? આજે કહેવાય છે કે–આખો દેશ નાગો થતો હોય તો શ્રીમંતોને નાગા કરવા શું ખોટા ? આવું કાંઈ બને તે પહેલાં ચેતી જાવ ને માનસ પલટાવી દો, તો ગમે તેવી સ્થિતિમાં પણ તમે તો જરૂર દુર્ધ્યાનથી બચી શકશો.

બલ નથી પણ ડહાપણેય છે કે નહિ ?

સા૦ ધર્મખાતાં પણ મુશ્કેલીમાં મૂકાવાનો સંભવ છે, એમ ઘણાને લાગે છે.

દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય આદિ ખાતાંઓનાં વધારાનાં નાણાંનો વ્યવસ્થિત ઉપયોગ કરી લેવાનું, જ્યારે જ્યારે તક મળી ત્યારે ત્યારે કહેવાયું છે અને હમણાં હમણાંથી તો તક મેળવીને પણ ભારપૂર્વક કહેવાય છે; પણ વહીવટદારોનું માનસ જ કોઈ વિચિત્ર લાગે છે. જિર્ણોદ્ધાર અને જ્ઞાનોદ્ધાર આદિ માટે ઘણો સારો ઉપયોગ કરવાની જરૂર છે અને તે હજુ થઈ શકે તેમ પણ છે; છતાં સુઝે છે કોને ? ધર્મખાતાંઓનું દ્રવ્ય ઉચિત સદુપયોગમાં લગાવી દો, તો પછી વહીવટ શાનો કરવો, એ ચિન્તા છે કે શું છે ? બેદરકારીથી, શું નુકશાન થશે, તેનો વિચાર નહિ કરનારને નહિ સુઝે કોઈ પણ વાત શાન્તિથી સાંભળો અને ઝીણવટથી વિવેકપૂર્વક વિચારો, તો સમજાય. આ કાળમાં ધર્માદા મિલકતો કે ખાનગી મિલકતો સાચવી રાખવા જેવી નથી. એને ફેંકી દેવાની જરૂર નથી, પણ ઉચિતપણે એનો ઉપયોગ કરવાનું લક્ષ્ય દેવાની જરૂર છે. મંદિરો આદિમાં શ્રીમંતો કરતાં મધ્યમ વર્ગનાઓએ અને ગરીબોએ આપેલું દ્રવ્ય વધારે છે. જેમના હૈયામાં ભગવાનની ભક્તિ વસી, તેમણે થોડામાંથી પણ થોડું, ખાનપાનના સામાન્ય ખર્ચમાંથી પણ બચાવી બચાવીને આપેલું છે. આવાં નાણાંનો દુરૂપયોગ ન થઈ જવા પામે, એની વહીવટદારોને માથે અને સંઘને માથે મોટી જવાબદારી છે. 'આજે ધર્મ ન જોઇએ, ધર્મનું અસ્તિત્વ નુકશાનકારક છે'–એવી માન્યતા પણ જોર પકડતી જાય છે. આવાઓના હાથમાં રાજસત્તા આવે અને ધર્મને માનનારો વર્ગ નબળો હોય, તો પરિણામો કેવાં આવે ? જેટલા ધર્મો, તેઓએ કરવા ધારેલી વ્યવસ્થાની વિરૂદ્ધમાં આવ્યા છે કે આવવાની સંભાવના છે, તે ધર્મોને નામ-

શેષ કરવાની પેરવી થાય, તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. ધર્મોનો ફાળો લોકના કલ્યાણમાં જ હોય છે, એટલે લોકકલ્યાણને, જનતાના આ ભવના ને પરભવના હિતને હાનિ પહોંચે તેવાં કાર્યો જેમને કરવાં હોય, તેમને ધર્મ આડે આવે છે–એમ લાગે; અને એથી તેઓ એને દબાવવાનો પ્રયત્ન કરે; આવા વખતે, ધર્મને માનનારી જનતામાં કદાચ બલ ન હોય, પણ ડહાપણ તો હોય ને ? તમે ધારો તો, એવા પ્રયત્નોને ડામી શકો અને તેને ડામી શકો નહિ તે કાળમાં ય તે નુકશાન કરી જાય નહિ, તેવી સુન્દર વ્યવસ્થા કરી શકો. મંદિર, મૂર્ત્તિઓ આદિને ઉપાડી જવાય તેમ નથી; બીજી ક્રિયાઓ એક યા બીજી રીતિએ તેમનાથી અટકાવી શકાય તેમ નથી; ત્યારે, જે કાંઈ જેમની દાનત બગડે તેમના હાથમાં આવે તેવું હોય, તેનો તમે સદુપયોગ કરી લીધો હોય, તો એ શું લઈ જઈ શકવાના હતા ? શ્રી જિનની ભક્તિ કોઈ વાર અમુક રીતિએ થાય અને મુશ્કેલીના કાળમાં જુદી રીતિએ પણ થાય. અલ્પારંભ અને અલ્પ પરિગ્રહમાં સુખ માનનારાઓ જો વહીવટમાં હોય, તો તેઓ આ કામ બહુ ઝડપથી ને બહુ સારી રીતિએ કરી શકે. આપણે તો માનસ –પરિવર્તન માગીએ છીએ. તમે અલ્પારંભ અને અલ્પ પરિગ્રહમાં આનન્દ અનુભવવા જેવું માનસ કેળવી લ્યો, તો તમને મહાલાભ થાય. છેવટે કાંઇ નહિ, તો મનુષ્યજન્મ સુધી આવ્યા પછી આટલી મુડી તો સચવાય, એટલે કે–મરીને મનુષ્ય ગતિથી હેઠેની ગતિમાં જવું પડે નહિ.

સ્વાભાવિક નમ્રતા :

મનુષ્યગતિના આયુષ્યના આશ્રવોમાં આરંભ ની અલ્પતા

અને પરિગ્રહની અલ્પતાને કહ્યા પછીથી, કહે છે કે–જેનામાં નમ્રતા અને સરલતા હોય અને તે પણ સ્વાભાવિક, બનાવટી નહિ. તો તે પણ મનુષ્યગતિના આયુષ્યના આશ્રવો છે. જેનામાં આ ગુણ હોય, તેને યોગ્યની આગળ નમ્રપણે વર્તવામાં કદી પણ હરકત નડે નહિ. માતા–પિતાને નમસ્કાર કરતાં, વડિલોને હાથ જોડતાં, મોટાને માન આપતાં, હૈયાને જરા પણ ક્ષોભ થાય નહિ, એવું બને ? અહીં તો, હૈયાને ક્ષોભ ન થાય એ વાત નથી, પણ સ્વાભાવિક નમ્રતાની વાત છે. જ્યાં જેવી નમ્રતા કરવામાં માણસાઈ અને વિવેક ગણાય, ત્યાં તેવી નમ્રતાને આચરવાનો પ્રયત્ન કરવો પડે નહિ, પણ સ્વભાવ જ એવો કે–નમ્રતા આચરાઈ જ જાય–વાણીમાં ને વર્તનમાં ! તમે આમ તો ઘણાને સલામો ભરી હશે અને કદાચ ઘણે ઠેકાણે માથાં પણ મૂક્યાં હશે; પરન્તુ માતા–પિતાના પગમાં કેટલીક વાર માથું મૂક્યું હશે ? કોઈ પણ ઘરના કે બહારના વડિલને ઘટતું માન આપવાનું, કેટલીક વાર બન્યું હશે ? કોઈનું પણ ઔચિત્ય હૈયાના ઉમળકાથી કેટલુંક સચવાયું હશે ? સ્વભાવમાં નમ્રતા હોવાના કારણે, રોજ માતા–પિતાને નમસ્કાર કરનારા કેટલા ? તમે ઘરડા તો, માતા–પિતાદિને નમસ્કાર કરતા મોટા થયા છો ને ? આજે તો એ રિવાજ લગભગ ભૂલાઈ ગયો છે, પણ તમારા કાળમાં એ વિધિ પ્રચલિત હતો કે નહિ ? તમે એ રિવાજ જાળવ્યો હોત, તો એ જોઈ ને તમારા છોકરાઓ પણ શીખત ને ? રોજ પગમાં માથું મૂકતા હોત, તો ઉદ્ધત ઓછા પાકત ને ? સામે બોલતાં, એ નમસ્કારનો રિવાજ પણ, શરમ ઉપજાવત. આગળ તો, આવા કેટલાક નિયમો કુળગત ચાલ્યા આવતા.

માતા, પિતા અને ઘરમાં જે કોઈ વડિલ હોય, તેને પગે પડવું; શેરીમાં જે કોઇ વડિલ હોય, તેને યોગ્ય રીતિએ હાથ જોડી જ દે; ઘરે આવેલા મોટાનું બહુમાન કરે; અને જ્યાં જાય ત્યાં મોટાઓની સાથે વિવેકથી વર્તે; આ બધું સ્વાભાવિક નમ્રતાનું સૂચક છે. આવા નમ્ર ઉપર, માન પણ કેટલુંક જોર કરી શકે ? એને કોઇએ નમસ્કાર ન કર્યો હોય તે લાગે નહિ, પણ પોતાને કોઇને નમસ્કાર કરવાનો જો રહી જાય, તો તે એને લાગ્યા વિના રહે નહિ.

સ૦ મિથ્યાદૃષ્ટિઓને નમસ્કાર કરાય ?

ઔચિત્ય સ્થાનાનુસાર આદરવામાં ન આવે તો અનેક દોષોની સંભાવના છે; અને જેને સુદેવ તથા સુગુરૂ આદિ સિવાય કોઇને ય નમસ્કાર ન કરવો હોય, તે તેનો રસ્તો કરી શકે છે. એમા, ઘણું સત્ત્વ જોઇએ છે. પણ, તમારે હૈયે દેવ-ગુરૂ એટલા બધા વસી ગયા છે ? વ્યવહારમાં બેઠો હોય તે ધર્મ પામે એટલે શું કુળક્રમાનુસાર માતા-પિતાદિને નમસ્કાર કરે નહિ ? છોકરો સમ્યક્ત્વ પામ્યો, તો એ સમ્યક્ત્વ પોતાનાં મા-બાપને પણ પમાડવું, એ એનો ધર્મ ખરો કે નહિ ? મા-બાપના ઉપકારનો બદલો વાળવાનો મોટામાં મોટો ઉપાય કયો ? તેમને ધર્મ પમાડવો, એ ને ? તે છોકરો અક્કડ રહીને મા-બાપને ધર્મ પમાડી શકશે? સમ્યક્ત્વને પામેલાં છોકરાં, પોતાનાં મા-બાપને 'તમે મિથ્યાદૃષ્ટિ છો માટે તમને નમસ્કાર નહિ કરૂં'-એમ કહે ? ઊલટું, એમની તો બહુ સેવા કરવી પડે, પહેલાં જે સેવા ન કરી હોય, તેવી સેવા પણ કરવી પડે. એથી એમને એવી અસર થાય કે-'આ છોકરો જે ધર્મને પામ્યો, તે ધર્મ કેવો સારો છે કે-આનામાં વિનયગુણ વૃદ્ધિ-

ને પામ્યો ! પોતા તરફ અને પોતે જે ધર્મને પામ્યો છે એ તરફ મા-બાપના હૈયામાં સદ્‌ભાવ જાગે, એવી રીતિએ ધર્મને પામેલા છોકરાએ વર્તવું જોઈએ. એ વિના, એમનું દિલ જીત્યા વિના, એમને ધર્મ પમાડી શકાય શી રીતિએ ? મા-બાપને ધર્મ પમાડવો હશે, તો ગાંડાં પણ મા-બાપને ખભે લઈને ફરવું પડશે. ધર્મના નામે જો મા-બાપ આદિની અવગણના કરી, તિરસ્કાર કર્યો, તો એ ધર્મ તો નહિ પામે, પણ એમને ધર્મ તરફ તિરસ્કાર આવી જશે અને એનું પાપ તમને પણ લાગશે. અહીં તો, સ્વાભાવિક નમ્રતાની વાત છે; અને એ ગુણ છે કે નહિ, તેનો કયાસ કાઢવાને માટે આ પ્રશ્ન છે કે-'મા-બાપને રોજ નમસ્કાર કરો છો કે નહિ ? અને એ નમસ્કાર કરતાં, શરમ ઉપજે છે કે નહિ ?' જેને મા-બાપને નમતાં શરમ આવે, તેનાથી બીજું શું બને ? આજે તો, તમે એ રિવાજ પણ લગભગ ગુમાવી બેઠા છો ને ?

સ૦ વર્ષમાં એક દહાડો પગે લાગવાનો રિવાજ હજુ જળવાયો છે.

તે પણ બધાં કરાએ છે કે નહિ ? અને એ રિવાજ પણ કેમ ચાલે છે ?

સ૦ બોણી લેવા માટે.

એટલે, મા-બાપને નમસ્કાર કરવો જોઈએ, રોજ તો તો થતો નથી, પણ આ દહાડે તો જરૂર કરવો, એવું માનીને તો નહિ ને ? કેવળ બોણી માટે નમસ્કાર કરે, તે કેવો કરે ? એમાં, બોણી ઓછી પડે તો ? બોણીમાં બરાબર ન આપ્યું, તો વર્ષ બગાડયું-એમ પણ કહે ને ? એવા નમસ્કારની કાંઇ કિંમત નથી. સ્વાભાવિક નમ્રતા જોઈએ. જેનામાં

સ્વાભાવિક નમ્રતા હોય, એવો કોઈ જો અહીં આવી પહોંચ્યો હોય, સદ્‌ગુરુ એને મળી ગયા હોય, તો એ ઝટ ધર્મને પામી શકે : કેમ કે–એ આવે ત્યારે ઔચિત્ય જાળવ્યા વિના રહે નહિ અને જ્યાં સુધી બેસે ત્યાં સુધી વિનય જાળવીને બેસે. જે કહીએ તેને એ ધ્યાનથી સાંભળે અને વિચારે. એટલે, એને જે વાત કહેવાય, તે જો યોગ્ય રૂપમાં કહેવાઈ હોય અને તેનો ક્ષયોપશમ થયો હોય અગર થાય, તો એ વાત એને ગળે ઝટ ઉતરી જાય. તમે જે કોઇ બીજાઓને નમતા નથી, તે ધર્મને આગે જ નમતા નથી ? કે ઉદ્ધતાઈ છે માટે નમતા નથી ?–એ વિચારી જોજો.

વધુ ઘડાએલો વધુ નમ્ર હોય :

મહાપુરૂષોમાં પણ નમ્રતા ન હોય એમ નહિ, પણ વધારે હોય અને સ્વાભાવિક હોય. એ વિવેકથી વર્તે અને એમના વર્તનમાં કયાંય ઉદ્દંડપણું લાગે નહિ. જે કાળમાં મહાપુરૂષો એવા હતા, તેવા કાળમાં જરૂરી કામો સારી રીતિએ થતાં. જેમ માણસ મોટો, જેમ વધારે ભણેલો ગણેલો, જેમ વધારે હુંશીયાર અને જેમ વધારે આગળ વધેલો બને, તેમ તેનામાં નમ્રતા વધે. એની નમ્રતા, એની મોટાઇ, એની વિદ્વત્તા અને એની હુંશીયારી આદિને દીપ્તિવંત બનાવે. વધુ ઘડાએલો તો વધુ નમ્ર જ હોય ને ? આજે કેવો અનુભવ થાય છે ? જરાક કાંઇક આવ્યું, એટલે એના કરતાં કંઈ ગુણી ઉદ્ધતાઈ વધારે આવે. તમે ધર્મક્રિયા કરનારા બન્યા હો, તો બીજાની ભૂલ થાય ત્યારે તમે તેનો તિરસ્કાર કરો ? કે, તેને તમે પ્રેમથી શીખવો ? સ્વભાવમાં ઉદ્ધતપણું, એ પણ મનુષ્યભવનું આયુષ્ય બાંધવામાં આડે આવનારી વસ્તુ છે. ઉદ્ધત

સ્વભાવનો માણસ તો, કોઈ કોઈ વાર દેવ–ગુરૂ આદિની પણ ભયંકર કોટિની આશાતના કરનારો બની જાય છે; અને જેનામાં સ્વાભાવિક નમ્રતા હોય, તે એવાં પાપોથી સ્વાભાવિક રીતિએ જ બચી જાય છે! એટલું જ નહિ, પણ કોઈ વાર એની નમ્રતા એની ગુણપ્રાપ્તિનું દ્વાર બની જાય છે.

આપણી વાતથી દુશ્મનને પણ છેતરાવાનો ડર રહે નહિ–એ સ્વાભાવિક સરલતા છે :

જેમ સ્વાભાવિક નમ્રતા જોઈએ, તેમ સ્વાભાવિક સરળતા પણ જોઈએ. માયા હોય ત્યાં સરલતા હોય? જેમ માયાનો અભાવ, તેમ સરલતા વધારે. તમે તો, માયા નહિ કરતા હો ને? કદાચ માયા સેવવી પડે, તો ય તમને એ ગમતી વાત તો નહિ ને? તમારો પ્રયાસ તો એવો ને કે–જે બોલવું તે હૈયે હોય તે જ બોલવું? હૈયે હોય તે હોઠે ન આવી જાય, તેની કાળજી, એવું તો નહિ ને? કોઈક વાર કોઈના હિતને માટે વાતને છૂપાવવી પડે–એ બને, પણ હૈયામાં એવી વકતા નહિ, એવી માયા નહિ કે–પોતાનું બધું નરસું અંદર રહ્યા કરે અને જીભે તે જ આવે જે અંદર હોય નહિ? બોલવું કાંઈ ને કરવું કાંઈ, એવી વૃત્તિ તો નહિ ને? તમારી વાણીના આધારે કોઈ તમારૂં હૈયું માપવા માગે, તો તે ઠગાય નહિ ને? તમે જે બોલો, તે ઉપરથી તમે કેવા હૈયાના છો–તેનું જો કોઈ માપ કાઢે, તો તેને ઠગાવાનો ભય નહિ ને? જેની વાણી ઉપરથી આપણે તેના હૈયાનું માપ કાઢીએ તો તેમાં ઠગાઈએ નહિ, એ સ્થિતિ હોય તે સરલતા છે.

સ૦ મૌન રહીએ તો?

મૌન પણ માયાથી રહેવાય, તો તે ખોટું. કોઇનાય હિત માટે વિવેકથી મૌન સેવવું–તે ય સારૂં અને વિવેકથી બોલવું –તે ય સારૂં. એવો અવસર લાગે કે–અહીં બોલવામાં બીજાઓને લાભ નથી, તો મરતાં સુધી મુંગા રહે અને પૂછે ત્યારે પણ હિત ન લાગે તો કહે નહિ, એ વાત જુદી છે; અને પોતાના દોષોને છૂપાવવાને તથા પોતે જેવો સારો ન હોય તેવો સારો પોતે છે–એવું બીજાને મનાવવાને માટે મૌન રહે કે બોલે, તો ય તે સરલતા નથી. આપણે કોઈને કહીએ કે– 'હું આપનો' અને એ એમ માની લે, તો એ ઠગાય તો નહિ ને? જેનાથી એવો માણસ ઠગાય, તેનામાં સ્વાભાવિક સરલતા નથી, એમ કહેવાય. હૈયાને એવું સરલ બનાવવું કે– આપણે જે વાત કહીએ, તેથી સામો માણસ ઠગાય નહિ. દુશ્મનને પણ છેતરાવાનો ડર રહે નહિ અગર દુશ્મન પણ વિશ્વાસ મૂકે તો ઠગાય નહિ, એવું હૈયું જોઇએ. આગળના સમયમાં, વિધવા બાઇઓ કોથળી બાંધીને શેઠને ઘેર મૂકી આવતી. શેઠ પણ કોથળી ઉપર નામ લખીને મૂકી રાખે. જ્યારે જરૂર પડે ત્યારે શેઠ કાઢી આપે અને પેલી લઈ આવે, પણ કોથળી જેવી મૂકી હોય તેવી હોય. ચોપડામાં એની નોંધેય ન હોય, તો પણ કદી વાંધો આવે નહિ. તે કાળમાં, આજના જેટલા ચોપડા નહિ. મોટે ભાગે, સીધા સાદા માણસો. એવા માણસો, ધર્મસામગ્રીને ન પામ્યા હોય અને એથી ધર્મક્રિયા ન કરતા હોય, તો પણ પ્રાયઃ દુર્ગતિમાં ન જાય. હૃદયમાં એવો સ્વાભાવિક નિષ્કપટ–ભાવ હોય એથી! એમાં જો એમને કોઈ સારો યોગ મળી જાય અને ધર્મ મળી જાય, તો ધર્મ કરતાં એ ગાંડા–ઘેલા બની જાય; બહુ ઉત્સાહથી

તેઓ ધર્મક્રિયા કરે અને એમાં ભૂલ થાય તો ય ભૂલ કરવા માટે ભૂલ ન કરે. ધીઢ્ઢાઈ નહિ. આજે આવું બની શકે નહિ ને ? બે ય બાજુ જોખમ. મૂકવા આવનાર શું મૂકવા આવ્યું તે જોયા-જાણ્યા વિના રાખવા માટે ય લેવાય નહિ અને જેને ત્યાં મૂકવું હોય તેની પણ પાવતી લેવી જોઈએ; નહિતર જે ન મૂકયું હોય તે મૂકયું કહે-એ ય જોખમ અને મૂકયું હોય તેની આ ના પાડે-એ ય જોખમ. હૈયાં સરલ ન હોય, ત્યાં જોખમ રહેવાનું. જેનામાં સ્વાભાવિક સરલતા હોય, તેને કપટ કરવાની સમજણ ન જ હોય-એમ નહિ, પણ એને કપટ કરવાનું મન થાય નહિ માનાપમાનને એ સમજે ખરો, પણ કોઈનું માન લેવાને માટે એ કોઈને ઠગવાને ઈચ્છે નહિ અને પોતે યોગ્યને માન આપ્યા વિના રહે નહિ. સ્વાભાવિક નમ્રતા વિના, સ્વાભાવિક સરળતા રહેવી અગર આવવી, એ મુશ્કેલ છે. માન માટે પણ માયા સેવનારાઓ ઘણા હોય છે. જેના સ્વભાવમાં માયા હોય છે, તેને શાન્તિ હોતી નથી. માયાવીને દિ' ને રાત ચિન્તા રહ્યા કરે છે. માન મળે નહિ તો માન મળ્યું નહિ-એની ચિન્તા, માન મેળવવાને માયા સેવે છતાં ફાવે નહિ તો તેની ચિન્તા અને જેણે માન ન આપ્યું તેને કાંઈ ન કરી શકે તો તેની ચિન્તા; એટલે, એ દુર્ધ્યાનમાં સબડે ને એથી દુર્ગતિને પામે, તેમાં નવાઈ છે ? જેનામાં સ્વાભાવિક નમ્રતા અને સ્વાભાવિક સરલતા હોય, તે જ્યારે જુઓ ત્યારે પ્રસન્નમુખ હોય : કારણ કે-જેના હૈયાને સુખ હોય, તેનો ચહેરો બગડવાને કારણ શું છે ? સ્વાભાવિક નમ્રતા અને સ્વાભાવિક સરલતા, જીવને, સ્વાભાવિક રીતિએ જ ઘણાં પાપોથી બચાવી લે છે.

કાપોત અને પિત લેશ્યા :

આપણે છ લેશ્યાઓની વાત કરી આવ્યા છીએ. તેમાંની ત્રણ ખરાબ છે અને ત્રણ સારી છે. ખરાબ ત્રણમાંની બે ન હોય, પણ એક ખરાબમાંની અને એક સારામાંની એટલે કે– કાપોત લેશ્યા અને પીત લેશ્યા, એ પણ મનુષ્યગતિના આયુષ્યના આશ્રવોમાં ગણાય છે. બહુ ખરાબ વિચાર પણ નહિ અને બહુ સારા વિચાર પણ નહિ. પાપ કરવામાં પરિણામોની તીવ્રતા નહિ અને સારાં કામો કરવાની તીવ્ર ઇચ્છા પણ નહિ. ખરાબ કામ કરે તો ય, જે પરિણામ કૃષ્ણાદિ ખરાબ લેશ્યાવાળાને આવે છે તે, પરિણામ એને ન આવે અને સારા પરિણામ અંદર આવ્યા કરે.

ધર્મધ્યાનાનુરાગિતા :

ધર્મધ્યાનાનુરાગિતા, એ પણ મનુષ્યગતિના આયુષ્યનો આશ્રવ કરાવનાર છે. ધર્મધ્યાનના બે પ્રકાર છે. નિરાલંબન ધર્મધ્યાન અને સાલંબન ધર્મધ્યાન. નિરાલંબન ધર્મધ્યાન સાતમે ગુણઠાણે હોય છે, જ્યારે સાલંબન ધર્મધ્યાન ચોથે, પાંચમે અને છટ્ઠે ગુણઠાણે હોય છે. ધર્મક્રિયાઓનો જેને અનુરાગ હોય, તેનામાં ધર્મધ્યાનાનુરાગિતા છે–એમ કહેવાય. ધર્મક્રિયાઓનો અનુરાગ હોય, એટલે ધ્યાન મોટે ભાગે ધર્મક્રિયા તરફ રહે. દુન્યવી ક્રિયાઓ એ કરતો હોય, તો પણ તેને એમાં એટલો રસ ન હોય, કે જેટલો તેને ધર્મક્રિયાઓનો રસ હોય; એટલે, દુન્યવી ક્રિયાઓ કરતાં પણ, એને એમ થયા કરે કે–પેલી ક્રિયા ક્યારે થાય ? તમને તો, ઝટ ધર્મક્રિયા પૂરી કરું અને પેલું કામ કરું, એમ થાય છે ને ?

ત્યારે, વધારે અનુરાગ કયી ક્રિયાનો ? ધર્મક્રિયાનો કે દુન્યવી ક્રિયાનો ? કાંઇ ગણવા વગેરેનો નિયમ લીધો હોય તો તે ગણવા વગેરેનું કરો ખરા, પ્રતિક્રમણાદિનો નિયમ હોય તો પ્રતિક્રમણાદિ કરો ખરા, પણ મોટે ભાગે સ્થિતિ એ કે–મનમાં ઉતાવળ એવી કે–આ ઝટ પૂરૂં થાય તો સારૂં ! શાથી એમ થાય છે ? કદી વિચાર્યું છે ખરૂં કે–'આ ક્રિયાઓ કરતાં મને આ ક્રિયાઓ ઝટ પૂરી કરવાનું મન શાથી થાય છે ?' પેલી ક્રિયાઓનું આકર્ષણ વધારે છે, માટે ને ? જ્યારે જેનામાં આ ગુણ હોય, ધર્મધ્યાનાનુરાગિતા હોય, તેનું વધારે ખેંચાણ ધર્મ તરફ હોય. એ થોડી પણ ધર્મક્રિયા કરે તો ય, જેટલી ધર્મક્રિયા કરે, તેમાં તેનો અનુરાગ ઘણો હોય.

અનુરાગ હોય તો દિનચર્યા જાણે નહિ એ બને ?

કેટલી ક્રિયાઓ ભગવાને શ્રાવકપણામાં કરવાની કહી છે, તે જાણો છો ? તમારામાં ધર્મધ્યાનાનુરાગિતા ગુણ બરાબર પ્રગટ્યો હોત, તો તમારે કરવા લાયક ધર્મકરણીઓને જાણવાનો ઉદ્યમ, તમે કર્યો હોત ને ? અમારી દિનચર્યા જેમ યતિદિનચર્યાદિમાં વર્ણવી છે, તેમ તમારી દિનચર્યા પણ શ્રી શ્રાદ્ધવિધિ, શ્રી શ્રાદ્ધદિનકૃત્ય આદિમાં વર્ણવેલી છે. તમે જો એ મુજબ બરાબર વર્તવા માંડો, તો તમારા લગભગ બાર કલાક ધર્મક્રિયામાં પસાર થાય. છ કલાક ઉંઘવામાં જાય, બે કલાક ખાવા વગેરેમાં જાય અને ચાર કલાક આજિવિકાના સાધનમાં જાય, એટલે બાર કલાક ધર્મક્રિયામાં જ જાય ને ? ચાર કલાક તો, આજિવિકા પૂરતો જેને વહેપાર કરવો હોય, તેને માટે ઘણા છે ને ? નોકરી કરનારા, મજુરી કરનારા વગેરેની

વાત જુદી છે; પણ જેમને સુખનો વેપાર છે, તે જો સંતોષથી જીવવાનો અને સંતોષથી મરવાનો નિર્ણય કરી લે, તો ચાર કલાકની આજિવિકા અંગેની પ્રવૃત્તિથી નીભાવી શકે કે નહિ? તેમાંય જેની પાસે સારૂં સાધન હોય, તે તો આવા ચાર કલાક પણ શું કામ ગુમાવે? અલ્પારંભ અને અલ્પ પરિગ્રહે જીવવાનો નિર્ણય થઈ જાય, તો ઘણા ગુણો આપોઆપ આવી જાય. ધર્મક્રિયા કરનારા સુખી માણસોને પણ શ્રાવકની દિનચર્યાની ખબર ન હોય, તો એનું કારણ શું? એ શું એમ નથી સૂચવતું કે–એમની ધર્મધ્યાનાનુરાગિતાની વાતમાં બહુ માલ જેવું નથી? શ્રી શ્રાદ્ધવિધિ આદિ ગ્રન્થો તો તમે વાંચી શકો તેમ છો. કોઈ દહાડો ગુરૂની પાસે જઈને, શ્રાદ્ધવિધિ આદિ ગ્રંથોને વંચાવવાની વિનંતિ કરી છે? અમારે દિવસમાં અને રાતમાં કેમ કેમ વર્તવું જોઈએ અને શું શું કરવું જોઈએ, એ પ્રમાણે કોઈ દિવસ ગુરૂ પાસે જઈને પૂછયું છે? જે વ્રતધારી બન્યા છે, તેમની પાસે ય દિનચર્યાની નોંધ મળે નહિ ને? તમે જો શ્રાવકની દિનચર્યાને બરાબર જાણી લો, તો જ્યાં સુસાધુઓનું આવાગમન હોય તે સિવાયના ક્ષેત્રમાં ચાલે ત્યાં લગી રહેવું જ નહિ, એમ હૈયે લખાઈ જાય. ડૉકટરનો મોકલ્યો પણ એ ઝટ પંચગીની, માથેરાન કે ડુમસ ન જાય! હવા ખાવાને જવું પડે તેમ હોય, તો ય તે એવાં સ્થાન શોધે, કે જે સ્થાનમાં રહેવાથી પોતાની શ્રાવક તરીકેની દિનચર્યાને ધક્કો લાગે નહિ. એને વિચાર આવે કે–ત્યાં કાંઈક વધારે થયું, તો એ વખતે મુનિરાજનાં દર્શન કયાંથી મળવાનાં? ત્યાં નિર્યામણા કયાંથી થાય? પછી, શરીરનો મોહ જોર કરે અથવા તો બીજો ઉપાય ન હોય તો પંચગીની આદિ ઠેકાણે

ય જાય, પણ તે જો શક્તિસંપન્ન હોય, તો છેવટ શ્રી જિન-દર્શન અને શ્રી જિનપૂજનની વ્યવસ્થા કરવાને ચૂકે નહિ.

શ્રાવકની દિનચર્યા :

રાત્રિ ચાર ઘડી બાકી હોય, ત્યારથી શ્રાવકની દિનચર્યા શરૂ થાય. સૂર્યોદય થવાને ચાર ઘડી બાકી હોય, ત્યાં તો શ્રાવક ઉઠે. જેવો જાગે તેવો જ તેને નવકાર સાંભરે. નવકારને યાદ કરવો પડે નહિ, પણ નવકાર યાદ આવ્યા વિના રહે નહિ. એને એવો અભ્યાસ થઈ ગયો હોય. ઉઠીને જરૂર હોય તો શરીરની શુદ્ધિ કરી લે. તે પછી શુદ્ધ વસ્ત્ર પહેરીને નિયમ અને સમય મુજબ પ્રતિક્રમણાદિ કરે. પ્રતિક્રમણાદિ કરતાં પહેલાં, તે પોતાના ધર્મનિયમો આદિને યાદ કરે. 'હું કોણ છું ?'–વગેરે વિચારે. 'આજે કયી તિથિ છે અથવા તો આજે કયા ભગવાનનું કયું કલ્યાણક છે'–એ વગેરે પણ યાદ કરે. રાત્રે સ્વપ્નાદિક આવેલ હોય તો, પ્રતિક્રમણ કરતો હોય કે પ્રતિક્રમણ ન કરતો હોય, તો ય તેને અંગે કાઉસ્સગ્ગ કરે. નિયમ ધારવાના હોય તે ધારે અને પચ્ચક્ખાણ કરે. પછી, મલમૂત્રાદિનો ત્યાગ કરી, પવિત્ર શરીરવાળો બનીને પૂજા કરવા જાય. શ્રાવકના ઘરમાં મોટે ભાગે શ્રી જિનમંદિર હોય. જેટલા સુખી, તેના ઘરમાં શ્રી જિનમંદિર ખરાં ને ? હમણાં તો, હોય તે ય કાઢી નાખવા માંડ્યાં છે ને ?

સ૦ આશાતનાનો ડર લાગે છે.

પહેલાં, આશાતનાનો ડર નહિ લાગતો હોય ? આશાતનાના ડર કરતાં, એમાં કોઈ બીજી જ વસ્તુ કામ કરી રહી છે. પહેલાં, નાનાં નાનાં ઘરોમાં પણ શ્રી જિનમંદિર

રહેતાં. એનું સ્મરણ આજે પાટણ, સુરત, અમદાવાદમાં જે થોડાંક ગૃહમન્દિરો છે, તે કરાવે છે. કેટલાંક ઘરોની સ્થિતિ નબળી પડી ગયેલી હોય છે, તો ય એ ઘરમાંથી શ્રી જિનની ભક્તિમાં થોડું પણ દૂધ અને દીપકમાં ઘી આદિ વપરાય છે. ગરીબી આવી જવા છતાં ય, જેઓના હૈયામાં શ્રી જિનભક્તિ છે, તેઓ કહે છે કે–અમારા પૂર્વજો આ મંદિર મૂકી ગયા છે, તો ચાર આના જેમ પેટમાં જાય છે, તેમ આ ખાતેય આનો જાય છે. કેટલાક તો કહે છે કે–આટલો બધો અશુભોદય છતાં એટલો જ પુણ્યોદય છે કે–આ મંદિર ઘરમાં છે, તો આ માર્ગે આટલું જાય છે. આવી સ્થિતિમાં અમે આટલું પણ બીજે ખર્ચવા જાત નહિ અને આ છે તો અમે આવક મુજબ જેમ બીજે ખર્ચ ગણીએ છીએ, તેમ આ ખર્ચ પણ ગણી લઈએ છીએ. ઘરમંદિરવાળાં ઘરોમાં, મોટે ભાગે છોકરાં નાસ્તિક ન પાકે. જેના ઘરમાં મંદિર હોય, તે ઘરમંદિરે દર્શન-પૂજન આદિ કરીને પછી શ્રીસંઘના મંદિરે જાય. શરીરે લોહી વગેરે નીકળતું હોય, તો પોતાની સામગ્રીથી બીજાની પાસે પૂજા કરાવે. દેવપૂજા કર્યા પછી, ગુરૂ પાસે જઈને પચ્ચક્ખાણ કરે અને પચ્ચક્ખાણ પાર્યું હોય તો વ્યાખ્યાન સાંભળે. વ્યાખ્યાન ઉઠ્યા બાદ ફરીથી ગુરૂને પથ્યાદિ અંગે પૂછી લે તેમ જ પોતાને ઘરે વહોરવાને પધારવાનું નિમન્ત્રણ કરે. તમે નવકારશી કરો છો, તે નવકારશી કર્યા વિના ચાલે તેમ નથી માટે કરો છો કે ટેવથી કરો છો? અને, ટેવથી કરતા હો, તો એ ટેવ રાખવા જેવી છે કે કાઢી નાખવા જેવી? શ્રી જિનવાણીને સાંભળવાનો યોગ હોય તો સાંભળ્યા વિના ન રહો, એવું બને? પછી મધ્યાહ્નની પૂજા કરીને જમે અને ત્યાર બાદ ધંધાનો

સમય આવે છે. જેને આજિવિકાદિ માટે જરૂર હોય તે ધંધો કરવા જાય તો ય સાંજે બે ઘડી બાકી હોય ત્યાં તો પાણી ચૂકવી શકાય તેમ જમી લે અને સાંજની પૂજા કરે. પછી, ઘરમાં પૌષધશાળામાં પેસે. સુશ્રાવકોના ઘરમાં પૌષધશાળા પણ હોય ને ? મકાનમાં હૉલ તો ઘણા હોય છે; માત્ર બે માટે નહિ; શ્રી જિનમંદિરને માટે નહિ અને પૌષધશાળાને માટે નહિ, એમ જ ને ? બંગલે રહેનારાઓ, જ્યારે આવે ત્યારે ભગવાનને બંગલે પધરાવે અને જાય ત્યારે પાછા જ્યાંના ત્યાં પધરાવી લે, એમ કરી શકે ને ?

સ૦ જગ્યા જોઇએ ને ?

એટલે, આની જરૂર નહિ માનેલી ? ઘરમાં નહાવાની જગ્યા જોઇએ, મુતરવાની જગ્યા જોઈએ, બેસવા ઉઠવાની જગ્યા જોઇએ, સૂવાની જગ્યા જોઇએ, રસોડાની જગ્યા જોઈએ, ખાવાની જગ્યા જોઈએ, સામાન ભરવાની જગ્યા જોઈએ, કિંમતી ચીજો રાખવાની જગ્યા જોઇએ,—એ વગેરે જોઇએ; અને ન જોઈએ માત્ર આ બે, એવું કોણે તમને શીખવ્યું ? આજે પણ સુખી માણસો ધારે તો શ્રાવકજીવનના વિધિને જીવનમાં ઉતારી શકે, પણ એ માટે હૈયાનો અનુરાગ ને ઉત્સાહ જોઇએ. સાંજે આવશ્યક કરી, ગુરૂ હોય તેમની સેવા કરી, તત્ત્વચિન્તા કરે અને ઘરે સ્વજનોને ધર્મકથા સંભળાવે. પછી બધું વોસિરાવીને સૂઇ જાય. આ બધી ધર્મક્રિયાઓ ચાલુ છે ? ત્રણ કાળ શ્રી જિનપૂજન થાય છે ? શ્રી સિદ્ધક્ષેત્રમાં પણ થાય છે ? વાત એ છે કે—ધર્મક્રિયાઓનો તેટલો રસ હજુ પેદા થયો નથી. ધર્મક્રિયાઓનો રસ હોય અને એમાં એકાગ્રતા આવે, તો તે પણ ધર્મધ્યાન છે અને તેનો જોઈએ અનુરાગ. એ અનુરાગ

હૈયે બેઠો હોય, તો દુનિયાનાં કામો કેવાં થાય ? કરવાં પડે માટે થાય, બાકી મનનું ખેંચાણ આ તરફ હોય ! આવાને શી રીતિએ બરાબર ગતિના આયુષ્યનો બંધ પડે ?

પ્રત્યાખ્યાની કષાયો :

કષાયોનું પ્રત્યાખાનીપણું, એ પણ મનુષ્યગતિના આયુષ્યનો એક આશ્રવ છે. પ્રત્યાખ્યાની કષાયોમાં સર્વવિરતિને રોકવાની તાકાત છે, પણ દેશવિરતિપણું આવવામાં એ કષાય બાધક નીવડતા નથી. દેશવિરતિ લેનારને ઇચ્છા તો સર્વવિરતિની જ હોય છે, પણ સર્વવિરતિનો સ્વીકાર કરવા જોગી સ્થિતિ હોતી નથી અને વિરતિ વિના ચેન પડતું નથી, એટલે દેશવિરતિ સ્વીકારે છે ! આવા દેશવિરતિધરને, જેટલી વિરતિ થાય તેટલો તેનો આનંદ હોય અને જેટલી અવિરતિ રહી હોય તેટલું તેનું દુઃખ હોય એમ કહેવાય ને ? તમારામાં જેણે જેણે બાર વ્રતો પૈકી એકાદિ વ્રત સ્વીકાર્યું છે, તે બધા દેશવિરતિ ગણાય. જે દેશવિરતિ હોય, તેને આનંદ શાનો હોય ? જેટલી વિરતિ થઈ, તેનો ને ? અને જે અવિરતિ રહી, તેનું દુઃખ પણ હોય ને ? વિરતિનો આનંદ અને અવિરતિનું દુઃખ, એટલે ઇચ્છા તો સાધુપણાની જ ને ? સાધુપણું નથી લઈ શકાયું–તેનું હૈયે દુઃખ હોય તો તેનો ઉપાય થઈ શકે. તમારી શું મરજી છે ? ઉપરના કષાયો. એટલે કે–અનન્તાનુબંધી કષાયો અને અપ્રત્યાખ્યાની કષાયો કરતાં, આ પ્રત્યાખ્યાની કષાયો પાતળા ખરા, પણ આખર જાત તો કષાયની જ ને ? એટલે, એની જાત સારી નહિ જરા ચૂકયા, તો આ કષાયો એવા કે–ઉપરનાને કદાચ બોલાવી લાવે અગર ઉપરના

કષાયો ઉદયમાં આવે–એવું જોર પોતે કરવા માંડે. પ્રત્યાખ્યાની કષાયોમાં પણ જેટલી મંદતા, તેટલી ઉત્તમતા. પ્રત્યાખ્યાની કષાયવાળાએ પણ, કષાયોથી બહુ સાવધ રહેવું જોઈએ. ધર્મ-ધ્યાનનો જે અનુરાગી હોય, તે કષાયોથી બહુ સાવધ રહે.

ચારિત્રમોહનીય કર્મને તોડવાનો ઉપાય :

ધર્મધ્યાનના અનુરાગિને અવિરતિ ભૂંડી લાગે અને ચારિત્ર રૂડું લાગે, પણ એ બનવાજોગ છે કે–એના કષાય એવા હોય કે ચારિત્રને આવવા દે નહિ અથવા સર્વ ચારિત્રને આવવા દે નહિ; છતાં પણ, એનો પ્રયત્ન કયો હોય ? કેવો પ્રયત્ન કરવાનું એનું દિલ હોય ?

સ૦ વિરતિની ઇચ્છા તો ખરી.

વિરતિની ઇચ્છા હોય, તો પ્રયત્ન કયો હોય ? પેલા એદી છોકરાના દાખલાને યાદ કરો. જ્યારે જ્યારે તમે એને કમાવા જવાનું કહો, ત્યારે ત્યારે એ કહે કે–'કમાવાનું તો મને ય ઘણું મન છે.' અને તેમ કહેવા છતાં ય, એ કમાવા જાય નહિ, તો તમે શું કહો ? તમે, એવા વખતે જ્યારે જ્યારે આવેશમાં આવી જાવ છો, ત્યારે ત્યારે તમે એને શું શું કહી નાખો છો ? 'બેવકૂફ, હવે તો તું વીસ વર્ષનો પાડો થયો. તું મોટો થઈને કમાઈશ, એ આશાએ તો અમે આજ સુધી પૈસાનું પાણી કર્યું છે. ડોબા, હવે આમ બેસી ન રહેવાય.' –આવું આવું તો તમે કેટલું ય કહી નાખો છો ને ? એવો ઠપકો, તમે, તમને પોતાને ધર્મની બાબતમાં આપો ખરા ? જેમ એદી પણ છોકરો, જો જરા લાગી આવે અને મહેનત કરવા માંડે, તો મોટે ભાગે કમાય; તેમ, તમે પણ સર્વવિ-

રતિને પામવાની મહેનત કરો, તો કદાચ સર્વવિરતિ આવી પણ જાય ! જૈન સમાજ, કે જેના દેવ કે ગુરૂમાંથી કોઈ અવિરત નહિ અને જેનો ધર્મ વિરતિનો જ ઉપદેશક, આવા સમાજમાં મોટો ભાગ અવિરતિમાં કેમ મરે છે ? છેલ્લે છેલ્લે ય વિરતિને પામવાને માટે, કેમ તલસતો નથી ? કહો કે–એની ઈચ્છા જ ઘણે ભાગે મરી ગઈ છે. જૈન તરીકે એનો જે અનુરાગ હોવો જોઈએ, તે અનુરાગ જ હજુ પ્રગટ્યો નથી. સંસારની ક્રિયામાં ઉદાસીનભાવ આવે અને ધર્મક્રિયાઓ પ્રત્યે અનુરાગ પ્રગટે, તો એનામાં ચારિત્રમોહનીય કર્મને તોડવાની તાકાત છે; પણ આજે મોટે ભાગે એ બેમાં દેવાળા જેવી હાલત છે. ભગવાનની પૂજા કરવા જાય તો ય એને દૂધ, ફુલ, કેસર વગેરે લઈને જવાની કાળજી કેટલી ? આ તો તૈયાર માલ પર સીધો હાજર થાય અને જેમ ફાવે તેમ ઝટ ઝટ પતાવીને પાછો નીકળે. સામાયિક કરે, તો ય એને ખ્યાલ નહિ કે–'સર્વ કાલની વિરતિ હું નથી કરી શકતો, માટે આ બે ઘડીની વિરતિ કરૂં છું ! આ બે ઘડીની વિરતિ પણ મારી સર્વકાલની વિરતિને ઘસડી લાવનારી બને તો સારૂં !' આજે ઘણો ભાગ ક્રિયા કરતો નથી અને જે ક્રિયા કરે છે, તેમાં ય મોટે ભાગે લક્ષ્ય નથી, પછી ફળ નીપજે શી રીતિએ ? ધર્મધ્યાનનો અનુરાગ પ્રગટ્યા વિના અને સંસારની ક્રિયામાં ઉદાસીનભાન આવ્યા વિના, જીવનમાં તમે રળી શું શકવાના ? અને, મરતાં પણ શું સાધવાના ? તમે જાતે એકલા હો તો ય મરણને સુધારી શકો, એવો અભ્યાસ કરવા માંડ્યો છે ? એવો અભ્યાસ હોય તો ય, ગુરૂનો યોગ મળે તો સારૂં ને ? જરા માંદા પડો કે ઝટ ગુરૂનો યોગ જોઈએ, એમ થાય ને ?

ગુરૂનો યોગ ન હોય, તો એકલા પણ પુણ્યપ્રકાશ સ્તવનાદિને વાંચવા માંડો ને ?

સ૦ એ તો છેલ્લી ઘડીએ.

મોટે ભાગે સંસારની કોઈ ક્રિયા અશક્ય બની જાય, ભાન જેવું લાંબું રહે નહિ, ત્યારે ? તમે કયાં બેઠા છો, તેની તમને ગમ જ નથી ને ? આવી સ્થિતિમાં, ચારિત્રમોહનીય ન તૂટે તો તેમાં તમારો જ દોષ છે, એમ નથી લાગતું ? જેનામાં ધર્મધ્યાનનો અનુરાગ હોય, સંસાર પ્રત્યે ઉદાસીનભાવ હોય, જેટલી વિરતિ પમાઈ તેના આનંદને જે અનુભવતો હોય અને જેટલી વિરતિ ન પમાઇ હોય–તેને પામવાની જેની લાલસા હોય, તે તો દેવલોકે જાય; અને, તમારા સંજોગોમાં તમે સમજો તો તમારે માટે એ બહુ સહેલું છે.

ગમ ખાતાં તો આવડે છે પણ આત્માના હિતનું લક્ષ્ય કયાં છે ?

સંસારમાં પણ કહેવાય છે કે–કષાયો ઉપર કાબૂ, એ સફળતા મેળવવાનો ઉપાય છે. ગ્રાહક ગમે તેમ બોલે, તો ય તેની સાથેના સંબંધમાં લાભ ભાળનાર વેપારી ગુસ્સો કરતો નથી. સંસારના કારણે કષાયો મંદ દેખાડે, તે તો માયાવી ને લોભી છે. કષાયોમાં સ્વાભાવિક મંદતા આવવી જોઈએ અથવા આત્મકલ્યાણના હેતુથી કષાયોને જીતવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ. સંસારમાં માણસો કેવા કારમા પ્રસંગોમાં પણ ગમ ખાય છે ? બીજાને એમ થઈ જાય કે–આવા ક્રોધી માણસે એ વખતે ગમ ખાધી શી રીતિએ ? ત્યાં સમાધાન એ થાય કે–એને ગુસ્સાના પરિણામે જે ભયંકર નુકશાન

થાય તેમ હતું, તે એને દેખાઈ ગયું એથી! બાકી, મનમાં તો ગુસ્સો જ હતો! 'મારૂં ચાલતું હોય તો આને છોડું નહિ, સાફ કરી નાખું!' મન આવું હોય ને ગમ ખાય, એનો પણ લાભ છે ને? તો, 'કષાયો દુર્ગતિમાં લઈ જનાર છે, સંસારમાં રઝળાવનાર છે, માટે મારે કષાયો ઉપર કાબૂ મેળવવો અને દરેક વાત ગળી ખાવી'–એવું સમજપૂર્વક કરે, તો કેટલો લાભ થાય? તમને ગમ ખાતાં આવડતી નથી, એવું નથી; ઘણી વાર ગમ ખાઈ જાવ છો; ગમ ન ખાવ ત્યાં માર ખાવો પડે તેમ હોય, તો ગમ ખાઈ લો; પણ જ્યાં તાકાત ચાલતી હોય ત્યાં? નોકર પાંચ ખૂએ તો ય લાલચોળ થાય અને છોકરો ૫૦૦ ખૂએ તો ય ગમ ખાય; કેમ? નોકર સામો થાય નહિ અને નોકર સામો થાય તો રજા અપાય; જ્યારે છોકરો ગુસ્સે થાય તો સામો થાય, ઝટ જુદા થવાનું કહે, ભાગ માગે, એવી બીક છે! આબરૂ મોટી હોય અને મિલકત મોટી હોય નહિ, પણ છોકરો માને નહિ, તો ચોપડા બહાર કાઢવા પડે ને? એમાં, છોકરો કોર્ટે જાય તો? ચોપડા સરકાર સામે ધરાય તેવા હોય નહિ! એથી, આજ તો કેટલાકોને નોકરોમાં ય ગમ ખાવી પડે છે. સ્વાર્થ માટે ગમ ખાવી, તે જુદી વસ્તુ છે અને આત્માનું અહિત ન થાય–એ માટે ગમ ખાવી, એ જુદી વસ્તુ છે. આત્માના હિતને માટે જો કષાયો ઉપર કાબૂ મેળવવાને મથાય, તો દુર્ગતિથી જરૂર બચી જવાય.

મધ્યમ પરિણામ:

મધ્યમ પરિણામ, એ પણ મનુષ્યગતિના આયુષ્યના

આશ્રવોમાંનો એક આશ્રવ છે. કોઇ પણ ક્રિયામાં, પછી તે ક્રિયા પાપની હોય કે ધર્મની હોય, પણ એમાં ઉત્કટ પરિણામ ન આવે, એ જીવ મધ્યમ પરિણામવાળો કહેવાય. જેના પરિણામો મધ્યમ કોટિના હોય, તે પ્રસંગવશ એકદમ અતિ ઉલ્લાસમાં આવી જાય અને એકદમ કાંઈ કરી બેસે–એવું બને નહિ; મંત્રી પેથડ શાહના હૈયામાં, પોતે બનાવેલું બધું સોનું તીર્થમાં ખર્ચી નાખવાનો જે પરિણામ પ્રગટ્યો, તેવું મધ્યમ પરિણામવાળાને માટે બને નહિ.

મંત્રી પેથડ શાહના પિતા દેદ શેઠે સુવર્ણસિદ્ધિ મેળવી હતી. દેદ શેઠે તે સુવર્ણસિદ્ધિનો ઉપાય પેથડ શાહને બતાવેલો. દેદ શેઠના મૃત્યુ બાદ, પેથડ શાહે એ સુવર્ણસિદ્ધિનો પ્રયોગ કરવા માંડેલો, પણ તેમાં સફળતા મળેલી નહિ.

પેથડ શાહ મંત્રી બન્યા બાદ, તેમણે ફરીથી સુવર્ણસિદ્ધિનો પ્રયોગ કર્યો અને તેમાં તેમને સફલતા મળી. જેટલું સોનું જોઈએ, તેટલા લોઢા ઉપર પ્રયોગ કરવાથી, એ લોઢું સુવર્ણ બની જતું. પેથડ શાહે આબુ ઉપર, લોઢાના ગંજ ખડકાવ્યા અને તેનું સુવર્ણ બનાવ્યું.

લોક માનતા કે–પેથડ શાહ આટલું બધું લોઢું રાજ્યને માટે જરૂરી હથીયારો બનાવવાને માટે એકઠું કરે છે; જ્યારે પેથડ શાહે તો એ લોઢાનું સુવર્ણ બનાવી દીધું. પછી, એ સુવર્ણની પાટોને વેગવાળી ઉંટડીઓ ઉપર લાદીને, પોતાના સ્થાને લઈ જવાનો પેથડ શાહે નિર્ણય કર્યો.

ત્યાંથી રવાના થતાં પહેલાં, શ્રી જિનનું દર્શન કરવાને માટે, તેઓ શ્રી જિનમન્દિરમાં ગયા. શ્રી જિનમન્દિરમાં જઈને ભગવાનનું દર્શન કરતાં, પેથડ શાહને પોતાની સુવર્ણ-

સિદ્ધિને અંગેનો વિચાર આવ્યો એમને એમ થઈ ગયું કે–'મેં આ કેવું ભયંકર પાપ કર્યું? આવું ભયંકર પાપ આચરનાર મને નરકમાં પણ કયાંથી સ્થાન મળે?'

આવો વિચાર આવતાંની સાથે જ, તેમણે નિર્ણય કરી લીધો કે–'આ સુવર્ણ મને ખપે નહિ બધું ય સુવર્ણ તીર્થમાં લગાવી દઈશ.'

આ ઉત્કટ પરિણામ કહેવાય. તમને, કોઈ વાર, આવો ઉત્કટ કોટિનો પરિણામ આવે ખરો? તમારે આપવા પડે અને આપો, તો ય ક્રમે કરીને વધી વધીને આપો ને? પહેલાં પાંચ, પછી વળી દશ, પંદર એમ વધો ને? મન થઈ ગયું ને એકદમ મોટી રકમ આપી દીધી–એવું બને ખરું? પેલા તો, તરત દાન ને મહા પુણ્ય જેવું કરે. ઉલ્લાસમાં ને ઉલ્લાસમાં દેવાય, તેમાં મહા પુણ્ય જરૂર બંધાય અરે, જે વખતે બોલ્યા અને તરત દઈ દીધું–એમાં અને બોલેલું પછીથી આપો–તેમાં પણ, પરિણામમાં બહુ ભેદ પડે છે. લખાવતી વખતે જે પરિણામ હોય, તે આપતી વખતે ન ટકે, એવું પણ બને પાછળથી આપતી વખતે, કદાચ એમ પણ થઈ જાય કે–'વધારે પડતા લખાવી દીધા!' તમે ટીપમાં જે પૈસા લખાવો, તે પૈસા તે જ દહાડે આપી દો ને? વળી, ટીપમાં પણ કોઈના પુણ્ય નિમિત્તે કાઢેલા પૈસા લખાવો–એવું પણ બને ને? ખરી રીતિએ તો, લખાવેલા પૈસા મોડા અપાય નહિ અને મોડા આપ્યા હોય તો વ્યાજ આપવું પડે. તેમ જ, કોઈના પુણ્ય નિમિત્તે કાઢેલા પૈસા હોય, તો જેના પુણ્ય નિમિત્તે તે કાઢેલા હોય, તેનું નામ દઈને તે લખાવવા ને આપવા જોઈએ.

સંવિભાગવિધાયિત્વ :

સંવિભાગવિધાયિત્વ, એ પણ મનુષ્યગતિના આયુષ્યના આશ્રવો પૈકીનો એક આશ્રવ છે. આ ગુણ, દાનરૂચિનો સૂચક ગુણ છે. જેનામાં આ ગુણ નથી હોતો, તે દેવપૂજા અને ગુરૂભક્તિ આદિ પણ સારી રીતિએ કરી શકતો નથી; અને જેનામાં આ ગુણ હોય છે, તે દેવપૂજા અને ગુરૂભક્તિ આદિ પોતાની સમજ મુજબ, શક્તિ મુજબ, પણ ઉમદા પ્રકારે કરી શકે છે. આથી જ, પરમ ઉપકારી, સુવિહિતશિરોમણિ, આચાર્યભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ જે વીસ વિંશિકાઓ રચી છે, તેમાં દાનવિંશિકાને પહેલી મૂકી છે અને પૂજાવિંશિકાને પછી મૂકી છે. અહીં પણ, દેવપૂજન તથા ગુરૂપૂજન પહેલાં, આ સંવિભાગવિધાયિત્વ ગુણ મૂકયો છે. પહેલાં દાનની વાત અને પછી દેવ–ગુરૂના પૂજનની વાત, એમ કેમ ? ધર્મની પ્રાપ્તિ, ધર્મની આરાધના અને ધર્મની પ્રભાવનામાં દાનગુણ ઘણો સહાયક નીવડે છે. પોતાનું પણ પોતે જ ભોગવવું અને તે પણ કોઈના ઉપયોગમાં આવે નહિ તેમ ભોગવવું, તે જેને પસંદ ન હોય, તેનામાં આ ગુણ આવે. આપણે મેળવેલું, આપણા હક્કનું. આપણી માલિકીનું જે કાંઈ હોય, તે સંવિભાગ કર્યા વિના આપણને ભોગવવાનો હક્ક છે–આવું જે ન માને, તેનામાં આ ગુણ આવે. પહેલાં, ઘરમાં જે કાંઈ રસોઇ આદિ કરી હોય, તે બધું નૈવેદ્યમાં મૂકાતું. ભોજનવેળાએ સુપાત્રની શોધ થતી. જમવા બેસતાં પહેલાં ઘર બહાર નીકળીને દિશાવલોકન કરે કે–કોઈ સુપાત્ર આવે છે! આવી વૃત્તિવાળો, જે દેવપૂજા ને ગુરૂપૂજા

કરે, તે બહુ પ્રેમથી કરે. બાકીના શું કરે, તેનો તો આપણને અનુભવ છે ને ? પહેલાં તો રિવાજ કે-દેવ, ગુરૂ, સાધર્મિક, દીન-અનાથ આદિમાં આપણું અમુક તો વપરાવું જ જોઇએ. આજે તો, દેવપૂજામાં પણ પોતાની સામગ્રી વાપરવી જોઈએ, એ વિધિ ય ભૂલાતો જાય છે.

લોહી વધે તેમ ખાઈ શકે :

આપણું તે આપણું જ-એ બહુ ક્ષુદ્ર વૃત્તિ છે. પહેલાં, મુસાફરીમાં માણસ ખુણે શોધીને ખાતો નહિ. એ પોતાનો ભાથાનો ડબ્બો ખોલીને ખાવાને બેસે, તે એકલો ન ખાય એવી રીતિએ મૂકે કે-આજુબાજુના સૌ તેમાંથી ખાઈ શકે. પોતે ખાવાનું શરૂ કરતાં પહેલાં, આજુબાજુનાને આમંત્રણ કર્યા વિના રહે નહિ. બીજા પણ એવા હોય કે-જેમની પાસે જે ખાવાનું હોય, તે કાઢ્યા વિના રહે નહિ. સૌ પોતપોતાનો ભાથાનો ડબ્બો ઠાલવે. પોતાનું લાવેલું પોતે ખાત, તો બે-ચાર ચીજ ખાત અને આમ કરનાર સંખ્યાબંધ ચીજો ખાય, કેમ કે-બધાની ચીજો ભેગી થાય. તમે મુસાફરીમાં ખાતા હશો, તે આવી રીતિએ ખાતા હશો ને ? આજુબાજુ બેઠેલાને આપ્યા વગર, ગૃહસ્થથી ખવાય ખરૂં ? જેનામાં સંવિભાગવિધાયિત્વ હોય, તે સર્વત્ર પોતે ઘસાય અને પોતે ઘસાય તેમાં લાભ માને. બીજો ઘસાય છે કે નહિ, તેની ચિન્તા તેને ન હોય. પોતે ડબ્બો ઉઘાડે, ત્યારે બીજાઓ ઉઘાડશે કે નહિ-તેની તેને ચિન્તા ન હોય. આનું તો મન જ એવું કે-બધા મારૂં ખાય તો સારૂં. બીજા પોતાના ડબ્બા ઉઘાડે-એવી વૃત્તિ હોય, તો કદાચ કોઇ પોતાનો ડબ્બો ઉઘાડે નહિ, તો દુર્ભાવ આવી

જાય ને? આજુબાજુનાને સંતોષીને ખાય, તે લોહી વધે તેમ આઈ શકે. એના ખાણા ઉપર સૌની મીઠી નજર હોય. છૂપાવીને ખાતો હોય, તો શું થાય? ખોરાક ઉપર પણ નજરની અસર થાય છે. આર્ય દેશમાં તો, આ ગુણ સ્વાભાવિક હતો. શ્રી નયસારના વૃત્તાન્તમાં લખ્યું છે કે–તેવા પ્રકારના સાધુ-સંગનો વિરહ હોવા છતાં પણ, તેમનામાં અનેક ગુણો હતા; અને તેમાં આ ગુણ પણ સૂચવાયો છે અતિથિને જમાડ્યા વિના જમવું નહિ–એવું એમના જીવનમાં જાણે નિયમ રૂપ હતું; નહિ તો, જંગલમાં ખરે બપોરે ભોજનનો થાળ હાજર છે–એ વખતે, એ અતિથિને જોવાને માટે ઉભા થાત નહિ અને દિશાવલોકન કરત નહિ.

મીઠા વિનાનું ભોજન :

આ ગુણ જેનામાં હોય, તેને દેવ-ગુરૂની પૂજા કરવાનું મન થતાં, પોતાની સામગ્રીથી જ દેવ-ગુરૂની પૂજા કરવાનું મન થાય. દેવ-ગુરૂની પૂજામાં, પોતાની શક્તિથી ઓછી સામગ્રી રાખવી, એને ગમે નહિ. દેવ-ગુરૂની પૂજામાં સારી સારી સામગ્રી મેળવવાનું મન થાય. પોતે જે જે સારી સામગ્રીને મેળવી શકે તેમ હોય, તે સામગ્રી પોતે મેળવી લે; પછી, એમ સાંભળે કે–કલકત્તામાં અમુક ચીજ સારી મળે છે અને તે મંગાવવી શકય હોય તો તે પણ મંગાવી લે; આટલાથી ય મનને સંતોષ ન થાય, ત્યારે હાથમાં ફુલ લઈને વિચારે કે–આ નંદનવનનું ફુલ છે. એમ નંદનવનના ફુલની કલ્પના કરીને, પ્રભુને ચઢાવે. આવો વિચાર કરનારને, સારા ધ્યાનમાં લીન બનવાનો સંભવ ખરો ને? એમાં, ધ્યાને ચઢી જાય

તો કદાચ કેવલજ્ઞાન પણ પ્રગટાવી શકે ને ? માનસિક પૂજાની મહત્તા આથી જ છે. પણ, મૂળમાં સંવિભાગવિધાયિપણું જ ન હોય, ત્યાં શું થાય ? જેમ મીઠા વિનાનું ભોજન ફીક્કું લાગે, તેમ સંવિભાગ કરવાની ભોગવાઈ કરવા જેવું જેનું હૈયું નથી, તેની સારી પણ ક્રિયા, ફીક્કી બની જાય. તમે જમવા બેઠા હો અને પાસે કોઈ બહારનો જમનાર ન હોય, તો એ જમવું ફીક્કું લાગે ખરું ? માટે જ, દાનવિંશિકામાં દાનની મહત્તા ગાઈ અને એ દ્વારા સૂચવ્યું કે જેનામાં આ ગુણ હોય, તે દેવપૂજા સારી રીતિએ કરી શકે. દાનવિંશિકા પછી દેવપૂજા-વિંશિકા લખી, તે એ જ સૂચવે છે ને ?

બેડુતમાં ય સંવિભાગની ભાવના હતી :

તમે જે કાંઈ મેળવ્યું છે, તેમાં બીજાનો પણ ભાગ છે– એ તમને કબૂલ છે ? તમને મળ્યું તેમાંથી તમે જ્યાં સુધી બીજાને ન આપો, ત્યાં સુધી તમને તે ભોગવવું ગમે નહિ, એવું તમારા સ્વભાવમાં છે ખરું ? દુર્ગતિથી બચવાને માટે આ ગુણ પણ બહુ જરૂરી છે. બેતીને નુકશાન કરે છે–એમ કહીને, વાંદરાંઓને મારવા માંડ્યાં; ત્યારે કેટલાક બેડૂતો પણ કહેતા કે–'આમાં પાકે તે બધું કાંઈ અમારા જ નસીબનું નથી.' પહેલાં અજ્ઞાન બેડૂતો પણ પશુ–પંખી આદિ પ્રત્યે ઉદાર રહેતા. બેતરની રખેવાળી કરતા, તો ય કહેતા કે–આ તો બધું બેતર બરાબ ન કરી નાબે એ માટે ઉભા રહીએ છીએ અને બીવડાવીએ છીએ, બાકી પશુ–પંખી તો બાય ! બેડૂત જ્યારે લણીને પાકને ભેગો કરતો, ત્યારે પણ બધું જ અનાજ ઘરે લઈ જતો નહિ. બેતરમાં ને બેતરમાંથી જ તે બ્રાહ્મણાદિને

બોલાવીને આપે. કોઈ ભિક્ષુકાદિ આવી જાય, તો તેને ય આપે. બધાને ઓછે ઓછે આપે ને વધે તે પોતે લઈ જાય. એના ઓભા ય કેવા ? તમે પ્રભાવના આપો છો એવા નહિ. એના ઓભા વેરાતા હોય. નીચે એટલું વેરાય કે–વચ્ચે પશુઓને અને પંખિઓને પણ મળી જાય. આજે કહે છે કે–પંખિની શી ચિન્તા ? પણ તમે પંખિની ચિન્તા નહિ કરો, તો કુદરત તમારી ચિન્તા નહિ કરે. આમ પશુ–પંખિની હિંસાદિ કરીને અનાજ બચાવવા માંડે છે, તો આમ આસામમાં સાફ થઈ ગયું ને ? બીજા કેટલાય પ્રદેશોમાં વરસાદ વગેરેથી, નદીઓમાં પૂર આવવાથી અને આસામમાં ધરતીકંપ થવાથી, હજારો એકર જમીનમાંથી ઉભા પાક સાફ થઈ ગયા ને ? પહેલાં તો, મુસલમાનોમાં પણ કહેવાતું કે–'માણસ ચોરે મુઠે, તો અલ્લા ચોરે ઉંટે !' આ દેશમાં તો કોળી વગેરેમાં પણ એ માન્યતા હતી કે–'અમારા વાવેલામાં ઘણાનો ભાગ છે. કોણ જાણે કોના નસીબનું પાકતું હશે !' તેમ, તમારે પણ સમજવું જોઈએ કે–તમે જે મેળવ્યું અને તમે જે મેળવો છો, તે તમારૂં જ નથી અથવા તો તમારે માટે જ નથી, પણ એમાં ઘણાના ભાગ છે.

પૂજા માટે નવાં વસ્ત્ર વાપરતા અને જવલા ઘડાવતા :

સંવિભાગની વૃત્તિની આ વાત છે. આ વૃત્તિ જેના હૈયામાં હોય, તેને સામગ્રી મળી જાય તો, શ્રી વીતરાગ ગમવા એ સહેલું અને એને શ્રી વીતરાગ ગમી જાય, પછી એ શ્રી વીતરાગની પૂજા કરવાને જાય, તે કેવી રીતિએ જાય ? શ્રી કુમારપાલ રાજાનાં પૂજા કરવાને માટેનાં વસ્ત્રો, એક વાર

બાહડ મંત્રીના નાના ભાઈ ચાહડે વાપર્યાં, એટલે શ્રી કુમારપાલે એ વસ્ત્રો પૂજા માટે નહિ પહેરતાં, ચાહડને નવાં વસ્ત્રો લાવવાનું કહ્યું. ચાહડે કહ્યું કે-આ વસ્ત્રો બંબેરા નામની નગરીથી આવે છે અને ત્યાંનો રાજા જે વસ્ત્રો મોકલે છે, તે એક વાર પોતે વાપરીને પછી જ અહીં મોકલે છે. તરત જ શ્રી કુમારપાલે, પૂજા માટેનાં વસ્ત્રો બીજા કોઈએ પણ વાપર્યા વિનાનાં મળે–એવી વ્યવસ્થા કરવાની આજ્ઞા કરી. એ માટે, શ્રી કુમારપાલે ઘણું દ્રવ્ય ખર્ચાવ્યું હતું. કેમ એમ? શક્તિ અનુસાર ભાવના જાગ્યા વિના રહે નહિ. મહારાજા શ્રી શ્રેણિક રોજ જવલા ઘડાવતા. આવા આવા દાખલાઓ મોજૂદ છે ને? આ તમે સાંભળેલું ખરું કે નહિ? સાંભળેલું, છતાં તમારી પૂજા માટેની સામગ્રી તમારી શક્તિના અનુસારે ખરી? આપણે ત્યાં પશ્ચાનુપૂર્વી ક્રમે પણ વિવેચન આવે, પૂર્વાનુપૂર્વી ક્રમે પણ વિવેચન આવે અને અનાનુપૂર્વી ક્રમે પણ વિવેચન આવે. અહીં, દેવપૂજાની વાત પછીથી મૂકી અને સંવિભાગની વાતને આગળ મૂકી, તેમાં જે હેતુ છે, તે હેતુ સમજવા જેવો છે. પોતાનું છોડવાની અને તેનો સદુપયોગ કરવાની જે વૃત્તિ, તેના વિના પૂજા કરે, તો ય પૂજામાં કશો ભલીવાર આવે નહિ. સામાન્ય સ્થિતિનો પણ ઉદાર હૃદયનો જે રીતિએ દેવપૂજાદિ કરી શકે, તે રીતિએ તો, કૃપણ એવો શ્રીમન્ત પણ દેવપૂજાદિ કરી શકે નહિ.

આર્ય દેશના રિવાજોમાં ય ગુણ :

પહેલાં રિવાજ હતો કે–જમવા બેસે ત્યારે રોટલાની પોપડી અહાર મૂકે. એમ કે–આટલું ય કાઢ્યા વિના અવાય નહિ. કેટલાકો

વળી બધી ય ચીજો થોડી થોડી બહાર કાઢતા. એ રિવાજમાં સૂચન છે કે આપણી ચીજ થોડી પણ બીજાને આપ્યા વિના ખાવી નહિ. પહેલાં, બહુ સામાન્ય સ્થિતિવાળાને ત્યાંથી પણ કુતરાં બિખારી વગેરે ખાલી જતા નહિ. દરેકને ત્યાંથી કાંઈક ને કાંઈક કુતરાં, બિખારી વગેરેને માટે નીકળે. આ ગુણવાળાને વાત વાતમાં ખ્યાલ આવે કે–આ બધું મારૂં જ છે એમ નથી. મોટા પોતાને ઘેર બોલાવીને બીજાને જમાડે અને નાનો વાડકી મોકલાવે. ઘરમાં કોઇ ખાવાની નવી ચીજ આવી અગર બનાવી હોય, એટલે આજુબાજુનાને મોકલવાનો રિવાજ. આર્ય દેશના કેટલાક રિવાજોમાં પણ બહુ ગુણ હતો. માંદાને જોવા જવાનો રિવાજ શા માટે હતો ? એને અને એનાં સંબંધિઓને એકલવાયાપણું લાગે નહિ. થાય કે–આપણા દુઃખમાં ભાગ લેનારા ઘણા છે અને એથી આશ્વાસન મળે. જે જાય તે માંદાની અને મા'દાના કુટુંબની સમાધિની કાળજી કરે. 'માંદગીની સાથે સાધનની ઉણપની રીબામણી તો નથી ને ?'–એમ જોઇ લે. એવું કાંઈ દેખાય, તો આડા હાથે જરૂર પૂરતા જાય. આજે તો માંદાને જોવા જાય, તે પ્રાયઃ સામાને રડાવ્યા વિના આવે નહિ. ગમે તે એકાદ–બે નવા ડૉકટરનું નામ દીધા વિના રહે નહિ. દર્દિને પણ પ્રાયઃ એમ જ કહે કે–પહેલાં કરતાં ચહેરો બહુ બગડ્યો છે, એટલે એનામાં માનસિક દર્દ પેદા કરે. આમ વાતો ઘણી કરે, પણ મદદ કેટલી કરે ?

સ૦ આવેલાને ચહા પાવી પડે.

અથવા તો, દર્દિની ચાકરી કરનારાઓને આવેલાની તકેદારી તો રાખવી જ પડે ને ? આવેલો આવેય હાથ હલાવતો અને જાય તે ય હાથ હલાવતો. એટલે, આજે માંદાને જોવા

જનારાઓ, મોટે ભાગે ઉપાધિ રૂપ થઈ પડે છે. સારા માટેનો રિવાજ પણ, આજે તો પ્રાયઃ ખરાબ માટે થઈ ગયો છે.

દેવ-ગુરૂનું પૂજન :

સંવિભાગવિધાયિત્વ પછી, દેવપૂજન અને ગુરૂજનપૂજન. જે માનવ દેવનો પૂજક હોય, ગુરૂનો પૂજક હોય, તે પ્રાયઃ સારી ગતિમાં જવાની યોગ્યતાવાળો હોય, એમ કહી શકાય. કેટલાક માણસો એવા હોય છે કે-દેવ અને ગુરૂના સ્વરૂપના વિષયમાં એમને કશી ખાસ સમજણ જેવું હોય નહિ, પણ પોતાના કુલક્રમથી જે દેવ અને જે ગુરૂ મળ્યા હોય, તેમની પૂજા-સેવા કર્યા વિના જે રહે નહિ. દેવ-ગુરૂની પૂજા-સેવામાં આપણું જે વપરાયું તે ખરૂં, બાકી સાથે શું બાંધી જવાનું છે ?-આવી વૃત્તિ કેટલાકોમાં હોય છે. કેટલાકો એવા પણ હોય છે કે-જે દેવનો અને જે ગુરૂનો યોગ થઈ જાય, તે સર્વ દેવ-ગુરૂનું દર્શનાદિ કરે. ઉંડે ઉંડે એમ કે-સેવવા લાયક તો આ છે, એટલે જ્યારે તક મળે ત્યારે દેવ-ગુરૂની સેવામાં એ પોતાની ચીજનો પ્રેમથી ઉપયોગ કરે. આવા માણસો પણ, મનુષ્યગતિના આયુષ્યને ઉપાર્જનારા બને. તમે તો, એથી ઘણા આગળ વધેલા કહેવાઓ ને ? દેવની ભક્તિમાં, ગુરૂની ભક્તિમાં, સાધર્મિકની ભક્તિમાં, ધર્મનાં કાર્યોમાં અને અનુકંપાદિકમાં જેટલું ખર્ચ્યું તેટલું લાભમાં અને બાકીનું બધું નુકશાનમાં, આવી જ તમારી માન્યતા છે ને ? તમે તો દેવાદિની ભક્તિ જેમ ઉચ્ચ પ્રકારે કરો, તેમ ઉચ્ચ આશયથી જ દેવાદિની ભક્તિ કરો ને ? દેવ-ગુરૂની ભક્તિ વિના, જૈનને તો ચેન જ પડે નહિ.

પૂર્વાલાપ અને પ્રિયાલાપ:

હવે કહે છે કે–પૂર્વાલાપ અને પ્રિયાલાપ, એ પણ મનુષ્યગતિના આશ્રવો છે. પૂર્વાલાપ એટલે બીજો આપણને બોલાવે તે પહેલાં જ આપણે એને બોલાવીએ. સામાન્ય રીતિએ સ્નેહી અગર જાણીતો માણસ સામે આવતો હોય અથવા અજાણ્યો માણસ પણ પોતાને ત્યાં આવ્યો હોય, તો એ બોલાવે તે પહેલાં આપણે તેને બોલાવીએ, એ પૂર્વાલાપ કહેવાય. મોટો માણસ જ, નાના માણસને પહેલો બોલાવે ને? મોટો માણસ નાના માણસને પ્રેમથી પહેલો બોલાવે, એમાં નાના માણસનું હૈયું કેટલું ઠરે છે, એ જાણો છો? તમે બોલાવો, એમાં એને લોહી ચઢે; કેમ કે–મોટાએ મને બોલાવ્યો એ પણ એનું એક સુખ છે. તમારે ત્યાં તો, પહેલો બોલે તે નાનો ગણાય ને? પણ અહીં કહે છે કે–પહેલો બોલે તે સદ્ગતિ પામે, તેવો સારો હોય છે. કોઈ પણ મળી જાય અને પૂછાય કે–'કેમ છો?' તો એ કાંઈ ખોટું નથી. એમાં તો મોટાની શોભા છે. પોતે પહેલો બોલાવે–એટલું જ નહિ, પણ જે કાંઈ બોલે તે પ્રિય બોલે. આ બે ગુણોમાં, હૈયાની સાકર બહાર આવે છે. જેના હૈયામાં મીઠાશ હોય નહિ, તે પહેલો બોલી શકે નહિ અને જ્યારે બોલે ત્યારે પણ એવું બોલે કે–આ બોલ્યો તેને બદલે ન બોલ્યો હોત તો સારું થાત, એમ સાંભળનારને લાગે. જેમ કે–કોઈ ને પહેલો બોલાવે, પણ–'અલ્યા, કયાં રખડે છે?'–એવું પૂછે, તે શું કહેવાય? કેટલાકો એવા કે–પોતે બોલાવે નહિ અને સામો બોલાવે ત્યારે ય કર્કશ વચનો બોલે. કેટલાકોના મોંઢામાં શબ્દો જ કડવા

હોય છે. પહેલાં પોતે બોલે અને પોતે જે કાંઈ બોલે તે પ્રિય બોલે, એમાં કાંઈ નુકશાન ખરૂં ? પ્રિય બોલવું, એટલે માયાથી મીઠું બોલવું–એમેય નહિ અને નુકશાનની દરકાર કર્યા વિના મીઠું બોલવું–એમેય નહિ. જે કહેવું હોય, તે મીઠાશથી કહેવાનો સ્વભાવ. સારી ગતિમાં જવાવાળા જીવોમાં, આ પૂર્વાલાપ અને પ્રિયાલાપ સ્વાભાવિક રીતિએ હોય છે. આજે કેટલાક સારા ગણાતા માણસો પણ કહે છે કે–કોઈ દુઃખી આપણી પાસે આવે તો આશ્વાસન આપવું; જ્યારે, પહેલાં એવું હતું કે–કોઈને દુઃખી જાણ્યો, તો એને આશ્વાસન આપવાને માટે આપણે જવું ! થોડા વખત પહેલાં, અમદાવાદમાં એક સુખી ગૃહસ્થ હતા. એ ગૃહસ્થે કેટલીય પેઢીઓને ડૂબતાં બચાવી લીધેલી. જે કોઈ પેઢી ડૂબતી સંભળાય, તેની પોતે તપાસ કરવા જાય. પેઢીના ધણીને ખાનગીમાં મળે અને કહે કે–મુંઝાય છે શાનો ? કેટલા ખૂટે છે ? પછી પેલો વિગત કહે, એટલે આ રસ્તો કાઢી આપે. આવો શેઠ સામે જઈને પૂછે અને મીઠાશથી વાત કરીને મદદ કરે, તો પેઢીવાળા અને બીજાઓ, એનું કેટલું માન જાળવે ? મોટો માણસ પહેલો બોલાવે, એમાં નાના માણસનું હૈયું પહોળું થાય; અને એમાં શેઠ જો સામાના ચહેરા ઉપર ખિન્નતા જુએ, તો પૂછે કે–‘કેમ આમ દેખાય છે ?’ તો ગરીબને તો ભગવાનનો માણસ મળ્યો. એમ લાગે. એ પોતાનું દુઃખ કહે અને આ આશ્વાસન આપે. શકય હોય તો એને ત્યાં ને ત્યાં હસતો કરી દે. મોંઢાની સાકર બહુ કામ કરે છે, પણ હૈયામાં મીઠાશ હોય તો મોંઢાની સાકર કામની. સુખી પણ માણસ, કોરી ડાહી ડાહી વાતો કરે–તે ન ચાલે. આગળના શેઠીયાઓ એવા

હતા કે–આખું ગામ એમને માન આપે. કેમ ? મોંઢામાં પણ મીઠાશ અને હૈયામાં પણ મીઠાશ ! એવા સારા માણસો સન્માનાય, તેમાં પણ લાભ. ગામમાં બદ્દી પેસતી એ સહેલાઈથી અટકાવી શકે. પહેલાંના કેટલાક શેઠીયાઓ આજુબાજુનાં પચાસ ગામોમાં ધાર્યું કરાવી શકતા, કેમ કે–એમનામાં પૂર્વાલાપ, પ્રિયાલાપ અને સાથે સંવિભાગવિધાયિત્વ ગુણો હતા. જ્યારે નીકળે ત્યારે ગામે ગામ કાંઈક ને કાંઈક એવું કરતા આવે કે–એ શેઠ કયારે પધારશે, તેની ગામ રાહ જુએ.

સુખપ્રજ્ઞાપનીયતા :

સુખપ્રજ્ઞાપનીયતા, એ પણ મનુષ્યગતિના આયુષ્યના આશ્રવોમાં ગણાય છે. જેની ગેરસમજને સહેલાઈથી દૂર કરી શકાય, એ સુખપ્રજ્ઞાપનીય છે–એમ કહેવાય. કોઈ વાર માણસ ગેરસમજમાં હોય, પણ જો કોઇ તેને સમજાવવાને ઈચ્છે, તો જેને સમજાવવામાં તેનો કોઈ દુર્ગુણ આડે આવે નહિ. એ સુખપ્રજ્ઞાપનીય કહેવાય પોતાની જે માન્યતા હોય, તેથી વિરૂદ્ધની વાત કોઇ કહે, તો તે વિરૂદ્ધની વાત પણ, પોતાની માન્યતાની આડે આવે છે એટલા માટે જ નહિ સાંભળવી કે નહિ વિચારવી–એવું એને હોય નહિ. સારી વાત કોઈની પણ માનવી, આવી એનામાં વૃત્તિ હોય; એટલે, એને કોઈ ભૂલ સમજાવે, તો પણ તે વાત ઝટ એને ગળે ઉતરી જાય. 'તમારૂં કહેવું ખરૂં છે'–એમ બોલે, છતાં પણ પોતે એ વાતને માનવામાં 'ઉં હું'–કરે એવા કેટલા હોય છે ? 'પંચ કહે તે પરમેશ્વર, પણ મારી ખીલી ખસે નહિ.'– એવા સ્વભાવના માણસો પણ હોય છે ને ? જે સુખપ્રજ્ઞાપનીય હોય, તે એવા ન હોય. એને

સમજાવતાં ઝાઝું કષ્ટ ન પડે, કેમ કે–એ જે કાંઈ પણ માનતો કે કરતો હોય, તેમાં તેને એવો આગ્રહ ન હોય કે–હું આ માનું છું અગર તો હું આ કરું છું, માટે આ સાચું છે! એને કોઈ પણ વાત સમજાઈ જાય, એટલે એને પોતાની પહેલાંની ગેરસમજણનો આગ્રહ ન રહે. બીજાની વાત કદાચ ન સમજાય, પણ એ વાત સમજવા જેવી છે–એમ પણ જો લાગે, તો એ એને સમજવાનો પ્રયત્ન કરે. વાતને એ એવી રીતિએ સાંભળે અને સમજવાનો પ્રયત્ન કરે કે–સમજાવનારને એ વાત એને સમજાવવાનો પ્રયત્ન કરવાનું, વધુ ને વધુ મન થાય! એમ થાય કે–આને આ વાત મહેનત કરીને પણ સમજાવું! જ્યારે કેટલાકની જોડે વાત કરતાં, સમજુ માણસને એમ થાય કે–આની સાથે માથાકૂટ નકામી કરી! કેમ કે–એને પોતાની વાતનો, એ વાત પોતે માનેલી છે–એટલા પૂરતો જ આગ્રહ હોય! પોતે માનેલું પણ ખોટું લાગે તો તે મૂકી દેવું અને દુશ્મનનું પણ સાચું લાગે તો તે સ્વીકારી લેવું, એવી વૃત્તિ, એ બહુ ઉંચો ગુણ છે.

સ૦ શાસ્ત્રની વાતનો આગ્રહ ન હોય?

શાસ્ત્રની વાતનો આગ્રહ પણ કેવો હોય? શાસ્ત્રને સમજ્યા વિના, શાસ્ત્રને નામે આગ્રહ કરે કે શાસ્ત્રને સમજીને શાસ્ત્રને નામે આગ્રહ કરે? આમ કહે કે–'શાસ્ત્રની વાતનો મને આગ્રહ છે' અને કોઈ એને 'શાસ્ત્રની વાત આમ નથી'–એવું કહે. તો એની વાતને એ સાંભળે કે વિચારે પણ નહિ? સાંભળે સૌનું, વિચારે બધું અને કરે શાસ્ત્રની આજ્ઞા મુજબ –એ બરાબર છે; પણ શાસ્ત્રને નામે પોતે ખોટું માની લીધું હોય અને સામો શાસ્ત્રની જ વાતોથી ખોટાને ખોટું કહેતો

હોય, તો ય તેનું ન સાંભળવું, એ શાસ્ત્રની વાતનો આગ્રહ નથી, પણ ખરી રીતિએ તો એ પોતાની વાતનો જ આગ્રહ છે. પોતે શાસ્ત્રને સમજતો ન હોય અને શાસ્ત્રને સમજી શકવા જેટલી પોતામાં બુદ્ધિ પણ ન હોય, તો એ શાસ્ત્રના જ્ઞાતાના આશ્રયે રહે–એ વસ્તુ જુદી છે; બાકી, માણસે સારી અને સાચી વાતને સમજવાને માટે, સદા તૈયાર રહેવાની વૃત્તિને તો અવશ્ય કેળવવી જોઈએ.

દુન્યવી વ્યવહારમાં મધ્યસ્થભાવ :

મનુષ્યગતિના આયુષ્યના આશ્રવોમાં, છેલ્લો અશ્રવ છે– લોકયાત્રાસુ માધ્યસ્થ્યમ્ ! લોકયાત્રામાં સંસારના બધા વ્યવહારોનો સમાવેશ થઈ જાય છે. જેનામાં આ ગુણ હોય, તે સંયોગાનુસાર દુન્યવી સઘળા વ્યવહારો કરે ખરો, પણ તે મધ્યસ્થભાવે કરે. સંસારનો વ્યવહાર, એ, અતિ રાગથી કે અતિ દ્વેષથી ન કરે. આપણે જેને સામાન્ય પ્રકારનો ઉદાસીનભાવ કહીએ છીએ, તેવા પ્રકારનો આ માધ્યસ્થ્યભાવ છે. સમ્યગ્દર્શન આવ્યું ન હોય, પણ મિથ્યાત્વની મન્દતા અમુક અંશે થઈ હોય, તો પણ દુન્યવી પ્રવૃત્તિઓમાં આવો મધ્યસ્થભાવ આવી શકે. મિથ્યાદૃષ્ટિ રાજાઓના પ્રસંગોમાં પણ એવી વાતો આવે છે કે–રાજા રાજપાટ તજીને વનવાસે જતા, તો છોકરાઓ તેમનાં ચરણોને સેવવાને માટે સાથે જતા; અથવા, છોકરાઓને રાજ્ય સંભાળવાને માટે રહેવું પડતું, તો વનવાસે જતા રાજાઓ તેમને ઉત્તમ પ્રકારની હિતશિક્ષા આપતા. જે સમકિતી હોય, તે તો પોતાના રાગને દેવ–ગુરૂ આદિમાં જ યોજવાનો પ્રયત્ન કરે અને સંસાર

પ્રત્યેના રાગને ઘટાડવાનો જ પ્રયત્ન કરે; ત્યારે, મિથ્યાત્વની મન્દતા હોય, તો સાંસારિક પ્રવૃત્તિઓને વિષે મધ્યસ્થભાવ આવે, એ સંભવિત છે. કુટુંબના કેટલાક વડાઓ પણ મધ્યસ્થ-ભાવે રહેતા. કુટુંબમાં ઘણાં માણસો હોય, પણ સૌ વડિલની મર્યાદા એવી જાળવે કે–પોતાની અયોગ્ય પ્રવૃત્તિ એમની આંખે ચઢવા ન દે. કોઈ વખતે કાંઈ લાગી ગયું હોય અને વડિલ આવી ચઢે, તો ઝટ ચૂપ થઈ જાય. પૂછીએ કે–એમ કેમ? તો કહે કે–બાપા જાણે તો એમના હૈયાથી ઉતરી જઈએ. વડિલ પણ સૌ પ્રત્યે મધ્યસ્થભાવે વર્તે. આજે કુટુંબના માલિકોનું એવા પ્રકારનું પુણ્ય ઓછું જોવા મળે છે અને મધ્યસ્થભાવ પણ ઓછો જોવા મળે છે. ઘરમાં બેઠા છે એટલે દુન્યવી ક્રિયાઓ કરે ખરા, પણ તે મધ્યસ્થભાવે કરે. સંસાર ખરાબ લાગ્યો હોય તો જ આ બને–એમ નહિ, પણ સંસારમાં સારી રીતિએ જીવવું હોય, આબરૂભેર જીવવું હોય, તો આમ વર્તવું જોઈએ–એમ પણ લાગે. આવો માણસ પાડોશીને પણ સાચવીને ચાલે. એને એમ થાય કે–સારી ચીજ એકલા ખવાય નહિ; એકલા ખાઈએ તો પચે નહિ. કેટલાક કહે છે કે–સુખી માણસો માંદા કેમ રહે છે? ખાધેલું પચતું નથી માટે! પણ ખાધેલું પચતું કેમ નથી? ગરીબની નજર લાગે છે! એકલો ખાય તે નજર ન લાગે? જો કે–પુણ્ય જોરદાર હોય તો બીજાની તેવી નજર અસર ન કરે, એમેય બને, પણ સારો માણસ કોઈની નજર લાગે, એવું તો કરે જ નહિ ને? પહેલાં રિવાજ હતો કે–નવું કાંઈ ખાવાનું આવ્યું હોય, તો આજુબાજુ સગા–સંબંધિઓને વહેંચે. છોકરાને ય કહે કે–એકલા ન ખાઈએ. આજે શું કહેવાય છે? કહે કે–કોઈ માગે તો ય આપીએ નહિ. મારા તે મારા

અને પારકા તે પારકા–એ વૃત્તિમાં જે પડી ગયો, તેનું બધું બગડે. એની પૂજા વગેરેમાં ય બહુ માલ જેવું નહિ. જેને સાંસારિક પ્રવૃત્તિઓમાં મધ્યસ્થભાવ આવે, તેને ગુણોની પ્રાપ્તિ સુલભ. લોકયાત્રામાં મધ્યસ્થભાવવાળાને, દેવગતિના આયુષ્યના શુભ પ્રકારના આશ્રવોનું આરાધન પણ સુલભ બને.

દેવગતિના આયુષ્યના આશ્રવો :

દેવગતિના આયુષ્યના આશ્રવોમાં, સરાગ સંયમને, પહેલા આશ્રવ તરીકે જણાવેલ છે. સરાગ સંયમ, દેશવિરતિ, અકામ નિર્જરા, કલ્યાણમિત્રોનો સંયોગ, ધર્મશ્રવણમાં રસિકતા, પાત્રદાન, તપ, શ્રદ્ધા, રત્નત્રયીની અવિરાધના, પદ્મ તથા પીત લેશ્યા, બાલ તપ, અગ્નિ વગેરેમાં બળી મરવું તે અને અવ્યક્ત સામાયિક,–આ બધા દેવગતિના આયુષ્યને બાંધવાના આશ્રવો છે. અહીં જરા કઠણ કામ આવ્યું, કેમ ? આ આશ્રવો પણ, સમ્યગ્દૃષ્ટિને જ હોય અને મિથ્યાદૃષ્ટિને ન જ હોય એવું નથી; પણ બેયના સેવનમાં ઘણો તફાવત હોય. સમ્યગ્દૃષ્ટિ આત્માઓ બાલ તપ આદિને પસંદ કરે નહિ અને આજ્ઞાવિહિત તપ આદિ દ્વારા સકામ નિર્જરાને સાધનારા બને. અહીં તો, જે જે કારણોથી દેવગતિના આયુષ્યને ઉપાર્જવાની શકયતા છે, તે જણાવેલ છે; અને મિથ્યાદૃષ્ટિઓ પણ દેવગતિના આયુષ્યને ઉપાર્જી શકે છે. દેવગતિમાંનાં પણ અમુક અમુક સ્થાનોના આયુષ્યને તો સમ્યગ્દૃષ્ટિ આત્માઓ જ ઉપાર્જી શકે છે, પણ સામાન્ય રીતિએ દેવગતિના આયુષ્યના ઉપાર્જનનાં કારણો વર્ણવાતાં હોય, ત્યારે એ બધી બાબતોનું પૃથક્કરણ કરવાનું હોય નહિ.

સરાગ સંયમ :

સ૦ સરાગ સંયમ એટલે બહારથી સંયમ અને અન્તઃકરણમાં સંયમના પરિણામોનો અભાવ ?

અન્તઃકરણમાં સંયમના પરિણામોનો અભાવ હોય, એવા પ્રકારના બાહ્ય સંયમને સરાગ સંયમ કહેવાય, એવું નથી. સાધુપણાને પામતી વખતે તેમ જ સાધુપણામાં જીવતી વખતે આત્મામાં સંયમના પરિણામો વિદ્યમાન હોય, તો પણ જ્યાં સુધી રાગ ઉદયમાં વર્તતો હોય, ત્યાં સુધીનું સંયમ એ સરાગ સંયમ કહેવાય. દશમા ગુણસ્થાનક સુધીના સંયમને સરાગ સંયમ કહેવાય. અગીઆરમા ગુણસ્થાનકે રાગ ઉદયમાં હોતો નથી, જ્યારે બારમા ગુણસ્થાનકે સર્વથા રાગરહિત દશા હોય છે. રાગ મૂળમાંથી મર્યા વિના, વીતરાગ બનાય નહિ અને રાગ જ્યાં સુધી ઉદયમાં વર્તતો હોય, ત્યાં સુધીના સંયમને સરાગ સંયમ કહેવાય. સરાગ સંયમ જો સારી રીતિએ પાળ્યું હોય, તો એમાંથી પરિણામોની ચઢતી ધારા આવતાં વીતરાગ સંયમને પામી શકાય. આ જન્મમાં સાધુ થઈને જ જીવવું–એવો મનોરથ ખરો ? 'આ જીવનની કિંમત સંયમને આભારી છે, સંયમના પાલનથી જ આ જન્મને સારી રીતિએ સફલ કરી શકાય તેમ છે, માટે કયારે હું સંયમ–જીવનને જીવનારો બનું'–આવી ભાવના તો તમે વારંવાર ભાવતા હશો ને ? જેઓ ઉંમરને વટાવી ગયા છે, અતિ વૃદ્ધાવસ્થાને પામ્યા છે અને જેઓ શરીરે અશકત થઇ ગયા છે, તેઓને પણ રોજ એવો પશ્ચાત્તાપ તો થાય ને કે–'આવા મનુષ્યજન્મને અને તેમાં પણ શ્રી વીતરાગ પરમાત્માના

શાસનના યોગને પામવા છતાં પણ, આપણે સંયમને પામી શકયા નહિ ને આવા ને આવા રહી ગયા !' ?

સ૦ મનોભાવ જોઈએ ને ?

અત્યાર સુધી નહોતો, પણ હવે ય એ મનોભાવ પ્રગટયો છે ? આ મનુષ્યજન્મને, શા માટે જ્ઞાનિઓએ કિંમતી કહ્યો છે, તે હવે તો સમજી ગયા ને ? એટલે, હવે તો જો શકય હોય તો આ જીવનમાં અસંયમને નહિ સેવવાની અને સંયમમાં જ બાકીની જીન્દગી પૂરી કરવાની ઇચ્છા ખરી ? જેઓ સંયમને યોગ્ય ઉમ્મરને વટાવી ગયા છે અથવા તો જેઓ શરીરે, સંયમને માટે અયોગ્ય બની ગયા છે, તેમને તો પશ્ચાત્તાપ કરવાનો, ભાવના ભાવવાની અને સંસારમાં મન–વચન–કાયાથી થાય તેટલો ધર્મ કરવાનો–એટલું જ રહ્યું; પણ જેઓ ઉમ્મરમાં ઓછા છે અને કાયામાં સારા છે, તેમને જો મન થઇ જાય, તો ઉભા થઇ શકે છે. ચોમાસું ઉઠયે સંયમને લઈને સંયમને પાળવા સિવાયની વાત નહિ. આવી પુણ્યભૂમિમાં ચોમાસું રહ્યા, એનો મોટો લાભ એ કે–હવે અસંયમી જીવન જોઈએ નહિ; શેષ જીવન સંયમમાં જ પસાર કરવું છે ! જેમની વય વીતી ગઈ નથી, શરીર પણ સારૂં છે અને પાળવા ધારે તો જેઓ સંયમને પાળી શકે તેમ છે, તેવાઓના મનમાં જો આ વાત આવી જાય, તો તેમનું કામ થઈ જાય ને ?

શાની ખામી છે ?

દેવલોકના આયુષ્યને ઉપાર્જવાનો, પહેલો ઉપાય આ છે; અને આ ઉપાયને જો બરાબર સેવાય, તો દેવલોકમાં પણ

રાગ મુંઝવે નહિ. દેવલોકમાં પણ જે વિરાગમાં ઝીલે, તેની તે પછીની પણ સદ્ગતિ નિઃશ્ચિત! અરે, પછી જો કશી ભૂલ-ભાલ ન થાય, તો મોક્ષ પણ હાથ-વેંતમાં! તમે સંયમ લેવાનો નિર્ણય ન કરી શકતા હો, તો તેમાં કારણ શું છે?, એ તપાસો. સંયમની ભાવના ઘણી હોય, પણ વય વીતી જવાથી બાતલ થઇ ગયા છો? વય વીતી ગઈ નથી, પણ શરીર માંદલું હોય તો એ ય બાતલ થઇ જાય, કેમ કે-રોજ દવાના ડોઝ વિના જેનું શરીર ચાલતું ન હોય અને એથી સંયમનું પાલન જે સુન્દર પ્રકારે કરી શકે તેમ ન હોય, તે સંયમ લઈ ને કરે શું? વયમાં ય વાંધો ન હોય અને શરીર પણ સારૂં હોય, પણ સંયમપાલનની શક્તિ ન હોય-એમ પણ બને. એમાં કેટલા નીકળી જાય છે? ઉંમરમાં નિષિદ્ધ વયની અંદર હોય, શરીરે સશકત હોય અને સંયમના પાલનની શક્તિ હોય, પણ હૈયાની તૈયારી ન હોય એવા કેટલા? વસ્તુતઃ હૈયાની તૈયારી તો બધાની જોઈએ. વય આદિના કારણે સંયમ લઈ શકાય નહિ-એ જુદી વસ્તુ છે અને હૈયાની તૈયારી ન હોય-એ જુદી વસ્તુ છે.

સ૦ હૈયાની તૈયારી એટલે?

આ મનુષ્યજન્મની પ્રાપ્તિની સફલતા સંયમથી છે અને કયારે એવી તક આવી લાગે કે-હું અસંયમથી મૂકાઉં અને અને સંયમને પામું, આવી ભાવના! સંયમને જે પામ્યા તે ફાવી ગયા અને હું સંયમને નથી પામી શકયો માટે રહી ગયો! જેમ, બજારમાં ગયેલો માણસ બજારમાંથી કમાયા વિના અથવા તો ખોઈને આવે-એ બને, પણ એના હૈયામાં શું હોય? અમુક કમાયો ને હું રહી ગયો! તેમ, મનુષ્યજન્મ-

ને હું પામ્યો છું પણ આ જન્મમાં રળવા જેવું હજુ હું રળી શકયો નથી, એમ થયા જ કરે. તમે કહી શકો કે–હૈયાની આવી તૈયારી તો છે, પણ ઉંમર વટાઈ ગઇ છે એટલે ઉપાય નથી; જેમની ઉંમર વટાઈ ગઈ ન હોય, પણ શરીરે નબળા હોય, તે તેમ કહી શકે; અથવા, ઉંમરમાં ને શરીરમાં વાંધો ન હોય, પણ સંયમના પાલન માટેની શકિત ન હોય, તો એમ કહો કે–હજુ ઉંમરની લાયકાત ગુમાવી બેઠો નથી અને શરીર રોગી છે એમ પણ નથી, પણ મન એવું નબળું છે કે–સંયમ પળે તેમ નથી; સંયમ લઉં તો વિરાધના થાય તેમ છે; બાકી, ભાવના તો એ જ છે કે-કયારે હું શ્રી વીતરાગ પરમાત્માની સાધુતાને પામું! વય હોવા છતાં અને શરીર પણ સારૂં હોવા છતાં, સંયમપાલનની શકિત નહિ હોવાના કારણે તમે સંયમને ગ્રહણ કરવાની તત્પરતા ન બતાવી શકો–એ બને; એ તો નિરૂપાય દશા કહેવાય; પણ હૈયાની તૈયારી નથી, એટલે કે-સંયમની ઈચ્છા જ નથી, એ કારણે જો તમે નીકળી જાવ, તો તે બહુ ખરાબ કહેવાય.

સંયમની ઇચ્છા તો અવશ્ય જોઇએ:

જૈન કુળમાં જન્મેલાઓ સદા સાધુ થવાની ભાવનાવાળા હોવા જોઈએ. સાધુ થવાની ભાવના ન હોય, તો જૈન કુળ મળ્યું પણ ફળ્યું નહિ, એમ કહેવું પડે. વયની અને શરીરની અનુકૂળતા હોવા છતાં પણ, સંયમપાલનની શકિત ન હોય, તો તેવી શકિત નથી–એમ કહી શકાય. કહી શકાય કે–આ લીધા પછી મૂકાય તે મારી જાતમાં નથી; આ લઇને હું મૂકું તો મારૂં કુળ લાજે; કુળને એમ લજવવું, તે કરતાં તો

મરવું સારૂં; માટે, હું મારામાં સંયમપાલનની શકિત છે કે નહિ, તે તપાસ્યા કરૂં છું; અને એથી, સંયમ ગમતું હોવા છતાં ય, સંયમને લેવાનો ઉત્સાહ જાગતો નથી. સંયમની ભાવના ઘણી હોય અને સંયમપાલનની શકિત ન હોય, તે એમ પણ કહી શકે કે–'રોજ સવારે ઉઠું છું ને હૈયામાં એ વિચાર આવે છે કે– હું સાધુ થઈ શકું તેમ છું ? ને સૂતાં હું દુઃખી થઈને સૂઈ જાઉં છું કે–આજનો દહાડો સાધુપણા વગરનો ગયો.' આવું તમે પ્રમાણિકપણે કહી શકો તેમ છો ?

સ૦ ભાવના જોઈએ ને ?

સાધુપણાને પામવાની ભાવના જ જો ન હોય, તો એ જૈનપણાની ખામી ગણાય. જેનામાં જૈનપણું ઝળકતું હોય, તે સંયમ લે જ એવો નિયમ નહિ ! પણ એને સંયમની ભાવના જ ન હોય, એ બને નહિ ! શક્તિ ન હોય, તો ય એને વાર-વાર–અવસરે અવસરે ' રહી ગયો ' ' રહી ગયો '–એમ તો થાય ! તમને એવું થાય છે ? એવું ન થતું હોય, તો તેનું કારણ શોધો ! બહુલયતા તૈયારી હૈયાની નથી, એમ લાગે છે ? તક આવે ને શક્તિ આવે તો સંસારમાંથી નીકળી જવું છે –એવું હૈયામાં ન હોય, તો એ ઘણું જ અશોભનીય ગણાય.

સ૦ મન નબળું હોય તો ?

શરીર જેમ અશક્ત હોઈ શકે, તેમ મન પણ અશક્ત હોઈ શકે, પણ અનુકૂળતા હોય તો લેવાની ઈચ્છા ખરી કે નહિ ? આજે ઘણે ભાગે આ ઈચ્છા નથી, એ મોટી પંચાત છે. ગરીબ જીંદગીભર ગરીબ રહે એમ બને, પણ શ્રીમંત થવાની ઈચ્છા ન હોય એ બને ? વર્ત્તમાન કાળમાં ઘણા જૈનોમાં પણ સંયમને પામવાની ઈચ્છા જણાતી નથી. સર્વસંયમના

ભાવ વિના, દેશસંયમનો પણ સાચો ભાવ હોઈ શકે નહિ. દેશવિરતિનો જે પરિણામ, તે કેવો હોય ? ઉપકારિઓ ફરમાવે છે કે-'દેશવિરતિનો પરિણામ સર્વવિરતિની લાલસાથી ભરેલો હોય.' એટલે, જેનામાં સર્વ-સંયમની ઇચ્છા નહિ, તેનામાં દેશ સંયમનો પણ સાચો ભાવ નહિ; અને સામગ્રીસંપન્ન દશામાં જો સંયમની ઇચ્છા ન પ્રગટે, તો સમ્યક્ત્વગુણ પણ પ્રગટ્યો નથી, એમ કહેવું પડે.

વિરતિ શા માટે ?

આજે કેટલાકોને એમ થાય છે કે-સાધુપણાની ઇચ્છા ન હોય, એટલે શું અણુવ્રતાદિ લઈએ અને પાળીએ, તે નકામાં જ જાય ? પણ, તેમણે વિચાર કરવા જેવો છે કે-થોડી પણ વિરતિ સ્વીકારી શા માટે ? અવિરતિ તજવા લાયક જ છે અને વિરતિ જ આચરવા લાયક છે, એવું હૈયામાં ઉગ્યું માટે ને ? જે તજવા લાયક જ લાગે, તે બધું તજી ન શકાય-એમ બને; પણ મનમાં શું હોય ? અવિરતિ જો તજવા જેવી ન લાગતી હોય અને વિરતિ જો આચરવા જેવી ન લાગતી હોય, તો થોડી પણ જે વિરતિ કરી, તે શા માટે કરી ? ભવિષ્યમાં અવિરતિના યોગમાં સારી રીતિએ આનંદ લૂંટી શકાય, એ માટે ? અહીં વિરતિ કરવાથી ભોગસુખો મળે; અહીં મનને ભાવે તેવાં ભોગસુખો મળ્યાં નથી, માટે થોડી-ઘણી વિરતિ કરીએ તો ભાવીમાં ભોગસુખો મનભાવતાં મળે, એવો કોઈ ઇચ્છા હૈયામાં બેઠી છે ? જો એવી ઇચ્છા હોય, તો દેશવિરતિનો પણ સાચો પરિણામ હૈયામાં પ્રગટ્યો નથી-એવું નક્કી થઈ જાય છે. અવિરતિમાં આનંદ લૂંટવાની ઇચ્છાથી કરેલી વિરતિ, વિરતિના

પરિણામોને પેદા કરનારી બને શી રીતિએ ? એ વિરતિના પરિણામોને પેદા કરે કે અવિરતિના રસને ગાઢ બનાવે ? અવિરતિમાં જ જેને સુખ ભાસે, તેનામાં સમ્યગ્દર્શન ગુણ હોય નહિ. આપણે તો થોડી પણ વિરતિ, એક નવકારશીનું પચ્ચખ્ખાણ પણ, વિરતિના પરિણામોને પેદા કરી શકે, એવી રીતિએ કરવું છે ને ? સંસારમાં ભટકવાનું આપણને ગમતું નથી, આપણને આપણો સંસારપર્યાય ખટકે છે અને કયારે આપણો મોક્ષપર્યાય પ્રગટે એવી આપણી ઇચ્છા છે, એ માટે જ આપણે થોડી પણ વિરતિને સેવીએ છીએ ને ? આપણી ઇચ્છા તો એવી જ કે–આપણે અવિરતિનો સર્વથા ત્યાગ કરીએ અને સર્વવિરતિને સ્વીકારીને એકાન્તે મોક્ષમાર્ગની આરાધના કરીએ; પણ, આપણે માટે અત્યારે અવિરતિનો સર્વથા ત્યાગ શકય નથી, માટે જ આપણે દેશથી વિરતિ કરીએ છીએ; આવું તમારા અંતરમાં છે કે નહિ ? આ ભાવ ન હોય, તો આ ભાવને પેદા કર્યા વિના છૂટકો નથી.

સંયમિને ય સાવદ્ય રહેવું પડે :

દેવભવના આયુષ્યના આશ્રવોમાં, પહેલો આશ્રવ સરાગ સંયમ છે અને બીજો આશ્રવ દેશવિરતિ છે. આ બન્ને આશ્રવોનો, પરસ્પર સંબંધ છે. અવિરતિ તજવા જેવી જ છે, એમ સંયમી પણ માને અને દેશવિરતિ પણ માને. સરાગ સંયમ એટલે શ્રી વીતરાગના શાસનની સાધુતા, સર્વવિરતિ વિના મળે નહિ. તમે હજુ સુધી સાધુ નથી થયા, એટલે દેવગતિને પામવાનું એક કારણ અત્યાર સુધી તો ગયું ને ? જેમણે દેશવિરતિપણું ન સ્વીકાર્યું હોય, તેમનાં પહેલાં બન્ને કારણો અત્યાર

સુધી તો ગયાં જ ! વાત એ છે કે–'અવિરતિ તજવા જેવી જ છે અને કયારે હું જેટલા પ્રમાણમાં શકય હોય તેટલા પ્રમાણમાં પણ અવિરતિને તજનારો બનું !'–એવું તમારા મનમાં ખરૂં કે નહિ ? વિરતિને નથી પામ્યા, તેનું તમારા હૈયામાં દુઃખ તો ખરૂં ને ? સર્વવિરતિને પામેલાને પણ, જ્યાં સુધી રાગમોહનીયનો ઉદય વર્તતો હોય, ત્યાં સુધી એના સંયમને સરાગ સંયમ કહેવાય. સંયમિને પણ, જ્યાં સુધી રાગમોહનીયનો ઉદય વર્તતો હોય ત્યાં સુધીમાં આયુષ્ય બંધાય, તો તે દેવગતિનું આયુષ્ય બંધાય. રાગમોહનીયના ઉદયનું કામ બહુ વિલક્ષણ છે. રાગમોહનીયનો ઉદય વર્તતો હોય છે, માટે સંયમિએ પણ બહુ સાવધ રહેવું પડે છે મિથ્યાત્વેય ગયું હોય અને અવિરતિ ય ગઈ હોય; મિથ્યાત્વનો કે અવિરતિનો ઉદય વર્તતો ન હોય; તેમ છતાં પણ, રાગમોહનીયનો ઉદય વર્તતો હોય, એટલે સરાગ સંયમવાળો પણ જો સાવધ ન રહે, તો રાગમોહનીય જોરદાર બનીને, અવિરતિને અને મિથ્યાત્વને ઉદયમાં લાવવામાં સફળ નિવડે, એ બહુ જ શકય છે. આથી, સંયમ લીધું એટલે કામ પતી જ ગયું–એમ માનવાનું નથી. સંયમના પરિણામોને જાળવવાને માટે પણ, સંયમિએ ઘણી કાળજી રાખવી જોઈએ છે.

શ્રી વીતરાગને અને નિર્ગ્રન્થોને સેવતાં પણ, સાધુપણું એ જ પામવા જેવું છે–એમ થયું ?

આ તો સંયમને પામેલાની વાત, પણ જેઓ સંયમને નથી પામ્યા, તેમણે શું કરવાનું ? હજુ પણ હું સંયમને પામ્યો નહિ, એવું દુઃખ મનમાં થાય છે ખરૂં ? એ દુઃખ

કયારે થાય ? અવિરતિ તજવા જેવી જ છે, એમ લાગે તો ને ? તમે અવિરતિમાં બેઠા છો, પણ અવિરતિમાં રહેવું એ તમને પસંદ તો નહિ ને ? તમને એમ લાગે છે ખરૂં કે–તમને જો અવિરતિ ખટકી જ હોત અને વિરતિ કરવાની ભાવનામાં તમે રમતા હોત, તો આવી ને આવી દશામાં તમે આટલી વયે પહોંચ્યા હોત નહિ ? અને, તમારી ધર્મક્રિયાઓએ તમને અત્યાર સુધીમાં કેટલો બધો લાભ આપ્યો હોત ? તમને અવિરતિનો ગાઢ ઉદય છે, એવો જો તમે અનુભવ કર્યો હોય, તો તે કહો ! અવિરતિએ તમને પકડી રાખ્યા છે કે અવિરતિને તમે પકડી રાખી છે ?

સ૦ મનની આસક્તિ સંસારમાં છે.

સંસારમાં આસક્તિ, એ મનની નબળાઈ નો પણ એક પ્રકાર હોઈ શકે; પણ મનની નબળાઈ એવી તો નહિ ને કે–અવિરતિમાં જ આનન્દ છે ? અવિરતિ ખટકતી હોવા છતાં પણ, મનની આસક્તિ સંસારમાં હોય–એ બને, પણ તે કેવી ? જે મન સંસારના સુખ તરફ ખેંચાય, જે મન વિરતિના પરિણામોને આવવા ન દે, તે જ મન એમ પણ કહે કે–' આ ભૂંડું થાય છે; સંસાર તજવા જેવો છે; વિરતિ વિના ઉદ્ધાર નથી; કયારે મારામાં વિરતિનો ઉલ્લાસ પ્રગટે ! ' સંસારમાં આસક્ત એવું પણ મન, સંસાર પ્રત્યે ઉદાસીનભાવ અનુભવે. જેમ કેટલાક વ્યસનિઓ વ્યસનને છોડી શકે નહિ, મન વારંવાર વ્યસનને સેવવા તરફ લલચાય, વ્યસનને સેવે ત્યારે ચેન અનુભવે, છતાં પણ એ વાત એમના હૈયામાં બરાબર કોતરાએલી હોય કે–' આ વ્યસન સારૂં નથી ' અને એથી એમને એમ પણ થાય કે–' કયારે આનાથી છૂટાય ? અવિરતિ, એ બીજી

કોઈ પણ વસ્તુના વ્યસન કરતાં ખરાબ છે–એમ લાગે છે ? અને વિરતિને પામવાના કોડ છે ?

સ૦ પહેલાં આવા વિચારો થયા નહિ અને હવે વિચારો આવે છે, પણ શરીરની અને મનની અશક્તિ અંતરાય કરે છે.

શ્રી વીતરાગના શાસનને આછું આછું પણ સમજીને, ક્યારથી ધર્મ કરવા માંડ્યો ? ઘણાં વર્ષો સુધી ધર્મ કરવા છતાં પણ, સર્વવિરતિ એ જ ધર્મ છે, એકલો ધર્મ સર્વવિરતિપણામાં જ છે અને આ બધી ક્રિયાઓ એ ધર્મને પામવાને માટે છે, એ ખ્યાલ આવ્યો નહિ ને ? વર્ષો સુધી આ ખ્યાલ આવ્યો નહિ, છતાં 'કરીએ છીએ તે ધર્મ ઘણો છે'–એમ માનો છો ને ? આવો સંતોષ અનુભવનારા ઘણા છે. વાત વાતમાં એમ જ કહે કે–' આપણે તો ભાઇ ! ઘણું કરીએ છીએ; એનાથી વધારે તો શું થાય ? ' સાધુઓને જુએ, સાધુઓને માને, સાધુઓને સેવે, પણ ' મારે ય કરવા જેવું આ છે '–આવો વિચાર આવે નહિ ! ભગવાન પાસે જાય, ભગવાનના ગુણ ગાય, પણ ' હે ભગવન્ ! મારે તારૂં સાધુપણું જોઇએ છે '–એવી પ્રાર્થના કરવાનું મન થાય નહિ ને ? શ્રી વીતરાગ દેવને અને નિર્ગ્રન્થ સાધુઓને સેવતાં પણ ' જીવનમાં આ જ પામવા જેવું છે અને બાકીની ધર્મક્રિયાઓ આને પામવાને માટે છે; એટલે કે–સાધુપણાને પામવામાં મને જે અંતરાય નડે છે, તે આ ક્રિયાઓથી તૂટો ! '–આવો ખ્યાલ વર્ષો સુધી કેમ આવ્યો નહિ ? તમે આ વાત સમજી જાવ, તો તમારાં છોકરાંઓને પણ તમે આ વાત સમજાવી શકો. તમારાં છોકરાંઓને ઉન્માર્ગે જતાં અટકાવવાં અને આ માર્ગમાં યોજવાં, એ તમારી જવાબદારી

છે. તમે જો આ વાતને બરાબર હૈયામાં ઉતારીને છોકરાંઓને સમજાવવાની મહેનત કરો, તો બેએ-પાંચે વર્ષે છોકરાંઓ સુધરી જાય. પછી તો, તમારા ઘરમાંથી સંયમિઓનો પાક થવા માંડે. આવું કાંઈ કરવું છે કે ખાલી વાતોમાં જીન્દગી ગુમાવી દેવી છે? આજે પણ જો ધ્યેયને સમજી શકયા હો, તો તમને શું નડતર છે, તે વિચારો! આ ધ્યેયમાં તમે મક્કમ બનો, તો તમને તમારાં છોકરાંઓ ઉંમર વટાવી જાય અને શરીરે નબળાં પડી જાય, તે પહેલાં આ પામે તો સારું-એમ થાય!

અહીં જેમ તમારું ઘડતર થયું તેમ તમે ઘરે સંબંધિઓ આદિનું ઘડતર કરી શકો:

હવે તો તમે તમારા સ્નેહી-સંબંધી આદિને કહેવાના ને કે-આપણે ઘરમાં રહીને જે કાંઇ ધમકિયાઓ કરીએ છીએ, તે એ માટે કરીએ છીએ કે-આ ગૃહવાસથી આપણે છૂટીએ? સાધુપણાને પામવાને માટે આપણે આ મહેનત કરવાની છે, એમ હવે તો તમે કહેશો ને? બધાને સમજાવશો ને કે-જ્યાં સુધી સાધુપણાને આપણે પામીએ નહિ, ત્યાં સુધી આપણે આ ભવના સારને પામ્યા નથી; કેમ કે-દેશવિરતિપણું તો તિર્યંચગતિમાં પણ પામી શકાય છે અને સમ્યક્ત્વ તો નરકગતિમાં પણ પામી શકાય છે, પણ સર્વવિરતિ તો માત્ર આ મનુષ્યભવમાં જ પામી શકાય છે. નરક, તિર્યંચ કે દેવભવમાં પામી શકાય નહિ અને એક માત્ર આ ભવમાં જ પામી શકાય. એવી કોઇ ઉત્તમ વસ્તુ હોય, તો તે આ સર્વવિરતિ જ છે; એટલે, આ ભવમાં તો, સર્વવિરતિને જ પામવાનો પ્રયત્ન કરવો જોઇએ. આવી વાતો, ઘરમાં છોકરાંઓને કહેતા હો, તો તમે રહી જાવ

ને એ પામી જાય, એવું પણ બને ને ?

સ૦ સાંભળે તેને કહીએ ને ?

અહીં આવનારાઓમાંના પણ કેટલાકો પૂરું સાંભળતા નથી, છતાં એ માટે ગુસ્સો કરીને અમે વ્યાખ્યાન બંધ કર્યું ? ચાલુ વ્યાખ્યાને કોઈ ઝોકાં ખાય, કોઈ નવકારવાળી ગણે, એ શું વ્યાખ્યાન સાંભળવાની રીત છે ? વ્યાખ્યાનમાં બરાબર વખતસર આવવું નહિ, વહેલા પણ ચાલ્યા જવું અને સાંભળવામા લક્ષ્ય નહિ રાખતાં બીજે-ત્રીજે ઠેકાણે લક્ષ્ય આપવું, એવાઓ પણ છે ને ? કેટલાકો, અહીં હા કહીને, બહાર જઈને વિરૂદ્ધ નથી બોલતા ? એ વાતો અમે નહિ સાંભળતા હોઈએ ? છતાં, ' તમે સાંભળવાને માટે નાલાયક છો '—એમ કહીને, અમે વ્યાખ્યાન બંધ કેમ કર્યું નહિ ? ઊલટું, અમે તો તમારામાં શ્રી જિનવાણીના શ્રવણનો રસ પેદા કરવાનો પ્રયત્ન કરીએ છીએ. ભગવાને કહેલી વાત, તમારી પાસે એવી રીતિએ મૂકવી, કે જેથી તમને એ ગમી જાય અને કદાચ એના અમલનો પણ ઉત્સાહ પ્રગટી જાય, એ માટે અમે અમારામાં જે કાંઈ આવડત હોય, તેને બજાવીએ છીએ. અમને એમ થાય છે કે—આ બધા અથવા આમાંના થોડાને પણ જો એમ થઈ જાય કે—'ધર્મ તો ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જ કહેલો; અને આ ભવમાં મારે સેવવા યોગ્ય હોય તો તે એ જ છે '—તો સારૂં ! તમે અહીં સાંભળવાને આવો અને તમને અવિરતિ તરફ અણગમો થાય નહિ, વિરતિ સ્વીકારવાનું મન થાય નહિ, તમારો સંસારનો રસ ઘટે નહિ અને સંયમ એ જ સાધ્ય છે—એમ જો તમને લાગે નહિ, તો એ અમને ગમે નહિ; છતાં, અમે તમારા ઉપર ગુસ્સે થઈએ નહિ; અમે તો દયા ચિન્તવીએ

કે–બીચારાઓનું કર્મ એવા પ્રકારનું હશે; અને એથી અમે, તમારૂં એ પ્રકારનું કર્મ કેમ ભેદાય, એની જ યોજના વિચારીએ. કેમ આમ ? તો કે–આના જેવો કલ્યાણનો કોઈ ઉપાય નથી–એ વાત જેમ નક્કી છે; તેમ, ભારેકર્મી આત્માઓને આ ઉપાય રૂચે નહિ અને રૂચે તો ય પ્રમાદાદિને લઈને અનેક પ્રકારની ભૂલો જીવોથી થઈ જાય, એમ પણ આ શાસ્ત્ર કહે છે. તમને પણ જો આ ધ્યેય બરાબર લક્ષ્યમાં આવી જાય, તો તમે તમારાં છોકરાંઓ આદિને આ ધ્યેયને સમજાવવાનો પ્રયત્ન કરી શકો. પછી તો, તમે, યોગ્ય તકોને શોધ્યા જ કરો; અને જ્યારે તક લાગે ત્યારે, તમને તે ન સાંભળે તો ય તે પોતાના લાગતા હોય એટલે કહેવાનું મન થાય. જેમ અહીં તમારૂં ઘડતર એવું તો થઈ ગયું કે–ત્યાગની વાત આવે તો તમને અરૂચિ ન થાય અને ન બને તો ય તમે નીચું ઘાલો પણ જે કહેવાય તે પ્રેમથી સાંભળો. પહેલાં ત્યાગની વાત આવતાં કેવું થતું ? જરા નવાઇ લાગતી ને ? તેમ, તમે પણ ક્રમે ક્રમે તમારા સ્નેહી–સંબંધિઓ આદિનું ઘડતર કરી શકો. વાત એ છે કે–એ માટે તમે તમારા હૈયાને તૈયાર કરો અને મનમાં એવું સુનિશ્ચિત કરી લો કે–'આપણે આ જીવનમાં સર્વવિરતિને પામી શકીએ કે ન પામી શકીએ, તો પણ આ જીવનમાં ખરેખર પામવા લાયક કોઈ વસ્તુ હોય, તો તે ભગવાને કહેલી સર્વવિરતિ જ છે.'

સર્વવિરતિની ઇચ્છાવાળા દેશવિરતિધર કેટલા ?

અહીં બેઠેલાઓમાં, જેમણે દેશવિરતિનો સ્વીકાર કર્યો હોય, એવાઓ તો ઠીક ઠીક સંખ્યામાં હશે ને ? કોઈએ પાંચ અણુ-

વ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો–એ બારેય વ્રતો લીધાં હશે, તો કેટલાકોએ એક આદિ થોડાં પણ વ્રતો લીધાં હશે ને ? જેમણે દેશવિરતિ સ્વીકારી છે, તે બધા સર્વવિરતિ સ્વીકારવાને સમર્થ નહિ હતા, એટલે જ દેશવિરતિધર બન્યા છે, એમ માની લઉં ને ? દેશવિરતિધરનું મન તો, એવું જ ને કે–મારે અવિરતિથી છૂટવું છે, પણ મારૂં શરીર એવું નબળું છે અથવા મારૂં મન એવું નબળું છે અથવા તો શરીર અને મન બન્ને ય એવાં નબળાં છે કે–અવિરતિનો સર્વથા ત્યાગ તો મારાથી બને તેમ નથી; એટલે, અવિરતિનો દેશથી ત્યાગ તો હું કરૂં જ, કે જેથી મારી દેશવિરતિ મારા સર્વવિરતિના અંતરાયને તોડનારી બને !? દેશવિરતિને સ્વીકારનારાઓમાં, કયારે મારી મનની ને શરીરની અશક્તિ ઘટે ને કયારે હું સર્વવિરતિને પામું, આવો અભિલાષ તો જીવન્ત હોય ને ? 'કયારે નબળું મન સબળું બને અને કયારે શરીર બળવાન બને, કે જેથી હું સર્વવિરતિને પામું ! '–આવી ભાવનાવાળા દેશવિરતિધર કેટલા ? આવી સામગ્રીના યોગમાં પણ જો સર્વવિરતિને પામવાનો અભિલાષ માત્રેય ન હોય, તો સાવ ઉડી જવા જેવું થાય; કારણ કે–એથી એવું નક્કી થાય છે કે–એનો પરિણામ પાંચમા ગુણઠાણાનો તો નથી, પણ ચોથા ગુણઠાણાનો ય નથી ! તમે જે દેશવિરતિધર છો, તે કેવા છો ? સર્વવિરતિને પામવાની ઇચ્છા ખૂબ ખૂબ છે, તેમાં અંતરાય કરનારી મનની આસક્તિ ઉપર તિરસ્કાર છે અને જેઓ શરીરે અશકત હોય તે કપાળે હાથ દે છે કે–શરીર સંબંધી પુણ્ય ઓછું એટલે રહી ગયો, આવા દેશવિરતિધર કેટલા ? જેનામાં સમ્યકૃત્વ હોય અને સર્વવિરતિ માર્ગની

જેને જાણ હોય, તેને સર્વવિરતિને પામવાની ઇચ્છા જ ન હોય, એ બને નહિ. પૈસા હોય તો શું શું થઈ શકે, એની જેને જાણ હોય, તેને પૈસો મેળવવાની ઇચ્છા હોય કે ન હોય ? સંતોષી હોય તો વાત જુદી છે. તમે ધર્મની બાબતમાં સંતોષ કેળવ્યો છે ને ? પૈસા વગેરેની વાતમાં સંતોષ સારો અને ધર્મની વાતમાં અસંતોષ સારો, કારણ કે-પૈસા વગેરે હેય છે, જ્યારે ધર્મ ઉપાદેય છે. પૈસાની બાબતમાં સંતોષ, એ ધર્મ અને ધર્મની વાતમાં સંતોષ, એ અધર્મ. આ ધર્મ જ સેવવા યોગ્ય છે અથવા આરંભાદિ પાપોથી વિરામ પામવાથી જ કલ્યાણ છે-આવું જેને સમજાયું હોય, તેને વિરતિને પામવાનું જ મન હોય; અને જેમ જેમ વિરતિ પમાય, તેમ તેમ વિરતિને પામવાની તેની ઇચ્છા વધતી જાય.

સમકિતમાં સર્વવિરતિની ઇચ્છા :

જેણે સમકિત ઉચ્ચર્યું હશે, દેશવિરતિ ઉચ્ચરી હશે, તેને આ પામવાનો ખ્યાલ તો ખરો ને ?

સ૦ સમકિત ઉચ્ચર્યું હોય, તેમાં આ વાત શી રીતિએ આવે ?

ત્યારે સમકિતમાં ઉચ્ચર્યું શું ? સમકિતમાં કુદેવ, કુગુરૂ અને કુધર્મનો ત્યાગ તથા સુદેવ, સુગુરૂ અને સુધર્મનો સ્વીકાર ખરો ને ? **'तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं'** -એ સમકિતમાં આવે કે નહિ ? ભગવાને જે કાંઇ પ્રરૂપ્યું છે, તે જ સાચું છે અને તે જ શંકા વિનાનું છે; તો પછી, ભગવાને મનુષ્યપણાની સફલતા અને મહત્તા શાથી ફરમાવી છે ?

સ૦ મનુષ્યપણામાં જ મોક્ષ પમાય છે ને ?

મોક્ષ પામે તે સર્વવિરતિને પામ્યા વિના મોક્ષ પામે ખરા ? સર્વવિરતિપણું આવ્યા વિના, મોક્ષને પામી શકાય જ નહિ; અને, સર્વવિરતિપણું મનુષ્યભવ સિવાયના ભવોમાં પામી શકાય નહિ. ભગવાને આવું ફરમાવ્યું છે, એટલે સર્વવિરતિને પામવાની વાત **तमेव सच्चं**માં આવી કે નહિ ? સમકિતને પામેલો જીવ, સર્વવિરતિને લઈ શકે નહિ–એ અને, સમકિત હોવા છતાં પણ સર્વવિરતિનું પાલન કરવા જોગી શકિત ન હોય–એ બને, પણ સર્વવિરતિના માર્ગને જાણવા છતાં સર્વવિરતિની ઈચ્છા ન હોય–એ તો બને જ નહિ. સર્વવિરતિની ઈચ્છા, કાં તો અજ્ઞાનને ન હોય, કાં તો જેનામાં સમ્યકૃત્વ ન હોય તેને ન હોય. લક્ષ્મીની ઈચ્છા કોને ન હોય ? કાં તો સાધુને ન હોય, કાં તો અજ્ઞાનને ન હોય ! સંતોષિને પણ જરૂર હોય તો લક્ષ્મીની ઇચ્છા થાય ને ? સાધુ તો એવી જરૂર રાખે નહિ અને નિર્દોષ આહારાદિ ન મળે તો કેમ ચલાવી લેવું, એવો જ એનો નિર્ણય હોય. તેમ, સર્વવિરતિની ઈચ્છા કોને ન હોય ? કાં તો એ જરૂરી છે–એવું જેને જ્ઞાન ન હોય તેને અને કાં તો જેના હૈયામાં ધર્મ પરિણમ્યો ન હોય તેને ! સમ્યકૃત્વ ઉચ્ચરવું, એનો અર્થ એ છે કે–'સાધવા યોગ્ય મોક્ષ જ છે અને મોક્ષને સાધવાનો સાચો ઉપાય એક માત્ર ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જ બતાવેલો છે, એવી દૃઢ માન્યતાનો સ્વીકાર !' એને, અવિરતિ તજવા યોગ્ય જ છે–એમ લાગે; અને એથી એને 'કયારે હું સર્વવિરતિને પામું'–એવી ઈચ્છા થયા જ કરે ! કારણ કે–ધર્મ અવિરતિમાં નથી પણ વિરતિમાં જ છે, એવું સમજાવનારો વિવેક એનામાં પ્રગટયો છે.

સર્વવિરતિ, દેશવિરતિ અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ વૈમાનિકનું જ આયુષ્ય બાંધે :

જેમણે સમ્યક્ત્વ ઉચ્ચર્યું છે અથવા તો દેશવિરતિ ઉચ્ચરી છે; દેશવિરતિ પણ સમ્યક્ત્વને ઉચ્ચર્યા વિના તો ઉચ્ચરાય જ નહિ; એટલે, એ ઉચ્ચરનારના હૈયામાં સર્વવિરતિને પામવાની ઇચ્છા ખરી કે નહિ ? સમ્યગ્દૃષ્ટિ જીવનભર અવિરત રહે કે દેશવિરતિધર જીવનભરમાં સર્વવિરતિને ન પામે, એ કોઈ નહિ જ બનવાજોગ વસ્તુ નથી, પણ આપણી વાત હૈયાની છે. બે ય પોતપોતાની અવિરતિથી છૂટવાની ઇચ્છાવાળા હોય કે નહિ ? એમનું ચાલે, એમનું ઉપજતું હોય, તો અવિરતિના અંશમાં પણ રહેવાનું એ પસંદ કરે નહિ, એવું એમનું હૈયું ખરું કે નહિ ? ભગવાને કહેલી સર્વવિરતિને પામવાની જેનામાં ઇચ્છા હોય, જેનામાં એ સર્વવિરતિને પામવાની તાલાવેલી હોય, તેનામાં દેશવિરતિપણું કે સમ્યક્ત્વ છે–એમ જરૂર કહી શકાય. જેને 'મોક્ષ એ જ આત્માનું સાધ્ય છે'–એમ લાગે અને 'ભગવાને કહેલો મોક્ષનો ઉપાય એ જ એક સાચો ઉપાય છે'–એમ લાગે; આ વિષયમાં જેની બુદ્ધિ સુનિશ્ચિત હોય; તે સર્વથા અવિરત હોય તો ય સમ્યગ્દૃષ્ટિ જરૂર છે અને સાથે આંશિક પણ વિરતિ હોય, તો એ દેશવિરતિ પણ જરૂર છે. એવા આત્માઓની દેવગતિ જ થાય. સર્વવિરતિના પરિણામવાળો, દેશવિરતિના પરિણામવાળો અને સમ્યગ્દર્શનના પરિણામવાળો પણ, અવશ્ય વૈમાનિકમાં જાય. આયુષ્યનો બંધ પડતી વખતે જે આત્માઓમાં સર્વવિરતિના પરિણામ હોય અથવા દેશવિરતિના પરિ-

ણામ હોય અથવા એકલા સમ્યક્ત્વના પરિણામ હોય, તે વૈમાનિકથી ઓછે જાય જ નહિ. સર્વવિરતિની તીવ્ર ઈચ્છા સમ્યગ્દૃષ્ટિમાં જ હોય અને માનવીની એવી ખાલી પણ સાચી ઈચ્છામાં પણ એ ગુણ છે કે–વૈમાનિકનું આયુષ્ય બંધાય.

સ૦ પરિણામ સર્વ કાળે સરખા હોય નહિ, તો શું થાય ?

આયુષ્યનો બંધ પડતી વખતે સમ્યગ્દર્શન ગુણ હોય તો વૈમાનિકનું જ આયુષ્ય બંધાય, એટલે સમ્યગ્દર્શન ગુણની હાજરીમાં આત્મામાં એવા પરિણામો પ્રગટે જ નહિ, કે જેથી બીજી કોઈ ગતિનું આયુષ્ય બંધાય. સમ્યક્ત્વની હાજરી હોય, તો અવિરતિના પરિણામોમાં એવી તાકાત હોય જ નહિ કે–એથી જીવને દુર્ગતિનું આયુષ્ય બંધાય. સમ્યગ્દર્શન ગુણની હાજરી, એ કોઈ સાધારણ વસ્તુ નથી. જેમ વેપારી ખાતો હોય, પીતો હોય, હરતો-ફરતો હોય, એ વગેરે ક્રિયાઓ કરતો હોય, તો ય એના મનમાં ઈચ્છા શાની હોય ? જેને વેપારનો રસ હોય, તે ભોગોપભોગાદિ કરતો હોય ત્યારે ય, એના મનમાં વેપારની વાત રમતી હોય છે. જેમ તમે દુઃખ ભોગવો છો કે નહિ ? દુઃખ ભોગવતી વખતે ય તમારી ઈચ્છા તો સુખની જ ને ? દુઃખ નહિ સહાવાથી રાડો પાડતો હોય, રડતો હોય, પણ મહીં ઈચ્છા સુખની જ હોય. સુખના સ્વરૂપને નહિ સમજનારને–અજ્ઞાનને પણ ઓઘથી ય ઈચ્છા સુખની હોય. તેમ, સમ્યગ્દૃષ્ટિને ઓઘથી પણ ઈચ્છા મોક્ષની જ હોય, પણ સંસારની ઈચ્છા ન હોય. સંસારમાં રહેવું એ પાપ છે–એમાં એને શંકા ન હોય, એટલે એ સંસારમાં રહ્યો રહ્યો પણ સંસારથી છૂટવાની ઈચ્છામાં જ રમતો હોય. એને, સંસારમાં એ રહ્યો છે માટે સંસારના સુખની ઈચ્છા થાય,

એને માટે મહેનત કરે, એ વગેરે બધું બને, પણ મનમાં એમ તો ખરૂં જ કે–' કયારે આ બધાથી છૂટાય ? '

સુદેવાદિને માને અને સંસારમાં લહેર છે એમેય માને ?

સ૦ આમ લાંબુ જ્ઞાન ન હોય એટલે ભેદજ્ઞાન ન હોય, પણ જે આ દેવાદિને જ માનતો હોય, આ દેવાદિની સેવામાં જ તત્પર રહેતો હોય, બીજા દેવાદિને માનતો ન હોય, તેનામાં સમ્યક્ત્વ ખરૂં કે નહિ ?

જેને તત્ત્વનું જ્ઞાન વિશેષ ન હોય, તેનામાં સમ્યગ્દર્શન ગુણ ન જ હોઈ શકે એમ કહેવાય નહિ; પણ આ દેવાદિને જ માનતો હોય અને બીજા દેવાદિને ન માનતો હોય, એવું તો કુળસંસ્કાર આદિના યોગે પણ બને ને ? તમે સુદેવાદિને સેવનારા છો, બીજા દેવાદિને સેવનારા નથી, છતાં પણ સુદેવાદિના સ્વરૂપને જાણવાની ઈચ્છા કેટલી ? તક આવી જાય તો, કુદેવાદિની માન્યતા કરતાં અચકાવ ખરા ? સંસાર તરફ તમારો ભાવ કેવો ? અમે તો એવાઓનો પરિચય પણ કર્યો છે કે– ધર્મની વાતમાં પ્રાણ દેવાની પણ તૈયારી ઘણી વાર બતાવી હોય, પણ કોઈ વાતમાં એને વાંધો પડે, એટલે ખલાસ ! અણીના અવસરે કહી દે કે–' તમે આવા ગુરૂ છો, એમ મેં ધાર્યું નહોતું. મારા સુખમાં તમે જ આડા આવશો–એમ જો મને લાગ્યું હોત, તો હું તમને ગુરૂ તરીકે માનત જ નહિ ! કોઈના નહિ ને મારા છોકરાને દીક્ષા ? અથવા તો, મને ય સંસારનું સુખ મળે એ આપને ગમે નહિ ? ' અમે કાંઈ કર્યું ન હોય, માત્ર એને ભૂલ બતાવી હોય, પણ સંસારનો રાગ એ વખતે એ બીચારાની પાસે શું શું બોલાવી નાખે ! સમ્યગ્દર્શન

ગુણને પામેલો સાવ જડ–ચેતનના વિવેક વિનાનો હોય ? એની પાસે એકદમ અમલી જ્ઞાન ન મગાય, પણ એને એનો સામાન્ય ખ્યાલેય ન હોય ? શ્રી ધના કાકંદી, શ્રી ખંધક મુનીશ્વર, એ વગેરે મહાત્માઓનું ભેદજ્ઞાન મહા અમલી હતું, પણ સામાન્ય પ્રકારનું ભેદજ્ઞાનેય સમ્યગ્દૃષ્ટિને ન હોય ? સંસાર ભૂંડો છે, તજવા જેવો છે અને પાપકર્મનો યોગ જ સંસારમાં રાખનાર છે, એવું સમ્યગ્દૃષ્ટિને સામાન્યપણે પણ ન લાગે ? દેવ–ગુરૂ–ધર્મની શ્રદ્ધા ય પૂરી છે અને ઘરમાં રહેવું એમાં જ આનંદ –એ શ્રદ્ધા ય પૂરી છે, તો એ શું સમ્યગ્દૃષ્ટિ છે ? વાત કરે ત્યારે એમ કહે કે– ‘ દેવ વીતરાગ જ જોઈએ, ગુરૂ ત્યાગી જ જોઈએ, ધર્મ સારો જ જોઈએ ’ અને જ્યાં એની પોતાની વાત આવે, એટલે કહે કે–‘ આપણે તો અહીં સંસારમાં લ્હેર છે ’ –તો એ સમ્યગ્દૃષ્ટિ છે ? એને સમજાવાય કે–હજુ સમ્યક્ત્વનો પરિણામ પ્રગટ્યો નથી ! સમ્યક્ત્વ ગુણ પ્રગટ્યો હોય, તો અવિરતિ માત્ર છોડવા જેવી છે, એમાં એને શંકા હોય નહિ. સુદેવાદિને પણ માને અને ગૃહસ્થાવાસમાં જીંદગી સુધી મોજથી રહેવાય તો ય વાંધો નહિ–એવું પણ માને, તો એનામાં સમ્યક્ત્વ નહિ ને ? આ કસોટીમાં કસીને તમે તમારામાં સમ્યક્ત્વ હોવાનું માનો છો ને ? પછી, તમારી બધી કરણી ઉંચી કોટિમાં જવાની છે. સમ્યગ્દૃષ્ટિનો થોડો પણ ધર્મ, મહા લાભનું કારણ બને.

તમારો નિર્ણય તમે કરો :

સર્વવિરતિ હોય, દેશવિરતિ હોય કે અવિરત સમ્યગ્દૃષ્ટિ હોય, એ ત્રણેમાંથી એકેયને ‘ ઘરવાસ છોડવા જેવો છે અને

વિરતિ જ સ્વીકારવા યોગ્ય છે'–એમાં શંકા જેવું હોય નહિ. તમે સર્વવિરતિ નથી–એ તો તમારૂં જીવન કહે છે અને જેઓએ દેશવિરતિપણું નથી લીધું તેનામાં ય એ નથી, પણ સમ્યગ્દર્શન છે કે નહિ? દેશવિરતિધર અને અવિરત સમ્યગ્દૃષ્ટિ ઘરવાસવાળા તો છે જ, પણ ઘરવાસ છોડવા જેવો છે –એમ તેઓ માને છે કે નહિ? આટલું જાણવા છતાં પણ, જેમને ઘરવાસ છોડવા જેવો નથી લાગ્યો, તેમનામાં સમ્યક્ત્વગુણ નથી; પણ, તમારામાં તો એ ગુણ છે ને? તમને તો તમારી દેવગતિ માટે શંકા નથી ને? તમે કેવા પરિણામમાં વર્તો છો, એનો નિર્ણય તમારે કરવો પડે અને તે વિવેકપૂર્વક! બીજા તો કલ્પના કરી શકે. તમને લાગતું હોય તો તમે કહી શકો કે–અમારામાં સમ્યક્ત્વનો અગર દેશવિરતિનો પરિણામ વર્તે છે; અમને અમારી જાત માટે તો એની શંકા નથી; પછી જ્ઞાની ન સ્વીકારે, એટલે કે–અમે ભૂલ ખાતા હોઈ એ, તો એ વાત જુદી છે. આવો નિર્ણય કરવાને માટે, તમારે વિચાર કરવો જોઈ એ કે–હું સંસારમાં રહ્યો તો છું, પણ સંસારમાં રહેવું એ મને પસંદ છે? હું સાધુ થયો નથી, પણ હું સાધુ નથી થઇ શકયો તે મારે સાધુ નથી થવું માટે કે હું મારા મનની અને શરીરની નબળાઈથી સાધુ નથી થઈ શકયો? આવા આવા પ્રશ્નો તમે પોતે જ તમને પૂછો, એ વિષે ઉડાણથી વિચારો અને એના સાચા જવાબ મેળવો. એમ કરતાં કરતાં પણ ગુણ પ્રગટવાની વકી છે.

દીક્ષામાં અટકાયત:

સ૦ છોકરો દીક્ષા લેવા તૈયાર થાય તો સમ્યગ્દૃષ્ટિ માતા–પિતા તેને અટકાવવાને મથે ખરાં?

સમ્યગ્દૃષ્ટિ એવાં પણ માતા-પિતા, મોહવશ દીક્ષામાં અટકાયત કરવાનો પ્રયત્ન કરે-એ બનવાજોગ છે; કેમ કે-ચોથે અગર પાંચમે ગુણસ્થાનકે બેઠેલો મોહવાળો નથી હોતો એવું નથી; એનામાં, પુત્રાદિક પ્રત્યે રાગાદિક હોય તે સુસંભવિત છે; પરંતુ, એનો મોહનો ઉછાળો એને પોતાને જ અણગમતો લાગતો હોય. એ અટકાવવાને મથે, તો ય અંદરથી રડે. છોકરો મક્કમ રહે, તો એ જોઈને સમ્યગ્દૃષ્ટિ મા-બાપ, છોકરા ઉપર મોહ હોવા છતાં પણ, મનમાં રાજી થાય. શ્રી મેઘકુમાર દીક્ષા લેવાને તૈયાર થયા, ત્યારે તેમની સમ્યગ્દૃષ્ટિ એવી પણ ધારિણી નામની માતાએ, તેમને સંસારમાં રાખવાનો પ્રયાસ કર્યો છે; શ્રી મેઘકુમાર દીક્ષા લેવાના વિચારને પડતો મૂકે, એ આશયથી ધારિણીદેવીએ શ્રી મેઘકુમારને ઘણી ઘણી વાતો કહી છે; પરન્તુ, શ્રી મેઘકુમારે તો પોતાની માતાએ જેટલી જેટલી વાતો કહી, તેના તેના એવા રદીયા આપ્યા કે-પછી માતા સમજી ગઈ. શ્રી મેઘકુમારની માતાની જેમ તેમના પિતા મહારાજા શ્રી શ્રેણિકે પણ પ્રયત્ન કરી જોયો હતો, પણ શ્રી મેઘકુમાર મક્કમ રહ્યા, તો એ પણ સંમત થયા. સમકિતીથી પણ મોહનું નાટક થઈ જાય-એ બનવાજોગ છે, પણ આ સમકિતી છે અગર તો આ મિથ્યાદૃષ્ટિ છે, તેનું અંતર પાડવાનું સાધન શું ? મોહના આવેગમાં આવેલા પણ સમકિતીનાં કથનોને વિચારીએ, તો એમના હૈયામાં ધર્મ છે-એમ લાગ્યા વિના રહે નહિ. આજે તો દીક્ષામાં અટકાયત કરનારાઓ શું સમજાવે છે ? પણ પૂર્વે એવા ય પ્રસંગો બન્યા છે. સાધુપણાના આચારની કઠિનતા વર્ણવે. કહે કે-મેરૂપર્વતનો ભાર ઉપાડવો-એ હજુ સહેલું છે, લોઢાના ચણા ચાવવા-એ

પણ હજુ સહેલું છે અને ભુજા માત્રથી મહાસાગરને તરવો–એ ય હજુ સહેલું છે, પણ સાધુપણું પાળવું એ દુષ્કર છે ! વાત એવી રીતિએ મૂકે કે–કદાચ પેલો ઢીલો પડી જાય, પણ જે કહ્યું હોય તેમાં કશું પણ માર્ગવિરૂદ્ધ કહ્યું ન હોય. સાધુપણાને લેતાં રોકી લેવાની ઇચ્છાથી પણ માર્ગવિરૂદ્ધ બોલે નહિ.

જૈન કુળમાં જન્મેલાને દેવલોકના આયુષ્યનાં ઉત્તમ કારણો સુલભ છે :

વાત એ છે કે–જે વખતે આયુષ્યનો બંધ પડે, તે વખતે જે જીવો સર્વવિરતિના પરિણામવાળા હોય, દેશવિરતિના પરિણામવાળા હોય અથવા તો સમ્યક્ત્વના પરિણામવાળા હોય, તે જીવો વૈમાનિકથી નીચેના દેવસ્થાનના પણ આયુષ્યને બાંધે નહિ. આ ત્રણ કારણો, તમારે માટે તો ઘણાં સહેલાં ગણાય; કારણ કે–તમને તમારા પુણ્યે જૈન કુળ મળી ગયું છે. તમારો જન્મ જૈન કુળમાં થયો, એના પ્રતાપે તમને તમે જન્મ્યા ત્યારથી શ્રી વીતરાગ દેવ ને નિર્ગ્રન્થ ગુરૂ મળી ગયા છે. તમે જે દેવને અને જે ગુરૂને માનો છો, તેમના સ્વરૂપનો જો વિચાર કરો, તો ય તમને સર્વવિરતિ થવાનું અને સર્વવિરતિ ન થવાય તો દેશવિરતિ થવાનું મન થાય. જગત માટે સમ્યક્ત્વને પામવું એ ભારે છે, પણ તમારે માટે સમ્યક્ત્વને પામવું એ ભારે નથી, કેમ કે–તમે મોટા માણસના દીકરા જેવા છો. સુખી માણસને ઘેર જન્મેલાને જે કાંઈ ખાવા–પીવાનું કે પહેરવા–ઓઢવાનું મન થાય, તેમાં એને વાંધો આવે ? હેરકરી શકે ને એ ? તેમ, તમે પણ પામવા ધારો તો સમ્યક્ત્વ અને વિરતિ જલદી પામી શકો ને ? જૈન કુળમાં જન્મેલાને દેવલોકના

આયુષ્યનાં અને તે ય ઉત્તમ પ્રકારનાં સાધનો મેળવવાં બહુ સહેલાં છે. તમારા પુણ્યના ઉદયે, તમને આટલી સહેલાઈ કરી આપી છે. તમે કેટલું બધું પુણ્ય બચીને અહીં આવ્યા છો?, કેટલા મહા પુણ્યે તમને આ બધી સામગ્રી મળી છે?, એનો તમે વિચાર કરો. તમારા પુણ્યે તમને છેક નિકટમાં લાવી મૂક્યા છે. હવે તો તમે ખરીદ કરો એટલી જ વાર છે. બોલો, ત્રણમાં કયું ગમે છે? સર્વવિરતિ થવું ગમે છે, દેશવિરતિ થવું ગમે છે કે સમ્યગ્દષ્ટિ થવું ગમે છે? કહો કે–ગમે છે તો બધું, પણ સર્વવિરતિ સ્વીકારવાની અમારામાં શક્તિ નથી, દેશવિરતિને સ્વીકારવા માટે ય અમે પાંગળા છીએ, પણ સમ્યક્ત્વમાંથી જઇએ એવી અમારી જાત નથી. છેવટ આટલું તો કહી શકો છો ને? સર્વવિરતિને સ્વીકારવાના પરિણામો આવી જાય તો બહુ ઉત્તમ, તે ન આવે ને દેશવિરતિધર બનવાનો ઉલ્લાસ જાગે તો ય સારૂં, પણ જેઓ એ બેમાંથી એકેયને સ્વીકારી શકે તેમ ન હોય, તેઓ આટલી બધી સામગ્રીને પામીને સમ્યક્ત્વથી પણ વંચિત રહે, એ તો નહિ જ બનવું જોઈએ ને? દેવગતિના આયુષ્યનાં જે બીજાં કારણો કહ્યાં છે, તેમાં એવું નિશ્ચિત નહિ જ કે–એ કારણોને સેવનાર વૈમાનિકમાં જ જાય; કદાચ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્કમાં પણ જાય; પરન્તુ આ ત્રણ કારણોમાં ઉપકારી મહાપુરૂષો ખાત્રી આપે છે કે–જે વખતે આયુષ્યનો બંધ પડે, તે વખતે સર્વવિરતિના પરિણામ હોય, દેશવિરતિના પરિણામ હોય કે સમ્યક્ત્વના પરિણામ હોય, તો તમે વૈમાનિકથી ઓછાનું આયુષ્ય બાંધો જ નહિ! તેમાં ય, સમ્યક્ત્વને બરાબર સાચવી શકો, તો દેવભવનું આયુષ્ય ભોગવીને મનુષ્યગતિમાં આવો અને મનુષ્યગતિમાં સર્વવિરતિને પામો,

એમેય બને. તમને સમ્યક્ત્વને સાચવવાની પણ અનુકૂળતા ઘણી છે. જે જમાનામાં ષડ્દર્શનની ધમાલ ચાલતી, તે જમાનામાં સમકિતને સાચવવું એ મુશ્કેલ હતું. આજે માન્યતાભેદ થવાની એવી તક નથી. તે વખતે તો, વાત વાતમાં સભાઓ ગોઠવાતી હોય, પંડિતો ચર્ચા કરતા હોય, જેનામાં જે શક્તિ હોય તે તે શક્તિથી લોકને પોતાની માન્યતમાં ઘસડવાનો પ્રયત્ન કરતા હોય, એવા વખતે તમારા જેવાને ટકવું મુશ્કેલ થઈ પડે. આજે તો, તમે બહુ સહેલાઈથી પામી શકો અને સાચવી શકો, એવું છે. તમારા હૈયામાં મોક્ષ વસી જાય અને ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ કહેલો ઉપાય એ જ એક માત્ર મોક્ષનો સાચો ઉપાય છે–એવું નક્કી થઈ જાય, તો તમને એથી ઊલટું સમજાવવાનો પ્રયત્ન કોણ કરે તેમ છે? અને, કોઈ કરે તો તેને તમે થોડા જ ફાવવા દો?

ઘરમાં રહેવા છતાં ય મહેનત વિરતિના પરિણામોને પ્રગટાવવાની કરવી જોઈએ :

તમે બધા સુદેવાદિને માનનારા છો ને? તમને તો આ કુળના પ્રતાપે દેવ પણ 'સુ' મળ્યા, ગુરૂ પણ ભાગ્યયોગે 'સુ' મળી ગયા અને ધર્મ પણ 'સુ' મળ્યો છે. તમારે તો હવે એટલું જ નક્કી કરવાનું છે કે–આ બધા 'સુ'ની સોબત મને મળી ગઈ છે, એટલે હવે મારે 'કુ' રહેવું નથી. તમે જે દેવાદિને માનો છો, તેમાં કોઈએ ઘરવાસને સારો કહ્યો છે? કોઈનું સ્વરૂપ એવું છે, કે જે સ્વરૂપના ચિન્તનથી તમને એમ લાગે કે–ઘરવાસ સેવવા જેવો છે? તમારે કમથી કમ પરિણામમાં પલટો તો લાવવો જ પડશે. ઘરવાસને છોડી શકો નહિ,

તો ય ઘરવાસ છોડવા જેવો છે–એ વાતમાં તો શંકા નહિજ રહેવી જોઈએ. ઘરમાં રહેવા છતાં ય, મહેનત તો વિરતિના પરિણામોને પ્રગટાવવાની જ કરવી જોઈએ. પરિણામ એ તો એવી અગત્યની વસ્તુ છે કે–સારા પરિણામ વિના, સારૂં કામ પણ ધાર્યું ફલ નીપજાવી શકે નહિ અને ખરાબ કામ પણ સારા પરિણામવાળાનું બહુ ભૂંડું કરી શકે નહિ, માટે પરિણામ ઉપર મુસ્તાક રહ્યા વિના નહિ ચાલે. જે ધર્મક્રિયાઓ કરો છો, તે વિરતિના પરિણામોને જ પ્રગટાવવાના લક્ષ્યથી કરો અને સંસારની ક્રિયાઓ કરતી વેળાએ પણ મને આવી ક્રિયાઓને કરાવનારા કર્મથી કયારે મુક્તિ મળે–એ વાતને મગજમાંથી ખસવા દો નહિ. જેનામાં સમ્યક્ત્વ હોય, તેને જે ચીજ તજવા લાયક હોય, તે ચીજ સેવવા લાયક લાગે ખરી ? ઘરવાસ તજવા લાયક છે, એવી તો તમને પાકી ખાત્રી થઈ ગઈ છે ને ? ઘરમાં, ઘરવાસ તજવા જેવો છે, એવું બોર્ડ રાખ્યું છે ? કોઈ દહાડો છોકરાને ખોળે બેસાડીને પણ એ વાત કહી છે ? છોકરા–છોકરીને પરણાવતાં પણ કહ્યું છે કે–તમે સાધુ કે સાધ્વી બનવાને તૈયાર નથી, એટલે વધારે ખરાબ ન થાવ તે પૂરતું આ લગ્ન છે ? બાકી તો, આ કરવા લાયક ક્રિયા નથી ! પાપની ક્રિયા છે ! આવી વાતો અમસ્થી ય કુટુંબને કહી છે ? છોકરા–છોકરીને પરણાવવાં પડે, એ બને; સમ્યગ્દૃષ્ટિને ય પરણાવવાં પડે, એ શકય છે; પણ તે વખતે હૈયામાં શું હોય ? સંજોગવશાત્ છોકરાને પરણાવવાનો વખત આવ્યો, વરઘોડામાં લાલચોળ પાઘડી પહેરીને નીકળ્યા ય ખરા, પણ તે વખતે મનમાં એ વિચાર આવ્યો કે–'આવા દીકરાનો બાપ થઈને બેઠો છું, માટે જે ક્રિયાને હું તજવા લાયક માનું છું, તે ક્રિયાની જોગવાઈ મારે આ

છોકરાને કરી આપવી પડે છે!? જે ઘરવાસ છોડવા જેવો છે, તે મારે છોકરાને મંડાવવો પડે છે ને તેમાં મારે લાલ પાઘડી પહેરીને વરઘોડામાં નીકળવું પડે છે!? સંસાર, તારી પણ બલિહારી છે કે–તું મારી પાસે ય આવું કામ કરાવે છે! સંસારમાં રહ્યો ન હોત, તો મારે આવો વખત આવત નહિ!' આવું કાંઈ મનમાં ય થાય ખરું?

ભગવાનની પાસે લગ્નની વાત મૂકવી એમાં ય ઈન્દ્રને જોખમ લાગતું:

શ્રી આદિ તીર્થંકર ભગવાનનો લગ્નોત્સવ ઈન્દ્ર જેવા સમ્યગ્દૃષ્ટિને પણ કરવો પડે છે. પણ ઈન્દ્ર સમજે છે. શ્રી ઋષભદેવ ભગવાનના ચરિત્રમાં એ વાત આવે છે. અવધિજ્ઞાનથી ભગવાનના લગ્નના સમયને જાણીને, ઈન્દ્ર પોતાનો આચાર સમજીને, ભગવાનનો લગ્નોત્સવ કરવાને તો આવ્યા હતા, પણ ભગવાનની પાસે લગ્નની વાત મૂકવી, એ કાંઈ સહેલી વસ્તુ હતી? ઇન્દ્રે આવીને ભગવાનના ચરણોમાં પ્રણામ કર્યા બાદ, હાથ જોડીને ભગવાનને પહેલાં તો એમ જ કહ્યું કે–'આપ તો જ્ઞાનના નિધિ છો; જ્ઞાનના નિધિ એવા આપને 'આપ અમુક કાર્યમાં પ્રવર્તો'–એમ કહેવું, એ મૂર્ખ માણસનું કામ છે; એટલે જે કોઈ આપને અમુક કાર્યમાં પ્રવર્તાવવાને ઈચ્છે, તેનું એ કાર્ય ઉપહાસને પાત્ર જ ઠરે; પરન્તુ સેવકો કોઈકિ વાર કાંઈક સ્વચ્છન્દી વચન પણ બોલે, તો ય આપ તો અતિ કૃપાલુ છો, એટલે એવા પણ સેવકોને આપ કૃપાદૃષ્ટિથી જ જુઓ છો! સેવકોએ સ્વામિના અભિપ્રાયને જાણીને જ બોલવું જોઈએ, છતાં અજાણપણે જે કાંઇ બોલાય, તેથી આપ અવ-

કૃપા કરશો નહિ!' આવા ભાવની ભૂમિકા કર્યા બાદ, ઇન્દ્ર કહે છે કે-'આપ જ્યારથી ગર્ભમાં આવ્યા, ત્યારથી આપ વીતરાગ છો, એમ હું માનું છું; અને ચાર પુરૂષાર્થોમાંથી બીજા કોઇ પણ પુરૂષાર્થની આપને અપેક્ષા નથી, પણ આપ મોક્ષપુરૂષાર્થને માટે જ સજ્જ છો, એમ પણ હું માનું છું. આમ છતાં પણ, હે નાથ! આપના દ્વારા જેમ મોક્ષમાર્ગ પ્રગટ થવાનો છે, તેમ લોકોનો વ્યવહારમાર્ગ પણ સમ્યક્ પ્રકારે આપના દ્વારા જ પ્રગટ થવાનો છે; એટલે, લોકવ્યવહારને માટે આપના પાણિગ્રહણનો મહોત્સવ કરવાની મારી ઇચ્છા છે; તો આપ મને તેમ કરવા દેવાની કૃપા કરો!' આમ કહીને, ઇન્દ્ર, ભગવાનને કહે છે કે-'હે સ્વામિન્! સુમંગલાદેવી અને સુનન્દાદેવી સાથે આપે વિવાહ કરવો તે યોગ્ય છે. એ બન્ને કન્યાઓ પૃથ્વીના ભૂષણ સમાન છે, રૂપવતી છે અને આપને અનુકૂલ છે!' ભગવાન શ્રી ઋષભદેવસ્વામિજીને, ઇન્દ્ર જેવાએ પણ, લગ્નની વાત આવી રીતિએ કહી છે! એ વખતે ભગવાનને રાગમોહનીયનો ઉદય નહોતો? હતો, છતાં ઇન્દ્રે એ તારકને 'ગર્ભવાસથી આરંભીને આપ વીતરાગ છો'-એમ કેમ કહ્યું? એ માટે કે-રાગમોહનીયનો ઉદય હોવા છતાં પણ, એ તારકના પરિણામો વિરાગપૂર્ણ હતા. શાથી? નિર્મલ વિવેક અને નિર્મલ એવાં ત્રણ જ્ઞાને એ સહિત હતા! સમ્યગ્દર્શન ગુણ જેનામાં પ્રગટે, તેનામાં રાગમોહનીયનો ઉદય તો હોય, પણ વિવેક આવ્યો એટલે વિરાગભાવ પ્રગટ્યા વિના રહે જ નહિ! ભગવાન હજુ તો અવિરતિમાં બેઠેલા છે, પણ એ તારકનું સમકિત બહુ જ નિર્મલ છે અને એથી સંસારમાં પણ એવા વિરાગભાવથી વર્તે છે કે-ઇન્દ્ર જેવાને ય એ તારકની પાસે

લગ્નની વાત મૂકવી, એ જોખમકારક લાગે છે. ઈન્દ્રે લગ્નની વાત કરી, એટલે ભગવાને અવધિજ્ઞાનથી જોયું કે-' મારૂં ભોગફલ કર્મ એવું દૃઢ છે કે-ત્રેસઠ લાખ પૂર્વ જેટલો કાળ મારે એ ભોગવવાનું જ છે ! ' જ્યારે ભગવાને અવધિજ્ઞાનથી જાણ્યું કે-આ ભોગફલ કર્મને ભોગવ્યા વિના છૂટકો થવાનો નથી, ત્યારે ભગવાનનું માથું હાલી ગયું છે, મુખ નીચું નમી ગયું છે અને કરમાએલા કમળ જેવો એ તારકનો ચહેરો થઈ ગયો છે. ભગવાન આમ મૌન રહ્યા, એટલે ઈન્દ્રે ભગવાનની સંમતિ સમજી લઈને, લગ્નને લગતું કાર્ય શરૂ કરી દીધું ! હવે કોઇ પૂછે કે-' ભગવાન કેમ પરણ્યા ? '-તો શું કહેશો ? ભગવાન વિષયરાગથી પરણ્યા, એમ કહેશો ? ભગવાનને પણ પરણવાનો મોહ થઈ ગયો હતો, એમ કહેશો ? એવું બોલવાનું પાપ ભૂલે-ચૂકે પણ થાય નહિ, તેની કાળજી રાખજો. ભગવાન શ્રી અરિહન્તદેવોનું અન્તિમ ભવનું જીવન, જ્ઞાન-પ્રધાન હોય છે. અન્તિમ ભવમાં એ જે કાંઈ કરે, તે કર્મને ખપાવવાને માટે જ કરે ! એ તારકોના અન્તિમ ભવના જીવન વિષે જરા ય ઘસાતું બોલવું, એ મહા પાપના ઉદય વિના બને નહિ.

સમ્યગ્દૃષ્ટિને કેવા વિચારો આવે ?

તમે પરણ્યા ત્યારે તમને કાંઇ વિચાર આવેલો ખરો ? આ પાપમાં મારે પડવું પડે છે, એવી શરમ આવેલી ખરી ? પરણેલા, તે ઉત્સાહમાં કે શરમીંદા બનીને નીચે મોઢે ? કદાચ તમારાં લગ્ન થયાં ત્યારે તમે અજાણ હશો, એ વખતે તમને ગમ નહિ હોય, પણ તમે જ્યારે તમારા દીકરા-દીકરીનાં

લગ્ન કર્યાં, ત્યારે તમને ગમ હતી કે નહિ ? કે, એ બધું પતાવ્યા પછી તમે સમ્યક્ત્વને પામ્યા છો ? દીકરા-દીકરીના લગ્ન વખતે લાલ પાઘડી પહેરી હશે, ત્યારે એમ મનમાં થયેલું કે-' મારે આવા કામમાં લાલ પાઘડી પહેરીને ફરવાનું ? શું નાટક છે મારૂં ? કેવા સંજોગમાં હું ફસાણો છું કે-મારે આ વેષ ભજવવો પડે છે ? ' હૈયામાં સમ્યગ્દર્શન ગુણની છાયા હોય, તો આત્માને કેવો વિચાર આવે, તેની આ વાત છે. તેવા વખતે તમે મહાલ્યા હશો, તો તમને એમ લાગે છે કે-' હું તે વખતે કેવો બેવકૂફ બન્યો હતો !' ? તમારા ઘરમાં બધા સુખી હોય, લ્હેર કરતા હોય, દીકરા ય સુખમાં હોય અને દીકરીને ઘેર પણ સુખ હોય; તે વખતે, તમને એ વાતનું કદી પણ દુઃખ થાય ખરૂં કે-આ બધાને હું સંસારથી ખસેડી શકતો નથી ? હું કમનસીબ એવો છું કે-શરીર ખરાબ મળ્યું છે અને મન પણ નબળું છે, એટલે સંસારમાંથી નીકળી શકતો નથી અને આ બધાને હું વિરતિ પમાડી શકતો નથી ! ? આવો વિચાર કોઈ દિ' આવેલો ખરો ? તમારા છોકરાના છોકરાને રમાડવાને માટે, કોઇ તમારા હાથમાં આપવાને માટે આવે, તો તમે એને લો, રમાડો, પણ તે વખતે તમને મનમાં એમેય થાય ખરૂં કે-' અરે રે, શું મોહ છે ? મારા છોકરાને આ છોકરો વહાલો લાગે છે, પણ આ છોકરો એના પ્રાણેય લે, તો એમાં ય નવાઈ નહિ. આ તો સંસાર છે. કર્મનું નાટક છે. કેટલાયના છોકરા બાપને હેરાન કરનારા નીવડ્યા, છતાં છોકરો સમજતો નથી ! આના રાગમાં છોકરો ભાનભૂલો ન બને તો સારૂં ! ' આવો કોઈ વિચાર આવે ખરો ? સમ્યગ્દૃષ્ટિ આત્માને મોહની ક્રિયા કરતી વખતે

પણ મોહની ભયંકરતાનો વિચાર આવે તો એમાં નવાઈ નથી.

સંતોષી અને અસંતોષીના સુખના અનુભવમાં જેમ ફેર, તેમ સમકિતી ને મિથ્યાદૃષ્ટિમાં ફેર :

બીજાઓ દેવલોકમાં જાય અને આ દેવલોકમાં જાય, એમાં બહુ ફેર. ઋદ્ધિ આદિનો ફેર તો ખરો, પણ સુખનો અનુભવ કરવામાં ય ઘણો ફેર. સમકિતી નીચેના દેવલોકમાં પણ જેવો સુખનો અનુભવ કરી શકે, તેવો સુખનો અનુભવ મિથ્યાદૃષ્ટિ ઉચ્ચ દેવલોકમાં પણ કરી શકે નહિ. મિથ્યાદૃષ્ટિ આત્મા, બીજાઓની અધિક ઋદ્ધિ આદિને જુએ. એટલે એનામાં એની ઈચ્છા અને પેલાની ઇર્ષ્યા પ્રગટે; એથી, એ જે મળ્યું છે તેને સુખે ભોગવી શકે નહિ અને જે નથી મળ્યું તેની ઈચ્છાદિકથી મનમાં રીબાયા કરે. સમ્યગ્દૃષ્ટિ તો વિરાગી હોય, એટલે એ બીજાને વધુ મળ્યું હોય તે જોઈને બળનારો ન હોય અને જે પોતાને મળ્યું છે તેમાં તેની અતિ લોલુપતા ન હોય. તમે, સંતોષના ને અસંતોષના સુખનો ને દુઃખનો અનુભવ કર્યો છે કે નહિ ? જેનામાં સંતોષ હોય છે, તે મહિને ૫૦ રૂપીઆ લાવતો હોય છે તો પણ લહેરથી જીવે છે; અને, લાખોપતિ પણ જો અસંતોષી હોય છે તો તે સુખે જીવી શકતો નથી. એકના હૈયામાં ખૂબ નિરાંત ને બીજાના હૈયામાં ઉપાધિનો પાર નહિ. આ ઉપરથી તમે વિચારો કે–એક આત્મામાં સમ્યક્ત્વના પરિણામ વર્તતા હોય અને બીજા આત્મામાં મિથ્યાત્વના પરિણામ વર્તતા હોય, તો એકની એક સ્થિતિ ને એકની એક ક્રિયામાં પણ, એ બે વચ્ચે કેટલો ભેદ પડે ? સમ્યક્ત્વના પરિણામ અને મિથ્યા-

ત્વના પરિણામ, કેટલો ફેર પાડે? સંતોષ સામાન્ય ગુણ હોવા છતાં પણ, જેનામાં સંતોષ હોય છે અને જેનામાં અસંતોષ હોય છે, એ બે વચ્ચે મોટો ફેર પડે છે અને સંતોષી થોડામાં ય લ્હેર કરે છે, તો સમ્યક્ત્વ જેનામાં હોય તેને કેવો અનુભવ થાય ? સમ્યક્ત્વ તો સંતોષથી ઘણો મોટો ગુણ છે ને? સમ્યક્ત્વ ગુણ તો, દુઃખમાં રીબામણ થવા દે નહિ! અને, સુખમાં ઉન્મત્ત બનવા દે નહિ! સમ્યક્ત્વ તો, મનને મોક્ષ તરફ અને ભગવાને કહેલા મોક્ષના ઉપાયને આચરવા તરફ ખેંચ્યા કરે. સમ્યક્ત્વની હાજરી, આત્માના પરિણામોમાં કેવી જબ્બર અસર ઉપજાવે છે? અવિરતિ પણ સમ્યગ્દૃષ્ટિ, મનુષ્ય અને તિર્યંચ, આયુષ્યના બંધ વખતે જો સમ્યક્ત્વની હાજરી હોય તો, વૈમાનિકથી ઓછું આયુષ્ય ઉપાર્જે જ નહિ!

અકામ નિર્જરા :

અકામ નિર્જરા, એ પણ દેવલોકના આયુષ્યના આશ્રવો પૈકીનો એક આશ્રવ છે. નિર્જરા, સકામ અને અકામ-એમ બે પ્રકારની ગણાય છે. સકામ નિર્જરા, મુખ્યત્વે યમિઓને હોય છે. સકામ નિર્જરા, અવિરત સમ્યગ્દૃષ્ટિઓને ય હોઈ શકે છે, પરન્તુ મિથ્યાદૃષ્ટિ આત્માઓને સકામ નિર્જરા નથી જ હોતી, એવું નથી. મિથ્યાત્વની મન્દતા આદિના યોગમાં, મિથ્યાદૃષ્ટિ આત્માઓને પણ સકામ નિર્જરા થાય, એ સંભવિત છે. કર્મનિર્જરાના હેતુથી કરેલી પ્રવૃત્તિ આદિના યોગે જે કર્મનિર્જરા થાય, તે સકામ નિર્જરા કહેવાય. પાપની ક્રિયા કરતાં પણ થાય કે-આ ગયા વિના આત્માનું હિત થવાનું નથી! આત્માને કર્મથી વિખુટો પડવાની જે ઇચ્છા, તે સકામ નિર્જરાનું

મૂળ છે. અકામ નિર્જરા, એટલે આવી પડેલાં દુઃખાદિને વેઠતાં જે કર્મનિર્જરા થાય તે! દુઃખાદિને વેઠતાં પણ, ઘણી કર્મનિર્જરા થાય છે અને એથી તો દેવલોકનું આયુષ્ય પણ બંધાઈ શકે છે. નારકી મરીને નારકી ન થાય, તેમાં પણ પ્રધાન કારણ અકામ નિર્જરા છે. દુઃખ વેઠતાં વેઠતાં આ અકામ નિર્જરા થાય, પણ તેમાં ય જીવ જો દુર્ધ્યાન આદિમાં પડી જાય, તો નિર્જરે તેનાથી વધારેનો ય બંધ પડી જાય એવાની અકામ નિર્જરાથી દેવલોકના આયુષ્યનો બંધ થાય નહિ. કેટલાક નબળા એવા હોય છે કે-માર પડે, તો એવો વિચાર કરે કે- 'શું કરીએ? આપણું જોર નહિ, એટલે સૌ મારે. આપણે નબળા છીએ માટે માર ખાઈ લેવો.' મારનારનો વિચાર કરવાને બદલે પોતાની નબળાઇનો વિચાર કરે અને મનને શાંતિમાં રાખે. જો કે-આ અકામ નિર્જરા છે, છતાં એ વખતે દેવલોકાદિના આયુષ્યનો બંધેય પડી જાય; જ્યારે કેટલાક નબળા એવા હોય છે કે-એને મારનારને, એ, ગાળ દીધામાંથી જાય નહિ! મોંઢે ગાળ દેવાય તેમ ન હોય, તો પાછળેય ગાળ દે. મનમાં પેલાના ઉપર ગુસ્સો કર્યા જ કરે. આવાને ખરાબ ગતિના આયુષ્યનો બંધ પડી જાય. એટલે, અકામ નિર્જરા, એ કાંઈ દેવગતિનું આયુષ્ય બાંધવાનું નિશ્ચિત કારણ ન કહેવાય. સર્વવિરતિ આદિ કારણો અવ્યભિચારી કહેવાય અને આવાં કારણો વ્યભિચારી કહેવાય. દુઃખાદિને વેઠતાં પરિણામ જળવાઈ જાય તો કારણ બની જાય, બાકી નક્કી કહેવાય નહિ.

કલ્યાણમિત્રનો સંપર્ક:

કલ્યાણમિત્રનો સંપર્ક, એ પણ દેવગતિનું કારણ બની

શકે છે. મિત્ર કરવા ગમે તો સારા માણસોને જ મિત્ર કરવા ગમે, એ પણ ભવિષ્યના અભ્યુદયની સૂચક વસ્તુ છે. મૈત્રી કરવી, તો તે એવા માણસની જ કરવી, કે જે આપણને સુખમાં ને દુઃખમાં કલ્યાણકારી સલાહ આપે. કલ્યાણમિત્ર તે કહેવાય, કે જેના સહવાસથી, જેના પરિચયથી પાપની બુદ્ધિ જાગે તો નહિ, પણ પાપની બુદ્ધિ હોય તો ય તે નાશ પામી જાય. તમને કેવા માણસની મૈત્રી કરવી ગમે ? તમે મળો ત્યારે આત્માની, પુણ્ય-પાપની, પરલોક આદિની વાતો કરે તેવાની મૈત્રી કરવી તમને ગમે ? કે, તમારી પાસે બેસીને ગામગપાટા હાંકે–એવાની મૈત્રી કરવી તમને ગમે ? મોટે ભાગે, દેવલોકગામી જીવોને બરાબર મિત્રોનો યોગ ન ગમે. એને મિત્રો ગમે તો કલ્યાણમિત્રો ગમે. એવાઓ હોય છે, કે જેઓ કોઈ સારી, આત્માના હિતની વાતો કરનાર મળી જાય, તો તેની સાથે બે કલાક બેસી રહે અને નકામી તથા નુકશાનકારી વાતો કરનાર પાસેથી ઝટ ઉઠી જાય. એવા સ્થાને હોય કે–ઝટ ઉઠી શકાય તેમ ન હોય અને વાતો સાંભળ્યા જ કરવી પડે તેમ હોય, તો ય એમને ઉઠી જવાનું મન થયા કરે. કોઇની નિન્દાદિની, અનીતિ આદિની અને અર્થ–કામની વાતો કરનાર ગમે નહિ. તમને ધંધા–ધાપાની વાતો કરનાર બહુ ગમે કે ધર્મની વાત કરનાર બહુ ગમે ? જગતની વાતો કરનાર મળે, એ ગમે ? કે, આત્માની વાતો કરનાર મળે, એ ગમે ? જેને કલ્યાણમિત્રનો સંપર્ક ગમે તે દેવલોકે જાય, કારણ કે–આત્માના પરિણામોમાં કુણાશ આવ્યા વિના અને ધર્મ તરફનું આંશિક પણ વલણ આવ્યા વિના, કલ્યાણમિત્રોનો સંપર્ક ગમે નહિ. આ ઉદ્યમસાધ્ય વસ્તુ છે. આમાં, તમે પુરૂષાર્થ કરો

તો તે ફળે એવો છે. સારી વાત તરફ સદ્‌ભાવ હોય અને ખરાબ વાત તરફ અણગમો હોય, તો કલ્યાણમિત્રનો સંપર્ક રૂચે. કલ્યાણમિત્રના સંપર્કમાં રહેનારો, પ્રાયઃ દુર્ગતિમાં જાય નહિ, કારણ કે–એની માનસિક સ્થિતિ એને દુર્ગતિમાં ઘસડી જાય તેવી હોય નહિ અને કલ્યાણમિત્રના સંસર્ગના પ્રતાપે એના પરિણામોમાં ઘણો સુધારો થયા જ કરે, એટલે એ દેવગતિનું આયુષ્ય બાંધે, એમાં નવાઈ પામવા જેવું નથી.

ધર્મશ્રવણશીલતા :

જેનામાં ધર્મશ્રવણશીલતા રૂપ ગુણ હોય છે, તે પણ દેવગતિના આયુષ્યને ઉપાર્જનારો બને છે. સ્વભાવ જ એવો કે–ધર્મનું શ્રવણ કરવાનું મન થયા કરે. જ્યાં ધર્મશ્રવણની તક હોય, ત્યાં દોડી જવાનું એવા સ્વભાવવાળાને મન થઇ જાય. આવું કયારે બને ? ધર્મનો અનુરાગ હૈયામાં પ્રગટયો હોય તો ! ધર્મનો અનુરાગ પ્રગટયા પછી ધર્મશ્રવણનો સ્વભાવ બની જાય તો ધર્મનો અનુરાગ વધી જાય, નહિ તો એ અનુરાગનો વિલય થતાં વાર લાગે નહિ. સદ્‌ધર્મ કોને કહેવાય અને અસદ્‌ધર્મ કોને કહેવાય, એનો વિવેક ન પ્રગટયો હોય, તે છતાં પણ ધર્મને સાંભળવાનો સ્વભાવ હોય, તો દેવગતિનું આયુષ્ય બંધાય. ધર્મશ્રવણ કરવાની વૃત્તિવાળા આત્માઓમાં, પાપનો રસ જોરદાર હોઇ શકતો નથી. બદઇરાદે ધર્મશ્રવણ કરનારની વાત જુદી છે. બાકી, ધર્મની અભિરૂચિથી ધર્મનું શ્રવણ કરવાનો સ્વભાવ, પાપ પ્રત્યે જુગુપ્સા પ્રગટયા વિના આવે નહિ. એને ધર્મશ્રવણ કરતાં હૈયું હાલે અને એથી પાપ કરતાં પણ એમ થાય કે–મારે આ નહિ કરવું જોઇએ! તમારામાં આ ગુણ તો છે

ને ? ધર્મનું શ્રવણ કરવાનો યોગ હોય, ત્યારે તો તમે ધર્મ-શ્રવણ કરવાને ચૂકો જ નહિ ? ધર્મશ્રવણ કરવાની સગવડતા હોય, તો તમે બગાસાં ખાતા બેસી રહો પણ ધર્મશ્રવણ કરવા ન જાવ, એવું તો બને નહિ ને ? ધર્મશ્રવણનો સ્વભાવ, વિષય અને કષાય ઉપર કાબૂ આવ્યા વગર આવે નહિ. રૂઢિ આદિથી ધર્મશ્રવણ કરવાને જનારાઓને પણ, જો બરાબર ધર્મશ્રવણ કરે તો જરૂર લાભ થાય, પણ ઉંઘ કાઢવાનું કામ એ વખતે જ કરે તો શું થાય ?

સ૦ કેટલાક તો શૉખથી આવે છે.

શૉખથી આવે તો ય આંખ મીંચાય નહિ. જેનો જેને શૉખ હોય, તે તેને માટે ત્યારે જ ઉંઘવા માંડે–એવું બનતું સાંભળ્યું છે ? મુદ્દો એ છે કે–પાપનો રસ ઘટે અને ધર્મનો રસ પ્રગટે, તો જ સાચી ધર્મશ્રવણશીલતા આવે.

પાત્રદાન :

પાત્રદાન, એ પણ દેવલોકના આયુષ્યના આશ્રવો પૈકીનો એક છે. આમાં, દાનરૂચિની સાથે, પાત્રની પણ રૂચિ છે. સારૂં પાત્ર દેખાય, ત્યાં દાન કરવાની વૃત્તિ અધિક થાય. અત્યારે આપણે પાત્ર–અપાત્રની ચર્ચામાં ઉતરતા નથી, કેમ કે–તમે સમજો કે–એકાન્તે મોક્ષમાર્ગની આરાધના કરનાર અને જે કોઈ મળે તેને મોક્ષમાર્ગમાં જ પ્રવર્તાવવાની વૃત્તિવાળાઓના જેવું ઉત્તમ પાત્ર એક પણ નથી. પાત્રદાનની વૃત્તિવાળામાં સારો ભાવ સ્હેજે હોય, કેમ કે–એની નજર પાત્રતા તરફ પણ છે. મહાત્માને જોતાં, એને થાય કે–'મારૂં કાંઈ પણ આવા મહાત્માના ઉપયોગમાં આવે તો સફલ થાય !' પાત્રતા તરફ

નજર, એ ધર્મ તરફ નજર છે. ધર્મના સાધકોને ધર્મની સાધનામાં સહાયક બનવાની વૃત્તિ, એ ધર્મની અભિરુચિની સૂચક છે. સુપાત્રે કરેલું થોડું પણ દાન, મહા લાભનું કારણ બને છે; કારણ કે-દાનની વસ્તુનો એના જેવો કોઈ સદુપયોગ નથી. તીર્થક્ષેત્રમાં તો પાત્રદાનની ભાવનાને ખૂબ ખૂબ ખીલવવી જોઇએ.

તપ તો નિર્જરાનું પરમ કારણ છે :

તપમાં પણ એ તાકાત છે કે-તપના આચરણમાં રક્ત રહેનારો દેવગતિના આયુષ્યને ઉપાર્જે. કેટલાકો. તપમાં બહુ ટેવાઈ ગયેલા હોય છે. વાત વાતમાં ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, આદિ તપ કરનારાઓ છે. તપની જોડે જેમને એવો મેળ થઈ ગયો હોય છે, તેઓ ઝટ દેવલોકમાં જાય છે. તપ કાંઈ તકલીફ વેઠ્યા. વિના થઈ શકતો નથી. સાચો તપ તો એ છે કે-જે શરીરને તપાવવાની સાથે, કર્મને પણ તપાવે. તપ, એ નિર્જરાનું પરમ કારણ છે. પોતાના મન-વચન-કાયાના યોગોને તપમાં યોજનારને, જો તેનામાં વિવેક હોય, તો મુક્તિ ય મુશ્કેલ નથી, તો દેવલોકનું પૂછવું જ શું ? જેઓ તપ કરતા નથી અને સૂતેલા તપસ્વિને જોઈને તેની ટીકા કરવામાં આનંદ માને છે, તેઓ તપના ભાવને પણ ક્યાંથી પામવાના ? તપ નહિ કરી શકનારના હૈયામાં પણ, તપની કિંમત જોઇએ. પોતે તપ નથી કરતો અને પોતાની એ નબળાઇને છૂપાવવાને માટે તપસ્વિઓની ટીકા કરે છે, એ તો એવડું પાપ બાંધે છે. તપસ્વિને શું થતું હશે, તે સમજવું હોય તો તપ કરી જુઓ ! અનુભવ થાય તો ઝટ સમજાય. અણુ-

સમજથી નિન્દા કરનારાઓ પણ અનુભવે સુધરી ગયા છે. એક ઠેકાણે ઉપધાન હતાં. ત્યાં, એક ભાઈ એવા હતા કે–બહાર બેસીને રોજ ઉપધાન તપ કરનારાઓની કુથલી કર્યા કરે ! જ્યારે તક મળે, ત્યારે એ કહે કે–'બધા માલમલીદા ઉડાવવાને ભેગા થયા છે ! ઉપધાનની રસોઇ તો જુઓ ! સત્તર જાતની મીઠાઇ ! પછી કહે છે કે–અમે તપ કરીએ છીએ.' એમાં બન્યું એવું કે–એમના કોઈ સગાએ શ્રી ઉપધાન તપમાં પ્રવેશ કરેલો. અને એથી એમના તરફથી એક ટોળી રખાએલી. લોકવ્યવહારથી એમણે પણ ટોળીમાં ભાગ રાખેલો, એટલે એ પીરસવાને માટે અંદર આવ્યા. એમણે જોયું કે–આટલી બધી ચીજો છે, પણ આ તપસ્વિઓ તો માંડ માંડ થોડું ખાઈ શકે છે ! ૪૮ કલાકે ખાવાનું મળે, તે શું ખવાય ? પછી તો, પોતે જાતે આગ્રહ કરી કરીને પીરસવા લાગ્યા, સારામાં સારી મીઠાઈ એમણે પીરસવા માંડી, પણ તપસ્વિઓથી ખાઇ શકાય તેમ હોય તો લે ને ? એ વખતે, એમને થઈ ગયું કે–આટલી પણ ચીજો ઓછી ગણાય, કેમ કે–૪૮ કલાકે એક વાર ખાવાનું, તે કાંઈક પણ ભાવે તો થોડું ય ખાઈ શકે ને ? આટલા અનુભવથી એમના વિચારો ફરી ગયા. પછી તો, એમણે મારી પાસે આવીને, પહેલાં તપસ્વિઓની જે નિન્દા કરેલી, તે માટે રડતે રડતે માફી માગી ! તેમ, જેને એમ લાગતું હોય કે–તપસ્વી સૂએ કેમ ?, તે એક વાર તપ કરી જુએ તો ખબર પડે. જ્ઞાની તો એમ પણ કહેશે કે–આમ તપ ન થાય ! તપ કરો, પણ તે શક્તિને સમજીને કરો ! તપ એવી રીતિએ કરો કે–બીજી જરૂરી ક્રિયાઓ સીદાય નહિ ! પણ તમારે તપ કરવો

નહિ અને ટીકા કર્યા કરવી, એ છાજે નહિ. તમે ટીકા કરશો તો દુર્ગતિમાં જશો અને આ સૂતે સૂતે તપ કરનારો પણ સદ્ગતિમાં જશે. તપ કરવાનું મન થયા કરે, તપ કરવાના કોડ થયા કરે, તો પણ એથી ઘણો લાભ થાય. અજ્ઞાન તપ ન ફળે-એ વાત જુદી, પણ એનો અર્થ એ છે કે-એ તપથી જે સુન્દર ફલ મળવું જોઇએ તે ન મળે, પણ દેવલોકાદિ ન મળે એમ નહિ! તપસ્વિને ઊલટી થાય, આડા પડે, પણ ખાય નહિ એ ઓછી વાત નથી. જે પચ્ચક્ખાણ લીધું, તે ચૈન કેન પણ પૂરૂં કરવું, તે સહેલી વાત નથી. એ વખતે, મનના પરિણામ બગડે નહિ અને તપના પરિણામ ટકયા રહે-એની કાળજી જરૂર રાખવી જોઈએ. બાકી, તપનો અભ્યાસ પાડવાને માટે સૂધને તપ પૂરો કરે, તો ય લાભ થાય. એને ખ્યાલ જોઈએ કે-તપ કરવા છતાં પણ મારી સંયમની સર્વ ક્રિયાઓ નિરાબાધ રહે, એવી શક્તિ મારે પેદા કરવી છે! બહાર પચ્ચક્ખાણ ને અંદર પોલ, એવા ય નાદાનો હોય છે. એવાને તપનો અભ્યાસ નહિ પડે અને તપની અવગણના આદિનું પાપ લાગશે. તપમાં તો બહુ ગુણ છે. બહુ સમજતો ન હોય, પણ ભગવાને કહેલો આ તપ છે, માટે મારે આ તપ કરવો જોઈએ, પજુસણ આવ્યાં માટે અટ્ઠાઈ કરૂં, અટ્ઠમ કરૂં-એમ થાય અને શરીર નરમ હોય તો ય તપ કરવાનું મન થાય, એ એક પ્રકારનો આરાધકભાવ છે. એવાઓ દેવલોકનું આયુષ્ય બાંધે, એમાં કાંઈ નવાઈ જેવું નથી. દેવલોકના આયુષ્યના આશ્રવોને વર્ણવતાં, અહીં તો, માત્ર 'તપ' એમ કહ્યું છે, જ્યારે કોઈ ઠેકાણે 'બાલ તપ' કહેલ છે. બાલ તપ કરનાર અજ્ઞાન હોવા છતાંય, એના

તપના પ્રભાવે એ દેવલોકમાં જાય, એ બને. બાલ તપસ્વિઓ કષ્ટો કેટલાં વેઠે છે ? ગમે તેવી ટાઢ વેઠે, ગમે તેવો તડકો વેઠે, ઠંડીમાં પાણીમાં ઉઘાડા શરીરે રહે અને ગરમી વખતે આજુબાજુ અગ્નિ સળગાવીને બેસે, તપેલી રેતીમાં પડ્યા રહે. આ બધું અજ્ઞાન કષ્ટ છે, પણ કષ્ટનું સહન તો છે ને ? આવું તે સ્વર્ગનું કારણ છે–એમ નથી લખ્યું અને અજ્ઞાન પણ તપ એ સ્વર્ગનું કારણ છે–એમ લખ્યું છે. તપ કરનારાઓમાં અજ્ઞાન હોય, અણસમજુ હોય, પણ તપના સ્વભાવવાળા અને ઉલ્લાસથી તપનું પચ્ચક્ખાણ કરીને ગમે તેટલું વેઠવું પડે તો ય તેનો ભંગ નહિ કરનારને હાથ જ જોડવા. અવિવેકની અનુમોદના કરવાની કે એને ઉત્તેજન આપવાની આ વાત નથી, પણ તપ પ્રત્યે અનાદરભાવ આવી જવા પામે નહિ–તેને અંગે કાળજી રાખવાની આ વાત છે. તપના સાચા ફલને પામવું હોય, તો શું કરવું જોઈએ–એ વાત જુદી છે, પણ તપનો અભ્યાસ કરવાને માટે જ થોડી અવિધિ સેવતા હોય અને હૈયામાં વિધિબહુમાનવાળા હોય, તો તે અવગણવાને યોગ્ય નથી, એ પૂરતી જ આ વાત છે.

શ્રદ્ધા :

શ્રદ્ધા એટલે સમ્યગ્દર્શન અથવા ધર્મકરણનો અભિલાષ. મોક્ષની અભિલાષાથી ધર્મને કરવાની અભિલાષામાં દેવલોકનું આયુષ્ય બાંધવાનું સામર્થ્ય છે. કોઈને ય ધર્મ કરતો જોઈને, એને હાથ જોડવાનું મન થાય અને 'કયારે હું પણ આવો ધર્મ કરું ?'–આવો વિચાર જેને આવે, તેના પરિણામ સારા હોય ને ? ખરાબ પરિણામવાળાના અન્તઃકરણમાં

આવો અભિલાષ પ્રગટી શકે નહિ.

રત્નત્રયીની અવિરાધના :

રત્નત્રયીની અવિરાધના, એ પણ દેવગતિનું આયુષ્ય બાંધવાનું એક કારણ છે. રત્નત્રયી એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. એ ત્રણની આરાધનાનું તો સારૂં ફલ છે જ, પણ જેનામાં રત્નત્રયીની વિરાધનાથી સદાને માટે બચતા રહેવાના પરિણામ હોય, તે ય દેવલોકના આયુષ્યને ઉપાર્જનારો બની શકે છે. રત્નત્રયીની વિરાધનાથી બચવાની વૃત્તિ, એ રત્નત્રયી પ્રત્યેના સદ્ભાવને સૂચવે છે. રત્નત્રયી, એ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો મોક્ષમાર્ગ છે અને મારાથી એની આરાધના ન થઈ શકે તો ય મારે એની વિરાધનાથી તો અવશ્ય બચવું જોઈ એ, આવી વૃત્તિ જેના હૈયામાં હોય, તે દેવલોકના આયુષ્યને બાંધે, એ સહજ છે ને ? કેમ કે-હૈયામાં રત્નત્રયી પ્રત્યેના સદ્ભાવવાળા પરિણામ છે !

પદ્મ અને પીત લેશ્યા :

છ લેશ્યાઓના પરિણામની વાત આપણે વિચારી આવ્યા છીએ. અહીં કહે છે કે-મૃત્યુ વખતે પદ્મ લેશ્યા અગર પીત લેશ્યાનો પરિણામ હોય, તો તે મરીને દેવલોકમાં ઉત્પન્ન થાય. જે જીવ મરીને દેવલોકમાં ઉત્પન્ન થવાનો હોય, તેવા જીવને જ મરણ વખતે પદ્મ અગર પીત લેશ્યાના પરિણામ હોય. દુર્ગતિમાં જનાર જીવને, મરણ વખતે આવા પ્રકારના પરિણામો હોય જ નહિ.

કુમરણે મરવું :

તપની વાતમાં આપણે બાલ તપની વાત કરી લીધી

છે; અહીં બાલ તપ પછી બાલ મરણની વાત કરી છે. જાણી જોઇને અગ્નિમાં બળી મરવું, પાણીમાં ડૂબી મરવું અથવા તો ગળે ફાંસો ખાઈને મરવું–એવી રીતિએ મરનાર પણ દેવગતિને પામે, એ શકય છે. આ પ્રકારનાં બધાં મૃત્યુ ખોટાં જ ગણાય. એવી રીતિએ મરનારને ઘણું કષ્ટ વેઠવું પડે છે એટલે અને તે વખતે સારી લેશ્યાનો યોગ થઈ જાય તો દેવલોક મળી જાય, પણ એની કિંમત નહિ. એવાઓ પ્રાયઃ વ્યન્તરાદિમાં ઉત્પન્ન થાય. કોઈ કે કહ્યું કે–દેવલોકમાં જવાનો આ ઉપાય છે અને એથી દેવલોકમાં જવાના જ વિચારથી અગ્નિમાં પ્રવેશ કરે, પાણીમાં ડૂબી મરે કે ગળે ફાંસો ખાય, તો પહેલાં આયુષ્ય ન બાંધ્યું હોય તો દેવલોકમાં જાય એ શકય છે. વિવેકી માણસ આવા મરણને ઇચ્છે નહિ. કોઈ આવી મૂર્ખાઈ કરે અને કષ્ટમાં પરિણામ બગડી જાય, તો શું થાય ? મહા પુણ્યે મળેલા મનુષ્યજન્મને પામીને, દેવલોકને માટે આવા કુમરણે મરવું, તે કરતાં વિવેકી બનીને ધર્મ ન સાધે, કે જેથી દેવલોકેય મળે અને ઝટ મોક્ષ પણ મળે ?

અવ્યકત સામાયિક :

અવ્યકત સામાયિક, એ પણ દેવલોકના આયુષ્યના અશ્રાવો પૈકીનો એક આશ્રવ છે. સામાયિક શું એ વગેરે કાંઈ જાણે નહિ, તે છતાં પણ હૈયામાં સમભાવ પ્રગટે–એ બને અને એથી દેવલોકનું આયુષ્ય બંધાય. વિષય–કષાયનું જોર હોય, તો સમભાવ આવે નહિ. સામાયિક કરનાર પણ સમભાવમાં ન હોય તો દેવલોકે જાય નહિ અને સામાયિકનો અગર તો સામાયિકનાં સૂત્રો, તેના અર્થો આદિનો કશો ખ્યાલ ન હોય

પણ સમભાવ પ્રગટે તો દેવલોકે જાય, એ શક્ય છે.

શુભાભિલાષા :

આમ, આજે દેવલોકનાં કારણો પૂરાં થાય છે. ચારેય ગતિનાં કારણો, હવે તો, તમારા જાણવામાં આવી ગયાં છે, એટલે તમે હવે દુર્ગતિમાં ખેંચી જનારાં કારણોને તો નહિ જ સેવવાના ને ? દેવગતિનાં કારણોને સેવવામાં પણ, દેવગતિના પૌદ્ગલિક સુખનો અભિલાષ રાખવો નહિ. દેવગતિ મળે એમાં એવો ફાયદો થવાનો પણ સંભવ છે કે-ઈન્દ્રની આજ્ઞાદિથી ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પર્ષદા આદિમાં જવાનો યોગ થઈ જાય અને ત્યાં સમ્યગ્દર્શન પમાઈ જાય ! આપણે તો, એ નક્કી કરો કે-જ્યાં સુધી સંસારમાં ભમવું પડે ત્યાં સુધી દુર્ગતિ જોઈતી નથી અને સદ્ગતિ જોઈએ છે, કેમ કે-દુર્ગતિનાં દુઃખ વેઠવાની શક્તિ નથી તેમ ત્યાં ધર્મસામગ્રી દુર્લભ છે અને સદ્ગતિમાં પણ જ્યાં ધર્મસામગ્રી મળે એવું જ સ્થાન જોઈએ છે ! આપણે હવે વહેલામાં વહેલી તકે આપણા આત્માના સંસારપર્યાયનો અન્ત આણવો છે અને 'नमो सिद्धाणं'માં જે તારકોને આપણે નમસ્કાર કરીએ છીએ-એ તારકોના જેવા જ આપણે બની જવું છે. આવો આપણે નિશ્ચય કરી લીધો છે અને એ માટે જ આપણે સદ્ગતિને ઇચ્છીએ છીએ, એમ ખરું ને ? આવા ભાવે સદ્ગતિનાં કારણોને સેવનાર આત્માઓને, સદ્ગતિ સુલભ જ છે અને મોક્ષગતિ તેમની રાહ જુએ છે. સૌ આવા ભાવને પામો, એ જ એક શુભાભિલાષા.

ચાર ગતિનાં કારણો-બીજો ભાગ

સમાપ્ત

પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન-
વાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્

વિજયરામચન્દ્રસૂરીશ્વરજી

મહારાજશ્રીનાં

પ્રભાવક પ્રવચનોના

સારને પ્રગટ કરતું

અને ૨૬ વર્ષો થયાં

પ્રગટ થતું

અઠવાડિક પત્ર

શ્રી જૈન પ્રવચન

★

આપ ગ્રાહક ન હો તો આજે જ
આપ ગ્રાહક બની જાવ.

★

વિગત માટે પૂછાવો :

શ્રી જૈન પ્રવચન કાર્યાલય
૪, શેઠ શ્રી મનસુખભાઈની પોળ સા
કાલુપુર રોડ, અમદાવાદ.

જૈન દૃષ્ટિએ

તિથિદિન અને પર્વારાધન

સંબંધી સાહિત્યસંગ્રહનો ગ્રન્થ



ક્રાઉન ૮ પેજી સાઈઝમાં છપાતો આ
ગ્રન્થ ૫૦૦ થી પણ વધુ પાનાંઓનો
થશે અને સને ૧૯૫૬ માં પ્રગટ થશે.



છૂટક નકલનું મૂલ્ય :
અગીઆર રૂપીઆ (ટપાલ પેકીંગ ખર્ચ અલગ)









શ્રી હિમા પ્રિન્ટરી, રતનપોળ–અમદાવાદ.